પૂજ્ય શ્રી ગણધર ભગવંત વિરચિત

# દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર

## શબ્દશઃ વિવેચન

વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર

## શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર ❖

ગણધર ભગવંત

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✤ વિવેચનકાર ✤

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✤ સંપાદિકા ✤

રાખીબેન રમણભાઈ શાહ

✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# દેવસિઅ રાઇઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૬૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

**પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા**

૯, 'સિદ્ધાચલ વાટિકા', સ્મૃતિમંદિર પાસે, રામનગર, સાબરમતી, અમદાવાદ-૫.

(શાંતિલાલ ગમનાજી ચેરીટેબલ ટ્રસ્ટ)

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૪૭

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.


પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી પાઠશાળા

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

ગીતાર્થ ગંગા
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**✤ વડોદરા :**

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

શ્રી લલિતભાઈ ધરમશી
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent@vsnl.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**

શ્રી ઉદયભાઈ શાહ
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

**✤ BANGALORE :**

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

**✤ રાજકોટ :**

શ્રી કમલેશભાઈ દામાણી
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shreeveer@hotmail.com

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)

૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

## संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનનાં ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન

૩૫. સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪

૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# અનુક્રમણિકા


| સૂત્ર ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ (નમસ્કાર મહામંત્ર) સૂત્ર | ૧ |
| ૨ | શ્રી પંચિંદિય (ગુરુસ્થાપના) સૂત્ર | ૬ |
| ૩ | શ્રી ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર | ૯ |
| ૪ | શ્રી ઇચ્છકાર (સુગુરુ સુખશાતાપૃચ્છા) સૂત્ર | ૧૧ |
| ૫ | શ્રી અબ્ભુટ્ઠિઓ (સુગુરુ ખામણા) સૂત્ર | ૧૨ |
| ૬ | શ્રી ઈરિયાવહિયા (લઘુ પ્રતિક્રમણ) સૂત્ર | ૧૫ |
| ૭ | શ્રી તસ્સ ઉત્તરી (ઉત્તરીકરણ) સૂત્ર | ૧૯ |
| ૮ | શ્રી અન્નત્થ (આગાર કાઉસ્સગ્ગ) સૂત્ર | ૨૩ |
| ૯ | શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર | ૨૬ |
| ૧૦ | શ્રી કરેમિ ભંતે (સામાયિક) સૂત્ર | ૩૦ |
| ૧૧ | શ્રી સામાઇઅ વયજુત્તો (સામાયિક પારવાનું) સૂત્ર | ૩૬ |
| ૧૨ | શ્રી જગચિંતામણિ (ચૈત્યવંદન) સૂત્ર | ૪૦ |
| ૧૩ | શ્રી જં કિંચિ સૂત્ર | ૪૭ |
| ૧૪ | શ્રી નમુત્થુણં (શક્રસ્તવ) સૂત્ર | ૪૮ |
| ૧૫ | શ્રી જાવંત ચેઈઆઈ (સર્વ ચૈત્યવંદન) સૂત્ર | ૬૮ |
| ૧૬ | શ્રી જાવંત કેવિ સાહૂ (સર્વ સાધુ વંદન) સૂત્ર | ૬૯ |
| ૧૭ | શ્રી નમોઽર્હત્ (પંચપરમેષ્ઠીનમસ્કાર) સૂત્ર | ૭૧ |
| ૧૮ | શ્રી ઉવસગ્ગહરં (ઉપસર્ગહર) સૂત્ર | ૭૧ |
| ૧૯ | શ્રી જયવીયરાય (પ્રણિધાન) સૂત્ર | ૭૪ |
| ૨૦ | શ્રી અરિહંત ચેઇયાણં (ચૈત્યસ્તવ) સૂત્ર | ૮૩ |
| ૨૧ | શ્રી કલ્લાણકંદં (પાંચ જિનની થોય) સૂત્ર | ૮૬ |
| ૨૨ | શ્રી સંસારદાવાનલ (મહાવીરસ્તુતિ) સૂત્ર | ૯૧ |
| ૨૩ | શ્રી પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર | ૯૭ |
| ૨૪ | શ્રી સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર | ૧૦૨ |
| ૨૫ | શ્રી વેયાવચ્ચગરાણં સૂત્ર | ૧૦૭ |
| ૨૬ | શ્રી ભગવાનહં સૂત્ર | ૧૦૮ |
| ૨૭ | શ્રી દેવસિઅ પડિક્કમણે ઠાઉં સૂત્ર | ૧૦૯ |

| સૂત્ર ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૮ | શ્રી ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં સૂત્ર | ૧૧૦ |
| ૨૯ | શ્રી અતિચાર વિચારણ આઠ ગાથા સૂત્ર | ૧૧૨ |
| ૩૦ | શ્રી સુગુરુ-વંદન સૂત્ર | ૧૨૨ |
| ૩૧ | શ્રી દેવસિઅં આલોઉં સૂત્ર | ૧૨૯ |
| ૩૨ | શ્રી સાત લાખ સૂત્ર | ૧૩૩ |
| ૩૩ | શ્રી અઢાર પાપસ્થાનક સૂત્ર | ૧૩૪ |
| ૩૪ | શ્રી સવ્વસ્સ વિ (પ્રતિક્રમણબીજક) સૂત્ર | ૧૩૫ |
| ૩૫ | શ્રી ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર | ૧૩૬ |
| ૩૬ | શ્રી વંદિત્તુ (શ્રાવક પ્રતિક્રમણ) સૂત્ર | ૧૩૮ |
| ૩૭ | શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર | ૨૦૮ |
| ૩૮ | શ્રી નમોऽસ્તુ વર્ધમાનાય (સાયં વીરસ્તુતિ) સૂત્ર | ૨૧૦ |
| ૩૯ | શ્રી વિશાલલોચનદલં (પ્રાભાતિક વીરસ્તુતિ) સૂત્ર | ૨૧૨ |
| ૪૦ | શ્રી શ્રુતદેવતાની સ્તુતિ સૂત્ર | ૨૧૫ |
| ૪૧ | શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ સૂત્ર | ૨૧૬ |
| ૪૨ | શ્રી કમલદલ સ્તુતિ સૂત્ર | ૨૧૮ |
| ૪૩ | શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ સૂત્ર | ૨૧૯ |
| ૪૪ | શ્રી ભવનદેવતાની સ્તુતિ સૂત્ર | ૨૨૦ |
| ૪૫ | શ્રી અઙ્ઢાઈજ્જેસુ (સાધુવંદન) સૂત્ર | ૨૨૦ |
| ૪૬ | શ્રી વરકનકસ્તુતિ (૧૭૦ જિનસ્તુતિ) સૂત્ર | ૨૨૨ |
| ૪૭ | શ્રી લઘુશાંતિ (શાંતિસ્તવ) સૂત્ર | ૨૨૩ |
| ૪૮ | શ્રી ચઉક્કસાય સૂત્ર | ૨૩૪ |
| ૪૯ | શ્રી ભરહેસરની સજ્ઝાય સૂત્ર | ૨૩૬ |
| ૫૦ | શ્રી મન્હજિણાણંની સજ્ઝાય (શ્રાવકકૃત્ય) સૂત્ર | ૨૩૮ |
| ૫૧ | શ્રી સકલતીર્થ (તીર્થવંદના) સૂત્ર | ૨૪૩ |


❈ ✳ ❈

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

પૂજ્ય શ્રી ગણધર ભગવંત વિરચિત

# દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર

શબ્દશઃ વિવેચન

## ૧. શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ (નમસ્કાર મહામંત્ર) સૂત્ર

**સૂત્ર :-**

**નમો અરિહંતાણં ॥૧॥**
**નમો સિદ્ધાણં ॥૨॥**
**નમો આયરિયાણં ॥૩॥**
**નમો ઉવજ્ઝાયાણં ॥૪॥**
**નમો લોએ સવ્વસાહૂણં ॥૫॥**
**એસો પંચ નમુક્કારો ॥૬॥**
**સવ્વપાવપ્પણાસણો ॥૭॥**
**મંગલાણં ચ સવ્વેસિં ॥૮॥**
**પઢમં હવઇ મંગલં ॥૯॥**

**સૂત્રાર્થ :-**

**અરિહંતોને નમસ્કાર કરું છું. સિદ્ધોને નમસ્કાર કરું છું. આચાર્યોને નમસ્કાર કરું છું. ઉપાધ્યાયોને નમસ્કાર કરું છું. લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર કરું છું. આ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપોનો પ્રનાશક છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. ॥૧-૯॥**

**ભાવાર્થ :-**

નવકારમાં નમઃ શબ્દ પૂજા અર્થમાં છે અને પૂજાનો અર્થ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચ થાય છે. જેને નમસ્કાર કરવાનો હોય તેના ગુણને અવલંબીને મન-વચન અને કાયાના યોગો પ્રવર્તે તે દ્રવ્યસંકોચ કહેવાય. તે ગુણોને અવલંબીને, તે ગુણો પ્રત્યેના વધતા જતા રાગભાવને કારણે તે ગુણોના પ્રતિબંધક એવા કર્મોનો નાશ થાય તેવો જીવનો જે પરિણામ તે ભાવસંકોચ છે. તેથી અરિહંત શબ્દથી વાચ્ય અર્થના પરમાર્થને જાણીને, તેમના ગુણોમાં તે રીતે માનસવ્યાપાર કરવામાં આવે કે જેથી તેમના ગુણોનો સૂક્ષ્મ-

સૂક્ષ્મતર બોધ થાય અને જેમ-જેમ તે સૂક્ષ્મ-સૂક્ષ્મતર અરિહંતના ગુણોનો બોધ થાય તેમ તેમ તેમના પ્રત્યે રાગ વૃદ્ધિ પામે તો ભાવસંકોચ થાય.

આ માટે અરિહંતના સ્વરૂપની વિચારણા આ રીતે થઈ શકે.

**(૧) અરિહંત :–**

જેઓ ચાર અતિશયવાળા છે તેવા તીર્થંકરો પૂજાને યોગ્ય છે માટે અર્હત્ છે, ભાવશત્રુનો નાશ કર્યો છે માટે અરિહંત છે, તથા ફરી જન્મ પામનારા નથી માટે અરુહંત છે. આવા તીર્થંકરોએ ચારેય ઘાતિકર્મોનો નાશ કરેલ હોવાથી તેઓ અપાયાપગમાતિશયવાળા છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયેલ હોવાથી જ્ઞાનાતિશયવાળા છે. તીર્થંકરનામકર્મનો ઉદય હોવાથી જગતના ઉપકારને અનુકૂળ એવા વચનાતિશયવાળા છે અને દેવેન્દ્રો આદિથી પૂજાય છે માટે પૂજાતિશયવાળા છે. આ પ્રકારના સ્વરૂપવાળા અરિહંત પદથી વાચ્ય છે તેનું સ્મરણ કરીને તેમના ગુણો તરફ ચિત્ત રાગભાવથી પ્રવર્તે તે રીતે મન-વચન અને કાયાના યોગો પ્રવર્તતા હોય તો, તે અરિહંતને કરાયેલા નમસ્કારથી પોતાના ભાવના પ્રકર્ષને અનુરૂપ સર્વ પાપો નાશ પામે છે અને સર્વ મંગલોમાં પ્રથમ=પ્રકૃષ્ટ, મંગલ અરિહંતના નમસ્કારની ક્રિયા બને છે.

આનાથી એ ફલિત થાય છે કે અરિહંત સિવાયના સિદ્ધાદિ ચારથી અરિહંતનો ભેદ શું છે ? અને અન્ય સંસારી જીવો કરતાં અરિહંતનો ભેદ શું છે ? તેનો શબ્દના વચનની મર્યાદાથી નિર્ણય કરીને અરિહંતના સ્વરૂપને અવલંબીને અરિહંત શબ્દથી અરિહંત સિવાયના અન્યની વ્યાવૃત્તિ થાય અને અરિહંતના જ પારમાર્થિક ગુણોને અવલંબીને ચિત્તનો વ્યાપાર પ્રવર્તે તો તે નમસ્કારની ક્રિયાથી નમસ્કરણીય એવા અરિહંતનું સ્વરૂપ શક્તિરૂપે પોતાના આત્મામાં પડેલું છે, તેનાં આવારક કર્મો પોતાનામાં વિદ્યમાન છે, તેથી પ્રગટરૂપે અરિહંતતુલ્ય પરિણામ પોતાનામાં વર્તમાનમાં નથી; છતાં અરિહંતના સ્વરૂપના સૂક્ષ્મબોધપૂર્વક તેના નમસ્કારકાળમાં તેમના ગુણોમાં તન્મયતાની પ્રાપ્તિ થાય તો આત્મામાં અરિહંત સાથે ઉપયોગરૂપે સમાપત્તિની પ્રાપ્તિ થાય છે. આ સમાપત્તિનો પરિણામ પ્રકર્ષવાળો થાય તો તીર્થંકરનામકર્મનો બંધ થાય છે, જે તીર્થંકર સાથે સમાપત્તિના ઉત્તરભાવિ 'આપ્તિ'રૂપ છે. તીર્થંકરનામકર્મબંધના ફળરૂપે તે જીવ તીર્થંકરરૂપે થાય ત્યારે તે તીર્થંકરની સાથે થયેલી સમાપત્તિ પ્રાપ્તિરૂપ બને છે. તેથી તદ્ગુણના સ્મરણપૂર્વક તદ્ગુણ સાથે તન્મય થવાને અનુકૂળ વ્યાપાર તદ્દતુલ્ય થવાનું કારણ બને છે, તે નિયમ પ્રમાણે 'નમો અરિહંતાણં' પદમાં તન્મય થયેલા અનંતા જીવો પૂર્વમાં તીર્થંકરભાવને પામ્યા છે. માટે ભાવપૂર્વકનો કરાયેલો તીર્થંકરનો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરવાનું કારણ બને છે અને કલ્યાણની પરંપરા દ્વારા તીર્થંકરતુલ્ય બનવાનું કારણ બને છે. ગુણના પ્રકર્ષરૂપે જગતના જીવોને માટે, ઉપકારકતાના પ્રકર્ષરૂપે અને પુણ્યના પ્રકર્ષરૂપે તીર્થંકરોનું સ્વરૂપ શાસ્ત્રવચન અનુસાર જાણીને તેનાથી આત્માને ભાવિત કરીને તે તે ગુણો અતિશય શીઘ્ર ઉપસ્થિત થાય તે રીતે ચિત્તનું નિર્માણ કરીને ઉપયોગપૂર્વક અરિહંતને નમસ્કાર કરવા યત્ન કરવો જોઈએ. જેથી અરિહંતનો કરાયેલ નમસ્કાર સ્વશક્તિ અનુસાર પૂર્ણ ફળવાળો બને.

**(૨) સિદ્ધ :-**

જેમનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે તેવા સિદ્ધ ભગવંતો છે. જીવનું મુખ્ય પ્રયોજન સુખની પ્રાપ્તિ અને દુઃખનો અંત છે. સિદ્ધના આત્માઓ જ્યારે સંસારમાં હતા ત્યારે ચાર ગતિઓના પરિભ્રમણની વિડંબનાથી ક્યારેક અધિક કે ક્યારેક અલ્પ પણ દુઃખથી યુક્ત હતા; કેમ કે સંસાર અવસ્થામાં જીવ કર્મ, શરીર અને મોહના સંસ્કારોને પરતંત્ર છે, અને તેના કારણે સંસારમાં જીવને સર્વ વિડંબના પ્રાપ્ત થાય છે. અને તે સિદ્ધ ભગવંતના જીવોને સંસાર અવસ્થામાં કોઈક રીતે સંસારનું સ્વરૂપ યથાર્થ જણાયું, ત્યારે સંસારના ઉચ્છેદના પ્રયોજનથી તેઓએ યોગમાર્ગની પ્રવૃત્તિનો આરંભ કર્યો ત્યારે તેઓનું સર્વ દુઃખથી રહિત આત્માની મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાનું પ્રયોજન હતું. તે પ્રયોજન તેમનું સિદ્ધ થઈ ચૂક્યું છે. તેથી હવે કોઈ પ્રયોજન તેમનું અવશિષ્ટ નથી તેવા સિદ્ધ ભગવંતો કર્મથી મુક્ત થઈને સિદ્ધશિલા ઉપર શાશ્વત કાળ શુદ્ધ આત્મસ્વરૂપે સદા માટે રહેલા છે. અને વિવેકી પુરુષને તેમના જેવું જ પોતાનું આત્મસ્વરૂપ ઇષ્ટ જણાય છે, તેથી તેમના અવલંબનથી તેમને નમસ્કાર કરવાની ક્રિયા દ્વારા તેમના તુલ્ય થવા માટે યત્ન કરે છે. તેથી જે મહાત્મા સંસાર અવસ્થામાં પણ વારંવાર સિદ્ધનું પારમાર્થિક સ્વરૂપ ચિંતન કરીને જેમ જેમ સિદ્ધઅવસ્થાના પારમાર્થિક સ્વરૂપના સૂક્ષ્મ બોધવાળો થાય છે તેમ તેમ તેના પ્રત્યે રાગ વધે છે. અને તેમના ગુણોના અત્યંત રાગપૂર્વક તેઓને નમસ્કાર કરવામાં આવે તો પોતાના ભાવના પ્રકર્ષને અનુરૂપ સિદ્ધઅવસ્થાનાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. જેનાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે; કેમ કે સિદ્ધના ગુણોના રાગથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે અને સિદ્ધોના ગુણના રાગનો પ્રકર્ષ જેમ જેમ તીવ્ર બને છે તેમ તેમ સિદ્ધઅવસ્થાનાં આવારક કર્મો નાશ પામે છે, તેથી ઉત્તર-ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ દ્વારા તે મહાત્મા પણ અલ્પકાળમાં સિદ્ધતુલ્ય થાય છે.

સિદ્ધ ભગવંતોની રૂપાતીત અવસ્થાનું સ્મરણ કરીને તેમના ગુણોમાં તન્મયતા આવે તે રીતે નમસ્કાર કરવા યત્ન કરવો જોઈએ. જેથી, અનાદિકાળથી જીવ પુદ્ગલના પરિણામરૂપ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ભાવોમાં તન્મય થઈને નવાં નવાં કર્મો બાંધે છે અને તેમાં તન્મય થવાના સંસ્કારો દૃઢ કરે છે તે પ્રકારની પુદ્ગલના પરિણામમાં તન્મય થવાની શક્તિ સિદ્ધઅવસ્થામાં તન્મય થવાથી ક્ષીણ થાય છે. અને શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિના ભાવોથી પર એવા સિદ્ધ તુલ્ય પોતાના આત્મામાં તન્મયતાની પ્રાપ્તિ થાય છે, જે તન્મયતા સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિનું કારણ બનશે. માટે તીર્થંકર કરતાં પણ સર્વ કર્મ રહિત એવી વિશિષ્ટ અવસ્થામાં રહેલા સિદ્ધ ભગવંતોનું સ્મરણ કરીને તેમાં તન્મયતા થાય તે પ્રકારના ઉપયોગપૂર્વક સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવો જોઈએ. જે નમસ્કાર સર્વ પાપોનો નાશ કરીને કલ્યાણની પરંપરાનું કારણ થાય છે.

**(૩) આચાર્ય :-**

તીર્થંકરના વિરહકાળમાં તીર્થંકરની જેમ ભગવાનના શાસનની ધુરાને વહન કરીને યોગ્ય જીવોને મોક્ષમાર્ગમાં જેઓ પ્રવર્તાવે છે અને સ્વયં મોક્ષમાર્ગમાં અપ્રમાદથી યત્ન કરનારા છે તેવા આચાર્ય ભગવંત

ભાવાચાર્ય છે, જ્યારે જેઓમાં તેવા ગુણો નથી અને આચાર્ય પદવીને પામેલા છે તે દ્રવ્યાચાર્ય છે. જેઓ ભાવાચાર્ય છે તેઓ જ તીર્થંકરની જેમ તીર્થંકરની ગેરહાજરીમાં ચતુર્વિધ સંઘને મોક્ષમાર્ગમાં પ્રવર્તાવે છે. આચાર્ય ભગવંતોનું સ્વરૂપ પંચિંદિયસૂત્રથી બતાવેલું છે, જે પ્રમાણે તેઓ સદા પાંચ ઇન્દ્રિયોના સંવરવાળા, સમિતિ-ગુપ્તિના દૃઢ વ્યાપારવાળા, અપ્રમાદભાવથી સંસારના ઉચ્છેદને કરનારા અને શિષ્યગણને પોતાની જેમ પંચાચારમાં પાળવા માટે ઉચિત શિક્ષા આપીને સમર્થ કરનારા હોય છે. પરિણામસ્વરૂપે પંચાચારના પાલનના બળથી પોતે જેમ સંસારસાગરથી તરે છે તેમ પોતાની નિશ્રામાં રહેલ શિષ્યગણને પણ સંસારસાગરથી પાર ઉતારે છે. તેથી જેઓને મોક્ષ અત્યંત પ્રિય છે અને સંસાર ચારગતિના પરિભ્રમણરૂપ હોવાથી અત્યંત દુઃખદાયી છે તેવો સ્થિર નિર્ણય છે, તેવા અનેક ગુણોથી યુક્ત એવા ભાવાચાર્યના સ્વરૂપને જાણીને તેમના પ્રત્યેનો રાગભાવ વૃદ્ધિ થાય તે પ્રકારે તેઓના ગુણના સ્મરણપૂર્વક ભાવાચાર્યને નમસ્કાર કરે તો તે નમસ્કારના બળથી પોતે પણ ભાવાચાર્ય તુલ્ય થઈને અલ્પકાળમાં સંસારસાગરથી પારને પામે છે. માટે ભાવાચાર્યના ગુણોના અત્યંત પ્રણિધાનપૂર્વક તેમના ગુણોમાં તન્મયતા થાય તે રીતે નમસ્કારની ક્રિયા કરવામાં આવે તો સર્વ પાપોનો નાશ થાય છે અને સર્વ પ્રકારના કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે દૃઢ પ્રણિધાનપૂર્વક આચાર્યના ગુણોના સ્મરણપૂર્વક તેમને નમસ્કાર કરવા યત્ન કરવો જોઈએ. -

**(૪) ઉપાધ્યાય :-**

આચાર્યપદની અતિ નજીક ભૂમિકાવાળા ઉપાધ્યાય છે. તેઓ શાસ્ત્રના અર્થના પારને પામેલા છે. તેથી ગચ્છમાં યોગ્ય સાધુઓને નવું નવું શ્રુત-અધ્યયન કરાવે છે. સૂત્રોના સૂક્ષ્મભાવો આચાર્ય કહે છે; કેમ કે આચાર્યો શાસ્ત્રના સૂક્ષ્મભાવોને પામેલા છે અને મુખ્યરૂપે તીર્થંકરની જેમ સૂક્ષ્મ અર્થોને જાણીને યોગ્ય શિષ્યોને તે સૂક્ષ્મભાવો એ રીતે બતાવે છે કે જેના બળથી તે યોગ્ય શિષ્યો ઉપાધ્યાય પાસે જે સૂત્ર-અર્થનું અધ્યયન કરે છે તેના સૂક્ષ્મભાવો આચાર્યની પાસેથી પ્રાપ્ત કરીને વિશેષથી મોહનું ઉન્મૂલન કરી શકે છે.

આ રીતે ગચ્છના સાધુઓને સૂત્ર-અર્થનું સામાન્ય અધ્યયન ઉપાધ્યાય કરાવે છે અને સૂક્ષ્મ અર્થોનું પ્રદાન આચાર્ય કરે છે, તેથી આચાર્ય અને ઉપાધ્યાય વચ્ચે ભેદ છે. ઉપાધ્યાય જ આચાર્યપદને યોગ્ય છે જેથી સૂત્રોના અધ્યયન આદિ દ્વારા ગુણોના પ્રકર્ષને પામીને તેઓ આચાર્ય બને છે.

જેમ તીર્થંકરોની હાજરીમાં ગણધરો ઉપાધ્યાયના સ્થાને છે અને જ્યારે તીર્થંકર મોક્ષમાં જાય છે ત્યારપછી તે ગણધરો જ આચાર્યપદને પ્રાપ્ત કરે છે તેમ સમર્થ એવા ઉપાધ્યાય જ આચાર્યપદને પામે છે. તેથી શાસ્ત્રોથી ભાવિત મતિવાળા, શાસ્ત્રોમાં નિપુણ અને ગચ્છના સાધુઓને સૂત્રાર્થ ભણાવીને સંપન્ન કરનારા અને સ્વ-પરના કલ્યાણને કરનારા એવા ઉપાધ્યાયનું સ્વરૂપ ઉપસ્થિત કરીને તેમના ગુણોમાં તન્મય થવાથી જેમ ઉપાધ્યાય સંસારનો નાશ કરી રહ્યા છે, તેમ જ અનેક યોગ્ય જીવોના સંસારનો ઉચ્છેદ કરાવી રહ્યા છે. આવા તેમના ગુણોનું સ્મરણ કરીને તેમને નમસ્કાર કરવામાં આવે તો ભાવના પ્રકર્ષથી નમસ્કાર કરનારનો આત્મા પણ તેમના તુલ્ય થવા સમર્થ બને છે. માટે તેમના ગુણોમાં દૃઢ પ્રણિધાન કરીને તેમને નમસ્કાર કરવો જોઈએ જેથી સર્વ પાપોનો નાશ થાય અને કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

**(૫) સાધુ :-**

જેઓ સંસારના ઉચ્છેદ માટે દૃઢ યત્ન કરે છે તેઓ સાધુ છે. આથી જ સાધુનું લક્ષણ કરતાં કહ્યું છે કે -

निर्वाणसाधकान् योगान् यस्मात् साधयते अहर्निशं ।
समश्च सर्वभूतेषु तस्मात् साधु उदाहृतः ।।

क्षान्त्यादिगुणसंयुक्तः मैत्रादिगुणभूषितः ।
अप्रमादो सदाचारे भावसाधुः प्रकीर्तितः ।।

સાધુના લક્ષણને કહેનારા પ્રસ્તુત શ્લોક અનુસાર જે મહાત્માઓ સંસારના ઉચ્છેદરૂપ નિર્વાણને સાધનારા યોગો દિવસ-રાત સેવે છે અને જગતના જીવ માત્ર પ્રત્યે પોતાના આત્મ તુલ્ય પરિણામવાળા છે તેથી કોઈ જીવની કોઈપણ પ્રવૃત્તિ જોઈને પોતાના ચિત્તમાં તે જીવને અવલંબીને રુચિ-અરુચિનો પરિણામ કરતા નથી તેવા મહાત્મા સાધુ છે.

આવા સાધુ સતત ક્રોધકષાય, માનકષાય, માયાકષાય અને લોભકષાય એમ ૪ કષાયોના પ્રતિપક્ષ એવા ક્ષમા, માર્દવ, આર્જવ અને નિરીહિતારૂપ ભાવોમાં યત્ન કરે છે. જેમનો આત્મા મૈત્રીભાવ આદિ ચાર ભાવોથી સતત વાસિત છે અને સંયમના ઉચિત આચારોમાં જે અપ્રમાદવાળા છે તે ભાવસાધુ છે.

લોકમાં રહેલા સર્વ ભાવસાધુઓને "नमो लोए सव्वसाहुणं" પદથી નમસ્કાર કરાય છે. તેંમાં રહેલો "સવ્વ" શબ્દ સર્વ પદો સાથે સંબંધવાળો છે, તેથી લોકમાં રહેલા સર્વ અરિહંત આદિને પણ નમસ્કાર કરાય છે. અને સર્વ સાધુ કહેવાથી સ્થવિરકલ્પી, જિનકલ્પી, યથાલંદિક આદિ અનેક ભેદવાળા સર્વ સાધુઓનું ગ્રહણ છે.

જે સાધુ પૂર્વમાં સંયમ પાળીને આચાર્ય પદવીને કે ઉપાધ્યાય પદવીને પામેલા હતા, તેઓનું પૂર્વમાં નમો આયરિયાણં પદથી ગ્રહણ થતું હતું કે 'નમો ઉવજ્ઝાયાણં' પદથી ગ્રહણ થતું હતું પરંતુ તેઓ જ જ્યારે જિનકલ્પ સ્વીકારે ત્યારે તેઓનું ગ્રહણ સર્વ સાધુપદથી થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુણસ્થાનકના ક્રમથી સાધુ આચાર્ય કે ઉપાધ્યાયથી નીચા પણ હોય અને ક્યારેક પરિણામની દૃષ્ટિએ ઉપરની પણ ભૂમિકામાં હોય. આથી આચાર્ય પદમાં રહેલ કે ઉપાધ્યાય પદમાં રહેલ ગૌતમસ્વામીને અવલંબીને દીક્ષા લેનારા ૧૫૦૦ તાપસો ક્ષપકશ્રેણી પર આરોહણ કરે છે ત્યારે તેઓ સાધુપદમાં જ છે, તોપણ વીતરાગતાને આસન્ન પરિણામ ગૌતમસ્વામીથી અધિક તે મહાત્માઓમાં હતો. તેથી સાધુ પદથી જેઓ અપ્રમાદભાવથી સ્વશક્તિને ગોપવ્યા વગર, સ્વભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તે ઉચિત પ્રવૃત્તિના બળથી અંતરંગ રીતે ક્ષમાદિ ભાવોની સતત વૃદ્ધિ કરી રહ્યા છે તેવા સાધુનું સાધુપદથી સ્મરણ કરીને તેવા સર્વ સાધુઓને નમસ્કાર કરવાનો જેવા પ્રકારનો ઉત્કટ અધ્યવસાય થાય તેને અનુસાર પાપો નાશ પામે છે અને સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે સાધુપદથી વાચ્ય તે તે ભાવોનું અત્યંત ભાવન કરીને તે ગુણોની શીઘ્ર ઉપસ્થિતિ થાય તે રીતે આત્માને સંપન્ન કરીને બોલાયેલું "નમો લોએ સવ્વસાહૂણં" પદ જીવને સુખપૂર્વક સંસારસાગરને તરવાનું કારણ બને છે.

નવકારનાં પૂર્વનાં પાંચેય પદો કેવાં ઉત્તમ ફળવાળાં છે તે બાકીનાં ચાર પદોથી બતાવે છે –

આ પાંચને કરાયેલો નમસ્કાર સર્વ પાપને નાશ કરનારો છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સમુદિત પાંચને કરાયેલો નમસ્કાર અથવા પાંચમાંથી કોઈ એકને પણ કરાયેલો નમસ્કાર પોતાના ભાવના પ્રકર્ષને અનુસાર પાપોનો નાશ કરનાર છે, તેથી જે મહાત્મા શાસ્ત્રવચનના બળથી તે તે પદોના પરમાર્થનું સ્મરણ કરીને તે પદોમાં દૃઢ ઉપયોગપૂર્વક નમસ્કારની ક્રિયા કરે તો શાસ્ત્રવચન અનુસાર કરાયેલા તે નમસ્કારથી જીવનમાં થયેલાં સર્વ પાપો નાશ પામે છે અને ભાવનો પ્રકર્ષ થાય તો સર્વ કર્મોનો પણ નાશ થાય છે.

વળી, જગતમાં મંગલને કરનારા કેટલાક પદાર્થો છે જેના નિમિત્તથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે. તે સર્વ મંગલોમાં શ્રેષ્ઠ કોટિનું મંગલ 'નવકાર' છે; કેમ કે નમસ્કારની પ્રવૃત્તિથી સર્વોત્તમ પુરુષ પ્રત્યેનો વધતો જતો બહુમાન ભાવ જે પ્રકારે મંગલનું કાર્ય કરે છે, તે પ્રકારે અન્ય મંગલો મંગલનું કાર્ય કરવા સમર્થ નથી. માટે દૃઢ પ્રણિધાનપૂર્વક કલ્યાણના અર્થી જીવે પ્રસ્તુત સૂત્ર વારંવાર ભાવન કરવું જોઈએ અને જ્યારે જ્યારે નવકારથી આત્માને ભાવન કરવાનો યત્ન કરવામાં આવે ત્યારે ત્યારે પ્રણિધાનની દૃઢતાને આશ્રયીને જ ફળ મળે છે. નવકારની સંખ્યાની ગણનાથી ફળની અતિશયિતા પ્રાપ્ત થતી નથી, પરંતુ પ્રણિધાનની અતિશયિતાથી જ ફળની અતિશયિતા થાય છે. માટે શક્તિ અનુસાર દૃઢ પ્રણિધાનપૂર્વક જેટલી સંખ્યાથી નવકારનો જાપ થાય તેટલી નિર્જરાની અતિશયિતાની પ્રાપ્તિ થાય અને પુણ્યાનુબંધીપુણ્યનો સંચય થાય. જેનાથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. ॥૧॥

❖

# ૨. શ્રી પંચિંદિય (ગુરુસ્થાપના) સૂત્ર

**અવતરણિકા :-**

**શ્રાવકને સર્વ ઉચિત ક્રિયાઓ ગુરુની સન્મુખ કરવાની વિધિ છે જેથી ગુરુના વિરહમાં કે વિશિષ્ટ ગુણસંપન્ન ગુરુના અભાવમાં શ્રાવક ગુરુની સ્થાપના કરે છે. અને ક્રિયાકાળમાં જે જે મુદ્રા દ્વારા જે જે ક્રિયા કરવાની છે તે તે મુદ્રા દ્વારા વિધિમાં ઉપયુક્ત થઈને તે તે સૂત્રો બોલે છે. તે વખતે તે સૂત્રોના શબ્દમાં અને સૂત્રોના શબ્દોથી વાચ્ય ઐદંપર્યાયમાં ઉપયોગ રાખવા પ્રયત્ન કરે છે, તેમ સ્થાપન કરાયેલ ગુરુના ગુણનું વારંવાર પ્રતિસંધાન કરે છે જેથી ક્રિયાકાળમાં બુદ્ધિ થાય છે કે આવા ૩૬ ગુણોથી યુક્ત ગુરુને પરતંત્ર થઈને હું તે તે ક્રિયા કરું છું.**

**જેમ 'ઈરિયાવહિયા' સૂત્ર બોલતી વખતે શ્રાવક ગુરુ પાસે 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ?' એ પ્રકારનો આદેશ માંગે છે. તે વખતે 'સન્મુખ રહેલા ભાવાચાર્યની**

અનુજ્ઞાથી હું આ ક્રિયા કરવાનો આદેશ માંગું છું' તેવો અધ્યવસાય શ્રાવક કરે છે અને તેના ઉત્તરરૂપે ભાવાચાર્યે પણ 'કરેહ' શબ્દથી જે આદેશ આપ્યો છે તે વિધિપૂર્વક કરવાનો આપ્યો છે. માત્ર સૂત્ર બોલવાનો આદેશ આપ્યો નથી તેવું સ્મરણ વિવેકસંપન્ન શ્રાવક કરે છે.

તેથી તેવા ભાવગુરુની અનુજ્ઞા માંગવા અર્થે વિવેકસંપન્ન શ્રાવક તેવા ભાવગુરુની સ્થાપના કરવા અર્થે પ્રસ્તુત સૂત્ર બોલે છે. જેનાથી ગુરુના ગુણની સ્થાપનાનો અધ્યવસાય થાય છે. વિવેકસંપન્ન શ્રાવક જ્યારે પંચિંદિય સૂત્ર બોલે ત્યારે તે સૂત્રના અર્થના ઉપયોગવાળો હોય તો તે વખતે તે ભાવગુરુની સ્થાપના પોતાના આત્મામાં કરે છે. આથી તે વખતે તે શ્રાવકનો આત્મા જ કોઈક નયદૃષ્ટિથી ભાવગુરુ છે. અને તે પોતાના આત્મામાં રહેલ ભાવગુરુની સ્થાપનાને સ્થાપનાની મુદ્રા દ્વારા ઉપચારથી પુસ્તક આદિમાં સ્થાપન કરે છે. તે સૂત્રનો અર્થ આ પ્રમાણે છે –

**સૂત્ર :-**

**પંચિંદિઅ સંવરણો, તહ નવવિહબંભચેરગુત્તિધરો;**
**ચઉવિહ કસાયમુક્કો, ઇઅ અટ્ઠારસગુણેહિં સંજુત્તો. ॥૧॥**
**પંચ મહવ્વયજુત્તો, પંચ વિહાયારપાલણસમત્થો,**
**પંચ સમિઓ તિગુત્તો, છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**પાંચ ઇન્દ્રિયોથી સંવરવાળા, અને નવ પ્રકારના બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનારા, ચાર કષાયથી મુક્ત; એ રીતે ૧૮ ગુણોથી સંયુક્ત; પાંચ મહાવ્રતોથી યુક્ત, પાંચ પ્રકારના આચારને પાલન કરવા માટે સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત એવા ૩૬ ગુણોવાળા મારા ગુરુ છે. ॥૧-૨॥**

**ભાવાર્થ :-**

**(૧) પાંચ ઇંદ્રિયોનો સંવર કરનારા :-**

સંસારી જીવોની પાંચ ઇન્દ્રિયો બાહ્ય પદાર્થને અવલંબીને પ્રવર્તે છે તેથી જે પદાર્થ સાથે જે ઇન્દ્રિયનો સંબંધ થાય છે તે પદાર્થના ઇષ્ટ-અનિષ્ટ પરિણામને અનુરૂપ જીવમાં સતત પરિણામ થાય છે. તેથી તે ઇન્દ્રિય દ્વારા સતત કર્મનું આગમન થાય છે તે ઇન્દ્રિયનો અસંવર ભાવ છે અને જે સાધુ પાંચેય ઇન્દ્રિયોનો સંવર કરવા અર્થે સતત જિનવચનનું દૃઢ અવલંબન લઈને તે રીતે મન-વચન અને કાયાનો સતત વ્યાપાર કરે છે ત્યારે તે મહાત્માને શાસ્ત્રવચનથી નિયંત્રિત એવી એક મનરૂપી ઇન્દ્રિય પ્રવર્તે છે તે અપેક્ષાએ તે મહાત્મા એકેંદ્રિય કહેવાય છે. અને જે મહાત્માની શાસ્ત્રવચનથી નિયંત્રિત એક મનરૂપી ઇન્દ્રિય પ્રવર્તે છે ત્યારે પાંચેય ઇન્દ્રિયો વિષય સાથે સંપર્કને પામીને કર્મબંધનું કારણ બનતી નથી તેથી તે મહાત્મા પાંચ ઇન્દ્રિયોના સંવરવાળા છે.

**(૨) નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધારક :-**

સાધુ પાંચેય ઇન્દ્રિયોનો સંવર કરે છતાં કામવૃત્તિ અતિ દુર્જય છે તેથી સારા પણ સાધુ નિમિત્તને પામીને કંઈક વિકારવાળા થાય તેવો સંભવ છે. તેથી સાધુએ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરીને સદા વિકારનું નિમિત્ત ન પ્રાપ્ત થાય તે જ રીતે દૃઢ યત્ન કરવો જોઈએ. જો તે ગુપ્તિમાં વિશેષ યત્ન ન હોય તો પાંચ ઇન્દ્રિયના સંવરવાળા મુનિ પણ સ્ત્રી આદિના નિમિત્તને પામીને, તેના મુખ આદિને જોઈને, તેના કંઠના માધુર્યના શ્રવણને કારણે, કે અન્ય પ્રકારના કોઈક નિમિત્તને કારણે વિકારને સ્પર્શે છે.

આથી જ સાધુ સંયમ પૂર્વે જે પોતે ભોગાદિ કર્યા છે તેનું સ્મરણ પણ ન કરે તથા તેના વિષયક કોઈ કથન પણ ન કરે; કેમ કે સર્વ કર્મોમાં વેદમોહનીયકર્મનો ઉદય અતિ દુર્જય છે. અને તેનાથી આત્માનું રક્ષણ કરવા માટે જેઓ અત્યંત ઉપયુક્તવાળા છે તેવા ગુરુ જ મારા ગુરુ છે તેમ શ્રાવક પ્રસ્તુત સૂત્રથી સ્મરણ કરે છે.

**(૩) ચાર કષાયથી મુક્ત :-**

વળી ભાવસાધુ ચાર કષાયથી મુક્ત હોય છે; કેમ કે વીતરાગ થવાના અત્યંત અર્થી હોવાથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીય એવા ક્રોધ, માન, માયા, લોભનો સ્વપરાક્રમના બળથી ક્ષયોપક્ષમ ભાવ કરેલ છે, તથા વિપાકમાં આવી રહેલ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભને જિનવચનથી નિયંત્રિત કરીને ઉચ્છેદમાં પ્રવર્તે છે, તેથી 'नश्यमाणं नष्टं' એ શાસ્ત્રવચન અનુસાર નાશ પામતા તે ચાર કષાયો નાશ પામેલા છે. તેથી તે સાધુ ૪ કષાયોથી મુક્ત છે. આ પ્રકારના=પાંચ ઇન્દ્રિયનો સંવર, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિઓને ધારણ કરનાર અને ચાર કષાયથી મુક્ત એ પ્રકારના ૧૮ ગુણોથી સંયુક્ત મારા ગુરુ છે તે પ્રકારનું શ્રાવક પ્રથમ ગાથાથી પ્રતિસંધાન કરે છે.

**(૪) પાંચ મહાવ્રતોથી યુક્ત :-**

વળી સુગુરુ પાંચ મહાવ્રતોથી યુક્ત હોય છે તેથી છ કાયના પાલનના અધ્યવસાયવાળા હોય છે. સતત પોતાના આત્માનું મોહરૂપી શત્રુથી રક્ષણ કરનારા હોય છે, જેના કારણે તેઓમાં અહિંસારૂપ મહાવ્રત છે. અને તે મહાવ્રતના રક્ષણ માટે જ અન્ય ચાર મહાવ્રતો છે. તેથી જે સાધુ સુભટની જેમ મોહના નાશ માટે સતત ઉદ્યમવાળા છે અને શરીરની કોઈ પણ ચેષ્ટા કરતી વખતે કાંટાવાળા માર્ગમાં સંસારી જીવો કોઈ પ્રયોજનથી ગમન કરે તો તે જીવો કાંટાથી પોતાનું રક્ષણ કરવા અર્થે જે યતનાથી ગમન કરે છે તે રીતે જીવોથી આકુળ એવા સંસારમાં સાધુ અત્યંત ઉપયુક્ત થઈને નિરવદ્ય સંયમના પરિણામની વૃદ્ધિના પ્રયોજનથી ચેષ્ટા કરે છે અને એવા સાધુ પાંચ મહાવ્રતોથી યુક્ત છે.

**(૫) પંચાચારપાલનમાં સમર્થ :-**

વળી સાધુને રત્નત્રયીના વૃદ્ધિના ઉપાયરૂપ જ્ઞાનાચાર આદિ પાંચ આચારો સતત અપ્રમાદભાવથી પાળવાના હોય છે અને જે સાધુ જ્ઞાનાચાર આદિ પાંચેય આચારોની ઉચિત વિધિનો બોધ કરીને તે પ્રમાણે પાળવા સમર્થ છે તે મારા ગુરુ છે.

**(૬) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત :-**

વળી સાધુએ સદા મન-વચન અને કાયાને ગુપ્ત કરીને જિનવચનથી યોગમાર્ગમાં મન-વચન અને કાયાને સતત પ્રવર્તાવવાં જોઈએ જે ત્રણ ગુપ્તિ સ્વરૂપ છે. અને તેવા ગુપ્ત મહાત્મા સંયમની વૃદ્ધિ અર્થે કોઈક કાયિક ચેષ્ટા કરે ત્યારે પાંચ સમિતિઓમાંથી યથાયોગ્ય સમિતિમાં અવશ્ય ઉપયુક્ત હોય છે તેવા ૫ સમિતિ અને ૩ ગુપ્તિથી યુક્ત મારા ગુરુ છે.

આ રીતે પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારના ૩૬ ગુણોથી યુક્ત મારા ગુરુ છે એમ પ્રતિસંધાન કરીને ભાવાચાર્યની સ્થાપના પ્રસ્તુત સૂત્રથી શ્રાવક કરે છે.

પ્રસ્તુત સૂત્રનાં દરેક પદોના પારમાર્થિક અર્થને સ્પર્શીને તેના અર્થનો યથાર્થ બોધ સ્થિર કરીને તે બોધનું સ્મરણ થાય તે પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક કોઈક શ્રાવક પ્રસ્તુત સૂત્ર બોલે ત્યારે તે ૩૬ ગુણોના અર્થનો જ્ઞાતા અને તે ૩૬ ગુણોના અર્થમાં ઉપયુક્ત એવો તે શ્રાવક બને છે, જેથી તે ગુરુના ગુણમાં ઉપયુક્ત શ્રાવક ભાવથી ગુરુ કહેવાય છે; કેમ કે તે ભાવગુરુના ગુણોની સ્થાપના તે શ્રાવકે પોતાના આત્મામાં કરી છે અને પોતાના આત્મામાં કરેલી ભાવગુરુની સ્થાપનાને જ શ્રાવક સ્થાપનાની મુદ્રા દ્વારા પુસ્તકમાં આરોપણ કરે છે, જેથી ક્રિયાકાળમાં તે ૩૬ ગુણોથી કલિત એવા ભાવગુરુનું સ્મરણ કરીને તેમને પરતંત્ર થઈને શ્રાવક સર્વ ક્રિયાઓ કરે છે. અને તેના કારણે સર્વ આદેશ માંગતી વખતે તે ભાવગુરુના વચનાનુસાર હું તે તે ક્રિયા કરું છું તેવો ઉપયોગ પ્રવર્તે છે. તેથી કરાતી સર્વ ક્રિયાઓ ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તેમાં પ્રબળ અંગભૂત પ્રસ્તુત સૂત્ર છે. **॥૨॥**

❖

## ૩. શ્રી ખમાસમણ (પંચાંગ પ્રણિપાત) સૂત્ર

**અવતરણિકા :-**

**સાધુને, તીર્થંકરોને કે જિનપ્રતિમાને સંક્ષેપથી વંદન કરીને તેમના તુલ્ય થવાને અનુકૂળ શક્તિસંચય કરવા અર્થે ખમાસમણ સૂત્ર બોલાય છે –**

**સૂત્ર :-**

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિયાએ મત્થએણ વંદામિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ક્ષમાશ્રમણ=હે ક્ષમાશ્રમણ, હું યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવાને ઇચ્છું છું. આ પ્રકારે અનુજ્ઞા માંગીને 'મત્થએણ વંદામિ' દ્વારા વંદનની ક્રિયા કરાય છે. ॥૧॥**

ભાવાર્થ :-

શ્રાવક સર્વવિરતિના અત્યંત અર્થી છે તેથી ક્રોધાદિ ચાર કષાયોનો ક્ષયોપશમ કરીને જે સાધુ ક્ષાયિક ભાવ તરફ જઈ રહ્યા છે તેઓને સંબોધીને કહે છે કે 'હે ક્ષમાશ્રમણ ! હું યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવાને ઇચ્છું છું'. ત્યારે પોતાની શક્તિના પ્રકર્ષથી વંદનની ક્રિયા વંદ્યના ગુણોને અભિમુખ જવામાં કારણ બને તેવો યત્ન કરવાથી વંદનની ક્રિયા યાપનિકાથી થાય છે અને સૂત્ર બોલતી વખતે મન-વચન અને કાયા અન્ય સર્વ વ્યાપારથી નિવૃત્ત કરીને વંદનીય વ્યક્તિના સ્વરૂપ સાથે યોજન કરવા પ્રવર્તાવે તો નૈષેધિકીથી વંદનની ક્રિયા થાય છે. વંદનની ક્રિયા એટલે તેમના ગુણોને અવલંબીને તેના ગુણો પ્રત્યેના રાગની વૃદ્ધિ દ્વારા પોતાનામાં તે ગુણોને અભિમુખ એવો યત્ન થાય તેને અનુકૂળ ત્રણે યોગોનું પ્રવર્તન. તેથી શ્રાવક સાધુને ઉદ્દેશીને યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવાની ઇચ્છા ઉપયોગપૂર્વક કરે તો પોતાનામાં રહેલી સર્વ શક્તિથી તે મહાત્માના ગુણો પ્રત્યે રાગભાવ વૃદ્ધિ પામે તે પ્રકારે વંદનની ક્રિયા થાય છે. અને તે પ્રકારે અભિલાષ કરીને હું મસ્તકથી વંદન કરું છું એમ બોલે ત્યારે ઉલ્લસિત થયેલું સદ્વીર્ય સ્વસામર્થ્ય અનુસાર તે મહાત્માને વંદન કરીને ઘણી નિર્જરાની પ્રાપ્તિ કરે છે અને પોતાનામાં પણ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે.

વળી તીર્થંકરોને કે જિનપ્રતિમાને પ્રસ્તુત સૂત્રથી શ્રાવક વંદન કરે છે ત્યારે પણ ક્ષમાશ્રમણ શબ્દથી ક્ષાયિક ભાવને પામેલા તીર્થંકરનું સ્મરણ કરીને યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવાની ઇચ્છા શ્રાવક કરે છે. આ પ્રકારની ઇચ્છા દ્વારા વંદનને અનુકૂળ પિંડીભૂત થયેલ શક્તિવાળા તે મહાત્મા મસ્તકથી તીર્થંકરને વંદન કરે છે ત્યારે પોતાના ભાવના પ્રકર્ષને અનુસાર ઘણી નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

વળી સાધુ પણ પોતાનાથી અધિક ગુણવાળા સાધુને ક્ષમાશ્રમણથી સંબોધીને તેમના વિદ્યમાન ગુણોના સ્મરણપૂર્વક તેમને વંદન કરે ત્યારે તે ગુણો પ્રત્યેના વધતા જતા બહુમાનભાવને અનુરૂપ નિર્જરાને પ્રાપ્ત કરે છે. વળી તીર્થંકરોને કે જિનપ્રતિમાને પણ આ રીતે વંદન કરીને સાધુ સ્વશક્તિ અનુસાર નિર્જરાને પ્રાપ્ત કરે છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે યાપનિકાથી અને નૈષેધિકીથી હું ક્ષમાશ્રમણને વંદન કરવાને ઇચ્છું છું, એ વંદન પૂર્વે વંદનને અનુકૂળ ચિત્તનિર્માણની ક્રિયા છે જે ક્રિયા દરમ્યાન વંદનને અભિમુખ એવું વીર્ય સંચય થાય છે અને 'મત્થએણ વંદામિ' દ્વારા જેને વંદન કરાય છે તેને અવલંબીને તેના ગુણો પ્રત્યે બહુમાન-ભાવની વૃદ્ધિ દ્વારા તે ગુણો પોતાનામાં પ્રગટ થાય તેવો અંતરંગ વ્યાપાર પ્રગટ કરાય છે. ॥૩॥

## ૪. શ્રી ઇચ્છકાર (સુગુરુ સુખશાતાપૃચ્છા) સૂત્ર

**સૂત્ર :-**

**ઇચ્છકાર (સુહરાઇ) સુહદેવસિ સુખતપ ? શરીર-નિરાબાધ ? સુખ-સંજમજાત્રા નિર્વહો છો જી ? સ્વામી ! શાતા છે જી ? ભાત-પાણીનો લાભ દેજો જી ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ઈચ્છકાર=ઈચ્છાપૂર્વક=ઈચ્છાપૂર્વક આપ કહો, (સુહરાઈ=સુખપૂર્વક રાત્રિ પસાર થઈ ?) સુહ-દેવસિ=સુખપૂર્વક દિવસ પસાર થયો ?=સંયમની આરાધનાને અનુકૂળ યત્નપૂર્વક સુખપૂર્વક દિવસ પસાર થયો ?, સુખતપ=નિર્જરાનું કારણ બને તે પ્રકારે સુખપૂર્વક તપ થયો ?, શરીર નિરાબાધ છે=ચારિત્રની સાધનાને અનુકૂળ બાધા વગરનું શરીર છે ?, સુખપૂર્વક સંયમની યાત્રા નિર્વાહ કરો છો ? હે સ્વામી ! શાતા વર્તે છે ? ભાત પાણીનો લાભ આપશોજી. ॥૧॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુને વંદન કરતી વખતે અથવા સાધુ પોતાનાથી મોટા પર્યાયવાળા સાધુને વંદન કરતી વખતે પ્રસ્તુત સૂત્ર બોલીને ગુણવાન એવા મહાત્મા પ્રત્યે પોતાની ભક્તિને અભિવ્યક્ત કરતાં કહે છે –

હું પૃચ્છા કરું છું માટે નહીં, પરંતુ તમે ઇચ્છાપૂર્વક કહો.

શું કહો ? તેથી કહે છે –

સુખપૂર્વક તમારો દિવસ પસાર થયો છે અર્થાત્ ચારિત્રના અતિશયના અર્થી એવા તમે સુખપૂર્વક ચારિત્રમાં ઉદ્યમ કરીને દિવસને સફળ કર્યો છે ?

આ પ્રકારની પૃચ્છા કરીને ભક્તિવાળા શ્રાવકો, મહાત્મા સુખપૂર્વક ચારિત્રમાં દૃઢ યત્ન કરી શકે તેવા અભિલાષવાળા થાય છે જેનાથી ચારિત્ર પ્રત્યેનો રાગ પોતાનામાં જે હતો તે અતિશયિત થાય છે. પોતાના ઉપયોગ અનુસાર તે મહાત્મા વિપુલ નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

વળી, ગુરુ પ્રત્યેની ભક્તિના અતિશય અર્થે તે શ્રાવકો પૃચ્છા કરે છે કે તમે મોક્ષના અર્થી છો અને મોક્ષના ઉપાયરૂપે તપમાં ઉદ્યમ કરનારા છો તો આ તપ સુખપૂર્વક થાય છે ?

આ પ્રકારે પૃચ્છા કરીને શ્રાવકો ગુણવાન ગુરુ પ્રત્યે વિનયની વૃદ્ધિ કરે છે. વળી, સુસાધુ સુખપૂર્વક તપ કરી શકે તેવો અભિલાષ કરીને તપ પ્રત્યેના પોતાના બહુમાનભાવને પણ અતિશયિત કરે છે. તેનાથી પોતાના ઉપયોગ અનુસાર મહાનિર્જરાની પ્રાપ્તિ કરે છે.

વળી, ગુણવાન ગુરુ પ્રત્યે પોતાની ભક્તિને અતિશયિત કરવા અર્થે તેઓ પૃચ્છા કરતાં કહે છે –

તમારું શરીર નિરાબાધ વર્તે છે કે જેના બળથી તમે સુખસંયમની યાત્રાનું વહન કરો છો ?

આ પ્રકારે પૃચ્છા કરીને ગુરુ ભગવંત શરીરની બાધા વગરના રહે અને સુખપૂર્વક સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકે તેવો અભિલાષ થાય છે. વળી, આ પ્રકારની પૃચ્છા દ્વારા ગુણવાન ગુરુ પ્રત્યેનો વિનય થાય છે જેનાથી પોતાના ઉપયોગ અનુસાર નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, અંતે ભક્તિના અતિશયથી કહે છે કે હે સ્વામી ! તમને શાતા વર્તે છે ?

આ પ્રકારે સંબોધન કરવાથી ગુણવાન ગુરુના પ્રત્યે સેવકભાવ પ્રાપ્ત થાય છે. ગુણવાન ગુરુ પ્રત્યે સેવકભાવ સ્વીકારવાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. ગુણવાન મહાત્માઓને સમભાવના પ્રકર્ષથી શાતા વર્તતી હોય તે પ્રકારનો અભિલાષ કરવાથી પોતાનો પણ સમભાવ પ્રત્યેનો રાગ વધે છે, જેથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

અને અંતે ભક્તિના અતિશય અર્થે કહે છે કે મને ભાત-પાણીનો લાભ આપજો. જેથી તમારી સંયમની આરાધનામાં નિમિત્ત થઈને હું પણ તમારી જેમ શીઘ્ર સંયમની પ્રાપ્તિ કરું.

આ પ્રકારના અભિલાષથી ઘણી નિર્જરા થાય છે. માટે નિર્જરાના અર્થી શ્રાવકોએ દૃઢ પ્રણિધાનપૂર્વક ઇચ્છકારસૂત્ર બોલવું જોઈએ. **॥૪॥**

❖

## ૫. શ્રી અબ્ભુટ્ઠિઓ (સુગુરુ ખામણા) સૂત્ર

**અવતરણિકા :-**

**ગુરુની ક્ષમાપના અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે –**

**સૂત્ર :-**

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં (રાઇઅં) ખામેઉં ? (ગુરુ કહે : ખામેહ.) (શિષ્ય) ઇચ્છં, ખામેમિ દેવસિઅં (રાઇઅં).**

**જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં ભત્તે પાણે વિણએ વેયાવચ્ચે આલાવે સંલાવે ઉચ્ચાસણે સમાસણે અંતરભાસાએ ઉવરિભાસાએ.**

**જંકિંચિ મજ્ઝ વિણયપરિહીણં સુહુમં વા બાયરં વા તુબ્ભે જાણહ અહં ન જાણામિ તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ઇચ્છાપૂર્વક હે ભગવન્ ! મને અનુજ્ઞા આપો.**

શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

**દિવસની અંદર થયેલા અપરાધને ખમાવવા માટે હું અભ્યુત્થિત થયેલો છું. (તેની મને અનુજ્ઞા આપો.)**

**ગુરુ અનુજ્ઞા આપે છે અને કહે છે કે ખામેહ, તેના સ્વીકારરૂપે શિષ્ય કે શ્રાવક કહે છે હું ઇચ્છું છું.**

શું ઇચ્છું છું ? તેથી કહે છે –

**દિવસ સંબંધી અપરાધને ખમાવવા માટે ઇચ્છું છું.**

ક્યા પ્રકારના અપરાધને ખમાવવા માટે ? તેથી કહે છે –

**જે કંઈ અપ્રીતિકર=અલ્પ અપ્રીતિકર, કરાયું હોય. પરપત્તિય=પ્રકૃષ્ટ અપ્રીતિકર કરાયું હોય. (તેનું હું મિચ્છા મિ દુક્કડં દઉં છું એમ આગળ સાથે સંબંધ છે.)**

**અને ભત્તે=ભોજનના વિષયમાં, પાનના વિષયમાં, વિનયના વિષયમાં, વૈયાવચ્ચના વિષયમાં, આલાપના વિષયમાં, સંલાપના વિષયમાં, ઉચ્ચ આસનના વિષયમાં=ગુરુ કરતાં ઊંચા આસનમાં બેસવાના વિષયમાં, સમાસણે=ગુરુના સમાન આસનના બેસવાના વિષયમાં, અંતરભાષાના વિષયમાં=ગુરુ કાંઈ કહેતા હોય તેના વચમાં પોતાનું કંઈક કથન કરવાના વિષયમાં, ઉવરિભાસાએ=ગુરુએ કંઈ કહ્યું હોય તેના ઉપરમાં પોતે કંઈક અધિક કહ્યું હોય તેના વિષયમાં, જે કંઈ મારું વિનય પરિહીન આચરાણ હોય. આ વિનયપરિહીન આચરણ સૂક્ષ્મ હોય કે બાદર હોય, તમે જાણો છો હું જાણતો નથી, તે સર્વનું હું મિચ્છા મિ દુક્કડં આપું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

ગુણવાન ગુરુ હંમેશાં શિષ્યનું કે શ્રાવકનું એકાંત હિત થાય તે પ્રકારે સર્વ ઉચિત અનુશાસન તેઓને આપે છે. આવા ગુણોથી યુક્ત ગુરુની સમ્યક્ ઉપાસના કરીને શિષ્ય કે શ્રાવકો સદા કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરે છે; છતાં અનાભોગથી, સહસાત્કારથી, પ્રમાદને વશ ગુરુનો કોઈ અવિનય થયો હોય અને ગુરુએ પોતાની ભૂમિકા અનુસાર ઉચિત કૃત્ય કરવાનું કહ્યું હોય છતાં પ્રમાદને વશ પોતાનાથી તે કૃત્ય તે પ્રમાણે ન કરાયું હોય, તો તેના કારણે ગુરુનો પોતે અપરાધ કર્યો છે. આવા અપરાધનો પરિણામ પોતાના જીવનમાં થયો હોય તો તેની નિવૃત્તિ અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે. કદાચ તેવો અપરાધ ન થયો હોય તોપણ તેવો અપરાધ ક્યારેય ન થાય તેના માટે પ્રસ્તુત સૂત્ર બોલીને ગુરુ પ્રત્યેનો સમર્પણભાવ દૃઢ કરાય છે; કેમ કે "ગૃણાતિ શાસ્ત્રતત્ત્વં ઇતિ ગુરુઃ" એ પ્રકારની વ્યુત્પત્તિ અનુસાર સન્માર્ગને બતાવનારા ગુરુને હંમેશાં વિનયપૂર્વક સેવવા જોઈએ.

આવા સન્માર્ગદાતા ગુરુની પાસે કોઈ અપરાધ થયો હોય તેની ક્ષમાયાચના અર્થે શ્રાવક-શિષ્ય પ્રથમ ગુરુની પાસે અનુજ્ઞા માંગતાં કહે છે –

હે ભગવંત ! તમે ઇચ્છાપૂર્વક મને અનુજ્ઞા આપો.

આ પ્રકારે વિનય કરવાથી ગુણવાન ગુરુના પ્રત્યેનો ભક્તિનો પરિણામ વૃદ્ધિ પામે છે.

શ્રાવક-શિષ્ય કહે છે કે દિવસ દરમ્યાન થયેલા મારા અપરાધની હું ક્ષમાપના કરવાર્થે તત્પર થયો છું.

શિષ્યના આવા સુંદર અભિલાષને જાણીને નિઃસ્પૃહી એવા ગુરુ પણ શિષ્યના શુભભાવની વૃદ્ધિ અર્થે ખમાવવાની અનુજ્ઞા આપે છે.

ગુરુની અનુજ્ઞા મળ્યા પછી 'ઇચ્છં' દ્વારા શ્રાવક તે આજ્ઞાનો સ્વીકાર કરતાં કહે છે કે દિવસ સંબંધી મેં જે કંઈ અપરાધ કર્યો હોય તેને હું ખમાવું છું

કેવા પ્રકારનો અપરાધ કર્યો હોય ? તેથી કહે છે –

ગુરુને અલ્પ અપ્રીતિ થાય તેવો અપરાધ કર્યો હોય અથવા પ્રકૃષ્ટ અપ્રીતિ થાય તેવો અપરાધ કર્યો હોય તેની હું ક્ષમા યાચું છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે ગુણવાન ગુરુ સદા શિષ્યની કે શ્રાવકની હિતચિંતા કરનારા છે અને કેમ તેમનું અધિક હિત થાય ? તેવી ઉચિત પ્રવૃત્તિ કરવા વિશે શિષ્યને સૂચન કરે છે; છતાં શિષ્ય તે કૃત્યમાં અંતરંગ ગુણવૃદ્ધિ થાય તે પ્રકારે શક્તિ અનુસાર પ્રયત્ન ન કરે તો ગુરુને અલ્પ અપ્રીતિ થાય છે, અને ગુરુએ બતાવેલું અનુષ્ઠાન સર્વથા ન કરે કે યથાતથા કરે જેથી તે અનુષ્ઠાનથી શિષ્યને નિર્જરાની પ્રાપ્તિ થાય નહીં, તે પ્રકારની તેવી શિષ્યની પ્રવૃત્તિ જોઈને ગુરુને અત્યંત અપ્રીતિ થાય છે. ગુરુ વિચારે છે કે આ ભારેકર્મી જીવ છે. જેથી મહાનિર્જરાના કારણીભૂત ઉત્તમ અનુષ્ઠાન પણ જેમ-તેમ કરીને નિષ્ફળ કરે છે. પ્રમાદને વશ તેવું અપ્રીતિકર કે પ્રકૃષ્ટ અપ્રીતિકર અનુષ્ઠાન પોતાનાથી થયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં દઈને શ્રાવક પોતાના પ્રમાદને દૂર કરવાર્થે બળસંચય કરે છે.

વળી, ગુરુને આશ્રયીને ભોજન, પાણી, વિનય, વૈયાવચ્ચનાં કૃત્યો શિષ્યો કે શ્રાવક તે રીતે કરે છે કે જેથી તે કૃત્યો દ્વારા ગુણવાન ગુરુની ભક્તિના બળથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય; છતાં પ્રમાદને વશ કંઈક વિનયપરિહીન સૂક્ષ્મ કે બાદર કર્યું હોય તેનું શ્રાવક મિચ્છા મિ દુક્કડં દે છે. જેથી હંમેશાં ગુણવાન ગુરુનાં ભોજન, પાનાદિ કૃત્યો દ્વારા શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરી શકે તે પ્રકારે વિનયયુક્ત અનુષ્ઠાન કરવાનો ઉત્સાહ થાય છે. શિષ્યને પણ ગુણવાન ગુરુની ઉચિત વૈયાવચ્ચ દ્વારા ઘણી નિર્જરા પ્રાપ્ત કરી શકે તેવો વિવેકવાળો અધ્યવસાય પ્રાપ્ત થાય છે.

વળી, ગુરુના કોઈક આલાપ-સંલાપના પ્રસંગમાં વિનયપરિહીન બોલાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં શ્રાવક આપે છે. જેથી ગુરુ પાસેથી પૃચ્છાદિના પ્રસંગમાં અતિવિવેકપૂર્વક બોલવાની અનુકૂળ, માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે છે. અને વિનયપરિહીન પ્રવૃત્તિની નિંદા કરવાથી તે પાપની નિવૃત્તિ થાય છે. વળી, ગુરુ પાસે બેસવાના પ્રસંગમાં અનાભોગાદિથી ઊંચા આસનમાં કે સમાન આસનમાં બેસવાની જે કોઈ અનુચિત પ્રવૃત્તિ થઈ હોય તેની પણ શ્રાવક કે શિષ્ય નિંદા કરે છે. જેથી હંમેશાં ગુણવાન પુરુષો પ્રત્યે ઉચિત વિનય કરવાને અનુકૂળ મનોવૃત્તિ સ્થિર થાય છે.

વળી, ગુરુ ઉપદેશ આદિ આપતા હોય ત્યારે વચમાં અસ્થાને કંઈક કથન કર્યું હોય અથવા ગુરુના કથન કરતાં પોતે કંઈક અધિક જાણે છે એવું બતાવવા અર્થે વિશેષ કથન કર્યું હોય અને તેનાથી જે અવિનય થયો હોય તે સર્વ ગુરુ જાણે છે, હું જાણતો નથી તેમ કહીને મિચ્છા મિ દુક્કડં દે છે.

આનાથી એ ફલિત થાય છે કે ગુણવાન ગુરુ શિષ્યની ઉચિત ચિંતા કરનારા હોવાથી શિષ્ય કયા પ્રકારનો પ્રમાદ કરે છે ? તેને સ્મૃતિમાં રાખીને તેનું કઈ રીતે હિત થાય ? તેની સદા ચિંતા કરનારા હોય છે. તેથી તેઓ શિષ્યના કે સમર્પિત શ્રાવકના પ્રમાદને જાણનારા હોય છે. જીવ સ્વભાવથી પોતે પ્રમાદથી અનુચિત કરે છતાં તે પ્રકારનો ઉપયોગ નહીં રહેવાથી પોતે જાણતો નથી કે મેં આ અપરાધ કર્યો છે, આવા સર્વ અપરાધોનો મિચ્છા મિ દુક્કડં દઈને શિષ્ય પ્રસ્તુત સૂત્રથી ગુણવાન ગુરુના પારતંત્રને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. **॥૫॥**

❖

## ૬. શ્રી ઈરિયાવહિયા (લઘુ પ્રતિક્રમણ) સૂત્ર

**અવતરણિકા :-**

**ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવા અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે. ઈર્યાપથ એટલે સાધુપથ અર્થાત્ સંવરનો પરિણામ. આ સંવરના પરિણામથી આત્મામાં કર્મના આગમનનો અવરોધ કરાય છે. પૂર્ણ કર્મના આગમનનો અવરોધ યોગનિરોધ કાળમાં થાય છે; કેમ કે તે વખતે મહાત્મા કર્મબંધનાં સર્વ કારણોના અભાવવાળા છે. યોગનિરોધકાલ પૂર્વે યોગનિરોધના અર્થી એવા સાધુ કે શ્રાવક પોતાની મન-વચન અને કાયાની શક્તિને ગુપ્ત કરીને મન, વચન અને કાયાથી બંધાતાં કર્મોના નિરોધ માટે યત્ન કરે છે, જે મન, વચન અને કાયાની ગુપ્તિ સ્વરૂપ છે. આ ગુપ્તિની પ્રાપ્તિના અર્થી એવા સાધુ કે શ્રાવક અનેક સ્થાનોને આશ્રયીને ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે.**

**જેમ શ્રાવક સામાયિક લેતા પૂર્વે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરીને મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિને અનુકૂળ બળનો સંચય કરે છે તેથી સામાયિક ગ્રહણ કરતા પૂર્વે જે અગુપ્તિનો પરિણામ છે તેનાથી જે હિંસા થઈ છે તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે નિંદા-ગર્હા કરીને તે ભાવોથી આત્માનું સંવર કરવા અર્થે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે.**

**તે જ રીતે ચૈત્યવંદન કરવા પૂર્વે જે દ્રવ્યસ્તવ કરેલ છે તે દ્રવ્યસ્તવમાં કોઈ અનાભોગ આદિથી પ્રમાદવશ વિધિની સ્ખલના થયેલ હોય અને તેના કારણે જે હિંસા થઈ હોય તેની શુદ્ધિ કરવા અર્થે અથવા ભાવસ્તવને અનુકૂળ ચિત્તનિર્માણ અર્થે શ્રાવક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે. આ રીતે ઈર્યાપથના પ્રતિક્રમણપૂર્વક સંવૃત્ત થયેલું ચિત્ત ચૈત્યવંદન દ્વારા સર્વવિરતિને અનુકૂળ ભાવસંચય થાય**

તેવો ભાવસ્તવ કરવા દૃઢ પ્રણિધાનપૂર્વક ‘ઈરિયાવહિયા’સૂત્ર બોલનાર શ્રાવક સમર્થ બને છે. દ્રવ્યસ્તવ એ ઉત્તમ દ્રવ્યો દ્વારા કરાતી ભગવાનની ભક્તિરૂપ છે અને ભાવસ્તવ સર્વ ઉદ્યમથી વીતરાગતુલ્ય થવાના ઉદ્યમ સ્વરૂપ છે. આ ઉદ્યમ અતિ દુષ્કર હોવાથી દૃઢ પ્રણિધાનપૂર્વક કોઈ શ્રાવક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરીને ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત કરે તો અવશ્ય સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય છે તેથી ભાવસ્તવ કરવા માટે તે શ્રાવક સમર્થ બને છે.

આ રીતે જુદા જુદા સ્થાનને આશ્રયીને જુદા જુદા પ્રકારના બળનો સંચય કરીને સર્વવિરતિને અનુકૂળ ગુપ્તિની પ્રાપ્તિ અર્થે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરાય છે.

સામાન્યથી ઈર્યાપથનો અર્થ સાધુપથ છે અને સાધુપથમાં જે સ્ખલના થઈ હોય તેનું પ્રતિક્રમણ કરવું તે ઈર્યાપથનું પ્રતિક્રમણ છે, જે ઈરિયાવહિયા સૂત્રથી કરાય છે તેથી પ્રસ્તુત સૂત્રને ‘ઈરિયાપથ પ્રતિક્રમણસૂત્ર’ શબ્દથી કહેવાય છે –

સૂત્ર :-

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં ॥૧॥**

**ઈરિયાવહિયાએ, વિરાહણાએ ॥૨॥**

**ગમણાગમણે ॥૩॥**

**પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસા–ઉત્તિંગ–પણગ–દગ–મટ્ટી–મક્કડા સંતાણા–સંકમણે ॥૪॥**

**જે મે જીવા વિરાહિયા ॥૫॥**

**એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા. ॥૬॥**

**અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૭॥**

સૂત્રાર્થ :-

**ઈચ્છાપૂર્વક હે ભગવન્ ! મને આજ્ઞા આપો, હું ઈર્યાપથનું પ્રતિક્રમણ કરું ?**

ગુરુ પ્રતિક્રમણ કરવાની અનુજ્ઞા આપતાં કહે કે ‘કરેહ’ અર્થાત્ તું ઈર્યાપથનું પ્રતિક્રમણ કર. તેના પ્રત્યુત્તરરૂપે શ્રાવક કહે છે –

**હું ઈચ્છું છું અર્થાત્ ગુરુની અનુજ્ઞા અનુસાર અત્યંત પ્રણિધાનપૂર્વક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું.**

ત્યારપછી શેનું પ્રતિક્રમણ કરવા ઇચ્છે છે ? તેથી કહે છે –

**ઈર્યાપથમાં થયેલી વિરાધનાનું પ્રતિક્રમણ કરવા હું ઈચ્છું છું.**

**આ રીતે ગુરુની અનુજ્ઞા મેળવ્યા પછી ઈરિયાવહિયા બોલનાર મહાત્મા કહે છે કે હું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું.**

શેનું પ્રતિક્રમણ કરવા ઇચ્છુ છું ? તેથી કહે છે –

**ઈર્યાપથની વિરાધનાનું પ્રતિક્રમણ કરવા ઈચ્છું છું.**

કઈ રીતે ઈર્યાપથની વિરાધના થાય છે ? તેથી કહે છે –

**ગમનાગમન વિષયમાં.**

ગમનાગમનમાં કઈ રીતે વિરાધના થાય છે ? તેથી કહે છે –

**પ્રાણના અતિક્રમણમાં=બેઇન્દ્રિયાદિ જીવોના પ્રાણના અતિક્રમણમાં. બીજના અતિક્રમણમાં, વનસ્પતિકાયના અતિક્રમણમાં. ઓસા-ઉત્તિંગ, પણગ-દ્ગ-મટ્ટી-મક્કડા-સંતાણા સંકમણે=ઓસા એટલે ઝાકળ, ઉત્તિંગ= ભૂમિ ઉપર ફરતા ગર્દભ આકારવાળા જીવો અથવા કીડીના નગરા, પનક=પાંચ વર્ણવાળી ફૂગ, દગ એટલે ચીખલ, મટ્ટી એટલે માટી, મક્કડા સંતાણા=કરોળિયાનાં જાળાં તેના સંક્રમણમાં, જે વિરાધના થઈ હોય.**

આ રીતે સંક્ષેપથી જીવોને યાદ કર્યા પછી કહે છે –

**વધારે શું કહીએ ? જે કોઈ જીવની વિરાધના કરાઈ હોય - તેઓ એકેન્દ્રિય હોય, બેઇન્દ્રિય હોય, તેઇન્દ્રિય હોય, ચઉરિન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું.**

કઈ રીતે વિરાધના કરી હોય ? તેથી કહે છે –

**અભિહયા=પગથી અભિહત હોય, વત્તિયા=પૂંજીકૃત કરાયા હોય અથવા ધૂળ આદિથી જીવોને સ્થગિત કરાયા હોય, લેસિયા=ભૂમિ આદિમાં તેને સંશ્લેષ કરાયા હોય, સંઘાતિયા=સંઘાતીત કરાયેલા હોય. સંઘટ્ટિયા=પોતાના દેહ આદિથી સંઘર્તિત કરાયા હોય, પરિયાવિયા=પરિતાપ ઉપજાયેલા હોય, કિલામિયા=ખેદ પમાડાયેલ હોય, ઉદ્દવિયા=બીજાને ભય પમાડાયેલ હોય, ઠાણાઓ ઠાણં=એક સ્થાનથી અન્ય સ્થાને મુકાયેલ હોય, સંકામિયા=સંક્રમિત કરાયા હોય, જીવિયાઓ વવરોવિયા=જીવનથી નાશ કરાયા હોય, તે સર્વનું હું મિથ્યા દુષ્કૃત આપું છું. ॥૧-૭॥**

**ભાવાર્થ :-**

ઈર્યાપથ શું છે ? તેથી કહે છે –

ગમન એ ઈર્યા છે. ગમનપ્રધાન જે પંથ તે ઈર્યાપથ છે. તેમાં થતી વિરાધના એ ઈર્યાપથની વિરાધના છે.

માર્ગમાં જતાં કોઈક વિરાધના થાય તે ઈર્યાપથિકી વિરાધના કહેવાય, તે વચન પ્રમાણે ગમનની ક્રિયા ઈર્યાપથ પ્રાપ્ત થાય પરંતુ અગમનની પ્રવૃત્તિવાળા પણ મહાત્માઓ ધ્યાનાદિ અર્થે કે સ્વાધ્યાય આદિ અર્થે ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે તેથી ઈર્યાપથનો અર્થ શાસ્ત્રીય પરિભાષાથી સાધુપથ કરવામાં આવ્યો છે; કેમ

કે કહ્યું છે કે ધ્યાન, મૌન આદિ જે ભિક્ષુનું વ્રત છે તે ઈર્યાપથ છે અને તે ઈર્યાપથમાં થનારી જીવવિરાધના તે ઈરિયાપથિકી વિરાધના છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સાધુ ધ્યાન અને મૌન દ્વારા સદા ગુપ્ત થઈને મોહના ઉન્મૂલન માટે યત્ન કરે તે ઈર્યાપથ છે=સાધુ આચાર છે. આ સાધ્વાચારના પાલનમાં જે કોઈ સ્ખલના થઈ હોય તે ઈર્યાપથની સ્ખલના છે. તેનું પ્રતિક્રમણ કરવાના અભિલાષથી સાધુ કે શ્રાવક તે તે અનુષ્ઠાન કરવા પૂર્વે પ્રસ્તુત સૂત્ર બોલીને ઈર્યાપથરૂપ જે સાધુપથ છે તેની વિરાધનાથી પાછા ફરવાનો યત્ન કરે છે.

વળી આ "ઈરિયાવહિયા, વિરાહણાએ" બોલવાથી સાધુપથની વિરાધનાનું સ્મરણ થાય છે. જીવ જ્યારે સંવરભાવથી પ્રવર્તતો નથી ત્યારે સાધુપથની વિરાધના થાય છે. આ વિરાધનાથી પ્રતિક્રમણ કરવાના ભાવથી પ્રસ્તુત સૂત્ર બોલાય છે.

જોકે સાધુપથનું પ્રતિક્રમણ માત્ર પ્રાણાતિપાતરૂપ નથી પરંતુ મૃષાવાદ આદિ અન્યરૂપ પણ છે તોપણ પ્રાણાતિપાતનું મુખ્યપણું છે અને શેષ પાપો પ્રાણાતિપાતમાં જ અંતર્ભાવ પામે છે, તેથી પ્રસ્તુત સૂત્રમાં પ્રાણાતિપાતનું પ્રતિક્રમણ કરાય છે.

આશય એ છે કે જીવના ભાવપ્રાણના રક્ષણ અર્થે સદા ષટ્કાયનું પાલન કરવું આવશ્યક છે અર્થાત્ છ કાયના જીવોની હિંસા ન થાય તે પ્રકારે યત્ન કરવો આવશ્યક છે. જ્યારે પ્રમાદવશ છ કાયના રક્ષણ માટે યત્ન થતો નથી ત્યારે જીવ આત્માના મૂળ પરિણામોને છોડીને કાષાયિક ભાવોમાં વર્તે છે. તેથી સાધુપથનું અતિક્રમણ થાય છે અને તે વખતે બાહ્યથી વિરાધના થતી હોય કે ન પણ થતી હોય તોપણ હિંસાને અનુકૂળ જીવની પરિણતિ છે તેથી બધાં પાપોમાં પ્રાણાતિપાત જ મોટું પાપ છે અને શેષ પાપો પ્રાણાતિપાતમાં જ અંતર્ભાવ પામેલ છે. માટે પ્રસ્તુત સૂત્રમાં પ્રાણાતિપાતની વિરાધનાને સામે રાખીને જ સૂત્રની રચના કરાઈ છે.

વળી, સામાન્યથી અસંવરના પરિણામપૂર્વક કોઈ ક્રિયા થતી હોય ત્યારે આ સૂત્રમાં બતાવેલા સર્વ પ્રકારમાંથી સંયોગને અનુરૂપ કોઈક પ્રકારની હિંસાનો સંભવ છે. અસંવરનો પરિણામ હોવા છતાં સાક્ષાત્ તેવી કોઈ પ્રવૃત્તિ ન હોય તો કાયાથી તેવા પ્રકારની કોઈ હિંસા થતી નથી; છતાં સંયોગ મળે તો તે પ્રકારની કાયાની ચેષ્ટા થાય તેવી પરિણતિ વિદ્યમાન છે તેથી દ્રવ્યથી હિંસા ન હોય તોપણ ભાવથી હિંસાનો પરિણામ છે. તેથી પોતાના પરિણામને અનુરૂપ હિંસાકૃત કર્મબંધ સતત ચાલે છે.

જેમ સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ કોઈ હિંસાનું કૃત્ય કરતા નથી તોપણ ભાવથી સંવરનો પરિણામ નહીં હોવાથી સર્વ પ્રકારની હિંસાનું પાપ તેઓને બંધાય છે તેમ સંસારી જીવો પણ ભાવથી સંવરના પરિણામવાળા ન હોય ત્યારે આ સર્વ પ્રકારે સંયોગને અનુરૂપ હિંસાનો થવાનો સંભવ છે. તેથી અસંવરના પરિણામવાળા જીવમાં તે હિંસાને અનુકૂળ અવ્યક્તરૂપે પણ તેવા પ્રકારનો કઠોર પરિણામ સદા વર્તે છે.

પ્રસ્તુત સૂત્ર બોલીને તે તે પ્રકારના હિંસાના ભેદોને સ્મરણ કરીને તે દુષ્કૃત છે અને તેવા પ્રકારના દુષ્કૃતના પરિણામો આત્મામાંથી નિવર્તન પામે તેવા દૃઢ પ્રણિધાનપૂર્વક 'ઈરિયાવહિયા' સૂત્ર બોલવામાં આવે તો તે પ્રકારના હિંસાને અનુરૂપ તીવ્ર-મંદ આદિ ભેદવાળો જે અસંવરનો પરિણામ હતો તે દૃઢ

પ્રણિધાનપૂર્વક સૂત્ર બોલવાથી નિવર્તન પામે છે અને તેનાથી વિરુદ્ધ કોઈ જીવોની હિંસા ન થાય તેવો યતનાનો પરિણામ આત્મામાં નિષ્પન્ન થાય છે.

ઈરિયાવહિયા સૂત્ર દ્વારા અસંવરભાવથી થનારાં પાપોની આલોચના કરવામાં આવે અને તે આલોચના કર્યા પછી સૂત્રના અંતિમ અંશથી 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ્' શબ્દથી તેનું પ્રતિક્રમણ કરવામાં આવે. ત્યાર પછી તસ્સ ઉત્તરી અને અન્નત્થ સૂત્ર દ્વારા ઉત્તરીકરણરૂપ કાયોત્સર્ગની ક્રિયા કરવામાં આવે છે. આ રીતે ઈરિયાવહિયા સૂત્ર અનુસાર આલોચના કરવાથી રહી ગયેલ અવશિષ્ટ પાપો સૂત્રના અંતમાં આપેલા 'મિચ્છા મિ દુક્કડમ્'રૂપ પ્રતિક્રમણથી શુદ્ધ થાય છે. વળી, 'મિચ્છા મિ દુક્કડમ્' શબ્દ બોલીને કરાતા પ્રતિક્રમણ કાળમાં પણ અનાભોગથી કોઈ સ્થાનમાં પૂર્વે સેવાયેલાં પાપોની શુદ્ધિ થાય તેવો પરિણામ ન થયો હોય તો તે રહી ગયેલાં પાપોની શુદ્ધિ દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલા કાયોત્સર્ગથી અવશ્ય થાય છે.

તેથી તે કાઉસ્સગ્ગ કર્યા પછી જે સામાયિક આદિની ઉચિત ક્રિયા કરવામાં આવે છે તે ક્રિયાને અનુકૂળ માનસ નિષ્પન્ન કરવાનો પ્રારંભ ઈરિયાવહિયાના આલોચનથી, પ્રતિક્રમણથી અને કાયોત્સર્ગથી કરાય છે. ॥૬॥

❖

## ૭. શ્રી તસ્સ ઉત્તરી (ઉત્તરીકરણ) સૂત્ર

**અવતરણિકા :-**

**કાઉસ્સગ્ગથી શુદ્ધ થયેલા પરિણામ દ્વારા ગુપ્તિના પરિણામને પામેલા શ્રાવક કે સાધુ ઉત્તરમાં કરાતા અનુષ્ઠાન દ્વારા જે ભાવથી ઉત્તરનું અનુષ્ઠાન કરવાનું છે તે ભાવોને નિષ્પન્ન કરવા સમર્થ બને છે. માટે ઈર્યાપથ પ્રતિક્રમણરૂપ ઈરિયાસૂત્ર બોલાય છે અને ત્યાર પછી કાયોત્સર્ગ દ્વારા શુદ્ધિ અર્થે અથવા અન્ય પણ કેટલાંક સ્થાનોમાં કાયોત્સર્ગ કરવા અર્થે તસ્સ ઉત્તરી સૂત્ર બોલાય છે તે આ પ્રમાણે છે –**

**સૂત્ર :-**

**તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં, કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**તેના ઉત્તરીકરણ દ્વારા=આલોચના અને પ્રતિક્રમણ દ્વારા કરાયેલી શુદ્ધિના ઉત્તરીકરણ દ્વારા, પાપકર્મોના નિર્ઘાતન માટે=નાશ માટે, હું કાઉસ્સગ્ગમાં રહું છું, એમ અંતિમપાદ સાથે સંબંધ છે.**

તેનું ઉત્તરીકરણ કઈ રીતે થાય ? તેથી કહે છે –

**પ્રાયશ્ચિત્તના કરણથી.**

પ્રાયશ્ચિત્તનું કરણ કઈ રીતે થાય ? તેથી કહે છે –

**વિશોધીકરણથી.**

વિશોધીકરણ કઈ રીતે થાય ? તેથી કહે છે –

**વિશલ્યીકરણથી. ||૧||**

**ભાવાર્થ :–**

"તેના ઉત્તરીકરણથી પાપકર્મના નાશ માટે હું કાઉસ્સગ્ગમાં રહું છું" એ પ્રકારનું બોલીને શ્રાવક કે સાધુ શ્રુતના સંકલ્પરૂપ આ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે.

જેમ કોઈએ ઉપવાસનું પચ્ચક્ખાણ ગ્રહણ કર્યું ત્યારે તે પચ્ચક્ખાણ ગ્રહણની ક્રિયા દિવસ દરમ્યાન આહાર-પાણી આદિના ત્યાગને અનુકૂળ એવા શ્રુતના સંકલ્પરૂપ પ્રતિજ્ઞા કરાય છે. પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર તે પ્રતિજ્ઞા અનુસાર તે પ્રતિજ્ઞાનું પાલન કરે તો તે પચ્ચક્ખાણ શુદ્ધ બને છે, તેમ પ્રસ્તુતમાં પ્રતિજ્ઞા કરવામાં આવે છે કે સાધુપથની વિરાધનાનું જે મેં ઈરિયાવહિયાસૂત્રથી આલોચન કર્યું અને તે સૂત્રના અંતે તસ્સ મિચ્છા મિ દુક્કડંથી પ્રતિક્રમણ કર્યું તેનાથી થયેલી જે ઈર્યાપથની શુદ્ધિ તે કદાચ અનુત્તર કક્ષાની હોય તો તે અનુત્તર શુદ્ધિને અર્થાત્ અશ્રેષ્ઠ શુદ્ધિને, શ્રેષ્ઠ શુદ્ધિરૂપ ઉત્તરીકરણથી અર્થાત્ અનુત્તર શુદ્ધિને શ્રેષ્ઠ શુદ્ધિરૂપ ઉત્તરીકરણથી, હું પાપકર્મોના નાશ માટે કાઉસ્સગ્ગમાં રહું છું. આ પ્રકારનો સંકલ્પ કરીને કાયોત્સર્ગ દરમ્યાન જે ચોવીસ તીર્થંકરોના નામનું કીર્તન કરવામાં આવે છે. તે કીર્તન કાળમાં જિનગુણોથી ચિત્ત વાસિત થાય તો પૂર્વમાં ઈરિયાવહિયા સૂત્રથી કંઈક પાપની શુદ્ધિ થયેલી તે શુદ્ધિનું ઉત્તરીકરણ થાય છે અર્થાત્ પૂર્વમાં કંઈક પાપની શુદ્ધિની ન્યૂનતા રહેલ હોય તો તે પાપની અશુદ્ધિ દૂર થાય છે, જેના બળથી સાધુપથમાં જવાને અનુકૂળ કરાયેલો સંકલ્પ ઈર્યાપથના પ્રતિક્રમણ દ્વારા સફળ બને છે.

જેમ સંસારી જીવોનું ચિત્ત કોઈ બાહ્ય પદાર્થો પ્રત્યે રાગવાળું થાય તો તે પદાર્થના સાંનિધ્ય વગર પણ ઉત્તરકાળમાં તે રાગના વિષયભૂત વસ્તુનું વારંવાર સ્મરણ તે પ્રકારના ચિત્તમાં થાય છે. તેથી સંસારી જીવોનું તે પદાર્થના અવલોકનકાળમાં અને ચિંતનકાળમાં થયેલું ચિત્ત ઉત્તરકાળમાં પણ તે પ્રકારની રાગની વૃદ્ધિનું કારણ થતું અનુભવાય છે.

તે રીતે જે મહાત્મા કાઉસ્સગ્ગ દ્વારા ચોવીસ તીર્થંકરોના નામનું કીર્તન કરતી વખતે તે તીર્થંકરોના ગુણોથી આત્માને વાસિત કરે છે, તેથી વીતરાગના ગુણોથી વાસિત થયેલું ચિત્ત સંસારના ભાવોથી પરાઙ્મુખ થઈને તસ્સ ઉત્તરી સૂત્રના બળથી કરાયેલા પ્રણિધાનના બળથી ઉત્તરકાળમાં જે સામાયિક આદિ

ઉચિત ક્રિયા કરવા અર્થે 'કરેમિ ભંતે !' સૂત્રથી પ્રતિજ્ઞા કરીને સાધુપથમાં જવાનો સંકલ્પ કરશે તેને અનુકૂળ એવા વીતરાગના ગુણોથી વાસિત થયેલું ચિત્ત કરે છે.

અહીં પ્રશ્ન થાય કે ઈરિયાવહિયા સૂત્ર દ્વારા જે આલોચન અને પ્રતિક્રમણ કર્યું તેનું ઉત્તરીકરણ કાઉસ્સગ્ગ દ્વારા કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

પ્રાયશ્ચિત્તના કરણથી ઉત્તરીકરણ થઈ શકે અર્થાત્ અસાધુપથમાં પ્રવર્તતા પોતાના આત્મા પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારના પ્રણિધાનપૂર્વક સાધુપથમાં પ્રવર્તવાને અનુકૂળ ચિત્ત થાય તે પ્રકારે તીર્થંકર આદિના ગુણોનું સ્મરણ કરવામાં આવે તો પ્રાયશ્ચિત્ત કરણ થાય તે રીતે યત્ન કરવાથી કાઉસ્સગ્ગ દ્વારા ઉત્તરીકરણ થઈ શકે.

અહીં પ્રશ્ન થાય કે કાઉસ્સગ્ગ દ્વારા પ્રાયશ્ચિત્તકરણ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

વિશોધીકરણથી થાય અર્થાત્ ભગવાનના ગુણોના કીર્તન દ્વારા ચિત્ત તેમના ગુણોથી વાસિત બને તો ચિત્તની તેવા પ્રકારની વિશુદ્ધિ થાય જેનાથી પ્રાયશ્ચિત્તકરણ થાય અને પ્રાયશ્ચિત્તકરણ થવાથી કાયોત્સર્ગની ક્રિયા ઉત્તરીકરણરૂપ બને, જેનાથી પાપકર્મનો નાશ થાય.

અહીં પ્રશ્ન થાય કે ચિત્તનું વિશોધીકરણ કાયોત્સર્ગ દ્વારા કઈ રીતે થાય ? તેથી કહે છે –

વિસલ્લીકરણ દ્વારા વિશોધીકરણ થાય અર્થાત્ માયાશલ્ય, મિથ્યાત્વશલ્ય અને નિદાનશલ્ય એ ત્રણ શલ્યના ત્યાગપૂર્વક કાયોત્સર્ગ કરવામાં આવે તો વિશોધીકરણ થાય છે.

જેમ કોઈ વ્યક્તિ પાસે કોઈકના પૈસા લેવાના બાકી હોય અને તે લેણદાર માંગે તો કહે કાલે આપીશ. બીજે દિવસે જાય તો કાંઈ આપે નહીં અને કહે કાલે આપીશ. આ રીતે વારંવાર કહેતો હોય તો તે વખતે કહેવાય છે કે તે માયા કરે છે, પૈસા આપવાના પરિણામવાળો નથી.

તે રીતે જે શ્રાવક કે સાધુ પ્રસ્તુત સૂત્ર બોલીને જિનગુણથી આત્માને વાસિત કરીને ચિત્તને શુદ્ધ કરવા અર્થે કાયોત્સર્ગ કાળમાં સ્વશક્તિ અનુસાર લેશ પણ પ્રયત્ન કરતા નથી અને પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા આ પ્રકારે ચિત્તને શુદ્ધ કરવું જોઈએ એવો ઉપદેશ સાંભળીને મારે ચિત્તનું શોધન થાય તેવો પ્રયત્ન કરવો છે તેવો કોઈ અભિલાષ પણ કરતા નથી તેઓ માત્ર સૂત્ર બોલે છે, સૂત્ર પ્રમાણે પરિણામ કરવાના અભિલાષવાળા નથી, તેથી તેઓની તે ક્રિયા માયાશલ્યવાળી બને છે.

વળી કોઈક શ્રાવક કે સાધુ સંસારના તુચ્છ અભિલાષથી તે ક્રિયા કરતા હોય તો આ લોકના કે પરલોકના ફળની આશંસારૂપ નિદાનશલ્યવાળી તે ક્રિયા બને છે.

વળી કોઈ સાધુ કે શ્રાવક માયાશલ્યવાળા ન હોય અને નિદાનશલ્યવાળા પણ ન હોય પરંતુ પ્રસ્તુત સૂત્રના તાત્પર્યને સાંભળીને તે પ્રકારના પરિણામ કરવાના અભિલાષવાળા હોય, છતાં ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારમાં ભગવાનનું વચન જ સર્વ કલ્યાણનું એક કારણ છે તેવી સ્થિર રુચિવાળા ન હોય

અને ભગવાનના વચનથી વિપરીત એવી ભોગાદિમાં કે સ્વમતિ અનુસાર વિપરીત બોધમાં આગ્રહવાળા હોય તેઓમાં મિથ્યાત્વશલ્ય છે. તેથી તેઓની ક્રિયા મિથ્યાત્વશલ્યવાળી બને છે. ફક્ત જેઓ સ્થૂલ બોધપૂર્વક પણ ભગવાનના વચનમાં રુચિવાળા છે અને ભગવાનના વચનના રહસ્યને જાણવાની ઇચ્છાવાળા છે તેઓની તે રુચિ સમ્યક્ત્વને સન્મુખ હોવાથી તેઓનું મિથ્યાત્વશલ્ય મંદ છે અને નિવર્તનને અભિમુખ છે. તેથી તેઓની કાયોત્સર્ગની ક્રિયા મિથ્યાત્વશલ્યવાળી નથી, પરંતુ 'નશ્યમાનં નષ્ટં' એ ન્યાયથી મિથ્યાત્વશલ્ય રહિત છે.

આથી શ્રાવકે કે સાધુએ આ ૩ શલ્યનો પરમાર્થ જાણીને જિનવચન જ એકાંતે કલ્યાણનું કારણ છે તેવી સ્થિર બુદ્ધિ કરવી જોઈએ એટલું જ નહીં પણ વારંવાર વિચારવું જોઈએ કે જિનવચનના સૂક્ષ્મબોધથી ભાવિત થયેલું ચિત્ત વર્તમાનમાં સુખાત્મક છે અને સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષસુખનું એક કારણ છે, માટે મારે શક્તિને ગોપવ્યા વગર જિનવચનના પરમાર્થને જાણવા સદા ઉદ્યમ કરવો જોઈએ.

આ પ્રકારના ભાવોથી આત્માને વાસિત કરીને જિનવચન અનુસાર તત્ત્વનો રાગ કેળવે, સ્વશક્તિ અનુસાર માયા કર્યા વગર કાયોત્સર્ગ કરતી વખતે આત્માને ભગવાનના ગુણોથી વાસિત કરવા યત્ન કરે, તુચ્છ એવા આલોકનાં કે પરલોકનાં ફળોની આશંસા વગરનું ચિત્ત કરે તો વિસલ્લીકરણ દ્વારા કાયોત્સર્ગ કાળમાં ચિત્ત વિશુદ્ધિવાળું બને છે, તેનાથી પ્રાયશ્ચિત્તકરણ થાય છે. પ્રાયશ્ચિત્ત-કરણ થવાથી ઉત્તરમાં કરાતો કાઉસ્સગ્ગ ઉત્તરીકરણરૂપ બને છે જેનાથી પાપકર્મનો વિનાશ થાય છે.

ગંભીર અર્થને કહેનારા ગણધરોથી રચિત ઉત્તમ એવાં સૂત્રોના પરમાર્થને જાણવા માટે યત્ન કરવો જોઈએ, જાણીને સ્થિર કરવા માટે યત્ન કરવો જોઈએ અને સ્વશક્તિ અનુસાર તે ભાવોને નિષ્પન્ન કરવા અર્થે વારંવાર પ્રસ્તુત સૂત્રના અર્થોનું ભાવન કરવું જોઈએ, જેથી દુષ્કર એવું પણ કાર્ય અભ્યાસના બળથી ઈર્યાપથના પ્રતિક્રમણકાળમાં કે અન્ય સ્થાને બોલાતા પ્રસ્તુત સૂત્રના કાળમાં તે પ્રકારના પ્રતિસંધાન દ્વારા ચિત્તની શુદ્ધિનું કારણ બને, જેના કારણે 'તસ્સ ઉત્તરી સૂત્ર' બોલીને ઉત્તરમાં કરાતો કાયોત્સર્ગ કંઈક કંઈક અંશથી પણ અવશ્ય ગુણનિષ્પત્તિ દ્વારા પાપકર્મોનો નાશ કરવા સમર્થ બને છે.

સામાન્યથી સૂત્રોના ઉચ્ચકરણકાળમાં, સૂત્રોના શબ્દો અને સૂત્રોના શબ્દોથી વાચ્ય અર્થના તાત્પર્ય સિવાય અન્ય કોઈ વિચારણા કરવાની નથી તેથી સૂત્રોના તે તે શબ્દને બોલવાના કાળમાં ઉપરમાં સ્પષ્ટીકરણ કર્યું તે પ્રકારે કોઈ વિચારણા કરી શકાય નહીં, પરંતુ શેષકાળમાં તે તે સૂત્રોના શબ્દોનું તાત્પર્ય ક્યાં વિશ્રાંત થાય છે ? તે જાણવા માટે યત્ન કરવામાં આવે અને વારંવાર તે તે શબ્દોનું તે તે તાત્પર્ય સાથે પ્રતિસંધાન કરવામાં આવે તો ગંભીર એવાં સૂત્રોનાં તે વચનો પ્રત્યે પણ વિવેકી પુરુષને રાગનો અતિશય થાય છે. તેથી કદાચ સૂત્રો બોલતી વખતે તે પ્રકારના વિશેષ ભાવો ઉલ્લસિત ન થાય કે તેને અભિમુખ કોઈ યત્ન થતો ન દેખાય, તોપણ સ્વશક્તિ અનુસાર તે તે સૂત્રની મુદ્રાઓમાં અને સૂત્રોના શબ્દોમાં ઉપયોગ રહેતો હોય અને ચિત્તમાં તે સૂત્રના ગંભીર ભાવોને નિષ્પન્ન કરવાની રુચિ વર્તતી હોય તો તે ક્રિયાથી પણ ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે સૂત્રના ગાંભીર્યને જાણીને વારંવાર તે ભાવોને સ્થિર કરવા ઉદ્યમ

કરવો જોઈએ જેથી આ ભવમાં તેવી શક્તિનો સંચય ન થાય તોપણ વિશુદ્ધ અનુષ્ઠાન કરવાની ઇચ્છાના સંસ્કારો જન્માંતરમાં સાથે આવે તો ફરી જન્માંતરમાં તે ક્રિયાનો અભ્યાસ કરીને પૂર્ણ વિશુદ્ધ ક્રિયા કરવાનું સામર્થ્ય અવશ્ય પ્રગટે છે. ॥૭॥

❖

## ૮. શ્રી અન્નત્થ (આગાર કાઉસ્સગ્ગ) સૂત્ર

**અવતરણિકા :-**

**યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા સર્વ મહાત્માઓ બાહ્ય આચરણાત્મક સર્વ ક્રિયાઓ કરે છે અને તે ક્રિયા દ્વારા અંતરંગ ભાવો નિષ્પન્ન કરવાનો યત્ન કરે છે. બાહ્ય ક્રિયાઓ જે પ્રમાણે પ્રતિજ્ઞા કરી હોય તે પ્રકારે સંપૂર્ણ પાલન થાય તેના માટે જે કોઈ પ્રતિજ્ઞા કરાય છે તે પ્રતિજ્ઞામાં કયા પ્રકારની બાહ્ય આચરણામાં તે પ્રકારનું પાલન અશક્ય છે ? તેને સામે રાખીને આગારો રાખવામાં આવે છે અર્થાત્ તે તે વિકલ્પોને છોડીને મારી પ્રતિજ્ઞા છે તેમ પ્રતિજ્ઞા કરાય છે. વળી, અંતરંગ પરિણામમાં આગારો નથી આથી જ સામાયિકના પરિણામમાં કોઈ આગાર નથી; કેમ કે સામાયિકનો પરિણામ જીવના સમભાવના પરિણામવાળો છે; તેવી રીતે અંતરંગ પરિણામરૂપ સમ્યગ્દર્શન પણ સુદેવ-સુગુરુ અને સુધર્મના શ્રદ્ધાન સ્વરૂપ છે તેથી તેના આગાર નથી પરંતુ સમ્યગ્દર્શનના પરિણામને દઢ કરવા અર્થે જે સમ્યક્ત્વના આચારો છે દા. ત. અન્યદર્શનના દેવ આદિને નમસ્કાર હું કરીશ નહીં તે આચારો આચરણારૂપ છે અને તે આચરણામાં બલાભિયોગ આદિને કારણે વિપરીત આચરણા કરવી પડે તોપણ પ્રતિજ્ઞા-ભંગ ન થાય તે માટે સમ્યક્ત્વના આચારોમાં આગારો ભગવાને બતાવ્યા છે. જેથી પ્રતિજ્ઞાના ગ્રહણને અનુરૂપ શુદ્ધ પ્રતિજ્ઞાનું પાલન થવાથી આત્મામાં આજ્ઞાપાલનને અનુકૂળ દઢ વીર્ય સંચય થાય છે.**

**આ રીતે પ્રસ્તુતમાં પણ તસ્સ ઉત્તરી સૂત્રથી શ્રાવક પ્રતિજ્ઞા કરે કે પાપકર્મના નાશ માટે હું કાઉસ્સગ્ગમાં રહું છું. તે પ્રતિજ્ઞા બાહ્ય કાયોત્સર્ગના આચરણા વિષયક છે, તેથી જે પ્રકારે પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે તે પ્રકારે તે પ્રતિજ્ઞાનું અણિશુદ્ધ પાલન થાય તદ્અર્થે 'અન્નત્થ' સૂત્રથી તેના આગારોને છોડીને કાયોત્સર્ગ કરવાની પ્રતિજ્ઞા કરાય છે. 'તસ્સ ઉત્તરી' સૂત્રથી હું કાઉસ્સગ્ગમાં રહું છું એ કથન કરેલું તે નજીકના ભવિષ્યને બતાવવા અર્થે વર્તમાનના અર્થમાં કહેલ હતું. તેથી તસ્સ ઉત્તરી બોલ્યા પછી તત્કાલ કાયોત્સર્ગમાં રહેવાતું નથી પરંતુ અન્નત્થ સૂત્ર બોલ્યા પછી તરત કાઉસ્સગ્ગ કરાય છે અને અન્નત્થ સૂત્ર બોલ્યા પછી તે પ્રતિજ્ઞા અનુસાર કાયોત્સર્ગ મુદ્રામાં રહીને અપેક્ષિત શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરાય છે. સૂત્રનો અર્થ આ પ્રમાણે છે –**

**સૂત્ર :-**

**અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ ॥૧॥**

**સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ॥૨॥**

**એવમાઈએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥**

**જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં, ન પારેમિ ॥૪॥**

**તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**ઉચ્છ્વાસ લેવાથી, નિઃશ્વાસ લેવાથી, ખાંસી આવવાથી, છીંક આવવાથી, બગાસું આવવાથી, ઓડકાર આવવાથી, વાયુના નિસર્ગથી=વાછૂટથી, ભમરીથી, પિત્તની મૂર્ચ્છાથી, સૂક્ષ્મ અંગસંચારથી, સૂક્ષ્મ શ્લેષ્મ સંચારથી, સૂક્ષ્મ દૃષ્ટિસંચારથી એ વગેરે આગારોથી અન્યત્ર=એ આગારોને છોડીને અભગ્ન, અવિરાધિત મારો કાઉસ્સગ્ગ થાઓ.**

ક્યાં સુધી કાઉસ્સગ્ગ થાઓ ? તેથી કહે છે –

**જ્યાં સુધી અરિહંત ભગવંતોના નમસ્કારથી હું પારું નહીં ત્યાં સુધી કાયાના સ્થાનથી=સ્થિર રાખવાથી, મૌન રાખવાથી=વચનપ્રયોગ રહિત રહેવાથી, અને મનને ધ્યાનમાં સ્થિર રાખવાથી હું આત્માને વોસિરાવું છું અર્થાત્ કાયાને સ્થિર રાખવાની ક્રિયા સિવાય કોઈ કાયાની ક્રિયા કરીશ નહીં. વચનથી સૂત્રના ઉચ્ચારણથી અન્યત્ર મૌન રાખવાની ક્રિયા સિવાય કોઈ વચનપ્રયોગ કરીશ નહીં. અને કાયોત્સર્ગ કાળમાં શુભધ્યાનથી મનને પ્રવર્તાવવા સિવાય અન્ય કોઈ વિચાર કરીશ નહીં તે રીતે હું મારા આત્માને વોસિરાવું છું. અર્થાત્ મનથી-વચનથી-કાયાથી અન્ય ક્રિયાઓમાં અપ્રવૃત્ત થાય તેવા મારા આત્માને કરું છું. ॥૧-૫॥**

**ભાવાર્થ :-**

કાઉસ્સગ્ગકાળમાં ચિત્તને બોલાતાં સૂત્રો ને અર્થોમાં સ્થિર કરવા અર્થે મહાત્માઓ કાયોત્સર્ગમુદ્રાથી ઊભા રહીને કાઉસ્સગ્ગ કરે છે અને તથાપ્રકારની શક્તિ ન હોય તો બેસીને કાઉસ્સગ્ગ કરે છે. તે વખતે સૂક્ષ્મ પણ કાયિક આદિ ચેષ્ટાઓમાં વારંવાર ચિત્ત જાય તો સૂત્ર અને અર્થમાં દૃઢ યત્ન થઈ શકે નહીં. તેથી કાઉસ્સગ્ગ લેતી વખતે પ્રતિજ્ઞા કરે છે કે કાયાને હું સ્થિર રાખીશ, વચનથી મૌનને ધારણ કરીશ અને મન દ્વારા કાઉસ્સગ્ગમાં ચિંતવન કરાતા સૂત્રના અર્થ સાથે એકાગ્રતા કરવા હું યત્ન કરીશ. તે પ્રવૃત્તિ સિવાયના મારા આત્માને કાઉસ્સગ્ગકાળની મર્યાદા સુધી હું વોસિરાવું છું અને તે મર્યાદા પૂર્ણ થશે ત્યારે નમો અરિહંતાણં શબ્દ બોલવા દ્વારા અરિહંત ભગવંતને હું નમસ્કાર કરીને કાઉસ્સગ્ગને પારીશ.

આ કાઉસ્સગ્ગની ક્રિયા દરમ્યાન કેટલાક શરીરના ધર્મો સ્વાભાવિક છે કે જેનો પરિહાર થઈ શકે નહીં, જેના આગાર રાખવામાં ન આવે તો સ્થાન, મૌન અને ધ્યાન દ્વારા હું આત્માને વોસિરાવું છું તેમ કહ્યા પછી શરીરની તેવી ઉચ્છ્વાસ આદિ ક્રિયાઓ થાય તો લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ થાય. તેથી પોતાના કાઉસ્સગ્ગને સંપૂર્ણ અભગ્ન રાખવા માટે અને પોતાના કાયોત્સર્ગને અવિરાધિત રાખવા માટે પ્રસ્તુત સૂત્રમાં અભિલાષ કરાય છે કે ઉચ્છ્વાસ આદિ આગારોને છોડીને મારો કાઉસ્સગ્ગ અભગ્ન અને અવિરાધિત થાય.

પ્રસ્તુતમાં અભગ્ન કહેવાથી પ્રતિજ્ઞાને અનુકૂળ આગારો સિવાય કાંઈ સ્ખલના કરવામાં આવે તો ભગ્ન કહેવાય અને જે સૂત્રોને બોલીને જે અર્થોથી આત્માને ભાવિત કરવું છે તે પ્રકારે શક્તિ અનુસાર યત્ન ન કરવામાં આવે તો તે કાઉસ્સગ્ગ વિરાધિત કહેવાય. તેથી પ્રતિજ્ઞાના ભંગના નિવારણ અર્થે અને શક્તિને ગોપવ્યા વગર સૂત્રમાં અને અર્થમાં યત્ન કરીને વિરાધનાના પરિત્યાગ અર્થે સૂત્રમાં અભિલાષ કરાય છે કે મારો કાઉસ્સગ્ગ અભગ્ન અને અવિરાધિત થાઓ. આ પ્રકારના સંકલ્પના બળથી ઉલ્લસિત થયેલ વીર્યના અવલંબનથી મહાત્માઓ પોતાના કાઉસ્સગ્ગને અભગ્ન અને અવિરાધિત કરવા માટે શક્ય યત્ન કરે છે.

આ આગારોમાંથી ઉચ્છ્વાસ-નિઃશ્વાસરૂપ જે આગારો છે તેનો હઠયોગ દ્વારા નિરોધ કરવામાં આવે તો શરીરની વિકૃતિ આદિ થવાનો સંભવ છે, દુર્ધ્યાન થવાનો સંભવ છે, માટે ઉચ્છ્વાસ, નિઃશ્વાસનો રોધ કરવો જોઈએ નહીં તેવી ભગવાનની આજ્ઞા છે; છતાં શરીરને શિથિલ કરીને ઉચ્છ્વાસ-નિઃશ્વાસ મંદ-મંદ પ્રવર્તે તેવા પ્રયત્ન કરવો જોઈએ. વળી રોગાદિને કારણે ઉધરસ આવે, છીંક આવે, બગાસું આવે, ઓડકાર આવે અને વાછૂટ થાય તેનો નિરોધ કરવામાં આવે તો દેહની વિકૃતિ થવાનો સંભવ રહે તેથી તેને આગારરૂપે ગ્રહણ કરેલ છે. વળી કોઈક રોગાદિને કારણે ચક્કર આવે કે પિત્તનો પ્રકોપ થાય તો તેનો પરિહાર કરવો અશક્ય છે, તેથી તેના કારણે કાયોત્સર્ગમુદ્રાથી પાત થાય તોપણ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય. તે માટે તેના આગારો રાખવામાં આવે છે.

વળી સૂક્ષ્મ અંગસંચાર, સૂક્ષ્મશ્લેષ્મ સંચાર કે સૂક્ષ્મ દૃષ્ટિસંચાર નિવારવા અશક્ય છે, તેથી તેના કારણે પણ પ્રતિજ્ઞાનો ભંગ ન થાય માટે તેને આગારથી ગ્રહણ કરાયેલ છે. અહીં 'આદિ' પદથી અગ્નિ આદિ કોઈ ઉપસર્ગો આવે અને તેના કારણે કાઉસ્સગ્ગમાં જ સ્થાનાંતરમાં જવું પડે તોપણ પચ્ચક્ખાણનો ભંગ ન થાય તેના માટે તે આગારોનો સંગ્રહ કરેલ છે.

આ રીતે પ્રસ્તુત સૂત્રથી આગારોના સ્મરણપૂર્વક અભગ્ન અવિરાધિત કાઉસ્સગ્ગ કરવાની અભિલાષાપૂર્વક જ્યાં સુધી નમસ્કાર દ્વારા પોતે કાઉસ્સગ્ગ ન પારે ત્યાં સુધી સ્થાન-મૌન-ધ્યાનપૂર્વક કાયાને વોસિરાવવાની પ્રતિજ્ઞા કરાય છે જે પ્રતિજ્ઞા અનુસાર ઉત્તરમાં જે જે કાયોત્સર્ગ જેટલા જેટલા શ્વાસોચ્છ્વાસ પ્રમાણ શાસ્ત્રમાં વિહિત હોય તેટલા તેટલા શ્વાસોચ્છ્વાસ પ્રમાણ શુભ ચિંતવન કરીને જ નમસ્કાર દ્વારા તે કાયોત્સર્ગ પારી શકાય છે. તેના પૂર્વે નમસ્કારથી પાળવામાં આવે તોપણ પ્રતિજ્ઞાનો ભંગ થાય છે. **॥૮॥**

❖

# ૯. શ્રી લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

**અવતરણિકા :-**

ભગવાનના ચારેય નિક્ષેપા પૂજ્ય છે તેથી ભગવાનના નામનું સ્મરણ કરવાથી નામનિક્ષેપાની ઉપાસના થાય છે. ભગવાનની મૂર્તિની પૂજા કરવાથી સ્થાપનાનિક્ષેપાની ઉપાસના થાય છે. છદ્મસ્થ અવસ્થામાં વિચરતા ભગવાનની ઉપાસના કરવાથી દ્રવ્યતીર્થંકરની ઉપાસના થાય છે અને કેવલી અવસ્થામાં વિચરતા તીર્થંકરની ઉપાસના કરવાથી ભાવનિક્ષેપાની ઉપાસના થાય છે.

ભાવનિક્ષેપા સાથે સંબદ્ધ એવા ભગવાનના નામનું સ્મરણ કરીને નામનિક્ષેપાની ઉપાસના દ્વારા પણ તે ઉપાસના અર્થથી ભાવતીર્થંકરની જ થાય છે. જેટલા સૂક્ષ્મ બોધપૂર્વક અને જેટલા દૃઢ પ્રણિધાનપૂર્વક ભાવતીર્થંકરની ઉપાસના કરવામાં આવે તે પ્રમાણે ભાવનો પ્રકર્ષ થાય છે. પ્રકર્ષને પામીને આ ભાવ તીર્થંકર તુલ્ય થવાનું કારણ છે. માટે શ્રાવક કે સાધુ 'ચતુર્વિંશતિ સ્તવ' સૂત્ર પ્રસંગે પ્રસંગે બોલે છે. પ્રસ્તુત સૂત્રમાં ચોવીસે તીર્થંકરોના નામની સ્તવના કરવામાં આવે છે. તેથી 'ચતુર્વિંશતિજિન નામસ્તવ' એ પ્રકારનું પ્રસ્તુત સૂત્રનું નામ છે –

**સૂત્ર :-**

**લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;**
**અરિહંતે કિત્તઇસ્સં, ચઉવીસંપિ કેવલી ॥૧॥**

**સૂત્રાર્થ :-**

લોકના ઉદ્યોત કરનારા ધર્મતીર્થંકરો=ધર્મના તીર્થને કરનારા, જિન અરિહંત ચોવીસે પણ કેવલીઓનું=તીર્થંકરોનું, હું કીર્તન કરીશ. ॥૧॥

**સૂત્ર :-**

**ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ;**
**પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥**

**સૂત્રાર્થ :-**

ઋષભ અને અજિતનાથને હું વંદન કરું છું. સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વજિન અને ચંદ્રપ્રભને હું વંદન કરું છું. ॥૨॥

**સૂત્ર :-**

**સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ-સિજ્જંસ-વાસુપૂજ્જં ચ;**
**વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥**

સૂત્રાર્થ :-

સુવિધિ (બીજું નામ) પુષ્પદંત, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંતજિન, ધર્મ અને શાંતિ જિનને હું વંદન કરું છું. ।।૩।।

સૂત્ર :-

કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ;
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ।।૪।।

સૂત્રાર્થ :-

કુંથુ, અર, મલ્લિને હું વંદન કરું છું. મુનિસુવ્રત, નમિજિન, અરિષ્ટનેમિ, પાર્શ્વ અને વર્ધમાનને હું વંદન કરું છું. ।।૪।।

સૂત્ર :-

એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા;
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ।।૫।।

સૂત્રાર્થ :-

આ રીતે મારા વડે સ્તુતિ કરાયેલા, રજમલ વગરના, જરા-મરણથી રહિત ચોવીસે પણ જિનેશ્વરો-તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો. ।।૫।।

સૂત્ર :-

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા;
આરુગ્ગ-બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।૬।।

સૂત્રાર્થ :-

કીર્તન કરાયેલા, વંદન કરાયેલા, પૂજાયેલા, લોકના જે ઉત્તમ સિદ્ધો તેઓ આરોગ્ય અને બોધિલાભ અને ઉત્તમ વર સમાધિ આપો=ઉત્તમ વર સમાધિ મને આપો. ।।૬।।

સૂત્ર :-

ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।।૭।।

સૂત્રાર્થ :-

ચંદ્રથી પણ નિર્મલતર, સૂર્યથી પણ અધિક પ્રકાશને કરનારા, સાગર વર ગંભીર=સર્વ સાગરોમાં શ્રેષ્ઠ એવા સ્વયંભૂરમણસમુદ્ર જેવા ગંભીર સિદ્ધ ભગવંતો મને સિદ્ધિને આપો. ।।૭।।

**ભાવાર્થ :-**

**લોકઉદ્યોતકર :-**

લોક શબ્દથી ધર્માસ્તિકાય આદિ પાંચેય દ્રવ્યોનો સમૂહ ગ્રહણ થાય છે. તેથી લોકાકાશમાં રહેલા સર્વ પદાર્થોને અને અલોકાકાશને ઉદ્યોત કરનારા તીર્થંકરો છે. તેથી એ પ્રાપ્ત થાય કે ચોવીસે તીર્થંકરો લોકના અને અલોકના પૂર્ણ સ્વરૂપને કેવલજ્ઞાનથી સાક્ષાત્ જુએ છે અને શબ્દની મર્યાદાથી જીવોને તેમની શક્તિ અનુસાર બોધ કરાવે છે. આથી જ તીર્થંકરો શબ્દની મર્યાદાથી જેટલો બોધ કરાવી શકાય તેટલો પ્રકૃષ્ટ બોધ ગણધરોને કરાવી શકે છે. અન્ય જીવોને તેમની બોધ કરવાની શક્તિ અનુસાર બોધ કરાવે છે. જે બોધના બળથી લોક-અલોકનું સ્વરૂપ સ્વભૂમિકા અનુસાર જાણીને યોગ્ય જીવો હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરી શકે છે.

**ધર્મતીર્થંકર :-**

વળી તે ચોવીસે તીર્થંકરો ધર્મતીર્થને કરનારા છે. તેથી એ પ્રાપ્ત થાય કે લોક-અલોકના સ્વરૂપને જાણીને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરવા માટે ધર્મતીર્થ આલંબનરૂપ છે. આ ધર્મતીર્થ તીર્થંકરો ગણધરની સ્થાપના દ્વારા કે ચતુર્વિધ સંઘની સ્થાપના દ્વારા કરે છે. તેથી તે ચતુર્વિધ સંઘના આલંબનથી યોગ્ય જીવો ધર્મનું સમ્યક્ સેવન કરીને આત્મહિત સાધી શકે છે. આવા ધર્મતીર્થને કરનારા ચોવીસે તીર્થંકરો છે.

**અરિહંત જિન કેવલી :-**

વળી, તે ચોવીસે તીર્થંકરોએ મોહને જીત્યો છે, તેથી તેઓ જિન છે. વળી અરિહંત છે=આત્માના શત્રુભૂત ચારેય ઘાતિકર્મોનો નાશ કર્યો છે માટે અરિહંત છે. આ રીતે ચોવીસે જિનોનું સ્વરૂપ લોકના ઉદ્યોતકર, ધર્મના તીર્થને કરનારા જિન અને અરિહંતરૂપે ઉપસ્થિત કરીને સૂત્ર બોલનાર પ્રતિજ્ઞા કરે છે કે આવા ચોવીસે જિન એવા કેવલીનું હું કીર્તન કરીશ. અર્થાત્ આવા ગુણોવાળા એવા તીર્થંકરોનું નામસ્મરણપૂર્વક તેઓ પ્રત્યે ભક્તિનો પરિણામ વૃદ્ધિ થાય તે રીતે તેઓનું હું સ્મરણ કરીશ.

આ પ્રકારની પ્રતિજ્ઞા કર્યા પછી ચોવીસે તીર્થંકરોના નામસ્મરણપૂર્વક તેઓને વંદનની ક્રિયા કરે છે. જે વંદનની ક્રિયા ૩ ગાથા દ્વારા ૨૪ તીર્થંકરોનું નામ સ્મરણ કરીને કરવામાં આવેલ છે. તે ત્રણ ગાથામાં હું વંદન કરું છું એ પ્રકારનું ફરી-ફરીને ઉચ્ચારણ છે તે વંદનની ક્રિયા પ્રત્યે ભાવનો પ્રકર્ષ કરવા અર્થે છે.

આ રીતે ૩ ગાથા દ્વારા ચોવીસે તીર્થંકરોનું નામકીર્તન કર્યા પછી વિશેષ પ્રકારના ભાવના પ્રકર્ષ અર્થે તે ચોવીસે તીર્થંકરોને વિજ્ઞપ્તિરૂપે કહે છે –

આ રીતે મારા વડે સ્તુતિ કરાયેલા=પ્રથમ ગાથામાં ૨૪ તીર્થંકરોનું સંક્ષેપથી સ્વરૂપ ઉપસ્થિત કર્યું ત્યારબાદ ૩ ગાથામાં ચોવીસે તીર્થંકરોના નામગ્રહણથી વંદન કર્યું તે રીતે મારા વડે સ્તુતિ કરાયેલા, ૨૪ તીર્થંકરો છે. વળી તેઓ કર્મરૂપી રજ અને ઘાતિકર્મરૂપી મલ તેનાથી રહિત છે અને જન્મ-મરણથી રહિત છે.

આ પ્રકારે ઉપસ્થિત કરવાથી તેઓની સિદ્ધઅવસ્થાની ઉપસ્થિતિ થાય છે; કેમ કે સિદ્ધઅવસ્થામાં સર્વ તીર્થંકરો સંપૂર્ણ કર્મ રહિત છે અને જરા-મરણથી રહિત છે. આવા ચોવીસે તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો એ પ્રકારનો અભિલાષ કરીને તેઓએ બતાવેલો સન્માર્ગ પોતાને અત્યંત પરિણામ પામે તેવો અભિલાષ કરાય છે; કેમ કે તીર્થંકરોનું વચન જેટલા જેટલા અંશમાં પરિણમન પામે તેટલા અંશમાં તીર્થંકરોનો તે જીવ પ્રત્યે પ્રસાદ છે. તેથી જીવની યોગ્યતા અનુસાર જ તીર્થંકરો પ્રસાદ કરી શકે છે. ચોવીસે તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો તેમ કહીને વિવેકસંપન્ન મહાત્મા તીર્થંકરના પ્રસાદને ઝીલવાની પોતાની યોગ્યતાને પૂર્ણરૂપે સ્ફુરાયમાન કરવા અર્થે યત્ન કરે છે, જેથી તીર્થંકરોનું વચન પોતાને પોતાની શક્તિ અનુસાર પરિણમન પામે અને જો તીર્થંકરનું વચન પોતાની શક્તિ અનુસાર પરિણમન પામે તો જ પોતાને સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય.

આ રીતે તીર્થંકરના પ્રસાદની અભિલાષા કર્યા પછી કલ્યાણ માટે અતિ આવશ્યક એવા પદાર્થો ભગવાનના પ્રસાદથી પોતાને મળે તે અર્થે ભગવાનને પ્રાર્થના કરે છે કે મારા વડે કીર્તન કરાયેલા, મારા વડે વંદન કરાયેલા, અને મારા વડે પૂજા કરાયેલા એવા તમે જે લોકના ઉત્તમ સિદ્ધ છો તેઓ મને ભાવઆરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ શ્રેષ્ઠ સમાધિ આપો.

આ પ્રકારે કહેવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન કીર્તન આદિ કરાયા વગર પ્રાર્થના કરાયા નથી, પરંતુ પ્રથમ તેઓના ગુણનું કીર્તન કરાયું છે, ત્યારપછી તેઓને વંદન કરાયેલ છે અને ભક્તિથી તેઓનું પૂજન કરાયું છે. આવા ચોવીસે તીર્થંકરો લોકના ઉત્તમ સિદ્ધો છે અર્થાત્ જેમનાં સર્વ કાર્યો સિદ્ધ થયાં છે એવા પૂર્ણ શુદ્ધ-અવસ્થાને પામેલા છે. આવા તીર્થંકરો પાસે પોતે પ્રાર્થના કરે છે કે મને પણ તમારા જેવું ભાવઆરોગ્ય આપો. વળી ભાવઆરોગ્યની પ્રાપ્તિમાં પ્રબળ કારણભૂત એવું નિર્મલ કોટીનું સમ્યગ્દર્શન આપો અને ચિત્તની પૂર્ણ સ્વસ્થતારૂપ ઉત્તમ સમાધિ આપો જેથી સુખપૂર્વક હું પણ મોહનો જય કરવા સમર્થ બનું.

ઉત્તમ શ્રેષ્ઠ સમાધિ કહેવાથી એ પ્રાપ્ત થાય કે પુણ્યથી મળેલી સામગ્રીથી જે ચિત્તની સ્વસ્થતા થાય છે તે સમાધિ તેવી શ્રેષ્ઠ નથી. પરંતુ મોહથી ચિત્ત અનાકુલ વર્તે તેવી સમાધિ શ્રેષ્ઠ સમાધિ છે. તે પણ શક્તિના પ્રકર્ષવાળી પ્રાપ્ત થાય તો તે ઉત્તમ સમાધિ છે અને એવી ઉત્તમ સમાધિ મને આપો. જોકે સાક્ષાત્ તીર્થંકરો કાંઈ આપતા નથી તોપણ ભાવઆરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ શ્રેષ્ઠ સમાધિ પ્રત્યે પોતાનો પક્ષપાત આ પ્રકારે પ્રાર્થના કરવાથી વિશેષ થાય છે, જે પક્ષપાતવિશેષ જ જિનની પ્રાર્થનાના અવલંબનથી તે ભાવની પ્રાપ્તિમાં પ્રબળ કારણ બને છે.

આટલું માંગવા છતાં પણ તીર્થંકરો પાસે માંગવામાં સંતોષ થતો નથી તેથી અત્યંત ભાવવૃદ્ધિ અર્થે ભગવાનની સિદ્ધઅવસ્થાને સ્મૃતિમાં રાખીને તેમના જેવી સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ અર્થે અંતિમ ગાથામાં કહે છે –

સિદ્ધઅવસ્થાને પામેલા તીર્થંકરો ચંદ્રથી પણ નિર્મળતર છે, સૂર્યથી પણ અધિક પ્રકાશને કરનાર છે અને સ્વયંભૂરમણસમુદ્રથી પણ અતિગંભીર છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ ચંદ્ર શીતલતાને દેનાર છે તેમ સિદ્ધઅવસ્થાનું આત્માનું નિર્મળ સ્વરૂપ તેની ઉપાસના કરનાર મહાત્માઓને શીતલતાને આપનારું છે. વળી ચંદ્રની જે નિર્મળતા છે તેના કરતાં પણ અધિક નિર્મળતા સિદ્ધ ભગવંતોમાં છે; કેમ કે ચંદ્રમાં જે શીતલતાને દેનારી નિર્મળતા છે તે પુદ્ગલના પરિણામવિશેષરૂપ છે જ્યારે સિદ્ધ ભગવંતોની નિર્મળતા સર્વ કર્મના નાશથી થયેલી જીવની સ્વભાવભૂત પરિણતિસ્વરૂપ છે.

વળી, સિદ્ધ ભગવંતો સૂર્ય કરતાં પણ અધિક પ્રકાશને કરનારા છે; કેમ કે સૂર્ય પ્રકાશનાં કિરણો દ્વારા પરિમિત લોકને પ્રકાશિત કરે છે જ્યારે ભગવાન તો કેવલજ્ઞાનના પ્રકાશ દ્વારા લોકાલોકનું પ્રકાશન કરનારા છે.

વળી સાગર ઘણો ગંભીર હોય છે, તેમાં પણ સ્વયંભૂરમણસમુદ્ર શ્રેષ્ઠ સાગર છે અર્થાત્ સૌથી મોટો સાગર છે અને તે અતિગંભીર છે તે રીતે સિદ્ધ ભગવંતો પોતાના મૂળ સ્વરૂપમાં અત્યંત સ્થિર ભાવવાળા છે તેથી જેમ સાગરનું ગાંભીર્ય જાણવું અતિદુષ્કર છે તેમ સિદ્ધ ભગવંતોનું પારમાર્થિક પરમ સ્થૈર્યરૂપ સ્વરૂપ અતિગંભીર છે. પ્રાજ્ઞ પુરુષો પણ તેમની બુદ્ધિ અનુસાર તેના ગાંભીર્યને કાંઈક અંશમાત્રમાં જ જાણી શકે છે. આવા ગંભીર ભાવોવાળા સિદ્ધ ભગવંતો મને તેમના તુલ્ય સિદ્ધિને આપો.

આ પ્રકારે સિદ્ધઅવસ્થાના ગુણોની સ્મૃતિપૂર્વક તે અવસ્થાની પ્રાપ્તિનો તીવ્ર અભિલાષ કરાય છે, જેથી સુખપૂર્વક પરિમિત ભવોમાં પોતે સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ કરી શકે છે. **॥૯॥**

❖

# ૧૦. શ્રી કરેમિ ભંતે (સામાયિક) સૂત્ર

**અવતરણિકા :-**

**સામાયિક જીવનો પરિણામ છે. જગતના સર્વ ભાવો પ્રત્યે સમાન પરિણામ એ સામાયિકનો પરિણામ છે. ક્ષપકશ્રેણિમાં પૂર્ણ સ્વરૂપવાળા સામાયિકનો પરિણામ પ્રગટ કરવાનો પ્રારંભ થાય છે અને વીતરાગ અવસ્થામાં તે પરિણામ સ્થિર થાય છે, જેથી વીતરાગને જગતના કોઈ પદાર્થને અવલંબીને તે પદાર્થના જ્ઞાનથી અતિરિક્ત કોઈ પરિણામ થતો નથી. માત્ર જીવનો જ્ઞાન સ્વભાવ હોવાથી જ્ઞેય પદાર્થો જે આકારે રહેલા હોય તે સ્વરૂપે દેખાય છે પરંતુ જ્ઞાનના વિષયભૂત જ્ઞેય પદાર્થને અવલંબીને પોતાના આત્મામાં સંશ્લેષનો કોઈ પરિણામ થતો નથી.**

**સર્વ પદાર્થો પ્રત્યે સમાન પરિણામરૂપ રાગ-દ્વેષના સ્પર્શ વગરનો જીવનો પરિણામ સામાયિક છે. આ પરિણામ જીવની સ્વસ્થ અવસ્થારૂપ હોવાથી સુખાત્મક છે. બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષ વગરનો હોવાથી સંશ્લેષના પરિણામને કારણે જે કર્મબંધ થાય છે તે કર્મબંધનો અભાવ સામાયિકના પરિણામને કારણે થાય છે.**

વીતરાગત્વ અને ક્ષપકશ્રેણિના પ્રગટીકરણ પૂર્વે ભાવસાધુને વીતરાગ અવસ્થા તુલ્ય થવા માટેના અભ્યાસરૂપ સામાયિકનો પરિણામ હોય છે. તેથી ભાવસાધુ વીતરાગના વચનના દૃઢ અવલંબનપૂર્વક સામાયિકના પરિણામ પ્રત્યે રાગને સ્થિર કરે છે. સામાયિક પ્રત્યેનો રાગ હોવાથી સામાયિકની નિષ્પત્તિના ઉપાયરૂપ વીતરાગના વચનને અવલંબીને સર્વ સ્વાધ્યાય આદિ ઉચિત ક્રિયા કરે છે. આ ક્રિયાના બળથી મુનિનો રાગનો પરિણામ ઉપયોગરૂપે સમભાવ અને સમભાવના ઉપાયો સિવાય અન્યત્ર જતો નથી.

પોતાના પરિણામમાં કોઈક નિમિત્તે સમભાવના રાગનો પરિણામ સ્ખલના પામે તો સુસાધુને તે સ્ખલના પ્રત્યે દ્વેષ થાય છે. વળી, જગતના બાહ્ય સર્વ પદાર્થો અને પોતાના દેહ પ્રત્યે કે ઉપકરણ પ્રત્યે પણ રાગ ન થાય, દ્વેષ ન થાય તે રીતે સતત માનસિક ક્રિયાઓ સુસાધુ કરે છે. આથી જ શરીરને અશાતા થાય ત્યારે પણ અશાતાનો દ્વેષ ન થાય તે રીતે જ તે અશાતાની ઉપેક્ષા સુસાધુ કરે છે અને સમભાવની વૃદ્ધિને અનુકૂળ યત્નમાં તે અશાતા બાધક થાય ત્યારે સમભાવ પ્રત્યેના રાગથી જ અને અસમભાવ પ્રત્યેના દ્વેષથી જ તે અશાતાને દૂર કરવાનો પ્રયત્ન મહાત્માઓ કરે છે. આમ છતાં, અશાતા પ્રત્યે દ્વેષ થાય તો સમભાવમાં મલિનતા થાય છે અને મહાત્મા સાવધાન ન થાય તો તે અશાતાનો દ્વેષ તે મહાત્માના ચારિત્રનો પણ નાશ કરે છે.

આનાથી એ ફલિત થાય કે પાંચેય ઇન્દ્રિયોના વિષયો, શરીર કે અન્ય કોઈ જીવોને આશ્રયીને આત્માનો કોઈ પરિણામ ન થાય તેમજ સિદ્ધઅવસ્થા અને સિદ્ધઅવસ્થાના ઉપાયરૂપ વીતરાગ અવસ્થા અને વીતરાગ અવસ્થાના ઉપાયરૂપ સંયમની ઉચિત આચરણાના દૃઢ રાગને ધારણ કરીને જે મહાત્માઓ સમભાવમાં રાગ ધારણ કરીને સમભાવની વૃદ્ધિમાં યત્ન કરે છે તેઓ ભાવચારિત્રી છે. આવા મહાત્માઓ બાહ્ય નિમિત્તોને પામીને પોતાને રતિનો કે અરતિનો પરિણામ ન થાય તેવો દૃઢ ઉદ્યમ કરે છે. તેથી નિમિત્તો પ્રમાણે ભાવ થવાને બદલે નિમિત્તો પ્રત્યેનો ઉપેક્ષાનો પરિણામ તે મહાત્મામાં વર્તે છે, તેથી જગતના ભાવો પ્રત્યેના અસંશ્લેષના પરિણામમાં રાગ અને જગતના ભાવો પ્રત્યેના સંશ્લેષના પરિણામમાં દ્વેષ એ અભ્યાસરૂપ સમભાવનો પરિણામ છે જે ભાવચારિત્રરૂપ છે.

આથી જ સાધુ જાવજ્જીવ સુધી તેવો પરિણામ કરીને સમભાવના પ્રકર્ષની પ્રાપ્તિ અર્થે આજીવન ઉદ્યમ કરે છે. વળી જે શ્રાવકોને ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપનો બોધ છે અને ભાવસાધુમાં વર્તતા સામાયિકના પરિણામની ઉત્કટ ઇચ્છા છે; છતાં દેહ પ્રત્યે કંઈક મમત્વ છે, કંઈક શાતાના અર્થી છે, કંઈક ભોગાદિના પણ અર્થી છે; છતાં તે ભોગની વૃત્તિનો ઉચ્છેદ કરીને અને દેહની શાતા પ્રત્યે ઉપેક્ષા કેળવીને કેટલોક કાળ સામાયિકના પરિણામને ધારણ કરવા અર્થે જેઓ સામાયિક કરે છે તેઓનો સામાયિકનો પરિણામ સર્વવિરતિસામાયિકના અભિમુખ ભાવવાળો છે; છતાં શ્રાવક તે પ્રકારનો યત્ન જાવજ્જીવ સુધી કરવાની શક્તિવાળા નથી. તેથી તે સામાયિકના અવધિકાળ પછી હું ભોગાદિ કરીશ તેવો સુષુપ્ત પરિણામ સામાયિકકાળમાં પણ વર્તે છે. આથી જ શ્રાવક દ્વિવિધ-ત્રિવિધનું

પ્રત્યાખ્યાન કરે છે. તેથી સર્વવિરતિસામાયિક કરતાં કંઈક ન્યૂન ભૂમિકાવાળું છતાં સર્વવિરતિસામાયિકને અભિમુખ પરિણામવાળું શ્રાવકનું સામાયિક છે. તે વખતે શ્રાવક સામાયિકના પરિણામની ધુરાને વહન કરવા અર્થે જે પ્રતિજ્ઞા કરે છે, તે પ્રસ્તુત સામાયિકસૂત્રથી કહે છે –

**સૂત્ર :-**

**કરેમિ ભંતે ! સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચક્ખામિ, જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**હે ભદંત ! હું સામાયિક કરું છું.**

કઈ રીતે સામાયિક કરું છું ? તેથી કહે છે –

**સાવધ યોગનું પચ્ચક્ખાણ કરું છું.**

કઈ મર્યાદાથી સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરું છું ? તેથી કહે છે –

**જ્યાં સુધી નિયમની=કાલાવધિની, હું પર્યુપાસના કરું છું ત્યાં સુધી સાવધ યોગનું પચ્ચક્ખાણ કરું છું, એમ અન્વય છે.**

કઈ રીતે પચ્ચક્ખાણ કરું છું ? તેથી કહે છે –

**દ્વિવિધ-ત્રિવિધથી હું પચ્ચક્ખાણ કરું છું.**

તે દ્વિવિધ-ત્રિવિધ જ સ્પષ્ટ કરે છે –

**મનથી વચનથી કાયાથી પચ્ચક્ખાણ કરવારૂપ ત્રિવિધથી, અને કરું નહીં અને કરાવું નહીં તે રૂપ દ્વિવિધથી પચ્ચક્ખાણ કરું છું.**

આ રીતે પ્રતિજ્ઞા કર્યા પછી ફરી ગુરુને સંબોધીને કહે છે –

**હે ભદંત ! તેનું=પૂર્વમાં કરાયેલા સાવધ યોગનું, હું પ્રતિક્રમણ કરું છું.**

કઈ રીતે પ્રતિક્રમણ કરું છું ? તેથી કહે છું –

**હું નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા સાવધ યોગવાળા મારા આત્માને હું વોસિરાવું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

'ભંતે' શબ્દથી ગુરુને સંબોધન કરાય છે અને ગુરુ કેવા સ્વરૂપવાળા છે તેની ઉપસ્થિતિ કરવા માટે ભંતેના ૩ અર્થો કરાય છે – (૧) ભદંત (૨) ભયાંત અને (૩) ભવાંત.

તેથી એ પ્રાપ્ત થાય કે ગુરુ ભદંત છે=કલ્યાણને કરાવનારા છે.

ત્યાં જિજ્ઞાસા થાય કે ગુરુ કઈ રીતે કલ્યાણને કરાવનારા છે ? તેથી કહે છે –

ગુણવાન ગુરુ મને જિનવચન અનુસાર યથાર્થ બોધ દ્વારા યથાર્થ કલ્યાણ કરાવનારા છે. આવા કલ્યાણના કરાવનારા ગુરુના પારતંત્ર્યને સ્વીકારીને હું સામાયિક કરું છું. જેથી તેવા ગુણવાન ગુરુના વચનાનુસાર પ્રયત્ન કરીને સામાયિકના સમ્યક્ ફળને હું પ્રાપ્ત કરીશ તે પ્રકારની ઉપસ્થિતિ 'ભદંત' શબ્દથી થાય છે.

વળી 'ભંતે' શબ્દ 'ભવાંત' અર્થમાં પણ છે, તેથી ગુણવાન ગુરુ ભવનો અંત કરાવનારા છે. માટે જો હું તેમને પરતંત્ર થઈને કૃત્ય કરીશ તો ચાર ગતિના પરિભ્રમણરૂપ જે મારા ભવો છે તેનો અંત તે ગુણવાન ગુરુના પારતંત્ર્યથી અવશ્ય થશે; કેમ કે ગુણવાન ગુરુ ઉચિત અનુશાસન આપીને યોગ્ય જીવને ભવના અંતને અનુકૂળ પરિણામો કરાવીને શિષ્યના ભવના અંતને કરાવનારા છે.

વળી 'ભંતે'નો અર્થ 'ભયાંત' પણ થાય છે. સંસારવર્તી જીવો કર્મને પરવશ હોવાથી સદા ભયની વચમાં છે. સાતેય પ્રકારના ભયોથી સંસારી જીવોનું જીવન વ્યાપ્ત છે. જિનવચનાનુસાર સંસારી જીવો પ્રવૃત્તિ કરી શકે તો ભયનો નાશ થવાનો પ્રયત્ન થાય છે. સિદ્ધઅવસ્થામાં જીવ ભયનો પૂર્ણ નાશ કરે છે. ગુણવાન ગુરુ યોગ્ય શિષ્યને ઉચિત અનુશાસન પ્રદાન દ્વારા સંસારમાં થતી વિડંબનારૂપ ભયને નાશ કરાવનારા છે.

આ રીતે ભંતે શબ્દ દ્વારા ગુરુ કલ્યાણને કરાવનારા છે, ભવનો અંત કરાવનારા છે અને ભયનો અંત કરાવનારા છે. આવા ગુરુને 'ભંતે' શબ્દ દ્વારા માનસ સન્મુખ કરીને તેમને પરતંત્ર થઈને સામાયિક કરવા અર્થે 'હે ભંતે' શબ્દથી ગુરુને સંબોધન કરાય છે.

વળી ભંતે શબ્દથી આત્માને પણ સંબોધન કરવા અર્થે કહેવાય છે કે 'હે કલ્યાણના અર્થી એવા આત્મા ! હું સામાયિક કરું છું, અસામાયિક કરતો નથી'. આવી ઉપસ્થિતિ થવાથી પોતાનો આત્મા જેમ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકારે છે તેમ પોતાને કરાયેલા સંબોધનથી સામાયિક કરવાને અભિમુખ દૃઢ પ્રણિધાનવાળો થાય છે.

વળી કરેમિ શબ્દથી 'હું કરું છું' એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી કૃત્યનું 'કરણ' કરેમિ શબ્દથી બતાવાય છે.

કયા પ્રકારનું કૃત્ય કરવાનું છે ? તેથી વિશેષાવશ્યકભાષ્યમાં ભાષ્યકારશ્રી સ્પષ્ટ કરે છે –

શ્રુતગુણકરણને અને નોશ્રુતગુણકરણને હું કરું છું અર્થાત્ સમભાવના પરિણામ રૂપ સામાયિકને ધારણ કરીને તેની વૃદ્ધિના અંગભૂત શ્રુતગુણકરણને અને નોશ્રુતગુણકરણને હું કરું છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના વચનના તાત્પર્યને સ્પર્શે એવું જે શ્રુતજ્ઞાન તેને પ્રગટ કરવામાં હું યત્ન કરું છું. અને નોશ્રુત=શ્રુત નહીં પણ શ્રુતનું કાર્ય જે તપ અને સંયમ, તેને પ્રગટ કરવામાં હું યત્ન કરું છું.

તેના માટે દૃષ્ટાંત આપવામાં આવે છે –

કોઈક ઘર કચરાથી ભરાયેલ હોય, તેનાં પાંચ દ્વારો હોય, જે દ્વારોથી સતત કચરો આવતો હોય. વળી, આ ગૃહ ગાઢ અંધકારથી વ્યાપ્ત હોય, તો આવા ગૃહમાં નિવાસ થઈ શકે નહિ. તેમ આત્મા પોતાના ભાવરૂપ ગુણમાં નિવાસ કરી શકતો નથી તેનું કારણ પાંચ ઇન્દ્રિયરૂપી દ્વારોથી સતત કર્મરૂપી કચરો આત્મામાં ભરાયેલો રહે છે અને અંદરમાં ગાઢ અંધકાર વર્તે છે.

તેથી જેને પોતાના આત્મામાં નિવાસ કરવો હોય તેને પ્રથમ આત્મારૂપી ગૃહમાં શ્રુતજ્ઞાનરૂપ દીવો પ્રગટાવવો પડે, પાંચ ઇન્દ્રિયરૂપી કર્મના આગમનનાં દ્વારોને સંવૃત્ત કરવાં પડે, જે સંવરના પરિણામરૂપ છે અને અંદરમાં રહેલા કચરાને કાઢવાના યત્નરૂપ નિર્જરાના કારણ એવા તપમાં યત્ન કરવો પડે. તેથી શ્રુતગુણકરણથી જિનવચનાનુસાર સૂક્ષ્મ બોધ માટેનો યત્ન થાય છે.

નોશ્રુતગુણકરણથી સંવર અને તપમાં યત્ન થાય છે. તેથી પાંચ ઇન્દ્રિયોનું વિષયો સાથે યોજન ન થાય તે રીતે સંવૃત્ત કરવામાં આવે છે. શ્રુતની બતાવેલી દિશા અનુસાર આત્માના શુદ્ધ ભાવ તરફ જવાને અનુકૂળ વ્યાપાર કરાય છે જે સ્વાધ્યાયરૂપ તપ છે, જેનાથી આત્મામાં રહેલો કર્મરૂપી કચરો દૂર થાય છે. જે જે અંશથી કર્મમલ દૂર થાય છે તે તે અંશથી આત્મા માટે પોતાનો આત્મા નિવાસસ્થાનરૂપ બને છે.

તેથી સામાયિક દરમ્યાન શ્રાવક ઉપયોગપૂર્વક સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ બધા ભાવો પ્રત્યે મારો સમાન પરિણામ વર્તે એવો ઉપયોગ પ્રવર્તાવે છે અને તેવા ઉપયોગ પ્રત્યે તીવ્ર રાગ થાય તેવો યત્ન કરે છે. શ્રાવક વિચારે છે કે જીવનો સુંદર ભાવ આ જ છે, સર્વકલ્યાણનું કારણ છે. આવો સંકલ્પ કર્યા પછી દેહની શાતા-અશાતા સાથે ઉપયોગ જોડાય અને તેના શાતા પ્રત્યે રતિ અને અશાતા પ્રત્યે અરતિ પરિણામ થાય તો સમભાવ તૂટે. તેથી સામાયિક દરમ્યાન ઉપયોગ દેહ સાથે સંબંધિત થઈને તેના ભાવોને ગ્રહણ ન કરે તે પ્રકારે અંતરંગ દૃઢ યત્ન વિવેકી શ્રાવક કરે છે. આ યત્ન કરવા માટે શ્રાવક શ્રુતગુણકરણરૂપે નવા નવા શ્રુત જાણવા દ્વારા આત્માને વાસિત કરવા યત્ન કરે છે. આ શ્રુત ભગવાનનું વચન છે. તેથી તે શ્રુતજ્ઞાન જિનતુલ્ય થવા માટે જે પ્રકારે સંવર ભાવની દિશા બતાવે છે તે રીતે સંવરમાં ઉપયુક્ત રહીને અને આત્મા શુદ્ધભાવને સ્પર્શે જેથી નિર્જરા થાય તે રીતે ઉપયુક્ત થઈને સામાયિકમાં યત્ન કરે તો સામાયિક સૂત્રથી કરાયેલી જે પ્રતિજ્ઞા દ્વારા પૂર્વમાં સામાયિકનો પરિણામ પ્રગટ થયેલ હતો તે અવશ્ય ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે; કેમ કે શ્રુતગુણકરણનો અને નોશ્રુતગુણકરણનો વ્યાપાર સામાયિકના પરિણામની વૃદ્ધિના પરિણામનું જ અંગ છે.

આ રીતે કરેમિ ભંતે સામાઇયં શબ્દથી જે અર્થની પ્રાપ્તિ થઈ તે સામાયિકનો પરિણામ જ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

હું સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરું છું.

ક્યાં સુધી કરું છું ? તો કહે છે –

જ્યાં સુધી હું સામાયિકના નિયમની પર્યુપાસના કરું ત્યાં સુધી સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરું છું.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવના મન-વચન અને કાયારૂપ જે ત્રણ યોગો છે તે જિનવચનથી નિયંત્રિત થઈને સમભાવને વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળા હોય તો સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ થાય છે.

જો તે મન-વચન અને કાયાના યોગો બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષ પામીને પ્રવર્તતા હોય અને સ્વાધ્યાય આદિની ક્રિયા પણ થતી હોય તો પરમાર્થથી સાવદ્ય યોગના પચ્ચક્ખાણનું પાલન થતું નથી; કેમ કે તે યોગો પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે પ્રવર્તતા ન હોય તો બાહ્ય પદાર્થોની સાથે સંશ્લેષ પામીને જીવહિંસાને અનુકૂળ પરિણતિવાળા જ છે. તેથી સામાયિકકાળ દરમ્યાન શ્રાવક મન-વચન અને કાયાના યોગોને સંસારના સર્વ ભાવોથી પર કરીને નિરવદ્ય એવા આત્માના ગુણોને પ્રગટાવવા માટે વ્યાપારવાળા કરે છે અને તે કરવા અર્થે પ્રસ્તુત સૂત્રોથી તે પ્રકારની પ્રતિજ્ઞા કરાય છે કે હું મારા પચ્ચક્ખાણની કાલાવધિ સુધી સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરું છું.

અહીં પ્રશ્ન થાય કે કઈ રીતે સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ શ્રાવક કરે છે ? તેથી કહે છે –

મન-વચન અને કાયારૂપ ત્રણ યોગોથી હું કોઈ આરંભ કરીશ નહીં અને કોઈને આરંભ કરાવીશ નહિ.

આથી એ પ્રાપ્ત થાય કે સામાયિકકાળની અવધિ સુધી હું મનથી, વચનથી અને કાયાથી કોઈ આરંભ કરીશ નહિ, પરંતુ નિરારંભ એવા સંયમના પરિણામમાં મનને-વચનને-કાયાને પ્રવર્તાવીશ. વળી મનથી-વચનથી કે કાયાથી હું કોઈ પાસે આરંભ કરાવીશ નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે આ કૃત્ય હું કોઈ પાસે કરાવું એવો મનમાં વિચાર આવે તો મનથી સાવદ્ય કરાવવાની પ્રાપ્તિ થાય. વચનથી કોઈને તે કૃત્ય કરવાનું કહેવામાં આવે તો વચનથી સાવદ્ય યોગના કરાવવાની પ્રાપ્તિ થાય અને મનથી અને વચનથી કંઈ જ ન કહે છતાં કાયાની તેવી ચેષ્ટા થાય જેનાથી અન્યને તે પ્રકારનું કૃત્ય કરવાનું જ્ઞાન થાય તો સાવદ્ય યોગની પ્રવૃત્તિ કાયાથી પણ પ્રાપ્ત થાય.

તેથી જે શ્રાવક પ્રતિજ્ઞા અનુસાર અર્થમાં ઉપયોગવાળા છે તે શ્રાવક સામાયિકની કાલાવધિ સુધી આજુબાજુમાં થતાં કૃત્યો સાથે, ભૂતકાળમાં કરાયેલ કૃત્યો સાથે કે ભવિષ્યમાં કરવા યોગ્ય કૃત્યો સાથે મનથી જોડાય નહિ, વચનપ્રયોગથી પણ જોડાય નહીં અને કાયાની તેવી ચેષ્ટાથી પણ જોડાય નહીં તે પ્રકારે અત્યંત સંવૃત્ત થઈને શ્રુત-અધ્યયન અને શ્રુત-અધ્યયન દ્વારા નિષ્પાદ્ય પરિણામોમાં યત્ન કરે છે. આવા જ શ્રાવક દ્વિવિધ-ત્રિવિધથી સાવદ્ય યોગનું પચ્ચક્ખાણ કરી શકે છે. આમ છતાં આવો શ્રાવક પણ પોતાના ધન સાથે, ગૃહ સાથે કે કુટુંબ સાથે સંબંધના પરિણામને રાખીને સામાયિકમાં વર્તે છે, તેથી સાક્ષાત્ તે પ્રવૃત્તિમાં મનથી, વચનથી કે કાયાથી પોતે જોડાતો નથી તોપણ તે ગૃહનાં થતાં કાર્યોમાં તેની અનુમતિની પ્રાપ્તિ છે.

વળી કોઈ શ્રાવક બાહ્ય એવા સ્વજનાદિ સાથે સંબંધ વગરના હોય છતાં કાલાવધિથી પ્રતિજ્ઞા કરે છે તેથી તે કાલ પછી હજી ચિત્તમાં શાતા-અશાતા આદિ અર્થે પ્રવૃત્તિ કરવાનો પરિણામ વિદ્યમાન છે તેથી જ

કાલની અવધિથી તેટલા કાળ માટે આરંભ આદિની ત્યાગની પ્રતિજ્ઞા કરે છે, માટે ઉત્તરકાલ ભાવિ આરંભને અનુકૂળ પરિણતિ આત્મામાં વિદ્યમાન છે, તેનું પ્રતિજ્ઞા દ્વારા નિવર્તન કરાયું નથી. તેથી તે ભાવોની અનુમતિ સામાયિકકાળમાં વર્તે છે.

જ્યારે સાધુ તો જાવજ્જીવ સુધી સર્વ આરંભનો મનથી-વચનથી-કાયાથી નહીં કરવાનો, નહીં કરાવવાનો અને અનુમોદન પણ નહીં કરવાનો પરિણામ ધારણ કરીને સ્વાધ્યાય આદિમાં દૃઢ યત્ન કરે છે. તેથી સાધુનો સ્વાધ્યાય આદિ કાળમાં પણ ભાવિમાં તે પ્રકારના ભોગાદિ અર્થે કે શાતાદિ અર્થે આરંભ કરવાનો પરિણામ નથી તેથી ત્રિવિધ-ત્રિવિધથી સાધુનું પચ્ચક્ખાણ છે, જ્યારે શ્રાવકનું સામાયિક કાલાવધિ સુધીનું પચ્ચક્ખાણ હોવાથી ભાવિમાં મનથી-વચનથી અને કાયાથી તે તે આરંભો કરવા અને કરાવવાની પરિણતિ વિદ્યમાન છે, માટે શ્રાવકને તેના અનુમોદનની પ્રાપ્તિ છે.

આ રીતે પ્રતિજ્ઞા કર્યા પછી સૂત્રમાં ફરી ગુરુને સંબોધીને કહે છે કે ભૂતકાળમાં જે મેં સાવદ્ય યોગો કર્યા છે તેનું હું પ્રતિક્રમણ કરું છું, તેવા આત્માની નિંદા કરું છું, ગર્હા કરું છું અને તેવા આત્માને હું વોસિરાવું છું.

આ પ્રકારનો અધ્યવસાય કરવાથી આત્માના સામાયિકના પરિણામની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારથી અતિરિક્ત જે સંસારના વ્યાપારો પોતે પૂર્વે કરેલા તે વ્યાપારોથી પોતે પાછો ફરે છે તેવો દૃઢ સંકલ્પ થાય છે, અને પૂર્વમાં જે વ્યાપારો પોતે કરેલા તે સર્વ સાવદ્ય વ્યાપારો આત્મા માટે ત્યાજ્ય છે તેવી સ્થિરબુદ્ધિ કરવા અર્થે તેની નિંદા અને ગર્હા કરે છે. વળી આવા સાવદ્ય વ્યાપારવાળા પોતાના આત્માનો પોતે સામાયિકની કાલમર્યાદા સુધી ત્યાગ કરે છે તેમ ગુરુસાક્ષીએ કહીને પૂર્વના સાવદ્યવાળા પોતાના યોગોથી ચિત્ત અત્યંત નિવર્તન પામે અને નિરવદ્ય યોગોમાં ચિત્ત દૃઢપણે પ્રવર્તે તેવો અતિશય યત્ન શ્રાવક આ પ્રકારના સામાયિક સૂત્રના અંતિમ ભાગના કથનથી કરે છે. **॥૧૦॥**

❖

## ૧૧. શ્રી સામાઇઅ વયજુત્તો (સામાયિક પારવાનું) સૂત્ર

**અવતરણિકા :-**

**વિવેકસંપન્ન શ્રાવક સંસારના વાસ્તવિક સ્વરૂપને જાણનાર હોય છે. સંસાર ૪ ગતિઓના પરિભ્રમણરૂપ હોવાથી મહા ત્રાસરૂપ છે તેવો વિવેકી શ્રાવકને સ્પષ્ટ બોધ હોય છે અને સંસારથી પર એવી મુક્ત અવસ્થા પ્રત્યે અત્યંત રાગ હોય છે. આ અવસ્થાની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય વીતરાગતા છે. વીતરાગતા સાથે એકવાક્યતાથી કારણરૂપે સર્વવિરતિસામાયિક જોડાયેલ છે, તેથી વિવેકી શ્રાવકને સદા સર્વવિરતિસામાયિકનું સ્મરણ રહે છે અને તેવી શક્તિનો સંચય કરવાનો સદા અભિલાષ વર્તે છે.**

જ્યારે સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ શુભ મન અત્યંત પ્રવર્તતું હોય ત્યારે તે શક્તિસંચય અર્થે જ સામાયિકને ગ્રહણ કરે છે. આવું સામાયિક સદા માટે પોતાને પ્રાપ્ત થાય તેવી ઉત્કટ ઈચ્છા પણ શ્રાવકને હોય છે, છતાં પોતાનામાં એવું ધૃતિબળસંચય થયું નથી તેથી સદા માટે સામાયિકના પરિણામને પોતે પ્રાપ્ત કરી શકે તેવી શક્તિના સંચય અર્થે જ ઉચિત કાળે સામાયિક કરે છે. આ સામાયિક દરમ્યાન જે જે અંશથી સમભાવની શક્તિનો સંચય થાય છે તે તે અંશથી શ્રાવકનો ઉત્સાહ વધે છે અને વિશ્વાસ થાય છે કે આ રીતે સામાયિકના સેવનના બળથી હું અવશ્ય સર્વવિરતિસામાયિકને પ્રાપ્ત કરીશ. આમ છતાં પોતે ગ્રહણ કરેલ સામાયિકની કાલાવધિ પૂરી થાય ત્યાર પછી કંઈક અધિક કાળ સામાયિકમાં રહેવાને અનુકૂળ ધૃતિ જણાય તો તત્કાળ સામાયિક પારે નહીં અને જ્યારે જણાય કે હવે આ પ્રકારનો યત્ન કરવા માટે મારામાં તેવી શક્તિ નથી ત્યારે તે સામાયિક પારવા માટેનો વિચાર કરે તોપણ તે સામાયિક પારવા પૂર્વે સામાયિક દરમ્યાન કોઈક સ્ખલનાઓ થઈ હોય તેની શુદ્ધિ અર્થે ઈર્યાપથિકીપ્રતિક્રમણ કરીને તે સ્ખલનાઓથી થયેલી મલિનતાને શ્રાવક દૂર કરે છે, ત્યાર પછી સામાયિક પ્રત્યેના રાગના પરિણામવાળો શ્રાવક અશક્તિને કારણે સામાયિક પારવાના અર્થે ગુરુ પાસે આદેશ માંગે છે. સાક્ષાત્ ગુરુ ન હોય તોપણ સ્થાપનાચાર્ય પાસે આદેશ માંગે છે અને તે આદેશ દરમ્યાન જે જે પ્રકારના ભાવાચાર્યોનાં પ્રતિવચનો બોલાય છે તેનું સ્મરણ કરીને સામાયિક પ્રત્યેનો રાગ વધારે છે અને પારતી વખતે પણ તે સામાયિકના મહત્ત્વનું સ્મરણ કરે છે જેથી સામાયિક પારવા પ્રત્યેનો પરિણામ ન થાય પરંતુ સદા સામાયિકમાં રહેવાની શક્તિનો સંચય થાય તેવો પરિણામ થાય તે અર્થે સામાયિક પારવાનું સૂત્ર બોલાય છે –

સૂત્ર :-

**સામાઇઅ વયજુત્તો, જાવ મણે હોઇ નિયમસંજુત્તો;**
**છિન્નઇ અસુહં કમ્મં, સામાઇઅ જત્તિઆ વારા ॥૧॥**
**સામાઇઅંમિ ઉ કએ, સમણો ઇવ સાવઓ હવઇ જમ્હા;**
**એએણ કારણેણં, બહુસો સામાઇઅં કુજ્જા ॥૨॥**

**સામાયિક વિધિએ લીધું, વિધિએ પાર્યું, વિધિ કરતાં જે કોઈ અવિધિ હુઓ હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥**

**દશ મનના, દશ વચનના, બાર કાયાના એ બત્રીસ દોષમાં જે કોઈ દોષ લાગ્યો હોય તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥**

સૂત્રાર્થ :-

**સામાયિક વ્રતથી યુક્ત જ્યાં સુધી નિયમથી સંયુક્ત મન હોય છે=સામાયિકના પરિણામના નિયમથી યુક્ત મન હોય છે, અને જેટલી વખત સામાયિક હોય છે તેટલી વખત જીવ અશુભ કર્મનો છેદ કરે છે. ॥૧॥**

**જે કારણથી સામાયિક કરાયે છતે શ્રાવક શ્રમણની જેમ=સાધુની જેમ, થાય છે એ કારણથી બહુ વખત સામાયિક કરવું જોઈએ. ॥૨॥**

આ રીતે સામાયિક પારવાનું સૂત્ર બોલ્યા પછી વિશેષ પરિણામ કરવા અર્થે શ્રાવક બોલે છે –

**મેં સામાયિક વિધિપૂર્વક લીધું છે અને વિધિપૂર્વક પાર્યું છે. છતાં વિધિ કરતાં અનાભોગ આદિથી જે કોઈ અવિધિ થઈ હોય તે સર્વને મનથી-વચનથી-કાયાથી કરીને હું મિચ્છા દુષ્કૃત આપું છું=મારી સામાયિકની અવિધિમાં થયેલું પાપ મિથ્યા થાઓ તેવો અભિલાષ કરું છું. ॥**

વળી આગળ કહે છે –

**સામાયિક દરમ્યાન મન, વચન, કાયા સંબંધી અનુક્રમે દશ, દશ અને બાર દોષોનું સેવન કરેલ હોય તો તે સર્વને મનથી-વચનથી-કાયાથી કરીને હું મિચ્છા દુષ્કૃત આપું છું=મારા વડે સેવાયેલા દોષોથી થયેલું પાપ મિથ્યા થાઓ તેવો અભિલાષ કરું છું. ॥**

**ભાવાર્થ :-**

શ્રાવક વિધિપૂર્વક સામાયિક ગ્રહણ કરે અને સામાયિક કાલાવધિ સુધી દૃઢ મનોયોગને સામાયિકના પરિણામની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારવાળો રાખે તો તે શ્રાવક સામાયિક વ્રતથી યુક્ત કહેવાય. સામાયિક કાળ દરમ્યાન જે કરેમિ ભંતે સૂત્રથી પોતે પ્રતિજ્ઞા કરેલ છે તે પ્રતિજ્ઞાના નિયમથી યુક્ત જેટલો કાળ મન વર્તે તેટલો કાળ તે શ્રાવક અશુભ કર્મને છેદે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ શ્રાવક સામાયિક કાલાવધિ પછી સામાયિક પારી લે તોપણ સામાયિક પ્રત્યેનો પક્ષપાતનો પરિણામ વર્તતો જ હોય અને શરીરની તથાપ્રકારની અસ્વસ્થતાને કારણે વિશ્રાંતિ કરવા અર્થે સામાયિકને પારે છતાં જે પ્રકારે સામાયિકકાળમાં મનને શ્રુતગુણકરણમાં અને નોશ્રુતગુણ-કરણમાં પ્રવર્તાવેલ તે પ્રકારનું ચિત્ત દેહના વિશ્રાંતિકાલમાં પણ જો તે શ્રાવક પ્રવર્તાવી શકે તો તે પ્રકારના પરિણામને કારણે સમભાવની વૃદ્ધિ સતત થઈ શકે છે. જ્યાં સુધી તે નિયમથી યુક્ત ચિત્ત વર્તે ત્યાં સુધી તે શ્રાવક સતત અશુભ કર્મનો છેદ કરે છે; કેમ કે અસામાયિકના પરિણામરૂપ જ સંસારના ભાવો કર્મબંધનાં કારણ છે અને તેનાથી વિરુદ્ધ એવો સામાયિકનો પરિણામ છે. વસ્તુતઃ અનાદિકાળથી જીવે તે અસામાયિકના ભાવોને કરીને અશુભ કર્મનો સંચય કરેલ છે. અને સામાયિકકાળમાં અશુભ કર્મના કારણભૂત પરિણામોથી વિરુદ્ધ એવો સામાયિકનો પરિણામ વર્તે છે. તેથી અશુભ કર્મ નાશ પામે છે; કેમ કે જે પરિણામથી જે પ્રકારનું કર્મ બંધાય તેનાથી વિરુદ્ધ પરિણામથી તે કર્મોનો નાશ થાય છે. તેથી પોતાનું સેવાયેલું સામાયિક ઘણાં અશુભ કર્મોનો નાશ કરીને ભાવિની ઘણી અનર્થ પરંપરાનો નાશ કરનાર છે તેવી ઉપસ્થિતિ શ્રાવકને થાય છે. તેથી સામાયિકકાળમાં જે સામાયિક પ્રત્યેનો રાગ હતો તે રાગ જ પ્રસ્તુત સૂત્રથી અતિશયિત થાય છે.

વળી, શ્રાવક બોલે છે કે જેટલી વાર સામાયિક વર્તે છે તેટલી વાર અશુભ કર્મનો નાશ થાય છે તેથી ફરી ફરી સામાયિક કરીને તે ભાવમાં રહેવાને અનુકૂળ ધૃતિબળ મારામાં સંચય થશે તો ભૂતકાળમાં કરાયેલાં ઘણાં અશુભ કર્મોનો નાશ કરીને ભાવિની કદર્થનાથી હું મારા આત્માનું રક્ષણ કરી શકીશ, અને સામાયિકકાળમાં વર્તતા સામાયિક પ્રત્યેના રાગથી સંચય થયેલા પુણ્યના કારણે ભાવિમાં સુગતિની પરંપરાને પ્રાપ્ત કરીશ અને અંતે અવશ્ય મોક્ષસુખને પ્રાપ્ત કરીશ. માટે શક્તિ હોય તો ફરી ફરી સામાયિક કરવાના પ્રયત્નમાં મારે લેશ પણ પ્રમાદ કરવો જોઈએ નહિ. એ પ્રકારનો ઉત્સાહ સામાયિક પારવાની પ્રસ્તુત ગાથાના બોલવાથી વિવેકી શ્રાવકને થાય છે.

વળી સામાયિક પ્રત્યેના અતિશય અહોભાવ કરવા અર્થે બીજી ગાથા બોલાય છે, “જે કારણથી સામાયિક કરાયે છતે શ્રાવક સાધુ જેવો છે” તેથી એ પ્રાપ્ત થાય કે જેમ સાધુ સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવીને અનાદિકાળથી કરાયેલાં સર્વ પાપોના ઉચ્છેદ માટે સતત ઉદ્યમવાળા છે. તેથી ભૂતકાળમાં કરાયેલાં સર્વ પાપોની શુદ્ધિનો ઉપાય સાધુપણું છે તેમ સામાયિકકાળમાં પણ શ્રાવક સર્વથા સાધુતુલ્ય નહીં પણ કંઈક અંશથી સાધુની નજીકની ભૂમિકાને પામેલ છે. તેથી સાધુની જેમ જાવજ્જીવ સામાયિકની ધુરાને વહન કરવા સમર્થ નથી તોપણ નિયત કાળ મન-વચન અને કાયાના યોગોને સમભાવમાં પ્રવર્તાવીને અનાદિ કાળનાં સંચય થયેલાં કર્મોનો નાશ સાધુની જેમ ઘણે અંશે કરે છે. તેથી જે શ્રાવકને સર્વ કલ્યાણનું કારણ ભાવસાધુપણું દેખાય છે તે શ્રાવકને સાધુ તુલ્ય થવાના પ્રબળ કારણભૂત આ સામાયિક છે તેવી ઉપસ્થિતિ થવાથી સામાયિક પ્રત્યેનો રાગ અતિશયવાળો થાય છે.

આ રીતે વિચારીને આત્માને ભાવિત કરવા અર્થે કહે છે કે આ કારણથી મારે ઘણી વખત સામાયિક કરવી જોઈએ. આ પ્રકારનું ઉચ્ચારણ કરીને શ્રાવક ફરી ફરી સામાયિકનો પરિણામ ઉલ્લસિત થાય તેવા ઉત્તમ સંસ્કારો સામાયિક પારવાની ક્રિયા દ્વારા દૃઢ કરે છે. તેથી સામાયિક પારતી વખતે પણ સામાયિકના પારવાને અભિમુખ પરિણામ થતો નથી, પરંતુ સામાયિક ફરી ફરી કરવાનો અધ્યવસાય જ થાય છે. ફક્ત શક્તિના અભાવને કારણે ફરી સામાયિક ન પણ કરે. ક્યારેક અત્યંત ઉપયોગપૂર્વક બોલાયેલા પ્રસ્તુત સૂત્રના ઉચ્ચારણથી અંતરંગ વીર્ય ઉલ્લસિત થાય તો સામાયિક પાર્યા પછી પણ ફરી ગ્રહણ કરવા માટે શ્રાવક તત્પર થાય છે.

આ રીતે સામાયિક પ્રત્યેના પક્ષપાતની વૃદ્ધિના કારણભૂત સામાયિક પારવાનું સૂત્ર બોલ્યા પછી સામાયિકનો પરિણામ દુષ્કર હોવાથી અનાભોગ આદિથી કોઈ સૂક્ષ્મ પણ સ્ખલના થઈ હોય તેના પ્રત્યે જુગુપ્સા કરીને તે સ્ખલનાના સંસ્કારોના ઉચ્છેદ અર્થે અને તે સ્ખલનાથી બંધાયેલા પાપના નાશ અર્થે શ્રાવક બોલે છે કે “મેં વિધિપૂર્વક સામાયિક લીધું છે, વિધિપૂર્વક પાર્યું છે.” આ બોલવાથી એ પ્રકારની ઉપસ્થિતિ થાય કે સામાયિકના પારમાર્થિક સ્વરૂપને જાણીને તે સામાયિક વિષયક ઉચિત બહિરંગ વિધિ અને ઉચિત અંતરંગ વિધિને લક્ષમાં લઈને મેં સામાયિક ગ્રહણ કરવા યત્ન કરેલ છે અને સામાયિક કાળ દરમ્યાન વિધિપૂર્વક પાલન કરવા પણ યત્ન કર્યો છે અર્થાત્ સામાયિક દરમ્યાન સમભાવના પરિણામની વૃદ્ધિ થાય

તે રીતે શ્રુતમાં, સંયમમાં અને તપમાં મેં યત્ન કર્યો છે, તેથી વિધિથી પાલન થયેલું સામાયિક હોવા છતાં કોઈક સ્થાનમાં અનાભોગ આદિથી વિધિ કરવા છતાં કોઈક અવિધિ થઈ હોય તે સર્વને સ્મૃતિમાં લાવીને મનથી-વચનથી-કાયાથી હું તે સ્ખલનારૂપ પાપનું મિથ્યાદુષ્કૃત આપું છું. અર્થાત્ તે મારી સ્ખલના મિથ્યા થાઓ તેમ ઇચ્છું છું. આ રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક બોલવાથી સામાયિક દરમ્યાન થયેલી સ્ખલનાના કુસંસ્કારો નાશ પામે છે, બંધાયેલું પાપ નાશ પામે છે અને અણિશુદ્ધ સામાયિક કરવાને અનુકૂળ કંઈક કંઈક બળનું આધાન અવશ્ય થાય છે. **||૧૧||**

❖

## ૧૨. શ્રી જગચિંતામણિ (ચૈત્યવંદન) સૂત્ર

**અવતરણિકા :-**

**ચૈત્યને વંદન કરીને જિનના ગુણો પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ અર્થે ચૈત્યવંદન કરાય છે. ચિત્તના વિશુદ્ધ ભાવનું જે જનક હોય તે ચૈત્ય કહેવાય. જિનપ્રતિમા ચિત્તના વિશુદ્ધ ભાવની જનક હોવાથી ચૈત્ય શબ્દથી જિનપ્રતિમાનું ગ્રહણ થાય છે. જિનપ્રતિમાને મન, વચન અને કાયા દ્વારા વંદન કરીને જિનના ગુણો પ્રત્યે રાગની વૃદ્ધિને અનુકૂળ જે વ્યાપાર તે ચૈત્યવંદન છે. જિનના ગુણો પ્રત્યેનો જે જે અંશમાં રાગ વધે છે તે તે અંશમાં જીવના સંસારનો ઉચ્છેદ થાય છે. તેથી ચૈત્યવંદનની ક્રિયા જિનપ્રતિમાને અવલંબીને જિનતુલ્ય થવાને અનુકૂળ યત્ન થાય તેવી ક્રિયા વિશેષ છે.**

**સૂત્ર :-**

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? (ગુરુ : કરેહ) ઇચ્છં.**

**સૂત્રાર્થ :-**

**હે ભગવંત ! ઇચ્છાપૂર્વક તમે અનુજ્ઞા આપો (કે) હું ચૈત્યવંદન કરું ? (ગુરુ ભગવંત જવાબ આપે છે – કરો.) ઇચ્છં=હું ઇચ્છું છું.**

**ભાવાર્થ :-**

ચૈત્યવંદન કરવા અર્થે ભગવાનને સંબોધીને કહેવામાં આવે છે કે હે ભગવંત ! ઇચ્છાપૂર્વક તમે અનુજ્ઞા આપો જેથી હું ચૈત્યને=જિનપ્રતિમાને, વંદન કરું. આ પ્રકારની અનુજ્ઞા માંગવાથી ભગવાને પોતાને તે ચૈત્યવંદન વિધિપૂર્વક કરવાની અનુજ્ઞા આપી છે તેનું સ્મરણ કરીને ભગવાનના વચન અનુસાર વિધિપૂર્વક કરવા હું ઇચ્છું છું તદ્અર્થે 'ઇચ્છમ્'થી તેનો સ્વીકાર કરાય છે. ત્યાર પછી જિનપ્રતિમા આગળ જે ગૌતમસ્વામીએ અષ્ટાપદમાં ચૈત્યવંદન કર્યું છે તે 'જગચિંતામણિ' ચૈત્યવંદન છે. તેમાં ભગવાનને સંબોધન કરતાં કહે છે –

**સૂત્ર :-**

**જગચિંતામણિ, જગનાહ, જગગુરુ જગરક્ખણ, જગ-બંધવ, જગસત્થવાહ, જગભાવવિઅક્ખણ, અટ્ઠાવયસંઠવિયરૂવ કમ્મટ્ઠવિણાસણ ચઉવિસંપિ જિણવર જયંતુ અપ્પડિહયસાસણ ! ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**હે જગતના ચિંતામણિ, હે જગતના નાથ, હે જગતના ગુરુ, હે જગતના જીવોને રક્ષણ કરનારા, હે જગતના બંધુ, હે જગતના સાર્થવાહ, હે જગતના ભાવને યથાર્થ જોનારા, અષ્ટાપદમાં સંસ્થિત સ્વરૂપવાળા, આઠ કર્મોના વિનાશને કરનારા, અપ્રતિહતશાસનવાળા, ચોવીસે પણ જિનેશ્વરો જય પામો. ॥૧॥**

**ભાવાર્થ :-**

ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત ઉપર ચોવીસ તીર્થંકરોની પ્રતિમા જોઈને તે પ્રતિમા દ્વારા સાક્ષાત્ ચોવીસ તીર્થંકરોના સ્વરૂપને ઉપસ્થિત કરીને ભગવાનને સંબોધતાં કહે છે –

**(૧) જગચિંતામણિ :-**

હે ભગવંત ! તમે જગતના ચિંતામણિ છો. જેમ ચિંતામણિ રત્ન ભૌતિક સર્વ ઇચ્છિત પદાર્થને આપે છે તેમ જેઓ ભગવાનને ચાર અતિશયરૂપે સ્વપ્રજ્ઞા અનુસાર ઉપસ્થિત કરીને તેમના પ્રત્યે ભક્તિવાળા થાય છે તેમના માટે ભગવાન ચિંતામણિની જેમ સર્વ ઇચ્છિત પ્રાપ્ત કરાવનારા છે, એટલું જ નહીં પણ ચિંતામણિ રત્ન માત્ર આ લોકના ઇચ્છિતને આપી શકે છે, જ્યારે ગુણસંપન્ન એવા ભગવાન તો આ લોક અને પરલોક તથા મોક્ષના સુખને આપે છે.

આવા ગુણસંપન્ન ભગવાનને ગુણસંપન્નરૂપે ઉપસ્થિત કરીને જેઓ તેમને ભક્તિથી નમસ્કાર કરે છે તેઓને માટે ભગવાન ચિંતામણિ તુલ્ય છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવ ભગવાનના સ્વરૂપના યથાર્થ બોધવાળા હોય, તદ્અર્થમાં ઉપયુક્ત હોય અને ભગવાનની સ્તુતિ કરતા હોય ત્યારે તેઓને ભગવાનના ગુણો પ્રત્યેના રાગથી કરાયેલી ભગવાનની સ્તુતિના બળથી આ લોકમાં અર્થની પ્રાપ્તિ, ભોગની પ્રાપ્તિ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે; કેમ કે તે પ્રકારના ભગવાનના ગુણો પ્રત્યેના રાગના પરિણામથી લાભાંતરાય, ભોગાંતરાયકર્મો જે ક્ષયોપશમભાવવાળાં ન હોય તે ક્ષયોપશમભાવને પામે છે અને આરોગ્યમાં વ્યાઘાતક એવું કર્મ સંક્રમણ પામીને આરોગ્યની પ્રાપ્તિનું કારણ બને છે. વળી, તે ભગવાન પ્રત્યેની ભક્તિના ઉપયોગથી જ તેવા પ્રકારનું પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે કે જે જન્માંતરમાં સદ્ગતિઓની પરંપરાની પ્રાપ્તિ દ્વારા અંતે મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરાવે છે. માટે ભગવાન જગતના માટે ચિંતામણિ તુલ્ય છે. જે જીવો ભગવાન અને ભગવાનના સ્વરૂપને વાસ્તવિક રીતે ઓળખી શક્યા નથી તેવા જીવોને ભગવાન દ્રવ્યથી પ્રાપ્ત થયા હોય તોપણ ભાવથી પ્રાપ્ત થયેલા નહીં હોવાથી ચિંતામણિ તુલ્ય ભગવાનથી પ્રાપ્ત થવા યોગ્ય ફળને તેઓ પ્રાપ્ત કરી શકતા નથી.

**(૨) જગતના નાથ :-**

વળી ભગવાન જગતના નાથ છે. જે અપૂર્વની પ્રાપ્તિ કરાવે અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરે તે નાથ કહેવાય; આ પ્રકારે નાથ શબ્દનો અર્થ હોવાથી ભગવાન નાથ છે; કેમ કે ભગવાનને શરણાગત થયેલા જીવોમાં જે ગુણો પ્રગટ થયા છે તે ગુણોનું રક્ષણ ભગવાનના અવલંબનથી થાય છે. વળી જે ગુણો તેઓએ પ્રાપ્ત કર્યા નથી તે ગુણો પણ તેઓને ભગવાનના શરણથી પ્રાપ્ત થાય છે. ભગવાનને શરણે રહેલા જીવો સદા સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનના પરમાર્થને જાણવા યત્ન કરે છે, ભગવાનની ભક્તિ કરે છે અને ભગવાનની ભક્તિના બળથી ભગવાનના વચનને સમ્યક્ પરિણમન પમાડવા યત્ન કરે છે. તેથી ભગવાનના પારતંત્ર્યને કારણે તેઓને પ્રાપ્ત થયેલા ગુણોનો નાશ થતો નથી અને અપ્રાપ્ત એવા નવા નવા ગુણોની સદા પ્રાપ્તિ થાય છે. અપૂર્વ એવા ગુણોનો યોગ અને પ્રાપ્ત એવા ગુણોનો ક્ષેમ કરનાર ભગવાન હોવાથી ભગવાન જગતના નાથ છે.

**(૩) જગતના ગુરુ :-**

વળી ભગવાન જગતના ગુરુ છે. गृणाति शास्त्रतत्त्वं इति गुरुः । એ વ્યુત્પત્તિ અનુસાર જે શાસ્ત્રના પરમાર્થને બતાવે તે ગુરુ કહેવાય. शासनात् त्राणशक्तेश्च इति शास्त्रं । એ વ્યુત્પત્તિથી જે આત્માનું શાસન કરે અને રક્ષણ કરે તે શાસ્ત્ર કહેવાય. તેથી એ પ્રાપ્ત થાય કે આત્માનું દુર્ગતિથી રક્ષણ કરવાને અનુકૂળ દિશા બતાવનાર અને તે દિશા પ્રમાણે ચાલનારને દુર્ગતિથી રક્ષણ કરીને સદ્ગતિમાં સ્થાપનાર અને અંતે મોક્ષમાં પહોંચાડનાર શાસ્ત્રો છે. આવાં શાસ્ત્રોને જે બતાવે તે ગુરુ છે. ભગવાને આવાં જ શાસ્ત્રો જગતના જીવોને આપ્યાં છે, તેથી ભગવાન જગતના ગુરુ છે. આવા ગુણસ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ થવાથી તેમના વચનને પરતંત્ર થવાને અનુકૂળ મહાશક્તિનો સંચય થાય છે.

**(૪) જગતનું રક્ષણ કરનાર :-**

જગતના જીવોનું ભગવાન રક્ષણ કરનારા છે. જેમ કોઈ મનુષ્ય શત્રુના પંજામાં પડેલો હોય તેને શત્રુથી સર્વ પ્રકારની કદર્થના પ્રાપ્ત થાય છે, તેમ કર્મશત્રુને પરવશ જગતના જીવોને કર્મકૃત સર્વ કદર્થનાઓ પ્રાપ્ત થાય છે. તેથી જગતના જીવો તદ્દન અશરણ છે. આવી પણ સ્થિતિમાં જેઓ ભાવથી ભગવાનનું શરણું ગ્રહણ કરે છે તેઓને માટે ભગવાન કર્મની કદર્થનાથી રક્ષણ કરનારા છે.

**(૫) જગતના બાંધવ :-**

વળી ભગવાન જગતના બંધુ છે. બંધુ હંમેશાં વ્યક્તિ પ્રત્યે સ્નેહ રાખીને તેનું હિત થાય તે પ્રકારે યત્ન કરે છે. ભગવાને જગતના જીવમાત્રનું હિત થાય તે પ્રકારનો સન્માર્ગ બતાવ્યો છે. તેથી જે જીવો તેમનું અવલંબન લઈને તેમના વચનાનુસાર પ્રવૃત્તિ કરે છે તેઓને માટે ભગવાન બંધુતુલ્ય છે.

**(૬) જગતના સાર્થવાહ :-**

ભગવાન જગતના જીવો માટે સાર્થવાહ તુલ્ય છે. જેમ સાર્થવાહ મોટી અટવીમાંથી પણ સાર્થને સર્વ

પ્રકારના રક્ષણ સાથે ઉચિત નગરે પહોંચાડે છે, તેમ ભગવાન સંસારરૂપી અટવીમાં રહેલા જીવોને કર્મકૃત પ્રાપ્ત થતા અનેક ઉપદ્રવોથી રક્ષણ કરીને અને સદ્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરાવીને જીવને સર્વ ઉપદ્રવ રહિત એવી મુક્તિનગરીમાં પહોંચાડે છે. વળી, જેમ અટવીમાં જનાર પુરુષ સાર્થવાહનું શરણું સ્વીકારીને જાય છે તેમ જે મહાત્મા ભગવાનના સાર્થવાહસ્વરૂપ ગુણથી ભગવાનનું સ્મરણ કરીને ભગવાનના વચનથી ભાવિત થાય છે તે ભગવાનનું શરણું સ્વીકારીને ભવઅટવીમાંથી મોક્ષનગર તરફ જાય છે.

**(૭) જગતના ભાવોને જાણવામાં વિચક્ષણ :-**

વળી ભગવાન જગતમાં વર્તતા સર્વ પદાર્થોના સર્વ ભાવોને યથાવત્ જોનારા છે; કેમ કે ભગવાન કેવલજ્ઞાન, કેવલદર્શનવાળા છે. કોઈ જ્ઞેય વસ્તુ જેમના જ્ઞાનનો અવિષય નથી તેવા પૂર્ણ જ્ઞાનવાળા ભગવાન છે તેવી ઉપસ્થિતિ થવાથી સ્તુતિ કરનારને તેઓના વચનમાં લેશ પણ સંદેહ રહેતો નથી, જેથી તેમના વચનાનુસાર દૃઢ પ્રયત્ન કરીને તે મહાત્મા અવશ્ય ઇષ્ટફળને પ્રાપ્ત કરી શકે છે.

**(૮) અષ્ટાપદ પર્વત પર સંસ્થિત સ્વરૂપવાળા :-**

વળી ભગવાન પ્રતિમારૂપે અષ્ટાપદ પર્વત ઉપર સંસ્થાપિત સ્વરૂપવાળા છે; કેમ કે ભરત મહારાજાએ ચોવીસે તીર્થંકરોના દેહના વર્ણન આદિને અનુરૂપ તેમના સ્વરૂપની ઉપસ્થિતિ થાય તેવી ચોવીસે તીર્થંકરોની પ્રતિમા સ્થાપન કરેલ છે. તેથી ભગવાન અષ્ટાપદ પર સંસ્થાપિત સ્વરૂપવાળા છે.

**(૯) આઠ કર્મોના વિનાશક :-**

આઠે કર્મોના વિનાશને કરનારા ભગવાન છે; કેમ કે ભગવાને સ્વપરાક્રમ દ્વારા સર્વ કર્મોનો નાશ કરીને સિદ્ધઅવસ્થાને પ્રાપ્ત કરેલ છે. તે અવસ્થાને તે સ્વરૂપે ઉપસ્થિત કરીને તેમના ભાવમાં જે તન્મય થાય છે તેઓ નિરાલંબન-ધ્યાનના બળથી આઠેય કર્મોનો નાશ કરે છે અને અંતે મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી આઠેય કર્મોના નાશ પ્રત્યે ભગવાન પ્રબળ કારણ છે.

**ચોવીશ જિનેશ્વરો :-**

ઉપરમાં વર્ણન કર્યા તેવા ગુણોવાળા ચોવીસે પણ જિનેશ્વરો અપ્રતિહત શાસનવાળા જય પામો. આ પ્રકારે ભગવાનની સ્મૃતિ કરીને ગૌતમસ્વામી કહે છે કે ભગવાનનું શાસન ક્યાંય હણાતું નથી પરંતુ પરિપૂર્ણ શુદ્ધ છે. આવા શાસનવાળા ભગવાન જગતમાં વિસ્તારને પામો, જેથી તેમના અપ્રતિહત શાસનને પામીને યોગ્ય જીવો કલ્યાણને પ્રાપ્ત કરે. **॥૧॥**

**સૂત્ર :-**

**કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં પઢમસંઘયણિ ઉક્કોસય સત્તરિસય જિણવરાણ વિહરંત લબ્ભઈ નવકોડીહિં કેવલીણ કોડીસહસ્સ નવસાહુ ગમ્મઇ સંપઇ જિણવર વીસ મુણિ બિહું કોડીહિં વરનાણ સમણહ કોડીસહસ્સદુઅ થુણિજ્જઇ નિચ્ચવિહાણિ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ કર્મભૂમિઓમાં પ્રથમ સંઘયણવાળા ઉત્કૃષ્ટથી એકસો સીત્તેર જિનેશ્વરો વિહરતા પ્રાપ્ત થાય છે. નવ ક્રોડ કેવલીઓ અને નવ હજાર ક્રોડ સાધુઓ પ્રાપ્ત થાય છે. વર્તમાનમાં ૨૦ જિનેશ્વર, કેવલજ્ઞાની ૨ ક્રોડ અને સાધુઓ ૨ હજાર ક્રોડ પ્રાપ્ત થાય છે, જેમની નિત્ય પ્રાતઃકાળમાં સ્તુતિ કરવી જોઈએ. ||૨||**

**ભાવાર્થ :-**

જગતમાં પંદર કર્મભૂમિઓ છે, તે કર્મભૂમિમાં તીર્થંકરો, કેવલીઓ અને સુસાધુઓ થાય છે. જગતમાં તે જ મુખ્યરૂપે પૂજ્ય છે; કેમ કે સંસારની વિડંબનાથી પર થયેલા તીર્થંકરો અને કેવલીઓ છે અને સુસાધુઓ સતત સંસારની વિડંબનાથી પર થવાની સાધના કરનારા છે. તેથી તેઓનું નિત્ય સ્મરણ કરવું જોઈએ. વસ્તુતઃ યોગ્ય જીવો ઉત્તમ પુરુષોની સ્તુતિ કરીને તેમના જેવી શક્તિનો સંચય કરવા ઇચ્છે છે અને પ્રસ્તુત ગાથાથી વિચારે છે કે જગતમાં ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો થાય છે, તે વખતે કર્મભૂમિ પણ ઉત્તમપુરુષોથી ગાજતી હતી; કેમ કે મહાવિદેહની સર્વ વિજયોમાં, પાંચેય ભરતમાં અને પાંચેય ઐરવતમાં સર્વોત્તમ પુરુષ એવા તીર્થંકરો વિચરતા હતા, જેમના સાંનિધ્યના બળથી ઉત્કૃષ્ટ એવા નવ ક્રોડ કેવલીઓ અને જેઓ હજુ કેવલજ્ઞાન પામી શક્યા નથી તેવા પણ સુસાધુઓ ઉત્કૃષ્ટ એવી નવ હજાર ક્રોડ સંખ્યાથી પ્રાપ્ત થયા હતા. આવો કાળ અજિતનાથ ભગવાનના વખતમાં હતો. શેષ કાળમાં જઘન્યથી ૨૦ તીર્થંકરો, બે ક્રોડ કેવલીઓ, ૨ હજાર ક્રોડ સુસાધુઓ હોય છે, જે વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રને આશ્રયીને પ્રાપ્ત થાય છે. ઉત્કૃષ્ટ કાળ અને જઘન્ય કાળ સિવાયના શેષ કાળમાં મધ્યમ સંખ્યામાં તીર્થંકરો, કેવલીઓ અને સાધુઓ પ્રાપ્ત થાય છે. તે સર્વને નિત્ય સવારમાં સ્મરણ કરાય છે જેથી તેવા ઉત્તમપુરુષના ગુણોના સ્મરણથી વાસિત થયેલ ચિત્ત સુખપૂર્વક તેવા ઉત્તમપુરુષો તુલ્ય થવા માટેનો યત્ન કરવા સમર્થ બને છે. **||૨||**

**સૂત્ર :-**

**જયઉ સામિય જયઉ સામિય રિસહ સત્તુંજિ, ઉજ્જિંતિ પહુનેમિજિણ જયઉ વીર સચ્ચઉરિમંડણ, ભરુઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિપાસ દુહદુરિઅખંડણ, અવરવિદેહિં તિત્થયરા ચિહું દિસિ વિદિસિ જિંકેવિ, તિઆણાગય સંપઇય વંદુ જિણ સવ્વેવિ ||૩||**

**સૂત્રાર્થ :-**

**હે સ્વામી ! જય પામો. હે સ્વામી ! જય પામો. શત્રુંજયમાં ઋષભદેવ અને ઉજ્જયંતગિરિમાં નેમનાથ પ્રભુ જય પામો. સત્યપુરી મંડન એવા વીર ભગવાન જય પામો. ભૃગકચ્છમાં મુનિસુવ્રતસ્વામી જય પામો. દુઃખ અને દુરિતને ખંડન કરનારા મુહરિપાર્શ્વનાથ ભગવાન જય પામો.**

**અપરવિદેહમાં વર્તતા તીર્થંકરો ચારેય દિશા કે વિદિશામાં જે કોઈપણ અતીત, અનાગત અને વર્તમાનમાં જિનો છે તે સર્વ જિનોને હું વંદન કરું છું. ||૩||**

**ભાવાર્થ :-**

ભક્તિના પ્રકર્ષ અર્થે મહાત્માઓ ભાવન કરે છે કે હે સ્વામી ! તમે જય પામો. હે સ્વામી ! તમે જય પામો. આ પ્રકારના સંબોધન દ્વારા તીર્થંકર પ્રત્યેનો ભક્તિનો પરિણામ પ્રકર્ષવાળો થાય છે.

વળી તે ભગવાન જિનપ્રતિમારૂપે કયા ક્યા છે ? તેને સ્મરણ કરીને ભાવને અતિશય કરવા અર્થે મહાત્માઓ ભાવન કરે છે કે શત્રુંજયમાં વર્તતા ઋષભદેવ ભગવાન જય પામો. ઉજ્જયંતગિરિના શિખર પર વર્તતા નેમનાથ પ્રભુ જય પામો.

આ પ્રકારના ભાવનકાળમાં તે તે સ્થાનમાં વર્તતી તે તે જિનપ્રતિમાનું સ્મરણ થાય છે. તે તે જિનપ્રતિમા જિનનો સ્થાપનાનિક્ષેપ હોવાથી જિનના ગુણોનું સ્મરણ થાય છે. જિનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત તેઓ પ્રત્યે ભક્તિ અર્થે કહે છે કે તે જિનો જય પામો ત્યારે તે તીર્થંકરો પ્રત્યે બહુમાનનો ભાવ અતિશયવાળો થાય છે જે મહાનિર્જરાનું કારણ છે.

વળી, ભાવનો અતિશય કરવા અર્થે મહાત્મા ભાવન કરે છે કે સત્યપુરી મંડન શ્રી વીર ભગવાન જય પામો. ભૃગુકચ્છનગરના મુનિસુવ્રત ભગવાન જય પામો. દુઃખને અને દુરિતને ખંડન કરે એવા મુહરીપાર્શ્વનાથ ભગવાન જય પામો.

આ પ્રકારના ભાવનથી તે તે નગરમાં વર્તતી તે તે જિનપ્રતિમાની સ્મૃતિ થાય છે, જેના સ્મરણપૂર્વક તેમની સ્તુતિ કરવાથી જિનતુલ્ય જિનપ્રતિમા પ્રત્યે ભક્તિનો પરિણામ અતિશયિત થાય છે.

વળી અપર વિદેહમાં જે તીર્થંકરો છે, ચારે દિશા-વિદિશામાં તીર્થંકરો છે, અર્થાત્ જે તીર્થંકરોની પ્રતિમાઓ છે તેમ જ અતીત, અનાગત અને વર્તમાનમાં જે કોઈ જિનો છે તે સર્વને હું વંદન કરું છું. આ પ્રકારના ભાવ કરીને વીતરાગ પ્રત્યેનો રાગ અતિશય-અતિશયતર કરવા અર્થે મહાત્માઓ યત્ન કરે છે. જેઓને ઉત્તમ ભાવોને કરવામાં સંતોષ નથી તેવા મહાત્માઓ જે જે પ્રકારે જે જે તીર્થંકર આદિનું સ્મરણ થઈ શકે તે સર્વનું સ્મરણ કરીને સદા તેઓને વંદન કરે છે જેથી ઉત્તમપુરુષોની જેમ પોતાનામાં પણ મહાસત્ત્વ પ્રગટ થાય. **॥૩॥**

**અવતરણિકા :-**

**વળી, ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય કરવા અર્થે ત્રણ લોકમાં વર્તતાં શાશ્વત ચૈત્યોને સંખ્યાથી સ્મરણ કરીને વંદન કરવા અર્થે મહાત્મા ભાવન કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**સત્તાણવઇ સહસ્સા, લક્ખા છપ્પન અટ્ઠકોડિઓ;**
**બત્તીસસય બાસિયાઇં, તિઅલોએ ચેઈએ વંદે ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**ત્રણ લોકમાં વર્તતા આઠ ક્રોડ, છપન્ન લાખ સત્તાણું હજાર બત્રીસો અને બ્યાસી શાશ્વત ચૈત્યોને હું વંદન કરું છું.=૮,૫૭,૦૦,૨૮૨ શાશ્વત ચૈત્યોને, હું વંદન કરું છું. ॥૪॥**

**ભાવાર્થ :-**

જેઓને તીર્થંકર પ્રત્યે ભક્તિ છે તેઓને તીર્થંકરના નામ અને તીર્થંકરોની સ્થાપનારૂપ પ્રતિમા પ્રત્યે પણ ભક્તિ હોય છે. જે જિનપ્રતિમા વિધિશુદ્ધ રીતે પ્રતિષ્ઠિત થયેલ હોય તે પ્રતિમાને શાસ્ત્રમાં ભાવગ્રામ કહેવાય છે. અર્થાત્ ભગવાનના પ્રત્યેના ભાવની નિષ્પત્તિનું પ્રબળ કારણ કહેવાય છે. ઉત્સર્ગથી આવી વિધિશુદ્ધપ્રતિષ્ઠિત પ્રતિમા જ વંદનીય છે. આવી પ્રતિમાની દુર્લભતામાં અપવાદથી પૂર્ણ વિધિશુદ્ધ ન હોય તેવી પ્રતિષ્ઠિત પ્રતિમા પણ વંદનીય છે. શાશ્વત પ્રતિમાઓ કોઈનાથી પ્રતિષ્ઠિત નહીં હોવા છતાં ભાવગ્રામ પ્રતિમાતુલ્ય જ હોવાથી અત્યંત પૂજનીય છે. દેવલોકમાં જે ચૈત્યો છે તેમાં તેવી ઘણી શાશ્વત પ્રતિમાઓ છે. દેવલોકમાં રહેલાં ચૈત્યો શાશ્વત છે. મનુષ્યલોકમાં પણ કેટલાંક શાશ્વત ચૈત્યો છે. આ સર્વ શાશ્વત ચૈત્યોમાં ઘણી બધી જિનપ્રતિમાઓ છે. તેથી પ્રસ્તુત ગાથાથી મહાત્મા શાશ્વત ચૈત્યોને સંખ્યાથી સ્મરણ કરીને વંદના કરવાનો અધ્યવસાય કરે છે, જેથી જગતમાં વર્તતા તીર્થંકરો પ્રત્યે જેમ બહુમાનભાવ વર્તે છે તેમ તેમનાં શાશ્વત ચૈત્યો પ્રત્યે પણ બહુમાનભાવ વૃદ્ધિ પામે. સર્વ શાશ્વત ચૈત્યોની સંખ્યા જાણીને તેની માનસ ઉપસ્થિતિ કરવાથી ઘણી સંખ્યામાં રહેલાં સર્વ શાશ્વત ચૈત્યો પ્રત્યે બહુમાનભાવ થવાથી ભક્તિનો પ્રકર્ષ થાય છે. ॥૪॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં શાશ્વત ચૈત્યોને સંખ્યાથી ઉપસ્થિત કરીને તેમને વંદન કરીને મહાત્માએ ભાવશુદ્ધિ કરી. હવે તે શાશ્વત ચૈત્યોમાં વર્તતી શાશ્વત જિનપ્રતિમાઓને સંખ્યાથી ઉપસ્થિત કરીને તે પ્રતિમાઓને નમસ્કાર કરે છે –**

**સૂત્ર :-**

**પનરસ કોડીસયાઇં, કોડી બાયાલ લક્ખ અડવન્ના;**
**છત્તીસ સહસ અસીઇં, સાસય બિંબાઈં પણમામિ ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**પંદરસો બેંતાલીસ ક્રોડ, અઠ્ઠાવન લાખ, છત્રીશ હજાર એંશી શાશ્વત બિંબોને હું પ્રણામ કરું છું=૧૫.૪૨,૫૮,૩૬,૦૮૦ શાશ્વત બિંબોને હું પ્રણામ કરું છું. ॥૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વ ગાથામાં શાશ્વત ચૈત્યોને સંખ્યાથી સ્મરણ કરીને મહાત્માઓ તે ચૈત્યો પ્રત્યે ભક્તિ ઉલ્લસિત થાય તે પ્રકારે વંદનની ક્રિયા કરે છે. ઉત્તમભાવમાં મહાત્માને સંતોષ હોતો નથી તેથી વિચારે છે કે સંખ્યાથી શાશ્વત ચૈત્યોને વંદન કરીને મેં ઉત્તમભાવ કર્યો છે. હવે તે ચૈત્યામાં વર્તતી એવી શાશ્વત પ્રતિમાઓને પણ સંખ્યાથી સ્મરણ કરીને હું નમસ્કાર કરું જેથી ભાવગ્રામ એવી શાશ્વત પ્રતિમા પ્રત્યે ભક્તિના બળથી મને તીર્થંકરો પ્રત્યેની ભક્તિનો અતિશય પરિણામ થાય; પરિણામે હું સંસારનો શીઘ્ર અંત કરવા સમર્થ બનું. આ પ્રકારના લક્ષ્યને નજર સમક્ષ રાખીને પ્રસ્તુત ગાથાથી વિવેકી મહાત્માઓ શાશ્વત જિનપ્રતિમાઓને વંદન કરે છે. **॥૫॥ ॥૧૨॥**

❖

## ૧૩. શ્રી જં કિંચિ સૂત્ર

**અવતરણિકા :-**

**ભગવાન પ્રત્યેના ભક્તિભાવને અતિશય કરવા અર્થે સંક્ષેપથી સર્વ તીર્થોને વંદન કરવા માટે મહાત્માઓ પ્રસ્તુત સૂત્રથી યત્ન કરે છે –**

**સૂત્ર :-**

**જં કિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;**
**જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**સ્વર્ગ, પાતાળ અને મનુષ્યલોકમાં જે કોઈ તીર્થ છે અને જે કોઈ જિનબિંબો છે તે સર્વને હું વંદન કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

વંદનની ક્રિયા એટલે તેના અવલંબન દ્વારા તદ્ભાવને અભિમુખ તત્તુલ્ય થવાનો વ્યાપાર. આનાથી એ પ્રાપ્ત થાય કે જિનબિંબ અને જિનચૈત્યનું અવલંબન લઈને જિનતુલ્ય થવાનો જે વ્યાપાર છે તે વંદન છે. જે મહાત્મા સંક્ષેપથી સર્વ ચૈત્યોને અને સર્વ જિનબિંબોને વંદન કરીને પોતાનું જીવવીર્ય જિનતુલ્ય થવા માટે ઉલ્લસિત કરે છે તેઓ પ્રસ્તુત સૂત્રથી ભાવવંદનાને પ્રાપ્ત કરી શકે છે. **॥૧૩॥**

❖

# ૧૪. શ્રી નમુત્થુણં (શક્રસ્તવ) સૂત્ર

**અવતરણિકા :-**

**બત્રીશ કે તેત્રીશ આલાવાનું સંપદા સાથે યોજન :-**

નમુત્થુણં સૂત્રમાં બત્રીશ આલાપકો છે અને અન્ય મતે "वियट्टच्छउमाणं" શબ્દ દ્વારા તેત્રીશ આલાપકો છે તેમાં પ્રથમ બે આલાવા દ્વારા સ્તોતવ્યસંપદા કહેવાય છે અર્થાત્ "नमुत्थुणं अरिहंताणं भगवंताणं" એ બે આલાપક દ્વારા સ્તોતવ્ય એવા અરિહંત ભગવંતો છે તેમ ઉપસ્થિત થાય છે, તેઓને મારો નમસ્કાર થાઓ તે પ્રકારે કહેવાય છે. આ બે આલાવા સ્તોતવ્ય સ્વરૂપને બતાવનારા છે; કેમ કે અરિહંત ભગવંતોના સ્તોતવ્યપણામાં જ આખુ સૂત્ર છે. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાન પૂજાને યોગ્ય છે. અને ગુણસંપત્તિવાળા છે માટે સ્તોતવ્ય છે. તેવા ભગવાનને સ્મરણ કરીને મારાથી નમસ્કાર થાઓ એ પ્રકારની ઈચ્છા કરાય છે. ત્યાર પછી અન્ય ત્રણ સ્તોતવ્ય સંપદાના જ પ્રધાન સાધારણ અસાધારણરૂપ હેતુ સંપદા છે; કેમ કે ભગવાન ચરમ ભવ પૂર્વે જન્માદિ પ્રપંચ કરવાના સ્વભાવવાળા હતા. હવે ચરમભવમાં છે તેથી જન્માદિ પ્રપંચ કરવાના સ્વભાવવાળા નથી. માટે આદિમાં જન્માદિ પ્રપંચને કરવાના સ્વભાવવાળા છે. તેથી આદિકરણ સ્વભાવવાળા છે અને જગતમાં તીર્થને સ્થાપનારા હોવાથી તીર્થંકર છે. અને કોઈનાથી બોધ પમાડેલા નથી પરંતુ ચરમ ભવમાં સ્વયં બોધિત છે. તેથી આ ત્રણ પદો વડે સ્તોતવ્ય સંપદાની જ પ્રધાન એવી સાધારણ અસાધારણરૂપ હેતુ સંપદા કહેવાય છે. તેમાં આદિકરણ સ્વભાવ સર્વ મોક્ષમાં જનારા જીવો સાથે સાધારણ છે. અને તીર્થંકર સ્વભાવ સ્વયં સંબોધ સ્વભાવ તીર્થંકરોનું અસાધારણ સ્વરૂપ છે. વળી, બીજા ચાર આલાવા સ્તોતવ્ય સંપદાના જ અસાધારણરૂપ હેતુ સંપદ્ છે; કેમ કે "પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરષવરપુંડરીક, પુરુષવરગંધહસ્તિ" એ ચાર પદો દ્વારા ભગવાનનું અસાધારણ વિશેષ સ્વરૂપ બતાવાયું છે. અને ભગવાન પુરુષોત્તમાદિ ભાવોવાળા હોવાથી જ સ્તોતવ્ય છે. વળી, અન્ય પાંચ આલાવા વડે સ્તોતવ્ય સંપદાની જ સામાન્ય ઉપયોગ સંપદાને કહે છે; કેમ કે લોકોત્તમાદિ પાંચ પદો દ્વારા ભગવાનનું સર્વ જીવોનું સામાન્યથી ઉપકારકપણું છે. તેથી જીવો માટે ભગવાન ઉપકારક હોવાથી આ પદો દ્વારા ભગવાનનો જીવોને શું ઉપયોગ છે. તે બતાવાયો છે. વળી, અન્ય પાંચ આલાવા દ્વારા ઉપયોગ સંપદાની જ હેતુ સંપદા કહેલ છે; કેમ કે અભયાદિ પદો દ્વારા લોકોના ઉપકારની સિદ્ધિ છે. તેથી ઉપયોગ સંપદાની જ હેતુ સંપદ્ છે. વળી, તેનાથી અન્ય એવા પાંચ આલાવા દ્વારા સ્તોતવ્ય સંપદાની જ વિશેષથી ઉપયોગ સંપદ્ છે; કેમ કે ધમ્મદયાણં આદિભાવોથી ભગવાનનો લોકોને વિશેષથી ઉપયોગ છે. અને તે ઉપયોગનું ફળ તો ઉપદેશાદિ સાંભળીને જીવોને અભય આદિ ભાવોની પ્રાપ્તિ જ છે, પરંતુ અન્ય કોઈ ભાવની પ્રાપ્તિ નથી. વળી, તે ભાવોની પ્રાપ્તિ ભગવાન ધર્મને દેનારા છે, ધર્મના દેશક છે, ઈત્યાદિ ભાવોથી

થાય છે. તેનાથી અન્ય બે આલાવા દ્વારા સ્તોતવ્ય સંપદાની જ સકારણ સ્વરૂપ સંપદ્ છે; કેમ કે ભગવાન અપ્રતિહત એવા શ્રેષ્ઠ કેવલજ્ઞાન અને કેવલદર્શનને ધારણ કરનારા વ્યાવૃત છદ્મસ્થ ભાવવાળા છે. તેથી ભગવાન જે સ્વરૂપે સ્તોતવ્ય છે તેનું જ આ સ્વરૂપ છે અને આવા સ્વરૂપને કારણે જ ભગવાન સ્તોતવ્ય છે. તેથી સ્તોતવ્ય સંપદાની જ બે આલાવા દ્વારા સકારણ સ્વરૂપ સંપદા બતાવાયેલ છે. વળી, બીજા ચાર આલાવા દ્વારા ભગવાન પોતાના તુલ્ય પરમાં ફલને કરનારા છે, તેને બતાવનારી સંપદ્ છે; કેમ કે જિણાણં જાવયાણં આદિ દ્વારા તેવા સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે. જેમ ભગવાન મોહને જીતનારા છે તેમ ભગવાન મોહને જિતાડનારા છે. તેવા સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે. માટે ભગવાન પોતાના તુલ્ય યોગ્ય જીવને કરનારા છે. તેવા સ્વરૂપની ઉપસ્થિતિ પ્રસ્તુત આલાવાથી થાય છે. વળી, તેના અન્ય એવા ત્રણ આલાવા દ્વારા પ્રધાન ગુણના અપરિક્ષયપૂર્વક પ્રધાન ફલની પ્રાપ્તિરૂપ અભય સંપદ્ કહેવાઈ છે; કેમ કે ભગવાન મોક્ષમાં જાય છે ત્યારે સર્વજ્ઞ, સર્વદર્શીરૂપ જે જીવમાં પ્રધાન ગુણ છે તે કેવલજ્ઞાન વખતે પ્રગટ થયેલું તેનો નાશ થતો નથી તેથી ભગવાન પ્રધાન ગુણના અપરિક્ષયવાળા છે. વળી જીવનું પ્રધાન ફળ સર્વ ઉપદ્રવ વગરની સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિ છે અને તેને જ્યારે ભગવાન પ્રાપ્ત કરે છે ત્યારે સંપૂર્ણ ઉપદ્રવ વગરના નગરમાં ભગવાન પહોંચેલા હોવાથી ભગવાન જિતભયવાળા છે –

**સૂત્ર :-**

**નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં,**

**સૂત્રાર્થ :-**

**અરિહંત ભગવંતોને મારો નમસ્કાર થાઓ.**

**સૂત્ર :-**

**આઇગરાણં તિત્થયરાણં સયંસંબુદ્ધાણં.**

**સૂત્રાર્થ :-**

**આદિ કરનારા, તીર્થ સ્થાપનારા, પોતાની મેળે બોધ પામેલા એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)**

**સૂત્ર :-**

**પુરિસુત્તમાણં પુરિસસીહાણં પુરિસવરપુંડરિયાણં પુરિસવર-ગંધહત્થીણં.**

**સૂત્રાર્થ :-**

**પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ, પુરુષોમાં ઉત્તમ પ્રકારના પુંડરીક કમળ, પુરુષોમાં ઉત્તમ પ્રકારના ગંધહસ્તિ એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)**

સૂત્ર :-

**લોગુત્તમાણં લોગનાહાણં લોગહિઆણં લોગપઇવાણં લોગપજ્જોઅગરાણં.**

સૂત્રાર્થ :-

લોકોમાં ઉત્તમ, લોકોના નાથ, લોકનું હિત કરનારા, લોકમાં પ્રકાશ કરનારા, લોકમાં ઉદ્યોત કરનારા એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)

સૂત્ર :-

**અભયદયાણં ચક્ખુદયાણં મગ્ગદયાણં સરણદયાણં બોહિદયાણં.**

સૂત્રાર્થ :-

અભય આપનારા, ચક્ષુ આપનારા, માર્ગ બતાવનારા, શરણ આપનારા, બોધિને આપનારા એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)

સૂત્ર :-

**ધમ્મદયાણં ધમ્મદેસયાણં ધમ્મનાયગાણં ધમ્મસારહીણં ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં.**

સૂત્રાર્થ :-

ધર્મને આપનારા, ધર્મનો ઉપદેશ કરનારા, ધર્મના નાયક, ધર્મના સારથી, શ્રેષ્ઠ ધર્મથી ચાર ગતિના અંતને કરનારા ચક્રવર્તી એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)

સૂત્ર :-

**અપ્પડિહયવરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં.**

સૂત્રાર્થ :-

અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શન ધારણ કરનારા, વિગત છે છદ્મસ્થપણું જેમનું એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)

સૂત્ર :-

**જિણાણં જાવયાણં તિન્નાણં તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોઅગાણં.**

સૂત્રાર્થ :-

જીતનારા, જિતાડી આપનારા, તરી જનારા, તારનારા, બોધ પામેલા, બોધ પમાડનારા, મુકાયેલા મુકાવનારા એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)

સૂત્ર :-

**સવ્વન્નૂણં સવ્વદરિસીણં.**

**સૂત્રાર્થ :-**

**સર્વજ્ઞ, સર્વદર્શી એવા ભગવાનને (મારો નમસ્કાર થાઓ, એમ સંબંધ છે.)**

**સૂત્ર :-**

**સિવમયલમરૂવમણંતમક્ખયમવ્વાબાહમપુણરાવિત્તી-સિદ્ધિગઇનામધેયં ઠાણં સંપત્તાણં.**

**સૂત્રાર્થ :-**

**કલ્યાણકારી, અચલ, રોગ વગરના, અંત વગરના, અક્ષય, અવ્યાબાધાવાળા, અને જ્યાંથી કદી પાછા ફરવાનું થતું જ નથી એવા સિદ્ધિગતિ નામના સ્થાનને પ્રાપ્ત થયેલા ભગવાનને નમસ્કાર થાઓ.**

**સૂત્ર :-**

**નમો જિણાણં જિઅભયાણં.**

**સૂત્રાર્થ :-**

**જિન, જિતભયવાળા ભગવાનને નમસ્કાર કરું છું.**

**સૂત્ર :-**

**જે અ અઇયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે;**
**સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.**

**સૂત્રાર્થ :-**

**અને જેઓ ભૂતકાળમાં મોક્ષમાં ગયેલા છે, જેઓ ભવિષ્યકાળમાં જશે અને વર્તમાનકાળમાં વિદ્યમાન છે, તે સર્વેને ત્રણ પ્રકારે=મન, વચન, કાયા એમ ત્રણ પ્રકારે, વંદન કરું છું.**

**ભાવાર્થ :-**

**નમુત્થુણં :-**

અરિહંત ભગવંતને નમસ્કાર થાઓ એ વચનમાં अस्तु શબ્દથી નમસ્કાર કરવાની પ્રાર્થના કરી છે; કેમ કે ભાવનમસ્કાર અતિદુઃસાધ્ય છે. તેથી ભાવનમસ્કાર કરવાની ઇચ્છા બતાવવા અર્થે અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું તે પ્રકારે કહેવાને બદલે 'મારાથી નમસ્કાર થાઓ' એ પ્રમાણે કહેલ છે.

જે શ્રાવકોને કે સાધુઓને અરિહંત અને ભગવંત શબ્દથી વાચ્ય એવા તીર્થંકરો અને તીર્થંકરોના ગુણોનું સ્વરૂપ યથાર્થ ઉપસ્થિત હોય તથા તે સ્વરૂપને અવલંબીને ભક્તિના અતિશયથી ભગવાનને નમસ્કાર કરવાના પરિણામવાળા થયા હોય તો નમસ્કારકાળમાં ભગવાનના ગુણોમાં રાગના અતિશયથી ઉપયોગ

પ્રવર્તતો હોય તે રાગને અતિશય કરવાર્થે મન, વચન અને કાયાના યોગો નમસ્કાર કરવાની ક્રિયામાં પ્રવર્તાવે તો નમસ્કરણીય એવા તીર્થંકરોના ગુણો પ્રત્યે વધતો જતો રાગનો ઉપયોગ ભાવનમસ્કાર બને છે; કેમ કે તે નમસ્કારથી તીર્થંકર તુલ્ય ગુણસંપત્તિની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપાર થાય છે. આવો વ્યાપાર કરવો દુષ્કર હોવાથી તેવા નમસ્કાર કરવાની અભિલાષારૂપે "નમોઽસ્તુ" એ પ્રકારે વચન કહેવાય છે.

વળી, જે મહાત્માઓ ભગવાનને ભાવનમસ્કાર કરી શકે છે, તેઓ પણ પોતાનો ભાવનમસ્કાર ઉત્તરના ઉત્કર્ષવાળા ભાવનમસ્કારનું કારણ થાય તે પ્રકારના અભિલાષથી નમોઽસ્તુ એ પ્રમાણે પ્રાર્થના વચન કહે છે.

વળી, નમસ્કારકાળમાં અરિહંત ભગવંતનું સ્વરૂપ જે જે પ્રકારે સૂક્ષ્મ સૂક્ષ્મતર ઉપસ્થિત થાય તે પ્રકારે વારંવાર અરિહંત ભગવંતનું સ્વરૂપ સ્થિર કરવાથી નમસ્કારકાળમાં વિશેષ પ્રકારની પરિણતિ પ્રગટ થાય છે.

**અરિહંતાણં ભગવંતાણં :-**

અરિહંત એટલે અંતરંગ રાગદ્વેષરૂપ શત્રુને જીતનારા અને ભગવંત એટલે સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણવાળા=અષ્ટ મહા પ્રાતિહાર્યરૂપ ઐશ્વર્યવાળા.

**આઇગરાણં :-**

આ રીતે અરિહંત ભગવંતને નમસ્કાર કર્યા પછી આઇગરાણં પદથી આદિમાં કરણશીલ તે આદિકર તેની ઉપસ્થિતિ થાય છે. અર્થાત્ અનાદિ ભવમાં જે જન્માદિ પ્રપંચ પોતે કરેલ છે, તે જન્માદિ પ્રપંચોના હવે ભગવાન નહીં કરનારા હોવાથી ભગવાન આદિકર છે=આદિમાં જન્માદિ પ્રપંચને કરનારા છે. વર્તમાનમાં જન્માદિ પ્રપંચને કરનારા નથી.

**તિત્થયરાણં :-**

વળી, ભગવાન કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થની સ્થાપના કરે છે તેથી તીર્થને કરનારા છે. તેથી એ પ્રાપ્ત થાય કે જગતના જીવોને તરવાનું જે પ્રબળ કારણ છે તે તીર્થ છે. આવા તીર્થને કરનારા તીર્થંકરો છે. તેવી ઉપસ્થિતિ થવાથી સંસારસાગરના તરવાના ઉપાયમાં પ્રબળ નિમિત્તભૂત તીર્થંકરો છે. તેમના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને જગતના જીવો તરે છે તેની ઉપસ્થિતિ થાય છે. તીર્થંકરપણું ભગવાનનો અસાધારણ ગુણ છે; કેમ કે કેવલી આદિ અન્ય મહાત્માઓના અવલંબનથી પણ જીવો તરે છે, છતાં વચનાતિશયવાળા તીર્થંકરો જે રીતે તીર્થ પ્રવર્તાવીને માર્ગ સુવ્યવસ્થિત કરે છે તે પ્રકારે કેવલી આદિ અન્ય મહાત્માઓ કરનારા નથી. વળી, આચાર્ય આદિ તો તીર્થંકર દ્વારા પ્રવર્તાવેલા માર્ગ ઉપર ચાલીને જ યોગ્ય જીવોને માર્ગપ્રાપ્તિનું કારણ બને છે. તેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિમાં પ્રબળ કારણ તીર્થંકરો જ છે, તેવી તીર્થંકર પદથી ઉપસ્થિતિ થાય છે.

**સયંસંબુદ્ધાણં :-**

વળી, ભગવાન કોઈનાથી બોધ પમાડેલા નથી પરંતુ સ્વયંસંબુદ્ધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વ ભવમાં તીર્થંકરો પણ કોઈ તીર્થંકરો દ્વારા પ્રવર્તેલા માર્ગને પામીને તીર્થંકર થયા છે, તોપણ ચરમભવમાં સ્વયંબોધવાળા હોવાથી કોઈના ઉપદેશ વગર યોગમાર્ગમાં પ્રયત્ન કરીને તીર્થંકર થયા છે.

આઈગરાણં આદિ ત્રણ પદો દ્વારા સ્તોતવ્ય એવા ભગવાનની જ સાધારણ-અસાધારણ વિશેષતાની ઉપસ્થિતિ થાય છે. જેના કારણે ભગવાન સ્તોતવ્ય છે તેવો બોધ થાય છે; કેમ કે ભગવાન પૂર્વમાં ભવપ્રપંચને કરનારા હતા, છતાં વર્તમાનમાં ભવપ્રપંચને કરનારા નથી. તેથી તેવા ભવપ્રપંચને નહીં કરનારા ભગવાનની સ્તુતિ કરીને અર્થાત્ ભક્તિ કરીને હું પણ ભગવાન તુલ્ય થવાનો શક્તિનો સંચય કરી શકું માટે ભગવાન સ્તોતવ્ય છે.

વળી, ભગવાન વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી તીર્થની સ્થાપના કરે છે અને સ્વયંબોધવાળા છે માટે તેવા તીર્થની સ્થાપના કરનારા અને સ્વયંબોધવાળા ભગવાનની સ્તુતિ કરીને હું પણ તેમના જેવી શક્તિને મારામાં પ્રગટ કરી શકું એ હેતુથી ભગવાન સ્તોતવ્ય છે.

વળી, ભગવાન સ્તોતવ્ય છે તેનો જ અસાધારણ હેતુ પુરિસુત્તમાણં આદિ ચાર પદો દ્વારા બતાવે છે. અર્થાત્ ભગવાન પુરુષોત્તમ આદિ ભાવવાળા હોવાને કારણે સ્તુતિને પાત્ર છે. વળી, તે રીતે ભગવાનની સ્તુતિ કરવાથી ભગવાનની જેમ પોતાનામાં પણ પોતાના સ્તુતિકાળમાં વર્તતા ભાવના પ્રકર્ષ અનુસાર પુરુષોત્તમ આદિ ભાવો કંઈક કંઈક અંશથી અવશ્ય પ્રગટ થાય છે.

**પુરિસુંત્તમાણં :-**

અને ભગવાન ચરમભવમાં જન્મથી માંડીને અત્યંત ઉચિત પ્રવૃત્તિઓ કરનારા જગતના જીવોના મહાન ઉપકારને કરનારા થાય તેવી વિશેષ યોગ્યતા તેઓમાં સહજ તથાભવ્યત્વાદિના કારણે સદા વર્તે છે, તેથી ભગવાન પુરુષોત્તમ છે.

**પુરિસસીહાણં :-**

વળી, ભગવાન પુરુષમાં સિંહ જેવા છે; કેમ કે સંયમ ગ્રહણ કર્યા પછી કર્મ શત્રુને જીતવા માટે મહાપરાક્રમ ફોરવે છે. જેમ સિંહ શત્રુના નાશમાં અત્યંત શૂરવીર હોય છે તેમ ભગવાન પણ કર્મના નાશ કરવામાં મહાશૂરવીર છે. માટે ભગવાન સ્તોતવ્ય છે. આ પ્રકારે 'પુરિસસીહાણં' પદથી ભગવાનની ઉપસ્થિતિ થવાથી કર્મના નાશ માટે મહાપરાક્રમ ફોરવતા તીર્થંકરો સંયમ કાળમાં કઈ રીતે અંતરંગ શત્રુને નાશ કરવા માટે યત્ન કરતા હોય છે ? તેની સ્મૃતિ થાય છે અને તેવા ઉત્તમ પુરુષ પ્રત્યે રાગ કરવાથી તેમના જેવા થવાને અનુકૂળ ઉત્તમ સંઘયણ, ઉત્તમ સત્ત્વ વગેરે પ્રાપ્ત થાય તેવી પુણ્યપ્રકૃતિ સ્વઅધ્યવસાયને અનુરૂપ બંધાય છે. આવા ઉત્તમ પુરુષોના ગુણો પ્રત્યેનો રાગ જેટલો તીવ્ર તેટલા તે અવસ્થા પ્રત્યેના રાગના સંસ્કારોને કારણે તેવી અવસ્થાની પ્રાપ્તિને અનુકૂળ પરાક્રમ ફોરવવાનું જીવવીર્ય તે ભવોમાં

ઉલ્લસિત થાય છે. આથી જ ભગવાનના પુરિસસિંહ પદથી ભાવિત થયેલા મહાત્મા વીર્યના પ્રકર્ષવાળા થાય તો જન્માંતરમાં પોતે પણ કર્મ શત્રુઓના નાશ માટે તેવા પરાક્રમવાળા થાય છે. તેથી શક્તિ અનુસાર વારંવાર પરમાત્માના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શે તે રીતે દરેક પદોને ગ્રહણ કરીને તેના અર્થ પ્રત્યે અને તેના ભાવો પ્રત્યે રાગ વધે તે પ્રકારે યત્ન કરવામાં આવે તો તે તે પદો બોલતી વખતે તે તે પદોથી ઉપસ્થિત થતો બોધ આત્મામાં મહાવીર્યના સંચયનું કારણ બને છે.

**પુરિસવરપુંડરિયાણં :-**

વળી, ભગવાન પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક જેવા છે. જે પ્રમાણે પુંડરીક=કમળ, કાદવમાં ઉત્પન્ન થાય છે અને જળમાં વધે છે; છતાં કાદવ અને જળ બંનેને છોડીને ઉપર વર્તે છે. વળી, પ્રકૃતિથી સુંદર છે, ભુવનલક્ષ્મીનું નિવાસસ્થાન છે, ચક્ષુ આદિના આનંદનું સ્થાન છે. વિશિષ્ટ ગુણવાળાં કમળો તિર્યંચ, મનુષ્ય અને દેવો વડે સેવાય છે અને સુખના હેતુઓ છે. તે રીતે ભગવાન પણ કર્મરૂપી કાદવમાં થયેલા છે; કેમ કે ચરમભવની પ્રાપ્તિ કર્મરૂપી કાદવથી થયેલ છે અને દિવ્ય ભોગરૂપ પાણીથી વર્ધિત છે=આહારાદિ દ્વારા ભગવાનનો દેહ વૃદ્ધિ પામેલો છે, છતાં ભગવાન કર્મરૂપી કાદવ અને ભોગરૂપી જલ એ બંનેને છોડીને ઉપરમાં વર્તે છે; કેમ કે સંયમના પ્રયોજનથી આહાર ગ્રહણ કરે છે ત્યારે પણ કર્મરૂપી કાદવમાં લેપાતા નથી, ભોગરૂપ જલમાં રહેલા નથી. પરંતુ એ બંનેથી બહાર વર્તે છે.

જેમ કમળો પ્રકૃતિથી સુંદર છે તેમ ભગવાન અતિશયના યોગથી સુંદર છે=નિર્મળ કોટિનાં મતિ આદિ ચાર જ્ઞાનોથી શોભાયમાન છે. વળી, જેમ કમળ ભુવન લક્ષ્મીનું નિવાસસ્થાન છે તેમ ભગવાન અનેક ગુણોના નિવાસ સ્થાન છે. આથી જ છદ્મસ્વઅવસ્થામાં પણ અનેક લબ્ધિઓથી સંપન્ન હોવા છતાં તદ્દન નિઃસ્પૃહચિત્તવાળા છે. જેમ કમળ ચક્ષુને આનંદ આપે છે તેમ ભગવાન દર્શન કરનારને આનંદના હેતુઓ છે; કેમ કે અદ્ભુત રૂપ, અદ્ભુત સત્ત્વ, અદ્ભુત સંયમ વગેરે જોઈને યોગ્ય જીવોને ભગવાનના દર્શનાદિથી આનંદ ઉત્પન્ન થાય છે. જેમ કમળો શ્રેષ્ઠ ગુણના યોગને કારણે તિર્યંચ, મનુષ્ય અને દેવોથી સેવાય છે તેમ ભગવાન કેવલજ્ઞાનાદિ ગુણોને કારણે ભવ્ય જીવો વડે સેવાય છે. જેમ કમળો સેવનારને સુખના હેતુ છે તેમ ભગવાનની ઉપાસના કરનાર જીવો માટે નિર્વાણનું કારણ છે અર્થાત્ મોક્ષરૂપ મહાસુખનું કારણ છે.

આ રીતે પુંડરીકના ગુણોનું સ્મરણ કરીને ભગવાનમાં રહેલી ઉત્તમતાની જેને ઉપસ્થિતિ થાય છે તેને તેવા ભગવાન પ્રત્યે તેના બોધ અનુસાર રાગ ઉત્પન્ન થાય છે જે રાગ જ ભગવાન જેવા નિર્લેપ થવાનું કારણ થશે. તેથી સ્વશક્તિ અનુસાર જે જીવો શ્રેષ્ઠ પુંડરીક તુલ્ય ભગવાનના સ્વરૂપને ઉપસ્થિત કરીને જે જે અંશથી તેનું ભાવન કરે છે. તે તે અંશથી ભગવાનના તે તે ભાવો પ્રત્યે થયેલો રાગ પોતાને પણ તેમના તુલ્ય થવાની શક્તિનું આધાન કરે છે.

**પુરિસવરગંધહત્થીણં :-**

હાથીઓમાં ગંધહસ્તિ વિશિષ્ટ હાથી છે. જેના આગમનથી અન્ય હાથીઓના મદ ઝરી જાય છે. તેથી તે વખતે અન્ય હાથીઓ કેટલોક કાળ સુધી મદ વગરના થવાથી શિથિલ શરીરવાળા બને છે. જેમ

ગંધહસ્તિ ક્ષુદ્ર ગજોની શક્તિનો નાશ કરે છે તેમ ભગવાન જ્યાં વિચરે છે ત્યાં અચિંત્ય પુણ્યના અનુભાવને કારણે=વિપાકને કારણે, ભગવાનના વિહારથી ભગવાનના દેહને સ્પર્શીને જતા પવનના ગંધથી જગતમાં દુર્ભિક્ષ આદિ ઉપદ્રવો દૂર થાય છે. માટે ઉત્તમ પુરુષ એવા ભગવાન સ્તોતવ્ય છે, તેમાં ભગવાનમાં વર્તતો ગંધહસ્તિધર્મ હેતુ છે. તેથી પુરિસવરગંધહત્થીણં પદ દ્વારા ભગવાનની વિશિષ્ટ પુણ્યપ્રકૃતિ કે જે જગતના જીવોના ઉપદ્રવોના ઉપશમનું કારણ છે તેની ઉપસ્થિતિ થાય છે, જેનાથી ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. આ ભાવના સ્મરણપૂર્વક ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય તે ભાવને અનુકૂળ પુણ્યપ્રકૃતિ બંધાય છે. જે ભાવિના કલ્યાણની પરંપરાનું કારણ થશે. તેથી પદે પદે અર્થના ઉપયોગના સ્મરણપૂર્વક ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે સૂત્રનું ભાવન કરવા યત્ન કરવો જોઈએ.

હવે ભગવાન અરિહંત ભગવંત સ્વરૂપે સ્તોતવ્ય છે. તે સ્તોતવ્ય સંપદાનો સામાન્યથી લોકોને કઈ રીતે ઉપયોગ છે ? તે બતાવનાર સંપદાને પાંચ આલાવાથી બતાવે છે –

**લોગુત્તમાણં :–**

ભગવાન લોકોત્તમ છે. અહીં લોક શબ્દથી ભવ્ય જીવોને ગ્રહણ કરવામાં આવેલ છે. ભવ્ય જીવોમાં ભગવાન લોકોત્તમ છે; કેમ કે બધા ભવ્યજીવોના કલ્યાણનું એક કારણ એવા તથાભવ્યત્વના કારણે ભગવાન અન્ય ભવ્ય જીવો કરતાં ઉત્તમ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ભવ્ય જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા હોવા છતાં બધા યોગ્ય જીવોના કલ્યાણનું કારણ બને તેવું ભવ્યત્વ તીર્થંકરના જીવોમાં છે. તેથી સિદ્ધિગમન યોગ્ય એવા જીવો કરતાં ભગવાન લોકોત્તમ છે. આથી જ ચરમભવમાં અત્યંત ઔચિત્યપૂર્વકનું જીવન ગર્ભથી માંડીને જીવનારા છે. તીર્થની સ્થાપના કરીને ઘણા જીવોના હિતનું કારણ બને તેવી ઉત્તમ પ્રકૃતિવાળા છે. તેથી ભગવાનનો લોકોત્તમ ધર્મ જીવોને સામાન્યથી ઉપયોગી છે. માટે સ્તોતવ્ય સંપદાની જ સામાન્ય ઉપયોગસંપદારૂપે ભગવાનનો લોકોત્તમરૂપ ધર્મ છે, તેમ કહેલ છે. જેમ સંસારી જીવોને પુદ્ગલરૂપ સુવર્ણ અને પુદ્ગલરૂપ અન્ય કચરો બંને હોવા છતાં સુવર્ણ ઉપયોગી જણાય છે, અન્ય કચરો ઉપયોગી જણાતો નથી તેમ ભગવાનનું લોકોત્તમપણું હોવાથી ભગવાન યોગ્ય જીવોને લોકોત્તમરૂપે ઉપયોગી થાય છે, જ્યારે અન્ય ભવ્ય જીવો પોતાનું કલ્યાણ કરનારા થવા છતાં, ભગવાનની જેમ અન્ય જીવોને ઉપયોગી થતા નથી. માટે અરિહંત ભગવંતરૂપ જે સ્તોતવ્ય સંપદા છે, તેનો જ સામાન્ય ઉપયોગ જીવોને થાય તેવો લોકોત્તમધર્મ ભગવાનમાં છે. જેમ સુવર્ણમાં સુવર્ણત્વ ધર્મ છે. માટે લોકોને ઉપયોગી બને છે.

**લોગનાહાણં :–**

લોકોના નાથ છે. અહીં લોક શબ્દથી વિશિષ્ટ ભવ્ય લોક ગ્રહણ કરાયેલ છે. જે ભવ્ય જીવોનો ભાવમલ કંઈક મંદ થયો છે, તેથી ભગવાનને પામીને બીજાધાન આદિ પ્રાપ્ત કરે તેવા છે તેવા જીવોના ભગવાન નાથ છે; કેમ કે જે યોગ અને ક્ષેમને કરે તે નાથ કહેવાય. તેથી જે જીવોનો ભાવમલ અલ્પ થયો છે, તેના

કારણે કાંઈક તત્ત્વને સન્મુખ થયા છે, એવા જીવોને ભગવાન અપૂર્વ ગુણનો યોગ કરાવી શકે છે અને પ્રાપ્ત થયેલા ગુણનું રક્ષણ કરાવી શકે છે. તેથી તેવા યોગ્ય જીવો માટે ભગવાન નાથ છે.

આ પ્રકારના લોકનાથપણાનું લોકોને સામાન્યથી ઉપયોગ હોવાને કારણે ભગવાનની સ્તોતવ્ય સંપદાની જ સામાન્ય ઉપયોગ સંપદ્ લોકનાથ આદિરૂપ સંપદ્ છે. આ સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરવાથી ભગવાનનો યોગ્ય જીવો પ્રત્યે અનુપમ ઉપકાર છે, તેનું સ્મરણ થાય છે; કેમ કે ઘણા યોગ્ય જીવો પણ ઉચિત નાથરૂપ ઉપદેશક ન મળ્યા હોય તો તેઓની જે યોગ્યતા છે તેનો નાશ પણ થાય છે અને અપૂર્વ પ્રાપ્તિ થઈ શકે તેવી યોગ્યતા હોવા છતાં અપૂર્વને પ્રાપ્ત કરી શકતા નથી.

જેમ ઘણા ભદ્રક પ્રકૃતિવાળા જીવોને તત્ત્વની જિજ્ઞાસા થઈ હોય છતાં તત્ત્વને બતાવનાર ઉચિત ઉપદેશ ન મળે તો તે પ્રગટ થયેલી તત્ત્વની જિજ્ઞાસા પણ શાંત થાય છે, ક્વચિત્ વિપરીત ઉપદેશ મળે તો વિપરીત બોધરૂપે પરિણમન પામે છે અને વિશેષ પ્રકારના ગુણની પ્રાપ્તિની યોગ્યતા હોવા છતાં વિશેષ ગુણને પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે ભગવાન તો યોગ્ય જીવોને ઉચિત દિશા બતાવીને તેના પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ પણ કરે છે અને નહીં પ્રાપ્ત થયેલા અપૂર્વગુણોનો યોગ પણ કરાવે છે. આથી જ વર્તમાનમાં ભગવાનનો વિરહ હોવા છતાં કોઈ યોગ્ય જીવ જિનવચન અને જિનપ્રતિમાનું યથાર્થ આલંબન પ્રાપ્ત કરી શકે તો તે જિનવચન અને જિનપ્રતિમાના આલંબનથી પોતાને પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરી શકે છે અને અપૂર્વ ગુણોનો યોગ પણ કરી શકે છે; કેમ કે જિનપ્રતિમાનું આલંબન સતત તેને વીતરાગતાને અનુકૂળ ઉચિત ઉદ્યમ કરવાની પ્રેરણા કરે છે, જેનાથી પ્રેરાઈને તે જીવ પોતાને પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરે છે અને નવા નવા ગુણોનો યોગ પણ કરે છે. જે જીવો ભગવાનનાં શાસ્ત્ર વિદ્યમાન હોવા છતાં અને જિનપ્રતિમા વિદ્યમાન હોવા છતાં તે રીતે જિનવચનનું કે જિનપ્રતિમાનું આલંબન લઈ શકતા નથી, તેઓમાં જિનપ્રતિમા કે જિનવચન અપૂર્વનો યોગ અને પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ કરાવી શકતા નથી. જેઓ સાક્ષાત્ ભગવાનના વચનના અવલંબનથી કે ભગવાનની પ્રતિમાના અવલંબનથી વીતરાગતાને અનુકૂળ સૂક્ષ્મ ઊહ થાય તે રીતે યત્ન કરે છે, તેઓના ભગવાન યોગક્ષેમ કરનારા બને છે.

**લોગહિઆણં :-**

વળી, ભગવાન લોકના હિતને કરનારા છે=જીવોના સમુદાયરૂપ લોક અથવા પંચાસ્તિકાયાત્મક લોક તેના હિતને કરનારા ભગવાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે લોક શબ્દથી સર્વ જીવો લઈએ ત્યારે ભગવાન સર્વ જીવોના હિતને કરનારા છે; કેમ કે ભગવાને બતાવેલા યોગમાર્ગ ઉપર ચાલનારા યોગીઓ છકાયનું પાલન કરે છે ત્યારે તે જીવોથી જગતના જીવોને જે ઉપદ્રવ થતો હતો તે ઉપદ્રવથી સર્વ જીવો તેટલા અંશમાં રક્ષિત બને છે અને ભગવાનના માર્ગને પામીને જે જીવો જેટલા અંશમાં યોગમાર્ગને સેવે છે તેટલા અંશમાં તે જીવો અન્ય જીવોને ઉપદ્રવ કરનારા થતા નથી. ભગવાનના વચનના બળથી યોગમાર્ગને પૂર્ણપણે સેવીને જે જીવો મોક્ષમાં જશે તેઓના તરફથી સર્વ જીવોને સદા માટેનો ઉપદ્રવ દૂર થશે. તેથી અન્ય જીવોને જે ઉપદ્રવના

અભાવની પ્રાપ્તિ થઈ તેમાં ભગવાન કારણ છે, માટે સર્વ જીવોના હિતને કરનારા ભગવાન છે તેમ કહેવાય છે.

લોક શબ્દનો અર્થ પંચાસ્તિકાયાત્મક લઈએ ત્યારે ધર્માસ્તિકાયાદિરૂપ પાંચેય દ્રવ્યોના હિતને કરનાર છે, તેવો અર્થ પ્રાપ્ત થાય છે.

અહીં પ્રશ્ન થાય કે જડ એવા આકાશ આદિનું ભગવાન કઈ રીતે હિત કરનારા છે ? તેથી કહે છે –

ભગવાનના ઉપદેશ વગર જગતના જીવો જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિથી જડ અને ચેતન એવા સર્વ પદાર્થોના અહિતને અનુકૂળ વ્યાપાર થાય છે. ફક્ત તે અચેતન પદાર્થો જડ હોવાથી તેઓના અહિતને અનુકૂળ કરાયેલો વ્યાપાર તેઓનું અહિત કરતો નથી, પરંતુ અહિત કરનાર જીવમાં તે અહિત વિશ્રાંત થાય છે. વળી, કેટલાંક ચેતન દ્રવ્યોને પણ અહિત થાય એવો વ્યાપાર કોઈકના દ્વારા કરાયેલો હોવા છતાં તેઓના પુણ્યના પ્રકર્ષને કારણે તેઓનું અહિત થતું નથી, એટલું જ નહીં પરંતુ તેઓના અહિતને અનુકૂળ કરાયેલો વ્યાપાર તેઓના હિતનું કારણ પણ બને છે, તેથી બીજાના અહિતને અનુકૂળ કરાયેલા વ્યાપારથી થયેલા ક્લિષ્ટ પરિણામથી તે પ્રકારનું અહિત પોતાને જ પ્રાપ્ત થાય છે. આથી પોતાનાથી ભિન્ન એવા અન્ય જીવોના કે અન્ય જડ પદાર્થોના અહિતને અનુકૂળ વ્યાપારનો નિરોધ ભગવાનના ઉપદેશના બળથી યોગ્ય જીવો કરે છે. તેથી ઉચિત ઉપદેશદાન દ્વારા ભગવાન જડ, ચેતનરૂપ પંચાસ્તિકાયમય લોકના હિતને કરનારા છે.

ભગવાન લોકોને સામાન્યથી કઈ રીતે ઉપકારક છે ? તે લોકપ્રદીપ શબ્દથી બતાવે છે –

**લોગપઇવાણં :-**

અહીં લોક શબ્દથી જે જીવો ભગવાનનું વચન યથાર્થ જાણી શકે તેવા સંજ્ઞીલોકનું ગ્રહણ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સંજ્ઞી એવા જે પશુ, મનુષ્ય, દેવ કે નારકી ભગવાનના વચનને સાંભળીને કે ભગવાનની પ્રતિમાને વીતરાગરૂપે જોઈને કે સાક્ષાત્ ભગવાનનાં દર્શનને પામીને જેટલા અંશમાં તત્ત્વસ્પર્શી સૂક્ષ્મ બોધ કરે એટલો બોધ કરાવવામાં ભગવાન પ્રદીપ તુલ્ય છે, તેથી તેવા જીવો માટે ભગવાન પ્રદીપ તુલ્ય છે. દરેક જીવોના ક્ષયોપશમની તરતમતાને અનુરૂપ ભગવાનની પ્રદીપતુલ્યતા તરતમતાવાળી છે. જે જીવો અતિ પ્રચુર મિથ્યાત્વવાળા છે તેઓને ભગવાન લેશ પણ બોધ કરાવી શકતા નથી. આથી જિનવચનથી, સાક્ષાત્ જિનથી કે જિનપ્રતિમાથી તત્ત્વ વિષયક તે જીવોને કોઈ બોધ થતો નથી. પરંતુ મંદમિથ્યાત્વ આદિ અવસ્થાવાળા જીવો માટે ભગવાન પ્રદીપ તુલ્ય હોવાથી તેવા જીવો માટે ભગવાનનો સામાન્યથી ઉપયોગ છે. આ રૂપે ઉપસ્થિત કરવાથી ભગવાનના લોકપ્રદીપત્વ ગુણને કારણે ભગવાન સંસારઅટવીમાં પડેલા જીવો માટે સન્માર્ગ બતાવવા દ્વારા પ્રદીપની જેમ ઉપકારક છે, તે રૂપે ભગવાનની સ્મૃતિ થાય છે. તે સ્વરૂપે સ્તુતિ કરવાથી તે ગુણથી ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે છે.

**લોગપજ્જોઅગરાણં :-**

વળી, ભગવાન લોકના પ્રદ્યોતકર છે=પ્રકૃષ્ટ એવા શ્રુતજ્ઞાનરૂપ પ્રદ્યોતને કરનારા છે.

અહીં લોક શબ્દથી ઉત્કૃષ્ટ મતિવાળા ભવ્ય જીવો જ ગ્રહણ કરાય છે. તેથી ઔત્પાતિકી આદિ ચાર મતિઓ જેમાં પ્રકૃષ્ટ છે એવા ગણધરો લોક શબ્દથી ગ્રહણ કરાય છે. તેઓને માટે ભગવાન પ્રકૃષ્ટ ઉદ્યોતને કરનારા છે; કેમ કે ભગવાનને પામીને ગણધરો ત્રિપદી દ્વારા ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વને પ્રાપ્ત કરે છે. આ રીતે ભગવાન ગણધરોને માટે પ્રકૃષ્ટ બોધ કરનારા હોવાથી લોક-પ્રદ્યોતત્વગુણથી લોકોને ભગવાનનો સામાન્ય ઉપયોગ છે. તેથી તે સ્વરૂપે ભગવાનનું સ્મરણ થવાથી તે પ્રકારે ભગવાન પ્રત્યે બહુમાન ભાવ થાય છે.

ભગવાનની સ્તોતવ્ય સંપદાની સામાન્ય ઉપયોગ સંપદા લોકોત્તમ પદ આદિથી બતાવી. હવે તે લોકોત્તમ આદિ ગુણવાળા ભગવાનનો કઈ રીતે ઉપકાર જીવો ઉપર થાય છે ? તે બતાવવા અર્થે તે ઉપયોગ સંપદાની જ હેતુ સંપદા કહે છે; કેમ કે ભગવાન લોકોત્તમ હોવાથી યોગ્ય જીવોને તે તે જીવની ભૂમિકાનુસાર અભયાદિથી માંડી બોધિ સુધીના ગુણની પ્રાપ્તિ કરાવે છે.

ભગવાન લોકના નાથ હોવાથી યોગ્ય જીવોમાં જે અભયાદિ ગુણો પ્રગટ્યા છે, તે ગુણોના યોગ-ક્ષેમ કરનારા ભગવાન બને છે. આથી જ જે જીવોને અભયાદિમાંથી જે ગુણ પ્રાપ્ત થયો હોય તે ગુણનું રક્ષણ અને નવા ગુણની પ્રાપ્તિ કરાવે છે. વળી, ભગવાન લોકોનું હિત કરનારા છે. તેથી પણ સર્વ જીવોને ઉપદ્રવો દૂર થાય છે. જેથી સંસારી જીવો સુખી થાય છે. વળી, ભગવાન જે જીવો માટે જેટલા અંશમાં પ્રદીપ તુલ્ય છે, તે જીવો ભગવાનને પામીને સ્વભૂમિકાનુસાર અભયાદિ ભાવોને પ્રાપ્ત કરે છે. વળી, ભગવાન લોકપ્રદ્યોતકર હોવાને કારણે ગણધરાદિને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ પ્રકૃષ્ટ બોધિની પ્રાપ્તિ કરાવે છે. તેથી ભગવાનની સામાન્ય ઉપયોગ સંપદાનો હેતુ અભયદાનાદિ પાંચ ભાવો છે. જેનાથી જગતના જીવોને તેઓની યોગ્યતાનુસાર ભગવાનથી ઉપકાર થાય છે.

**અભયદયાણં :-**

જે જીવોને ભવ પ્રત્યેના નિર્વેદને કારણે ભગવાન પ્રત્યે જેટલું બહુમાન થાય છે તે બહુમાનને અનુરૂપ વિશિષ્ટ કર્મોનો ક્ષયોપશમ થાય છે અને તેનાથી જીવોમાં અભય આદિ ધર્મની સિદ્ધિ થાય છે=અભય આદિ ભાવોના પ્રતિબંધક કર્મોના નાશથી તેટલા અંશમાં આત્માની નિર્મળતારૂપ અભયાદિની સિદ્ધિ થાય છે. તેથી જે જીવોને આદ્યભૂમિકાનો ભવનિર્વેદ થયો તેના કારણે ભવથી પર એવા ભગવાન પ્રત્યે આદ્યભૂમિકાનું બહુમાન થયું તે બહુમાનને કારણે તે જીવને અભયની પ્રાપ્તિ થાય છે.

અભય એટલે સાત પ્રકારના ભયોના પ્રતિપક્ષરૂપ એવો આત્માનો સ્વસ્વભાવ. તેનાથી એ પ્રાપ્ત થાય કે સંસારવર્તી જીવો સાતભયોથી સદા વ્યાકુળ છે. તે ભયના નિવારણ માટે ધન અર્જનાદિ સર્વ કૃત્યો કરે છે. તે ભયોના નિવારણમાં જ તેઓની સર્વ શક્તિ વ્યાપારવાળી છે; છતાં ચાર ગતિમાં પરિભ્રમણ તે જીવો કરે છે ત્યારે તે ભય તેઓને સતત સતાવે છે. પરંતુ તે ભયથી તેઓ આત્માનું રક્ષણ કરી શકતા નથી; કેમ કે તે ભયના નિવારણનો ઉચિત ઉપાય પ્રાપ્ત કરી શકે તેવી ચિત્તની સ્વસ્થતા જ તેઓને પ્રાપ્ત થઈ નથી.

જેઓને કંઈક વિવેક પ્રગટ્યો છે તે જીવોને સંસારના સાત પ્રકારના ભયોના નિવારણનો ઉપાય ભગવાન દેખાય છે. તેથી સ્વસ્થતાથી સંસારના ભયોના નિવારણરૂપ સંસારના ઉચ્છેદનો ઉપાય કંઈક વિચારી શકે તેવી ચિત્તની ભૂમિકા જેઓને પ્રાપ્ત થઈ છે, તેઓ યોગમાર્ગની પ્રથમ ભૂમિકારૂપ અભયને ભગવાનથી પ્રાપ્ત કરે છે.

જેમ કોઈક ભયની સ્થિતિમાં હોય અને સ્વસ્થતાથી ભયના ઉચ્છેદનો ઉપાય કરી શકે તેવી ચિત્તની ભૂમિકાને પામે, તેમ સંસારી જીવ સંસારના સર્વ ભયોના ઉચ્છેદનો ઉપાય સ્વસ્થતાથી વિચારી શકે તેવી ભૂમિકાને પ્રાપ્ત કરે છે. તે ભગવાનના અભયદાનના ગુણથી પ્રાપ્ત કરે છે.

**ચક્ખુદયાણં :-**

વળી, અભયની પ્રાપ્તિ પછી ભગવાનના બળથી ચક્ષુ મળે છે, જે અંતરંગ ક્ષયોપશમ ભાવરૂપ છે, અર્થાત્ સંસારના પરિભ્રમણરૂપ ચાર ગતિઓમાં વર્તતા ભયોથી છૂટવાના ઉપાયરૂપ માર્ગને જોવાને અનુકૂળ એવા ક્ષયોપશમ ભાવરૂપ છે. જેને ભાવથી ચક્ષુની પ્રાપ્તિ કહેવાય છે. તેથી અભયની પ્રાપ્તિ પછી જેઓમાં કંઈક અધિક વિવેક પ્રગટે છે, તે જીવો ભગવાનના વચનના બળથી કે જિનપ્રતિમા આદિથી ચક્ષુની પ્રાપ્તિ કરે છે. આ ચક્ષુના બળથી તેઓને સંસારથી પર થવાને અનુકૂળ કંઈક માર્ગનું દર્શન થાય છે.

**મગ્ગદયાણં :-**

જેઓ ભાવચક્ષુની પ્રાપ્તિ કરતાં કંઈક અધિક ભૂમિકાના ક્ષયોપશમભાવને પામે છે, તેઓના માટે ભગવાન માર્ગને દેનારા બને છે. વસ્તુતઃ ભગવાને બતાવેલ માર્ગ બે પ્રકારના છે : સ્થૂલબોધરૂપ અને સૂક્ષ્મબોધરૂપ. તેમાંથી જે સ્થૂલબોધરૂપ માર્ગ છે તે દ્રવ્યમાર્ગ છે, જેને સેવીને જીવો ક્રમસર ભાવમાર્ગ પ્રાપ્ત કરે છે. ચક્ષુની પ્રાપ્તિ પછી યોગ્ય જીવો જે માર્ગને પ્રાપ્ત કરે છે તે દ્રવ્યમાર્ગ છે અને જેઓ દ્રવ્યથી અંતરંગ એવા મોક્ષમાર્ગને પામે છે તેઓનું ચિત્ત તત્ત્વાતત્ત્વના વિભાગમાં અવક્ર ગમન કરે છે. તેથી વિશિષ્ટ ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ એવા તેઓનું માર્ગમાં જવાનું પ્રયાણ શરૂ થાય છે. આ પ્રકારના માર્ગને પામેલા જીવો માત્ર બાહ્ય ક્રિયાથી સંતોષ પામતા નથી, પરંતુ તે તે ધર્મક્રિયાઓ દ્વારા અંતરંગ પરિણામ પ્રગટ થાય તેમાં જ પ્રીતિને ધારણ કરનારા હોય છે, છતાં અંતરંગ પરિણામમાં યત્ન દુષ્કર હોવાથી તેઓના પ્રયત્નથી કંઈક અંતરંગ ભાવોને અનુકૂળ યત્ન થાય છે, જેનાથી માર્ગગમન કરીને તેઓ ક્રમસર સમ્યક્ત્વને પામશે. આ માર્ગગમનની પરિણતિ જીવની તત્ત્વાતત્ત્વના વિભાગને અનુકૂળ માર્ગાનુસારી ચિત્તની પરિણતિ સ્વરૂપ છે, જેથી માર્ગના સેવન કાળમાં પણ તે જીવોને સુખ ઉત્પન્ન થાય છે; કેમ કે તે તે ક્રિયા દ્વારા કંઈક યત્ન કરીને તેઓ ઉપશમ ભાવના સુખને પ્રાપ્ત કરે છે.

**શરણદયાણં :-**

વળી, જે જીવોને માર્ગની પ્રાપ્તિ પછી કંઈક વિશેષ તત્ત્વવિષયક ઊહ પ્રગટે છે તેઓને ભગવાન શરણને દેનારા છે. અહીં "શરણ" ભયથી આર્ત જીવોને રક્ષણને અનુકૂળ ક્રિયારૂપ છે. આ શરણ

સંસારરૂપી અટવીમાં રહેલા અતિ પ્રબળ રાગાદિથી પીડિત અને દુઃખપરંપરાના સંક્લેશથી વિક્ષોભને પામેલા જીવોને સમાશ્વાસનના સ્થાન જેવું તત્ત્વચિંતારૂપ અધ્યવસાય છે, જે વિશેષ પ્રકારના તત્ત્વને જાણવાને અનુકૂળ વિવિદિષા સ્વરૂપ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સંસારવર્તી જીવો અટવીમાં રહેલા છે, ભયથી આકુળ છે. અટવીમાં પડેલો જીવ જેમ અનેક પ્રકારનાં દુઃખોથી વ્યાકુળ હોય તેમ સંસારી જીવો પોતાનામાં વર્તતા અતિ પ્રબળ રાગાદિ દોષોથી પીડિત છે. તેથી દુઃખની પરંપરા અને સંક્લેશથી ક્ષોભ પામેલા છે. તે વખતે ભગવાનનું શરણું તેમને આશ્વાસનરૂપ બને છે કે આ ભગવાનના શરણના બળથી હું સુખપૂર્વક આ સંસારરૂપી અટવીમાંથી પાર નીકળી શકીશ. તે શરણ ભગવાનના વચનના પરમાર્થને જાણવાને અનુકૂળ માર્ગાનુસારી ઊહ સ્વરૂપ છે. જેના બળથી તે જીવોને કંઈક સ્પષ્ટ, સ્પષ્ટતર બોધ થાય છે કે વીતરાગને કે વીતરાગના વચનને અવલંબીને હું અવશ્ય વીતરાગ તુલ્ય થઈ શકીશ. વળી, ભગવાન પ્રદીપ તુલ્ય હોવાથી ભગવાનની પ્રતિમાના બળથી કે ભગવાનના આગમવચનના બળથી યોગ્ય જીવોને આ પ્રકારનો માર્ગાનુસારી ઊહ થઈ શકે તેવો બોધ થાય છે. જેથી તે જીવો ઉત્તમ પુરુષોના વચનના બળથી સુખપૂર્વક સંસારઅટવીમાંથી બહાર નીકળવા માટે સમર્થ બને છે. માટે વિષમ માર્ગમાંથી પ્રયાણ કરનારા પુરુષને લૂંટારા આદિથી રક્ષણ કરનાર શરણ પુરુષની જેમ યોગમાર્ગમાં ચાલનારા જીવોને વિવિદિષાનો અધ્યવસાય ભગવાન શરણરૂપ છે.

જેઓમાં વિવિદિષારૂપ ગુણ પ્રગટે છે તેઓમાં તત્ત્વ જાણવાના વિષયમાં શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણા, વિજ્ઞાન, ઊહાપોહ અને તત્ત્વઅભિનિવેશરૂપ પ્રજ્ઞાના ગુણો પ્રગટે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેઓને ભગવાનનું શરણું પ્રાપ્ત થયું તેઓના ચિત્તમાં તે પ્રકારનો શાંતરસ ઉત્પન્ન થયો છે. જેથી મોહથી આકુળ થયા વગર તત્ત્વનો યથાર્થ નિર્ણય કરવાને અનુકૂળ સદ્શાસ્ત્રનાં વચનનોને સાંભળવા વગેરેની ઉચિત ક્રિયા કરીને તે જીવો તત્ત્વના નિર્ણય કરવા માટે સદા ઉદ્યમ કરે છે જેથી શબ્દથી થતા સામાન્ય બોધમાં તેઓને સંતોષ થતો નથી પરંતુ ભગવાનના દરેક વચનો કઈ રીતે વીતરાગતાને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત કરે છે ? તેના પરમાર્થને જાણવા માટે સદા તેઓ માર્ગાનુસારી ઊહ કરે છે. એવા જીવોને પંચપરમેષ્ઠિ નવકારનું સૂત્ર પણ ઘણા સૂક્ષ્મ ભાવો બતાવીને તેના પરમાર્થનો નિર્ણય કરાવે તેવી સૂક્ષ્મ પ્રજ્ઞા પ્રાપ્ત કરાવે છે.

**બોહિદયાણં :-**

વળી, ભગવાન બોધિને આપનારા છે=સર્વજ્ઞપ્રણીત ધર્મની પ્રાપ્તિને કરાવનારા છે. તેથી જે જીવો પ્રત્યે જેટલા અંશમાં ભગવાન પ્રદીપ તુલ્ય છે તે પ્રમાણે તે જીવોને તે પ્રકારનો બોધ થાય છે, એ નિયમાનુસાર જેઓને ભગવાનના વચનના સૂક્ષ્મ અર્થની પ્રાપ્તિ થાય તેવો ઊહાપોહ ભગવાનને અવલંબીને અથવા ભગવાનના વચનને અવલંબીને કે જિનપ્રતિમાને અવલંબીને થાય છે તે જીવ ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તે સમ્યક્ત્વ જ ઉત્તરોત્તર વિશુદ્ધ, વિશુદ્ધતર થઈને ક્ષાયિકભાવની વીતરાગતાની પ્રાપ્તિનું

કારણ બને છે. આ સર્વ પ્રકારથી જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ ભગવાનના અવલંબનથી થાય છે. આથી જ સમ્યક્ત્વને પામ્યા પછી પણ યોગ્ય જીવો ઉત્તર ઉત્તરના વિશેષ વિશેષ પ્રકારના બોધની ભૂમિકાને ભગવાનના અવલંબનથી જ પ્રાપ્ત કરે છે. આથી જ, જીર્ણશેઠને ભગવાનના પારણાના અભિલાષના બળથી પ્રવર્ધમાન સૂક્ષ્મ વીતરાગતાને અનુકૂળ ઊહ ક્ષપકશ્રેણીની આસન્ન ભૂમિકા સુધી પ્રવર્ધમાન થયો. માટે સર્વ કલ્યાણની પરંપરાના પ્રબળ કારણભૂત જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ ભગવાનથી થાય છે. માટે ભગવાન યોગ્ય જીવોના અત્યંત ઉપકારક હોવાથી ભગવાનની ઉપયોગ સંપદ્નું હેતુ એવું બોધિનું દાન છે; કેમ કે આ બોધિના દાનથી જ જગતના જીવોને ભગવાનનો ઉપયોગ છે.

વળી ભગવાન અરિહંત પરમાત્મા છે, માટે સ્તોતવ્ય છે અને લોકોત્તમાદિ ભાવોવાળા છે માટે લોકોને સામાન્યથી ઉપયોગવાળા છે. તેથી લોકોને સામાન્યથી ભગવાનનો ઉપયોગ છે તે પૂર્વમાં બતાવ્યું. હવે તે ભગવાનનો ધર્મદત્ત્વાદિ ભાવોથી લોકોને વિશેષ ઉપયોગ છે તે બતાવતાં કહે છે –

**ધમ્મદયાણં :-**

ભગવાન સદ્દેશનાને ઝીલવાની યોગ્યતા યોગ્ય જીવોમાં ઉત્પન્ન કરે છે, તે ધર્મની અપેક્ષાએ ભગવાન ધર્મને દેનારા છે.

અહીં ધર્મ શબ્દથી ચારિત્રધર્મ ગ્રહણ કરાય છે અને તે ચારિત્રધર્મ શ્રાવકધર્મ અને સાધુધર્મના ભેદથી બે પ્રકારનો છે. શ્રાવકધર્મ અણુવ્રત આદિથી માંડીને ઉપાસકપ્રતિમાની ક્રિયાથી સાધ્ય સર્વવિરતિને અભિમુખ જીવના પરિણામરૂપ છે અને સાધુધર્મ આત્મપરિણામરૂપ છે. વળી, સાધુધર્મ સામાયિક આદિ ગત વિશુદ્ધ ક્રિયા અભિવ્યંગ્ય બધા જીવોના હિતાશય અમૃત સ્વરૂપ પોતાનો પરિણામ છે. અર્થાત્ સર્વવિરતિચારિત્રરૂપ સાધુધર્મ સંયમની શુદ્ધ ક્રિયાથી અભિવ્યક્ત થાય છે અને ષટ્ કાયના જીવોના પાલનના જીવના પરિણામરૂપ છે. તેથી ભાવસાધુ સદા અંતરંગરૂપે મોહના નાશ માટે સુભટની જેમ કષાયોને ક્ષીણ કરવામાં યત્નવાળા હોય છે અને દેહાદિના પ્રયોજનથી ગમનાદિ કોઈ ક્રિયા કરે ત્યારે કાંટાથી યુક્ત ભૂમિમાં ગમન કરનાર પુરુષની જેમ અત્યંત ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરે છે. આવો સાધુધર્મ ભગવાનના અનુગ્રહ વગર થતો નથી; કેમ કે અનેક હેતુઓથી આવી યોગ્યતા પ્રાપ્ત થવા છતાં ભગવાનની જ તે પ્રકારના અનુગ્રહમાં પ્રધાનતા છે. ચારિત્રધર્મની આસન્ન એવા જીવને ભગવાનમાં બહુમાન થાય છે. તેથી જીવમાં સદ્ધર્મને ઝીલવાની યોગ્યતા પ્રગટે છે. તેથી સદ્ધર્મરૂપ ચારિત્રને દેનારા ભગવાન છે તેમ ઉપચારથી કહેવાય છે.

આશય એ છે કે પૂર્વમાં બતાવ્યું એમ ભગવાન બોધિને આપનારા છે અને તે બોધિની પ્રાપ્તિ થયા પછી તે બોધિ જ ઉત્તરોત્તર વિકાસ પામીને શ્રાવકધર્મ અને સાધુધર્મરૂપે પરિણમન પામે છે. તેવો શ્રાવકધર્મ કે સાધુધર્મ ભાવથી પ્રાપ્ત કરવાને અનુકૂળ યોગ્યતા જીવમાં ભગવાનના નિમિત્તથી પ્રગટે છે. આથી જ ભગવાનને પામીને મેઘકુમારના જીવને સર્વવિરતિ ગ્રહણ કરવાનો પરિણામ થયો. તેથી તે પ્રકારની જીવમાં યોગ્યતા પ્રગટ કરવામાં ભગવાન બલવાન નિમિત્ત છે. આથી વર્તમાનમાં પણ જેઓ ભગવાનના ગુણોનું પ્રણિધાન કરીને વિવેકપૂર્વક દ્રવ્યસ્તવ કરે છે. તેઓમાં ભાવસ્તવને અનુકૂળ સર્વવિરતિની યોગ્યતા પ્રગટે

છે. તેથી ઉપદેશના બળથી, પ્રતિમાના આલંબનથી કે ભગવાને કહેલા ઉપદેશ અનુસાર પ્રવર્તતા શાસ્ત્રવચનના બળથી ઘણા યોગ્ય જીવોમાં દેશવિરતિ કે સર્વવિરતિને અનુકૂળ યોગ્યતા ભગવાનથી પ્રગટ થાય છે. તેથી દેશવિરતિ કે સર્વવિરતિને અનુકૂળ એવી યોગ્યતાને ભગવાન દેનારા છે.

અહીં પ્રશ્ન થાય કે દેશવિરતિધર્મ કે સર્વવિરતિધર્મ છે, પરંતુ તેની યોગ્યતા એ સ્વયં ધર્મ નથી અને ભગવાન તેની યોગ્યતા દેનારા હોવા છતાં ધર્મને દેનાર છે તેમ કેમ કહ્યું ? તેથી કહે છે –

દેશવિરતિ કે સર્વવિરતિની યોગ્યતા એ કારણ છે અને તેનું કાર્ય દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને ભગવાન ધર્મને દેનારા છે, એમ કહેલ છે.

વળી, દેશવિરતિરૂપ ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે –

અણુવ્રત આદિથી માંડીને શ્રાવકની અગિયાર પ્રતિમાઓની ક્રિયાથી સાધ્ય શ્રાવકધર્મ છે.

તેથી એ ફલિત થાય કે કોઈ શ્રાવક અણુવ્રત આદિ બાર વ્રતો ગ્રહણ કરે અને ઉત્તરમાં શક્તિ અનુસાર અગિયાર પ્રતિમાઓનું સેવન કરે અને તે ક્રિયાના બળથી કષાયોના ક્ષયોપશમભાવરૂપ શાંતરસને પ્રાપ્ત કરે તે શ્રાવકધર્મ છે. પરંતુ માત્ર બાર વ્રતોની ક્રિયા કે પ્રતિમા વહનની ક્રિયા શ્રાવકધર્મ નથી. તેથી જે શ્રાવક વીતરાગતાનું સ્મરણ કરીને વીતરાગતાના ઉપાયભૂત સર્વવિરતિનું સ્મરણ કરીને સર્વવિરતિવાળા મુનિના ઉત્તમ ચિત્તને અનુકૂળ એવું કષાયોનું શમન પોતાનામાં થાય તે પ્રકારના દઢપ્રણિધાનપૂર્વક શ્રાવકોના આચારોને સેવે છે તે શ્રાવકો બારવ્રતો અને પ્રતિમાના બળથી સ્વ-સ્વ અંતરંગ યત્ન અનુસાર અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયોનું શમન કે કષાયોને મંદ-મંદતર કરે છે. તેઓમાં તે તે ભૂમિકાનુસાર શ્રાવકધર્મ પ્રગટ થાય છે.

વળી, શ્રાવકધર્મનું સ્વરૂપ વિશેષથી બતાવતાં કહે છે –

સાધુધર્મને પ્રાપ્ત કરવાના અભિલાષાના અતિશયરૂપ આત્મપરિણામ સ્વરૂપ શ્રાવકધર્મ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે જે મહાત્મામાં અભિલાષાનો અતિશય વર્તે છે, તે મહાત્મા મન, વચન અને કાયાની પ્રવૃત્તિમાં દઢ યત્ન કરીને ત્રણેય યોગોને તે રીતે પ્રવર્તાવે છે કે જેથી સાધુધર્મને અનુકૂળ પોતાનો આત્મપરિણામ સતત વૃદ્ધિને પામે. આથી સાધુ દેહ વગેરે સર્વ બાહ્ય પદાર્થોની સંગનો ત્યાગ કરીને સર્વદ્રવ્ય, સર્વક્ષેત્ર, સર્વકાળ, અને સર્વભાવો પ્રત્યે અપ્રતિબદ્ધ માનસવાળા થવા સતત ઉદ્યમ કરે છે. તેનું ભાવન કરીને શ્રાવક પણ તેવું સાધુપણું કઈ રીતે સંસારના નિસ્તારનું કારણ છે ? તેનું ભાવન કરીને સદા તે રીતે શ્રાવકધર્મમાં યત્ન કરે છે કે જેથી ભાવસાધુતુલ્ય સંસારના ઉચ્છેદનું વીર્ય પોતાનામાં પ્રગટ થાય.

**ધમ્મદેસયાણં :-**

વળી, ભગવાન ધર્મની દેશના આપનારા છે. ધર્મ પ્રસ્તુત એવો દેશવિરતિ અને સર્વવિરતિ સ્વરૂપ છે. વળી, જીવોની યોગ્યતા અનુસાર ભગવાન તે તે જીવોને તે તે પ્રકારનો ધર્મ કહે છે. તે આ પ્રમાણે –

બળતા ઘર જેવો આ ભવ છે.

ભગવાન મહાસંવેગને પ્રગટ કરે એવા વીતરાગભાવોથી ભાવિત એવાં વચનોથી 'બળતા ઘર જેવો ભવ છે' તેમ કહે તે સાંભળીને ઘણા યોગ્ય જીવોને ચારગતિઓની જે વિડંબના છે, તે પ્રત્યક્ષ બળતા ઘર જેવી જ પ્રતીત થાય છે. તેથી તે સાંભળીને જેમ બળતા ઘરમાંથી બહાર નીકળવાની ઉત્કટ ઇચ્છા થાય તેમ બળતા એવા ચારગતિના પરિભ્રમણરૂપ ભવથી મુક્ત થવાની યોગ્ય જીવોને ઉત્કટ ઇચ્છા થાય છે.

વળી, ભવનું વિશેષ સ્વરૂપ સ્પષ્ટ કરતાં ભગવાન કહે છે –

'શારીરિક, માનસિક, કાષાયિક દુઃખોનું નિવાસસ્થાન ભવ છે.' આ સાંભળીને યોગ્ય જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે. વળી, તેઓને આત્મકલ્યાણ અર્થે ઉલ્લસિત કરવા અર્થે ભગવાન કહે છે – 'સંસારમાં બુદ્ધિમાન પુરુષે પ્રમાદ કરવો યુક્ત નથી, પરંતુ ભવના ઉચ્છેદ માટેના ઉચિત ઉપાયોને જાણવા માટે અને તે ઉચિત ઉપાયોને જાણીને સ્થિર કરવા માટે અને શક્તિ અનુસાર તે ઉપાયોને સેવીને ભવ ઉચ્છેદ માટે અપ્રમાદ કરવો જોઈએ.'

કેમ ભવના ઉચ્છેદ માટે અપ્રમાદ કરવો જોઈએ ? તે દૃઢ કરવાર્થે યોગ્ય જીવોને ભગવંત કહે છે –

અતિ દુર્લભ એવી આ મનુષ્યભવની અવસ્થા છે.

ત્યાં પ્રશ્ન થાય કે મનુષ્યભવ દુર્લભ હોય તેનાથી શું ? તેથી કહે છે –

પરલોકને સુંદર કરવાનું પ્રધાન કારણ છે, માટે મનુષ્યભવને પામીને પરલોકનું હિત થાય તે પ્રકારે અપ્રમાદ કરવો જોઈએ.

ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે બાહ્ય વિષયોનાં પ્રત્યક્ષ સુખો દેખાય છે. તેથી તેને છોડવાં દુષ્કર છે, તેનો ત્યાગ કરીને નહીં દેખાતા એવા પરલોક માટે કઈ રીતે પ્રયત્ન કરવાનો ઉત્સાહ થાય ? તેથી ભગવાન કહે છે –

સુંદર દેખાતા એવા વિષયો પરિણામથી કટુ છે; કેમ કે જેમ વિષથી યુક્ત અન્ન મધુર હોય તોપણ ખાનારનો વિનાશ કરે છે, તેમ વિષયોના સેવનથી બંધાયેલાં ક્લિષ્ટ કર્મો જીવને દુર્ગતિની પરંપરા આપનારાં છે. માટે પરિણામથી કટુ ફળવાળાં છે. વળી, સુંદર અને અનુકૂળ હોય તેવા પણ વિષયો વિયોગના અંતવાળા છે. તેથી જ્યારે તે વિષયોનો વિયોગ થશે ત્યારે દુઃખનું કારણ બનશે માટે વિષયોનો રાગ કરવો ઉચિત નથી; કેમ કે વિષયોથી વિરક્ત જીવોને વિષયોના વિયોગથી ક્લેશ ઉત્પન્ન થતો નથી અને જેઓને વિષયો પ્રત્યે બહુ આસ્થા છે. તેઓને વિષયોના નાશ સમયે અત્યંત ક્લેશ થાય છે. આથી જ જેને જે સ્વજનાદિ પ્રત્યે અત્યંત રાગ છે, તેના મૃત્યુ આદિથી તેને અત્યંત ક્લેશની પ્રાપ્તિ થાય છે. માટે જે વિષયો વિયોગ અંતવાળા હોય તેના પ્રત્યે વિવેકીને રાગ કરવો ઉચિત નથી, પરંતુ મોહથી અનાકુળ એવી આત્માની સ્વસ્થતા ક્યારેય નાશ ન પામે તેવી સુંદર છે. તેથી તેવી અવસ્થાની પ્રાપ્તિ માટે જ સદા ઉદ્યમ કરવો જોઈએ, જેથી પરલોકમાં પણ હિતની પ્રાપ્તિ થાય.

વળી કોઈ જીવને વિચાર આવે કે વર્તમાનમાં ઇષ્ટ વિષયોને ભોગવીને પાછળથી પરલોકની સાધના માટે હું યત્ન કરીશ. એવા જીવોને યથાર્થ બોધ કરવાર્થે ભગવાન કહે છે –

પાતભયથી આકુળ અવિજ્ઞાત પાતભયવાળું આયુષ્ય છે અર્થાત્ પ્રાપ્ત થયેલા મનુષ્યભવનું આયુષ્ય સતત નાશ તરફ જઈ રહ્યું છે અને ક્યારે નાશ પામશે ? તેનો કોઈ નિર્ણય નથી. તેથી ક્ષણભર પણ પ્રમાદ કર્યા વગર દુર્લભ એવા મનુષ્યભવને પ્રાપ્ત કરીને વિવેકી જીવે પરલોકને સાધવા માટે યત્ન કરવો જોઈએ.

વળી, ભગવાન કહે છે કે આ પ્રકારનું સંસારનું સ્વરૂપ બળતા ઘર જેવું હોવાથી સતત તેને બૂઝવવા માટે યત્ન કરવો જોઈએ.

જે સાંભળીને યોગ્ય જીવોને સંસારના ઉચ્છેદ માટેનો ઉચિત ઉપાય જાણીને તેને સેવવાની ઉત્કટ ઇચ્છા થાય છે.

વળી, ભગવાન કહે છે કે સિદ્ધાંતના શ્રવણથી જે આત્મામાં ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે તે રૂપ ધર્મમેઘ જો પ્રગટ થાય તો આ બળતા ઘર જેવો ભવ બુઝાય છે.

તેથી તે પ્રાપ્ત થાય કે જેઓ ભગવાનના સિદ્ધાંતને બરાબર અવધારણ કરીને તેનાથી આત્માને અત્યંત વાસિત કરે છે તેના આત્મામાં ધર્મમેઘ નામની સમાધિ ઉત્પન્ન થાય છે અને તે ધર્મમેઘ અત્યંત વર્ષે તો આ બળતા ઘર જેવો ભવ બુઝાય છે. આથી સિદ્ધાંતને સમ્યગ્ સેવવો જોઈએ=ભગવાનના વચનનો પરમાર્થ જાણવો જોઈએ, જાણીને તે બોધને સ્થિર કરવો જોઈએ, સ્થિર થયેલા તે બોધથી આત્માને અત્યંત વાસિત કરવો જોઈએ અને તે બોધથી વાસિત એવા આત્મામાં જિનવચનની પરિણતિરૂપ ધર્મમેઘ પ્રગટે છે. જો તે જિનવચનની પરિણતિરૂપ ધર્મમેઘ હૈયામાં સદા વર્તતો હોય તો અનાદિની કષાયની પરિણતિરૂપ અગ્નિ ઓલવાય છે, જેના નાશથી બળતા ઘર જેવો સંસાર શાંત થાય છે.

આથી સંસારના નાશના અર્થી જીવે સદા સિદ્ધાંતનો સ્વીકાર કરવો જોઈએ અર્થાત્ ભગવાનના વચનના પરમાર્થને જાણવા સદા યત્ન કરવો જોઈએ અને ભગવાનના વચનના પરમાર્થને જાણનારા ઉત્તમ પુરુષોની સદા ઉપાસના કરવી જોઈએ. મુંડ, માલા અને આલુકાના દૃષ્ટાંતનું ભાવન કરવું જોઈએ અર્થાત્ ગળામાં પહેરવાની માળા અને માટીમય ઘડો તેનું ભાવન કરવું જોઈએ. જેમ સંસારી જીવોને માળાને જોઈને સાંજના કરમાયેલી જોવા છતાં શોક થતો નથી; કેમ કે પહેરતી વખતે જ બોધ હોય છે કે આ માળા અનિત્ય છે, સાંજના અવશ્ય કરમાશે અને માટીનો ઘડો હજી રહેશે તેવી બુદ્ધિ હોવાથી નાશ પામવાથી શોક થાય છે. તે રીતે વિચારીને વિચારવું જોઈએ કે જેમ માળા કરમાવાથી શોક થતો નથી તેમ સર્વ જગતના પદાર્થો અનિત્ય છે તે પ્રકારે અત્યંત ભાવન કરવાથી જગતના પદાર્થોના નાશથી કોઈ શોક થતો નથી.

વળી, દેહનો સ્વભાવ જ ગમે ત્યારે રોગાદિને પ્રાપ્ત કરે તેવો છે અને ગમે ત્યારે નાશ પામે તેવો છે, આ પ્રકારના અત્યંત ભાવનથી દેહાદિના રોગમાં કે નાશની ઉપસ્થિતિમાં પણ શોક થતો નથી. આ પ્રકારે ભાવન કરીને અસદ્ અપેક્ષાનો ત્યાગ કરવો જોઈએ અર્થાત્ હજી આ વસ્તુ સ્થિર રહે તો સારું અથવા હું હજી દીર્ઘ જીવું તો સારું તે પ્રકારની અસદ્ અપેક્ષાનો ત્યાગ કરવો જોઈએ અને ભગવાનના આજ્ઞાપ્રધાન

થવું જોઈએ. તેથી સર્વ ધર્મની પ્રવૃત્તિમાં લક્ષ્યને અનુકૂળ પ્રણિધાન કરીને પ્રયત્ન કરવો જોઈએ. ઉત્તમ પુરુષોની સેવાથી પોતાના ધર્મરૂપી શરીરનું પોષણ કરવું જોઈએ અર્થાત્ ગુણ પ્રત્યેનો પક્ષપાત આત્મામાં સ્થિર થાય તેવો યત્ન કરવો જોઈએ. પ્રવચનના માલિન્યનું રક્ષણ કરવું જોઈએ અર્થાત્ પોતાની કોઈ પ્રવૃત્તિ દ્વારા લોકમાં ભગવાનના શાસનની હિલના ન થાય તેવો યત્ન કરવો જોઈએ. આ પ્રકારનું ભાવન કરીને જે મહાત્મા વિધિપૂર્વક સર્વ ક્રિયાઓ કરે છે તેઓ ધર્મમેઘસમાધિના અંશો સંપાદન કરી શકે છે. તેથી સર્વ પ્રવૃત્તિઓમાં ભગવાનના વચનથી વિધિનું જ્ઞાન કરીને યત્ન કરવો જોઈએ. સર્વ પ્રવૃત્તિઓમાં પ્રણિધાનપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ અર્થાત્ જે જે ક્રિયા જે જે પ્રકારે આત્માને વીતરાગભાવથી ભાવિત કરે છે તે તે પ્રકારે વીતરાગના ભાવો હૈયાને સ્પર્શે તે રીતે પ્રયત્ન કરવો જોઈએ.

વળી, શાસ્ત્રવચનના અવલંબનથી આત્માનો પારમાર્થિક સ્વભાવ શું છે ? તેને જાણવા યત્ન કરવો જોઈએ. તેને પ્રાપ્ત કરવા અર્થે ઉચિત પ્રવૃત્તિઓમાં નિમિત્તોની અપેક્ષા રાખવી જોઈએ. જેથી ઉત્તમ નિમિત્તોના બળથી સુખપૂર્વક કાર્યની સિદ્ધિ થાય. વળી, જે યોગ પોતાનામાં પ્રગટ થયો નથી તેવા યોગોની પ્રાપ્તિ માટે સદા યત્ન કરવો જોઈએ, જેથી ઉત્તર ઉત્તર ભૂમિકાના યોગોના સેવન દ્વારા સદા ગુણસ્થાનકની વૃદ્ધિ થાય. વળી, પોતાના ચિત્તનો પ્રવાહ કઈ દિશામાં જઈ રહ્યો છે ? તેનું સદા અવલોકન કરવું જોઈએ, જેથી માત્ર બાહ્ય ક્રિયા કરીને સંતોષ ન થાય પરંતુ ચિત્તનો પ્રવાહ ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ ન પ્રવર્તતો હોય તો તેને સમ્યક્ પ્રવર્તાવવા માટે યત્ન થઈ શકે. વળી, ભયમાં શરણ આદિના ઉદાહરણથી સ્વીકારેલા ગુણસ્થાનકને અનુરૂપ ભાવ ચિત્તમાં પ્રવર્તતો ન હોય તો તેના નિવારણ માટે ઉચિત યત્ન કરવો જોઈએ. જેમ ભયમાં ઉત્તમ પુરુષોનું શરણું ગ્રહણ કરાય છે, રોગમાં ઉચિત ચિકિત્સા કરાય છે અને શરીરમાં વિષનો પ્રયોગ થયો હોય તો મંત્રનો પ્રયોગ કરાય છે તેમ જે પ્રકારની ચિત્તની પરિણતિ ગુણસ્થાનકથી વિરુદ્ધ પ્રવર્તતી હોય તેને અનુરૂપ ઉચિત ઉપાય કરવો જોઈએ. આ રીતે કરવાથી ગુણસ્થાનકના બાધક સોપક્રમ કર્મનો નાશ થાય છે અને નિરુપક્રમ કર્મનો ઉદય હોય તો અનુબંધનો ઉચ્છેદ થાય છે. આ પ્રકારે અપ્રમાદસાર તેવી ભગવાનની ઉચિત દેશના છે. તેથી ભગવાન ધર્મની દેશનાને દેનારા છે.

ભગવાન અરિહંત ભગવંતરૂપે સ્તોતવ્ય છે અને સ્તોતવ્ય સંપદાવાળા ભગવાનનો જ વિશેષ ઉપયોગ સંસારવર્તી યોગ્ય જીવોને ધર્મદત્ત્વ આદિ ભાવોથી થાય છે. તેથી ભગવાન ધર્મને દેનારા કઈ અપેક્ષાએ છે અને ભગવાન ધર્મની દેશના કેવી આપે છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે ભગવાન ધર્મના નાયકરૂપે લોકોને કઈ રીતે ઉપયોગી છે તે બતાવતાં કહે છે –

**ધમ્મનાયગાણં :-**

અહીં ધર્મ શબ્દથી ચારિત્રધર્મનું ગ્રહણ છે અને ભગવાન તે ધર્મના સ્વામી છે; કેમ કે ભગવાનને ચારિત્રધર્મ અત્યંત વશ થયેલો છે. તે ચારિત્રધર્મ પરાકાષ્ઠાનો ક્ષાયિકભાવનો પ્રાપ્ત થયેલો છે. તે ભગવાન ચારિત્રધર્મના ફળને ભોગવનારા છે અને તેમનો ચારિત્રધર્મ ક્યારેય નાશ પામનાર નથી. આવા ભગવાન પોતાના ચારિત્રધર્મને પ્રાપ્ત કરીને યોગ્ય જીવોમાં તે ચારિત્રધર્મની નિષ્પત્તિનું અને પ્રાપ્ત થયેલા ચારિત્રધર્મનું

પાલન કરનારા છે. તેથી ભગવાન ધર્મના નાયક છે. આ રીતે ધર્મના નાયકત્વગુણથી ભગવાન લોકોને ઉપયોગી છે.

**ધમ્મસારહીણં :-**

વળી, ભગવાન ધર્મસારથિત્વગુણથી સંસારી જીવોને વિશેષથી ઉપયોગી છે. જેમ સારથિ રથનું સમ્યક્ પ્રવર્તન કરે છે, અશ્વનું સમ્યક્ પાલન કરે છે અને ઉન્માર્ગમાં જતા અશ્વને સમ્યક્ પ્રવર્તાવીને રથને માર્ગમાં પ્રવર્તાવે છે તેમ ભગવાન પણ યોગ્ય જીવોના ધર્મરૂપી રથને સમ્યક્ પ્રવર્તાવે છે અને માર્ગમાં પ્રવર્તતા એવા તે ધર્મરૂપી રથના અશ્વનું સમ્યક્ પાલન કરે છે. જેથી તે અશ્વો સુખપૂર્વક ગમન કરવા સમર્થ બને છે. પ્રમાદવશ ઉન્માર્ગમાં અશ્વો પ્રવર્તતા હોય ત્યારે જેમ સારથિ તે અશ્વનું દમન કરે છે તેમ કોઈ મહાત્માનો ધર્મરૂપી રથ ઉન્માર્ગમાં પ્રવર્તવા માંડે ત્યારે સમ્યગ્દમન કરીને તેના રથને માર્ગમાં પ્રવર્તાવે છે તેથી ભગવાનનો ધર્મસારથિગુણ યોગ્ય જીવોને વિશેષથી ઉપકારક છે.

**ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં :-**

વળી, ભગવાન શ્રેષ્ઠધર્મરૂપ ચાર અંતવાળા ચક્રવર્તી છે, તે રીતે ભગવાન જગતના યોગ્ય જીવોને ઉપયોગી છે. અહીં ધર્મ ચારિત્રરૂપ જ છે અને તે શ્રેષ્ઠધર્મ ચાર ગતિઓના અંતને કરનાર હોવાથી ચક્રના જેવું ચક્ર છે. ભગવાન દાન, શીલ, તપ, ભાવરૂપ ૪ પ્રકારના ધર્મ વડે મિથ્યાત્વ આદિ ભાવશત્રુઓનો નાશ કરીને ચાર ગતિઓના અંતને કરનારા છે.

આ રીતે ધમ્મદયાણં આદિ પાંચ પદોથી ભગવાનનો યોગ્ય જીવોને વિશેષથી ઉપયોગ હોવાથી ભગવાનની સ્તોતવ્ય સંપદાનો જ વિશેષ ઉપયોગ થાય છે.

**અપ્પડિહયવરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં :-**

વળી, ભગવાન અરિહંત ભગવંતરૂપે સ્તોતવ્ય છે અને તેનું સકારણસ્વરૂપસંપત્ અપ્રતિહત જ્ઞાન-દર્શન ધારણ કરનારા અને વ્યાવૃત છદ્મસ્થભાવવાળા છે તે વચનથી પ્રાપ્ત થાય છે. ભગવાનનું જ્ઞાનનું આવરણ કરનારું કર્મ અને દર્શનનું આવરણ કરનારું કર્મ સંપૂર્ણ નાશ થયેલું હોવાથી તેમનું જ્ઞાન અને તેમનું દર્શન ક્યારેય કર્મથી સ્ખલના પામનારું નથી; કેમ કે કર્મના વિગમનથી ક્ષાયિકભાવનું જ્ઞાન-દર્શન પ્રગટ થયેલું છે. વળી ભગવાન છદ્મસ્થભાવથી રહિત છે. અર્થાત્ છદ્મસ્થભાવના કારણીભૂત એવાં ઘાતિકર્મોનો નાશ થવાથી છદ્મસ્થભાવ વગરના છે. અને તે પ્રકારનું ભગવાનનું સ્વરૂપ હોવાથી જ ભગવાન સ્તોતવ્ય છે; કેમ કે તેરૂપે સ્તુતિ કરવાથી ભગવાનના તેવા સ્વરૂપ પ્રત્યે બહુમાન થાય છે. જેથી ભગવાનની જેમ ઘાતિકર્મોના નાશને અનુરૂપ બળનો સંચય થાય છે.

વળી, બીજા ચાર આલાવા દ્વારા ભગવાન પોતાના તુલ્ય સર્વ જીવોને કરનારા છે તેનું સ્મરણ કરે છે -

**જિણાણં જાવયાણં :-**

ભગવાન જિન છે અને જિતાડનારા છે અર્થાત્ ભગવાને મોહને જીતેલ હોવાથી જિન છે અને યોગ્ય

જીવોને મોહથી જિતાડનારા હોવાથી જાપક છે. આથી જ જેઓ ભગવાનના વચનને પરતંત્ર છે તેઓ ભગવાનના વચનના અવલંબનથી મોહને જીતીને વીતરાગતુલ્ય થાય છે.

**તિન્નાણં તારયાણં :-**

વળી, ભગવાન સંસારસાગરથી તરેલા છે; કેમ કે દેહથી સંસારમાં હોવા છતાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્રના બળથી સંસારસાગરને તરેલા છે તેમ જ યોગ્ય જીવોને તારનારા છે. આથી જ ભગવાનનું અવલંબન લઈને રત્નત્રયીને પામીને ઘણા યોગ્ય જીવો સંસારસાગરથી તરે છે.

**બુદ્ધાણં બોહયાણં :-**

વળી, ભગવાન બોધ પામેલા છે અને બીજા જીવોને બોધ કરાવનારા છે અર્થાત્ ભગવાન અજ્ઞાનનિદ્રામાં સૂતેલ એવા જગતમાં પરના ઉપદેશ વગર જીવા-જીવાદિરૂપ તત્ત્વને જાણનારા થયા અને યોગ્ય જીવોને તેનો બોધ કરાવીને પોતાના તુલ્ય બોધ કરાવનારા છે. આથી જ ભગવાન જન્મતાંની સાથે જ ત્રણ નિર્મળકોટિના જ્ઞાનવાળા હોય છે. દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે ચાર નિર્મળ કોટિના જ્ઞાનવાળા હોય છે અને મોહનો નાશ કરે છે ત્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ભગવાનના અવલંબનથી યોગ્ય જીવો પણ જીવાદિ તત્ત્વોનો બોધ કરે છે અને અંતે ભગવાનની જેમ પૂર્ણજ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાનવાળા થાય છે, માટે ભગવાન બોધવાળા હતા અને બીજાને બોધ કરાવનારા છે.

**મુત્તાણં મોઅગાણં :-**

વળી, ભગવાન સર્વ કર્મોથી મુક્ત છે; કેમ કે યોગનિરોધ કરીને સર્વ કર્મ-રહિત થયા છે અને અન્ય જીવોને મુક્ત કરાવનારા છે; કેમ કે ભગવાનના અવલંબનથી કે ભગવાનના વચનના અવલંબનથી અન્ય જીવો પણ ભગવાનની જેમ મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે.

આ રીતે ચાર આલાવા દ્વારા ભગવાન સંસારી જીવોને પોતાના તુલ્ય કરાવનારા છે તે સ્વરૂપે ભગવાનની ઉપસ્થિતિ કરવાથી ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ અતિશયિત થાય છે અને તેના બળથી જ યોગ્ય જીવો ભગવાનતુલ્ય થાય છે.

વળી, આગળમાં બતાવે છે એ ત્રણ સંપદા દ્વારા ભગવાન પ્રધાનગુણના અપરિક્ષયવાળા=આત્માનો જ્ઞાન દર્શનરૂપ જે પ્રધાનગુણ છે તેના અપરિક્ષયવાળા, અને પ્રધાન ફળની પ્રાપ્તિ દ્વારા અભયસંપદાવાળા કહેવાયા=સિદ્ધિગતિને પામવારૂપ જે પ્રધાન ફળ તેની પ્રાપ્તિ દ્વારા સર્વથા કર્મના ભય વગરના એવા અભયસંપદાવાળા કહેવાયા. તે આ રીતે –

**સવ્વન્નૂણં સવ્વદરિસીણં :-**

ભગવાન કેવળજ્ઞાન, કેવળદર્શનવાળા છે તેથી સર્વજ્ઞ, સર્વદર્શી છે. કેવળજ્ઞાન, કેવળદર્શન તે આત્માનો મુખ્ય ગુણ છે જે સંસાર અવસ્થામાં આવૃત્ત હતાં. આવરણના નાશને કારણે આત્માનો પ્રધાનગુણ પ્રગટ થયો છે, જેનો ક્યારેય નાશ થવાનો નથી એવા ભગવાન છે.

**સિવ-મચલ-મરૂવ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઇ-નામધેયં ઠાણં સંપત્તાણં :-**

વળી, ભગવાન શિવ, અચલ, રોગ વગરની, અનંત, અક્ષય, અવ્યાબાધ અપુનરાવૃત્તિવાળી એવી સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા છે.

**નમો જિણાણં જિઅભયાણં :-**

વળી ભગવાને સર્વ કર્મોનો નાશ કર્યો છે તેથી તેમણે ભયોને સંપૂર્ણ જીતી લીધા છે; કેમ કે સંસાર અવસ્થામાં જ સર્વ ભયો છે. આવા ભગવાનના ગુણોનું સ્મરણ કરવાથી ભગવાનની જેમ સર્વ ભયરહિત એવી અવસ્થાની પ્રાપ્તિ થાય તેવો અધ્યવસાય સ્થિર થાય છે. માટે દૃઢ પ્રણિધાનપૂર્વક પદે-પદમાં ઉપયોગને રાખીને તે તે ભાવોને આત્મામાં પ્રગટ કરવા યત્ન કરવો જોઈએ.

વળી, ભગવાનની સ્તુતિના અંતમાં ફરી નમસ્કાર કરવાર્થે નમો જિણાણં જિઅભયાણં કહેવાય છે, જેથી દરેક પદો સાથે નમો પદ વ્યાપીને છે તેવી ઉપસ્થિતિ થાય છે; કેમ કે આદ્યમાં નમુત્થુણં દ્વારા નમસ્કાર કરાયેલ અને અંતમાં નમો જિણાણં જિઅભયાણં દ્વારા નમસ્કાર કરાયેલ છે તેથી દરેક પદો દ્વારા ભગવાન નમસ્કરણીય છે તેવી ઉપસ્થિતિ થાય છે.

ત્યારપછી ભક્તિના અતિશય અર્થે અતીત, અનાગત અને વર્તમાનના સર્વ તીર્થંકરો પ્રત્યે પૂજ્યભાવ અભિવ્યક્ત કરવાર્થે પૂર્વાચાર્યોએ અંતિમ સંપદા શક્રસ્તવમાં મૂકેલી છે જેનો અર્થ આ પ્રમાણે છે –

જે તીર્થંકરો અતીતકાળમાં સિદ્ધ થયા, જે ભવિષ્યકાળમાં સિદ્ધ થશે અને જેઓ હમણાં વર્તમાનમાં વિદ્યમાન છે તે સર્વને હું વંદન કરું છું.

આ પ્રકારે ભાવન કરવાથી, ત્રણે કાળના સર્વ તીર્થંકરોને વંદન કરવાનો અભિલાષ થવાથી ભક્તિનો પ્રકર્ષ થાય છે. વળી, તે તીર્થંકર પ્રત્યેની ભક્તિ તીર્થંકરની જેમ સંસારના અંતનું કારણ હોવાથી યોગ્ય જીવોને તીર્થંકરની ભક્તિ કરવામાં ક્યારેય તૃપ્તિ થતી નથી પરંતુ વારંવાર ભક્તિ કરવાનો જ ઉલ્લાસ હોય છે અને તે અભિલાષને જ અતિશય કરવા અર્થે ત્રણ કાળના સર્વ તીર્થંકરોને નમસ્કાર કરાય છે. **॥૧૪॥**

❖

# ૧૫. શ્રી જાવંત ચેઈઆઈં (સર્વ ચૈત્યવંદન) સૂત્ર

**અવતરણિકા :-**

**સંક્ષેપથી સર્વ ચૈત્યોને વંદન કરીને જિન પ્રત્યેના ભક્તિના પ્રકર્ષને કરવા અર્થે મહાત્મા પ્રસ્તુત સૂત્રથી યત્ન કરે છે –**

**સૂત્ર :-**

**જાવંતિ ચેઇઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ;**
**સવ્વાઈં તાઈં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્છાલોકમાં જેટલાં ચૈત્યો છે તે સર્વને અહીં રહેલો છતો એવો હું ત્યાં રહેલાં ચૈત્યોને વંદન કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય કરવા અર્થે પોતે જે સ્થાનમાં છે તે સ્થાનમાં રહેલાં ચૈત્યોને શક્તિ અનુસાર તે તે સ્થાનોમાં જઈને આરાધક જીવ વંદન કરે છે. આ ચૈત્યોને વંદન કરતી વખતે તેને અધ્યવસાય થાય છે કે અન્ય પણ તીર્થંકરનાં ચૈત્યો ત્રણ લોકમાં વિદ્યમાન છે તે સર્વને કાયાથી ત્યાં જઈને હું વંદન કરવા સમર્થ નથી તોપણ તે સર્વને વંદન કરવાનો પોતાનો થયેલો ઉત્તમ અધ્યવસાય પ્રસ્તુત સૂત્ર બોલીને અભિવ્યક્ત કરે છે. આ અધ્યવસાયના બળથી ત્રણેય લોકનાં ચૈત્યોને સ્મૃતિમાં ઉપસ્થિત કરીને તેમના પ્રત્યે ભક્તિનો પ્રકર્ષ થાય તે રીતે મસ્તકથી, વચનપ્રયોગથી અને મનપ્રણિધાનથી મહાત્મા વંદન કરે છે. જેથી જિનચૈત્યો પ્રત્યેના વધતા જતા બહુમાનના પરિણામને કારણે જિનતુલ્ય થવામાં પ્રતિબંધક કર્મોનો નાશ થાય છે. **॥૧૫॥**

❖

## ૧૬. શ્રી જાવંત કેવિ સાહૂ (સર્વ સાધુ વંદન) સૂત્ર

**અવતરણિકા :-**

**કલ્યાણના અર્થી જીવોને સિદ્ધઅવસ્થા અત્યંત પ્રિય છે, જેની પ્રાપ્તિની અતિઆસન્ન ભૂમિકાવાળા તીર્થંકરો છે. વળી, તીર્થંકરો અન્યને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિમાં પ્રબળ કારણરૂપ છે, તેથી સાધુઓને અને શ્રાવકોને તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ વર્તે છે.**

**જેઓને તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ છે તેવા સાધુઓને અને શ્રાવકોને તીર્થંકરના વચનાનુસાર મહાપરાક્રમ કરીને સંસારના ઉચ્છેદ માટે યત્ન કરનારા સુસાધુઓ પ્રત્યે અત્યંત ભક્તિ થાય છે. તેથી આવા સુસાધુઓને જોઈને પોતાનો જન્મ સફળ છે તેવી બુદ્ધિ થાય છે. વળી, શ્રાવકોને આવા સુસાધુઓની ભક્તિ કરીને હું પણ તેમની જેમ જ જિનવચનાનુસાર યત્ન કરીને સંસારનો ઉચ્છેદ કરું તેવો અત્યંત અભિલાષ હોય છે. અને જેઓ સાધુ છે તેઓ પણ પોતાના સાધુભાવને અતિશય**

**કરવા અર્થે અન્ય સાધુઓ પ્રત્યે ભક્તિના પરિણામવાળા હોય છે. તેથી સાધુઓ અને શ્રાવકો અઢીદ્વીપમાં વર્તનાર સર્વ સાધુઓ પ્રત્યે પોતાની ભક્તિનો પરિણામ અતિશયિત કરવા અર્થે પ્રસ્તુત સૂત્ર બોલે છે –**

**સૂત્ર :-**

**જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;**
**સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં જે કોઈ સાધુ ત્રિદંડથી વિરત છે તે સર્વને=મનદંડ, વચનદંડ અને કાયદંડથી વિરત અર્થાત્ મન-વચન-કાયાથી ગુપ્ત એવા તે સર્વને, હું ત્રિવિધથી= મનોયોગ, વચનયોગ, કાયયોગથી નમું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

જેઓ મનથી, વચનથી અને કાયાથી સંસારના સર્વ ભાવોથી પરાઙ્મુખ થઈને વીતરાગ તુલ્ય થવા માટે જિનવચનનું દૃઢ આલંબન લઈને જિનવચનાનુસાર પોતાના મનોયોગ-વચનયોગ અને કાયયોગને પ્રવર્તાવે છે અને તેના દ્વારા પોતાના ક્રોધ, માન, માયા અને લોભના સંસ્કારો ઉન્મૂલન થાય અને ક્ષમા, માર્દવ, આર્જવ અને નિરીહતાના સંસ્કારો આધાન થાય તે રીતે સમભાવની વૃદ્ધિમાં ઉદ્યમ કરનારા છે તે મહાત્માઓ મનદંડ, વચનદંડ, કાયદંડથી થનારા પાપોથી વિરત છે.

આવા જે કોઈ સાધુ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહની એકસો સાઇઠ વિજયોમાં વિચરે છે તે સર્વને મન-વચન-કાય આત્મક ત્રિદંડથી વિરત સ્વરૂપે સ્મરણ કરીને હું વંદન કરું છું.

પ્રસ્તુત સૂત્રથી અઢી દ્વીપમાં રહેલ સર્વ ભાવસાધુઓને કરેલ વંદનના બળથી ભાવશ્રાવક ત્રિદંડવિરત એવા ભાવસાધુ તુલ્ય થવાની શક્તિનો સંચય કરે છે અને ભાવસાધુ અન્ય સાધુઓને વંદન કરીને પોતાના સંયમ પ્રત્યેના રાગની વૃદ્ધિ કરે છે. જેથી સમભાવના દંડકોની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. તેથી જે મહાત્મા પ્રસ્તુત સૂત્રના સંક્ષેપથી બતાવાયેલા મુનિના સ્વરૂપને સ્મૃતિમાં લાવીને તેવા મુનિ પ્રત્યેના વધતા જતા બહુમાનપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલવા દ્વારા સર્વ મુનિઓના વંદનના પરિણામવાળા થાય છે. તેઓ અવશ્ય સ્વભૂમિકા અનુસાર ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે માટે દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્ર બોલવા માટે યત્ન કરવો જોઈએ. **॥૧૬॥**

❖

## ૧૭. શ્રી નમોડર્હત્ (પંચપરમેષ્ઠીનમસ્કાર) સૂત્ર

**અવતરણિકા :–**

**પંચ પરમેષ્ઠિને સંક્ષેપથી નમસ્કાર કરીને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચય અર્થે અતિઉપકારક પ્રસ્તુત સૂત્ર છે –**

**સૂત્ર :–**

**નમોડર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધૂભ્યઃ ॥૧॥**

**સૂત્રાર્થ :–**

**અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :–**

નવકાર સૂત્રમાં બતાવાયેલા પંચ પરમેષ્ઠિના પ્રત્યેક પદના અર્થને ઐદંપર્યાયથી જાણીને તે તે ગુણવાળા પંચ પરમેષ્ઠિ પ્રત્યે ભક્તિનો પરિણામ અત્યંત વૃદ્ધિ પામે તે પ્રકારે ઉપયુક્ત થઈને કોઈ મહાત્મા તે તે પદને નમસ્કાર કરે તો સર્વ પાપોના નાશ કરવા માટે પ્રસ્તુત સૂત્ર સમર્થ છે. તેથી અલ્પ કદવાળા પણ પ્રસ્તુત સૂત્રના રહસ્યને સ્પર્શે તે પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક આ નમોડર્હત્ સૂત્ર બોલવા યત્ન કરવો જોઈએ. **॥૧૭॥**

❖

## ૧૮. શ્રી ઉવસગ્ગહરં (ઉપસર્ગહર) સૂત્ર

**અવતરણિકા :–**

**પાર્શ્વનાથ ભગવાનની વિશેષ પ્રકારના ગુણોથી સ્તુતિ પ્રસ્તુત સ્તોત્રમાં કરાય છે –**

**સૂત્ર :–**

**ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં;**
**વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં ॥૧॥**
**વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ;**
**તસ્સ ગહરોગમારિદુટ્ઠજરા જંતિ ઉવસામં ॥૨॥**
**ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઈ;**
**નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોગચ્ચં ॥૩॥**

**તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિકપ્પપાયવબ્ભહિએ;**
**પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥**
**ઇઅ સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ;**
**તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસજિણચંદ ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**ઉપસર્ગને હરનાર એવો પાર્શ્વ છે યક્ષ જેમનો એવા, કર્મના સમૂહથી મુકાયેલા, વિષધરના વિષને નાશ કરનાર, મંગલનું અને કલ્યાણનું આવાસસ્થાન એવા પાર્શ્વનાથ ભગવાનને હું વંદન કરું છું. ॥૧॥**

**જે મનુષ્ય સદા 'વિષહર ફુલીંગ' મંત્રને=પાર્શ્વનાથ ભગવાનના નામમાંથી પ્રગટ થયેલ એવા વિષહરસ્ફુલિંગ મંત્રને, કંઠમાં ધારણ કરે છે=તેનો અત્યંત દૃઢ પ્રણિધાનપૂર્વક જપ કરે છે, તેના ગ્રહ=પ્રતિકૂળ ગ્રહો, રોગ=શારીરિક રોગ, મારી=મરકી આદિ ઉપદ્રવ, અને દુષ્ટ જ્વર=સંઘ-ઘાત કરે તેવો તાવ, ઉપશમને પામે છે. ॥૨॥**

**મંત્રનું ચિંતવન તો દૂર રહો. તમને કરાયેલો પ્રણામ પણ બહુ ફળવાળો થાય છે. (જે પ્રણામના બળથી) જીવો નરમાં=મનુષ્યમાં, અને તિર્યંચમાં પણ દુઃખ અને દૌર્ભાગ્યને પામતા નથી. ॥૩॥**

**ચિંતામણિ અને કલ્પવૃક્ષથી અભ્યધિક એવું તમારું સમ્યક્ત્વ=ભગવાને આપેલું સમ્યક્ત્વ, પ્રાપ્ત થયે છતે જીવો અજરામર સ્થાનને=સર્વ કર્મ રહિત એવા સ્થાનને, અવિઘ્નથી પ્રાપ્ત કરે છે. ॥૪॥**

**ભક્તિભર નિર્ભર એવા હૈયાથી=પાર્શ્વનાથ ભગવાનના પૂર્વમાં વર્ણન કરાયેલા ગુણોના સ્મરણને કારણે ભક્તિથી અત્યંત ભરાયેલા એવા હૈયાથી, હે મહાયશ ! આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, તમે મારા વડે સ્તુતિ કરાયા છો. તે કારણથી હે દેવ ! હે પાર્શ્વનાથ જિનચંદ્ર ! ભવોભવમાં મને બોધિ આપજો. ॥૫॥**

**ભાવાર્થ :-**

પાર્શ્વનાથ ભગવાનને ગુણસ્વરૂપે ઉપસ્થિત કરવા અર્થે ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા સ્તુતિ કરતાં કહે છે કે ઉપસર્ગને હરનાર એવો પાર્શ્વ યક્ષ તમારા પ્રત્યે ભક્તિવાળો છે. જેઓની તમારા પ્રત્યે ભક્તિ છે તેઓને કોઈ પ્રતિકૂળ સંજોગો ન આવે તેવી ચિંતા કરનારો પાર્શ્વનામનો યક્ષ તમારી સાથે ભક્તિથી પ્રતિબદ્ધ પરિણામવાળો છે.

આવા પાર્શ્વનાથ ભગવાન કર્મના સમુદાયથી મુક્ત છે તેથી આત્માના નિર્મળ સ્વરૂપને પામેલા છે. વળી પાર્શ્વનાથ ભગવાનનું નામ વિષધરના વિષને નાશ કરનારું છે, તેથી જેઓ અત્યંત ભક્તિથી તેમના ગુણોને

સ્મરણ કરીને તેમના નામનો જપ કરે છે તે જપ પણ વિષનો નાશ કરવા સમર્થ છે તેવા અચિંત્ય પ્રભાવવાળા પાર્શ્વનાથ ભગવાન છે.

વળી જેમનું નામ મંગલ અને કલ્યાણનું આવાસ સ્થાન છે અર્થાત્ તેમના નામના સ્મરણમાત્રથી પણ મંગલ થવાથી જીવના ઇષ્ટ કાર્યની સિદ્ધિ થાય છે અને તેમના નામનું સ્મરણ જીવને સદ્ગતિની પરંપરા દ્વારા મોક્ષને આપનાર થાય છે. આથી તેવા ગુણોના સ્મરણપૂર્વક હું પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરું છું. જેથી તેમના ગુણોથી ભાવિત થયેલું ચિત્ત તેમની જેમ મંગલ અને કલ્યાણની પરંપરા દ્વારા આઠ કર્મોના નાશ માટે સમર્થ બને. આ પ્રકારના પ્રણિધાનપૂર્વક મહાત્માઓ પાર્શ્વનાથ ભગવાનને વંદન કરે છે.

વળી પાર્શ્વનાથ ભગવાનના વિશેષ માહાત્મ્યના સ્મરણ કરવા અર્થે શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા કહે છે –

પાર્શ્વનાથ ભગવાનના નામ સાથે સંકળાયેલ એવા વિષને હરનાર સ્ફુલિંગ મંત્ર છે. આ સ્ફુલિંગ મંત્રના આમ્નાયને જાણીને જે પુરુષ સદા તે મંત્રને કંઠમાં ધારણ કરે છે અર્થાત્ પ્રતિદિન તેનો જપ કરે છે તે મનુષ્યના પ્રતિકૂળ ગ્રહો હોય તે ઉપશમ પામે છે. તેથી તે ગ્રહો કૃત જે અનર્થની સંભાવના હતી તે દૂર થાય છે.

વળી કોઈક રીતે શરીરમાં રોગ ઉત્પન્ન થયા હોય તે પણ તે મંત્રના જપથી ઉપશાંત થાય છે; કેમ કે રોગ આપાદક પાપપ્રકૃતિનો તે મંત્રના જપથી પુણ્યપ્રકૃતિમાં સંક્રમણ પામે છે. વળી મારી-મરકી વગેરે ઉપદ્રવો કોઈક રીતે નગરમાં ઉત્પન્ન થયેલ હોય તે પણ તે મંત્રના જપથી ઉપશાંત થાય છે. વળી સદ્ય વિનાશ કરે તેવો જ્વરરોગ કોઈને થયો હોય તે પણ તે મંત્રના જાપથી શાંત થાય છે. તેથી વર્તમાનમાં પણ મનુષ્યને ઉત્પન્ન થતા સર્વ અનર્થરૂપ ઉપદ્રવોને નિવારણમાં સમર્થ એવો સ્ફુલિંગ મંત્ર પાર્શ્વનાથ ભગવાન સાથે સંબદ્ધ છે. તેથી અચિંત્ય પ્રભાવવાળા પાર્શ્વનાથ ભગવાન છે. આ પ્રમાણે સ્મરણ કરવાથી પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે.

પૂર્વ ગાથામાં આમ્નાયથી પ્રાપ્ત થયેલા પાર્શ્વનાથ ભગવાન સાથે સંબંધવાળા મંત્રનું અચિંત્ય માહાત્મ્ય બતાવ્યું. હવે કહે છે કે તે મંત્ર તો દૂર રહ્યો પરંતુ તમારા ગુણોના સ્મરણપૂર્વક કોઈ મહાત્મા તમને પ્રણામ કરે તોપણ તેમને ઘણાં ફળો પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે પાર્શ્વનાથ ભગવાન સાથે સંકળાયેલ મંત્ર તો વર્તમાનમાં સર્વ કાર્યો સિદ્ધ કરી આપે તેમ છે, પરંતુ જેઓને આમ્નાયપૂર્વક તે મંત્ર પ્રાપ્ત થયો નથી તેઓ તમારા ગુણોના સ્મરણપૂર્વક તમને પ્રણામ કરે તોપણ ઘણાં ફળોની પ્રાપ્તિ થાય છે; કેમ કે ગુણસંપન્ન પુરુષના ગુણના સ્મરણપૂર્વક કરાયેલો નમસ્કાર પાપપ્રકૃતિઓના વિનાશને કરીને તથા પુણ્યપ્રકૃતિઓની ઉદીરણા કરીને જીવને સુખની પરંપરા આપે છે. જે જીવ ભક્તિથી પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરે છે તે જીવો મનુષ્યગતિમાં હોય કે તિર્યંચગતિમાં, તોપણ દુઃખ અને દૌર્ભાગ્યને પ્રાપ્ત કરતા નથી. આ પ્રકારે પાર્શ્વનાથ ભગવાનનું માહાત્મ્ય સ્મરણ કરીને તેમને વંદન કરવાથી ભક્તિનો પ્રકર્ષ થાય છે.

વળી પાર્શ્વનાથ ભગવાને ઘાતિકર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન, કેવલદર્શન પામ્યા પછી સન્માર્ગની સ્થાપન કરે તેવી અચિંત્ય દેશના આપેલ છે અને તે દેશનાના ઉપદેશથી જેઓને તત્ત્વનો બોધ થયેલ છે તેવા જીવો ભગવાને બતાવેલ સમ્યક્ત્વને પામેલા છે. આ સમ્યક્ત્વ ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે; કેમ કે ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ માત્ર વર્તમાનના ભવના દારિદ્ર્યને દૂર કરી શકે છે, પરંતુ જન્મ-જન્માંતરના અનર્થોનું નિવારણ કરવા સમર્થ નથી. જ્યારે ભગવાનના સમ્યક્ત્વને પામેલા જીવો સમ્યક્ત્વના બળથી જન્મ-જન્માંતરના અનર્થોનું નિવારણ કરી શકે છે અને વિઘ્નરહિતપણે અજરામર સ્થાનને=મોક્ષને પ્રાપ્ત કરે છે; કેમ કે સમ્યગ્દર્શનથી પ્રગટ થયેલ નિર્મળ દૃષ્ટિ સંસારના કારણભૂત અવિરતિ આદિ ભાવોના ઉચ્છેદમાં જ સદા પ્રવર્તે છે.

આ રીતે પાર્શ્વનાથ ભગવાનનું માહાત્મ્ય ઉપસ્થિત કરીને પાર્શ્વનાથ ભગવાનને વંદન કર્યા પછી તે વંદનના ફળરૂપે પાર્શ્વનાથ ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે આ રીતે ભક્તિના સમૂહથી ભરેલા એવા હૈયાથી મારા વડે સ્તુતિ કરાયેલા એવા મહાયશવાળા પાર્શ્વનાથ ભગવાન તમે મને બોધિ આપજો. અર્થાત્ તમારું બોધિ ચિંતામણિરત્ન આદિથી અધિક છે અને શીઘ્ર મોક્ષમાં પહોંચાડનાર છે તે કારણથી જ્યાં સુધી હું સંસારમાં છું ત્યાં સુધી દરેક ભવોમાં તે બોધિ મને આપજો.

આ પ્રકારની અત્યંત ભક્તિથી કરાયેલી માગણીના બળથી યોગ્ય જીવોને તે બોધિ પ્રત્યેના પક્ષપાતના સંસ્કારો દૃઢ થવાથી અને પાર્શ્વનાથ ભગવાનના આલંબનના બળથી અવશ્ય દરેક ભવોમાં બોધિની પ્રાપ્તિ થાય છે; કેમ કે પ્રશસ્ત ભાવપૂર્વક ઉત્તમપુરુષો પાસે કરાયેલી પ્રાર્થના ક્યારેય નિષ્ફળ જતી નથી. **॥૧૮॥**

❖

## ૧૯. શ્રી જયવીયરાય (પ્રણિધાન) સૂત્ર

**અવતરણિકા :-**

**ભગવાનની ભક્તિ કર્યા પછી ભગવાનના ભક્તિના બળથી પોતાને શું જોઈએ છે ? તેની માંગણી કરીને તેવી ગુણસંપત્તિ પોતાનામાં પ્રગટ કરવા અર્થે પ્રસ્તુત સૂત્રથી પ્રણિધાન કરવામાં આવે છે. તેથી પ્રસ્તુત સૂત્રનું નામ પ્રણિધાન સૂત્ર છે –**

**સૂત્ર :-**

**જય વીયરાય ! જગગુરુ ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં;**
**ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ, ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥**
**લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ;**
**સુહગુરુજોગો, તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥**

**વારિજ્જઈ જઇવિ નિયાણબંધણં વીયરાય તુહ સમયે;**
**તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥**
**દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;**
**સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામકરણેણં ॥૪॥**
**સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં;**
**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનં ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**હે વીતરાગ ! તમે જય પામો, હે જગદ્‌ગુરુ ! તમે જય પામો, હે ભગવંત ! તમારા પ્રભાવથી મને આગળમાં કહેવાતી વસ્તુઓ પ્રાપ્ત થાઓ – (૧) ભવનો નિર્વેદ, (૨) માર્ગાનુસારિતા, (૩) ઈષ્ટફલસિદ્ધિ, (૪) લોકવિરુદ્ધનો ત્યાગ, (૫) ગુરુજનની પૂજા, (૬) પરોપકારનું કરણ, (૭) સદ્‌ગુરુનો યોગ, અને (૮) તદ્‌વચનની સેવા – જ્યાં સુધી મારો સંસાર છે ત્યાં સુધી અખંડ મને પ્રાપ્ત થાઓ. ॥૧-૨॥**

**જો કે હે વીતરાગ તમારા શાસ્ત્રમાં નિદાનને કરવાનું વારણ કરાયું છે, તોપણ મને ભવોભવ તમારી ચરણની સેવા પ્રાપ્ત થાઓ. ॥૩॥**

**દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિથી મરણ, બોધિનો લાભ હે નાથ ! તમારા પ્રણામકરણથી મને આ પ્રાપ્ત થાઓ. ॥૪॥**

**સર્વ મંગલોમાં મંગલરૂપ સર્વ કલ્યાણોનું કારણ સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈનશાસન જય પામે છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

શ્રાવક ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક શક્તિ અનુસાર ભગવાનની ભક્તિ કર્યા પછી ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય કરવા અર્થે ચૈત્યવંદન કરે છે, જે ભગવાનના ગુણોની સ્તુતિરૂપ હોવાથી ભાવસ્તવરૂપ છે અર્થાત્ સર્વવિરતિના બળને આધાન કરવા માટે સાક્ષાત્ યત્ન સ્વરૂપ છે. વળી, સાધુ કે શ્રાવક જે ભગવાનની ભક્તિરૂપે ચૈત્યવંદન કરે છે તે ચૈત્યવંદનના અંતમાં ભક્તિના અતિશયથી પ્રસ્તુત સૂત્રથી ભગવાન પાસે માંગણી કરે છે. તેથી યાચનાની મુદ્રામાં પ્રસ્તુત સૂત્ર બોલાય છે.

ભગવાનના વચન અનુસાર સાધુ સદા ઉદ્યમ કરનારા છે, તોપણ જિનપ્રતિમા આદિ આગળ કે કોઈ અન્ય પ્રસંગે પ્રસ્તુત સૂત્ર બોલીને ભગવાનની ભક્તિને અંતે પ્રસ્તુત સૂત્રથી પ્રાર્થના કરે છે. તેથી શ્રાવકની જેમ સાધુ પણ પ્રસ્તુત સૂત્રના બળથી વિશેષ પ્રકારની સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે; કેમ કે માર્ગાનુસારી પ્રવૃત્તિ જ સર્વવિરતિના અતિશયનું કારણ છે અને પ્રસ્તુત સૂત્ર દ્વારા સર્વ માર્ગાનુસારી માંગણીઓ જ મહાત્માઓ ભગવાન પાસે કરે છે.

વળી ભગવાન પ્રત્યેના ભક્તિના અતિશયપૂર્વક માંગણી કરવા અર્થે મહાત્મા પ્રથમ ભગવાનને વધાવતાં કહે છે –

હે વીતરાગ ! તમો જય પામો. હે જગદ્ગુરુ ! તમો જય પામો.

આ પ્રકારના ઉચિત ભાવો કર્યા પછી ભગવાનને કહે છે –

હે ભગવાન ! હું જ્યાં સુધી સંસારમાં છું ત્યાં સુધી આપના પ્રભાવથી નીચે જણાવ્યા મુજબની વસ્તુઓ મને અખંડ પ્રાપ્ત થાઓ.

**(૧) ભવનિર્વેદ :-**

ભવ એ ચાર ગતિના પરિભ્રમણ સ્વરૂપ છે. અનાદિ કાળથી જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે, છતાં ભવના વાસ્તવિક સ્વરૂપનો વિચાર કરીને ભવના ઉચ્છેદના અભિલાષવાળો થયો નહીં, તેથી દરેક ભવોમાં ભવની પરંપરાના ભાવોને સેવીને નવાં-નવાં કર્મો બાંધે છે અને ભવની પરંપરાને સદા પ્રાપ્ત કરે છે. જે મહાત્માએ ભગવાનના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું છે તેમને ભગવાને જેમ ભવનો ઉચ્છેદ કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો છે તેમ પોતાને પણ ભવનો ઉચ્છેદ કરીને મોક્ષ પ્રાપ્ત કરવો છે. વળી, કાંઈક ભગવાનના સ્વરૂપના બોધને કારણે ભવ પ્રત્યે પોતાને નિર્વેદ થયો છે તોપણ અનાદિ કાળથી ભવનાં કારણોને સેવીને તે રીતે ભવનાં કારણો પ્રત્યેનો રાગભાવ સ્થિર કર્યો છે કે જેથી ભવ પ્રત્યેનો નિર્વેદ પ્રકર્ષવાળો થતો નથી. તેથી જ પોતાના માટે સંસારનો ઉચ્છેદ દુષ્કર બને છે. આમ છતાં સંસારના ઉચ્છેદના અર્થી જીવો ભગવાનની ભક્તિ કરીને ભગવાનની સિદ્ધઅવસ્થા પ્રત્યે અત્યંત રાગભાવવાળા થયા છે. તેથી તેની પ્રાપ્તિનું બલવાન કારણ બને તેવો ભવનિર્વેદ પોતાને સદા પ્રાપ્ત થાય તે માટે ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે હે ભગવાન ! મને તમારા પ્રભાવથી દરેક ભવમાં ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ. જેથી અનાદિના મોહના ભાવોનો નાશ કરીને હું તમારી જેમ સંસારથી પર એવી સિદ્ધઅવસ્થાને પ્રાપ્ત કરું.

**(૨) માર્ગાનુસારિતા :-**

જીવો કોઈક રીતે ભવનિર્વેદવાળા થયા પછી પણ માર્ગાનુસારીબુદ્ધિને પામે નહીં તો અનાદિના વક્ર સ્વભાવને કારણે આત્મહિત સાધી શકતા નથી. આથી જ ઘણા યોગ્ય જીવો ચતુર્ગતિઓના પરિભ્રમણથી સંત્રાસ પામેલા હોય અને તેના ઉચ્છેદ માટે ધર્મ કરવા તત્પર થયા હોય તોપણ માર્ગાનુસારીબુદ્ધિની અપ્રાપ્તિને કારણે જે તે કુગુરુને પ્રાપ્ત કરીને ધર્મબુદ્ધિથી જ અનુચિત પ્રવૃત્તિઓ કરીને સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે.

તેથી ભવનિર્વેદની પ્રાપ્તિ પછી જે જીવોને માર્ગાનુસારીબુદ્ધિ પ્રગટેલી છે તેઓ જ પોતાની નિર્મળ બુદ્ધિથી હિતાહિતનો વિચાર કરીને ઉચિત ધર્મનો સ્વીકાર કરે છે અને ઉચિત ધર્મને સ્વીકારીને પણ ઉચિત ગુરુનો નિર્ણય કરવા પ્રયત્ન કરે છે, જેથી ઠગાયા વગર સદ્ગુરુની પ્રાપ્તિ કરીને કલ્યાણને સાધી શકે છે. તેથી ભગવાન પાસે સાધુ કે શ્રાવક અભિલાષા કરે છે કે ભગવાન, તમારા પ્રભાવથી મને મોક્ષમાર્ગને

અનુસરનાર એવી નિર્મળબુદ્ધિરૂપ માર્ગાનુસારિતા પ્રાપ્ત થાઓ કે જેથી જડતા કે વક્રતાને કારણે યથા-તથા પ્રવૃત્તિ કરીને હું મારા ભાવીમાં પ્રાપ્ત થનારા જન્મોને નિષ્ફળ કરું નહીં.

આ માર્ગાનુસારી બુદ્ધિ તરતમતાની અનેક ભૂમિકાવાળી છે. તેથી આદ્ય ભૂમિકામાં અપુનર્બંધક જીવો માર્ગાનુસારીબુદ્ધિને પામેલા હોય છે. જેના બળથી તેઓ ઉપર-ઉપરનાં ગુણસ્થાનકોમાં જાય છે; છતાં જડતા અને વક્રતાને કારણે તેઓની પણ માર્ગાનુસારીબુદ્ધિ નાશ પામે છે અને ઉન્માર્ગગામી બુદ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે અકલ્યાણમિત્રનો યોગ કે કુગુરુ આદિના યોગથી યથા-તથા ધર્મ સેવીને મનુષ્યભવ નિષ્ફળ કરે છે.

જેમ જેમ માર્ગાનુસારીબુદ્ધિ સૂક્ષ્મ-સૂક્ષ્મતર થાય છે તેમ તેમ જીવ સ્વભાવથી જ આત્મવંચના કર્યા વગર શક્તિના પ્રકર્ષથી તત્ત્વાતત્ત્વના વિભાગને કરવા યત્ન કરે છે અને તેના માટે પ્રામાણિક રીતે સદ્‌ગુરુની ગવેષણા પણ કરે છે. માર્ગાનુસારીબુદ્ધિથી જ સદ્‌ગુરુની પ્રાપ્તિ કરીને ઉત્તરોત્તરની માર્ગાનુસારીબુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ મોક્ષમાર્ગને અનુસરનારી માર્ગાનુસારીબુદ્ધિ જ તે મહાત્મા માટે સંસારના અંતનું કારણ બને છે. યોગમાર્ગની સર્વ ભૂમિકાઓરૂપ જ માર્ગાનુસારીબુદ્ધિ છે. આથી શ્રાવકોની જેમ સાધુ પણ પોતાની ભૂમિકાથી અધિક-અધિક માર્ગાનુસારીબુદ્ધિની પ્રાપ્તિ અર્થે અને ઉત્તર-ઉત્તરના ભવમાં તેની અખંડ પ્રાપ્તિના અર્થે ભગવાન પાસે પ્રાર્થના કરે છે. જેના બળથી પોતાને માર્ગાનુસારીભાવપ્રાપ્તિનો પક્ષપાત વધે અને ભગવાન પ્રત્યેનો બહુમાનભાવ વધે જેના બળથી ઉત્તર-ઉત્તરના ભવોમાં અવશ્ય માર્ગાનુસારીબુદ્ધિ પ્રાપ્ત થાય છે.

**(૩) ઇષ્ટફલસિદ્ધિ :-**

ભવથી નિર્વેદ પામેલા જીવો કોઈક રીતે માર્ગાનુસારી બુદ્ધિવાળા થાય તો સતત યોગમાર્ગના રહસ્યને જાણવા અને જાણીને શક્તિ અનુસાર યોગમાર્ગની ઉચિત આચરણા સેવીને પોતાનો માર્ગાનુસારી ભાવ જ અતિશય-અતિશયતર કરે છે. આમ છતાં ગૃહસ્થ હોય અને કોઈક રીતે શારીરિક સંયોગ વિપરીત થાય, કૌટુંબિક સંયોગ વિપરીત થાય, આર્થિક સંયોગ વિપરીત થાય તો તેનાથી વ્યાકુળ થઈને ઉચિત ધર્મનું સેવન કરી શકતા નથી. ઉચિત ધર્મના સેવન વગર વીતરાગભાવના મર્મને સ્પર્શનારી ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી માર્ગાનુસારીબુદ્ધિની વૃદ્ધિ થઈ શકતી નથી; કેમ કે પ્રતિકૂળ સંયોગોમાં આત્મહિતને અનુકૂળ દૃઢ વ્યાપાર અશક્ય બને છે. કલ્યાણના અર્થી એવા ગૃહસ્થો કે કલ્યાણના અર્થી એવા સાધુ પોતાના યોગમાર્ગમાં વિઘ્નકારી એવા પ્રતિકૂળ સંયોગો પોતાને પ્રાપ્ત ન થાય તેવા ઇષ્ટ ફલને ઇચ્છે છે, જેના બળથી ઉત્તરોત્તરના યોગમાર્ગની વૃદ્ધિ થાય. આમ છતાં પૂર્વના તેવા પ્રકારના કોઈક પાપકર્મના ઉદયથી તેવા વિઘ્નકારી સંયોગો ઉત્પન્ન થવાની સંભાવના હોય તેનાથી આત્માના રક્ષણ અર્થે ભગવાનની ભક્તિ કરીને તે ભક્તિના ફળરૂપે ભગવાન પાસે યાચના કરે છે કે મારા જીવનમાં એવા કોઈ પ્રતિકૂળ સંયોગો ન આવે તેવા ઇષ્ટ ફળની સિદ્ધિ આપના પ્રસાદથી થાઓ. આ પ્રકારનો દૃઢ પ્રણિધાનપૂર્વકનો જેટલો નિર્મળ અધ્યવસાય તે અધ્યવસાયને અનુરૂપ પૂર્વમાં બંધાયેલ વિઘ્નકારી એવું કોઈ પાપકર્મ વિદ્યમાન હોય તો તે શિથિલ થાય છે અને

અધ્યવસાયને અનુરૂપ તે પાપપ્રકૃતિ પુણ્યપ્રકૃતિરૂપે પણ પરિણમન પામે છે. જેથી અત્યંત ઉપયોગપૂર્વકના કરાયેલા તેવા ઇષ્ટફલસિદ્ધિના અધ્યવસાય દ્વારા તે મહાત્માને વર્તમાનના ભવમાં કે આગામી ભવોમાં તેવાં વિઘ્નકારી કર્મો પ્રાપ્ત ન થાય જેથી સુખપૂર્વક માર્ગાનુસારીબુદ્ધિથી જ ઉચિત પ્રવૃત્તિ દ્વારા ઉત્તરોત્તર માર્ગાનુસારી ભાવોને પ્રાપ્ત કરીને પોતાનો સંસાર પરિમિત કરી શકે છે. વળી, ઉપયોગશૂન્ય કે તે પ્રકારના ભગવાનના ભક્તિના પરિણામ વગર કદાચ ઉપયોગપૂર્વક પણ ઇષ્ટફલસિદ્ધિની અભિલાષા કોઈક કરે એટલામાત્રથી ઇષ્ટફલસિદ્ધિની પ્રાપ્તિ થતી નથી. માટે કલ્યાણના અર્થીએ નિપુણ પ્રજ્ઞાપૂર્વક ઇષ્ટફલસિદ્ધિના પરમાર્થને જાણીને ઇષ્ટફલસિદ્ધિનું કારણ બને તેવા નિર્મલ અધ્યવસાયને પ્રગટ કરવા ઉદ્યમશીલ થવું જોઈએ.

**(૪) લોકવિરુદ્ધત્યાગ :–**

ભવથી વિરક્ત થયેલા ભદ્રકપ્રકૃતિવાળા જીવો પૈકી કેટલાક જીવોમાં કાંઈક માર્ગાનુસારીબુદ્ધિ પ્રગટ થયેલ હોય અને યોગમાર્ગમાં વિઘ્ન કરે તેવા કોઈ બાહ્ય સંયોગો ન હોય તોપણ સૂક્ષ્મબુદ્ધિના અભાવને કારણે સ્થૂલ ધર્મઆચરણા કરીને કલ્યાણ થશે તેવી બુદ્ધિવાળા હોય છે. આવા જીવો શિષ્ટ લોકોને અભિમત એવી ઉચિત આચરણાથી વિરુદ્ધ આચરણા કરીને પણ પોતાની મતિ અનુસાર ધર્મ સેવે છે. તેઓના તે ધર્મકૃત્યથી લોકમાં તેમનો ધર્મ નિંદાપાત્ર બને છે.

બીજાને ધર્મ પ્રત્યે નિંદાનો પરિણામ થાય તેવી વિવેક વગરની આચરણા માર્ગાનુસારીબુદ્ધિને જ કાંઈક ન્યૂન કરે છે, જેથી ધર્મબુદ્ધિથી સેવાયેલા ધર્મના ફળરૂપે તેઓ વિશેષ માર્ગાનુસારીબુદ્ધિ પ્રાપ્ત કરી શકતા નથી. વિશેષ માર્ગાનુસારીબુદ્ધિની અપ્રાપ્તિને કારણે તેઓને વિશિષ્ટ નિર્જરા કે વિશિષ્ટ પુણ્યબંધ થતો નથી, પરંતુ કંઈક મલિન ભાવને કારણે લોકવિરુદ્ધ આચરણાથી પાપબંધ થાય છે. આવા પાપબંધથી પોતાના હિતનો નાશ ન થાય તે અર્થે ઇષ્ટફલસિદ્ધિની માંગણી કર્યા પછી શ્રાવક કે સાધુ ભગવાન પાસે માંગણી કરે છે કે જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી ક્યારેય પણ લોકવિરુદ્ધ કૃત્ય મારાથી ન થાય તેવું ઉત્તમ ફળ મને તમારી ભક્તિથી પ્રાપ્ત થાઓ. ભગવાન પ્રત્યેની ભક્તિપૂર્વક અને લોકવિરુદ્ધના ત્યાગનો અધ્યવસાય કરવાથી તેનાથી ઉત્પન્ન થયેલા ઉત્તમ સંસ્કારને કારણે જન્મ-જન્માંતરમાં પણ યોગ્ય જીવોને તે પ્રકારની નિર્મળ મતિ પ્રગટે છે, જેથી ઉચિત આચરણા કરીને ધર્મના ફળને પ્રાપ્ત કરે છે.

**(૫) ગુરુજનની પૂજા :–**

ગુરુ એવાં માતા-પિતા વગેરેની ઉચિત ભક્તિ કરવી એ પણ માર્ગાનુસારીબુદ્ધિને અતિશયિત કરવા અર્થે પ્રબળ કારણ છે. માતાપિતાએ પોતાને નાનપણથી ઉછેરીને મોટો કર્યો છે તેવા માતા-પિતાના ઉપકારને જેઓ યાદ કરતા નથી, પરંતુ તેઓના કરાયેલા ઉપકારને ભૂલી જનારા છે તેઓમાં કૃતજ્ઞતાગુણ નાશ પામે છે. જેમનામાં કૃતજ્ઞતાગુણ ન હોય તેઓ તીર્થંકર આદિ અન્ય ઉપકારીઓના ઉપકારને પણ કઈ રીતે જાણી શકે ? આવા ગુણરહિત જીવો બાહ્ય ધર્મની આચરણા કરે તોપણ ઉત્તર-ઉત્તરના કષાયોના તિરોધાનરૂપ માર્ગાનુસારીભાવને કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? તેથી પોતાની માર્ગાનુસારીબુદ્ધિને જ અતિશયિત કરવા અર્થે

શ્રાવક કે સાધુ ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે દરેક ભવોમાં તમારા પ્રસાદથી મને ગુરુવર્ગ એવાં માતા-પિતા આદિની ઉચિત ભક્તિ કરવાનો પરિણામ પ્રાપ્ત થાઓ, જેથી શુદ્ધ ધર્મને સેવીને હું કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરું.

**(૬) પરાર્થકરણ :-**

કોઈ મહાત્મા ભવથી વિરક્ત હોય, કાંઈક માર્ગાનુસારીબુદ્ધિ હોય, ધર્મની ઉચિત પ્રવૃત્તિ કરવામાં વિઘ્નકારી શારીરિક આદિ સંયોગો ન હોય, વળી પ્રકૃતિથી ભદ્રક હોવાને કારણે લોકવિરુદ્ધનો ત્યાગ કરનારા હોય તથા માતા-પિતા આદિ ગુરુજનોની ઉચિત ભક્તિ કરનાર હોય, આમ છતાં પોતાની શક્તિ અનુસાર બીજાનું હિત થાય તેમાં યત્ન ન કરે તો તે અંશમાં સ્વાર્થબુદ્ધિ હોવાને કારણે વિશિષ્ટ માર્ગાનુસારી ભાવ પ્રાપ્ત થયો નથી; કેમ કે સ્વાર્થબુદ્ધિ એ કષાયનો જ પરિણામ છે, જેનાથી જે અંશથી ચિત્તમાં મલિનતા રહે તે અંશથી ઉત્તર ઉત્તરનો માર્ગાનુસારી ભાવ પ્રગટે તેવો સમ્યક્ યત્ન જીવ કરી શકતો નથી. તેથી પ્રાપ્ત થયેલા માર્ગાનુસારી ભાવ દ્વારા વિશિષ્ટ માર્ગાનુસારી ભાવની પ્રાપ્તિમાં બાધક એવા સ્વાર્થબુદ્ધિના પરિહાર અર્થે મહાત્મા ભગવાન પાસે યાચના કરે છે કે પરના પ્રયોજનને કરનાર એવા પરાર્થકરણનો પરિણામ હે ભગવાન ! મને તમારા પ્રસાદથી દરેક ભવોમાં પ્રાપ્ત થાઓ. આ પ્રકારની ઇચ્છા કરીને પરાર્થકરણને અનુરૂપ પોતાની શક્તિને જ અતિશયિત કરવા અર્થે મહાત્મા પ્રયત્ન કરે છે. જેથી તે પ્રકારની ઉત્તમ પ્રકૃતિ દરેક ભવમાં પોતાને સુખપૂર્વક પ્રાપ્ત થાય.

**(૭-૮) સુગુરુનો યોગ તથા સુગુરુના વચનનું હંમેશાં પાલન :-**

ભવનિર્વેદથી પરાર્થકરણ સુધીની જે યાચના ભગવાન પાસે કરી તે લોક-લોકોત્તર ધર્મ સાધારણ ગુણો છે; કેમ કે અન્ય દર્શનમાં પણ જે માર્ગાનુસારી બુદ્ધિવાળા છે તેઓને ભવનિર્વેદ આદિ ભાવો મોક્ષના કારણરૂપે અભિમત છે. વળી, લોકોત્તર એવા સર્વજ્ઞકથિત જૈનધર્મમાં પણ તે ભાવો ચિત્તની ઉચિત ભૂમિકાને કરવામાં કારણરૂપે અભિમત છે. આમ છતાં પરમાર્થથી તો સદ્ગુરુનો યોગ અને તેમના વચનાનુસાર ઉચિતપ્રવૃત્તિ જ સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ છે, જે આત્માનું લોકોત્તર સૌંદર્ય છે.

આશય એ છે કે સંસારસાગરથી તરવાનો પ્રબળ ઉપાય સર્વજ્ઞનું વચન છે, અન્ય કોઈનું વચન નથી. સર્વજ્ઞ પરમ ગુરુ છે; કેમ કે સંસારસાગરથી તરવાનો ઉચિત માર્ગ બતાવીને તે માર્ગમાં ચાલવાને ઇચ્છનાર જીવોને ઉચિત અનુશાસન આપે છે તેમના બળથી યોગ્ય જીવો તે માર્ગને સેવીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. આવો માર્ગ દેખાડનારા અને તેવા માર્ગમાં શિષ્યને પ્રવર્તાવનારા જે ગુરુ હોય તે શુભ ગુરુ કહેવાય. આવા શુભગુરુ પરમગુરુ એવા તીર્થંકર છે. વળી તીર્થંકરના વચનને યથાર્થ જાણીને તેમના વચન અનુસાર ચાલીને સંસારનો ઉચ્છેદ કરી રહેલા, શિષ્ય આદિની પ્રાપ્તિ પ્રતિ નિઃસ્પૃહભાવવાળા અને યોગ્ય જીવોને માર્ગ બતાવીને તે જીવોના હિતની જ એક ઇચ્છાથી શિષ્યભાવે સ્વીકારીને સદા ઉચિત અનુશાસન આપવા દ્વારા તેઓને ઉત્તર ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ કરાવે છે તેવા ઉત્તમ ગુરુ શુભગુરુ છે.

સાધુ કે શ્રાવક ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે હે ભગવાન ! તમારી ભક્તિના પ્રસાદથી મને તેવા ઉત્તમ શુભ ગુરુનો યોગ થાઓ, જેથી તેમના વચનાનુસાર મારી ભૂમિકાની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને મારામાં રહેલી સર્વ શક્તિઓને સંસારના ઉચ્છેદમાં હું પ્રવર્તાવી શકું. જેમ પોતાનામાં બોધશક્તિ છે, વીર્યશક્તિ છે, મન, વચન ને કાયાના યોગો છે, તે સર્વને શુભ ગુરુના પ્રસાદથી તેમના વચનાનુસાર યત્ન કરીને હું મારા હિતને સાધી શકું. આ પ્રકારના અભિલાષ દ્વારા શુભગુરુની પ્રાપ્તિના યોગનો અને તેમની વચનાનુસાર ચાલવાની ઉત્તમ મનોવૃત્તિનો પક્ષપાત કરીને તે મહાત્મા તેવા ગુરુની પ્રાપ્તિ માટે અને તેમના વચનને પરતંત્ર થવાની શક્તિનો સંચય કરે છે. જેના બળથી પોતાનામાં પ્રગટ થયેલ ભવવૈરાગ્યનો ભાવ અને માર્ગાનુસારીભાવ ઉત્તરોત્તર અતિશય-અતિશયતર થઈને અવશ્ય ક્ષપકશ્રેણીનું કારણ બને છે. તેથી ભવવૈરાગ્યભાવને અને માર્ગાનુસારીભાવને તીવ્ર ગતિથી વૃદ્ધિ કરવા અર્થે સદ્ગુરુનો યોગ અને તદ્ વચનની સેવા છે, જે સર્વજ્ઞના વચન અનુસાર યોગમાર્ગની સુદૃઢ પ્રવૃત્તિ સ્વરૂપ છે. તેથી જીવનું લોકોત્તર સૌંદર્ય છે. જેના બળથી મહાત્માઓ સુખપૂર્વક દુસ્તર એવા પણ આ સંસારસાગરને તરી જાય છે અને તેવી ઉત્તમપ્રકૃતિ જ્યાં સુધી પોતાને ભવોની પ્રાપ્તિ થાય ત્યાં સુધી અખંડ મળો એવો અભિલાષ મહાત્મા પ્રસ્તુત બે ગાથાઓથી કરે છે.

પૂર્વમાં બે ગાથાઓ દ્વારા ભગવાનની ભક્તિ કરીને જે કાંઈ માંગવા જેવું છે તે બે ગાથા દ્વારા માંગણી કરી. ત્યાં સામાન્યથી વિચારકને પ્રશ્ન થાય કે ભગવાનની ભક્તિના ફળરૂપે કોઈ માંગણી કરે તો તેને શાસ્ત્રકારો નિદાન કહે છે. નિદાન એ યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નરૂપ છે. આથી જ શાસ્ત્રમાં ત્રણ શલ્યમાં નિદાનશલ્યનું વર્જન કરવાનું કહેલ છે. તે નિદાન નયદૃષ્ટિથી બે પ્રકારનાં છે : નિશ્ચયનયથી અને વ્યવહારનયથી.

નિશ્ચયનયથી વીતરાગની ભક્તિ કરીને વીતરાગ થવાનો ઉદ્યમ કરવો એ જ જીવને ઇષ્ટ છે. તે સિવાય ભવનિર્વેદ આદિ ભાવોની માંગણી કરવી તે પણ ઇષ્ટ નથી; કેમ કે વીતરાગભાવની પ્રાપ્તિ પ્રત્યે વીતરાગની ભક્તિ સાક્ષાત્ કારણ છે. તેથી તે ભક્તિ કરીને કોઈ પ્રકારની કામના કરવી તે નિદાનરૂપ છે.

વ્યવહારનયથી તો વિવેક વગરના જીવો દ્વારા કરાતી બાહ્ય પદાર્થોની માંગણી કે જેનાથી ચિત્તમાં કાલુશ્ય થાય છે તે નિદાન છે. વ્યવહારનયથી આવા નિદાનોના ૯ પ્રકારો બતાવવામાં આવ્યા છે. આ ૯ નિદાનો કરવાનો ભગવાને નિષેધ કર્યો છે; કેમ કે તે નિદાન યોગમાર્ગની પ્રવૃત્તિમાં શલ્યરૂપ છે. પ્રસ્તુત સૂત્રની ગાથા-૩માં નિશ્ચયનયના નિદાનને સામે રાખીને ગાથાના પૂર્વાર્ધથી કહે છે કે હે વીતરાગ ! જોકે તમારા શાસનમાં નિદાન કરવાનું વારણ કરાયું છે, તેથી મારે માત્ર તમારી ભક્તિ જ કરવી જોઈએ, પરંતુ ભક્તિના ફળરૂપે કોઈ વસ્તુની માંગણી કરવી જોઈએ નહીં, છતાં જ્યાં સુધી નિશ્ચયનયના શ્રેષ્ઠ ભક્તિના પરિણામને સ્પર્શીને વીતરાગતાને અનુકૂળ મહાપરાક્રમ પોતે કરી શકે તેમ નથી ત્યાં સુધી તેવા પરાક્રમને અનુકૂળ બળનું આધાન કરે તેવી તમારા ચરણોની સેવા મને ભવોભવ પ્રાપ્ત થાઓ; કે જેના બળથી તમારા વચન અનુસાર દૃઢ પ્રવૃત્તિ કરીને હું પૂર્ણ શક્તિથી વીતરાગની ભક્તિ કરી શકું. આ પ્રકારનો નિર્મળ

અધ્યવસાય વ્યવહારનયની દૃષ્ટિથી નિદાનરૂપ નથી માટે આરાધક જીવો માટે આ પ્રકારની માંગણી કરવી ઇષ્ટ છે.

આ રીતે ભગવાન પાસે ભવોભવ તેમના ચરણોની સેવાની માગણી કર્યા પછી વિશેષ પ્રકારના કલ્યાણના અર્થી એવા સાધુ કે શ્રાવક ભગવાનને કહે છે કે હે ભગવંત ! તમારા પ્રણામને કરવા દ્વારા મને આ ચાર વસ્તુ પ્રાપ્ત થાઓ : (૧) દુઃખનો ક્ષય, (૨) કર્મનો ક્ષય, (૩) સમાધિમરણ અને (૪) બોધિનો લાભ.

**(૧) દુઃખનો ક્ષય :-**

સંસાર અંતરંગ અને બાહ્ય દુઃખોથી આક્રાંત છે. તેમાં અંતરંગ દુઃખો મોહના પરિણામ સ્વરૂપ છે. બાહ્ય દુઃખો શારીરિક આદિ પ્રતિકૂળતાઓ સ્વરૂપ છે. તે દુઃખોથી વ્યાકુળ થયેલો જીવ તે દુઃખના ક્ષય અર્થે વીતરાગની ભક્તિ કરે છે અને ભગવાનને કહે છે કે હે ભગવન્ ! મેં તમને પ્રણામ કર્યા અને તેના ફળરૂપે મને શારીરિક, માનસિક આદિ દુઃખોનો ક્ષય થાઓ કે જેથી હું સદા સ્વસ્થતારૂપ સમાધિને પ્રાપ્ત કરું.

**(૨) કર્મનો ક્ષય :-**

વળી, ભગવાનને કહે છે કે સંસારમાં જે કાંઈ ઉપદ્રવો છે તે સર્વ કર્મકૃત છે. કર્મના નાશ વગર પૂર્ણસુખની પ્રાપ્તિ સંભવે નહીં. માટે ભગવાન પાસે નમસ્કાર કરીને મહાત્મા અભિલાષ કરે છે કે તમારા પ્રસાદથી મારાં કર્મો નાશ પામો.

આ પ્રકારના દુઃખક્ષય અને કર્મક્ષયના અભિલાષથી સાધુ કે શ્રાવક દુઃખક્ષય અને કર્મક્ષયને અનુકૂળ અંતરંગવીર્યનો સંચય કરવા યત્ન કરે છે. તે વીર્યનો સંચય વીતરાગ પ્રત્યેની ભક્તિથી થાય છે. તેથી ભગવાનને અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ કરીને મહાત્મા તે પ્રકારનું બળ આત્મામાં આધાન કરે છે.

**(૩) સમાધિમરણ :-**

વળી, ઉત્તરના ઉત્તમ જન્મની પ્રાપ્તિમાં સમાધિમરણ અત્યંત ઉપકારક છે. સમાધિમરણ જિનવચનનું દૃઢ અવલંબન લઈને મરણના અંતસમય સુધી કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરવાના ઉદ્યમથી થાય છે. આવો ઉદ્યમ કરવો અતિ દુષ્કર હોવાથી જો તેવો ઉદ્યમ અંતસમયે ન થાય તો પ્રાપ્ત થયેલો મનુષ્યભવ પણ પૂર્ણ સફળ બને નહીં. મનુષ્યભવમાં તેવી સમાધિને અનુકૂળ બળસંચય અર્થે ભગવાનનું આલંબન પ્રબળ કારણ છે. તેથી સાધુ અને શ્રાવક પ્રસંગે પ્રસંગે ભગવાનને અત્યંત ઉપયોગપૂર્વક પ્રણામ કરીને સમાધિમરણને અનુકૂળ પોતાને દૃઢ વીર્ય ઉલ્લસિત થાય તેવો યત્ન પ્રગટ કરવા અર્થે પ્રસ્તુત સૂત્રથી ભગવાન પાસે તેની યાચના કરે છે. વળી, તે મહાત્મા સમાધિમરણકાળમાં વર્તતા ઉત્તમ ચિત્તનું વારંવાર સ્મરણ કરીને ભગવાનને પ્રણામ કરવા દ્વારા તેનો અભિલાષ કરે છે, જેથી મૃત્યુ વખતે તેની પ્રાપ્તિ સુલભ થાય. આવા જીવોને તે પ્રકારના પુનઃ પુનઃ સેવાયેલા નિર્મળ અધ્યવસાયના બળથી અંત સમયે તે પ્રકારની પ્રાયઃ સ્મૃતિ થાય છે, જેથી સમાધિમરણ સુલભ બને છે.

**(૪) બોધિનો લાભ :-**

વળી, શ્રાવક કે સાધુ ભગવાનને સંબોધીને કહે છે કે હે નાથ ! તમને પ્રણામ કરવા દ્વારા મને બોધિલાભની પ્રાપ્તિ થાઓ અર્થાત્ ભગવાનનું વચન જ એકાંતે વીતરાગતુલ્ય થવાનું કારણ હોવાથી મને તે વચનના પરમાર્થને સ્પર્શે તેવો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધનો લાભ થાઓ, જેથી તે બોધિના લાભના બળથી સુખપૂર્વક સર્વ કર્મોનો નાશ કરીને હું તમારા તુલ્ય અવસ્થાને પામું.

આ પ્રકારના ભાવનથી સાધુ કે શ્રાવકને દુઃખક્ષય આદિ સર્વ ભાવો પ્રત્યેનો પક્ષપાત વધે છે અને દુઃખક્ષય આદિ ભાવોના રાગથી બોલાયેલાં વચનો દ્વારા જે વિશુદ્ધ ભાવ થાય છે તે વિશુદ્ધ ભાવના બળથી તે તે ભાવોની પ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મો નાશ થાય છે. આથી જ જે મહાત્મા જેટલા તીવ્ર સંવેગપૂર્વક પ્રસ્તુત વચનો બોલે છે તે સંવેગના પરિણામને અનુરૂપ તે ગુણની પ્રાપ્તિ પ્રત્યે બાધક કર્મોનો નાશ થાય છે. માટે સૂત્ર બોલનાર મહાત્માએ તદ્દચિત્ત, તદ્દલેશ્યા, તદ્દમન, તદ્દઅર્થમાં અર્પિત માનસપૂર્વક બોલવા યત્ન કરવો જોઈએ, જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય.

ભગવાનને પ્રણામ કરીને ભગવાન પાસે દુઃખક્ષય આદિની માંગણી કરીને મહાત્મા પોતાનું ચિત્ત વીતરાગ પ્રત્યેની ભક્તિવાળું કરે છે. ત્યારપછી ભગવાનનું શાસન કેવું છે ? તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે પોતાની ભક્તિને અભિવ્યક્ત કરવા અર્થે અંતિમ ગાથા બોલે છે.

જગતમાં જેટલાં મંગલો છે તે સર્વ મંગલોમાં પ્રધાન મંગલ ભગવાને પ્રવર્તાવેલો શ્રુતરૂપ અને ચારિત્રરૂપ ધર્મ છે; કેમ કે બાહ્ય મંગલો જીવની કાર્યસિદ્ધિ માટે નિમિત્તકારણરૂપ બને છે, પરંતુ ભગવાનના વચનના બળથી થયેલ સમ્યગ્ શ્રુતજ્ઞાન જીવના ઉત્તમ અધ્યવસાયો નિષ્પન્ન કરીને સર્વ પ્રકારની મંગલની પ્રાપ્તિની પરંપરામાં પ્રબળ કારણ છે. તેથી જેઓ ભગવાનના ધર્મને યથાર્થ જાણીને તે પ્રકારે મંગલરૂપે ઉપસ્થિત કરીને તે શ્રુતનો યથાર્થ બોધ કરવા પ્રયત્ન કરે છે ત્યારથી તેના જીવનમાં મંગલની પરંપરાની પ્રાપ્તિ થાય છે. માટે અન્ય સર્વ મંગલોથી પ્રધાન મંગલ ભગવાનનું શાસન છે=ભગવાનનું શ્રુત-ચારિત્રરૂપ શાસન છે.

વળી, આ ભગવાનનો ધર્મ સર્વ કલ્યાણનું કારણ છે; કેમ કે ભગવાનના શ્રુતધર્મથી વાસિત થયેલું ચિત્ત સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરાવીને જીવને સતત પુણ્યાનુબંધીપુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિ દ્વારા કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરાવે છે. વળી, અન્ય દર્શનોમાં પણ કંઈક કંઈક યોગમાર્ગ છે, પરંતુ પૂર્ણ યોગમાર્ગ ભગવાનના શાસનમાં જ છે; કેમ કે કષ, છેદ અને તાપ આ ત્રણ પરીક્ષાઓથી શુદ્ધ સર્વજ્ઞનું વચન છે. સર્વજ્ઞનું એક એક વચન સર્વ નયોની દૃષ્ટિથી ઉચિત બોધ કરાવીને આત્માના હિતનું કારણ બને તેવા ઉચિત ધર્મની નિષ્પત્તિનું અવશ્ય કારણ બને છે. તેથી સર્વ ધર્મોમાં પ્રધાન ધર્મ એવું ભગવાનનું શાસન છે. જે "જૈનશાસનનો જય થાઓ" એ પ્રકારની ભાવના કરીને સાધુ કે શ્રાવક તે ધર્મ પ્રત્યેના પોતાના રાગની વૃદ્ધિ કરે છે. **॥૧૯॥**

❖

## ૨૦. અરિહંત ચેઇયાણં (ચૈત્યસ્તવ) સૂત્ર

**અવતરણિકા :-**

સાધુ કે શ્રાવક સંસારના ઉચ્છેદના અર્થી હોય છે. સંસારના ઉચ્છેદનો ઉપાય વીતરાગની ભક્તિ છે. વીતરાગની ભક્તિ વીતરાગના નામનિક્ષેપા, સ્થાપનાનિક્ષેપા, દ્રવ્યનિક્ષેપા અને ભાવનિક્ષેપા પ્રત્યે વર્તતા બહુમાનભાવથી થાય છે. તેથી ભગવાનના સ્થાપનાનિક્ષેપારૂપ ચૈત્ય પ્રત્યે ભક્તિની વૃદ્ધિના અર્થે સાધુ કે શ્રાવક પ્રસ્તુત સૂત્ર બોલીને કેવા પ્રકારનું પ્રણિધાન કરે ? જેથી કલ્યાણની પ્રાપ્તિ થાય, તે બતાવે છે –

**સૂત્ર :-**

**અરિહંત ચેઇયાણં કરેમિ કાઉસ્સગ્ગં.**

**વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભ-વત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ, સદ્ધાએ, મેહાએ, ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણિએ ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**અરિહંત ચૈત્યોનો હું કાઉસ્સગ્ગ કરું છું.**

કયા નિમિત્તે અરિહંત ચૈત્યોનો કાઉસ્સગ્ગ કરું છું ? તેથી કહે છે –

**વંદન માટે, પૂજન માટે, સત્કાર માટે, સન્માન માટે.**

કેમ અરિહંત ચૈત્યોના વંદન આદિ માટે કાઉસ્સગ્ગ કરું છું ? તેથી કહે છે –

**બોધિલાભ માટે.**

બોધિલાભ માટે કાઉસ્સગ્ગ શા માટે કરું છું ? તેથ કહે છે –

**નિરુપસર્ગ થવા માટે=સર્વ ઉપદ્રવ રહિત એવા મોક્ષની પ્રાપ્તિ માટે, હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે.**

કઈ રીતે કાઉસ્સગ્ગ કરું છું ? તેથી કહે છે –

**વધતી જતી શ્રદ્ધાથી, વધતી જતી મેધાથી, વધતી જતી ધૃતિથી, વધતી જતી ધારણાથી અને વધતી જતી અનુપ્રેક્ષાથી હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું અર્થાત્ આગારસૂત્રરૂપ અન્નત્થને બોલીને હું સ્થિર થાઉં છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

સાધુ કે શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિના અર્થે કાઉસ્સગ્ગ કરે છે. ભગવાન પ્રત્યેની ભક્તિની

વૃદ્ધિનો ઉપાય ગુણવાન એવા ભગવાનની ગુણીરૂપે ઉપસ્થિતિ કરવાપૂર્વક વંદનની, પૂજનની, સત્કારની અને સન્માનની ક્રિયા છે. શ્રાવક પોતાની શક્તિને અનુરૂપ અવશ્ય વંદન, પૂજન, સત્કાર અને સન્માન દ્વારા ભગવાનની ભક્તિ કરે છે; છતાં શ્રાવકને તેટલાથી સંતોષ નથી. તેથી વંદન આદિ ચારના નિમિત્તે કાઉસ્સગ્ગ કરીને તે ચાર ક્રિયાથી તથા ફળની ઇચ્છા કાઉસ્સગ્ગ દ્વારા પણ કરે છે અર્થાત્ મારા પ્રસ્તુત કાઉસ્સગ્ગથી વંદન આદિ ચાર ક્રિયાના ફળની મને પ્રાપ્તિ થાઓ એ પ્રકારની ઇચ્છા કરે છે.

વળી, સાધુ સતત ભગવાનના વચન અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને ભગવાનની ભક્તિ કરે છે, તેમ ભગવાનનાં વંદન, પૂજન, સત્કાર, સન્માનથી શ્રાવક જે પ્રકારના ઉત્તમ ચિત્તને પ્રાપ્ત કરે છે અને તેના ફળરૂપે જે નિર્જરાને પ્રાપ્ત કરે છે તેવા ફળની ઇચ્છા સાધુ પણ કરે છે. તેથી સાક્ષાત્ વંદન અને સન્માનની ક્રિયા સાધુ કરે છે, પરંતુ પૂજન અને સત્કારની ક્રિયા કરતા નથી; કેમ કે પુષ્પાદિથી પૂજન અને વસ્ત્રાદિથી સત્કાર કરવો તે શ્રાવકનો આચાર છે, તોપણ વંદનાદિ દ્વારા ભગવાન પ્રત્યેના ભક્તિના અતિશય અર્થે અભિલાષ કરે છે કે પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મને વંદન, પૂજન આદિ ક્રિયાનું ફળ પ્રાપ્ત થાઓ. તે માટે હું કાઉસ્સગ્ગ કરું છું.

અહીં પ્રશ્ન થાય કે સાધુ કે શ્રાવક વંદન, પૂજન આદિ ચાર પ્રકારે અરિહંતનાં ચૈત્યોની ભક્તિના અર્થે કાઉસ્સગ્ગ કેમ કરે છે ? તેથી કહે છે -

બોધિલાભ માટે કાઉસ્સગ્ગ કરે છે.

પુનઃ પ્રશ્ન થાય કે સાધુને કે શ્રાવકને બોધિલાભની ઇચ્છા કેમ થાય છે ? તેથી કહે છે –

નિરુપસર્ગ સ્થાનને પ્રાપ્ત કરવા માટે. સર્વ ઉપદ્રવ રહિત મોક્ષની પ્રાપ્તિ માટે બોધિલાભની ઇચ્છા કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે વીતરાગના વીતરાગતા આદિ ગુણોના સ્મરણપૂર્વક તેઓની આ પ્રતિમા છે એ પ્રકારની બુદ્ધિથી જેઓ જિનપ્રતિમાનું વંદન, પૂજન, સત્કાર, સન્માન કરે છે તેઓને તે ક્રિયા દરમિયાન ભગવાનની કેવલજ્ઞાનની અવસ્થા અને અંતિમ યોગનિરોધની અવસ્થા સ્મૃતિમાં હોય છે. તેના પ્રત્યેના હૈયામાં વધતા જતા બહુમાનને કારણે તે પ્રકારની ભક્તિની વૃદ્ધિ થાય છે. વળી, ભગવાનની અપાયઅપગમ આદિ અતિશયવાળી અવસ્થાનું અને યોગનિરોધ અવસ્થાનું સ્મરણ રહે છે. જેના પ્રત્યે વધતા જતા રાગને કારણે બોધિલાભની પ્રાપ્તિ થાય છે તથા પ્રાપ્ત થયેલું બોધિ દૃઢ, દૃઢતર થાય છે. જેથી જન્માંતરમાં અવિચ્છેદથી બોધિલાભ પ્રાપ્ત થાય છે અને આ ભવમાં પણ તે બોધિલાભનો પરિણામ પ્રકર્ષવાળો થાય તો ક્ષાયિકભાવના બોધિલાભનું કારણ બને છે. વળી, ક્ષાયિકભાવના બોધિલાભવાળા જીવોને પણ આ પ્રકારની ભગવાનની ભક્તિ દ્વારા નૈશ્ચયિક બોધિલાભની પ્રાપ્તિ થાય છે, જે બોધિલાભ અપ્રમત્તદશારૂપ મુનિભાવ સ્વરૂપ છે.

આવો બોધિલાભ મને પ્રાપ્ત થાઓ અર્થાત્ પોતાને જે પ્રકારનો વર્તમાનમાં બોધિલાભ થયો છે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને નૈશ્ચયિક બોધિલાભમાં વિશ્રાંત થાય એવી આકાંક્ષાથી તે બોધિલાભના પરમાર્થને

જાણીને જેઓ ભગવાનની ભક્તિ કરે છે તેઓને ભગવાનના ગુણોમાં રહેલા તન્મયતાના ઉપયોગથી અવશ્ય તેવો બોધિલાભ થાય છે. આથી જ પુષ્પપૂજા કરતી વખતે નાગકેતુને અપ્રમત્તદશાના બોધિલાભના પ્રકર્ષની પ્રાપ્તિ દ્વારા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેથી જે જીવો જેટલા સૂક્ષ્મબોધપૂર્વક અને દૃઢ ઉપયોગપૂર્વક ભગવાનના ગુણોનું સ્મરણ કરીને તેમાં લીન થવા જેટલો ઉદ્યમ કરી શકે તે પ્રમાણે તેને વિશેષ-વિશેષ પ્રકારના બોધિલાભની પ્રાપ્તિ થાય છે. જે બોધિલાભના પ્રકર્ષને પામીને કેવલજ્ઞાનનું કારણ બને છે.

આથી સૂત્રમાં ઇચ્છા કરાય છે કે નિરુપસર્ગ એવા મોક્ષ માટે મને બોધિલાભ થાઓ. તેથી મોક્ષના અર્થે મહાત્માઓ બોધિલાભની વાંછા કરે છે. મોક્ષ પૂર્ણસુખમય અવસ્થા છે. તેથી તેની વાંછા કેમ કરેલ છે ? તે પ્રકારના પ્રશ્નનો અવકાશ નથી. આ રીતે મોક્ષના અર્થે બોધિલાભની ઇચ્છા અને બોધિલાભના અર્થે ભગવાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ માટે સાધુ કે શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે.

આ કાઉસ્સગ્ગ કેવા પ્રકારના ઉપયોગથી કરવામાં આવે કે જેથી બોધિલાભની પ્રાપ્તિ દ્વારા પરંપરાએ મોક્ષનું કારણ બને ? તેવા પ્રકારના પ્રણિધાન અર્થે સાધુ કે શ્રાવક કહે છે –

હું વધતી જતી શ્રદ્ધા આદિથી કાઉસ્સગ્ગમાં રહું છું.

તેથી તે વચનના પ્રયોગથી દૃઢ પ્રણિધાન ઉલ્લસિત થાય તો ભગવાનની ભક્તિ કરવાનો જે રુચિરૂપ અંશ હતો તે અતિશયિત થાય છે. અતિશય રુચિપૂર્વક કાઉસ્સગ્ગને કારણે મેધાનો ઉપયોગ પણ તીક્ષ્ણ બને છે અર્થાત્ ભગવાનના સ્વરૂપને સૂક્ષ્મ રીતે જાણવાને અનુરૂપ મતિજ્ઞાનનો ઉપયોગ વૃદ્ધિ પામે છે. તે મેધાની-વૃદ્ધિને કારણે વધતી જતી ધૃતિથી વીતરાગના ગુણોથી આત્માને વાસિત કરવાનો યત્ન થાય છે. વધતી જતી ધૃતિના કારણે ભગવાનના ગુણોની ધારણા આત્મામાં પૂર્વમાં જે હતી તે પણ અધિક-અધિકતર થાય છે. પરિણામે સાધુનો કે શ્રાવકનો આત્મા તે ઉપયોગના બળથી ભગવાનને આસન્ન-આસન્નતર થાય છે. આવી વધતી જતી ધારણાને કારણે તે મહાત્મામાં વધતી જતી અનુપ્રેક્ષા પ્રગટે છે અર્થાત્ ભગવાનને તુલ્ય થવા માટે જરૂરી સૂક્ષ્મ અનુપ્રેક્ષાવાળો ઉપયોગ ઉલ્લસિત થાય છે. જે ક્ષપકશ્રેણી તરફ જતો જીવનો પરિણામ છે.

"આ પ્રકારના વધતા જતા શ્રદ્ધા આદિ ભાવોપૂર્વક હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું, જેનાથી અરિહંતચૈત્ય આદિનાં પૂજાફળ મને પ્રાપ્ત થાઓ" એ પ્રકારના પ્રણિધાનપૂર્વક મહાત્મા કાઉસ્સગ્ગ કરે તો તે કાઉસ્સગ્ગ દરમ્યાન બોલાતા નવકારના સૂત્ર દ્વારા પણ અરિહંત પ્રત્યેની ભક્તિ તે પ્રકારે ઉલ્લસિત થાય છે, જેથી તેનું બોધિ નિર્મળ-નિર્મળતર બને છે અને અંતે તે બોધિના બળથી તે મહાત્મા અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરશે. **॥૨૦॥**

❖

# ૨૧. કલ્લાણકંદં (પાંચ જિનની થોય) સૂત્ર

**અવતરણિકા :-**

કલ્લાણકંદં સૂત્રની પ્રથમ ગાથામાં પાંચ તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે –

**સૂત્ર :-**

**કલ્લાણકંદં પઢમં જિણિંદં, સંતિં તઓ નેમિજિણં મુણિંદં;**
**પાસં પયાસં સુગુણિક્કઠાણં, ભત્તિઈ વંદે સિરિવદ્ધમાણં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**કલ્યાણના કંદ, જિનોમાં ઈંદ્ર=અવધિજિન આદિ મુનિઓમાં ઈંદ્ર સમાન, પયાસં=પ્રકાશને કરનારા, સુગુણોના સ્થાનમય એવા, પ્રથમ જિન=આદિનાથ પ્રભુ, શાંતિજિન તથા નેમિજિન અને પાર્શ્વજિન તથા વર્ધમાનજિન - તે પાંચે જિનોને હું ભક્તિથી વંદન કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

**(૧) કલ્યાણનું કંદ :-**

પાંચ તીર્થંકરોને ભક્તિથી વંદન કરતાં તેમના ગુણોનું સ્મરણ કરે છે કે આ પાંચેય તીર્થંકરો કલ્યાણનું કંદ છે=પાંચ તીર્થંકરોને અવલંબીને ભક્તિથી પ્રવર્તતો મારો ઉપયોગ મારા કલ્યાણનું કંદ છે. તે કલ્યાણનું કંદ ભગવાનને અવલંબીને મારામાં પ્રગટ થયું છે તેથી ભગવાન જ મારા કલ્યાણના મૂળ સમાન છે.

અહીં કલ્યાણ કહેવાથી એ પ્રાપ્ત થાય કે સદ્ગતિઓની પરંપરા દ્વારા પૂર્ણ સુખમય મોક્ષની પ્રાપ્તિ થાય તેવા આત્મામાં ઉત્તમ સંસ્કારોથી યુક્ત પુણ્યાનુબંધી પુણ્યનો સંચય તે ભગવાનને અવલંબીને આત્મામાં થયેલો હોવાથી ભગવાન કલ્યાણનું કંદ છે.

**(૨) જિનેન્દ્ર :-**

વળી, ભગવાન જિનોમાં ઇંદ્ર છે અર્થાત્ શ્રુતજિન, અવધિજિન, મનઃપર્યવજિન અને કેવલજિન - આ બધામાં તીર્થંકર શ્રેષ્ઠ જિન છે. તેથી જિનોમાં ઇંદ્ર છે. આ પ્રકારે ભગવાનને ઉપસ્થિત કરવાથી જેને જિનઅવસ્થા પ્રત્યે રાગ હોય તેઓને સર્વ જિનો કરતાં શ્રેષ્ઠ જિન એવા તીર્થંકરજિનો પ્રત્યે અત્યંત રાગ ઉલ્લસિત થાય છે. તીર્થંકરો પ્રત્યેનો વધતો જતો રાગ પ્રકર્ષને પામે તો તીર્થંકરપદની પ્રાપ્તિનું બીજ છે.

**(૩) મુનીન્દ્ર :-**

વળી, આ પાંચે જિનો મુનિઓમાં ઇંદ્ર છે. ત્રણ ગુપ્તિ દ્વારા સંસારભાવથી મૌનને ધારણ કરવું તે મૌનપણું છે. આવા મૌનભાવને ધારણ કરનારા મુનિઓ સતત સંસારનો ઉચ્છેદ કરી રહ્યા છે. સંસારના ઉચ્છેદના અર્થી જીવને તેવા મુનિઓ પ્રત્યે અત્યંત બહુમાન હોય છે. વળી, તીર્થંકરો તો આવા મુનિઓમાં

પણ ઇંદ્ર સમાન છે; કેમ કે છદ્મસ્થકાલમાં ભગવાનનું મૌન પણ અન્ય સર્વ મુનિઓ કરતાં અનુત્તર કોટિનું હોય છે. તેથી તીર્થંકરો મુનિઓમાં ઇંદ્ર જેવા છે.

આ પ્રકારે ભગવાનની ઉપસ્થિતિ થવાથી મુનિભાવ પ્રત્યે જેને રાગ છે તેઓને મુનિઓમાં ઇંદ્ર જેવા ભગવાન છે તેવા વચનના શ્રવણમાત્રથી પણ ભગવાન પ્રત્યેનો રાગનો અતિશય થાય છે, જે રાગ મુનિભાવની પ્રાપ્તિ દ્વારા પ્રકર્ષને પામીને મુનિઓમાં ઇંદ્રતુલ્ય થવાનું પ્રબળ કારણ છે.

વળી, આ પાંચેય તીર્થંકરો તત્ત્વના પ્રકાશક છે. તેથી તત્ત્વ પ્રત્યે જેઓને રાગ હોય તેઓને તત્ત્વના પ્રકાશકરૂપે ભગવાનની સ્મૃતિ થવાથી ભક્તિનો અતિશય થાય છે.

વળી, આ પાંચેય તીર્થંકરો સુગુણોનાં સ્થાન છે અર્થાત્ જન્મથી માંડીને નિર્મળ કોટિના ત્રણ જ્ઞાનવાળા હતા, દીક્ષાકાળમાં નિર્મલ કોટિના ચાર જ્ઞાનવાળા હતા અને મોહના નાશ માટે મહાપરાક્રમને ફોરવનારા હતા. વળી, ઘાતિકર્મોનો નાશ કરીને ગુણોના સમુદ્રતુલ્ય થયા.

"આવા પાંચેય જિનેન્દ્રોને હું ભક્તિથી વંદન કરું છું" એ પ્રકારે બોલીને તેમના ગુણોની ઉપસ્થિતિપૂર્વક વધતી જતી ભક્તિના બળથી સ્તુતિ બોલનારા મહાત્મા પણ મહાનિર્જરાને પ્રાપ્ત કરે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**પાંચ જિનેન્દ્રોની સ્તુતિ કર્યા પછી ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**અપારસંસારસમુદ્દપારં, પત્તા સિવં દિંતુ સુઇક્કસારં;**
**સવ્વે જિણિંદા સુરવિંદવંદા, કલ્લાણવલ્લીણવિસાલકંદા ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**સુરના વૃંદથી વંદાયેલા=દેવોના સમૂહથી પૂજાયેલા, કલ્યાણની વેલીના વિશાલ કંદ જેવા, કિનારા વગરના સંસારસમુદ્રના પારને પામેલા, સર્વ જિનેશ્વરો શ્રુતિના એક સાર એવું=શ્રુતજ્ઞાનનું એકફળ એવું, મોક્ષ આપો. ॥૨॥**

**ભાવાર્થ :-**

સર્વ જિનોની સ્તુતિ કરીને તેમની પાસે માંગણી કરતાં કહે છે કે શ્રુતજ્ઞાનના એકસારરૂપ એવો મોક્ષ મને સર્વ જિનો આપો.

આ પ્રકારની માંગણીથી વિવેકીને એ ઉપસ્થિત થાય છે કે શ્રુતજ્ઞાન એ ભગવાનનું વચન છે અને તે વચન જે જે અંશથી જીવને પરિણમન પામે છે તે તે અંશથી જીવનું ચિત્ત નિર્વાણ તરફ ગતિ કરે છે અર્થાત્ મોહની આકુળતાથી પર થઈને આત્મભાવોમાં વિશ્રાંતિ તરફ જાય છે. તે શ્રુતજ્ઞાનાનુસાર નિષ્પન્ન થયેલું ચિત્ત યોગનિરોધની ભૂમિકાને પ્રાપ્ત કરાવે છે, જેનું ફળ મોક્ષ છે. આવા મોક્ષને પ્રાપ્ત કરવા અર્થે અત્યંત

અભિલાષવાળા મહાત્મા એવી ભૂમિકાને પામેલા સર્વ જિનો પ્રત્યે ભક્તિપૂર્વક તે પ્રકારની માંગણી કરે તો જિન પ્રત્યેના ભક્તિના બળથી સમ્યગ્પણાને પામતું શ્રુતજ્ઞાન અવશ્ય મોક્ષના ફળને આપનારું બને છે. તેથી તે પ્રકારના વીર્યના ઉલ્લાસ અર્થે ભગવાન પાસે પ્રસ્તુત સ્તુતિથી મોક્ષ આપો એ પ્રમાણે માંગણી કરાય છે.

વળી તે સર્વ જિનો પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય જેથી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય તદ્ અર્થે ભગવાનના સ્વરૂપનું પ્રસ્તુત સ્તુતિમાં આલોચન કરાય છે કે "ચોવીશે તીર્થંકરો જે સંસારસમુદ્રનો છેડો નથી તેવા સંસારસમુદ્રના પારને પામેલા છે."

આશય એ છે કે સંસારનું ચક્ર અનાદિકાળનું છે અને અનંત કાળ સુધી આ સંસારનું ચક્ર સદા ચાલશે. વિશાળ પણ સમુદ્રના બે છેડા હોય છે, પરંતુ સમુદ્ર જેવા અગાધ અને ભયાવહ એવા આ સંસારના છેડા નથી, તોપણ ભગવાન સાધના કરીને અપાર એવા પણ સંસારસમુદ્રના પારને પામેલા છે તે પ્રકારે પરમાત્માને ઉપસ્થિત કરીને તેમની જેમ સંસારસમુદ્રને પાર પામવાની ઇચ્છાથી અને તે પાર પામવાની ઇચ્છાને અતિશયિત કરવા અર્થે ભગવાનની પાસે પ્રસ્તુત સ્તુતિથી મોક્ષની માંગણી કરાય છે.

વળી, તે સર્વ જિનો કેવા છે ? જેથી તેમના પ્રત્યે ભક્તિનો અતિશય થાય તે અર્થે કહે છે –

"બુદ્ધિમાન એવા દેવોના સમૂહથી વંદાયેલા છે."

આશય એ છે કે જે મહાત્માઓ સંસારના ઉચ્છેદના અર્થે મહાપરાક્રમ ફોરવી રહ્યા છે, છતાં સંપૂર્ણ મોહસમુદ્રના પારને પામ્યા નથી તેઓ સાધનાના બળથી ઉત્તમ દેવભવમાં જાય છે અને મહાબુદ્ધિના નિધાન થાય છે. આવા દેવોના સમૂહ પણ ભગવાનને વંદન કરે છે, તેથી જ નક્કી થાય છે કે બુદ્ધિમાન એવા દેવોથી પણ જે વંદનીય છે તેવા ભગવાનને મારે પણ વંદન કરીને તેમના તુલ્ય થવા યત્ન કરવો જોઈએ.

વળી, તે મહાત્મા વિચારે છે કે ભગવાનની કરાયેલી ભક્તિ પોતાના આત્માના કલ્યાણની વલ્લીના માટે વિશાલ કંદ જેવી છે. તેથી તેવા કલ્યાણની પ્રાપ્તિ કરવામાં પ્રબળ કારણ હોવાથી ચોવીશે તીર્થંકરો કલ્યાણવલ્લીના વિશાલ કંદ જેવા છે. આ પ્રકારની સ્મૃતિ થવાથી કલ્યાણના અર્થી જીવને તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ ઉલ્લસિત થાય છે અને જે પ્રકારે ભક્તિનો પ્રકર્ષ થાય તે પ્રકારે ભગવાનના અવલંબનથી શ્રુતજ્ઞાનના પરિણમનનો પ્રકર્ષ થાય છે અને જેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ સુલભ થાય છે. **॥૨॥**

**અવતરણિકા :-**

**પાંચ જિનની સ્તુતિ કરી, ત્યારપછી ચોવીશ તીર્થંકરની સ્તુતિ કરી. હવે તે તે તીર્થંકરોથી બતાવાયેલા શ્રુતજ્ઞાનની સ્તુતિ કરે છે –**

**સૂત્ર :-**

**નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં, પણાસિયાસેસકુવાઇદપ્પં;**
**મયં જિણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**નિર્વાણમાર્ગમાં શ્રેષ્ઠ યાન=વહાણ, તુલ્ય, પ્રકર્ષથી નાશ કર્યો છે કુવાદીનો દર્પ જેણે એવા, બુધપુરુષો માટે શરણ, ત્રણ જગતમાં પ્રધાન એવા જિનમતને હું નિત્ય નમસ્કાર કરું છું અર્થાત્ તેના પ્રત્યે પૂજ્યબુદ્ધિની વૃદ્ધિ કરીને તેને સમ્યગ્ પરિણમન પમાડવા ઇચ્છું છું. ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનનો મત કેવા પ્રકારનો શ્રેષ્ઠ છે તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે સ્તુતિ કરતાં કહે છે -

**(૧) નિર્વાણમાર્ગ માટે પ્રધાન યાન તુલ્ય :-**

નિર્વાણમાર્ગમાં જવા માટે શ્રેષ્ઠ યાન તુલ્ય ભગવાનનો મત છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવમાં વર્તતા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ રૂપ ભાવમલને ક્રમસર ક્ષીણ કરીને જીવ ઉત્તર-ઉત્તરના નિર્વાણમાર્ગમાં ગમન કરે છે. આ નિર્વાણમાર્ગમાં ગમન કરવા માટે જીવે મન-વચન-કાયાના યોગોનો દૃઢ વ્યાપાર તે મિથ્યાત્વ આદિ ભાવમલોના ઉન્મૂલનને અનુકૂળ કરવો આવશ્યક છે. મન-વચન-કાયાનો આવો દૃઢ વ્યાપાર જિનવચનના યથાર્થ સૂક્ષ્મ બોધના બળથી થાય છે. જેમ શ્રેષ્ઠ યાનપાત્ર દ્વારા નદી-સમુદ્રના ઉત્તરણ દ્વારા સુખપૂર્વક ઉચિત સ્થાને જઈ શકાય છે તેમ જિનવચનના દૃઢ અવલંબનથી યોગીઓનું ચિત્ત મિથ્યાત્વાદિ ભાવોને ઉન્મૂલન કરવા માટે પ્રવૃત્ત થઈ-શકે છે. તેથી જિનમત નિર્વાણપ્રાપ્તિ માટે શ્રેષ્ઠ યાન જેવો છે.

**(૨) પ્રકર્ષથી નાશ કરેલ સમગ્ર કુવાદીનો દર્પ જેણે એવા :-**

કેટલાક કુવાદીઓ મોક્ષના અર્થી છે; છતાં અસદ્ગ્રહથી દૂષિત મતિ હોવાને કારણે સ્વ-સ્વ પક્ષને જ મોક્ષમાર્ગરૂપે જાણે છે અને તેને જ મોક્ષના ઉપાયરૂપે સ્થાપન કરે છે. તેઓને અભિમાન હોય છે કે અમે જ તત્ત્વને જાણનારા છીએ. આવા કુવાદીઓના દર્પનો નાશ કરનાર એવો જિનમત છે. આથી જ જિનમતના પરમાર્થને જાણનારા મહાત્માઓ તેઓના દર્પને દૂર કરીને કંઈક યોગ્યતાવાળા એવા તે કુવાદીઓને સન્માર્ગમાં સ્થાપન કરે છે. આથી જ -

સિદ્ધસેન નામના બ્રાહ્મણ સ્વમતમાં દર્પવાળા=અભિમાનવાળા, હતા, જેઓ વાદ કરવા અર્થે વૃદ્ધવાદીસૂરીશ્વરજી મહારાજા પાસે આવેલા. આ સિદ્ધસેન બ્રાહ્મણ તેમની સાથે વાદમાં હારી ગયા. ત્યારબાદ તેઓશ્રીના જિનવચનાનુસાર વચનોથી પ્રતિબોધ પામીને દીક્ષા લઈ અનુક્રમે આચાર્યપદવી પામીને સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજીરૂપે જગતમાં પ્રસિદ્ધ થયા.

વસ્તુતઃ ભગવાનનું વચન સર્વ દૃષ્ટિકોણથી યથાર્થ પદાર્થને બતાવીને સર્વ જગતના જીવોના પરમ કલ્યાણનું કારણ છે. આથી જ બુધ પુરુષો તેવા જિનમતનું શરણ સ્વીકારીને સ્વ શક્તિ અનુસાર જિનવચનનો

બોધ કરે છે તથા તેના પરમાર્થને અત્યંત સ્થિર કરવા અર્થે વારંવાર ભાવન કરે છે કે જેથી શીઘ્ર નિર્વાણની પ્રાપ્તિ થાય.

**(૩) ત્રણ જગતના સર્વ મતોમાં પ્રધાન :-**

આ જિનમત ત્રણ જગતમાં સર્વ મતોમાં પ્રધાન છે; કેમ કે મોક્ષને કહેનારા અને મોક્ષના ઉપાયને બતાવનારા અન્ય મતોમાં કાંઈક કાંઈક સુંદરતા હોવા છતાં પૂર્ણ સુંદરતા જિનમતમાં જ છે અને બુધપુરુષ જ તે સુંદરતાને પરમાર્થથી સમજી શકે છે.

આ રીતે નિર્વાણમાર્ગમાં પ્રધાન યાનપાત્ર અર્થાત્ વહાણ તુલ્ય, પ્રકર્ષથી નષ્ટ કર્યો છે સર્વ વાદીઓનો દર્પ જેણે એવા, બુધ પુરુષોને માટે શરણ તુલ્ય તથા ત્રણ જગતમાં પ્રધાન એવા જિનમતને પ્રસ્તુત સ્તુતિથી નમસ્કાર કરાય છે. **॥૩॥**

**અવતરણિકા :-**

**કલ્લાણકંદંની ચોથી ગાથાથી ગ્રંથકારશ્રી શ્રુતદેવતાની સ્તુતિ કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**કુંદિંદુગોક્ખીરતુસારવન્ના, સરોજહત્થા કમલે નિસન્ના;**
**વાએસિરી પુત્થયવગ્ગહત્થા, સુહાય સા અમ્હ સયા પસત્થા ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**કુંદના પુષ્પ જેવા, ઇંદુ જેવા, ગાયના દૂધ જેવા તથા હિમના જેવા વર્ણવાળી, સરોજ=કમળ, છે હાથમાં જેને એવી, કમલમાં બેઠેલી એવી, પુસ્તકનો વર્ગ છે હાથમાં જેને એવી, પ્રશસ્ત, ભગવાનના શ્રુત પ્રત્યે ભક્તિવાળી એવી વાગેશ્વરી=વાગ્દેવી સરસ્વતી, અમને સદા સુખને માટે હોજો. ॥૪॥**

**ભાવાર્થ :-**

સાધુ ભગવંતો તથા શ્રાવકો ચૈત્યવંદન કરતી વખતે એક તીર્થંકર, ચોવીશ તીર્થંકર તથા શ્રુતજ્ઞાનની ભક્તિ અર્થે ત્રણ સ્તુતિઓ બોલ્યા પછી વૈયાવચ્ચને કરનારા, શાંતિને કરનારા, સમ્યગ્દષ્ટિ જીવોને સમાધિને કરનારા એવા વ્યંતરનિકાય આદિ દેવોની સ્તુતિ કરે છે.

અનેક પ્રકારની શક્તિવાળા અને આરાધક જીવો પ્રત્યે ધર્મની પ્રવૃત્તિમાં સહાય કરવાની વૃત્તિવાળા દેવોની સ્તુતિ કરવાથી પ્રસંગે તેઓ સાક્ષાત્ હાજર થાય તો ધર્મની સાધનામાં પ્રબળ નિમિત્તરૂપ બને. કદાચિત્ તેઓ સાક્ષાત્ ન આવે તોપણ ધર્મપરાયણ એવા દેવોનું સ્મરણ કરવાથી થયેલા શુભ અધ્યવસાયથી પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે. જેથી સાધુ-સાધ્વી આદિ પોતાની ભૂમિકા અનુસાર ઉચિત આચરણા સુખપૂર્વક કરી શકે.

કલ્લાણકંદં સૂત્રની ચોથી ગાથામાં વાગેશ્વરી અર્થાત્ સરસ્વતી દેવીની સ્તુતિ કરી છે. તેમાં સરસ્વતી દેવી કેવા સ્વરૂપવાળી છે ? તેનું સ્મરણ કરીને તેવા પ્રકારના સ્વરૂપવાળી સરસ્વતી દેવી પોતાને ધર્મપ્રવૃત્તિમાં સુખ માટે થાય એવી વાંછા પ્રસ્તુત ગાથાથી કરેલ છે. **॥૪॥ ॥૨૧॥**

❖

## ૨૨. શ્રી સંસારદાવાનલ (મહાવીરસ્તુતિ) સૂત્ર

**અવતરણિકા :-**

**મહાવીરસ્વામી પરમાત્માની સન્મુખ ચૈત્યવંદન કરતી વખતે તેમને ઉદ્દેશીને કરાયેલા કાઉસ્સગ્ગ પછી તેમના ગુણોના વર્ણનસ્વરૂપ આ સ્તુતિ બોલાય છે. પ્રસ્તુત સ્તુતિની રચના કરનાર પૂ. સૂરિપુરંદર આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા છે.**

**સૂત્ર :-**

**સંસારદાવાનલદાહનીરં, સંમોહધૂલીહરણે સમીરં;**
**માયારસાદારણસારસીરં, નમામિ વીરં ગિરિસારધીરં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**સંસારરૂપી દાવાનલના દાહને માટે નીર જેવા, સંમોહરૂપી ધૂલીને હરણ કરવામાં સમીર જેવા=પવન જેવા, માયારૂપી રસા=પૃથ્વી, તેના દારણ માટે શ્રેષ્ઠ કોટિના હળ જેવા, મેરુપર્વત જેવા ધીર એવા વીર ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

સ્તુતિકારશ્રી વીરપ્રભુના પારમાર્થિક સ્વરૂપને ઉપસ્થિત કરવા અર્થે તેઓશ્રીની સ્તુતિ કરતાં કહે છે –

**(૧) સંસારરૂપી દાવાનલ માટે નીર સમાન :-**

ચાર ગતિઓના પરિભ્રમણરૂપ સંસાર જીવને અનેક પ્રકારની કદર્થનાઓ કરાવનાર હોવાથી અને આંતરતાપ કરાવનાર હોવાથી દાવાનલરૂપ છે. આ દાવાનલથી જીવોને જે આંતરતાપ થાય છે તેવા દાહને શાંત કરવામાં નીર= પાણી, જેવા વીરપ્રભુ છે. જેમ મોટો દાવાનલ સળગેલો હોય અને પ્રચંડ પાણીનો પ્રવાહ તેના ઉપર નાખવામાં આવે તો તે દાવાનલ શાંત થાય છે તેમ સંસારી જીવોમાં ચાર ગતિઓના પરિભ્રમણકાળમાં અનેક પ્રકારના કષાયોના પરિણામ સ્વરૂપ દાવાનલ વર્તે છે જેનાથી સંસારી જીવો સદા દગ્ધ રહે છે. આવા જીવોના હૈયામાં ઊઠતા દાહને શાંત કરવાનું પ્રબળ કારણ વીર ભગવાન છે; કેમ કે શાંત મુદ્રાવાળા વીર પ્રભુની શાંત મુદ્રાને સ્મૃતિમાં લાવીને જે મહાત્માઓ તેમના સ્વરૂપથી આત્માને

ભાવિત કરે છે તેઓનો આંતરતાપરૂપ દાવાનળ સતત શાંત થાય છે. તેથી સૂત્રકારશ્રી તે સ્વરૂપને ભગવાનને સ્મૃતિમાં લાવીને પોતાના અંતરમાં વર્તતા કષાયરૂપી દાવાનલની પીડા શાંત કરવા અર્થે વીરપ્રભુને નમસ્કાર કરે છે.

**(૨) સંમોહરૂપ ધૂળના હરણ માટે પવન સમાન :-**

આત્મામાં સંમોહરૂપી ધૂલ સતત વર્તે છે. તેથી જીવ આત્માના સ્વ-સ્વરૂપને છોડીને બાહ્ય પદાર્થોમાં મોહરૂપી ધૂલથી યથાતથા ફેંકાય છે. આ સંમોહરૂપ ધૂલનું હરણ કરવા માટે પવન જેવા ભગવાન છે તે પ્રકારે ભગવાનનું સ્મરણ કરવાથી વિવેકી જીવને ઉપસ્થિત થાય છે કે આત્મામાં પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવામાં સંમોહ કરાવે=યથાર્થ જોવા અસમર્થ કરે, તેવી ધૂળ સતત ઊડે છે. તેથી તે ધૂળથી વ્યાઘાત પામેલી દૃષ્ટિવાળો જીવ બાહ્ય પદાર્થોમાં ભટકે છે અને પોતાની અંતરંગ અવસ્થામાં રહી શકતો નથી. જો આવી ધૂળનું હરણ થાય તો જીવ પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવા સમર્થ બને. તેથી સદા સ્વસ્થતાના સુખને પામે. વળી, સંમોહરૂપ ધૂળને અત્યંત હરણ કરવા માટે વીરપ્રભુ સમીર=પવન, જેવા છે. જેમ ધૂળના ગોટા પડ્યા હોય તેને હરણ કરીને પવન દૂર ફેંકી દે છે તેમ ભગવાનના ગુણોમાં તન્મય થયેલા મહાત્માનું ચિત્ત ભગવાનના બળથી આત્મામાં વર્તતી મોહને ઉત્પન્ન કરનાર એવી કર્મરૂપી ધૂળને દૂર કરે છે. પરિણામે આત્મા સંમોહ રહિત થઈને પોતાના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે અને તેમાં લીન થવા માટે સમર્થ બને છે.

તેથી પ્રસ્તુત સ્તુતિમાં સ્તુતિકારશ્રી "તેવા પ્રકારના સંમોહરૂપી ધૂળને હરણ કરવામાં પ્રબળ કારણ એવા પવન તુલ્ય વીરપ્રભુને હું નમસ્કાર કરું છું" એમ કહીને પોતાનો સંમોહ દૂર થાય એ પ્રકારે ભાવના કરે છે.

**(૩) માયારૂપી પૃથ્વીને ફાડવા માટે શ્રેષ્ઠ હળ સમાન :-**

વીર ભગવાન આત્મામાં રહેલી માયારૂપી પૃથ્વીના દારણ માટે=ફાડવા માટે, શ્રેષ્ઠ હળ જેવા છે. બહારના પદાર્થો વિષયક માયાના પરિણામ, મમત્વના પરિણામરૂપ જે ભૂમિ છે તેનો નાશ કરવા માટે ભગવાન હળ જેવા છે. તેથી ભગવાનના અવલંબનથી અવશ્ય બાહ્ય પદાર્થો પ્રત્યેના મમત્વનો પરિણામ ભગવાનના બળથી નાશ પામશે તે રીતે ઉપસ્થિત કરીને મહાત્માઓ વીર ભગવાનને નમસ્કાર કરે છે. જેમ વીરપ્રભુ સર્વ બાહ્ય ભાવો પ્રત્યે માયા વગરના હતા, મમત્વ રહિત હતા તેવા થવા માટે સ્તુતિકારશ્રી વીર પરમાત્માની સ્તુતિ કરે છે.

**(૪) મેરુપર્વત સમાન ધીર :-**

વીરપ્રભુ ગિરિઓમાં=પર્વતોમાં, સાર એવા મેરુપર્વત જેવા ધીર છે. જેમ ગમે તેવાં વાવાઝોડાં આદિ તોફાનોમાં મેરુપર્વત કંપાયમાન થતો નથી, પરંતુ નિશ્ચલ રહે છે તેમ વીરપ્રભુ છદ્મસ્થકાળમાં આત્માના સૂક્ષ્મ ભાવોમાં શ્રુતના બળથી તે રીતે છદ્મસ્થઅવસ્થા વખતે લીન રહેતા હતા, જેથી બાહ્ય ઉપસર્ગમાં અને પરિષહોમાં પણ તેમનું ચિત્ત મોહના ઉન્મૂલનને અનુકૂળ કરાતા દઢ યત્નમાં લેશ પણ સ્ખલના પામતું ન

હતું. આવા મહાયોગીના સ્વરૂપનું સ્મરણ કરીને સ્તુતિકારશ્રી તેવા ઉત્તમ સત્ત્વ પ્રત્યે દૃઢ રાગ થાય તે રીતે વીરપ્રભુને નમસ્કાર કરે છે જેથી પોતાનામાં પણ શીઘ્ર એવું સત્ત્વ પ્રગટે અને સુખપૂર્વક કર્મનો વિનાશ થઈ શકે.

જે કોઈ સ્તુતિ બોલનાર પુરુષ ભગવાનના આ પ્રકારના સ્વરૂપનું સ્મરણ કરીને વારંવાર તે ભાવોથી આત્માને વાસિત કરીને જેટલા સંવેગપૂર્વક ભગવાનને નમસ્કાર કરે છે તે સંવેગને અનુરૂપ સ્તુતિ કરનાર પુરુષ અવશ્ય નિર્જરાની પ્રાપ્તિ કરે છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**વીરપ્રભુની સ્તુતિ કર્યા પછી ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરે છે –**

**સૂત્ર :-**

> **ભાવાવનામસુરદાનવમાનવેન, ચૂલાવિલોલકમલાવલિમાલિતાનિ;**
> **સંપૂરિતાભિનતલોકસમીહિતાનિ, કામં નમામિ જિનરાજપદાનિ તાનિ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**ભાવથી=ભગવાન પ્રત્યેના અત્યંત ભાવથી, નમતા એવા દેવોના ઈંદ્રો, દાનવોના ઈંદ્રો અને માનવોના ઈંદ્ર તુલ્ય રાજાઓના મુગટની લટકતી કમલની આવલિકાઓથી શોભાયમાન એવા ચોવીશે જિનોના પદોને=પગોને હું અત્યંત નમસ્કાર કરું છું, એમ અન્વય છે.**

વળી તે ભગવાનનાં ચરણો કેવાં છે ? તેથી કહે છે –

**નમેલા લોકાના સમીહિત=ઈચ્છિત, સંપૂરિત કર્યા છે જેમણે એવા ભગવાનના પદો છે, તેને હું અત્યંત નમસ્કાર કરું છું=ભગવાનના તેવા પારમાર્થિક સ્વરૂપની ઉપસ્થિતિ કરીને ભક્તિના અતિશયથી હું નમન કરું છું. ॥૨॥**

**ભાવાર્થ :-**

સ્તુતિકારશ્રી ચોવીશે તીર્થંકરો અત્યંત પૂજ્ય છે તે પ્રકારની ઉપસ્થિતિ કરવા અર્થે પ્રસ્તુત સ્તુતિમાં કહે છે –

ચોવીશે જિનોનો આત્મા તો અત્યંત પૂજનીય છે, તેમનો દેહ પણ અત્યંત પૂજનીય છે, પરંતુ ઉત્તમ ગુણોથી યુક્ત એવાં તેમનાં ચરણો પણ અત્યંત પૂજનીય છે. જે દેહના સૌથી હીન ભૂમિકાના સ્થાનમાં રહેલાં એવાં ચરણો પ્રત્યે પણ પોતાની ભક્તિનો અતિશય કરવા અર્થે સ્તુતિકારશ્રી કહે છે કે જે દેવતાઓના ઇંદ્રો, દાનવોના ઇંદ્રો અને મનુષ્યના ઇંદ્ર આત્મક રાજાઓ અતિબુદ્ધિમાન છે તેઓ પણ ભગવાનના ગુણોથી આવર્જિત થઈને અત્યંત ભાવપૂર્વક તેમના ચરણકમલમાં મસ્તકને મૂકે છે ત્યારે તે દેવાદિ ઇંદ્રોના મસ્તકના શોભતા મુગટમાં લટકતી કમલોની હારમાળાથી ભગવાનનાં ચરણો અત્યંત શોભાયમાન થાય

છે; કેમ કે તે નમસ્કાર કરનારા ઇંદ્રો આદિ અત્યંત ભાવપૂર્વક ભગવાનના ચરણોમાં મસ્તકને મૂકે છે ત્યારે તે ભાવથી નમતા તીર્થંકરોનાં ચરણો અત્યંત શોભાયમાન લાગે છે. વળી ભગવાનનાં તે ચરણો ભક્તિના નમનારાના ઇચ્છિતને પૂરનારાં છે તે પ્રકારની ઉપસ્થિતિ કરવાથી ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ થાય છે અને સ્મરણ થાય છે કે ગુણસમુદ્ર એવા ભગવાનને ગુણસમુદ્રરૂપે ઉપસ્થિત કરવાથી અને તે પ્રકારે ઉપસ્થિત કરીને ભક્તિ કરવાથી જીવને જે કોઈ ઇષ્ટ છે તેવું સર્વ સુખ અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે તેવા જિનેશ્વરોના પદોને હું પણ તે રીતે ઉપસ્થિત કરીને અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર કરું, જેથી મારું ઇચ્છિત શીઘ્ર સિદ્ધ થાય. **॥૨॥**

**અવતરણિકા :-**

**સાધુ કે શ્રાવક એક જિનપ્રતિમાની કે સર્વ જિનપ્રતિમાની સ્તુતિ કર્યા બાદ જિનપ્રતિમાની જેમ સંસારના ઉચ્છેદના પ્રબળ કારણીભૂત શ્રુતજ્ઞાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે શ્રુતજ્ઞાનની સ્તુતિ કરે છે –**

**સૂત્ર :-**

**બોધાગાધં સુપદપદવીનીરપૂરાભિરામં, જીવાહિંસાવિરલલહરીસંગમાગાહદેહં;**
**ચૂલાવેલં ગુરુગમમણિસંકુલં દૂરપારં, સારં વીરાગમજલનિધિં સાદરં સાધુ સેવે ॥૩॥**

**સૂત્રાર્થ :-**

વીર ભગવાનનું જૈનાગમ કેવું છે ? તે બતાવતાં સ્તુતિકારશ્રી કહે છે –

**બોધથી અગાધ સુપદોની રચનારૂપ અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આદિ પદવીરૂપ નીરના પૂરથી અભિરામ=સુંદર, જીવઅહિંસારૂપ વિરલ લહરીઓના સંગમથી અગાધ દેહવાળા, ચૂલાના વેલવાળા, ગુરુગમરૂપી મણિથી યુક્ત, દૂર પારવાળા=જેનો કિનારો અત્યંત દૂર છે તેવા, સાર= સુંદર એવા, વીરના આગમરૂપી સમુદ્રને સાદર=આદરપૂર્વક, હું સાધુ=સુંદર રીતે, સેવું છું. ॥૩॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ સુંદર સમુદ્ર હોય, જોવાથી પણ આનંદ ઉત્પન્ન થાય તેવો હોય, આવા રમણીય સ્વરૂપવાળા સમુદ્રની ઉપમા દ્વારા ભગવાનના આગમરૂપી સમુદ્રને સ્તુતિકારશ્રી બતાવે છે. જેમ સમુદ્રમાં અગાધ જળ હોય છે તેમ વીર ભગવાનનો આગમરૂપી સમુદ્ર બોધથી અગાધ છે; કેમ કે તે સમુદ્રની અગાધતાને ગ્રહણ કરવા ચૌદપૂર્વધરો સિવાયના અન્ય જીવો સમર્થ નથી. આથી જ નવકારસૂત્ર આદિ એક સૂત્રનો પણ અગાધ અર્થ ચૌદ પૂર્વધરો સિવાય અન્ય કોઈ કરવા સમર્થ નથી. તે સિવાયના જીવોને અગાધ અર્થવાળાં સૂત્રોના કાંઈક પરમાર્થની પ્રાપ્તિ થાય છે તે જીવો તેટલા અંશથી તે ભગવાનના આગમના પરમાર્થને જાણનારા બને છે.

વળી, જેમ ભગવાનનું આગમ બોધથી અગાધ છે તેમ સુંદર પદો અને પદવીઓરૂપી પાણીના પૂરથી અભિરામ છે. જેમ રમ્ય દેખાતા સમુદ્રના પાણીનો સમૂહ જોનારને આલ્હાદક જણાય છે તેમ ભગવાનનું આગમ તત્ત્વને બતાવનારાં સુંદર પદો અને તે પદોને અવલંબીને કરાતા ઉત્તમ આચારોના પાલનથી પ્રાપ્ત થતા ચારિત્રના પરિણામરૂપ સુંદર પદવીઓ, તે રૂપ પાણીના પૂરથી અભિરામ છે; કેમ કે બુદ્ધિમાનને દેખાય છે કે ભગવાનના આગમમાં કહેવાયેલા સુંદર પદોના પરમાર્થને જેઓ જાણી શકે છે તેઓ તેના ભાવનથી મુનિભાવ આદિ ભાવોને પ્રાપ્ત કરી શકે છે. તેથી આત્માના સંવરભાવને પ્રાપ્ત કરાવે તેવાં સુંદર પદો અને તેનાથી પ્રાપ્ત થતા સંવરના પરિણામરૂપ મુનિભાવરૂપ પાણીથી શોભાયમાન થતું ભગવાનનું આગમ છે.

વળી, જેમ સમુદ્રમાં સુંદર પાણીની લહેરો વર્તતી હોય છે જેને જોઈને આનંદ થાય છે અને તે લહેરોના સંગમથી અગાધ પાણીવાળો સમુદ્ર જોનારને પ્રીતિ ઉત્પન્ન કરે છે તેમ ભગવાનના શાસનમાં જીવઅહિંસાની વિરલ લહરીઓના સંગમથી અગાધ શરીરવાળું ભગવાનનું વચન છે; કેમ કે ભગવાનના આગમમાં સાધુને ષટ્કાયના પાલન વિષયક જે સૂક્ષ્મ યતનાઓ બતાવી છે અને પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવા માટે મોહની સામે સુભટની જેમ લડવાનો જે ઉપાય બતાવ્યો છે તે સમુદ્રમાં વચ-વચમાં વર્તતી લહેરીઓરૂપ છે. તે લહેરીઓના સંગમથી ભગવાનનું શાસન અત્યંત ઊંડા ભાવોને બતાવનારું જણાય છે; કેમ કે આત્માના ભાવપ્રાણના રક્ષણ વિષયક સાધુઓની, જિનકલ્પીઓની, યથાલંદિકોની જેમ સૂક્ષ્મ વ્યવસ્થા બતાવી છે તે અત્યંત રમ્ય સ્વરૂપવાળી છે. આ સર્વ વ્યવસ્થાઓને જોઈને બુદ્ધિમાન પુરુષોને ભગવાનનું શાસન યોગમાર્ગના પરમાર્થને બતાવવામાં પ્રબળ કારણભૂત જણાવાથી અત્યંત રમ્ય જણાય છે.

વળી, જેમ સમુદ્રમાં ભરતીઓ આવે છે ત્યારે પાણીની વૃદ્ધિ દેખાય છે તેના જેવી તે તે ગ્રંથો ઉપર વિશેષ પ્રકારના પદાર્થને બતાવનારી ચૂલિકાઓ ભગવાનના આગમમાં છે, જેનાથી જૈનાગમનાં રહસ્યોની પ્રાપ્તિ થાય છે. ચૂલિકાઓથી ભગવાનનું આગમ શોભાયમાન છે. ફક્ત નિપુણ પ્રજ્ઞાવાળા વિદ્વાનો જ તેના પરમાર્થને જોઈ શકે છે.

વળી, સમુદ્રો અનેક મણિઓથી યુક્ત હોય છે તેમ આગમનો બોધ કરવા માટે ગુરુગમ=ઘણા માર્ગોરૂપ મણિઓ વર્તે છે. તેથી ભગવાને કહેલા સૂત્રોના પરમાર્થને જાણવાના, અનેક નયદૃષ્ટિરૂપ બોધ કરવાના, માર્ગોરૂપ મણિઓથી યુક્ત ભગવાનનું શાસન શોભે છે.

વળી, જેમ સમુદ્રમાં પાર=છેડો, અત્યંત દૂર હોય છે તેમ ભગવાનના શાસનનો પાર અતિ દૂર છે. તેથી, ચૌદ પૂર્વધરો તેના પારને પામી શકે છે એવા સારભૂત વીરભગવાનના આગમરૂપી સમુદ્રને હું આદરપૂર્વક સેવું છું અર્થાત્ સ્વશક્તિ અનુસાર તેના પરમાર્થને જાણવા માટે અને તેના પરમાર્થને જાણીને સ્થિર કરવા માટે વારંવાર ભગવાનના આગમના વચનથી હું આત્માને ભાવિત કરું છું એ પ્રકારે સ્તુતિકારશ્રી ભગવાનના આગમની સ્તુતિ કરે છે, જેથી વધતી જતી ભક્તિના બળથી ભગવાનનું વચન પોતાને સમ્યક્ પરિણમન પામે. ॥૩॥

**અવતરણિકા :-**

**ભગવાનની વાણીની અધિષ્ઠાયિકા દેવીની સ્તુતિ કરે છે કે જેથી ભગવાનની વાણીને સમ્યક્ પરિણમન પમાડવામાં તે પ્રબળ કારણ બને.**

**સૂત્ર :-**

**આમૂલાલોલધૂલીબહુલપરિમલાલીઢલોલાલિમાલા,**
**ઝંકારારાવસારામલદલકમલાગારભૂમિનિવાસે !**
**છાયાસંભારસારે વરકમલકરે ! તારહારાભિરામે !**
**વાણીસંદોહદેહે ! ભવવિરહવરં, દેહિ મે દેવિ ! સારં. ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**આમૂલ=મૂલ પર્યંત, આલોલ=કંઈક ડોલાયમાન થવાથી ખરેલી એવી, ધૂલી=પરાગ, તેની બહુ સુગંધમાં આલીઢ=આસક્ત, લોલ=ચપળ એવા, અલિમાલ=ભમરાઓની પંક્તિ, એના ગુંજારવના અવાજ યુક્ત એવા, અમલદલકમલાગાર=નિર્મળ એવી પાંખડીઓવાળા એવા કમલના ગૃહની ભૂમિમાં નિવાસ કરનાર, છાયાસંભારસાર=કાંતિના સમૂહથી સુંદર એવી, શ્રેષ્ઠ કમલ છે જેના હાથમાં એવી, તારહારાભિરામ=સ્વચ્છ કંઠના આભૂષણથી મનોહર, વાણીના સમૂહરૂપ દેહવાળી એવી હે દેવી ! મે=મને, સાર=સારભૂત એવા શ્રેષ્ઠ ભવવિરહને આપ. ॥૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનની વાણી પ્રત્યેની ભક્તિવાળી એવી સરસ્વતીદેવી કેવા સ્વરૂપવાળી છે તેનું સ્વરૂપ શાસ્ત્રના વર્ણનથી પ્રસ્તુત ગાથામાં સ્તુતિકારશ્રીએ કરેલ છે. તે દેવીને ભગવાનના વચન પ્રત્યે અત્યંત ભક્તિ છે તેથી વાણીના સમૂહરૂપ જ તેનો દેહ છે એમ ઉપચારથી કહેવાય છે. સ્તુતિકારશ્રી "આવા સ્વરૂપવાળી સરસ્વતીદેવી ભવનો વિરહ આપો" એવી પ્રાર્થના કરે છે. જોકે આ દેવી વ્યંતરનિકાયની દેવી છે તેથી સંસારનો અંત થાય તેવા ભવવિરહને આપવામાં સમર્થ નથી તોપણ ભગવાનની વાણી પ્રત્યે તેને અત્યંત ભક્તિ છે તેથી યોગ્ય જીવોને ભગવાનની વાણી સમ્યક્ પરિણમન પમાડવામાં બલવાન નિમિત્તરૂપ થઈ શકે તેમ છે. તેથી ભગવાનની વાણી સાથે તે દેવીનો અભેદ કરીને સ્તુતિકારશ્રીએ તે પ્રકારની માંગણી કરી છે. તે દેવી પોતાને ભગવાનનું વચન સમ્યક્ પરિણમન પમાડવામાં તે રીતે નિમિત્તરૂપ બને કે જેથી ચાર ગતિના પરિભ્રમણરૂપ ભવનો શીઘ્ર અંત થાય. **॥૪॥ ॥૨૨॥**

❖

# ૨૩. શ્રી પુક્ખરવરદીવડ્ઢે (શ્રુતસ્તવ) સૂત્ર

**અવતરણિકા :-**

સાધુ કે શ્રાવક પોતાને શ્રુત પ્રત્યેની ભક્તિ થાય અને થયેલી શ્રુતભક્તિનો અતિશય થાય તે અર્થે શ્રુતસ્તવ કરે છે –

**સૂત્ર :-**

**પુક્ખરવરદીવડ્ઢે, ધાયઇસંડે અ જંબૂદીવે અ;**
**ભરહેરવયવિદેહે, ધમ્માઇગરે નમંસામિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**પુષ્કરાવર્ત અર્ધદ્વીપ, ધાતકીખંડ અને જંબૂદ્વીપમાં રહેલા ભરતક્ષેત્ર, ઐરવતક્ષેત્ર તથા મહાવિદેહક્ષેત્રમાં થનારા ધર્મના આદિકરને=તીર્થંકરોને, હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના પ્રબળ કારણીભૂત તીર્થંકરો છે. તેથી તેમને નમસ્કાર કરવા અર્થે પ્રસ્તુત ગાથાથી કહે છે કે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહની ૧૬૦ વિજયોમાં જે ધર્મના આદિને કરનારા તીર્થંકરો થાય છે તેમને હું નમસ્કાર કરું છું.

જે મહાત્માને શ્રુતજ્ઞાન સર્વ કલ્યાણનું પ્રબળ કારણ જણાય છે તથા તેના પ્રારંભને કરનારા પરમગુરુ એવા તીર્થંકરો છે તેવો બોધ છે, તેથી શ્રુત પ્રત્યેની ભક્તિના અતિશય અર્થે તે મહાત્મા પ્રથમ સર્વ તીર્થંકરોને નમસ્કાર કરે છે. જેના ફળસ્વરૂપે તે મહાત્માને શ્રુત પ્રત્યેની વધતી જતી ભક્તિના બળથી શ્રુતજ્ઞાન સમ્યગ્ પરિણમન પામે છે. ॥૧॥

**અવતરણિકા :-**

**શ્રુતજ્ઞાન કેવા ઉત્તમ ફળવાળું છે ? તેની સ્મૃતિપૂર્વક મહાત્મા શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે –**

**સૂત્ર :-**

**તમતિમિરપડલવિદ્ધંસણસ્સ, સુરગણનરિંદમહિઅસ્સ;**
**સીમાધરસ્સ વંદે, પપ્ફોડિઅમોહજાલસ્સ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**અંધકારના તિમિરના પડલના વિધ્વંસને કરનાર=તત્ત્વને જોવામાં બાધક એવા જ્ઞાનાવરણીયકર્મ આદિ કર્મોના પડદાઓને ધ્વંસ કરનાર, દેવના ગણ અને નરેંદ્રો દ્વારા પૂજાયેલા, સીમાને ધારણ કરનાર, પ્રસ્ફોટિત મોહજાળવાળા=મોહજાળાઓને નાશ કરનારા એવા, શ્રુતધર્મને હું વંદન કરું છું. ॥૨॥**

**ભાવાર્થ :-**

શ્રુતજ્ઞાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ અર્થે શ્રુતજ્ઞાનનું કેવું પારમાર્થિક સ્વરૂપ છે ? તે બતાવવા અર્થે કહે છે –

આત્મામાં જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીયકર્મ આદિ કર્મોનાં અત્યંત ગાઢ પડલો વર્તે છે, જેથી જીવને પોતાનું હિત શું છે અને અહિત શું છે, તે પણ દેખાતું નથી. તેથી જે કાંઈ અલ્પ જ્ઞાન છે તે પણ સ્વહિતને બદલે સ્વના અહિતનું કારણ બને છે. આવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનાં પડલોને વિધ્વંસ કરનાર શ્રુતજ્ઞાન છે; કેમ કે ભગવાનના વચનરૂપ શ્રુતથી જગતવર્તી સર્વ ભાવો અને જગતના પદાર્થોની કાર્યકારણભાવની વ્યવસ્થાનો અને કર્મબંધના તથા કર્મનાશના ઉપાયો વચ્ચે કાર્યકારણભાવની વ્યવસ્થાનો યથાર્થ બોધ થાય છે. તેથી તે બોધનાં આવારક કર્મોનો નાશ કરનાર શ્રુતજ્ઞાન છે.

વળી, તે શ્રુતજ્ઞાન મહાકલ્યાણનું કારણ છે તેની સ્મૃતિ કરવા માટે કહે છે –

જગતમાં જે બુદ્ધિમાન એવા દેવોનો ગણ અને રાજાઓ છે તેઓ પણ પોતાની બુદ્ધિથી જાણે છે કે જીવનું હિત કરનાર આ શ્રુતજ્ઞાન છે. તેથી સદા તેઓ શ્રુતની ભક્તિ કરે છે અર્થાત્ શ્રુતના ગુણગાન કરે છે, શ્રુતજ્ઞાનવાળા જીવોની ભક્તિ કરે છે, એટલું જ નહીં પણ સ્વશક્તિ અનુસાર શ્રુતને પોતાનામાં પ્રગટ કરવા માટે અત્યંત યત્ન કરે છે. આ રીતે શ્રુતજ્ઞાન ઉત્તમ છે. એ પ્રકારે સ્મરણ થવાથી તેના પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે છે.

વળી, આ શ્રુતજ્ઞાન સીમાને ધારણ કરનાર છે=સર્વત્ર ઉચિત પ્રવૃત્તિની મર્યાદાને બતાવનાર છે. વળી, જે જીવો આ શ્રુતજ્ઞાનનો યથાર્થ બોધ થાય તે રીતે ભક્તિપૂર્વક ભણે છે અને તેનાથી આત્માને ભાવિત કરે છે તેઓના મોહનાં જાળાંઓને નાશ કરનાર આ શ્રુતજ્ઞાન છે. તેથી મોહના નાશના અર્થી જીવો સદા ભગવાનના વચનથી આત્માને ભાવિત કરે છે; કેમ કે મોહનાશનું પ્રબળ કારણ ભગવાનના વચનાનુસાર સમ્યગ્ બોધ છે. "આવા શ્રુતજ્ઞાનને હું વંદન કરું છું" આ પ્રકારે બોલવાથી વધતી જતી શ્રુત પ્રત્યેની ભક્તિના કારણે શ્રુતને સમ્યક્રૂપે સેવવાનો અત્યંત ઉલ્લાસ થાય છે અને શ્રુતના ભક્તિકાળમાં વર્તતા પ્રશસ્ત રાગ અનુસાર કર્મની નિર્જરા અને પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય છે. માટે નિર્જરાના અર્થી એવા જીવે દૃઢ પ્રણિધાનપૂર્વક અર્થનું સ્મરણ કરીને ભક્તિથી શ્રુતને નમસ્કાર કરવો જોઈએ. **॥૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ભગવાનનું શ્રુતજ્ઞાન કઈ રીતે અંતરંગ ગુણસંપત્તિની વૃદ્ધિનું કારણ છે ? તે મુખ્યરૂપે બતાવ્યું. હવે તે શ્રુતજ્ઞાન સંસારમાં કર્મથી થતા અનર્થોથી આત્માનું કઈ રીતે રક્ષણ કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**જાઇજરામરણસોગપણાસણસ્સ, કલ્લાણપુક્ખલવિસાલસુહાવહસ્સ;**
**કો દેવદાણવનરિંદગણચ્ચિઅસ્સ, ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં ? ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**જાતિ, જરા, મરણ, રોગ, શોકને પ્રણાશન કરનાર=નાશ કરનાર, પુષ્કળ કલ્યાણ અને વિશાળ સુખને લાવનાર, દેવ-દાનવ અને નરેન્દ્રના ગણથી અર્ચિત એવા ધર્મના=શ્રુતધર્મના, સારને પામીને કોણ પ્રમાદ કરે ? ॥૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું શ્રુતજ્ઞાન જેને સમ્યક્ શ્રુતરૂપે પરિણમન પામ્યું છે તે શ્રુતજ્ઞાન હંમેશાં જ્ઞાનાવરણીયકર્મનાં પડલોને અને મોહનાં જાળાંને નાશ કરનાર હોવાથી તે શ્રુતજ્ઞાનથી ભાવિત મતિવાળા જીવો ક્રમસર સંસારને ક્ષીણ-ક્ષીણતર કરે છે. તેથી તેઓમાં પરિણમન પામેલું સમ્યક્ શ્રુતજ્ઞાન ખરાબ જાતિમાં જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ જે ઉપદ્રવો સંસારમાં જીવોને પ્રત્યક્ષથી દેખાય છે તેનો સતત નાશ કરે છે; કેમ કે શ્રુતજ્ઞાનના ઉપયોગના બળથી પાપપ્રકૃતિઓ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને પુણ્યપ્રકૃતિઓ સતત બંધાય છે. તેથી શ્રુતની પરિણતિવાળા મહાત્માઓનું શ્રુતજ્ઞાન સદ્ગતિઓની પરંપરારૂપ પુષ્કળ કલ્યાણને પ્રાપ્ત કરાવનાર છે, દુર્ગતિઓના અનર્થોથી આત્માનું રક્ષણ કરનાર છે અને દરેક ભવમાં પૂર્વ-પૂર્વ કરતાં વિશાળ સુખને આપનાર છે.

વળી, આ શ્રુતજ્ઞાન આવું ઉત્તમ હોવાથી દેવો, દાનવો અને નરેન્દ્રો પણ સતત તેની અર્ચના કરે છે; કેમ કે બુદ્ધિમાન જીવોને સર્વ કલ્યાણની પરંપરાનું કારણ ભગવાનનું વચનરૂપ શ્રુત જ દેખાય છે. આવા શ્રુતધર્મના સારને પામીને અર્થાત્ શ્રુતધર્મના પરમાર્થને પામીને કોણ પ્રમાદ કરે ? અર્થાત્ મૂર્ખ જીવો જ પ્રમાદ કરે. બુદ્ધિમાન જીવો તો સ્વભૂમિકા અનુસાર શ્રુતવચનનું સ્મરણ કરીને સતત શ્રુતનિયંત્રિત જ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે. ॥૩॥

**અવતરણિકા :-**

**પૂર્વમાં જિનમતનું માહાત્મ્ય બતાવ્યું. હવે તેવો જિનમત પોતે સેવવા માટે કઈ રીતે તત્પર થયો છે ? અને તે જિનમત કેવા ભાવોથી ભરપૂર છે ? તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**સિદ્ધે ભો ! પયઓ ણમો જિણમએ, નંદી સયા સંજમે,**
**દેવં નાગસુવન્નકિન્નરગણસબ્ભૂઅભાવચ્ચિએ;**
**લોગો જત્થ પઇટ્ઠિઓ જગમિણં, તેલુક્કમચ્ચાસુરં,**
**ધમ્મો વડ્ઢઉ સાસઓ વિજયઓ ધમ્મુત્તરં વડ્ઢઉ ॥૪॥**
**સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં, વંદણ૦ ॥**

**સૂત્રાર્થ :-**

**ભો=તમે જુઓ એ પ્રકારનો બોધ કરાવવા અર્થે આમંત્રણ અર્થક "ભો" શબ્દ છે.**

તમે શું જુઓ ? એ સ્પષ્ટ કરે છે –

**સિદ્ધ એવા જિનમતમાં પ્રયત્નવાળો હું છું=યથાશક્તિ આટલા કાળ સુધી પ્રકર્ષથી તેને જાણવા માટે અને આત્મામાં સ્થિર કરવા માટે પ્રયત્નવાળો હું છું, તે તમે જુઓ, એમ અન્વય છે.**

હવે તે શ્રુત પ્રત્યે ભક્તિનો અતિશય કરવા અર્થે કહે છે –

**નમો જિણમએ=જિનમતને હું નમસ્કાર કરું છું.**

આ જિનમત પ્રત્યે ભક્તિનો અતિશય પોતાના આત્મામાં પ્રગટ કરવા અર્થે ફરી કહે છે –

**દેવં નાગસુવન્નકિન્નરગણસબ્ભૂઅભાવચ્ચિએ=વૈમાનિકદેવો, નાગકુમાર નિકાયના દેવો, સુવર્ણકુમાર નિકાયના દેવો, કિન્નર નિકાયના દેવો, એમનાથી સદ્‌ભાવપૂર્વક અર્ચિત એવો આ જિનમત છે. જે જિનમત સંયમમાં, સદા નંદી કરે છે=સદા સંવૃદ્ધિ કરે છે=સદા સંયમમાં વૃદ્ધિ કરનાર છે.**

વળી, તે જિનમત કેવા પ્રકારનો છે ? તે બતાવવા અર્થે કહે છે –

**લોગો જત્થ પઇટ્ઠિઓ=જ્યાં=જિનમતમાં, લોક=જ્ઞાન, પ્રતિષ્ઠિત છે, અને જગમિણં=આ જગત પ્રતિષ્ઠિત છે= વચનરૂપ જિનમતમાં કાર્યરૂપે જ્ઞાન પ્રતિષ્ઠિત છે અને જ્ઞેયરૂપે જગત પ્રતિષ્ઠિત છે.**

તે જગત કેવું છે ? તે સ્પષ્ટ કરે છે –

**તેલુક્કમચ્ચાસુરં=ત્રૈલોક્ય, મનુષ્ય અને અસુરનો આધાર એવું આ ત્રણ લોકરૂપ જગત જિનમતમાં પ્રતિષ્ઠિત છે, એમ અન્વય છે. ધમ્મો વડ્ઢઉ સાસઓ=આ શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિને પામો=આવો ભગવાનનો શ્રુતધર્મ હંમેશાં જગતમાં વૃદ્ધિને પામો અર્થાત્ અનેક જીવોને પ્રાપ્ત થાઓ. વિજયઓ=મિથ્યાદર્શન પર વિજયને પામો. ધમ્મુત્તરં વડ્ઢઉ=ચારિત્રધર્મની પ્રાપ્તિ પછી ઉત્તરોત્તર વૃદ્ધિને પામો. ॥૪॥**

**ભગવાન એવા શ્રુતને આશ્રયીને હું કાઉસ્સગ્ગ કરું છું.**

**ભાવાર્થ :-**

ભગવાનના શ્રુતધર્મ પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટ કરવા અર્થે ગાથા-૨માં શ્રુત કેવો અંતરંગ પરિણામ નિષ્પન્ન કરે છે ? તે બતાવ્યું અને તે શ્રુત કઈ રીતે સંસારની વિડંબના દૂર કરીને કલ્યાણની પ્રાપ્તિ કરાવે છે ? તે ગાથા-૩માં બતાવ્યું.

હવે આવા ગુણોથી પ્રતિષ્ઠિત એવા શ્રુતધર્મમાં પોતાની ભક્તિને અતિશય કરવા અર્થે મહાત્મા બોલે છે કે "તમે સાંભળો. આવા જિનમતમાં હું શક્તિના પ્રકર્ષથી અત્યાર સુધી પ્રયત્નવાળો છું; કેમ કે આ શ્રુત જ મને સર્વ કલ્યાણની પરંપરાનું કારણ દેખાય છે." આ રીતે બીજાની સાક્ષીએ ઉચ્ચારણ કરીને પોતાની શ્રુત પ્રત્યેની ભક્તિને મહાત્મા અતિશય કરે છે.

વળી, પોતાની શ્રુત પ્રત્યે થયેલી ભક્તિને અત્યંત અભિવ્યક્ત કરવા અર્થે મહાત્મા કહે છે કે આ જિનમતને હું નમસ્કાર કરું છું.

તે જિનમત કેવો રમ્ય છે ? તેને ઉપસ્થિત કરવા અર્થે મહાત્મા કહે છે કે વૈમાનિક દેવોથી, નાગકુમાર દેવોથી, સુવર્ણકુમાર દેવોથી અને કિન્નર દેવોના સમુદાયથી અત્યંત સદ્ભાવથી અર્ચિત કરાયો છે. વળી, સંયમની સંવૃદ્ધિ જિનમતમાં છે અર્થાત્ જેમ જેમ જિનમત પરિણમન પામે છે તેમ તેમ આત્મામાં સંયમની વૃદ્ધિ પ્રગટ કરે છે તેવો આ જિનમત છે. આવા જિનમતને હું નમસ્કાર કરું છું તે પ્રકારનો પરિણામ કરીને સંયમના ઉત્તમ બીજ એવા જિનમત પ્રત્યે મહાત્માને ભક્તિનો અતિશય થાય છે.

વળી, તે જિનમત કેવો સુંદર છે ? તેનો વિચાર કરતાં મહાત્મા કહે છે કે ભગવાનના વચનરૂપ જિનમતમાં લોક=સમ્યગ્જ્ઞાન સુપ્રતિષ્ઠિત છે.

આનાથી એ ફલિત થાય કે ભગવાનનું વચન જે જીવોને યથાર્થ પરિણમન પામે છે તેઓને તે જિનવચનથી સમ્યગ્જ્ઞાન પ્રગટે છે.

શેનું સમ્યગ્જ્ઞાન પ્રગટે છે ? તે બતાવવા અર્થે કહે છે –

આ જિનમતમાં આખું જગત જ્ઞેયરૂપે પ્રતિષ્ઠિત છે. તેથી ભગવાનના વચનાનુસાર બોધ કરનારને જગતવર્તી સર્વ ભાવો જે રીતે રહેલા છે તે ભાવોનો તે રીતે બોધ થાય છે, જેથી જગતનું યથાર્થ જ્ઞાન કરીને પોતાનું હિત કઈ રીતે થઈ શકે છે ? અને પોતાનું અહિતથી કઈ રીતે રક્ષણ થઈ શકે છે ? તેનો બોધ જિનમત કરાવનાર છે. આ પ્રકારનો બોધ થવાથી તે જિનમત પ્રત્યે મહાત્માને ભક્તિનો અત્યંત અતિશય થાય છે.

વળી, આ જિનમત ત્રણ લોકને બતાવનાર છે. કેટલાક લોકને મનુષ્યલોકમાત્ર જ સમજે છે, તેના નિવારણ માટે કહે છે –

મનુષ્યના, વૈમાનિકદેવોના અને અસુરોના આધારરૂપ ત્રણલોક સ્વરૂપ આ જિનમત છે, માત્ર મનુષ્યલોક સ્વરૂપ નથી.

વળી, આવા જિનમતરૂપ શ્રુતધર્મ પ્રત્યે ભક્તિ અર્થે તે મહાત્મા કહે છે –

શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિ પામો=શ્રુતધર્મ જગતમાં હંમેશાં યોગ્ય જીવોને પ્રાપ્ત થાઓ. મિથ્યાદર્શનનો વિજય કરીને પોતાના વાસ્તવિકતાનું પ્રકાશન કરનાર થાઓ. આ પ્રકારની ભક્તિથી બોલાયેલાં વચનોને કારણે પણ શ્રુત પ્રત્યેનો રાગ અત્યંત થાય છે, જે રાગ સર્વ કલ્યાણની પરંપરાનું બીજ છે. વળી, આ શ્રુતધર્મના બળથી પોતાને ચારિત્રની પ્રાપ્તિ થાય તોપણ તે ચારિત્રની પ્રાપ્તિ પછી શ્રુતધર્મની પોતાનામાં વૃદ્ધિ થાય. આ પ્રકારની ઇચ્છા કરીને મહાત્મા ઉપસ્થિત કરે છે કે ચારિત્રના ઉત્તરમાં થયેલી શ્રુતની વૃદ્ધિ, ક્ષપકશ્રેણીને અનુકૂળ બળસંચયનું કારણ છે. માટે ચારિત્રધર્મની પ્રાપ્તિ પછી પણ મને શ્રુતધર્મની વૃદ્ધિ પ્રાપ્ત થાઓ, જેથી ક્ષપકશ્રેણીને પામીને હું સંસારનો અંત કરી શકું. **॥૪॥ ॥૨૩॥**

❖

# ૨૪. શ્રી સિદ્ધાણં બુદ્ધાણં (સિદ્ધસ્તવ) સૂત્ર

**સૂત્ર :-**

**સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં;**
**લોઅગ્ગમુવગયાણં, નમો સયા સવ્વસિદ્ધાણં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, લોકના અગ્રભાગને પામેલા સર્વ સિદ્ધોને હું સદા નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

એક તીર્થંકર, સર્વ તીર્થંકર અને શ્રુત પ્રત્યેની ભક્તિ અર્થે ત્રણ કાઉસ્સગ્ગ કર્યા પછી સર્વ પ્રયોજનો જેમનાં સિદ્ધ થયાં છે અને પોતાનું પ્રયોજન પણ જેમના તુલ્ય થવાનું છે તેવા સિદ્ધ ભગવંતોનું સ્મરણ કરીને તેવા સિદ્ધ ભગવંતોની ઉત્તમ અવસ્થાને સ્મૃતિમાં ઉપસ્થિતિ કરવા અર્થે તેમના સ્વરૂપના સ્મરણપૂર્વક મહાત્મા તેઓને નમસ્કાર કરે છે, જેના બળથી સિદ્ધ થવામાં બાધક કર્મો શિથિલ થાય છે.

સિદ્ધ ભગવંતો કેવા છે ? તેને સ્મરણ કરવા અર્થે મહાત્મા કહે છે –

જેઓનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે તે સિદ્ધ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માને સંપૂર્ણ ઉપદ્રવ વગરની સ્વસ્થ અવસ્થા જ ઇચ્છનીય છે. આમ છતાં સંસારમાં પોતાનો આત્મા અંતરંગ રીતે મોહના ઉપદ્રવથી દુ:ખી છે. વળી, અંતરંગ રીતે આત્માને વિડંબના કરનારા કર્મના ઉદયથી દુ:ખી છે. વળી, કર્મને પરવશ પ્રાપ્ત થયેલા શરીરને કારણે શરીરના ઉપદ્રવથી દુ:ખી છે. અને કંઈક પુણ્યના સહકારથી શરીર આદિના ઉપદ્રવો દૂર કરીને સંસારી જીવો સુખ મેળવવા યત્ન કરે છે તોપણ સર્વ ઉપદ્રવોનો પરિહાર કરીને સદા સુખને પ્રાપ્ત કરી શકતા નથી. વળી, પૂર્ણ સુખી થવાના ઉપાયોનું અજ્ઞાન હોવાને કારણે સર્વ ઉપદ્રવથી રહિત એવા સુખની પ્રાપ્તિમાં ઉદ્યમ પણ કરી શકતા નથી. પરંતુ જે મહાત્માને સિદ્ધમાં ગયેલા જીવો સર્વ ઉપદ્રવથી રહિત હોવાથી સુખમય અવસ્થાવાળા છે અને તેની પ્રાપ્તિનો ઉપાય જિનવચન છે તેવો સ્થિર નિર્ણય છે તેવા મહાત્માઓ સ્વશક્તિ અનુસાર જિનવચનનો બોધ કરીને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિના અર્થે એક તીર્થંકરની, સર્વ તીર્થંકરોની અને શ્રુતજ્ઞાનની ભક્તિ અર્થે કાયોત્સર્ગ કર્યા પછી સિદ્ધ ભગવંતો પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે બોલે છે કે "જેઓનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે તે સિદ્ધ છે" જેનાથી પારમાર્થિકરૂપે સિદ્ધના સ્વરૂપનું સ્મરણ થવાથી અત્યંત રાગભાવરૂપ બહુમાન થાય છે.

વળી, તે સિદ્ધ ભગવંતો કેવા છે ? તેને સ્પષ્ટ કરવા અર્થે મહાત્મા 'બુદ્ધાણં' શબ્દ બોલે છે.

બુદ્ધ છે=પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. તેથી સિદ્ધ ભગવંતોની કેવલજ્ઞાનઅવસ્થાનું સ્મરણ થાય છે તથા પોતાની અલ્પજ્ઞતાને કારણે જે મૂઢતા વર્તે છે તેના ઉચ્છેદના ઉપાયરૂપે સિદ્ધ ભગવંતો આલંબનરૂપે ભાસે છે. તેથી

'બુદ્ધાણં' શબ્દ બોલવાથી તેમના પ્રત્યેનો બદ્ધ રાગ ઉલ્લસિત થાય છે.

વળી, મહાત્મા 'પારગયાણં' શબ્દથી વિચારે છે કે સિદ્ધ ભગવંતો સંસારસાગરથી પાર પામેલા છે. તેથી સંસારના સ્વરૂપના અવલોકનથી સંસારથી ભયભીત થયેલા મહાત્માઓને પાર પામેલા સિદ્ધ ભગવંતો પ્રત્યે અત્યંત બહુમાન થાય છે અને તે વિચારે છે કે તેઓની પાર ગયેલી અવસ્થાના સ્મરણના બળથી હું પણ તે અવસ્થાને પામીશ.

વળી, મહાત્મા 'પરંપરગયાણં' શબ્દથી સ્મરણ કરે છે કે સિદ્ધ ભગવંતો પરંપરાથી મોક્ષ પામેલા છે, પરંતુ ગુણસ્થાનકના ક્રમના ઉલ્લંઘનથી મોક્ષમાં ગયા નથી. તેથી મારે પણ તેમના જેવું થવું હોય તો તેમની જેમ જ સ્વભૂમિકા અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં જવા માટે અપ્રમાદથી યત્ન કરવો જોઈએ, જેથી 'પરંપરગયાણં' પદ દ્વારા પોતાના ચિત્તને મહાત્માઓ શાંત કરીને ઉત્તર-ઉત્તરના શાંતરસની વૃદ્ધિને અનુકૂળ ઉદાત્ત આશયવાળા થાય છે; જેના બળથી ગુણસ્થાનકના ક્રમથી પોતે પણ તે અવસ્થાને પ્રાપ્ત કરી શકે છે.

વળી, સિદ્ધ ભગવંતો લોકના અગ્ર ભાગે ગયેલા છે; તેથી જેઓ માને છે કે મુક્ત થયેલા આત્માઓ લોકમાં સર્વત્ર રહેલા છે તેમનું તે કથન ઉચિત નથી; પરંતુ જીવનો ઊર્ધ્વગમન સ્વભાવ હોવાથી કર્મથી મુક્ત થયેલા આત્મા લોકના અગ્ર ભાગને પામે છે. આવા લોકના અગ્રભાગને પામેલા સિદ્ધ ભગવંતોને હું સદા નમસ્કાર કરું છું. જોકે બોલનાર વ્યક્તિ સિદ્ધ ભગવંતના સ્વરૂપના સ્મરણપૂર્વક તેઓ પ્રત્યે ભક્તિથી ઉપયોગવાળા હોય તોપણ, તે સ્વરૂપે નમસ્કાર સદા કરી શકતા નથી, છતાં સદા તેઓ નમસ્કાર કરવાનો ભાવ કરીને ભક્તિની વૃદ્ધિ કરવા અર્થે 'સર્વ સિદ્ધોને સદા નમસ્કાર કરું છું' એ પ્રકારે મહાત્માઓ બોલે છે અને આ પ્રકારના ઉપયોગથી અત્યાર સુધી જે સર્વ સિદ્ધ થયા છે તેઓનું સ્મરણ કરીને તેમના પ્રત્યે નમસ્કારની ક્રિયા દ્વારા મહાત્માઓ ભક્તિનો અતિશય કરે છે, જેથી ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા પોતે પણ શીઘ્ર તે અવસ્થાને પ્રાપ્ત કરી શકે. ॥૧॥

**અવતરણિકા :-**

**આ રીતે સિદ્ધ ભગવંતોની સ્તુતિ કર્યા પછી સિદ્ધ થવાનો પરમ ઉપાય બતાવનાર આસન્નઉપકારી એવા વીર ભગવાનને નમસ્કાર કરે છે –**

**સૂત્ર :-**

**જો દેવાણ વિ દેવો, જં દેવા પંજલિ નમંસંતિ;**
**તં દેવદેવમહિઅં, સિરસા વંદે મહાવીરં ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**જેઓ દેવોના પણ દેવ છે, જેમને દેવો અંજલિ જોડીને નમસ્કાર કરે છે, દેવદેવથી પૂજિત=દેવોના દેવથી=ઇન્દ્રોથી પૂજિત, એવા તે મહાવીર ભગવાનને મસ્તકથી હું નમસ્કાર કરું છું. ॥૨॥**

**ભાવાર્થ :-**

સંસારની અંદરમાં જે કોઈ જીવો છે તે સર્વમાં ગુણસમૃદ્ધિથી, ઉપકારકતાથી અને પુણ્યપ્રકૃતિથી પ્રકૃષ્ટ જીવો તીર્થંકરો છે. વર્તમાનમાં જે ચોવીશ તીર્થંકરો થયા છે તેઓમાંથી વીર ભગવાન આસન્નઉપકારી છે; કેમ કે જગતના જીવોના નિસ્તારના કારણ એવા વર્તમાન ધર્મતીર્થની સ્થાપના કરીને જગતના જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી તેઓની સ્તુતિ કરતાં મહાત્મા બોલે છે કે દેવલોકમાં ચાર બુદ્ધિના નિધાન એવા દેવો છે, તેઓના પણ જે વીર ભગવાન દેવ છે અર્થાત્ તેવા દેવોથી પણ પૂજવા યોગ્ય એવા દેવ છે.

વળી તેવા વીર ભગવાન પ્રત્યેની ભક્તિને કારણે દેવો અંજલિ જોડવાપૂર્વક વીર ભગવાનને નમસ્કાર કરે છે. આથી જ જ્યારે વીર ભગવાન આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા ત્યારે વારંવાર દેવો આવીને અત્યંત ભક્તિના અતિશયથી ભગવાનના ચરણમાં મસ્તકને અડાડીને પોતાના આત્માને પવિત્ર કરતા હતા. 'તેવા દેવોના સમૂહથી પૂજાયેલા એવા વીર ભગવાનને હું મસ્તકથી નમસ્કાર કરું છું' આ પ્રકારે ઉચ્ચારણ કરીને મહાત્માઓ વીર ભગવાનના લોકોત્તમ ગુણથી પોતાના આત્માને રંજિત કરે છે. જેથી તેમના તુલ્ય થવાનો જે માર્ગ વીર ભગવાને બતાવ્યો છે તે માર્ગ સેવવાને અનુકૂળ મહાશક્તિનો સંચય થાય છે. ॥૨॥

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં વીર ભગવાનને નમસ્કાર કર્યો. હવે તે નમસ્કારનું માહાત્મ્ય બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

> **ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ;**
> **સંસારસાગરાઓ, તારેઇ નરં વ નારિં વા ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**જિનવરવૃષભ એવા વર્ધમાનસ્વામીને એક પણ કરાયેલો નમસ્કાર સંસારસાગરથી નર કે નારીને=પુરુષ કે સ્ત્રીને, તારે છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષ ભક્તિના અતિશયથી વીર ભગવાનને નમસ્કાર કરે અને જો તે નમસ્કારનો ઉપયોગ શાસ્ત્રવચનની મર્યાદાથી નિયંત્રિત થઈ વીર ભગવાનના પારમાર્થિક સ્વરૂપના સ્મરણપૂર્વક ભક્તિના અતિશયથી નમસ્કાર કરે તો તે નમસ્કાર અલ્પકાળમાં તે મહાત્માને સંસારસાગરથી તરવાનું કારણ બને છે. કોઈ મહાત્મા પ્રથમ સંઘયણવાળા હોય તથા શાસ્ત્રમર્યાદા અનુસાર વીર ભગવાનના ગુણોનું સ્મરણ કરીને ભક્તિના અતિશયથી વીર ભગવાનને નમસ્કાર કરતા હોય અને તેમનો ભક્તિનો પરિણામ અતિશય તીવ્ર બને તો શાસ્ત્રયોગને ઉલ્લંઘન કરીને સામર્થ્યયોગ પ્રાપ્ત કરે છે. સામર્થ્યયોગના બળથી વીર

ભગવાનને કરેલો નમસ્કાર ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરાવીને કેવલજ્ઞાનની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી કહે છે કે જિનોમાં શ્રેષ્ઠ એવા તીર્થંકરો અને ગુણોને વહન કરવામાં વૃષભ જેવા વર્ધમાનસ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે. જેના સ્મરણથી પણ મહાત્માઓને વીર ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય ઉલ્લસિત થાય છે. વળી, મહાત્મા કહે છે કે નર-નારીને તારે છે, તેનાથી 'સ્ત્રીઓને મોક્ષ નથી' એ પ્રકારનો દિગંબરનો મત નિરાકૃત થાય છે. જે પુરુષને કે સ્ત્રીને ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય થાય છે જેનાથી તે પુરુષ કે સ્ત્રી અવશ્ય વીતરાગ તુલ્ય થઈને તે જ ભવમાં મોક્ષમાં જઈ શકે છે. તેથી વીતરાગને વીતરાગના પારમાર્થિક સ્વરૂપથી સ્મરણ કરીને વીતરાગ તુલ્ય થવાને અનુકૂળ પોતાનું વીર્ય ઉત્કર્ષવાળું થાય તે રીતે વીર ભગવાનને નમસ્કાર કરવો જોઈએ, જેથી વર્તમાનમાં પણ પોતાની શક્તિના પ્રકર્ષથી કરાયેલો નમસ્કાર અલ્પ ભવમાં અવશ્ય સંસારના અંતનું કારણ બને છે. ॥૩॥

**અવતરણિકા :-**

**આ સૂત્રમાં સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા પછી, આસન્નઉપકારી વીર ભગવાનને ગણધરોએ નમસ્કાર કરેલ છે. ત્યારપછી વીરભગવાનને કરેલો નમસ્કાર કેવા ઉત્તમ ફળવાળો છે ? તે બતાવેલ છે. હવે પછીની બે ગાથા પૂર્વાચાર્યો વડે પ્રક્ષિપ્ત છે. જે ગાથાઓ ભાવના પ્રકર્ષ અર્થે ઉપયોગી હોવાથી સુવિહિત સાધુઓએ સ્વીકારેલી છે. તેમાં પ્રથમ નેમિનાથ ભગવાનને નમસ્કાર કરતાં કહે છે —**

**સૂત્ર :-**

**ઉજ્જિંતસેલસિહરે, દિક્ખા નાણં નિસીહિઆ જસ્સ;**
**તં ધમ્મચક્કવટ્ટિં, અરિટ્ઠનેમિં નમંસામિ ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**ઉજ્જિંતસેલ=ગિરનાર પર્વતના શિખર ઉપર જેમનાં દીક્ષા, કેવલજ્ઞાન અને નિસીહિઆ=નિર્વાણ થયાં છે તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું. ॥૪॥**

**ભાવાર્થ :-**

ઉત્તમભાવના અર્થી એવા સાધુને કે શ્રાવકોને ઉત્તમ પુરુષોને નમસ્કાર કરવામાં સંતોષ થતો નથી તેથી વીર ભગવાનની સ્તુતિ કર્યા પછી વીર ભગવાન તુલ્ય એવા બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું સ્મરણ કરીને મહાત્મા કહે છે કે 'ગિરનાર પર્વતના શિખર ઉપર જેઓએ દીક્ષાકલ્યાણક, કેવલજ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણક પ્રાપ્ત કર્યું છે તેવા ધર્મચક્રવર્તી શ્રી અરિષ્ટનેમિનાથ ભગવાનને હું નમસ્કાર કરું છું.' આ પ્રકારે સ્મરણ કરવાથી ભગવાન મહાસત્ત્વથી દીક્ષા ગ્રહણ કરે છે અને મહાપરાક્રમ ફોરવીને ઘાતિકર્મોનો નાશ કરે છે તેનું સ્મરણ થાય છે. આ રીતે ઘાતિકર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન પામેલા, જગતનો ઉપકાર કરતા શ્રી નેમિનાથ ભગવાન સ્મૃતિમાં આવે છે. વળી જીવનના અંતકાળમાં યોગનિરોધ કરીને તેઓશ્રી

નિર્વાણ પામ્યા છે તેનું સ્મરણ થાય છે. આ ત્રણેય અવસ્થાની પ્રાપ્તિ નેમિનાથ ભગવાનને ગિરનાર પર્વત પર થઈ છે તેથી તે ત્રણ કલ્યાણકની પ્રાપ્તિના સ્થાનભૂત દ્રવ્યતીર્થરૂપ શ્રી ગિરનાર પર્વત પર પણ ભક્તિ થાય છે. અરિષ્ટનેમિનાથ ભગવાન ધર્મચક્રવર્તી હતા તેવું વિચારવાથી તેઓ ધર્મના પ્રદાન દ્વારા ચાર ગતિના ઉચ્છેદમાં પ્રબળ કારણ છે તેવી ઉપસ્થિતિ થાય છે. આ સર્વ ભાવોના સ્મરણપૂર્વક કરાયેલો એક નમસ્કાર પણ પોતાના ભાવના પ્રકર્ષને અનુરૂપ ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ છે. તેથી સંસારના ઉચ્છેદના અર્થી જીવોએ દૃઢ પ્રણિધાનપૂર્વક તે તે ભાવોના સ્મરણપૂર્વક અરિષ્ટનેમિનાથ ભગવાનને નમસ્કાર કરવો જોઈએ. ॥૪॥

**અવતરણિકા :-**

**વળી, સંસારના ઉચ્છેદના અર્થી જીવો નેમિનાથ ભગવાનને નમસ્કાર કર્યા પછી વર્તમાન ચોવીશીના સર્વ તીર્થંકરોની યથાયોગ્ય પ્રમાણ, સંસ્થાન અને વર્ણયુક્ત પ્રતિમા અષ્ટાપદ પર રહેલ છે તેઓનું સ્મરણ કરીને તેમની પાસે પોતાના પરમ પ્રયોજનરૂપ સિદ્ધઅવસ્થાની માંગણી કરે છે, જેથી સિદ્ધઅવસ્થા પ્રત્યેનો રાગ પ્રકર્ષવાળો થાય.**

**સૂત્ર :-**

**ચત્તારિ અટ્ઠ દસ દોય, વંદિયા જિણવરા ચઉવીસં;**
**પરમટ્ઠનિટ્ઠિઅટ્ઠા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**પરમાર્થ નિષ્ઠિતાર્થવાળા સિદ્ધ થયેલા વંદન કરાયેલ=મારા વડે વંદન કરાયેલા, ચાર-આઠ-દસ અને બે=અષ્ટાપદ પર્વત પર ભરતચક્રવર્તી દ્વારા પ્રતિષ્ઠિત કરાયેલા એવા, ચોવીશે જિનેશ્વરો મને સિદ્ધિને આપો. ॥૫॥**

**ભાવાર્થ :-**

સાધુ કે શ્રાવક ધર્મનાં સર્વ અનુષ્ઠાનો દ્વારા સિદ્ધઅવસ્થાના અત્યંત અર્થી હોય છે. તેથી પ્રસ્તુત સૂત્ર દ્વારા પ્રથમ સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરી ત્યારપછી સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિમાં પ્રબળ કારણીભૂત એવા આસન્નઉપકારી વીર ભગવંતને નમસ્કાર કર્યો. તે વીર ભગવંતને કરાયેલો નમસ્કાર સિદ્ધઅવસ્થાનું કારણ કઈ રીતે છે ? તેની સ્પષ્ટતા ગાથા-૩માં કરીને વીર ભગવાન પ્રત્યેના નમસ્કારભાવને અતિશય કર્યો. ત્યારપછી ગાથા-૪માં બાવીશમા શ્રી નેમિનાથ તીર્થંકરને નમસ્કાર કરીને સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિને અનુકૂળ અત્યંત બળનો સંચય કરવા યત્ન કર્યો.

હવે અષ્ટાપદ તીર્થ પર સ્થાપનારૂપે રહેલા ચોવીશે તીર્થંકરોની અવસ્થાનું સ્મરણ કરીને તેઓના તુલ્ય થવાના અત્યંત અર્થી એવા સાધુ કે શ્રાવક કહે છે કે અષ્ટાપદ તીર્થ પર રહેલા ચોવીશે તીર્થંકરો મારા વડે

વંદન કરાયા છે અને તેઓ સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિરૂપ પરમાર્થના નિષ્ઠિત અર્થવાળા છે અર્થાત્ પરમાર્થને પ્રાપ્ત કરેલી અવસ્થાવાળા છે. મારા વડે કરાયેલા વંદન દ્વારા હું એક જ અભિલાષ રાખું છું કે તેઓ મને શીઘ્ર સિદ્ધપદને આપે. આ પ્રકારના દઢ પ્રણિધાનપૂર્વક જે મહાત્માઓ બોલે છે તેમને સિદ્ધઅવસ્થા પ્રત્યેનો રાગ જે અંશમાં પ્રકર્ષથી થાય છે તેને અનુરૂપ સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિના પ્રતિબંધક એવાં કર્મોનો નાશ થાય છે. આથી જ વારંવાર સિદ્ધઅવસ્થાનું સ્મરણ કરીને મહાત્માઓ પોતાના સિદ્ધિપદને આસન્ન, આસન્નતર કરે છે. **॥૫॥ ॥૨૪॥**

❖

## ૨૫. શ્રી વેયાવચ્ચગરાણં સૂત્ર

**અવતરણિકા :-**

**સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા મોક્ષના અત્યંત અર્થી છે અને મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક સામગ્રી મળે તો યોગમાર્ગની પ્રવૃત્તિ સ્ખલના પામે છે. તે સ્ખલના પોતાને પ્રાપ્ત ન થાય અને પ્રાપ્ત થવાની સંભાવના હોય તો તેના નિવારણના ઉચિત ઉપાયરૂપે વૈયાવૃત્ય કરનારા દેવોની ભક્તિ કરીને તેઓ પાસેથી તેમાં સહાયતાની પ્રાપ્તિ થાય તે અર્થે યત્ન કરે છે અને તેના પ્રણિધાન અર્થે વેયાવચ્ચગરાણં સૂત્ર બોલે છે.**

**સૂત્ર :-**

**વેયાવચ્ચગરાણં, સંતિગરાણં, સમ્મદિટ્ઠીસમાહિગરાણં, કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**વૈયાવચ્ચને કરનારા, શાંતિને કરનારા, સમ્યગ્દષ્ટિ જીવોને સમાધિને કરનારા એવા દેવોના નિમિત્તે હું કાઉસ્સગ્ગ કરું છું=એવા દેવોના સ્મરણ નિમિત્તે હું કાઉસ્સગ્ગ કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

દેવજાતિમાં પણ કેટલાક દેવો ધર્મપરાયણ વૃત્તિવાળા છે. તેથી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા પ્રત્યે તેઓને બહુમાન ભાવ વર્તે છે અને તેવા દેવો ગુણસંપન્ન એવા ચતુર્વિધ સંઘ અંતર્ગત સાધુ, સાધ્વી આદિની ભક્તિ કરવાના પરિણામવાળા છે. વળી, ધર્મપરાયણ ચિત્તવૃત્તિ હોવાથી ઉપદ્રવોને શાંત કરીને ચતુર્વિધ સંઘ અંતર્ગત જીવોને સાધનામાં સહાય કરવાની વૃત્તિવાળા છે. વળી, સમ્યગ્દષ્ટિ જીવોને કોઈક કર્મના ઉદયથી વિષમસ્થિતિ પ્રાપ્ત થાય અને તેઓની સમાધિમાં વિઘ્નની પ્રાપ્તિ થતી હોય ત્યારે આવા ગુણિયલ દેવો તેઓને સમાધિ કરનારા થાય છે. તેવા દેવોને તે સ્વરૂપે સ્મરણ કરીને તેઓ પોતાની સાધનામાં

અનુકૂળતાનું કારણ બને તેવા અધ્યવસાયથી પ્રસ્તુત સૂત્રના બળથી પ્રણિધાન કરીને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કાયોત્સર્ગ કરે છે; જેના બળથી ઉચિતસ્થાને યોગમાર્ગની પ્રવૃત્તિમાં સહાય થવાના અભિલાષપૂર્વક તેઓનું સ્મરણ કરાયેલું હોવાથી તે ઉચિત અધ્યવસાયથી પોતાના અધ્યવસાયના પ્રકર્ષ અનુસાર પોતાના યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્ન આપાદક કર્મો દૂર થાય છે અને પ્રસ્તુત કાયોત્સર્ગના બળથી કોઈ યોગ્ય દેવોને તેની ઉપસ્થિતિ થાય તો તે દેવો આવીને વિઘ્ન પણ દૂર કરે છે. **॥૨૫॥**

❖

## ૨૬. શ્રી ભગવાનહં સૂત્ર

**અવતરણિકા :-**

**પ્રતિક્રમણના પ્રારંભપૂર્વે દેવ-ગુરુના વંદનપૂર્વક સર્વઅનુષ્ઠાન કરવું જોઈએ. તેથી ચાર સ્તુતિ દ્વારા દેવને વંદન કર્યા પછી ગુરુને વંદન કરાય છે. તે વખતે પ્રસ્તુત સૂત્ર બોલાય છે –**

**સૂત્ર :-**

**ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**ખમાસમણાપૂર્વક હું ભગવાનને નમસ્કાર કરું છું=સાક્ષાત્ ઉપકારી એવા ગુરુભગવંતને હું નમસ્કાર કરું છું. ત્યાર પછી આચાર્યને, ઉપાધ્યાયને અને સર્વસાધુઓને ખમાસમણાપૂર્વક નમસ્કાર કરે છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

ગુરુ પ્રત્યેના ભક્તિના અતિશયાર્થે કહે છે કે હે ક્ષમાશ્રમણ=ક્ષમાપ્રધાન ૧૦ પ્રકારના યતિધર્મને પાળનારા એવા ઉપકારી ગુરુ, હું તમને યાપનિકા અને નૈષેધિકીપૂર્વક અર્થાત્ કષાયોના ઉપશમપૂર્વક અને પાપવ્યાપારના ત્યાગપૂર્વક મસ્તકથી નમસ્કાર કરું છું. તેથી ઉપયોગપૂર્વક બોલનાર મહાત્માનું ચિત્ત ગુણવાનના ગુણોના સ્મરણને અનુકૂળ ચિત્તને શાંત કરીને અન્ય વ્યાપારથી યોગનું નિવર્તન કરીને નમસ્કાર કરે છે અને તે રીતે ઉપકારી ગુરુને, આચાર્ય ભગવંતને, ઉપાધ્યાયને અને સર્વસાધુઓને નમસ્કાર કરવાથી ગુણસંપન્ન એવા મોક્ષસાધક સર્વ યોગીઓ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. જેનાથી ભાવિત થયેલું ચિત્ત સુખપૂર્વક પ્રતિક્રમણની સમ્યક્ ક્રિયા કરીને છ આવશ્યકમય ઉત્તમ પરિણતિને નિષ્પન્ન કરી શકે છે. **॥૨૬॥**

❖

# ૨૭. શ્રી દેવસિઅ પડિક્કમણે ઠાઉં સૂત્ર

**અવતરણિકા :-**

પ્રતિક્રમણ સ્થાપના કરવા અર્થે સંક્ષેપથી દિવસ દરમિયાન પાપની શુદ્ધિ કરવામાં આવે છે. તેને કહેનારું પ્રતિક્રમણ સ્થાપન સૂત્ર છે –

**સૂત્ર :-**

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં ? ઇચ્છં, સવ્વસવિ દેવસિઅ દુચ્ચિંતિઅ દુબ્ભાસિઅ દુચ્ચિટ્ઠિઅ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**હે ભગવંત=સન્મુખ રહેલા સ્થાપનાચાર્યને સંબોધીને પ્રતિક્રમણ કરનાર સાધુ કે શ્રાવક કહે છે કે, હે ભગવંત ! તમે ઇચ્છાપૂર્વક દેવસિઅ પ્રતિક્રમણને સ્થાપન કરવા માટે અનુજ્ઞા આપો. ત્યાર પછી બુદ્ધિથી તેમના પ્રતિક્રમણનો આદેશ મળ્યો છે તે પ્રકારનો સંકલ્પ કરીને તેના સ્વીકાર અર્થે 'ઇચ્છં' કહેવાય છે અર્થાત્ હું તે પ્રમાણે પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું. આ પ્રકારે સ્વીકાર્યા પછી પ્રતિક્રમણ કરનાર મહાત્મા કહે છે કે સર્વ પણ દિવસ સંબંધી દુશ્ચિંતિત=મન સંબંધી દુશ્ચિંતિત, દુર્ભાષિત=વચનથી દુર્ભાષિત, દુશ્ચેષ્ટિત=કાયાથી દુશ્ચેષ્ટિત, છે. તેનું હું મિચ્છા મિ દુક્કડં આપું છું અર્થાત્ તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ॥૧॥**

**ભાવાર્થ :-**

જે ભાવોથી જે પાપો થાય છે તે પાપો પ્રત્યે પાપકાળમાં થયેલા ભાવોથી અધિક જુગુપ્સાનો ભાવ થાય તો તે પાપ નાશ પામે છે અને પ્રતિક્રમણ કરવાના અર્થી સાધુ શ્રાવક કે સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકાનુસાર ઉચિત મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરીને દિવસ દરમિયાન ઉત્તર ઉત્તરની ભૂમિકામાં જવા યત્ન કરે છે. જેમણે તે પ્રકારે દિવસ દરમિયાન ઉચિત યત્ન કર્યો હોય તેઓ દ્વારા મનથી, વચનથી કે કાયાથી કંઈક દુશ્ચિંતિત, દુર્ભાષિત કે દુશ્ચેષ્ટિત હોય નહીં આમ છતાં અત્યંત અપ્રમાદપૂર્વક સ્વભૂમિકાનુસાર ઉત્તર ઉત્તરની ભૂમિકા માટે મન, વચન, કાયાને સમ્યક્ પ્રવર્તાવવાં અત્યંત દુષ્કર છે, તેથી આરાધક જીવો પણ નિમિત્તને પામીને પોતાના ઉચિત યોગોમાં સ્ખલના પામે છે અને પ્રાયઃ તે જીવો સ્ખલનાકાળમાં તે સ્ખલનાને સ્મૃતિમાં રાખે છે; જેથી પ્રતિક્રમણ કાળમાં ઉચિત પ્રયત્ન દ્વારા તે પાપનું શોધન થઈ શકે. વળી, મહાત્મા વિચારે છે કે ગુણવાન એવા ભાવાચાર્યોના દૃઢ અવલંબનપૂર્વક પ્રતિક્રમણ કરવામાં આવે તો તેઓના સાન્નિધ્યના બળથી સુખપૂર્વક ભાવનો પ્રકર્ષ થઈ શકે. જેના બળથી અનાભોગાદિથી થયેલા પાપોનો નાશ થઈ શકે. તેથી ગુણવાન એવા ભાવાચાર્યની સ્થાપના સન્મુખ પ્રતિક્રમણ કરતી વખતે તેઓનું સ્મરણ કરીને તેઓ પાસે અનુજ્ઞા માંગે છે અને કહે છે કે હે ભગવંત ! મારા કહેવાથી નહીં, પરંતુ તમારી ઇચ્છાપૂર્વક મને અનુજ્ઞા આપો. શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

હું દિવસ સંબંધી પાપની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણની સ્થાપના કરું તેની મને અનુજ્ઞા આપો. આ પ્રકારે ગુણવાન એવા ભાવાચાર્યના સ્મરણપૂર્વક તેઓના પરતંત્ર થવાના પરિણામપૂર્વક અનુજ્ઞા માંગવાથી ગુણવાનને અવલંબીને ભાવવૃદ્ધિને અભિમુખ જીવ વીર્ય ઉલ્લસિત થાય છે અને જ્યારે ગુણવાન એવા ભાવાચાર્ય 'પડિક્કમેહ' કહીને અનુજ્ઞા આપે છે. ત્યારે હર્ષપૂર્વક તેના સ્વીકાર અર્થે 'ઇચ્છં' કહે છે અને તેમ સ્વીકારીને વિધિપૂર્વક પ્રતિક્રમણ કરવાની ભાવાચાર્યની અનુજ્ઞા પોતાને પ્રાપ્ત થઈ છે તેવો અધ્યવસાય થાય છે. વિધિ દૃઢપ્રણિધાનપૂર્વક પ્રતિક્રમણ કરવાની છે તેવું સ્મરણ કરીને મહાત્મા દિવસ સંબંધી સર્વ દુશ્ચિંતિત, દુર્ભાષિત અને દુશ્ચેષ્ટિતનું મિચ્છા મિ દુક્કડં આપે છે. જેનાથી તે મહાત્માને સ્મરણમાં રહે છે કે દિવસ દરમિયાન મારે મારી શક્તિ અનુસાર ત્રણેય યોગોને એ રીતે પ્રવર્તાવવા જોઈએ. જેથી ઉત્તર ઉત્તરના ગુણની પ્રાપ્તિ દ્વારા સંસારનો ક્ષય થાય અને તેમાં પ્રમાદને વશ જે મેં વિપરીત કર્યું છે તેના પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તે રીતે મહાત્મા તેનું મિચ્છા મિ દુક્કડં આપે છે અને આ રીતે જે મહાત્મા અત્યંત ઉપયોગપૂર્વક બોલે તેનાથી દિવસ દરમિયાન ત્રણેય યોગોથી થયેલી વિપરીત પ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સા થાય તો અવશ્ય તેની જુગુપ્સાને અનુરૂપ દિવસ દરમિયાન થયેલું પાપ નાશ પામે છે.

અહીં વિશેષ એ છે કે સ્થૂલબોધવાળા અપુનર્બંધક, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર શ્રાવકો કે ભાવસાધુઓ પોતાની ભૂમિકાનુસાર સતત પ્રયત્ન કરતા હોય તો અવિરતિવાળા શ્રાવકોને પણ દિવસ દરમિયાન ત્રણેય યોગોની લેશ પણ અશુદ્ધિ પ્રાપ્ત થાય નહીં. આથી જ વિવેકી શ્રાવક કર્મના ઉદયને કારણે ભોગની ઇચ્છા થાય તોપણ જિનવચનનું સ્મરણ કરીને "सल्लं कामा विषं कामा" ઇત્યાદિ વચનના બળથી ભોગવૃત્તિને શાંત કરવા પ્રયત્ન કરે છે અને પોતાની મર્યાદા અનુસાર ઇચ્છા શમન ન થાય તો વ્રણલેપની જેમ ભોગ કરે છે. તેઓને કોઈ દુશ્ચેષ્ટાની પ્રાપ્તિ નથી, પરંતુ પ્રમાદને વશ અનાદિના સંસ્કારોનો નાશ કરવા માટે જે કોઈ ઉદ્યમ શક્ય છે એ પ્રમાણેનો ઉદ્યમ ન કરવામાં આવે તો યોગોની અનુચિત પ્રવૃત્તિ થાય છે. તેથી આરાધક જીવે સ્વભૂમિકાનુસાર તેનું સ્મરણ કરીને સદા તે સ્ખલનાને દૂર કરવા યત્ન કરવો જોઈએ અને ષડ્ આવશ્યકની ક્રિયામાં દિવસ દરમિયાન જે સ્ખલનાઓ થયેલ છે તેના પ્રત્યે જુગુપ્સા કરવા વિશેષથી સદા યત્ન કરવો જોઈએ અને તે પ્રકારના પરિણામની પ્રાપ્તિ અર્થે જ પ્રસ્તુત 'બીજસૂત્ર' બોલાય છે. **॥૨૭॥**

❖

## ૨૮. શ્રી ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં સૂત્ર

**સૂત્ર :-**

**ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં જો મે દેવસિઓ અઇયારો કઓ કાઇઓ વાઇઓ માણસિઓ ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ અણાયારો**

**અણિચ્છિઅવ્વો અસાવગપાઉગ્ગો નાણે દંસણે ચરિત્તાચરિત્તે સુએ સામાઇએ તિણ્હં ગુત્તીણં ચઉણ્હં કસાયાણં પંચણ્હમણુવ્વયાણં તિણ્હં ગુણવ્વયાણં ચઉણ્હં સિક્ખાવયાણં બારસવિહસ્સ સાવગધમ્મસ્સ જં ખંડિઅં જં વિરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**હે ભગવંત ! ઈચ્છાપૂર્વક હું કાઉસ્સગ્ગ કરું છું.**

શેના વિષયક ? એથી કહે છે –

**દિવસ સંબંધી અતિચારોની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરું છું.**

શેની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરું છું ? એથી કહે છે –

**જે મારા વડે દૈવસિક અતિચાર કરાયો હોય તેની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરવા ઈચ્છું છું એમ સંબંધ છે.**

કઈ રીતે અતિચાર કરાયો હોય ? તેથી કહે છે –

**કાયિક, વાચિક અને માનસિક અતિચાર કરાયો હોય તેની શુદ્ધિ કરવા ઈચ્છું છું.**

તે અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે –

**ઉત્સૂત્ર છે=અતિચારની આઠ ગાથામાં સ્મરણ કરાશે એ અતિચારો અથવા પૂર્વે સ્મરણ કરાયેલા પોતાના અતિચારો ઉત્સૂત્ર છે. વળી, તે અતિચારો ઉન્માર્ગ છે=મોક્ષમાર્ગ નથી, પરંતુ મોક્ષમાર્ગથી વિપરીત છે. અકલ્પ છે=કલ્પ એટલે આચાર એનાથી વિપરીત એવો અકલ્પ છે. અકરણીય છે=આત્મા માટે અકર્તવ્ય છે. દુર્ધ્યાન છે=પંચાચારપાલનમાં જે પ્રમાદ છે તે પંચાચારથી વિપરીત હોવાથી દુર્ધ્યાન છે. દુશ્ચિંતવન છે=પંચાચારમાં પ્રમાદને અનુકૂળ જે વિચારણા કરી છે તે દુશ્ચિંતવન છે. અનાચાર છે=અનુચિત આચાર છે. અનિચ્છનીય છે. અશ્રાવક પ્રાયોગ્ય છે.**

તે અતિચાર શેના વિષયમાં છે ? તેથી કહે છે –

**જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં, ચારિત્રઅચારિત્રરૂપ દેશચારિત્રના વિષયમાં, શ્રુતના વિષયમાં અને સામાયિકના વિષયમાં અને ત્રણ ગુપ્તિઓનું ખંડન કરાયું હોય, ચાર કષાયોનું જે સેવન કરાયું હોય, પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત સ્વરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનું જે ખંડિત કરાયું હોય, જે વિરાધિત કરાયું હોય તેનું હું મિથ્યાદુષ્કૃત દઉં છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સૂત્ર અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ પૂર્વે કરવામાં આવે છે અને ચારિત્રની શુદ્ધિ અર્થે કરાતા કાઉસ્સગ્ગ પૂર્વે બોલવામાં આવે છે. તેમાંથી અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરવાની પૂર્વે પ્રતિસંધાન કરાય છે કે અતિચારની શુદ્ધિ અર્થે હું અતિચારનું સ્મરણ કરવા માટે કાઉસ્સગ્ગ કરું છું અને

તે વખતે પ્રતિસંધાન કરવા માટે કહે છે કે હું કાઉસ્સગ્ગમાં સ્થિર થવા માટે ઇચ્છું છું. શેના માટે કાઉસ્સગ્ગ કરવો છે ? તેથી પ્રતિસંધાન કરે છે કે કાયાથી, વાણીથી અને મનથી જે મેં દિવસ સંબંધી અતિચાર કર્યા છે તે સર્વ ઉત્સૂત્ર આદિ રૂપ છે અને તે સર્વનું મિચ્છા મિ દુક્કડં આપીને કાઉસ્સગ્ગમાં સ્થિર થવા માટે તસ્સઉત્તરી, અન્નત્થ બોલીને હું કાઉસ્સગ્ગ કરું છું.

કાયોત્સર્ગમાં અતિચારનું સ્મરણ કરવામાં આવે છે તે વખતે સૂત્ર બોલનારને પ્રતિસંધાન થાય છે કે જે મેં સર્વ અતિચાર કર્યા છે તે સર્વ મિથ્યા છે, જે ઓઘથી અતિચારના આલોચન રૂપ છે તેની શુદ્ધિ ઉત્તરીકરણથી થાય છે અને તે ઉત્તરીકરણની ક્રિયા કાયોત્સર્ગ રૂપ છે અને તે કાયોત્સર્ગમાં પંચાચારની ગાથાનું સ્મરણ કરીને શ્રાવક અતિચારોનું સ્મરણ કરે છે. જેનાથી અતિચારની ઘણી શુદ્ધિ થાય છે અને વિવેકપૂર્વક બોલનાર શ્રાવકની પ્રસ્તુત સૂત્ર બોલવાથી પણ અવશ્ય અતિચારની શુદ્ધિ થાય છે. કદાચ વિશેષ શુદ્ધિ થઈ ન હોય તો ઉત્તરીકરણ રૂપ અતિચારની આઠ ગાથાથી શુદ્ધિ થાય છે અને તે ગાથામાં સ્મરણ કરાયેલા અતિચારોની પુનઃ શુદ્ધિ ન થઈ હોય તો આલોચના સૂત્રથી શુદ્ધિ થાય છે અને આલોચના સૂત્રમાં પણ અનાલોચિત અંશ રહી ગયો હોય તો તેની શુદ્ધિ પ્રતિક્રમણ રૂપ 'વંદિતા' સૂત્રથી થાય છે અને પ્રતિક્રમણ થયા પછી બે લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરતી વખતે ફરી પ્રસ્તુત સૂત્રથી પ્રણિધાન કરીને ચારિત્રાચાર શુદ્ધિનો કાઉસ્સગ્ગ કરાય છે; જેનાથી પૂર્વની આલોચના દ્વારા અવશેષ રહેતા અતિચારોની શુદ્ધિ થાય છે. ॥૨૮॥

❖

# ૨૯. શ્રી અતિચાર વિચારણ આઠ ગાથા સૂત્ર

**અવતરણિકા :-**

**શ્રાવક પ્રતિક્રમણના પ્રારંભમાં પ્રતિક્રમણ સૂત્રની સ્થાપના કરીને કાયોત્સર્ગમાં દિવસ દરમિયાન થયેલા અતિચારોનું આલોચન પ્રસ્તુત સૂત્રથી કરે છે. તે બતાવે છે –**

**સૂત્ર :-**

**નાણંમિ દંસણંમિ અ, ચરણંમિ તવંમિ તહય વીરિયંમિ;**
**આયરણં આયારો, ઇઅ એસો પંચહા ભણિઓ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, તપમાં, વીર્યમાં આચરણ એ આ પાંચ પ્રકારનો આચાર કહેવાયો છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સર્વવિરતિધર સાધુઓને, દેશવિરતિવાળા શ્રાવકોને, અવિરત સમ્યગ્દષ્ટિને કે ભવથી વિમુખ થયેલા ભદ્રકપ્રકૃતિવાળા જીવોને, ભવના અંત અર્થે અને ગુણસ્થાનકની વૃદ્ધિ અર્થે ભગવાને પાંચ પ્રકારના આચારો કહ્યા છે.

(૧) જ્ઞાનના વિષયમાં આચાર, (૨) દર્શનના વિષયમાં આચાર, (૩) ચારિત્રના વિષયમાં આચાર, (૪) તપના વિષયમાં આચાર અને (૫) વીર્યના વિષયમાં આચાર. સાધુ, શ્રાવક, અવિરત સમ્યગ્દષ્ટિ કે સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો સંસારના ઉચ્છેદના અર્થી છે અને પોતાના બોધ અનુસાર ઉત્તર ઉત્તર ભૂમિકાને સેવવા અર્થે ગીતાર્થ ગુરુ આદિ પાસેથી પાંચ પ્રકારના આચારના સ્વરૂપને જાણીને તેને સેવે તો તે આચારમાં કોઈ સ્ખલના ન થઈ હોય તો તેઓ સ્વભૂમિકાનુસાર ભગવાનના માર્ગના પૂર્ણ આરાધક બને છે. જેના બળથી તેઓ ઉત્તર ઉત્તર ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. તેથી પોતાના જીવનમાં સેવવા યોગ્ય કયા આચારો છે તેનું પ્રતિક્રમણ કરનાર શ્રાવક સંક્ષેપથી પ્રસ્તુત ગાથા દ્વારા સ્મરણ કરીને તે આચારો પ્રત્યેનો પોતાનો રાગનો પરિણામ કાયોત્સર્ગ કાળમાં ઉલ્લસિત કરે છે. **॥૧॥**

**સૂત્ર :-**

**કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે;**
**વંજણઅત્થતદુભએ, અટ્ઠવિહો નાણમાયારો ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**કાળવિષયક, વિનયવિષયક, બહુમાનવિષયક, ઉપધાનવિષયક, અનિહ્નવવિષયક, વ્યંજનવિષયક, અર્થવિષયક, તદુભયવિષયક - આઠ પ્રકારના જ્ઞાનાચાર છે. ॥૨॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પંચાચાર વિષયક અતિચારનું આલોચન પ્રસ્તુત સૂત્રથી કરે છે. તેમાં, પ્રસ્તુત ગાથા દ્વારા જ્ઞાનના આઠ આચારોનું સ્મરણ કરે છે અને શ્રાવકે દિવસ દરમિયાન પોતાની શક્તિને ગોપવ્યા વગર પોતાની શક્તિ અનુસાર અવશ્ય જ્ઞાનાચારનું સેવન કરવું જોઈએ. (જેથી સમ્યક્ત્વની શુદ્ધિ અને શ્રુતજ્ઞાનની શુદ્ધિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે.)

આશય એ છે કે અવિરત સમ્યગ્દષ્ટિ શ્રાવક કે દેશવિરતિ શ્રાવક મોક્ષના અત્યંત અર્થી હોય છે અને મોક્ષનો એક ઉપાય સર્વજ્ઞનું વચન અને સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલી પ્રવૃત્તિ છે. તેથી સર્વજ્ઞના વચનના પરમાર્થને જાણવા માટે કલ્યાણના અર્થી શ્રાવકો સદા દૃઢ યત્ન કરે છે. આમ છતાં પ્રમાદને વશ દિવસ દરમિયાન જ્ઞાનાચારના સેવન માટે શક્તિ અનુસાર યત્ન ન થયો હોય અથવા શ્રુત ભણવા માટે યત્ન કરાયો હોવા છતાં તેના ઉચિત આચારોમાં યત્ન ન થયો હોય તેનું સ્મરણ શ્રાવકને અવશ્ય થાય છે અને તેની ઉપસ્થિતિ પ્રસ્તુત ગાથાઓના આઠ આચારોના સ્મરણથી શ્રાવક કરે છે. જેમ શક્તિ હોવા છતાં

ઉચિતકાળે સૂત્ર, અર્થ કે તદુભય માટે ઉચિત યત્ન ન કર્યો હોય, કદાચ યત્ન કર્યો હોય તોપણ વિનયપૂર્વક ન કર્યો હોય અર્થાત્ તે શ્રુત પ્રત્યે અને શ્રુત આપનારા ગુરુ આદિ પ્રત્યે ઉચિત વિનયપૂર્વક શ્રુત ભણવા માટે યત્ન ન કર્યો હોય, કદાચ વિનયપૂર્વક કર્યો હોય આમ છતાં બહુમાનપૂર્વક શ્રુત અધ્યયન ન કર્યું હોય અર્થાત્ ભગવાનનું વચન વીતરાગનું વચન છે અને વીતરાગતાની પ્રાપ્તિનો ઉપાય બતાવે છે, માટે તેના પરમાર્થને જાણવા માટે તે પ્રકારની અંતરંગ પ્રીતિ ઉલ્લસિત કરીને ભણવા માટે યત્ન ન કર્યો હોય, કદાચ વિનય અને બહુમાનપૂર્વક ભણવાનો યત્ન કર્યો હોય છતાં તે શ્રુતને સમ્યગ્ પરિણામ પમાડવા અર્થે ઉચિત ઉપધાન રૂપ તપ શક્તિ હોવા છતાં યત્ન ન કર્યો હોય અને જેની પાસેથી પોતાને તત્ત્વની પ્રાપ્તિ થઈ હોય તેને ગોપવ્યા વગર સદા તેના ઉપકારને સ્મૃતિમાં ન રાખ્યો હોય, તે સર્વ અતિચારોનું સ્મરણ કરીને પોતે જો શક્તિ અનુસાર સર્વ અતિચારથી રહિત સૂત્ર, અર્થ અને તદુભય વિષયક ઉચિત યત્ન કર્યો હોય તો ચિત્તમાં સંતોષ થાય છે અને અનાભોગાદિથી કોઈ સ્ખલના થઈ હોય તો તેનું સ્મરણ પ્રસ્તુત ગાથા બોલ્યા પછી શ્રાવક કરે છે; જેની શુદ્ધિ આગળ આલોચના વખતે કરશે. **॥૨॥**

**સૂત્ર :–**

**નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ;**
**ઉવવૂહ થિરીકરણે, વચ્છલ્લ પભાવણે અટ્ઠ ॥૩॥**

**સૂત્રાર્થ :–**

**નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ દર્શનાચાર છે. ॥૩॥**

**ભાવાર્થ :–**

અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવકને સંસારથી અત્યંત ભય હોય છે અને મોક્ષની ઉત્કૃષ્ટ ઇચ્છા હોય છે અને મોક્ષનો ઉપાય સર્વજ્ઞનું વચન છે, તેવી સ્થિર રુચિ હોય છે. જે સમ્યગ્દર્શન સ્વરૂપ છે અને તે સમ્યગ્દર્શનને અતિશય કરવા અર્થે શ્રાવક સતત સ્વભૂમિકાનુસાર દર્શનના આઠ આચારોને સેવે છે. તેથી, પ્રતિદિન આત્મામાં સમ્યગ્દર્શનને અતિશય કરવા અર્થે વિચારે છે કે "સંસારમાં જિનવચન જ એક સાર છે, અન્ય સર્વ કચરો છે; તેથી જિનવચનનું દૃઢ અવલંબન લઈને જિનવચનના પ્રરૂપક અરિહંતની ઉપાસના કરવી જોઈએ. જિનવચનાનુસાર ચાલનારા ગુરુઓની ભક્તિ કરવી જોઈએ અને જિનવચનને સમ્યક્ પરિણમન પમાડવા માટે સતત ઉદ્યમ કરવો જોઈએ." આ પ્રકારે ભાવન કરીને ભગવાનના વચનમાં ક્યાંય શંકા ન થાય તે પ્રકારે સદા આત્માને વાસિત કરે છે. ક્વચિત્ કોઈ સૂક્ષ્મ પદાર્થમાં નિર્ણય ન થઈ શકે ત્યારે વિચારે કે સર્વજ્ઞનું વચન જે પદાર્થને બતાવે છે તે જ તત્ત્વ છે. મારી મતિની દુર્બળતાને કારણે હું નિર્ણય કરી શકતો નથી. આ પ્રકારે ભાવન કરીને નિશંકિત થવાને અનુકૂળ આચારના પાલનથી ભગવાનના વચનમાં રુચિ નિર્મળ, નિર્મળતર થાય છે.

વળી, અન્યદર્શનના કોઈ પદાર્થોને જાણીને આકાંક્ષા ન થાય તે માટે સદા વિચારે છે કે સર્વજ્ઞના વચન સિવાય અન્ય વચનો ક્યારેય પૂર્ણ અર્થને કહેનારાં નથી. વળી, પોતે જિનવચનાનુસાર જે પ્રવૃત્તિ કરે છે તેનું ફળ મળશે કે નહીં, એ પ્રકારની વિચિકિત્સા ન થાય તે માટે કાર્યકારણભાવના પરમાર્થને જાણવા માટે વિવેકી શ્રાવક શક્તિ અનુસાર સદા યત્ન કરે છે.

વળી, અનાદિથી જીવ મોહવાસિત છે તેથી મૂઢની જેમ સંસારની પ્રવૃત્તિઓ કરે છે. કોઈક રીતે ધર્મ કરવા સન્મુખ થાય તોપણ માત્ર બાહ્ય ક્રિયાઓ મૂઢની જેમ કરે છે. તે મૂઢતાના પરિહાર અર્થે શ્રાવક સદા સંસારનું અનિત્યસ્વરૂપ, આત્માની અશરણ અવસ્થાનું સ્મરણ કરે છે અને ધર્મ મોક્ષને અનુકૂળ સમ્યગ્ નિષ્પન્ન થાય તેના પરમાર્થને જાણવા સદા યત્ન કરે છે. જેથી મૂઢતા રહિત સમ્યક્ શક્તિ અનુસાર ધર્મને સેવીને પોતે કલ્યાણને પ્રાપ્ત કરી શકે. આ રીતે જેઓ શક્તિ અનુસાર મૂઢતાના પરિહારપૂર્વક તત્ત્વના પરમાર્થને જાણવા યત્ન કરતા હોય તો અમૂઢદૃષ્ટિરૂપ દર્શનાચારના સેવનથી સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું હોય તો પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત થયા પછી કોઈક રીતે પાત થયો હોય તો ફરી પ્રગટ થાય છે અને તત્ત્વની દૃષ્ટિ સ્પષ્ટ હોય તો સમ્યક્ત્વ વિદ્યમાન હોવા છતાં અમૂઢદૃષ્ટિના ભાવનથી વિદ્યમાન સમ્યક્ત્વ નિર્મળ થાય છે અને નિર્મળ થયેલા સમ્યક્ત્વનો પણ કોઈક નિમિત્તથી ભગવાનના વચનમાં શંકા થઈ હોય તો ઉચિત ઉપાયથી તેનો પરિહાર કરવા માટે શ્રાવક યત્ન કરે છે. અન્યદર્શનના આચારો પ્રત્યે કોઈક રીતે પક્ષપાત થયો હોય તો તેને વિવેક દ્વારા દૂર કરવા પ્રયત્ન કરે છે અને પોતાના સેવાયેલા ધર્મના ફળના વિષયમાં સંદેહ થયો હોય તો ઉચિત વિવેકપૂર્વક પરિહાર કરવા યત્ન કરે છે. જેથી સમ્યગ્દર્શન સ્થિરભાવને પામે છે.

વળી, જે મહાત્મા સમ્યક્ત્વના સ્થિરભાવવાળા છે તેઓ અન્ય જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણ બની શકે તેમ હોય તો ઉપબૃંહણા કરે છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવ હંમેશાં ભગવાનના વચનના પરમાર્થને જાણ્યા પછી સર્વ જીવો પ્રત્યે દયાળુ સ્વભાવવાળા હોય છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ વિચારે છે કે યોગ્ય જીવો ભગવાનનો માર્ગ પ્રાપ્ત કરશે તો તેઓ પણ મારી જેમ સુખપૂર્વક સંસારસાગર તરી જશે. તેથી અન્યને ઉપબૃંહણા કરવાથી પોતાનું સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. માટે ઉપબૃંહણા એ સમ્યક્ત્વનો આચાર છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈ યોગ્ય જીવ કોઈ નિમિત્તથી ભગવાનના વચનમાં સંદેહવાળો થયો હોય અને પોતાની શક્તિ હોય તો તેને સ્થિર કરવા માટે ઉચિત યત્ન કરે છે. વળી, ધર્મમાં કોઈને અંતરાય પ્રાપ્ત થયો હોય તો તેને દૂર કરીને તેની ધર્મમાર્ગની પ્રવૃત્તિમાં સ્થિર થાય તે રીતે ઉચિત યત્ન કરે છે. આ પ્રકારના સ્થિરીકરણથી પણ ભગવાનના વચન પ્રત્યેનો દૃઢ રાગ અતિશયિત થાય છે. તેથી સ્થિરીકરણ પણ સમ્યગ્દર્શનની શુદ્ધિનું કારણ હોવાથી દર્શનાચાર છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવે તીર્થંકરો, તીર્થંકરના માર્ગમાં ચાલનારા સાધુ-સાધ્વીઓ કે શ્રાવક-શ્રાવિકાઓ પ્રત્યે વત્સલભાવ રાખવો જોઈએ એટલે કે ભક્તિભાવ રાખવો જોઈએ. તેના માટે દિવસ દરમ્યાન શક્ય તેટલો ઉચિત યત્ન કર્યો હોય તો તેટલા અંશથી દર્શનાચારના સેવનમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી. શક્તિ અનુસાર વાત્સલ્યભાવરૂપ દર્શનાચાર સેવવાથી પ્રગટ થયેલ સમ્યગ્દર્શન નિર્મળ થાય છે. પ્રગટ ન

થયેલ હોય તો પ્રગટ થાય છે. કોઈ રીતે પ્રાપ્ત થયા પછી આકર્ષ દ્વારા સમ્યગ્દર્શનથી પાત થયો હોય તો ફરી દર્શનાચારના સેવનથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે.

વળી, શ્રાવકે સ્વભૂમિકાનુસાર તે રીતે ભગવદ્ ભક્તિ આદિ ઉચિત અનુષ્ઠાનો કરવાં જોઈએ. જેથી તે અનુષ્ઠાનો જોઈને યોગ્યજીવોને ભગવાનના ધર્મ પ્રત્યે બહુમાન થાય અને ઉર્જિત આશયપૂર્વક=વિશેષ પ્રકારના ઔદાર્યથી યુક્ત આશયપૂર્વક, ભગવાનની ભક્તિ જોઈને યોગ્યજીવોને આ ભગવાનનો બતાવેલો માર્ગ સુંદર હશે, જેથી આવી વિવેકવાળી પ્રવૃત્તિ આ શ્રાવકો કરે છે એવી બુદ્ધિ થાય છે જે શાસનની પ્રભાવના છે અને શક્તિ અનુસાર શાસનની પ્રભાવના કરવાથી ભગવાનના વચન પ્રત્યેની શ્રદ્ધા સ્થિર થાય છે. તેથી પ્રભાવના પણ દર્શનશુદ્ધિનું પ્રબળ કારણ છે.

આ આઠ આચારો પ્રસ્તુત ગાથાથી સ્મરણ કર્યા પછી વિવેકી શ્રાવકે ક્યા આચારની પોતાની શક્તિ છે, છતાં પ્રમાદવશ પોતે દિવસ દરમિયાન તે આચારને સેવ્યો નથી તેનું સ્મરણ કરીને અતિચારના આલોચનકાળમાં તેની શુદ્ધિ કરવા યત્ન કરવો જોઈએ. ॥૩॥

**સૂત્ર :-**

**પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઇહિં તિહિં ગુત્તીહિં;**
**એસ ચરિત્તાયારો, અટ્ઠવિહો હોઇ નાયવ્વો ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**પ્રણિધાન યોગથી યુક્ત=મોહના ઉન્મૂલનને અનુકૂળ દૃઢ સંકલ્પથી યુક્ત પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી, સેવાયેલો માર્ગ એ ચારિત્રાચાર આઠ પ્રકારનો જ્ઞાતવ્ય છે. ॥૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક કે અવિરત સમ્યગ્દૃષ્ટિ કે સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો પોતાના બોધ અનુસાર અને પોતાની શક્તિ અનુસાર જે ધર્મઅનુષ્ઠાન કરે છે, તે ધર્મઅનુષ્ઠાનમાં તેમણે પ્રણિધાનપૂર્વક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ મન-વચન-કાયાને અન્યભાવોથી સંવૃત કરીને તે તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવોમાં યત્ન થાય તે રીતે પ્રણિધાન કરીને સતત મન-વચન-કાયાની તે તે ક્રિયામાં બોલાતાં સૂત્ર અને અર્થોના આલંબનથી આત્માને વાસિત કરવા યત્ન કરવો જોઈએ. તે તે ક્રિયાકાળમાં ધર્મની પ્રવૃત્તિમાં ઉપયોગી ન હોય તેવી આરંભ સમારંભની ક્રિયાના પરિહાર માટે ઉચિત યત્ન કરવો જોઈએ. તે આઠ પ્રકારનો ચારિત્રાચાર છે. પૂર્ણ ચારિત્રાચાર સુસાધુઓને હોય છે. દેશથી ચારિત્રાચાર ભાવશ્રાવકને હોય છે. અનંતાનુબંધીના વિગમથી અવિરત સમ્યગ્દૃષ્ટિને સ્વભૂમિકાનુસાર ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ આચારરૂપ ચારિત્રાચાર હોય છે અને મિથ્યાત્વની મંદતાથી સહિત કષાયોની મંદતા કૃત ચારિત્રાચાર અપુનર્બંધક જીવોને પણ હોય છે. તેથી પ્રસ્તુત ગાથા દ્વારા પોતે પોતાની ભૂમિકાનુસાર અને

પોતાની શક્તિ અનુસાર ચારિત્રાચારને દિવસ દરમિયાન સેવ્યો છે કે નહીં તેનું સ્મરણ કરીને તેમાં લાગેલા અતિચારોનું સ્મરણ પ્રસ્તુત ગાથાથી કાયોત્સર્ગકાળમાં કરવામાં આવે છે, જેની શુદ્ધિ આગળમાં આલોચનાથી થાય છે. ॥૪॥

**સૂત્ર :-**

**બારસવિહંમિવિ તવે, સબ્ભિંતરબાહિરે કુસલદિટ્ઠે;**
**અગિલાઇ અણાજિવી, નાયવ્વો સો તવાયારો ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**કુશલ વડે જોવાયેલા અભ્યંતર સહિત બાહ્ય એવા બાર પ્રકારના તપમાં અગ્લાનિ અને આજીવિકા-ઈચ્છા વગર સેવાયેલો તપ તે તપાચાર જાણવો. ॥૫॥**

**ભાવાર્થ :-**

આત્માના કુશલને જોનારા તીર્થંકરો અને ગણધરોએ આત્મામાં લાગેલા કર્મના નાશના ઉપાયરૂપ બાર પ્રકારનો તપ જોયેલો છે અને તે તપ બાહ્યથી સહિત અભ્યંતર પરિણામથી યુક્ત એવો બાર પ્રકારનો છે. વળી, જેઓ તપકાળમાં બાહ્યતપના કારણે ગ્લાનિવાળા હોય તો ગ્લાનિને કારણે ચિત્ત હંમેશાં અંતરંગ વીર્ય વ્યાપારમાં અસમર્થ થવાથી નિર્જરાને અનુકૂળ વ્યાપાર કરી શકતા નથી અને તપ એ બુદ્ધિપૂર્વકની મોહના ઉન્મૂલનની ક્રિયા છે. તેથી ગ્લાનિ વગર અને જીવનનિર્વાહની કે માનસન્માનની ઇચ્છારૂપ આજીવિકાના અભિલાષ વગર અંતરંગ નિર્જરાને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય તે રીતે સેવાયેલો બાર પ્રકારનો તપ એ પારમાર્થિક તપ છે, એ પ્રકારે સ્મરણ કરવાથી નિર્જરાના અર્થી એવા શ્રાવકને પારમાર્થિક બોધપૂર્વક તે તપ પ્રત્યે રાગ થાય છે અને તેને સેવવાને અનુકૂળ સદ્‌વીર્ય ઉલ્લસિત થાય છે. ॥૫॥

**અવતરણિકા :-**

**કુશલદૃષ્ટિવાળા ભગવાને બાર પ્રકારનો તપ કેવા સ્વરૂપવાળો છે ? તે બતાવ્યું છે. તેનું સ્મરણ કરીને તે તપાચાર પોતે સમ્યગ્ ન સેવી શકેલ હોય તો તેના અતિચારોની આલોચના આવશ્યક છે. તે માટે બે ગાથા દ્વારા બાહ્ય અને અભ્યંતર તપનું સ્વરૂપ ઉપસ્થિત શ્રાવક કરે છે. તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**અણસણમૂણોઅરિઆ, વિત્તીસંખેવણં રસચ્ચાઓ;**
**કાયકિલેસો સંલીણયા ય, બજ્ઝો તવો હોઈ ॥૬॥**

**સૂત્રાર્થ :-**

**અણસણ, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા બાહ્યતપ છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવ કે દેશવિરતિધર સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રાયઃ શાસ્ત્રમર્યાદાનુસાર છ પ્રકારનો બાહ્યતપ કઈ રીતે મોહની અનાકુળતાની વૃદ્ધિ કરીને નિર્જરાનું કારણ છે. તેના પરમાર્થને જાણવા અવશ્ય યત્ન કરે છે. અને તે જાણીને તેના પરમાર્થને ચિત્તમાં અત્યંત સ્થિર કરે છે અને ચિત્તમાં તે પરમાર્થ સ્થિર કર્યા પછી તે રીતે જ તે છ પ્રકારના બાહ્યતપને સેવવા સદા યત્ન કરે છે. તેમાં આત્માના અનશન સ્વભાવને પ્રગટ કરવા અર્થે ગ્લાનિ ન થાય તે રીતે અને આજીવિકાદિના પરિણામો ન થાય તે રીતે વિવેકી જીવે અનશન તપનું સેવન કરવું જોઈએ. વળી, તે તપ દ્વારા દેહ શિથિલ થાય, જેથી દેહના વિકારો થવાની શક્યતા મંદ થાય. વળી, તપ દ્વારા દેહને તે રીતે શિથિલ ન કરવું જોઈએ કે જેથી અન્ય ઉચિત યોગો દ્વારા ગુણવૃદ્ધિમાં યત્ન શિથિલ થાય. આ પ્રકારે અનશન તપના પરમાર્થને જાણીને સદા શક્તિના પ્રકર્ષથી શ્રાવક અનશન તપ કરવા ઇચ્છે છે. છતાં પ્રમાદને વશ દિવસ દરમિયાન શક્તિ કરતાં ન્યૂન અનશન તપ સેવાયું હોય અને શક્તિ અનુસાર સેવવા છતાં તે તપ દ્વારા ઉચિત ભાવની વૃદ્ધિમાં યત્ન ન કરાયો હોય તે રૂપ અતિચારનું સ્મરણ પ્રસ્તુત ગાથા બોલ્યા પછી શ્રાવક કરે છે.

વળી, શ્રાવક અણાહારી ભાવને અતિશય કરવા અર્થે આહારમાં પણ પોતાના દેહની આવશ્યકતા કરતાં કંઈક અલ્પ ગ્રહણ કરવા પ્રયત્ન કરે છે. જેથી અણાહારી ભાવના પરિણામની પુષ્ટિ થાય. જો તેમ ન કરવામાં આવે તો આજે મારે ઉપવાસ નથી તેથી દેહને આવશ્યક જણાય તે પ્રમાણે ભોજન કરવાથી આહારસંજ્ઞાની પુષ્ટિ થાય છે અને આહારસંજ્ઞાના ઉચ્છેદના અર્થી શ્રાવકે આહાર ગ્રહણ કરવા કાળમાં પણ જેટલા અલ્પ આહારથી પોતાના ઉચિત યોગો સીદાય નહીં તેટલા અલ્પ આહારથી પોતાના દેહનું પોષણ કરવું જોઈએ; જેથી અણાહારી ભાવ પ્રત્યેનો પક્ષપાત સ્થિર થાય. આથી જ એકાસણું કરનારા સાધુ પણ શક્તિ હોય તો પોતાના દેહની આવશ્યકતા કરતાં ચોથા ભાગનો આહાર ગ્રહણ કરીને દેહનું પાલન કરે છે. તેટલા આહારથી ઉચિત યોગો સીદાય તેમ જણાય તો તે પ્રમાણે અધિક આહાર ગ્રહણ કરીને પણ શક્તિ અનુસાર ઊણોદરી તપને કરે છે, તેમ શ્રાવકે પણ પોતાના ઉચિત પુરુષાર્થોમાં બાધ ન થાય એ રીતે ઊણોદરી તપ કરવો જોઈએ.

વળી, જેમ અનશન ભાવની વૃદ્ધિ અર્થે ઊણોદરી તપ કરવો આવશ્યક છે તેમ ઇન્દ્રિયોની વૃત્તિ ક્યાંય સંશ્લેષવાળી ન થાય, તે અર્થે આહારના વિષયભૂત પદાર્થોમાં વૃત્તિઓનો સંક્ષેપ શ્રાવકોએ કરવો જોઈએ, જેથી આહારસંજ્ઞાથી પર થવાને અનુકૂળ ચિત્ત દૃઢ થાય. વળી, પોતાની શક્તિનું સમાલોચન કરીને વૃત્તિસંક્ષેપ શક્ય હોય છતાં તેમાં દિવસ દરમિયાન યત્ન ન થયો હોય તો તેનું સમાલોચન શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે.

વળી, પોતાને જે જે રસો પ્રત્યે ગૃદ્ધિ થાય તેમ છે અને તેના ત્યાગ દ્વારા તે ગૃદ્ધિને પોતે અટકાવી શકે તેમ છે. તેવા રસનો શક્તિ અનુસાર ત્યાગ કરે છે. આમ છતાં પોતાની શક્તિ હોવા છતાં તેના ત્યાગ માટે યત્ન ન કર્યો હોય તેનું સ્મરણ કરીને તે અતિચારોનું શ્રાવક પ્રસ્તુત ગાથાથી આલોચન કરે છે.

વળી, કાયા પ્રત્યેના મમત્વના પરિહાર અર્થે શક્તિ અનુસાર કાયાને ક્લેશ થાય અર્થાત્ કાયાને પ્રતિકૂળ થાય તે રીતે યત્ન કરીને તે પ્રતિકૂળતામાં દ્વેષનો પરિણામ ન થાય, પરંતુ સ્વસ્થતાપૂર્વક તે કષ્ટમાં પણ પોતાના આત્મહિતની પ્રવૃત્તિ થઈ શકે તેવો યત્ન શ્રાવક કરી શકે તેમ હોય, છતાં પોતાની શક્તિ અનુસાર દિવસ દરમિયાન તેવા પ્રકારના કાયક્લેશની ઉપેક્ષા કરીને કાયાની સુખશીલતામાં જ યત્ન થયો હોય તો તે કાયક્લેશ તપવિષયક અતિચાર છે. તેનું સ્મરણ કરીને શ્રાવક આગળમાં તેની આલોચના કરે છે.

વળી, શ્રાવકે કાયગુપ્તિના અભ્યાસ અર્થે ઉચિતકાળે કાયાની સંલીનતા રાખીને અર્થાત્ સ્થિર આસનમાં બેસીને આત્માને તત્ત્વથી ભાવિત કરવા ઉચિત યત્ન કરવો જોઈએ. જેથી કાયકૃત ચંચલતાને કારણે આત્મામાં સતત ચાંચલ્યભાવ વર્તે છે તેનો નિરોધ થાય. આથી જ મહાત્માઓ મનના ચાંચલ્યના પરિહાર અર્થે ઉચિત ભાવોથી આત્માને ભાવિત કરવાનો યત્ન કરે છે. તેમ તે ભાવોમાં વિઘ્નભૂત કાયાની ચંચલતાનો પણ પરિહાર કરવા યત્ન કરે છે. તેથી પોતાની શક્તિ અનુસાર શ્રાવકે સંલીનતામાં ઉચિત યત્ન કરવો જોઈએ. આમ છતાં પ્રમાદને વશ શક્તિ હોવા છતાં દિવસ દરમિયાન ઉચિત યત્ન ન કર્યો હોય અથવા અધિક કાળ સુધી સંલીનતા દ્વારા અંતરંગ યત્ન થઈ શકે તેમ હોય છતાં સંલીનતામાં અલ્પ યત્ન કર્યો હોય તો તેનું સ્મરણ કરીને તે અતિચારની શુદ્ધિ શ્રાવક કરે છે. વળી, આ છ પ્રકારનો બાહ્યતપ છે. તેમ વિચારવાથી તેને સ્મરણમાં થાય છે કે બાહ્યતપ - અભ્યંતર તપ પ્રાપ્તિ દ્વારા જ નિર્જરાનું કારણ છે અને અભ્યંતર તપ ચિત્તની વીતરાગતાને અનુકૂળ કરાયેલી સ્થિરતાથી જ થાય છે. તેથી, વિવેકસંપન્ન શ્રાવક હંમેશાં બાહ્યતપનું અંતરંગ પરિણામ સાથે પ્રતિસંધાન કરીને જ તેને પોષક એવો બાહ્યતપ કરે છે અને તેમાં કોઈ પ્રમાદ થયો હોય તેનું સ્મરણ પ્રસ્તુત ગાથાથી કરે છે અને તેનું આલોચન પ્રતિક્રમણમાં આલોચના સૂત્રથી કરે છે. ॥૬॥

**અવતરણિકા :-**

**૬ પ્રકારના અભ્યંતર તપનું સ્વરૂપ બતાવે છે –**

**સૂત્ર :-**

> **પાયચ્છિત્તં વિણઓ, વેયાવચ્ચં તહેવ સજ્ઝાઓ;**
> **ઝાણં ઉસ્સગ્ગો વિ અ, અબ્ભિંતરઓ તવો હોઈ ॥૭॥**

**સૂત્રાર્થ :-**

**પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, તથા સજ્ઝાય, ધ્યાન અને ઉત્સર્ગ=કાયોત્સર્ગ અભ્યંતર તપ છે. ॥૭॥**

**ભાવાર્થ :-**

શ્રાવક કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારથી અત્યંત ભય પામેલા છે અને સંસારના ઉચ્છેદનો ઉપાય કર્મની નિર્જરા છે તેવું જ્ઞાન છે. તેથી નિર્જરાના અર્થી એવા તેઓ શક્તિ અનુસાર બાહ્યતપ સેવીને

અભ્યંતર તપમાં ઉદ્યમ કરે છે. તેમ, અભ્યંતર તપની પરિણતિને ઉલ્લસિત કરવા અર્થે તેને અનુરૂપ આચરણા સ્વરૂપ છ પ્રકારનાં અભ્યંતર તપો કરે છે.

**(૧) પ્રાયશ્ચિત્ત :-**

કલ્યાણના અર્થી જીવો પોતાની કલ્યાણની પ્રવૃત્તિમાં અપ્રમાદ ભાવથી ઉચિત યત્ન કરે છે. છતાં અનાદિના પ્રમાદના અભ્યાસને કારણે પોતાના જીવનમાં શક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિમાં જે સ્ખલનાઓ થઈ છે તેની શુદ્ધિ અર્થે તેના પ્રત્યે અત્યંત જુગુપ્સા પરિણામ થાય તે રીતે પશ્ચાત્તાપનો પરિણામ ધારણ કરે છે, જે પ્રાયશ્ચિત્તતપ સ્વરૂપ છે અને દિવસ દરમિયાન થયેલી સ્ખલના પ્રત્યે શક્તિ અનુસાર પશ્ચાત્તાપનો પરિણામ ન થયો હોય તો તેનું સ્મરણ પ્રાયશ્ચિત્તરૂપ તપાચાર દ્વારા શ્રાવક કરે છે, જેથી પ્રતિક્રમણની ક્રિયા દરમિયાન તેની શુદ્ધિ થાય.

**(૨) વિનય :-**

વળી, શ્રાવક ગુણો પ્રત્યેના અત્યંત રાગના પરિણામવાળા હોય છે. તેથી તીર્થંકરો, તીર્થંકરના માર્ગમાં ચાલનાર સુસાધુઓ, વિવેકસંપન્ન શ્રાવકો અને શ્રુતજ્ઞાન પ્રત્યે બહુમાન ભાવવાળા હોય છે. તેથી, તે તે ઉચિત પ્રસંગે અત્યંત વિનયપૂર્વક તીર્થંકરાદિની ભક્તિ કરે છે, વિવેકપૂર્વક શ્રુતઅધ્યયન કરે છે. જે વિનયની પ્રવૃત્તિકાળમાં તે તીર્થંકરાદિનું સ્વરૂપ અત્યંત ચિત્તમાં સ્ફુરાયમાન થતું હોવાથી વધતો જતો ગુણના રાગનો પરિણામ તે તે ક્રિયાકાળમાં વર્તે છે. છતાં પ્રમાદવશ શક્તિ અનુસાર ઉચિત વિનય દિવસ દરમિયાન ન કર્યો હોય તો તેનું સ્મરણ કરીને તેના અતિચારની શુદ્ધિ માટે શ્રાવક પ્રતિક્રમણમાં યત્ન કરે છે.

**(૩) વૈયાવચ્ચ :-**

વળી, શ્રાવક શક્તિ અનુસાર દેવ, ગુરુનું અવશ્ય વૈયાવચ્ચ કરે છે અને ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક તેઓના પ્રત્યે બહુમાન ભાવોની વૃદ્ધિ થાય તે રીતે ઉચિત ભક્તિની ક્રિયારૂપ વૈયાવચ્ચ કરે છે. કદાચ શક્તિ અનુસાર બાહ્ય કૃત્યથી વૈયાવચ્ચ કરી હોય છતાં તે બાહ્ય વૈયાવચ્ચ દરમિયાન ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક શક્તિ અનુસાર અંતરંગ યત્ન ન કર્યો હોય તો તે વૈયાવચ્ચના સેવનમાં અતિચાર રૂપ છે અને તેનું સ્મરણ કરીને શ્રાવક તેની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણમાં યત્ન કરે છે.

**(૪) સજ્ઝાય :-**

શ્રાવક શક્તિ અનુસાર ઉચિત સ્વાધ્યાય દ્વારા આત્માને ભાવિત કરીને અભ્યંતર તપમાં યત્ન કરે છે. કદાચ બાહ્યથી શક્તિ અનુસાર સ્વાધ્યાય કર્યો હોય છતાં સ્વાધ્યાય દ્વારા આત્માને તે તે ભાવોથી ભાવિત કરવા માટે અંતરંગ રીતે સંવેગમાં ઉદ્યમ થાય તે રીતે શક્તિ અનુસાર સ્વાધ્યાયમાં યત્ન ન કર્યો હોય તેનું સ્મરણ કરીને તેની શુદ્ધિ અર્થે શ્રાવક પ્રતિક્રમણમાં યત્ન કરે છે.

**(૫) ધ્યાન :-**

વળી, શ્રાવકે કે સમ્યગ્દૃષ્ટિ જીવે સ્વશક્તિ અનુસાર સ્વાધ્યાય કર્યા પછી તે સ્વાધ્યાયથી આત્માને ભાવિત કરવા અર્થે અને આત્માની સંયમને અનુકૂળ દૃઢ શક્તિના સંચય અર્થે એકાંતમાં ધ્યાન કરવું જોઈએ અર્થાત્ ઉચિત સ્થાને બેસીને શાસ્ત્રના પરમાર્થથી આત્માને તે રીતે ભાવિત કરવો જોઈએ કે જેથી યોગમાર્ગની પ્રવૃત્તિમાં દૃઢ વીર્ય ઉલ્લસિત થાય. શ્રાવકે દિવસ દરમિયાન શક્તિ હોવા છતાં તે રીતે ધ્યાનમાં યત્ન ન કર્યો હોય અને કદાચ બાહ્યથી ઉચિત કાળે યત્ન કર્યો હોય છતાં શક્તિ અનુસાર મનને ધ્યાનમાં યોજવા યત્ન ન કર્યો હોય તો તેનું સ્મરણ કરીને પ્રતિક્રમણકાળમાં તેની આલોચના કરે છે, જેથી ઉચિત શક્તિનો ક્ષય ન થાય.

**(૬) કાઉસ્સગ્ગ :-**

વળી, શ્રાવકે શક્તિ અનુસાર ચિત્તને સ્થિર કરવા અર્થે કાયાનો ત્યાગ કરીને કાયોત્સર્ગકાળમાં તીર્થંકરાદિના ગુણોથી કે અન્ય ઉચિત ભાવોથી આત્માને વાસિત કરવો જોઈએ. જેનાથી કાયાની સંલીનતાપૂર્વક આત્માના નિર્મળભાવને પ્રગટ કરવાને અનુકૂળ ઉત્તમ સંસ્કારો આત્મામાં આધાન થાય છે. કલ્યાણના અર્થી એવા શ્રાવકે દિવસ દરમિયાન શક્તિ અનુસાર કાઉસ્સગ્ગમાં યત્ન કર્યો ન હોય અને બાહ્યથી કદાચ યત્ન કર્યો હોય તોપણ શક્તિ અનુસાર દૃઢપ્રણિધાનપૂર્વક યત્ન ન કર્યો હોય તેનું સ્મરણ કરીને તે તેની શુદ્ધિ પ્રતિક્રમણમાં કરે છે.

વળી, જે શ્રાવકે કે સમ્યગ્દૃષ્ટિ જીવે દિવસ દરમિયાન પ્રાયશ્ચિત્ત આદિ અભ્યંતર તપમાં સમ્યગ્ યત્ન કર્યો હોય તે શ્રાવકને પ્રસ્તુત ગાથાથી અભ્યંતર તપનું સ્મરણ કર્યા પછી પોતાના દિવસ દરમિયાન કરાયેલા અપ્રમાદ માટે સંતોષ થાય છે. જેનાથી અભ્યંતર તપવિષયક શક્તિનો પ્રકર્ષ થાય છે. ॥૭॥

**સૂત્ર :-**

**અણિગૂહિઅબલવીરિઓ, પરક્કમઇ જો જહુત્તમાઉત્તો;**
**જુંજઇ અ જહાથામં, નાયવ્વો વીરિયાયારો ॥૮॥**

**સૂત્રાર્થ :-**

**અનિગૂહિત બલ વીર્યવાળો જે પુરુષ જે પ્રમાણે કહેવાયું છે તે પ્રમાણે ઉપયુક્ત=જ્ઞાનાચારાદિ આચારોમાં ઉપયુક્ત પરાક્રમ કરે છે અને જહાથામં=યથાશક્તિ=લક્ષ તરફ જવા માટેની પોતાની શક્તિને યોજે છે તે વીર્યાચાર જાણવો. ॥૮॥**

**ભાવાર્થ :-**

અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરતિધર શ્રાવક કે સમ્યક્ત્વને સન્મુખ થયેલા જીવો જિનવચનના ઉદ્દેશને પામીને મોક્ષના ઉપાયભૂત સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર અને સમ્યક્તપ પ્રતિદિન શક્તિ અનુસાર અવશ્ય સેવે છે; કેમ કે મોક્ષના અર્થી જીવો માટે મોક્ષના ઉપાયભૂત આ ચાર આચારો જ કર્મનિર્જરાની

પ્રાપ્તિ દ્વારા સદ્ગતિઓની પરંપરાનું કારણ બને છે અને અંતે મોક્ષનું કારણ બને છે. તેથી દિવસ દરમિયાન તે ચાર આચારોમાં પોતાની શરીરની શક્તિ અને વીર્યની શક્તિ ગોપવ્યા વગર શાસ્ત્રાનુસારી ઉપયુક્ત થઈને તેઓ પરાક્રમ કરે છે. જેથી પ્રાપ્ત થયેલું શરીરબળ પણ અંતરંગ મોક્ષને અનુકૂળ વીર્યને ઉલ્લસિત કરીને કલ્યાણનું કારણ બને. આમ છતાં દિવસ દરમિયાન તે ચાર આચારોમાં પોતે શરીરબળ યથાશક્તિ પ્રવર્તાવ્યું ન હોય અને અંતરંગ વીર્ય તે તે ક્રિયા દ્વારા અપેક્ષિત એવા તે તે આચારોના ભાવોમાં સમ્યગ્ પ્રવર્તાવ્યું ન હોય તેનું સ્મરણ પ્રસ્તુત ગાથાથી કરે છે. જેથી, પ્રાપ્ત થયેલું શરીરબળ અને વીર્ય મોક્ષમાર્ગની સાધનામાં પ્રમાદવશ નિષ્ફળ ગયું હોય તો તેની શુદ્ધિ કરીને વિશેષ પ્રકારના સદ્વીર્યને ઉલ્લસિત કરવા મહાત્મા યત્ન કરે છે. જોકે જ્ઞાનાચારાદિ અતિચારોમાં સામાન્યથી તે પ્રમાદનું સ્મરણ શ્રાવક કરે છે છતાં વીર્યાચારને પૃથક્ બતાવીને પોતાનું સદ્વીર્ય પ્રમાદવશ નિષ્ફળ ન જાય તેથી પ્રસ્તુત ગાથાથી વીર્યાચારનું સ્મરણ કરીને તેના અતિચારોનું આલોચન કરાય છે. જેની શુદ્ધિ ઉત્તરમાં આલોચનાની ક્રિયાથી શ્રાવક કરે છે. ॥૮॥ ॥૨૯॥

❖

## ૩૦. શ્રી સુગુરુ-વંદન સૂત્ર

સૂત્ર :-

**ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ અણુજાણહ, મે મિઉગ્ગહં નિસીહિ, અહોકાયં, કાયસંફાસં, ખમણિજ્જો ભે કિલામો, અપ્પકિલંતાણં બહુસુભેણ ભે ! દિવસો વઇક્કંતો ? જત્તા ભે ! જવણિજ્જં ચ ભે ! ખામેમિ ખમાસમણો ! દેવસિઅં વઇક્કમ્મં ? આવસ્સિયાએ, પડિક્કમામિ ખમાસમણાણં દેવસિયાએ આસાયણાએ, તિત્તીસન્નયરાએ, જંકિંચિ મિચ્છાએ મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ, કોહાએ માણાએ માયાએ લોભાએ, સવ્વકાલિયાએ સવ્વમિચ્છોવયારાએ, સવ્વધમ્માઇક્કમણાએ, આસાયણાએ જો મે અઇયારો કઓ, તસ્સ ખમાસમણો ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ ॥૧॥**

સૂત્રાર્થ :-

**હે ક્ષમાશ્રમણ ! યાપનિકાથી=વંદનની સમ્યગ્ પ્રાપ્તિના કારણ એવા ઉપશમથી, મન, વચન, કાયાની ગુપ્તિરૂપ નૈષેધિકીથી વંદન કરવા માટે હું ઈચ્છું છું. મને મિતાવગ્રહની=સાડા ત્રણ હાથ પ્રમાણ ક્ષેત્રમાં પ્રવેશવાની, અનુજ્ઞા આપો.**

આ રીતે યાચના કર્યા પછી નિસીહિ કહીને વંદન કરનાર અવગ્રહમાં પ્રવેશ કરે છે.

**અધોકાયને=ગુરુની અધોકાયાને, મારી કાયા વડે કરાયેલ સ્પર્શરૂપ કલમ=ખેદ, તમારા વડે**

**ક્ષમા કરવા યોગ્ય છે. બહુશુભથી અલ્પ ક્લાન્તવાળા એવા તમારો દિવસ વ્યતિક્રાંત થયો ? તમારી યાત્રા વર્તે છે ? અને તમારું યાપનીય=સંવર ભાવનું ચિત્ત વર્તે છે ? હે ક્ષમાશ્રમણ હું દૈવસિક વ્યતિક્રમની=અપરાધની, ક્ષમા યાચું છું. ક્ષમાશ્રમણોની દૈવસિક આશાતનાથી થયેલ વ્યતિક્રમનું 'આવશ્યકી'થી હું પ્રતિક્રમણ કરું છું.**

તે આશાતના કઈ છે ? તેથી કહે છે –

**૩૩ આશાતનાથી અન્યતર આશાતના છે. તે આશાતનાથી દિવસ સંબંધી વ્યતિક્રમનું પ્રતિક્રમણ કરું છું એમ અન્વય છે. જે કંઈ મિથ્યાપણાથી, મનોદુષ્કૃતપણાથી, વચનદુષ્કૃતપણાથી, કાયદુષ્કૃત-પણાથી, ક્રોધથી, માનથી, માયાથી, લોભથી સર્વકાલિકી=સર્વ કાલ સંબંધી, એવી આશાતનાથી સર્વ મિથ્યા ઉપચાર આશાતનાથી, સર્વ ધર્મના અતિક્રમણરૂપ=ઉલ્લંઘનરૂપ, આશાતનાથી જે મારા વડે અતિચાર કરાયો તેનું હે ક્ષમાશ્રમણ ! હું પ્રતિક્રમણ કરું છું, નિંદા કરું છું, ગર્હા કરું છું અને આત્માનો ત્યાગ કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

વંદન કરનાર મહાત્મા ભાવાચાર્યને સંબોધીને કહે છે હે ક્ષમાશ્રમણ=ક્ષમાપ્રધાન, ૧૦ યતિધર્મને ધારણ કરનારા, હું તમને વંદન કરવા માટે ઇચ્છું છું.

કઈ રીતે વંદન કરવા ઇચ્છું છું ? તેથી કહે છે –

યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવા ઇચ્છું છું.

આશય એ છે કે વંદનકાળમાં મન, વચન અને કાયાની પૂર્ણ શક્તિ ગુણ અભિમુખ વ્યાપારવાળી થાય તે પ્રકારની વંદનની ક્રિયા યાપનિકાથી થાય છે અને મન, વચન અને કાયાના યોગો બાહ્યપદાર્થમાં સંશ્લેષ પામે ત્યારે પ્રાણાતિપાત આદિની પરિણતિથી થાય છે અને તે પરિણતિના નિષેધપૂર્વક હું વંદન કરવા ઇચ્છું છું અર્થાત્ બાહ્યપદાર્થો સાથે મન, વચન અને કાયાનો યોગ સંશ્લેષ ન થાય અને મારી જે કાંઈ શક્તિ છે તે પૂર્ણ શક્તિથી ગુણને અભિમુખ યત્ન થાય તે રીતે હું વંદન કરવા ઇચ્છું છું. જેથી તે વંદનની ક્રિયા ગુણવાન એવા ગુરુના ગુણોને અભિમુખ જઈને ગુણપ્રાપ્તિનું કારણ બને. અહીંયાં આટલું કહ્યા પછી ગુરુ વ્યાક્ષેપાદિ યુક્ત હોય તો 'त्रिविधेन' એ પ્રમાણે કહે છે અર્થાત્ સંક્ષેપથી વંદન કર, એ પ્રમાણે કહે છે. તેથી શિષ્ય સંક્ષેપ વંદન કરે છે અને જો ગુરુ વ્યાક્ષેપાદિ રહિત હોય તો 'छंदसा' એ પ્રમાણે કહે અર્થાત્ ઇચ્છા પ્રમાણે કર, એમ કહે છે. ત્યાર પછી શિષ્ય ત્યાં રહેલો કહે છે મને અનુજ્ઞા આપો.

શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

મિત એવો જે અવગ્રહ છે તેમાં પ્રવેશવાની અનુજ્ઞા આપો.

આશય એ છે કે યાપનિકાથી અને નૈષેધિકીથી વંદન કરવાની અભિલાષા વ્યક્ત કરી. ત્યાર પછી ગુરુ અન્ય કોઈ ઉચિત પ્રવૃત્તિમાં વ્યાપારવાળા હોય તો શિષ્યના વંદનના ઉચિત ઉત્તરો આપીને તેના ભાવની પ્રવૃદ્ધિમાં યત્નવાળા થઈ શકે નહીં અને અન્ય કૃત્યને છોડીને તેના વંદન વ્યાપાર સાથે ઉપયુક્તવાળા થાય

તો તે અન્ય ઉચિત કૃત્ય સીદાય તેમ હોય. તેથી તે વખતે વંદન કરવા માટે અનુજ્ઞા આપવાને બદલે તેને કહે છે કે સંક્ષેપથી તું ત્રિવિધથી વંદન કર. જેથી શિષ્યનો અભિલાષ થયો છે તે નિષ્ફળ પણ ન જાય અને અન્ય કૃત્યમાં પણ વિઘ્ન ન થાય. સંક્ષેપથી વંદન એ છે કે મન વચન કાયા રૂપ ત્રિવિધથી હું વંદન કરું છું. એ પ્રમાણે સંક્ષેપથી વંદન કરવાની ગુરુએ અનુજ્ઞા આપી છે તેથી શિષ્ય પણ તે પ્રમાણે જ સંક્ષેપથી વંદન કરે છે. જો ગુરુ વ્યાક્ષેપાદિ વિકલ હોય તો 'छंदसा' કહીને કહે છે કે ઇચ્છાથી તું વંદન કર. અર્થાત્ હું કહું છું માટે નહીં, પરંતુ ગુણવૃદ્ધિની તને જે ઇચ્છા થઈ છે તે ઇચ્છાથી તું વંદન કર. જેથી તે વંદન ક્રિયા દ્વારા તું ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરે.

ત્યાર પછી વંદન કરનાર શિષ્ય ત્યાં જ રહેલો જ ગુરુને કહે છે કે મને તમારા મિતાવગ્રહમાં પ્રવેશવાની અનુજ્ઞા આપો.

તેથી એ પ્રાપ્ત થાય કે આચાર્યનો પોતાના દેહ પ્રમાણ ચારેય દિશામાં અવગ્રહ છે. ત્યાં ગુરુની અનુજ્ઞા વગર પ્રવેશ કરવો શિષ્યને કલ્પતું નથી; કેમ કે ત્યાં પ્રવેશવાથી ગુરુની આશાતના થાય છે. તેથી વિશેષ પ્રયોજન વખતે ગુરુની અનુજ્ઞા લઈને શિષ્ય તેમના અવગ્રહમાં પ્રવેશ કરે છે અને ગુરુ જ્યારે અણુજાણામિ કહે છે, ત્યારે તેને સાંભળીને ત્યાર પછી શિષ્ય નૈષેધિકીથી પ્રવેશ કરે છે. અહીં સૂત્રમાં અણુજાણામિ શબ્દ નથી, પરંતુ મિતાવગ્રહની અનુજ્ઞા માંગ્યા પછી ભાવાચાર્યએ મને અનુજ્ઞા આપી છે એ પ્રમાણે સ્મરણ કરાય છે અને તેઓની અનુજ્ઞાપૂર્વક નિસીહિ કહીને શિષ્ય અવગ્રહમાં પ્રવેશ કરે છે.

ત્યાર પછી નૈષેધિકીથી ગુરુના અવગ્રહમાં પ્રવેશ કરીને શિષ્ય ગુરુના પગની પાસે બેસીને તેમના ચરણને અને પોતાના લલાટને હાથ દ્વારા સ્પર્શ કરતો=રજોહરણમાં ગુરુના ચરણની સ્થાપના કરીને તેને અને પોતાના લલાટને હાથ દ્વારા સ્પર્શ કરતો, આ પ્રમાણે બોલે છે –

નીચેની કાય તે પાદરૂપ ગુરુની અધઃકાય તેના પ્રત્યે પોતાના દેહ વડે સંસ્પર્શને હું કરું છું અને મારાથી આપની કાયાને જે સ્પર્શ કરાયો તેનાથી થયેલ દેહના ગ્લાનિરૂપ ક્લેશ તમારા વડે સહ્ય છે=ક્ષમા કરવા યોગ્ય છે અને અલ્પ ક્લમવાળા=થાકવાળા, એવા તમારો બહુ સુખપૂર્વક દિવસ પસાર થયો છે ?

ત્યારે ગુરુ કહે છે – તથા=જે પ્રમાણે તું પૂછે છે તે પ્રમાણે છે.

ફરી શિષ્ય પૂછે છે – તપોવિનયરૂપ તમારી યાત્રા=ક્ષાયોપશમિક ભાવરૂપ સંયમયાત્રા તમારી બરાબર વર્તે છે ?

ત્યારે ગુરુ કહે છે – તને પણ વર્તે છે ? અર્થાત્ મારા ક્ષયોપશમભાવ રૂપ સંયમની યાત્રા સારી રીતે મને અવશ્ય વર્તે છે, પરંતુ તારી પણ સંયમયાત્રા સારી રીતે વર્તે છે ?

ફરી શિષ્ય કહે છે – તમારું ઇન્દ્રિય-નોઇન્દ્રિયના ઉપશમાદિ પ્રકારથી યાપનીય શરીર વર્તે છે ?

ત્યારે ગુરુ કહે છે 'एवम्'=આમ છે=યાપનીય વર્તે છે.

ફરી શિષ્ય કહે છે – દિવસ સંબંધી જે અપરાધ મેં કર્યો હોય તેની ક્ષમાશ્રમણ પાસેથી હું ક્ષમા યાચું છું.

તે વખતે ગુરુ કહે છે – હું પણ દિવસ સંબંધી પ્રમાદથી થયેલ અપરાધની ક્ષમા યાચું છું.

આશય એ છે કે ગુરુ પાસે શિષ્ય નૈષેધિકી અને યાપનિકાપૂર્વક વંદનની અનુજ્ઞા માંગે છે તે વખતે તે શબ્દોના બળથી તે શબ્દ વાચ્ય અર્થનું સ્મરણ કરીને યાપનિકા દ્વારા પોતાની પૂર્ણ શક્તિને ઉલ્લસિત કરવા યત્ન કરે છે અર્થાત્ ગુણવાન ગુરુને વંદન કરીને શક્તિના પ્રકર્ષથી હું તે વંદનના ફળને પ્રાપ્ત કરું તે રીતે અભિમુખ થાય છે. નૈષેધિકીના શબ્દો દ્વારા મન, વચન, કાયાના વ્યાપારો ગુરુના ગુણના સ્મરણથી અન્યત્ર જતા અવરોધ કરે છે અને ગુરુએ વંદન કરવાની 'छंदसा' શબ્દથી અનુજ્ઞા આપી, ત્યારે ઉચિત વિવેકપૂર્વક તેમના અવગ્રહપ્રવેશ અર્થે અનુજ્ઞા લઈને પ્રવેશ કરે છે. જેથી અવગ્રહપ્રવેશ વખતે પણ ઉચિત વિનય કરેલ હોવાથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, અવગ્રહમાં પ્રવેશ કરીને ગુરુના ચરણ પાસે પોતે બેઠેલ છે તે પ્રકારે ઉપસ્થિતિ થવાથી ભાવાચાર્યની છાયા નીચે પોતે બેસીને તેમના ચરણને સ્પર્શ કરે છે તેવો પરિણામ ઉલ્લસિત થાય છે. જેથી રજોહરણ અને લલાટને "અહો કાયં"થી સ્પર્શ કરે છે, ત્યારે ભાવાચાર્યના સાક્ષાત્ ચરણને પોતે સ્પર્શ કરતો હોય તેવો ભક્તિનો પરિણામ ઉલ્લસિત થાય છે. જેનાથી મહાનિર્જરા થાય છે.

ગુરુના ચરણને સ્પર્શ કરીને ઉચિત વિનય અર્થે કહે છે કે તમારી અધોકાયને હું સ્પર્શ કરું છું અને તમારા ચરણને જે મેં સ્પર્શ કર્યો છે, તેનાથી તમારા દેહની જે ગ્લાનિરૂપ પીડા છે તેની તમોએ મને ક્ષમા આપવી જોઈએ; કેમ કે તમારા દેહને સ્પર્શીને મારા ભાવની વૃદ્ધિ અર્થે મેં આ શ્રમ કર્યો છે. જેનાથી તમને જે ક્લેશ થયો હોય તે તમે મારા ઉપકાર અર્થે સહન કરો. આ પ્રકારે ઉચિત વિનય કરવાથી ગુરુને પીડા કરવામાં પોતે નિમિત્ત થવા છતાં પોતાના શુભભાવની વૃદ્ધિ અર્થે તેઓને પ્રાર્થના કરીને પોતાનો શુભભાવ અતિશય કરે છે.

વળી, કહે છે કે અલ્પ ખેદવાળા એવા તમારો બહુ સુખપૂર્વક દિવસ પસાર થયો ? આ પ્રકારે કહેવાથી શિષ્યને ઉપસ્થિત થાય છે કે સંસારી જીવો સતત મોહથી ક્લાન્ત છે અને ભાવાચાર્ય મોહનાશ કરવા માટે અસ્ખલિત ઉપયોગવાળા છે, તેથી તેમનો ખેદ નષ્ટપ્રાયઃ છે; કેમ કે જીવને ખેદ કરનાર મોહ છે. આવા ભાવાચાર્ય મોહનાશ માટે દૃઢ ઉદ્યમ કરીને બહુ સારી રીતે દિવસ પસાર કરે છે અને બહુ સારી રીતે તેઓનો દિવસ પસાર થયો છે એ પ્રકારની પૃચ્છા કરવાથી ગુરુના તે ભાવ પ્રત્યે શિષ્યને અત્યંત આદર થાય છે અને તેવો દિવસ ગુરુનો પસાર થયો છે તેવી સંભાવનાથી અત્યંત હર્ષિત થાય છે, જે હર્ષ ગુરુના મોહનાશને અનુકૂળ પરાક્રમ આશ્રયીને હોવાથી તે ભાવ પ્રત્યે શિષ્યનું પણ વીર્ય અત્યંત ઉલ્લસિત થાય છે. ત્યાર પછી ગુરુ કહે છે કે જે પ્રમાણે તેં પૃચ્છા કરી છે તે પ્રમાણે જ મારો દિવસ પસાર થયો છે. તેથી ગુરુનો મોહનાશને અનુકૂળ દિવસ પસાર થયો છે. તે સાંભળીને શિષ્યને ગુરુ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે; જેનાથી શિષ્યના મોહનાશને અનુકૂળ દૃઢ ઉદ્યમ કરવાના બલનું આધાન થાય છે. ગુરુ તેના ઉત્તર રૂપે તેને કહે છે કે તારો પણ દિવસ તે રીતે પસાર થયો છે ? તે સાંભળીને તેને હર્ષ થાય છે કે હું પણ મારી શક્તિ અનુસાર ગુરુની જેમ મોહનાશ માટે ઉદ્યમ કરું એવા અભિલાષથી ગુરુ મને પૃચ્છા કરે છે કે તારો પણ દિવસ આ રીતે શુભ પસાર થયો છે ?

વળી, શિષ્ય પૂછે છે કે તમારી ક્ષયોપશમભાવરૂપ તપનિયમની યાત્રા સારી રીતે વર્તે છે ?

ત્યારે ગુરુ શિષ્યને કહે છે – તારી પણ ક્ષયોપશમભાવની તપનિયમની યાત્રા સારી રીતે વર્તે છે ? મારી તો અવશ્ય વર્તે છે. આ પ્રકારે સાંભળીને ઉત્સાહિત થયેલ શિષ્યને ગુરુની વૃદ્ધિ પામતી તપયાત્રા પ્રત્યે આદરનો અતિશય થાય છે. ગુરુ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે અને ગુરુ પણ મારા તપનિયમની યાત્રાની ચિંતા રાખે છે, તેથી હર્ષ થાય છે કે આ ગુરુના અનુશાસનથી હું અવશ્ય ક્ષયોપશમભાવની તપયાત્રાની વૃદ્ધિ કરીને ક્ષાયિક ભાવની તપયાત્રાને હું પ્રાપ્ત કરીશ.

ત્યાર પછી ફરી શિષ્ય પૂછે છે તમારું યાપનીય ચિત્ત વર્તે છે ?=મન અને ઇન્દ્રિય ઉપશમાદિભાવથી પ્રવર્તે તે પ્રકારે તમારું શરીર પ્રવર્તે છે ?

ત્યારે ગુરુ કહે છે – એમ જ છે=યાપનીય વર્તે છે. તે સાંભળીને શિષ્યને હર્ષ થાય છે કે ગુરુની પાંચે ઇન્દ્રિયો અને મન મોહના ઉન્મૂલન માટે દૃઢ પ્રવર્તી રહ્યાં છે. તેથી ગુરુ કહે છે કે યાપનીય વર્તે છે, તેવા ગુરુને પ્રાપ્ત કરીને તેનો ઉત્સાહ અતિશયિત થાય છે.

ફરી શિષ્ય કહે છે કે દિવસ સંબંધી મારો જે અપરાધ હોય તે તમારા વડે ક્ષમા કરવો જોઈએ અર્થાત્ જે આપે મને મારા કલ્યાણ અર્થે ઉચિત કૃત્યો કરવાનાં કહ્યાં હોય અને તે કૃત્યો તમે બતાવેલ વિધિ અનુસાર મેં ન કર્યાં હોય તે અપરાધની તમારે મને ક્ષમા કરવી જોઈએ. આ પ્રકારે ગુરુને કહીને પોતાના તે પ્રમાદ પ્રત્યે શિષ્ય જુગુપ્સા કરે છે અને ગુરુના અનુશાસનને નિષ્ઠાથી વહન કરવા અર્થે બળનો સંચય કરે છે.

શિષ્યના આ પ્રકારના પ્રશ્નમાં ગુરુ કહે છે – પ્રમાદથી થયેલો દિવસનો વ્યતિક્રમ હું પણ ખમાવું છું અર્થાત્ તારી ઉચિત હિતચિંતામાં અનાભોગથી પણ મારાથી કોઈ પ્રમાદ થયો હોય જેનાથી તારું હિત સીદાયું હોય તે અપરાધની હું ક્ષમાયાચના કરું છું. જે સાંભળીને શિષ્યને અત્યંત પ્રમોદ થાય છે કે ગુરુ મારી હિતચિંતા સતત કરે છે અને અનાભોગથી પણ મારી હિતની ઉપેક્ષા ન થઈ હોય એ અર્થે તેવા અલ્પ પણ થયેલા પ્રમાદની ક્ષમાયાચના કરે છે.

ત્યાર પછી શિષ્ય પ્રણામ કરીને આ પ્રમાણે ક્ષમા માંગીને આલોચના યોગ્ય અને પ્રતિક્રમણ યોગ્ય એવા પ્રાયશ્ચિત્તથી આત્માને શુદ્ધ કરવા અર્થે ઊભો થાય છે અને 'આવશ્યકી' બોલીને અવગ્રહથી બહાર નીકળીને શેષ દંડક સૂત્ર બોલે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ગુરુ પાસે અપરાધની યાચના કર્યા પછી શિષ્ય દિવસ દરમિયાન પ્રમાદને વશ ગુરુએ પોતાના હિત માટે જે કૃત્ય કહ્યું હોય તે કૃત્ય તે પ્રકારે સમ્યગ્ ઉપયોગપૂર્વક ન કર્યું હોય અને તેમાં થયેલા પ્રમાદને કારણે (૧) આલોચના અને (૨) પ્રતિક્રમણ એમ બે પ્રકારના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તે બંને પ્રાયશ્ચિત્તને પ્રસ્તુત સૂત્રના આગળના કથનથી કરતો આત્માને શુદ્ધ કરવા માટે તત્પર થયેલો શિષ્ય કાયાથી ઊભો થાય છે. કાયાથી ઊભા થવા દ્વારા મનથી પ્રાયશ્ચિત્તને અભિમુખ ભાવવાળો થાય છે અને તે પરિણામ કરવા અર્થે "દેવસિઅં વઇક્કમં" બોલીને વંદન કરનારા સાધુઓ કે શ્રાવકો ઊભા થાય છે અને આવશ્યકી કહીને પોતાને જે આલોચનને યોગ્ય કે પ્રતિક્રમણને યોગ્ય પાપ થયાં છે જેની શુદ્ધિ કરવી

અવશ્ય છે તે અવશ્ય કર્તવ્ય માટે પોતે અવગ્રહથી બહાર નીકળે છે અને મનથી ઉપસ્થિત કરે છે કે ગુરુએ દિવસ દરમિયાન જે જે કૃત્ય જે જે રીતે જે જે ભાવોથી કરવાનાં કહ્યાં હતાં તે તે ભાવોમાં મેં જે સ્ખલના કરી છે તે સ્ખલનાની જે શુદ્ધિ આલોચનાથી અને પ્રતિક્રમણથી થઈ શકે તેમ છે તે કરવા માટે હું ઉત્થિત થયો છું. તે આવશ્યકી ક્રિયા દ્વારા તે સ્ખલનાઓનું નિવર્તન કરવા માટે અવગ્રહમાંથી બહાર નીકળું છું અને તે આવશ્યકીના સેવનથી તે પાપથી હું પાછો ફરું છું; કેમ કે અવશ્ય કર્તવ્ય તે આવશ્યકી છે અને તે અવશ્ય કર્તવ્ય ચરણકરણાનુયોગસ્વરૂપ છે. તેનાથી વિપરીતે જે કૃત્ય મારાથી થયું છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. તેથી 'આવશ્યકી' બોલવા દ્વારા વંદન કરનાર શિષ્યનું ચિત્ત અવશ્ય કર્તવ્ય એવા ચરણયોગમાં દૃઢ ઉપયોગવાળું થાય છે. જેનાથી આલોચના યોગ્ય અને પ્રતિક્રમણ યોગ્ય એવા પાપની શુદ્ધિ થાય છે. આ રીતે સામાન્યથી પાપની શુદ્ધિ કરીને વિશેષથી પાપની શુદ્ધિ અર્થે કહે છે. અર્થાત્ આવશ્યકી પ્રયોગ સાથે જ શ્રાવકને દિવસ દરમિયાન જે પોતાના આચારોમાં સ્ખલના થઈ છે તેનાથી વિરુદ્ધ એવા ચારિત્રના ભાવોમાં જવા માટેનો યત્ન ઉલ્લસિત થાય છે. તેથી તે આવશ્યકી પ્રયોગ દ્વારા ઉલ્લસિત થયેલા વીર્યના બળથી એ પાપની શુદ્ધિ થાય છે. આમ છતાં તે સામાન્ય કથનથી કોઈ પ્રકારની શુદ્ધિ ન થઈ હોય તો વિશેષ કથન દ્વારા શુદ્ધિ કરવા અર્થે કહે છે –

ક્ષમાશ્રમણ સંબંધી દિવસની જે જ્ઞાનાદિની તેત્રીશ આશાતના મારા વડે કરાઈ હોય તેનાથી હું પ્રતિક્રમણ કરું છું. આ પ્રકારે બોલીને વિવેકસંપન્ન સાધુ કે શ્રાવક વિચારે છે કે ગુણસંપન્ન એવા ભાવાચાર્યે મને જે ઉચિત કૃત્યો કરવાનાં કહ્યાં છે એ કૃત્યોમાં મેં કોઈ પ્રકારનો ઉચિત વિનય ન કર્યો હોય તેનાથી જ્ઞાનાદિની કોઈ આશાતના થઈ હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. એમ કહીને ગુણવાન પ્રત્યે ભક્તિને ઉલ્લસિત કરીને તે આશાતનાના પાપની નિવૃત્તિ કરે છે.

તે તેત્રીશ આશાતના મૂળ ચાર આશાતનામાં અંતર્ભાવ પામે છે : દ્રવ્યઆશાતના, ક્ષેત્રઆશાતના, કાળઆશાતના અને ભાવઆશાતના.

**દ્રવ્યઆશાતના :-** સાધુને આશ્રયીને દ્રવ્યઆશાતના રાત્નિકની સાથે વાપરતાં મનોજ્ઞ પોતે ગ્રહણ કરે અને શેષ તેમને આપે તેથી તે રાત્નિકમાં વર્તતા જ્ઞાનાદિની આશાતના થાય છે. તે રીતે ઉપધિ, સંથારો આદિ સર્વ વસ્તુ સુંદર પોતે ગ્રહણ કરે અને શેષ તેમને આપે તો તે રાત્નિકના ગુણોની આશાતના થાય છે.

**ક્ષેત્રઆશાતના :-** સાધુને આશ્રયીને રાત્નિક સાથે ચાલે કે એનાથી આગળ ચાલે તો ગુણવાન પ્રત્યે બહુમાનનો અભાવ થવાથી આશાતના પ્રાપ્ત થાય.

**કાળઆશાતના :-** રાત્રે કે અન્યકાળમાં રાત્નિક કોઈ પ્રવૃત્તિ કરવા ઊઠે ત્યારે બોલાવે તો મૌન લે, પરંતુ પોતે સાંભળ્યું નથી તેમ ઉપેક્ષા કરે તો ગુણવાનની આશાતના થાય છે.

**ભાવઆશાતના :-** રાત્નિક સાથે તુચ્છકારથી બોલવાથી ભાવઆશાતના થાય છે. આ આશાતનામાં સર્વ આશાતનાઓનો અંતર્ભાવ થાય છે. જેથી ગુણવાન એવા ભાવાચાર્યો જે સારણાદિ કરે છે તે સર્વ કૃત્યો પણ મનસ્વી રીતે કરીને તેઓની જે કોઈ આશાતના પોતે કરી હોય તેનું સ્મરણ કરીને તે આશાતનાની શુદ્ધિ પ્રસ્તુત વચનથી સાધુ કરે છે.

કઈ રીતે તે ૩૩ આશાતનાઓ થઈ છે ? તેથી કહે છે –

જે કોઈ મિથ્યા એવા મનદુષ્કૃત વડે, વચનદુષ્કૃત વડે કે કાયદુષ્કૃત વડે મેં તે આશાતના કરી હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. તેથી દિવસ દરમિયાન ભાવાચાર્યને પરતંત્ર થવાથી ઉચિત ક્રિયામાં જે કોઈ મન, વચન, કાયાથી દુષ્કૃત કર્યું હોય તેના પ્રત્યે જુગુપ્સા થાય છે.

વળી, તે મન, વચન કાયાનું દુષ્કૃત શેને વશ થયું છે ? તેથી કહે છે –

ક્રોધથી, માનથી, માયાથી કે લોભથી જે કોઈ આશાતના થઈ હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું.

તેથી એ પ્રાપ્ત થાય કે ચાર કષાયમાંથી કોઈ કષાયના ઉપયોગને કારણે જ મિથ્યા એવા મનોદુષ્કૃત આદિ ત્રણ દુષ્કૃતની પ્રાપ્તિ થાય છે. જ્યારે જીવ ગુણવાનના ગુણોના પક્ષપાતવાળો છે ત્યારે ગુણવાન એવા ભાવાચાર્ય પ્રત્યે રાગના કારણે કષાયો ક્ષયોપશમભાવમાં વર્તે છે, જેનાથી ગુણની વૃદ્ધિ થાય છે, પરંતુ ગુણવાન એવા ગુરુની કોઈ આશાતના થતી નથી. છતાં અનાદિ મોહવાસિત જીવ કોઈક નિમિત્તથી કોઈક કષાયોમાં ઉપયોગવાળો હોય ત્યારે તે કષાયોને વશ મનદુષ્કૃત આદિ ત્રણ દુષ્કૃતો દ્વારા ભાવાચાર્યની આજ્ઞાનું ઉલ્લઘંન કરીને આશાતના કરે છે.

વળી, શ્રાવક પણ ગુણવાન એવા ભાવાચાર્યને પરતંત્ર થઈને સતત ભાવાચાર્યની આજ્ઞાનું સ્મરણ કરીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરતા હોય તો કોઈ આશાતનાની પ્રાપ્તિ થાય નહીં, પરંતુ કષાયને વશ ભાવાચાર્યની આજ્ઞાથી અન્યથા પ્રકારે મન, વચન, કાયાને પ્રવર્તાવે ત્યારે આશાતનાની પ્રાપ્તિ થાય છે. તે આશાતનાનું સ્મરણ કરીને તેની શુદ્ધિ પ્રસ્તુત વચનોથી શ્રાવક કે સાધુ કરે છે.

આ સર્વ આશાતના દિવસ સંબંધી કહેવાયી. આ ભવની કે અન્ય ભવની, અતીતકાળની કે અનાગતકાળની આશાતનાનો સંગ્રહ કરીને તેની નિવૃત્તિ અર્થે કહે છે –

સર્વ કાલિકી આશાતનાથી હું પ્રતિક્રમણ કરું છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભૂતકાળના પૂર્વભવોમાં પણ ભાવાચાર્યની આજ્ઞાનું મેં ઉલ્લઘંન કરીને કોઈ આશાતના કરી હોય, વળી આ ભવમાં પણ પૂર્વમાં મેં આશાતના કરી હોય કે ભવિષ્યમાં આ ભવમાં મારાથી કોઈ આશાતના થાય એમ હોય અને ભવિષ્યકાળના મારા થનારા ભવોમાં મારાથી એવી કોઈ આશાતના થવાની સંભાવના હોય તે સર્વ આશાતના પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે કે સર્વકાલિકી આશાતનાનું હું પ્રતિક્રમણ કરું છું. આ પ્રકારે અધ્યવસાય કરવાથી ત્રણેય કાળમાં ભાવાચાર્યને પોતે પરતંત્ર રહે તેવો દૃઢપ્રણિધાન ઉલ્લસિત કરવાની શક્તિનો સંચય થાય છે.

સર્વ મિથ્યા ઉપચારિકી આશાતનાનું હું પ્રતિક્રમણ કરું છું=ભાવાચાર્યની આજ્ઞાપાલનમાં જે માયાપૂર્વક ક્રિયા કરી હોય તે રૂપ મિથ્યા ઉપચારવાળી આશાતનાનું હું પ્રતિક્રમણ કરું છું.

આ પ્રકારે ભાવન કરવાથી શ્રાવકને પોતાની ભૂમિકાનુસાર ભાવાચાર્યની સુવિશુદ્ધ અંતરંગ આજ્ઞામાં

ઉદ્યમપૂર્વક શક્તિ અનુસાર બહિરંગ ઉચિત કૃત્ય કરવાની શક્તિ પ્રત્યે રાગ થાય છે અને તેમાં જે કોઈ સ્ખલના કરી હોય તેની નિંદાનો પરિણામ થાય છે.

વળી, શ્રાવક કે સાધુ કહે છે કે સર્વ ધર્મ અતિક્રમ વિષયક જે મેં આશાતના કરી હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું અર્થાત્ સાધુ હોય તો અષ્ટપ્રવચનમાતામાંથી કોઈ પણ ધર્મનું અતિક્રમણ કરેલું હોય તો તે ભાવાચાર્યની આશાતનારૂપ છે, અને શ્રાવક હોય તો ભાવસાધુને અનુકૂળ શક્તિસંચય થાય તે રીતે સતત સમ્યક્ત્વના સ્થિરીકરણપૂર્વક દેશવિરતિનું પાલન કરે તે સર્વ ધર્મનું સેવન છે, અને તેમાં જે અતિક્રમણ કર્યું તે ભાવાચાર્યની આશાતના છે તેનું હું પ્રતિક્રમણ કરું છું. અર્થાત્ ભાવાચાર્યની સર્વ આજ્ઞા સ્વશક્તિ અનુસાર ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકને અનુકૂળ ઉદ્યમ કરવાની છે અને તેમાં જે અતિક્રમ કર્યો હોય તે તેમની આશાતના છે. આ સર્વ આશાતનાથી જે મેં અતિચાર કર્યો છે હે ક્ષમાશ્રમણ ! તે અતિચારનું હું પ્રતિક્રમણ કરું છું. તે પ્રકારે કહીને તે સ્મરણ કરાયેલી સર્વ આશાતનાથી ચિત્ત નિવર્તન પામે તેવો અંતરંગ ઉદ્યમ મહાત્મા કરે છે અને પૂર્વમાં જે આશાતના કરી છે તે સર્વ પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે કે તે આશાતનાની નિંદા કરું છું, ગર્હા કરું છું અને દુષ્કૃતકારી એવા મારા આત્માનો ત્યાગ કરું છું. આ પ્રકારના દૃઢપ્રણિધાનપૂર્વક કરાયેલા પરિણામથી તે દુષ્કૃતવાળા આત્મા પ્રત્યે જુગુપ્સાનો પરિણામ થાય છે અને તેવા દુષ્કૃત રહિત એવા આત્માને અને ભાવાચાર્યને પરતંત્ર થાય એવા આત્માને નિષ્પન્ન કરવાનો યત્ન થાય છે; કેમ કે દુષ્કૃતવાળા આત્માનો ત્યાગ કરવાથી ભાવાચાર્યને પરતંત્ર થઈને જીવવાનો દૃઢપ્રણિધાન ઉલ્લસિત થાય છે.

આ પ્રમાણે સૂત્રનો અર્થ સૂક્ષ્મ બુદ્ધિથી ભાવન કરીને તે તે વચનો દ્વારા તે તે ભાવો કરવાની ઇચ્છાથી વાસિત થઈને યત્ન કરનારા શ્રાવક દ્વારા તેવા ભાવો ન થાય તોપણ વારંવાર તે તે ભાવોની ઇચ્છા થાય તો 'ઇચ્છાયોગ'ની પ્રાપ્તિ થાય છે, જે ક્રમસર વૃદ્ધિ પામીને વચનઅનુષ્ઠાનનું કારણ બનશે. ॥૩૦॥

❖

## ૩૧. શ્રી દેવસિઅં આલોઉં સૂત્ર

**સૂત્ર :-**

**ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅં આલોઉં ? ઇચ્છં આલોએમિ. જો મે દેવસિઓ અઇયારો કઓ કાઇઓ વાઇઓ માણસિઓ, ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ અણાયારો અણિચ્છિઅવ્વો અસાવગપ્પાઉગ્ગો નાણે, દંસણે, ચરિત્તા-ચરિત્તે, સુએ સામાઇએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હ-મણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગધમ્મસ્સ, જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**હે ભગવંત ઇચ્છાપૂર્વક મને અનુજ્ઞા આપો.**

શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

**દિવસ સંબંધી અતિચારોની આલોચના માટે અનુજ્ઞા આપો.**

ગુરુ વિધિપૂર્વક આલોચનાની અનુજ્ઞા આપે છે. એ પ્રકારનું મનમાં સ્મરણ કરીને સૂત્ર બોલનાર શ્રાવક કહે છે –

**હું ઇચ્છું છું.**

જે ઇચ્છે છે તે કહે છે –

**હું આલોચન કરું છું.**

શેની આલોચના કરું છું ? એથી કહે છે –

**જે મારા વડે દૈવસિક અતિચાર કરાયો હોય તેનું હું આલોચન કરવા માટે ઇચ્છું છું એમ સંબંધ છે.**

કઈ રીતે અતિચાર કરાયો હોય ? તેથી કહે છે –

**કાયિક, વાચિક અને માનસિક અતિચાર કરાયો હોય તેનું હું આલોચન કરવા ઇચ્છું છું.**

તે અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે –

**ઉત્સૂત્ર છે=અતિચારની આઠ ગાથામાં સ્મરણ કરાયેલા પોતાના અતિચારો ઉત્સૂત્ર છે. વળી, તે અતિચારો ઉન્માર્ગ છે=મોક્ષમાર્ગ નથી, પરંતુ મોક્ષમાર્ગથી વિપરીત છે. અકલ્પ છે=કલ્પ એટલે આચાર એનાથી વિપરીત એવો અકલ્પ છે. અકરણીય છે=આત્મા માટે અકર્તવ્ય છે. દુર્ધ્યાન છે=પંચાચારપાલનમાં જે પ્રમાદ છે. તે પંચાચારથી વિપરીત હોવાથી તે દુર્ધ્યાન છે. દુશ્ચિંતવન છે=પંચાચારમાં પ્રમાદને અનુકૂળ જે વિચારણા કરી છે તે દુશ્ચિંતવન છે. અનાચાર છે=અનુચિત આચાર છે. અનિચ્છિનીય છે. અશ્રાવક પ્રાયોગ્ય છે.**

તે અતિચાર શેના વિષયમાં છે ? તેથી કહે છે –

**જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં, ચારિત્ર અચારિત્રરૂપ દેશ ચારિત્રના વિષયમાં, શ્રુતના વિષયમાં અને સામાયિકના વિષયમાં અને ત્રણ ગુપ્તિઓનું ખંડન કરાયું હોય, ચાર કષાયોનું જે સેવન કરાયું હોય પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત સ્વરૂપ બાર પ્રકારના શ્રાવકધર્મનું જે ખંડિત કરાયું હોય જે વિરાધિત કરાયું હોય તેનું હું મિથ્યાદુષ્કૃત દઉં છું. ।।૧।।**

**ભાવાર્થ :-**

શ્રાવક અતિચારની આઠ ગાથા દરમિયાન પાંચ આચારોનું સ્મરણ કરે છે. ત્યારપછી તે પાંચ આચારોમાં

થયેલા અતિચારોનું સ્મરણ કરે છે અને તે ગાથા દ્વારા સ્મરણ કરાયેલા અતિચારોને સ્મૃતિમાં રાખીને તેના મન, વચન, કાયાથી થયેલા અતિચારોની આલોચના અર્થે ગુરુ પાસે અનુજ્ઞા લેવા કહે છે કે હે ભગવંત ! તમે ઇચ્છાપૂર્વક મને અનુજ્ઞા આપો. શેની અનુજ્ઞા ? તેથી કહે છે –

દિવસ સંબંધી મન, વચન, કાયાથી કરાયેલા અતિચારોની આલોચના માટે મને અનુજ્ઞા આપો. આ પ્રકારે સ્થાપનાચાર્ય સામે બોલતી વખતે ગુણવાન એવા ભાવાચાર્યની "હે ભગવાન્ !" શબ્દથી સ્મૃતિ થાય છે અને તેઓની પાસે આદેશ માંગવા અર્થે કહે છે કે હું આદેશ માંગું છું માટે નહીં, પરંતુ મારા હિત કરવા અર્થે તમે તમારી ઇચ્છાપૂર્વક મને અનુજ્ઞા આપો. જેથી તમારી પાસે મારા દિવસ સંબંધી થયેલા અતિચારોની આલોચના કરીને હું શુદ્ધિ કરું. આ પ્રકારે અનુજ્ઞા માંગવાથી ભાવાચાર્યને પરતંત્ર રહીને તેઓની આજ્ઞાને અનુરૂપ વિધિપૂર્વક પોતે આલોચના કરવા તત્પર થયેલ છે તેવી ઉપસ્થિતિ થાય છે અને આલોચનાની વિધિ એ છે કે પોતે સેવાયેલાં પાપો પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય તે પ્રકારે ગુરુને તે પાપોનું નિવેદન કરવું જોઈએ અને તે નિવેદન અર્થે અનુજ્ઞા માંગ્યા પછી ગુણવાન ગુરુ યોગ્ય જીવના હિત અર્થે પાપ પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારના દૃઢપ્રણિધાનપૂર્વક આલોચના કરવાની અનુજ્ઞા આપે છે. તેનું સ્મરણ કરીને શ્રાવક આદેશ માંગ્યા પછી તેમની અનુજ્ઞાને સ્વીકારવા અર્થે ઇચ્છં કહે છે. આ રીતે આજ્ઞાનો સ્વીકાર કર્યા પછી કહે છે કે જે મારા વડે મન, વચન, કાયાથી દૈવસિક અતિચાર કરાયા છે તેનું હું આલોચન કરું છું. હવે તે અતિચારો પોતાને કેવા ભાસે છે અને શેના વિષયમાં છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે. જે મેં અતિચારો સેવ્યા છે, એ ઉત્સૂત્ર રૂપ છે અર્થાત્ સૂત્રની વિરુદ્ધ છે; કેમ કે સૂત્ર એ શક્તિ અનુસાર વ્રતો ગ્રહણ કરીને અપ્રમાદથી તેનું પાલન કરવાનો ઉપદેશ આપે છે અને તે સૂત્ર અનુસાર મારી શક્તિનું સ્મરણ કરીને મારી ભૂમિકાનુસાર પંચાચારપાલન કરવાનો દૃઢ સંકલ્પ મેં કરેલ છતાં પ્રમાદને વશ શક્તિ અનુસાર પંચાચારના પાલનમાં જે મેં સ્ખલના કરી છે તે સર્વ ઉત્સૂત્ર છે. આ પ્રકારે બોલીને તે અતિચારો પ્રત્યે શ્રાવક તીવ્ર જુગુપ્સા કરે છે. વળી, તે તીવ્ર જુગુપ્સાને અતિશય કરવા અર્થે કહે છે કે જે મેં અતિચારો સેવ્યા છે તે ઉત્સૂત્ર રૂપ છે, આથી જ ઉન્માર્ગરૂપ છે; કેમ કે શ્રુતવચનાનુસાર પ્રવૃત્તિ જ માર્ગ રૂપ છે અને સૂત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ ઉન્માર્ગ રૂપ છે. આ પ્રકારે બોલીને પંચાચારના અતિચારો મોક્ષમાર્ગ રૂપ નથી એ પ્રકારની બુદ્ધિ કરીને તેના પ્રત્યે નિંદાનો ભાવ શ્રાવક તીવ્ર કરે છે. આથી જ, અકલ્પ છે=શ્રાવકને માટે સેવવા યોગ્ય આચાર નથી, આ પ્રકારે બોલીને અતિચારો પ્રત્યે થયેલો જુગુપ્સાનો ભાવ જ શ્રાવક અતિશય કરે છે. વળી તે ભાવને જ અતિશય કરવા અર્થે કહે છે કે આ સર્વ અકરણીય છે. આ પ્રકારનો પંચાચારનો પ્રમાદ મારા માટે અકરણીય છે. આ પ્રકારે વિચારીને તે પ્રકારના પ્રમાદના નિવર્તન માટે જ શ્રાવક અત્યંત યત્ન કરે છે. વળી, આ કાયિક અને વાચિક અતિચારો પ્રત્યે જુગુપ્સા કરીને માનસિક અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે કે દુર્ધ્યાન છે અર્થાત્ પંચાચારના પાલનકાળમાં પંચાચારને અનુકૂળ ઉચિત યત્નને છોડીને જે મનને અન્યત્ર પ્રવર્તાવ્યું છે તે દુર્ધ્યાન છે; કેમ કે પંચાચારના પાલનમાં ઉચિત યત્ન કરતી વખતે મનને તેમાં દૃઢ પ્રવર્તાવવાથી જ પંચાચારના પાલનજન્ય યોગમાર્ગની વૃદ્ધિ થાય છે. તેથી તે સ્ખલના દુર્ધ્યાન રૂપ છે.

તેમ વિચારીને તેના પ્રત્યે શ્રાવક જુગુપ્સા કરે છે. વળી, તે પંચાચારના પ્રવર્તનકાળમાં કરાયેલું અન્ય અન્ય ચિંતન તે દુશ્ચિંતવન છે. આ પ્રકારે વિચારીને પંચાચારના પાલનમાં જે માનસિક પ્રમાદ થાય છે, તેના પ્રત્યે શ્રાવક તીવ્ર જુગુપ્સા કરે છે. આ રીતે પંચાચારની પ્રવૃત્તિવિષયક કાયિક, વાચિક, માનસિક અતિચારોની જુગુપ્સા કરીને તેને અતિશય કરવા અર્થે કહે છે. આ સર્વ સ્ખલનાઓ અનાચાર છે. અનિચ્છનીય છે અને અશ્રાવક પ્રાયોગ્ય છે.

આશય એ છે કે શ્રાવક મોક્ષમાર્ગના અત્યંત અર્થી છે. આથી જ પંચાચારનું પાલન કરવા યત્ન કરે છે આમ છતાં અનાદિના પ્રમાદને વશ પંચાચાર વિષયક જે મન-વચન-કાયાની સ્ખલના થઈ છે તે અનાચાર છે તેમ કહેવાથી તે સેવાયેલા પંચાચારોનો સ્ખલનાઅંશ આચાર નથી, પરંતુ અનાચાર છે. તેવી બુદ્ધિ થવાથી તે સ્ખલનાંશ પ્રત્યે જુગુપ્સા થાય છે. વળી વિચારે છે કે તે સ્ખલનાઓ અનિચ્છનીય છે. આ પ્રકારે વિચારવાથી આચારોમાં થયેલી સ્ખલનાઓ પ્રત્યે ઉપેક્ષાનો ભાવ દૂર થાય અને તેના પરિહાર માટે અંતરંગ બળ સતત ઉલ્લસિત થાય તેવો યત્ન શ્રાવક કરે છે. વળી, વિચારે છે કે શ્રાવકાચાર તરીકે જ હું પંચાચાર સેવું છું. તેમાં વર્તતો સ્ખલનાંશ અશ્રાવક પ્રાયોગ્ય છે. આ પ્રકારે બોલીને પોતે શ્રાવક છે છતાં શ્રાવકને અનુચિત એવું કૃત્ય પોતાનાથી થયું છે એવી ઉપસ્થિતિ થવાથી તેના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે.

હવે તે અતિચારો જોકે પંચાચાર વિષયક છે તોપણ તેનું વિશેષથી પ્રતિસંધાન કરવા અર્થે તે અતિચારો શેના વિષયમાં છે ? તેથી કહે છે –

જ્ઞાનના વિષયમાં, દર્શનના વિષયમાં, દેશચારિત્રના વિષયમાં.

તે ત્રણનું જ અન્ય રીતે પ્રતિસંધાન કરતાં કહે છે –

શ્રુતના વિષયમાં, કે સામાયિકના વિષયમાં જે અતિચારો થયા હોય તેનું હું મિચ્છા મિ દુક્કડં દઉં છું એમ અન્વય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક શક્તિ અનુસાર જ્ઞાન, દર્શન, ચારિત્રની સતત આરાધના કરે છે તે સ્વરૂપ જ પંચાચાર છે અને તેમાં જે અતિચાર થયા હોય તે સર્વ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે ઉત્સૂત્ર આદિ રૂપ છે અને તેનું પોતે મિથ્યાદુષ્કૃત આપીને ચિત્તનું શોધન કરે છે. વળી, તે પંચાચારની ઉપસ્થિતિ જેમ જ્ઞાન, દર્શન, ચારિત્રથી કરી તેમ અન્ય પ્રકારે ઉપસ્થિતિ કરીને તે આચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે કે શ્રુત અને સામાયિકના પરિણામોમાં જે અતિચારો થયા હોય અર્થાત્ જે ખંડન થયું હોય, જે વિરાધના થઈ હોય તેનું હું મિચ્છા મિ દુક્કડં દઉં છું. આ પ્રકારે ઉપસ્થિતિ કરવાથી ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાન અને તે શ્રુતજ્ઞાનથી નિયંત્રિત શક્તિ અનુસાર સામાયિકના પરિણામને અનુકૂળ ઉચિત આચરણાનું સ્મરણ થાય છે અને તેમાં જે ખંડન કરાયું હોય કે જે વિરાધના કરાઈ હોય તેનું શ્રાવક મિથ્યાદુષ્કૃત આપે છે.

વળી, દેશથી ત્રણ ગુપ્તિવાળો શ્રાવક સ્વભૂમિકાનુસાર પંચાચારનું પાલન કરે છે. છતાં પ્રમાદને વશ જે ત્રણ ગુપ્તિની ખંડના, કે વિરાધના થઈ હોય તેનું મિથ્યાદુષ્કૃત આપે છે અર્થાત્ ત્રણ ગુપ્તિની જે વિપરીત

આચરણા થઈ હોય તેનું મિથ્યાદુષ્કૃત આપે છે. આ પ્રકારે સ્મરણ કરવાથી સદા શક્તિ અનુસાર ત્રણ ગુપ્તિમાં યત્ન કરવાનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

વળી, અન્ય રીતે શુદ્ધિ અર્થે કહે છે –

ચાર કષાયોને વશ મેં જે પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો રૂપ બાર પ્રકારના શ્રાવકધર્મને જે ખંડિત કર્યો હોય, વિરાધિત કર્યો હોય તેનું હું મિથ્યાદુષ્કૃત આપું છું.

આનાથી એ પ્રાપ્ત થાય કે અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તો તે સ્વભૂમિકાનુસાર પંચાચાર સેવીને ચારેય કષાયોને ક્ષયોપશમભાવરૂપે કરીને ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકમાં જવાનો પ્રયત્ન કરે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ પણ સતત સર્વવિરતિનું સ્મરણ કરે છે. સર્વવિરતિના કારણરૂપે દેશવિરતિનું સ્મરણ કરે છે અને તેના પ્રત્યે રાગની વૃદ્ધિ કરીને દેશવિરતિનાં આવારક કર્મોનો સતત ક્ષય કરવા પ્રયત્ન કરે છે. તેથી ચારેય કષાયો ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકની ભૂમિકામાં જવા માટે પ્રવર્તે છે. વળી, કોઈ નિમિત્તે ભોગાદિની ઇચ્છા થાય ત્યારે પણ જિનવચનનું સ્મરણ કરીને "शल्लं कामा, विषं कामा इत्यादि" શાસ્ત્રવચનના ભાવનથી ભોગવૃત્તિને દૂર કરવા યત્ન કરે છે. બલવાન કર્મોનો ઉદય હોય, ઇચ્છા શાંત ન થાય તો વ્રણલેપની જેમ ભોગ કરે છે. તેથી અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ સ્વભૂમિકાનુસાર બારવ્રતોની હેતુથી આરાધના કરે છે. વળી, દેશવિરતિધર શ્રાવકે જે વ્રતો સ્વીકાર્યાં હોય તેને સ્વભૂમિકાનુસાર અપ્રમાદથી સેવીને સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય થાય તે રીતે સેવે છે. તેથી તેના ચારેય કષાયો ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા જિનવચનથી નિયંત્રિત પ્રવૃત્તિ કરાવીને ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકનો બળસંચય કરાવે છે અને પ્રમાદને વશ ચાર કષાયોમાંથી કોઈક કષાય ઉચિત યત્નને છોડીને અન્યથા પ્રવર્ત્યો હોય તેનું સ્મરણ કરીને તેની જે કોઈ ખંડના થઈ હોય અને જે કોઈ વિરાધના થઈ હોય તેનું મિચ્છા મિ દુક્કડં શ્રાવક પ્રસ્તુત સૂત્રથી આપે છે. **॥૩૧॥**

❖

## ૩૨. શ્રી સાત લાખ સૂત્ર

**સૂત્ર :-**

**સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દસ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચૌદ લાખ મનુષ્ય એવંકારે ચોરાશી લાખ જીવાયોનિમાંહિ મારે જીવે જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતાં પ્રત્યે અનુમોદ્યો હોય તે સવિહુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

ભાવાર્થ :-

ભાવસાધુ સર્વ ઉદ્યમથી મોહનો નાશ કરવા યત્ન કરે છે અને છકાયના પાલનના પરિણામવાળા હોય છે; કેમ કે સમભાવના પરિણામરૂપ સામાયિકનો પરિણામ સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્યપણાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે. તેથી છકાયના પાલનના અધ્યવસાયવાળા સાધુ ૮૪ લાખ યોનિમાં વર્તતા સર્વ જીવોને હણવાની ક્રિયા, હણાવવાની ક્રિયા અને અનુમોદનની ક્રિયાથી પર હોય છે. આવું ઉત્તમ ચિત્ત શ્રાવકને અત્યંત ઇષ્ટ છે પરંતુ સંપૂર્ણ નિરવદ્ય જીવન જીવવાની શક્તિ નથી, તેથી શાતા અર્થે અને ભોગાદિ અર્થે શ્રાવક આરંભ-સમારંભ કરે છે. આ આરંભ-સમારંભ પ્રત્યે જુગુપ્સા થાય અને તે આરંભ-સમારંભથી થતી જીવહિંસાથી ચિત્ત નિવર્તન પામે તદ્અર્થે સાત લાખ સૂત્ર બોલીને ચોર્યાશી લાખ જીવાયોનિની સંખ્યાની ઉપસ્થિતિ કરે છે અને તે જીવાયોનિમાં રહેલા સર્વ જીવોને મનથી, વચનથી, કાયાથી હણવાની ક્રિયા થઈ હોય, હણાવવાની ક્રિયા થઈ હોય અને હણતાની ક્રિયાની અનુમોદનની થઈ હોય તે સર્વ પ્રત્યે જુગુપ્સા કરીને પ્રસ્તુત સૂત્રથી મિચ્છા મિ દુક્કડં આપે છે, જેથી સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્યપણાની બુદ્ધિ ઉત્પન્ન થાય અને ભાવસાધુની જેમ છ કાયના પાલનની શક્તિનો અધ્યવસાય થાય તેવો અંતરંગ યત્ન દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલવાથી થાય છે.

ચોર્યાશી લાખ યોનિના ભેદોનો વિસ્તાર જિજ્ઞાસુએ શાસ્ત્રથી જાણવો જોઈએ અને તે સર્વ જીવયોનિઓમાં સંસારી જીવો કઈ રીતે ભટકે છે ? તેનું સ્વરૂપ જાણવું જોઈએ; જેથી હવે પછી મારે આ જીવયોનિઓમાં પરિભ્રમણ ન કરવું પડે એવો અધ્યવસાય ઉલ્લસિત થાય. વળી, જેઓ સંવરભાવવાળા નથી તેઓ ચોર્યાશી લાખ જીવયોનિ અંતર્ગત સર્વ જીવોની હિંસા સાક્ષાત્ કરતા નથી તોપણ કરવાના અધ્યવસાયવાળા છે અને તે અધ્યવસાયના નિવર્તન અર્થે જ વારંવાર પ્રસ્તુત સૂત્ર બોલીને શ્રાવક તે હિંસાના પાપસ્થાનકથી ચિત્તને વિરામ કરવા યત્ન કરે છે. ॥૩૨॥

❖

## ૩૩. શ્રી અઢાર પાપસ્થાનક સૂત્ર

સૂત્ર :-

**પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છટ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગિયારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે પૈશુન્ય, પંદરમે રતિ-અરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયામૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય; એ અઢાર પાપસ્થાનકમાંહિ મારે જીવે જે કોઈ પાપ સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોધું હોય તે સવિહુ મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**ભાવાર્થ :-**

સાત લાખ સૂત્ર દ્વારા સર્વ જીવો પ્રત્યે હિંસકભાવ નિવર્તન પામે અને અહિંસાને અનુકૂળ બળસંચય થાય તેવો યત્ન કરાય છે. ત્યારપછી આત્મામાં કર્મબંધને અનુકૂળ અઢાર પાપસ્થાનકો છે જેનો સંપૂર્ણ પરિહાર અપ્રમત્તમુનિ કરી શકે છે; કેમ કે અપ્રમાદપૂર્વક મોહના નાશ માટે જ્યારે જ્યારે યત્નની સ્ખલના થાય છે ત્યારે ત્યારે સુસાધુને પણ બાહ્ય પદાર્થોના નિમિત્તના બળથી રતિ-અરતિ આદિ ભાવો થાય છે ત્યારે અઢાર પાપસ્થાનકમાંથી યથાયોગ્ય પાપસ્થાનકો આત્મામાં પ્રગટ થાય છે.

આ પાપસ્થાનકો મોક્ષમાર્ગમાં અત્યંત વિઘ્નભૂત છે. તે સર્વ પાપસ્થાનકોનો વિરામ શ્રાવક માટે શક્ય નથી તોપણ વારંવાર તે પાપસ્થાનકોનું પાપસ્થાનકરૂપે પ્રસ્તુત સૂત્રથી ઉપસ્થિત કરીને તેની નિંદા ગર્હા કરે છે, જેથી મોક્ષમાર્ગમાં વિઘ્નભૂત એવી પાપસ્થાનકની પરિણતિ અનાદિકાળથી આત્મામાં સ્થિર થયેલી છે તે પરિણતિને દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલનાર શ્રાવક ક્ષીણશક્તિવાળી કરે છે. જેમ જેમ દૃઢ ઉપયોગપૂર્વક વારંવાર કરણ, કરાવણ અને અનુમોદનને આશ્રયીને અને મન-વચન-કાયાને આશ્રયીને જે કોઈ પાપો પોતાનાથી સેવન થયાં હોય તે સર્વ પાપો પ્રત્યે જુગુપ્સા કરીને સર્વવિરતિને અનુકૂળ મહાબળસંચય કરવા અર્થે શ્રાવક પ્રસ્તુત સૂત્રથી યત્ન કરે છે.

પ્રસ્તુત સૂત્રમાં વર્ણન કરાયેલાં અઢાર પાપસ્થાનકોનું વિશેષ સ્વરૂપ, ઉપાધ્યાય યશોવિજયજીની અઢાર પાપસ્થાનક સજ્ઝાયમાં બતાવેલ છે તેનાથી જાણવું. **॥૩૩॥**

❖

## ૩૪. શ્રી સવ્વસ્સ વિ (પ્રતિક્રમણબીજક) સૂત્ર

**અવતરણિકા :-**

**સાધુ કે શ્રાવક પ્રતિક્રમણમાં આલોચના કર્યા પછી ગુરુ આગળ પ્રાયશ્ચિત્તના ગ્રહણ અર્થે પ્રસ્તુત સૂત્ર બોલે છે –**

**સૂત્ર :-**

**સવ્વસ્સ વિ દેવસિઅ, દુચ્ચિંતિઅ, દુબ્ભાસિઅ, દુચ્ચિટ્ઠિઅ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! (ગુરુ : પડિક્કમેહ) ઇચ્છં, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ દિવસ સંબંધી દુશ્ચિંતિત=શ્રાવકાચાર કે સાધ્વાચારની મર્યાદાથી વિપરીત મન દ્વારા ચિંતિત, દુર્ભાષિત=શ્રાવકાચાર કે સાધ્વાચારની મર્યાદાથી વિપરીત ભાષિત, દુશ્ચેષ્ટિત=શ્રાવકાચાર કે સાધ્વાચારની મર્યાદાથી વિપરીત કાયાથી ચેષ્ટિત, એવા સર્વનું હે ભગવંત ! ઇચ્છાપૂર્વક તમે**

**મને પ્રાયશ્ચિત્ત કરવાની અનુજ્ઞા આપો. ત્યારે ગુરુ કહે છે કે પ્રાયશ્ચિત્ત કર. તેનું 'ઇચ્છં' દ્વારા સ્વીકારીને તે સર્વ પાપનું સંક્ષેપથી મિચ્છા મિ દુક્કડં આપું છું. ॥૧॥**

ભાવાર્થ :-

સવ્વસ્સ વિ સૂત્રથી એ ફલિત થાય કે અતિચારની આઠ ગાથા દ્વારા શ્રાવક દિવસ દરમ્યાન લાગેલા અતિચારોનું સ્મરણ કરે છે. ત્યારપછી અતિચાર-આલોચનાસૂત્રથી ગુરુ આગળ અતિચારોનું આલોચન કરે છે. તે આલોચનથી પાપની શુદ્ધિ થાય છે છતાં કોઇક અનાલોચિત પાપ શુદ્ધ ન થયું હોય તેની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત તપ ગ્રહણ કરવા અર્થે ગુરુ પાસે આલોચના માંગે છે.

તે પ્રાયશ્ચિત્ત શેનું ગ્રહણ કરવું છે ? તેનું સંક્ષેપથી સ્મરણ શ્રાવક પ્રસ્તુત સૂત્રથી કરે છે. જે શ્રાવકે જે વ્રતો ગ્રહણ કર્યાં હોય તે વ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને તે રીતે જ સેવવાં જોઈએ. વિવેકસંપન્ન શ્રાવક ભાવથી સર્વવિરતિનું સ્વરૂપ પ્રતિદિન સ્મરણ કરીને તેની શક્તિનો સંચય થાય તે રીતે જ દિવસ દરમ્યાન સ્વભૂમિકા અનુસાર સ્વીકારાયેલાં વ્રતોમાં મન-વચન-કાયાને દૃઢ રીતે પ્રવર્તાવે છે, જેથી તે દેશથી વિરતિના આચારના પાલન દ્વારા ઉત્તરોત્તર સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય છે. આમ છતાં અનાદિના પ્રમાદના કારણે દિવસ દરમ્યાન મનથી કે વચનથી કે કાયાથી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ યત્નમાં પ્રમાદ થયો હોય અને સ્વીકારાયેલા ગુણસ્થાનકને મલિન કરે તેવી કોઈ માનસિક વિચારણા થઈ હોય, વાચિક પ્રયોગ થયો હોય અને કાયાથી વિપરીત ચેષ્ટા થઈ હોય તેનું પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધીકરણ કરવાની ઇચ્છાથી શ્રાવક ગુરુ પાસે અનુજ્ઞા માંગે છે અને સંક્ષેપથી તેનું મિચ્છા મિ દુક્કડં આપે છે. ત્યારપછી નવકાર આદિના ક્રમથી ચિત્તની ભૂમિકાનું નિર્માણ કરીને પ્રાયશ્ચિત્તરૂપે પ્રતિક્રમણની ક્રિયા અર્થે શ્રાવક વંદિત્તુ સૂત્ર બોલે છે અને સાધુ પગામસિજ્જા સૂત્ર બોલે છે.

ઉપયોગપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલતી વખતે જો ભાવનો પ્રકર્ષ થાય તો મન-વચન-કાયા એ ત્રણેય યોગોથી થયેલી વિપરીત આચરણાની શુદ્ધિ પ્રસ્તુત સૂત્રથી થાય છે અને તેમાં શુદ્ધિ ન થઈ હોય તો દૃઢ પ્રણિધાનપૂર્વક વંદિત્તા સૂત્ર દ્વારા યત્ન કરવાથી અવશ્ય શુદ્ધિ થાય છે. ॥૩૪॥

❖

## ૩૫. શ્રી ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર

સૂત્ર :-

**ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ અઇયારો કઓ કાઇઓ વાઇઓ માણસિઓ ઉસ્સુત્તો, ઉમ્મગ્ગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વિચિંતિઓ અણાચારો અણિચ્છિઅવ્વો અસાવગપ્પાઉગ્ગો નાણે, દંસણે, ચરિત્તા-ચરિત્તે, સુએ સામાઇએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં**

**કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સાવગધમ્મસ્સ, જં ખંડિઅં, જં વિરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**મેં દિવસ સંબંધી જે અતિચારો કર્યા હોય તેનું હું ઇચ્છાપૂર્વક પ્રતિક્રમણ કરું છું. .... અવશેષ અંશ 'દેવસિઅં આલોઉં સૂત્ર'ની જેમ. ॥૧॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સૂત્ર પ્રાયશ્ચિત્ત અર્થે વંદિત્તા સૂત્ર બોલવા પૂર્વે સંક્ષેપથી સર્વ પાપોની શુદ્ધિ કરવા અર્થે બોલાય છે. સવ્વસ્સ વિ સૂત્ર અનુસાર પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિક્રમણ કરવા માટે ગુરુની પાસેથી અનુજ્ઞા મળ્યા પછી શ્રાવક મંગલરૂપે નવકાર બોલે છે જેથી ચિત્ત પંચ પરમેષ્ઠિના ગુણો પ્રત્યે અત્યંત અભિમુખ બને છે. ત્યારપછી ભાવથી સામાયિકના પરિણામને સ્પર્શવા અર્થે કે વિદ્યમાન એવા સામાયિકના પરિણામને અતિશય કરવા અર્થે દૃઢ પ્રણિધાનપૂર્વક કરેમિ ભંતે સૂત્ર બોલે છે; કેમ કે સામાયિકના પરિણામ વગર આલોચનાની કે પ્રતિક્રમણની ક્રિયાથી પાપની શુદ્ધિ સંભવે નહીં, તેથી કરેમિ ભંતે સૂત્ર બોલીને આત્મામાં સમભાવના પરિણામને સ્થિર કરે છે અને સમભાવના રાગપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલે ત્યારે સંક્ષેપથી સર્વ પાપોનું પ્રતિક્રમણ થાય છે અર્થાત્ પ્રાયશ્ચિત્ત થાય છે. ત્યાં પ્રથમ ભાવાચાર્ય પાસે અનુજ્ઞા માંગે છે કે હું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું.

શેનું પ્રતિક્રમણ કરવા ? તેથી કહે છે –

જે મારા વડે દિવસ સંબંધી અતિચાર કરાયો છે તેનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું.

કઈ રીતે અતિચાર કરાયો છો ? તેથી સ્મરણ કરાય છે –

કાયાથી, વાણીથી કે મનથી જે મે અતિચાર કર્યો છે તેનું હું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું. પ્રતિક્રમણ કરાયેલાં પાપો પ્રત્યે જુગુપ્સાના પરિણામરૂપ છે. તેથી કાયાથી, વાણીથી કે મનથી દિવસ દરમ્યાન પોતે સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ જે યત્ન ન કર્યો હોય અને તેમાં પ્રમાદ કર્યો હોય તેના પ્રત્યે જુગુપ્સા કરવા કહે છે કે જે મેં અતિચાર કર્યા છે તે 'ઉત્સૂત્ર છે, ઉન્માર્ગ છે, અકલ્પ છે' ઇત્યાદિ બોલીને સતત તે ભાવો પ્રત્યે અત્યંત જુગુપ્સા કરવા પ્રયત્ન કરે છે.

પ્રસ્તુત સૂત્રનો અવશેષ અર્થ 'દેવસિઅં આલોઉં' સૂત્ર દ્વારા જાણવો. ફક્ત 'દેવસિઅં આલોઉં' સૂત્રકાળમાં પોતાના અતિચારોના આલોચનનો પરિણામ હતો તેથી ગુરુ આગળ અતિચારોનું આલોચન કરતી વખતે તે સૂત્ર બોલે છે જ્યારે પ્રસ્તુત સૂત્રમાં તે પાપોથી અત્યંત નિવર્તન થવાનો પરિણામ છે. તેથી હું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું તેમ કહીને સૂત્રનું પ્રતિસંધાન હોવાથી ઇચ્છામિ ઠામિ સૂત્ર દરમ્યાન અતિચારની ગાથાથી જે અતિચારોનું સ્મરણ કરાયું અને આલોચનાસૂત્ર દ્વારા જે પાપોનું આલોચન કરાયું તે પાપોથી જાણે પાછા

પગલે પોતે નિવર્તન પામતો ન હોય તે પ્રકારના અધ્યવસાયથી પ્રસ્તુત ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર બોલાય છે. તે પાપના નિવર્તન અર્થે જ મારા સેવાયેલા અતિચારો 'ઉત્સૂત્ર છે, ઉન્માર્ગ છે' ઇત્યાદિ વચનો બોલાય છે. આ રીતે, સંક્ષેપથી પોતાનાં થયેલાં પાપોનું પ્રતિક્રમણ કર્યા પછી વિસ્તારથી સર્વ પાપોની શુદ્ધિ કરવા અર્થે વંદિત્તુ સૂત્ર બોલાય છે.

દેવસિઅ પ્રતિક્રમણમાં અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ અર્થે ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગ દ્વારા પણ પ્રસ્તુત સૂત્ર સદૃશ સૂત્ર બોલાય છે ત્યાં અતિચારની શુદ્ધિ અર્થે કાઉસ્સગ્ગ કરવાનો અનુસંધાન છે અને ત્યારપછી કાયોત્સર્ગ કરવાના પ્રણિધાનપૂર્વક કાઉસ્સગ્ગમાં અતિચારોનું સ્મરણ કરાય છે. ત્યારપછી આલોચના સૂત્ર દ્વારા તે અતિચારોનું ગુરુ સમક્ષ આલોચન કરાય છે, ત્યારે આલોચનાના પ્રતિસંધાનપૂર્વક પ્રસ્તુત સૂત્ર સદૃશ સૂત્ર બોલાય છે, ત્યારે તે સૂત્ર બોલતી વખતે કાઉસ્સગ્ગમાં ચિંતવન કરાયેલા અતિચારોના આલોચનનો પરિણામ વર્તે છે. જ્યારે પ્રસ્તુત સૂત્ર બોલતી વખતે આલોચના દ્વારા કંઈક શુદ્ધિ બાકી રહેલી હોય તો પ્રતિક્રમણથી પણ તેની શુદ્ધિ કરવાનો અધ્યવસાય કરાય છે, તેથી હું અતિચારોનું પ્રતિક્રમણ કરું છું તે પ્રકારના પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત સૂત્ર બોલાય છે. ॥૩૫॥

❖

## ૩૬. શ્રી વંદિત્તુ (શ્રાવક પ્રતિક્રમણ) સૂત્ર

**સૂત્ર :-**

**વંદિત્તુ સવ્વસિદ્ધે, ધમ્માયરિયે અ સવ્વસાહૂ અ;**
**ઇચ્છામિ પડિક્કમિઉં, સાવગધમ્માઇઆરસ્સ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**સર્વસિદ્ધોને, ધર્માચાર્યોને અને સર્વ સાધુઓને વંદન કરીને શ્રાવકધર્મના અતિચારનું પ્રતિક્રમણ કરવા માટે હું ઇચ્છું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

શિષ્ટ પુરુષોનો આચાર છે કે મંગલાચરણપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે; તેથી ઉચિત પ્રવૃત્તિ વિઘ્નરહિત પૂર્ણ થાય. ધર્મ કરવા માટે તત્પર થયેલ શ્રાવક સંસારના ઉચ્છેદનો અર્થી છે તેથી સંસારના કારણભૂત સ્વશક્તિ અનુસાર પાપોની નિવૃત્તિ કરીને દેશવિરતિ ધર્મનું પાલન કરે છે. તે દેશવિરતિના પાલન દ્વારા સર્વવિરતિની શક્તિના સંચયનો યત્ન કરે છે. દેશવિરતિના પાલનમાં જો અતિચારો લાગે અને તેની શુદ્ધિ કરવામાં ન આવે તો સર્વવિરતિની શક્તિનો સંચય થાય નહિ. તેથી સર્વવિરતિની શક્તિના સંચય અર્થે

દેશવિરતિમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવા સિદ્ધ ભગવંતો આદિને વંદન કરીને હું શ્રાવકધર્મમાં લાગેલા અતિચારોની શુદ્ધિ કરવા અર્થે થયેલા અતિચારોથી પાછા ફરવારૂપ પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું તેમ શ્રાવક પ્રણિધાન કરે છે, જેના બળથી ઉત્તરમાં ઉપયોગપૂર્વક અતિચારોનું આલોચન કરીને પાપની શુદ્ધિ કરે છે. ॥૧॥

**સૂત્ર :-**

**જો મે વયાઇઆરો, નાણે તહ દંસણે ચરિત્તે અ;**
**સુહુમો ય બાયરો વા, તં નિંદે તં ચ ગરિહામિ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**જ્ઞાન, દર્શન, ચારિત્રના વિષયમાં જે મારો સૂક્ષ્મ કે બાદર વ્રતનો અતિચાર થયો છે તેની નિંદા કરું છું=તે અતિચારની હું નિંદા કરું છું અને તેની હું ગર્હા કરું છું=તે અતિચારની હું ગર્હા કરું છું. ॥૨॥**

**ભાવાર્થ :-**

શ્રાવક દેશવિરતિધર પ્રાયઃ કરીને હોય છે તેથી સ્વભૂમિકા અનુસાર ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા કરીને સતત નવું-નવું અધ્યયન કરે છે અને પોતાની શક્તિનું આલોચન કરીને દેશવિરતિ ધર્મ સ્વીકારે છે અને તેનું પાલન અપ્રમાદપૂર્વક કરે છે. આમ છતાં, પ્રમાદને વશ શક્તિ અનુસાર જ્ઞાનમાં યત્ન ન થયો હોય, શક્તિ અનુસાર દર્શનશુદ્ધિમાં યત્ન ન થયો હોય અને શક્તિ અનુસાર સ્વીકારાયેલાં વ્રતોમાં યત્ન કરીને ચારિત્રની વૃદ્ધિમાં યત્ન ન થયો હોય કે પ્રમાદવશ તેમાં કોઈ સ્ખલના થઈ હોય તે સર્વ વ્રતોના અતિચારો છે. તે અતિચારોમાંથી કેટલાક અતિચારો અતિસૂક્ષ્મ છે જે સૂક્ષ્મ બુદ્ધિથી ઉપયોગ મૂકવામાં આવે તો જ જણાય તેવા છે. કેટલાક બાદર છે જે સામાન્યથી પણ જણાય તેવા છે. તે સર્વ વ્રતના અતિચારોને સંક્ષિપ્તથી સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે શ્રાવક પ્રસ્તુત ગાથામાં કહે છે કે તે અતિચારોની હું નિંદા કરું છું અને ગર્હા કરું છું, જેથી તે અતિચારો પ્રત્યે જુગુપ્સા થવાથી જે પ્રમાદને વશ પાપની પ્રાપ્તિ થયેલી છે તેનાથી વિરુદ્ધ પરિણામરૂપ નિંદા-ગર્હાના પરિણામથી તે પાપની નિવૃત્તિ થાય છે. માટે વિવેકી શ્રાવક પ્રસ્તુત સૂત્રના પદેપદમાં=દરેક પદમાં, અર્થનું સ્મરણ કરીને ઉપયોગપૂર્વક પ્રસ્તુત ગાથા બોલે તો પાપ પ્રત્યેનો તીવ્ર જુગુપ્સાનો પરિણામ થાય જેથી પ્રમાદથી પણ થયેલ સર્વ પાપોનો નાશ તત્કાળ થાય છે. ॥૨॥

**અવતરણિકા :-**

**શ્રાવકને રત્નત્રયીના પરિણામમાં અતિચારની પ્રાપ્તિનું બલવાન કારણ આરંભ અને પરિગ્રહમય જીવન છે તેથી આરંભ અને પરિગ્રહને વશ થઈને સંયમની વૃદ્ધિ માટેનો ઉચિત યત્ન સ્ખલના પામે છે તેથી આરંભ અને પરિગ્રહને સામે રાખીને ફરી નિંદા-ગર્હા કરે છે –**

સૂત્ર :-

**દુવિહે પરિગ્ગહંમિ, સાવજ્જે બહુવિહે અ આરંભે;**
**કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૩॥**

સૂત્રાર્થ :-

**બે પ્રકારના પરિગ્રહમાં અને સાવદ્ય એવા બહુ પ્રકારના આરંભમાં, બીજા પાસે કરાવવામાં અને સ્વયં કરવામાં, જે દિવસ સંબંધી અતિચારો થયા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૩॥**

ભાવાર્થ :-

શ્રાવકજીવન ધર્મપ્રધાન હોવા છતાં પણ જીવનવ્યવસ્થા અનુસાર શ્રાવકને પરિગ્રહની આવશ્યકતા રહે છે અને ધનઅર્જન આદિ અર્થે આરંભની પ્રવૃત્તિઓ થાય છે અને તેના કારણે પ્રમાદને વશ મોહધારાની વૃદ્ધિ થાય તેવો પણ યત્ન શ્રાવકથી ક્યારેક થઈ જાય છે જે વ્રતમાં અતિચારરૂપ છે; કેમ કે શ્રાવક હંમેશાં સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેને સ્મૃતિમાં રાખીને દેશવિરતિમાં ઉદ્યમ કરે તો દેશવિરતિનું પાલન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સર્વવિરતિનું કારણ બને. આમ છતાં , બાહ્ય ધન-ધાન્યાદિ પરિગ્રહ પ્રત્યે દેશવિરતિની વિશુદ્ધિને બદલે દેશવિરતિને મલિન કરે તેવા પ્રકારની મૂર્ચ્છા ક્યારેક થાય છે તેથી તેની વૃદ્ધિ માટે તે રીતે યત્ન થાય છે કે જેથી વ્રતમાં અતિચાર લાગે.

વળી, અંતરંગ રીતે રાગાદિના પરિણામો તે તે નિમિત્તને પામીને શ્રાવકને ઉલ્લસિત થાય તો અંતરંગ કાષાયિક ભાવોથી સ્થૂલપરિગ્રહવિરમણવ્રતમાં પણ અતિચાર લાગે છે. વળી, આત્માને સંસારમાં ડુબાડનાર જે હોય તે પરિગ્રહ છે. જેમ જેમ કાષાયિક ભાવો વધે તેમ-તેમ આત્મા સંસારમાં ડૂબે છે માટે અંતરંગ અને બાહ્ય પદાર્થો પ્રત્યેના મમત્વરૂપ પરિગ્રહના ત્યાગ માટે જ શ્રાવક સદા યત્ન કરે છે. આથી, શ્રાવક સર્વવિરતિનો અર્થી હોવાથી સદા ભગવદ્ ભક્તિ આદિ ઉચિત કૃત્યો કરીને ગુણવૃદ્ધિમાં યત્ન કરે છે, જેથી તેનો ગુણ પ્રત્યેનો રાગ વધતો જાય છે. આ ગુણ પ્રત્યેનો વધતો જતો રાગ ગુણવૃદ્ધિમાં યત્ન કરાવીને અંતરંગ પરિગ્રહના પરિણામની સદા હાનિ કરે છે.

વળી શ્રાવક પ્રસંગે-પ્રસંગે સંસારનું સ્વરૂપ આલોચન કરે છે, તેથી સંસારની વૃદ્ધિના કારણીભૂત કાષાયિક ભાવો પ્રત્યે તેને દ્વેષ વર્તે છે. આથી જ ભોગની ઇચ્છા થાય ત્યારે પણ જિનવચનનું સ્મરણ કરીને વિચારે છે કે ભગવાને કામને શલ્યની અને વિષની ઉપમા આપી છે તેમ વિચારીને કામની ઇચ્છા પ્રત્યે દ્વેષ કરે છે. જેથી દ્વેષરૂપ કષાય પણ પરિગ્રહરૂપ બનતો નથી પરંતુ વ્રતના અતિશયનું કારણ બને છે. આમ છતાં પ્રમાદને વશ બે પ્રકારના પરિગ્રહમાં સ્વયં કરવાને આશ્રયીને અને અન્યને કરાવવાને આશ્રયીને કોઈ અતિચાર લાગ્યો હોય તો તે દિવસ સંબંધી અતિચારનું સ્મરણ કરીને તેના પ્રત્યે નિંદા-જુગુપ્સા કરીને શ્રાવક તે અતિચારોના સેવનથી થયેલા પાપના નિવર્તનનો પરિણામ કરે છે. વળી સંસારના બહુપ્રકારના

સાવદ્ય આરંભોને સ્મરણમાં રાખીને તેમાંથી કોઈ સાવદ્ય પ્રવૃત્તિ દેશવિરતિમાં અતિચારનું કારણ બની હોય તેની પણ નિંદા-ગર્હા કરીને શ્રાવક તેનું પ્રતિક્રમણ કરે છે.

અહીં વિશેષ એ છે કે જે શ્રાવક બે પ્રકારના પરિગ્રહનું સ્વરૂપ અને શ્રાવકજીવનમાં થતા આરંભ-સમારંભનું સ્વરૂપ શું છે ? તેનો સ્પષ્ટ બોધ કરીને સદા તેના પ્રત્યે જુગુપ્સા રાખે છે તે શ્રાવકો જ ઉત્તરોત્તર દેશવિરતિની વૃદ્ધિ દ્વારા સર્વવિરતિના બળનો સંચય કરે છે. આવા પણ શ્રાવકોને તે તે પ્રકારનાં બાહ્ય નિમિત્તોથી બે પ્રકારના પરિગ્રહમાં કે બહુ પ્રકારના સાવદ્ય આરંભના વિષયમાં પ્રમાદને વશ સ્ખલના થાય છે. પ્રસ્તુત ગાથા દ્વારા તે સ્ખલનાને સ્મરણમાં લાવીને અત્યંત ઉપયોગપૂર્વક તે સ્ખલના પ્રત્યે જુગુપ્સા દ્વારા શ્રાવક તે સ્ખલનાથી થયેલાં પાપોથી વિરુદ્ધ ભાવો કરીને તે પાપના નિવર્તનનો પરિણામ કરે તો અવશ્ય તે પાપ નાશ પામે છે; કેમ કે જે ભાવોથી પાપ થયેલું છે તેના કરતાં અધિક તીવ્ર જુગુપ્સા થાય તો અવશ્ય તે પાપ તત્કાળ નાશ પામે છે. ॥૩॥

**અવતરણિકા :-**

**પ્રતિક્રમણ કરતી વખતે શ્રાવક વંદિત્તા સૂત્ર પૂર્વે અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગમાં જ્ઞાનાચાર આદિ પાંચ આચારોનું સ્મરણ કરે છે. તે સ્મરણ કર્યા પછી તે પાંચ આચારો પોતાની શક્તિ અનુસાર જે ન સેવ્યા હોય તેનું સ્મરણ કરે છે અને પોતાની શક્તિ અનુસાર પાંચ આચારો સેવવા કંઈક યત્ન પણ કરેલ હોય છતાં, તે આચારના પાલનકાળમાં ઉચિત બહિરંગ વિધિ અને તે ઉચિત બહિરંગ વિધિના બળથી તે તે આચારને અનુરૂપ અંતરંગ ભાવો નિષ્પન્ન કરવા માટે પ્રમાદ કર્યો હોય તેના કારણે તે આચારસેવનના સમ્યક્ ફળની પ્રાપ્તિ ન થઈ હોય તે સર્વ પંચાચાર વિષયક અતિચારો છે, તેનું સ્મરણ શ્રાવક અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગમાં કરે છે. ત્યાર પછી, અતિચારનું સંક્ષિપ્તથી આલોચન 'દેવસિઅં આલોઉં' ઈત્યાદિ સૂત્રથી કરે છે. તે આલોચનકાળમાં તે ઉપયોગનો પ્રકર્ષ થાય તો તે સર્વ અતિચારોનું પાપ આલોચનથી જ નાશ પામે. આમ છતાં આલોચનકાળમાં કોઈક સ્થાને તેવો તીવ્ર ઉપયોગ ન થયો હોય તો કોઈક પાપ નાશ થવાનું બાકી રહે, જેની શુદ્ધિ અર્થે શ્રાવક પ્રતિક્રમણ કરે છે અર્થાત્ વંદિત્તા સૂત્ર દ્વારા તે પાપનું નિવર્તન કરવા યત્ન કરે છે. પૂર્વની ગાથાઓમાં તે આલોચન સામાન્યથી બતાવ્યું. હવે પંચાચારમાં લાગેલા અતિચારોમાંથી પ્રથમ જ્ઞાનાચારને આશ્રયીને જે સ્ખલના થઈ હોય અને જે સ્ખલનાનું સ્મરણ અતિચારની આઠ ગાથામાં શ્રાવકે કરેલ છે તેને સ્મૃતિમાં રાખીને તેના અતિચારોનું પ્રતિક્રમણ કરવા અર્થે કહે છે -**

**સૂત્ર :-**

**જં બદ્ધમિંદિએહિં, ચઉહિં કસાએહિં અપ્પસત્થેહિં;**
**રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**અપ્રશસ્ત એવી ઈન્દ્રિયો વડે અને અપ્રશસ્ત એવા ચાર કષાયો વડે રાગથી કે દ્વેષથી જે બંધાયું હોય=જે અશુભ કર્મ બંધાયું હોય, તેની હું નિંદા કરું છું. તેની હું ગર્હા કરું છું. ॥૪॥**

**ભાવાર્થ :-**

સામાન્યથી શ્રાવક વિધિપૂર્વક જ્ઞાનાચારનું સેવન કરે તો અવશ્ય ચિત્ત નિર્મળભાવમાં વર્તે છે અને તેના કારણે સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય તેવી જ પરિણતિ વર્તે છે. આમ છતાં , પ્રમાદને વશ શક્તિ અનુસાર જ્ઞાનાચાર સેવન ન કરે અથવા બાહ્યથી જ્ઞાન ભણવાની ક્રિયા કરે તોપણ ઇન્દ્રિયોને વશ કે કષાયને વશ ચિત્ત હોય તો તે જ્ઞાનાચારનું સેવન સમ્યક્ થતું નથી. તેને સામે રાખીને જ્ઞાનાચારના અતિચારોને બતાવતાં કહે છે કે અપ્રશસ્ત એવા ક્રોધાદિ ચાર કષાયો અને અપ્રશસ્ત એવા વિષયોમાં પ્રવર્તતી ઇન્દ્રિયોને કારણે જે રાગ-દ્વેષથી કર્મ બાંધ્યું હોય તેની હું નિંદા કરું છું.

આનાથી એ ફલિત થાય કે જ્ઞાનાચારનું સેવન માત્ર સૂત્ર ભણવાની કે સૂત્રના અર્થ સાંભળવાની ક્રિયારૂપ નથી પરંતુ સંસારના પારમાર્થિક સ્વરૂપને ભાવન કરીને સંસારથી આત્મા અત્યંત વિમુખભાવવાળો બને-તે રીતે ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને અને વિદ્યમાન એવા કષાયોને મોક્ષને અનુકૂળ પ્રવર્તાવીને જ્ઞાનાચારનું સેવન કરવામાં આવે તો તે જ્ઞાનાચારનું સેવન અતિચાર રહિત બને છે. આ પ્રકારે જ્ઞાનાચારનું સેવન પોતે ન કર્યું હોય તેને સ્મરણમાં લાવીને તેની નિંદા-ગર્હા કરવાથી દિવસ દરમ્યાન થયેલા જ્ઞાનાચારના અતિચાર પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે જેથી અપ્રમાદભાવથી જ્ઞાનાચારના સેવનનું બળ આધાન થાય છે.

અહીં વિશેષ એ છે કે જ્ઞાનાચાર એ જિનવચન અનુસાર સૂત્ર, અર્થના અધ્યયનની ક્રિયા છે અને તે ઉચિત કાળે, ઉચિત વિનયપૂર્વક ગુરુ આદિ પાસેથી શાસ્ત્રઅધ્યયનની કે અર્થશ્રવણની ક્રિયારૂપ છે. શ્રાવક સ્વશક્તિ અનુસાર વિધિપૂર્વક જ્ઞાનાચારને સેવીને વિશિષ્ટ બોધવાળો થાય છે, જેના બળથી દેશવિરતિનું પાલન પણ વિશેષ ફલવાળું બને છે. આમ છતાં ઇન્દ્રિયને વશ અને કષાયને વશ જ્યારે જીવ હોય છે ત્યારે પ્રાયઃ જ્ઞાનાચારની ક્રિયા જ કરતો નથી અને ક્વચિત્ સ્થૂલથી જ્ઞાન ભણવાની ક્રિયા કરતો હોય તોપણ તે જ્ઞાનના ભાવોથી આત્માને વાસિત કરી શકતો નથી. તે સર્વે જ્ઞાનના અતિચારો છે. તેનાથી જે કર્મો બંધાયાં છે તેની નિંદા કરવાથી તે પ્રકારના થયેલા ભાવો પ્રત્યે જો તીવ્ર જુગુપ્સા થાય તો તે જ્ઞાનના અતિચારોના સેવનથી બંધાયેલું પાપ નાશ પામે છે અને ઉત્તરમાં પણ તે શ્રાવક સમ્યગ્જ્ઞાનાચાર સેવીને આત્મહિત સાધી શકે છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**અતિચારની આઠ ગાથામાં ૫ આચારોના અતિચારનું ચિંતન કરેલ. તે અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે પ્રથમ જ્ઞાનાચારના અતિચાર પ્રત્યે જુગુપ્સા ગાથા ૪માં બતાવી. હવે ગાથા ૫ અને ૬થી દર્શનાચારના અતિચારો પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**આગમણે નિગ્ગમણે, ઠાણે ચંકમણે અણાભોગે;**
**અભિઓગે અ નિઓગે, પડિક્કમે દેસિઅં સવ્વં ।।૫।।**

**સૂત્રાર્થ :-**

**આગમનમાં, નિર્ગમનમાં, સ્થાનમાં અર્થાત્ ઊભા રહેવામાં, ચંક્રમણમાં=આમતેમ ફરવામાં, અનાભોગમાં, અભિયોગમાં કે નિયોગમાં જે (દર્શનાચારના) અતિચારો મેં દિવસ સંબંધી સેવ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ।।૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવકને ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા હોય છે તેથી અન્ય દર્શનના ઉત્સવ, મહોત્સવ કે સંન્યાસીઓ આદિ પાસેથી તત્ત્વ સાંભળવાની વૃત્તિ થતી નથી. તેમ છતાં કોઈક શ્રાવક શાસ્ત્ર ભણીને તે પ્રકારે સંપન્ન ન થયેલ હોય તો અન્ય દર્શનના તે તે પ્રકારના ઉત્સવ આદિ જોવામાં કુતૂહલ થાય છે કે ધર્મબુદ્ધિ થાય છે જેથી તેઓના પ્રસંગ જોવા માટે શ્રાવક યત્ન કરે તે દર્શનાચારનો અતિચાર છે. તે પ્રસંગને જોવા અર્થે આગમન કરે, તે સ્થાનમાં નિર્ગમન કરે, તેઓનો પ્રસંગ વર્તતો હોય તે સ્થાનમાં ઊભા રહીને જોવા યત્ન કરે, તે પ્રસંગને જોવાના આશયથી તેટલા સ્થાનમાં આમતેમ ગમનરૂપ ચંક્રમણ કરે અથવા અનાભોગથી તેને જોઈને તેના પ્રત્યે જોવાની ઉત્સુકતા ધારણ કરે તે સર્વ દર્શનાચારના અતિચાર છે. અથવા કોઈકના આગ્રહ આદિથી કે કોઈકના નિયોગથી=દબાણથી તે પ્રકારે જોવાની પ્રવૃત્તિ કરે તે વખતે જે કોઈ અન્ય દર્શનના તે પ્રસંગને જોવાથી ભગવાનના વચનની રુચિને મંદ કરે તેવો ભાવ થયો હોય અથવા પોતાની તે પ્રકારની પ્રવૃત્તિ જોઈને અન્ય દર્શનના તે તે પ્રસંગો પણ જોવા જેવા છે, અનુમોદના કરવા જેવા છે તેવો ભાવ પોતાની પ્રવૃત્તિ જોઈને અન્યને થાય છે અને પોતાને પણ તે પ્રસંગો જોઈને જે પ્રીતિ થાય છે તે તે દર્શનની અવિવેકવાળી પ્રવૃત્તિની અનુમોદનારૂપ છે. માટે તે દર્શનાચારનો અતિચાર છે. દિવસ સંબંધી તે દર્શનાચારના અતિચારનું હું પ્રતિક્રમણ કરું છું આ પ્રમાણે ઉપયોગપૂર્વક બોલવાથી અન્ય દર્શનના તે તે પ્રસંગોને જોવાની ઉત્સુકતા શાંત થાય છે અને પૂર્વમાં તેવા પ્રકારની ઉત્સુકતા થઈ હોય તેનાથી જો દર્શનાચારનો અતિચાર થયેલો હોય તો તેના પ્રત્યે જુગુપ્સા કરવાથી તે પાપ નિવર્તન પામે છે. **।।૫।।**

**અવતરણિકા :-**

**ગાથા ૫માં અન્ય દર્શનના મહોત્સવ આદિના પ્રસંગો જોવાની ઉત્સુકતાથી થયેલ દર્શનાચારના અતિચારોનું આલોચન કર્યું. હવે ભગવાનના વચનના તત્ત્વને જાણ્યા પછી પણ મતિની દુર્બળતાને કારણે કે તે પ્રકારના કષાયને વશ તત્ત્વ વિષયક જે અતિચારો થાય છે તેનું આલોચન કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**સંકા કંખ વિગિચ્છા, પસંસ તહ સંથવો કુલિંગીસુ;**
**સમ્મત્તસ્સઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૬॥**

**સૂત્રાર્થ :-**

**શંકા, આકાંક્ષા, વિચિકિત્સા, કુલિંગીઓની પ્રશંસા, કુલિંગીઓનું સંસ્તવ સ્વરૂપ દિવસ સંબંધી સમ્યક્ત્વના અતિચારોને મેં જે સેવ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવક તત્ત્વની પરીક્ષા કરીને જિનવચન જ સંસારના ઉચ્છેદનું કારણ છે તે પ્રકારનો શાસ્ત્રવચનથી, બુદ્ધિથી અને અનુભવથી નિર્ણય કરવા યત્ન કરે છે જેથી તેને સદા સ્થિર રુચિ હોય છે કે સંસારથી તરવાને ઉપાય બતાવનાર સર્વજ્ઞનું વચન જ છે, અન્ય કોઈનું વચન નથી અને તેને અતિશય કરવા અર્થે શ્રાવક પ્રતિદિન શક્તિ અનુસાર ભગવાનના વચનનું શ્રવણ કરીને પોતાના દર્શનની શુદ્ધિ કરે છે. આમ છતાં , બુદ્ધિની અપટુતાને કારણે કોઈક સ્થાનમાં ભગવાનના વચનનો સંદેહ થાય તો ભગવાનના વચનાનુસાર દૃઢ પ્રવૃત્તિ થઈ શકે નહીં, તેથી ભગવાનના વચનમાં શંકા તે દર્શનાચારનો અતિચાર છે.

વળી, અન્ય દર્શનની કોઈક વાતો સાંભળવાથી તે ધર્મની આકાંક્ષા થાય અર્થાત્ આ દર્શનવાળા પણ ધર્મને જ કહે છે તેવી બુદ્ધિ થવાથી તે દર્શનને સેવવાની આકાંક્ષા થાય તે પણ સમ્યક્ત્વનો અતિચાર છે.

વળી, સુસાધુના સંયમજીવનમાં મલિન વસ્ત્ર આદિને જોઈને જુગુપ્સા થાય તે પણ સમ્યક્ત્વનો જ અતિચાર છે; કેમ કે સંયમ મહાકલ્યાણનું કારણ છે, તેના ઉપાયરૂપ સંયમની આચરણા પ્રત્યે જુગુપ્સા થાય તે ભગવાનના વચનની શ્રદ્ધાને મલિન કરનાર પરિણામ છે. અથવા પોતે જે ધર્મનું સેવન કરે છે તેનું પોતાને ફળ મળશે કે નહીં તે પ્રકારની પરિણતિ થાય તેવી વિચિકિત્સા છે તે પણ સમ્યક્ત્વનો અતિચાર છે.

વળી, અન્ય દર્શનના સંન્યાસીઓના બાહ્ય સ્થૂલ ત્યાગના આચારોને જોઈને તેમની પ્રશંસા કરવાનું મન થાય કે તે લોકોના ગુણગાન કરવામાં આવે તે સર્વે સમ્યક્ત્વના અતિચાર છે.

આ સર્વનું સ્મરણ કરીને શ્રાવક પ્રસ્તુત ગાથાથી તે અતિચારો પ્રત્યે જુગુપ્સા કરીને તેનાથી પાછા ફરવાનો અધ્યવસાય કરે છે જે પ્રતિક્રમણની ક્રિયા છે. ઉપયોગપૂર્વક આ રીતે પ્રતિક્રમણ કરવામાં આવે તો દિવસ સંબંધી થયેલા દર્શનાચારના અતિચારોની શુદ્ધિ થાય છે. ॥૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૪માં જ્ઞાનાચારના અતિચારોનું આલોચન કર્યું અને ગાથા ૫-૬માં દર્શનાચારના અતિચારોનું આલોચન કર્યું. હવે ચારિત્રાચારના અતિચારોનું આલોચન કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

> **છક્કાયસમારંભે, પયણે અ પયાવણે અ જે દોસા;**
> **અત્તટ્ઠા ય પરટ્ઠા, ઉભયટ્ઠા ચેવ તં નિંદે ॥૭॥**

**સૂત્રાર્થ :-**

**આત્મા માટે, બીજા માટે કે સ્વ-પર ઉભય માટે જે પચન અને પાચનની ક્રિયાના વિષયમાં છ કાયનો આરંભ થયો હોય તેના વિષયમાં જે દોષો થયા હોય તેની હું નિંદા કરું છું. ॥૭॥**

**ભાવાર્થ :-**

શ્રાવક શક્તિ અનુસાર આરંભ સમારંભ ઘટાડીને સર્વવિરતિના બળનું આધાન થાય તે રીતે જીવનવ્યવસ્થામાં યત્ન કરે છે. તેથી દેશવિરતિના પાલનકાળમાં શક્ય એટલા ઓછા આરંભથી જીવન જીવી શકાય તે પ્રકારે યત્ન કરે છે અને કુટુંબ અર્થે કે પોતાના અર્થે જે રસોઈ પકાવવાની ક્રિયા કરે છે કે બીજા પાસે પકાવવાની ક્રિયા કરાવે છે તેમાં પણ વિવેકી શ્રાવક સર્વ ઉચિત યતના કરે છે, જેથી પ્રયોજન વગરની અન્ય જીવોની હિંસા ન થાય. આમ છતાં તે ક્રિયામાં પ્રમાદને વશ જે યતનાનું પાલન ન થયું હોય તેના કારણે જીવો પ્રત્યે દયારૂપ કોમળભાવનો વ્યાઘાત થાય છે. તે દોષોને સ્મૃતિમાં રાખીને વળી અન્ય પણ ગૃહકાર્ય વિષયક જે આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં ઉચિત યતના ન કરી હોય તે દોષોને સ્મૃતિમાં રાખીને, પ્રસ્તુત ગાથાથી ચારિત્રાચારના અતિચારોનું આલોચન શ્રાવક કરે છે અને તેની નિંદા કરે છે, જેથી પ્રમાદને વશ જે કોઈ આરંભ-સમારંભની પ્રવૃત્તિ થઈ હોય તેના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તો અવશ્ય તે પાપની શુદ્ધિ થાય. ॥૭॥

**અવતરણિકા :-**

**ગાથા ૪થી ૭ સુધી ક્રમસર જ્ઞાનાચાર, દર્શનાચાર, અને ચારિત્રાચારના અતિચારોનું આલોચન કર્યું. હવે વિશેષથી શ્રાવકનાં ૧૨ વ્રતો વિષયક અતિચારોનું આલોચન કરવા અર્થે પ્રથમ સંક્ષેપથી બાર વ્રતોના અતિચારોનું પ્રતિક્રમણ શ્રાવક કરે છે –**

**સૂત્ર :-**

> **પંચણ્હમણુવ્વયાણં, ગુણવ્વયાણં ચ તિણ્હમઇયારે;**
> **સિક્ખાણં ચ ચઉણ્હં, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૮॥**

**સૂત્રાર્થ :-**

**૫ અણુવ્રતો, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતોના દિવસ સંબંધી અતિચારો જે મેં કર્યા હોય તે સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૮॥**

**ભાવાર્થ :-**

શ્રાવક ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતરૂપ ૧૨ વ્રતોને ગ્રહણ કરીને સર્વવિરતિને અનુકૂળ

શક્તિસંચય કરવા અર્થે સદા યત્ન કરે છે; કેમ કે સર્વવિરતિની પ્રાપ્તિના અર્થી દ્વારા ગ્રહણ કરાયેલાં અણુવ્રતો આદિ ૧૨ વ્રતો પરમાર્થથી દેશવિરતિરૂપ છે. તે ૧૨ વ્રતોનું જો અતિચાર રહિત પાલન થાય તો સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય, માટે શ્રાવક વ્રતોમાં અતિચાર ન લાગે તેની સદા ચિંતા કરે છે. આમ છતાં જીવે અનાદિથી મોહનો જ અભ્યાસ કર્યો છે તેથી પ્રમાદને વશ કોઈક અતિચારો થયા હોય તેની શુદ્ધિ કરવી શ્રાવક માટે અતિ આવશ્યક છે. જીવસ્વભાવે અતિચારોના સેવનકાળમાં જે પ્રકારના ભાવો થાય છે તેનાથી વિરુદ્ધ ભાવો અતિચારના આલોચનમાં પ્રાયઃ જીવને થતા નથી. તેથી અતિચારના વિરુદ્ધ ભાવોને પ્રગટ કરવા અર્થે અને અતિશયિત કરવા અર્થે શ્રાવક પુનઃ પુનઃ આલોચન કરે છે. આથી જ, પ્રથમ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચારના અતિચારોના આલોચનથી શ્રાવકને ૧૨ વ્રતોના અતિચાર પ્રત્યે જુગુપ્સા થાય છે, તોપણ તે ૧૨ વ્રતોને સ્વતંત્ર ઉપસ્થિત કરીને તેના અતિચારોની આલોચના પ્રસ્તુત ગાથાથી ફરી કરે છે. પ્રસ્તુત ગાથામાં સંગ્રહરૂપે ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતને સ્મૃતિમાં લાવીને તેમાં થયેલા અતિચારોથી હું પાછો ફરુ છું તે પ્રકારે શ્રાવક યત્ન કરે છે. ॥૮॥

**અવતરણિકા :-**

**વળી, વ્રતોના અતિચારો પ્રત્યે અત્યંત જુગુપ્સા કરીને થયેલાં પાપોનું નિવર્તન અતિદુષ્કર હોવાથી શ્રાવક ક્રમસર બાર વ્રતોના અતિચારોનું આલોચન કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**પઢમે અણુવ્વયંમિ, થૂલગપાણાઇવાયવિરઇઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૯॥**

**સૂત્રાર્થ :-**

**સ્થૂલ પ્રાણતિપાત વિરતિથી અહીં પ્રથમ અણુવ્રતમાં પ્રમાદના પ્રસંગને કારણે અપ્રશસ્ત ભાવ થયે છતે આચરિત હોય=જે કોઈ આચરિત હોય, (તેનું હું પ્રતિક્રમણ કરું છું). ॥૯॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પ્રથમ અણુવ્રતનું સંક્ષેપથી સ્વરૂપ સ્મૃતિમાં લાવે છે પોતે સંપૂર્ણ પ્રાણાતિપાતથી વિરામ કરી શકે તેમ નથી, પરંતુ સ્થૂલપ્રાણાતિપાતથી પોતે વિરતિ કરેલી છે જે પ્રથમ અણુવ્રત છે=મહાવ્રતનું કારણ એવું અણુવ્રત છે. તે અણુવ્રતનું અપ્રમાદથી સેવન થાય તો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મહાવ્રતનું કારણ બને છે, આમ છતાં પ્રમાદ દોષને કારણે અણુવ્રતની મર્યાદાનું ઉલ્લંઘન થાય તેવો કોઈ અપ્રશસ્તભાવ દિવસ દરમ્યાન થયેલ હોય તો તે અપ્રશસ્તભાવથી પોતે લીધેલું પ્રથમ અણુવ્રત મલિન થાય છે.

શ્રાવક દિવસ દરમ્યાન ગમનાગમનની પ્રવૃત્તિ કે બેસવા ઊઠવાની પ્રવૃત્તિ કરે છે ત્યારે પ્રમાદને વશ કોઈ જીવો ન મરે તે પ્રકારે ભૂમિ આદિનું અવલોકન કરીને જ સર્વ પ્રવૃત્તિ કરે છે, જેથી સ્થૂલ એવા ત્રસ જીવોના રક્ષણનો પરિણામ શ્રાવકના હૈયામાં સદા વર્તે છે. આથી જ, પ્રથમ અણુવ્રતધારી શ્રાવકે વાહન

આદિમાં જવાનો પ્રસંગ ન હોય ત્યારે ભૂમિ આદિના અવલોકનપૂર્વક જીવરક્ષા માટે ઉદ્યમ કરવો જોઈએ, બેઠવા-ઊઠવાની ક્રિયા પણ ત્રસ જીવોની હિંસા ન થાય તે પ્રમાણે અવલોકન કરીને કરવી જોઈએ અને સ્થાવર જીવોમાં પણ શક્ય એટલી જીવોની હિંસા અલ્પ થાય તે પ્રમાણે યતના કરવી જોઈએ.

આ પ્રકારની પ્રથમ અણુવ્રતની મર્યાદા છે, અને તે મર્યાદામાં કોઈ પ્રકારની યતનામાં સ્ખલના થઈ હોય તે પ્રમાદનો દોષ છે. જેના કારણે તે પ્રમાદકાળમાં અપ્રશસ્તભાવ થાય છે=જીવરક્ષાને અનુકૂળ યતના કરે તેવા પરિણામની મ્લાનિપૂર્વક અન્ય કોઈ કૃત્ય કરવાની ઉત્સુકતારૂપ મલિન ભાવ થાય છે. અપ્રશસ્તભાવમાં જો કોઈ ગમનાગમનની પ્રવૃત્તિ આચરાયી હોય તો તે પ્રથમ અણુવ્રતમાં અતિચારરૂપ છે, તેનું સ્મરણ કરીને તેના નિવર્તન માટે શ્રાવક યત્ન કરે છે. તેથી પ્રસ્તુત ગાથા અત્યંત પ્રણિધાનપૂર્વક કોઈ શ્રાવક બોલે તો દિવસ દરમ્યાંન જે કોઈ પ્રવૃત્તિઓમાં શક્ય યતનાઓ ન થઈ હોય, જેના કારણે પ્રથમ અણુવ્રતમાં અતિચારો લાગ્યા હોય તેના પ્રત્યે જુગુપ્સા થાય છે. અહીં ગાથામાં હું તેનું પ્રતિક્રમણ કરું છું એ વચન અધ્યાહાર છે.

અહીં વિશેષ એ છે કે જે શ્રાવકો પ્રથમ અણુવ્રતને ગ્રહણ કરીને સદા પ્રથમ મહાવ્રતને સ્મૃતિમાં રાખીને તેની શક્તિસંચય કરવાના અર્થી છે તેઓ ગૃહસ્થજીવનમાં સર્વ આરંભ-સમારંભમાં, જીવનની આવશ્યકતામાં જરૂર ન હોય તેવા સ્થાવર જીવોની પણ હિંસા ન થાય તેવી યતના રાખે છે અને પોતાની સર્વપ્રવૃત્તિઓમાં કોઈ ત્રસ જીવ મરે નહીં તે પ્રકારે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરે છે. આથી જ વાહન આદિમાં જાય ત્યારે પણ પુંજી પ્રમાર્જીને વાહનમાં બેસે છે, જેથી ત્રસ અને સ્થાવર જીવો પ્રત્યે સ્વશક્તિ અનુસાર રક્ષણનો પરિણામ સદા વર્તે છે. આ જ પ્રમાણે અભ્યાસ કરી કરીને શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. તેથી પ્રથમ અણુવ્રત મહાવ્રતની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચયનું કારણ બને છે. આથી જ દેશવિરતિના પાલનને સર્વવિરતિનો શક્તિસંચય કરવા અર્થે શાસ્ત્રકારે બતાવેલ છે. **॥૯॥**

**અવતરણિકા :-**

**પ્રથમ અણુવ્રતમાં શ્રાવકને કયા પ્રકારના અતિચારો સંભવે છે ? તેને સંક્ષેપથી પાંચ ભેદમાં ગ્રહણ કરીને તેનું પ્રતિક્રમણ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે –**

**સૂત્ર :-**

**વહબંધછવિચ્છેએ, અઇભારે ભત્તપાણવુચ્છેએ;**
**પઢમવયસ્સઇયારે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૦॥**

**સૂત્રાર્થ :-**

**વધ, બંધ, છવિચ્છેદ=ચામડી વગેરેનો છેદ કરવો, અતિભાર આરોપણ કરવું અને આહાર-પાણીનો વિચ્છેદ કરવો એ પ્રથમ વ્રતના દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સ્થૂલપ્રાણાતિપાતની વિરતિ કરે છે, તેથી ત્રસ જીવોને નહીં મારવાનો સંકલ્પ કરે છે. આમ છતાં શ્રાવક ખેતી આદિનાં કાર્યો કરતો હોય કે ભાડા વગેરેથી આજીવિકા કરતો હોય ત્યારે પશુ આદિને કઠોર હૈયાથી મારવાનો પ્રસંગ ન આવે તેવી યતનાપૂર્વક પ્રવૃત્તિ કરે છે, તેમ છતાં ક્રોધને વશ થઈને બળદ આદિને જલ્દી ચલાવવા માટે તેને મારે, તેને દોરડા આદિથી નિર્દયી રીતે બાંધી રાખે કે તેના શરીરના કોઈક ભાગનો છેદ કરાવે અથવા શક્તિ ઉપરાંત ભાર નાખે, બળદ આદિ બરાબર કાર્ય ન કરતા હોય તો આહાર-પાણી ઉચિત સમયે ગુસ્સાથી તેમને આપે નહિ. આ સર્વ કૃત્યોમાં ત્રસ જીવો પ્રત્યે કઠોરભાવ થાય છે અથવા દાસ-દાસી આદિ હોય તેઓને પણ તે પ્રકારે મારવા આદિનું કૃત્ય કરે ત્યારે કઠોર ભાવ થાય છે જે પ્રથમ વ્રતમાં અતિચારરૂપ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ શ્રાવક પ્રથમ વ્રત સ્વીકાર્યા પછી ત્રસ જીવો માટે યતનાપૂર્વક ગમન આદિ ક્રિયા કરે છે તેમ ગૃહકાર્ય અર્થે કે આજીવિકા અર્થે માણસો પાસેથી કામ કરાવે કે પશુ પાસેથી કામ લે ત્યારે પણ દયાળુ હૈયું રાખીને ઉચિત રીતે તેઓ પાસેથી કાર્ય કરાવે તો પ્રથમ અણુવ્રતમાં અતિચાર લાગે નહિ. પરંતુ નિર્દયતાપૂર્વક તેઓ પાસેથી કાર્ય કરાવે અથવા અલ્પધન આપીને ઘણું કામ કરાવે તે સર્વકૃત્યમાં કઠોર પરિણામ થાય છે તે સર્વ પ્રથમ વ્રતના અતિચારો જ છે.

તેથી તે પ્રકારના અતિચારોનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા થાય તે રીતે શ્રાવક પ્રસ્તુત ગાથાથી કહે છે કે દિવસ સંબંધી તે સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. આ પ્રકારે ઉપયોગપૂર્વક બોલવાથી પ્રમાદને વશ કામ કરનારા માણસો સાથે કે પશુઓ સાથે કઠોરતાપૂર્વક જે વ્યવહાર થયો હોય તેનાથી ચિત્ત નિવર્તન પામે છે અને જીવો પ્રત્યેનો દયાળુભાવ સ્થિર થાય છે. જેથી પહેલું અણુવ્રત સુરક્ષિત બને છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૯માં પ્રમાદને વશ અપ્રશસ્તભાવ થવાને કારણે ત્રસ કે સ્થાવર વિષયક જે યતના વગરની આચરણા થઈ હોય તેનું પ્રતિક્રમણ કરાય છે અને ગાથા-૧૦માં લોભાદિને વશ દાસ-દાસી પ્રત્યે કે પશુ પ્રત્યે કઠોરતાપૂર્વક કોઈ આચરણા કરાઈ હોય તેનું પ્રતિક્રમણ થાય છે. **॥૧૦॥**

**અવતરણિકા :-**

**બીજા વ્રતના સ્વરૂપને કહે છે અને તેમાં થયેલા પ્રમાદની નિંદા કરે છે –**

**સૂત્ર :-**

**બીએ અણુવ્વયંમિ, પરિથૂલગઅલિયવયણવિરઇઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૧॥**

**સૂત્રાર્થ :-**

**પરિસ્થૂલ મૃષાવચનના વિરમણથી અહીં બીજા અણુવ્રતના વિષયમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્તભાવ થવાને કારણે જે આચરણ કરાયું હોય (તેનું હું પ્રતિક્રમણ કરું છું.) ॥૧૧॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરે છે, જે બીજા અણુવ્રત સ્વરૂપ છે. જે શ્રાવકે સ્થૂલ મૃષાવાદના ત્યાગનું પચ્ચક્ખાણ કર્યું છે તે શ્રાવક સૂક્ષ્મ મૃષાવાદનો પણ પરિહાર કરવા અત્યંત ઇચ્છે છે. છતાં સુસાધુની જેમ સર્વ સંગના ત્યાગની શક્તિનો સંચય પોતાનામાં થયો નથી, તેથી સૂક્ષ્મ મૃષાવાદનો પરિહાર કરી શકતો નથી; તોપણ હાસ્યથી કે કુતૂહલથી કોઈ પ્રકારનો મૃષાવાદ ન થાય તેવી યતનાપૂર્વક સર્વ પ્રવૃત્તિઓ કરે છે, જેના દ્વારા બીજા અણુવ્રતનું રક્ષણ કરે છે. જેમ પ્રથમ અણુવ્રતમાં જીવરક્ષા અર્થે શ્રાવક યતનાપૂર્વક કે ગમન આદિ યોગ્ય રીતે કરે છે તેમ બીજા વ્રતમાં પણ ગૃહસ્થના વ્યવહારમાં પ્રમાદને વશ નિષ્કારણ મૃષા બોલવાનો પ્રસંગ ન થાય તેવી યતના કરે છે. આમ છતાં ક્યારેક પ્રમાદને કારણે, હાસ્યને વશ કે અન્ય કોઈ કારણે મૃષા બોલાયું હોય અથવા સ્થૂલથી મૃષા ન હોય તેવું પણ વચન અન્યને પીડાકારી બોલાયું હોય તો તે વખતે બીજાને પીડા ઉપજાવવા પ્રત્યે ઉપેક્ષાનો પરિણામ હોવાથી તે સર્વ પ્રકારના વચનપ્રયોગોમાં અપ્રશસ્તભાવ છે. તે ભાવમાં જે કોઈ પણ સત્ય કે મૃષા વચન બોલાયું હોય તેના પ્રત્યે જુગુપ્સા કરવા અર્થે શ્રાવક કહે છે કે "તે અપ્રશસ્ત આચરણાથી હું નિવર્તન પામું છું." આ પ્રકારે ઉપયોગપૂર્વક બોલવાથી નિષ્કારણ કોઈને પીડા કરે તેવાં મૃષાવચનો તો શ્રાવક ન બોલે પરંતુ અન્યને પીડા ઉપજાવે તેવું સત્ય વચન પણ કોઈને કહે નહીં તેવો પરિણામ શ્રાવક સ્થિર કરે છે, જેથી કોઈને પીડા ન કરવી, મૃષા આદિ બોલીને કોઈને સંક્લેશ ન કરાવવો વગેરે ઉચિત સંવરનો પરિણામ આત્મામાં સ્થિર થાય છે. **॥૧૧॥**

**અવતરણિકા :-**

**બીજા વ્રતમાં પ્રમાદથી થયેલી આચરણાનું પ્રતિક્રમણ કરીને હવે બીજા વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ કરે છે –**

**સૂત્ર :-**

**સહસા રહસ્સદારે, મોસુવએસે અ કૂડલેહે અ;**
**બીયવયસ્સઇયારે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૨॥**

**સૂત્રાર્થ :-**

**સહસા કથન, કોઈકના રહસ્યનું કથન, સ્વસ્ત્રીની ગુપ્ત વાતનું કથન, મૃષાનો ઉપદેશ અને કૂટલેખ એ બીજા વ્રતના દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૨॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતાના દયાળુ ચિત્તના રક્ષણ અર્થે જેમ પ્રથમ અણુવ્રત સ્વીકારે છે તેમ પોતાના દયાળુ ચિત્તના રક્ષણ અર્થે અને તેને અતિશય કરવા અર્થે બીજા સ્થૂલ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરે છે. તેથી પોતાના જીવનમાં સહસા કોઈને વચન કહેવાઈ જાય જેનાથી પરને પીડા થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તે વચન સત્ય

હોય તોપણ અતિચારરૂપ હોવાથી શ્રાવક તેનો પરિહાર કરે છે. તેથી શ્રાવક સદા વિચારીને હિતાહિતનો નિર્ણય કરીને બોલવાનો પ્રયત્ન કરે છે. આમ છતાં તેવા કોઈક નિમિત્તને વશ સહસા કોઈને પીડાકારી એવું વચન કહેવાય તો તે બીજા વ્રતનો અતિચાર છે.

વળી, કોઈની ગુપ્ત મંત્રણા હોય અને પોતે તેને જાણતો હોય તે ગુપ્ત મંત્રણા બીજાની સામે પ્રકાશન કરવામાં આવે તે વખતે તે સત્ય વચન હોય તોપણ બીજાને પીડા કરનાર બને છે માટે બીજા વ્રતનો અતિચાર છે.

વળી, પોતાની સ્ત્રી કે પોતાના સંબંધવાળા કોઈની પણ ગુપ્ત વાત બીજા પાસે પ્રગટ કરે તો તેને પીડા થવાનો પ્રસંગ આવે. તેથી સ્વસ્ત્રીની ગુપ્તવાતના પ્રકાશનને અતિચારરૂપે કહેલ છે. વળી કોઈક પ્રસંગમાં બીજાને મૃષા ઉપદેશ આપે તે પણ બીજા વ્રતનો અતિચાર છે; કેમ કે તે ઉપદેશથી તેને જે અનર્થ થાય તેના કારણે તેને જે સંક્લેશ થાય તેમાં પોતાની મૃષા ઉપદેશની પ્રવૃત્તિ કારણ બને છે. આમ છતાં સ્વાર્થને વશ ક્યારેક અનાભોગ આદિથી મૃષા ઉપદેશ થયેલા હોય તેનું પ્રતિક્રમણ શ્રાવક કરે છે. વળી ખોટાં લખાણો સ્વાર્થ વગર ક્યારેક થયેલાં હોય તો તે પણ મૃષાવાદના અતિચારરૂપ છે તેથી બીજા વ્રતનો અતિચાર છે. આથી અનાભોગ આદિથી તેવો કૂટલેખ થયેલ હોય તો તેની પણ નિંદા કરીને શ્રાવક ચિત્તશુદ્ધિ કરવા અર્થે કહે છે કે દિવસ સંબંધી બીજા વ્રતના સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું જેથી તે પ્રકારે અતિચારના સેવનનો પરિણામ નિવર્તન પામે અને વિવેકપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવાનો અધ્યવસાય પ્રગટે. **॥૧૨॥**

**અવતરણિકા :-**

**ત્રીજા વ્રતના સ્વરૂપને કહે છે અને તેમાં થયેલા પ્રમાદની નિંદા કરે છે –**

**સૂત્ર :-**

**તઇએ અણુવ્વયંમિ, થૂલગપરદવ્વહરણવિરઇઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૩॥**

**સૂત્રાર્થ :-**

**સ્થૂલ પરદ્રવ્યના હરણની વિરતિથી અહીં ત્રીજા અણુવ્રતમાં પ્રમાદના પ્રસંગથી જે અપ્રશસ્ત ભાવ થયો છે તેનાથી કરાયેલી આચરણાનું (હું પ્રતિક્રમણ કરું છું.) ॥૧૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સંપૂર્ણ પરદ્રવ્યના હરણનો વિરામ કરી શકે તેમ નથી તેથી સ્થૂલથી પરદ્રવ્યના હરણની વિરતિ સ્વીકારે છે; કેમ કે એકેન્દ્રિય આદિ જીવો પોતાનું શરીર કોઈને આપતા નથી, છતાં એકેન્દ્રિયાદિ જીવોના શરીરને ગ્રહણ કરીને શ્રાવક જે કોઈ આહાર આદિની પ્રવૃત્તિ કરે છે તે સર્વ સૂક્ષ્મ પરદ્રવ્યના હરણ સ્વરૂપ છે, તેની વિરતિ સાધુ જ કરી શકે છે તેથી સંપૂર્ણ પરદ્રવ્યના હરણની વિરતિની ઇચ્છાવાળા શ્રાવક સર્વથા

પરદ્રવ્યના વિરતિની શક્તિના સંચય અર્થે સ્થૂલથી પરની માલિકીની વસ્તુને ગ્રહણ કરવાના પરિણામથી વિરતિ કરે છે તે ત્રીજું અણુવ્રત છે. આ પ્રકારના અણુવ્રતને પાલનારા શ્રાવકે પ્રમાદના પ્રસંગથી કોઈને પીડાકારી થાય તેવી નાનામાં નાની કોઈની વસ્તુને ગ્રહણ કરવી જોઈએ નહિ. આમ છતાં પ્રમાદને વશ અપ્રશસ્ત પરિણામ થવાને કારણે તેવી કોઈક પરની વસ્તુ ગ્રહણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય તેનાથી પાછા ફરવા માટે શ્રાવક કહે છે કે તે આચરણાનું હું પ્રતિક્રમણ કરું છું જેથી અનાભોગથી, સહસાત્કારની કે જાણીને પણ પરની કોઈક સામાન્ય વસ્તુ પણ પોતાનાથી ગ્રહણ થઈ હોય અને તેનાથી તેને પીડા થાય તેમ હોય તેવી અપ્રશસ્ત પરિણતિનું નિવારણ થાય છે. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**શ્રાવકને ત્રીજા અણુવ્રતમાં કેવા પ્રકારના અતિચારો પ્રાપ્ત થાય છે ? તેનું સ્મરણ કરીને તેનું પ્રતિક્રમણ કરે છે –**

**સૂત્ર :-**

**તેનાહડપ્પઓગે, તપ્પડિરૂવે વિરુદ્ધગમણે અ;**
**કૂડતુલ-કૂડમાણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૪॥**

**સૂત્રાર્થ :-**

**ચોરીથી લાવેલી વસ્તુના સ્વીકારમાં ચોરીનો માલ લેવો, ચોરને સહાય આપવી એમ બે અતિચાર છે. તત્પ્રતિરૂપમાં=વ્યાપાર વિષયક સુંદર વસ્તુ હોય તેના જેવી નકલી બનાવીને સુંદરના મૂલ્યથી વેચવામાં, વિરુદ્ધ ગમનમાં=રાજ્યવ્યવસ્થાની મર્યાદાથી વિરુદ્ધ કાર્યો કરવામાં અને ખોટાં તોલ-માપ કરવામાં જે દિવસ સંબંધી અતિચાર થયા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પાપભીરુ હોય છે તેથી ધનઅર્જન આદિની પ્રવૃત્તિ પણ ન્યાય, નીતિ, સદાચારપૂર્વક કરે છે. આથી જ અદત્તાદાનવિરમણવ્રતરૂપ ત્રીજું વ્રત ગ્રહણ કરીને ઉચિત રીતે ધનઅર્જનની પ્રવૃત્તિ કરે છે આમ છતાં ક્યારેક લોભને વશ થઈને પાંચ પ્રકારના કોઈ અતિચારોમાંથી કોઈ અતિચાર પોતાને દિવસ દરમ્યાન પ્રાપ્ત થયો હોય તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા થાય તેવો ભાવ કરી તેવા અતિચારો ન થાય તે પ્રકારનો દૃઢ સંકલ્પ પ્રસ્તુત ગાથાથી કરે છે. તે પાંચ અતિચારો આ પ્રમાણે છે :
(૧) બજારમાં કોઈ વસ્તુ જે ભાવથી મળતી હોય તે ભાવ કરતાં ચોર પાસેથી તે અલ્પ મૂલ્યમાં મળે ત્યારે લોભને વશ અલ્પ મૂલ્યમાં તે ખરીદ કરે, ત્યારે તેને વિચાર આવે કે હું કોઈ અન્યનું ધન ગ્રહણ કરતો નથી પરંતુ મૂલ્ય આપીને વસ્તુ ગ્રહણ કરું છું. વસ્તુતઃ ચોરી કરનારે જે અન્યનું ચોરીને તે ગ્રહણ કરેલ છે તે અદત્તાદાનરૂપ છે. અને તે વસ્તુ અલ્પ મૂલ્યમાં લેવાથી તે અદત્તાદાનની પુષ્ટિ થાય છે તેથી

ચોરીથી લાવેલ વસ્તુને ગ્રહણ કરવામાં ત્રીજા વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. ચોરને ચોરી કરવામાં સહાયક થવાથી તેની પાસેથી સુખપૂર્વક અલ્પ મૂલ્યથી વસ્તુ મળે છે તેથી લોભને વશ તે પ્રકારે કોઈ યત્ન થયો હોય તો ત્રીજા વ્રતમાં અતિચાર થાય છે.

વળી, કોઈ વસ્તુ જે સ્વરૂપે હોય તેના જેવી જ નકલી વસ્તુ બનાવીને તે ભાવથી વેચવામાં તત્પ્રતિરૂપ નામનો ત્રીજા વ્રતનો અતિચાર પ્રાપ્ત થાય છે અને લોભને વશ શ્રાવકને વિચાર આવે કે હું કોઈનું નહીં આપેલું ધન ગ્રહણ કરતો નથી. પરંતુ આ વણિક કલા છે તેથી સુંદર વસ્તુ સદૃશ વસ્તુને વેચવાથી સારો નફો થાય છે તેમ વિચારીને પ્રતિરૂપ વસ્તુ વેચે ત્યારે ત્રીજા વ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે તે વસ્તુની કિંમત કરતાં અધિક મૂલ્ય લેવાથી સામે વ્યક્તિને ઠગીને તે અધિક ધનની પ્રાપ્તિ થઈ. માટે ત્રીજું વ્રત મલિન થાય છે.

વિરુદ્ધગમન :- રાજ્ય વિરુદ્ધ વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિ કરવામાં પણ ત્રીજા વ્રતના અતિચારની પ્રાપ્તિ થાય છે; કેમ કે રાજ્યમર્યાદાના ઉલ્લંઘનથી તે ધનની પ્રાપ્તિ થઈ હોવાથી અદત્તાદાન વ્રતમાં મલિનતા થાય છે.

ખોટાં તોલમાપમાં અલ્પ આપીને અધિક મૂલ્ય લેવાથી પરના દ્રવ્યના ગ્રહણનો જ પ્રસંગ છે; તેથી ત્રીજા વ્રતમાં અતિચાર છે. આ પ્રકારના પાંચ અતિચારોનું સ્મરણ કરીને ઉપયોગપૂર્વક તેનું પ્રતિક્રમણ કરવામાં આવે તો તે પાપપ્રવૃત્તિ પ્રત્યે જુગુપ્સા થતી હોવાથી તેવા પ્રકારનાં પાપો થતાં નથી અને પૂર્વમાં જે પાપનો અધ્યવસાય થયેલ હોય તેનાથી વિરુદ્ધ ભાવ થવાથી તે પાપની શુદ્ધિ થાય છે. માટે કલ્યાણના અર્થીએ ઉપયોગપૂર્વક પાપની જુગુપ્સા થાય તે રીતે અતિચારોનું પ્રતિક્રમણ કરવું જોઈએ. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**ચોથા વ્રતમાં થયેલા પ્રમાદની નિંદા કરે છે –**

**સૂત્ર :-**

**ચઉત્થે અણુવ્વયંમિ, નિચ્ચં પરદારગમણવિરઇઓ;**
**આયરિયમપ્પસત્થે, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૫॥**

**સૂત્રાર્થ :-**

**નિત્ય પરસ્ત્રીના સેવનની વિરતિથી ચોથા અણુવ્રતમાં અહીં પ્રમાદના પ્રસંગને કારણે અપ્રશસ્તભાવમાં જે આચરણા થઈ છે (તેનું હું પ્રતિક્રમણ કરું છું.) ॥૧૫॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને સપૂર્ણ બ્રહ્મચર્ય પ્રત્યે અત્યંત પક્ષપાત હોય છે; કેમ કે અબ્રહ્મનું સેવન જીવની મલિનતાનું કારણ છે તેવો સ્પષ્ટ બોધ શ્રાવકને છે, છતાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની શક્તિ નહીં હોવાથી પરસ્ત્રીના

સેવનથી નિત્ય વિરામ કરીને ચોથા વ્રતનું પાલન કરે છે. આમ છતાં પ્રમાદને વશ ક્યારેક અપ્રશસ્તભાવ થવાને કારણે પરસ્ત્રીને જોઈને રાગાદિ થાય કે તે પ્રકારની કોઈ અનુચિત ચેષ્ટા પોતાનાથી થઈ હોય જે ચોથા વ્રતમાં મલિનતાનું અવશ્ય કારણ છે; કેમ કે શ્રાવકે પરસ્ત્રીનું સેવન કરવાનો નિષેધ કર્યો છે તેથી તેની સાથે રાગથી વાર્તાલાપ પણ કરવો ઉચિત નથી કે રાગની વૃદ્ધિ થાય એવી કોઈ પણ પ્રવૃત્તિ ઉચિત નથી, છતાં અંતરંગ અત્યંત સાવધાન ન રહે તો પ્રમાદને વશ અનાભોગથી પણ તે પ્રકારની બાહ્ય કોઈ પ્રવૃત્તિ થઈ હોય તેનું સ્મરણ કરીને તેનાથી હું પાછો ફરું છું એ પ્રકારનો અધ્યવસાય શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે, જેથી અણિશુદ્ધ વ્રત પાળવા પ્રત્યેનો પક્ષપાત રાખે છે. પ્રમાદને વશ થયેલા અનુચિત ભાવો પ્રત્યે જુગુપ્સા થાય છે જેથી તે ભાવોથી થયેલો કર્મબંધ નાશ પામે છે. માટે દુષ્કર એવા પણ વ્રતમાં સ્થિરતા અર્થે શ્રાવકે અત્યંત ઉપયોગપૂર્વક ગાથાને બોલીને શુદ્ધભાવ કરવા યત્ન કરવો જોઈએ જેથી ચિત્ત નિર્મલ બને. ॥૧૫॥

**અવતરણિકા :-**

**ચોથા વ્રતના અતિચારોનું સ્મરણ કરીને તેનાથી પ્રતિક્રમણ કરે છે –**

**સૂત્ર :-**

**અપરિગ્ગહિઆ ઇત્તર, અણંગવિવાહ તિવ્વઅણુરાગે;**
**ચઉત્થવયસ્સઇઆરે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૬॥**

**સૂત્રાર્થ :-**

**અપરિગૃહીત વેશ્યાનું સેવન, ઈત્વર પરિગૃહીત વેશ્યાનું સેવન, અનંગની ક્રિયા=સ્ત્રીનાં અન્ય અંગો સાથે કામના ઉદ્રેક કરે તેવી ચેષ્ટા, પરના વિવાહનું કરણ અને સ્વસ્ત્રીમાં તીવ્ર અનુરાગ એ ચોથા વ્રતના દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવક બ્રહ્મચર્ય વ્રતનો અર્થી હોવા છતાં કોઈક શ્રાવક અતિશય કામને વશ હોય તો પરસ્ત્રીના વર્જનરૂપ ચોથું વ્રત ગ્રહણ કરે તેથી પોતાની સ્વસ્ત્રીથી સંતોષ ન થાય ત્યારે વેશ્યાને ત્યાં પણ જાય તો તેના વ્રતનો ભંગ થતો નથી; કેમ કે તેણે માત્ર પરસ્ત્રી સાથે સંબંધ નહીં કરવાનો અભિગ્રહ કર્યો છે. આમ છતાં કોઈ સ્ત્રી અન્યને પરણેલી ન હોય ત્યારે શ્રાવકને વિચાર આવે કે મેં પરસ્ત્રીવિરમણનું વ્રત લીધેલ છે અને આ પરસ્ત્રી નથી તેમ માનીને તેનું સેવન કરે તો તેના વ્રતમાં અતિચાર લાગે; કેમ કે ન પરણેલી કન્યાની સાથે પણ આ રીતે પ્રવૃત્તિ કરવી એ ઉચિત નથી. કદાચ કામને વશ ન જ રહી શકે તો વેશ્યાના ગમનથી મર્યાદા છૂટ હોવાથી વ્રતનો અતિચાર લાગતો નથી. પરંતુ અન્ય કોઈ નહીં પરણેલી સ્ત્રી સાથે સંબંધ કરવો ઉચિત નથી. વળી કોઈ વેશ્યા પૈસા આપીને અમુક કાળ માટે કોઈકનાથી ગ્રહણ કરાયેલી હોય તે અલ્પકાળ

માટે કોઈકની સ્ત્રીરૂપે ગ્રહણ કરાયેલી છે તેથી એટલો કાળ સુધી પરસ્ત્રી કહેવાય, આમ છતાં શ્રાવકને વિચાર આવે છે આ વેશ્યા જ છે, પરસ્ત્રી નથી તેમ માનીને તેનો સંબંધ કરે તો અલ્પકાળ માટે સ્ત્રીરૂપે સ્વીકારાયેલી તે વેશ્યા સાથે સંબંધ કરવાથી પરસ્ત્રીના વિરમણ વ્રતમાં અતિચાર લાગે છે.

જે શ્રાવકે સ્વસ્ત્રીમાં સંતોષ રાખવાનો અભિગ્રહ કર્યો છે તે શ્રાવક માટે અપરિગૃહીત એવી અન્ય સ્ત્રી કે વેશ્યાના સેવનમાં પણ વ્રતભંગ થાય છે અને અલ્પકાળ માટે પરિગૃહીત એવી વેશ્યાના સેવનમાં પણ વ્રતભંગ થાય છે. વળી જે શ્રાવકે સ્વસ્ત્રીમાં સંતોષ રાખવાનું પચ્ચક્ખાણ કરેલ છે અથવા જે શ્રાવકો પરસ્ત્રીના ત્યાગનું પચ્ચક્ખાણ કરે છે તે બંને પ્રકારના શ્રાવકોએ પણ કામને ઘટાડવા માટે શક્ય એટલો યત્ન કરવો જોઈએ. છતાં કામને વશ સ્વસ્ત્રીનાં અન્ય અંગો સાથે કામની વૃદ્ધિ થાય તેવી ચેષ્ટા કરે તે અનંગક્રીડા છે, જેનાથી કામની વૃદ્ધિ થાય છે, તેથી સ્વીકારાયેલા વ્રતનો ભંગ નહીં હોવા છતાં સ્વીકારાયેલા ચોથા વ્રતમાં અતિચારરૂપ અનંગક્રીડા છે માટે તેનું સ્મરણ કરીને અનાભોગ આદિથી કોઈ પ્રયત્ન થયો હોય તો શ્રાવકે તેની શુદ્ધિ કરવી જોઈએ.

વળી, શ્રાવકે કામને ઉત્તેજન કરે તેવી અન્યના વિવાહના વિષયમાં કોઈ પ્રવૃત્તિ કરવી જોઈએ નહીં. ફક્ત પોતાનાં સંતાનોની લગ્ન માટેની જવાબદારીનો વિચાર કરીને ઉચિત યત્ન કરવો જોઈએ, છતાં પ્રમાદને વશ કોઈકના વિવાહમાં કોઈક પ્રકારે સહાયક થવાનો યત્ન પોતાનાથી થયેલ હોય તો તે અન્યના કામના સેવનની પ્રવૃત્તિમાં અનુમોદન હોવાથી શ્રાવકના ચોથા વ્રતના અતિચારરૂપ છે માટે અનાભોગ આદિથી પણ કોઈ પ્રવૃત્તિ થઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરવું જોઈએ.

વળી શ્રાવકે પોતાની કામ વૃત્તિને ઘટાડવા માટે સદા ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. આમ છતાં પ્રમાદને વશ કામના વિષયમાં તીવ્ર અનુરાગ થાય તો તે પણ ચોથા વ્રતમાં અતિચારરૂપ છે. તેથી જે શ્રાવક સદા કામના અનર્થકારી સ્વરૂપનું ચિંતન કરીને કામને ક્ષીણ કરવા પ્રયત્ન કરતા નથી તેઓમાં નિમિત્તને પામીને કામરાગ તીવ્ર થાય તો તે ચોથા વ્રતને મલિન કરનાર છે. **॥૧૬॥**

**અવતરણિકા :-**

**પાંચમા અણુવ્રતના સ્વરૂપને બતાવીને તેમાં થયેલી મલિનતાનું પ્રતિક્રમણ કરે છે –**

**સૂત્ર :-**

**ઇત્તો અણુવ્વએ પંચમમ્મિ, આયરિયમપ્પસત્થંમિ;**
**પરિમાણપરિચ્છેએ, ઇત્થ પમાયપ્પસંગેણં ॥૧૭॥**

**સૂત્રાર્થ :-**

**હવે પાંચમા અણુવ્રતમાં પ્રમાદના પ્રસંગથી અપ્રશસ્તભાવ થયે છતે પરિમાણના પરિચ્છેદમાં= ધન-ધાન્ય આદિના પરિમાણની મર્યાદામાં, જે વિપરીત આચરાયેલું હોય (તેનું હું પ્રતિક્રમણ કરું છું.) ॥૧૭॥**

**ભાવાર્થ :-**

શ્રાવક ધન-ધાન્ય આદિરૂપ પરિગ્રહને સીમિત કરીને લોભવૃત્તિના સંકોચ અર્થે પાંચમું અણુવ્રત સ્વીકારે છે, છતાં પ્રમાદને વશ પોતે જે ધનધાન્ય આદિનું પરિમાણ કરેલું છે તેના વિષયમાં અપ્રશસ્ત પરિણામ થાય તો લોભને વશ કંઈક વ્રતની મર્યાદાથી અધિક ધન સંચય આદિનો પરિણામ થાય, જે બાહ્ય આચરણારૂપે કંઈક કર્યું ન હોય તોપણ વ્રતની મર્યાદાના ઉલ્લઘંનનો પરિણામ છે તે દોષરૂપ છે. જેમ નવ પ્રકારના પરિગ્રહમાંથી કોઈક રીતે કોઈક પરિગ્રહની વૃદ્ધિ થાય તેમ છે અને તે વૃદ્ધિ પ્રત્યેના મમત્વને કારણે તે નવ પ્રકારના પરિગ્રહમાં પરસ્પર રૂપાંતર કરીને વ્રત જાળવવાના આશયથી મનથી કોઈક વિચાર કર્યો, કોઈ વચનપ્રયોગ કર્યો કે કોઈક તે પ્રકારની પ્રવૃત્તિ કરી તે સર્વ પ્રમાદને વશ થયેલા અપ્રશસ્તભાવો છે, એટલું જ નહીં પણ મહાવ્રતરૂપ સર્વથા પરિગ્રહના વિરમણને સ્મૃતિમાં રાખીને તેને અનુરૂપ પોતાનું સ્વીકારાયેલું દેશવિરતિરૂપ પરિગ્રહ પરિમાણ કઈ રીતે કારણ બને તેની કોઈ વિચારણા ન કરવામાં આવે તે સર્વ પ્રમાદથી કરાયેલા અપ્રશસ્તભાવો છે. તેની આચરણાની નિંદા કરવાથી સ્વીકારાયેલા પરિગ્રહ વ્રત દ્વારા સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કેમ થાય ? તેની માર્ગાનુસારી વિચારણા શ્રાવકના ચિતમાં સદા વર્તે છે. અને તેમાં થયેલી સ્ખલનાનું સ્મરણ કરીને શ્રાવક વિચારે છે કે મારા ધન-ધાન્ય આદિના પરિમાણની મર્યાદામાં જે મેં અપ્રશસ્તભાવ કર્યો છે તેનાથી હું પાછો ફરું છું. **॥૧૭॥**

**સૂત્ર :-**

**ધણધન્નખિત્તવત્થુ- રૂપ્પસુવન્ને અ કુવિઅ પરિમાણે;**
**દુપએ ચઉપ્પયંમિ ય, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૧૮॥**

**સૂત્રાર્થ :-**

**ધન-ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ=ગૃહ આદિ, રૂપું, સુવર્ણ, કુપ્ય વગેરે અન્ય ધાતુઓ એ સર્વના પરિમાણના વિષયમાં અને બે પગવાળાં દાસ-દાસી અને ચાર પગવાળાં પશુ આદિના વિષયમાં જે પરિગ્રહનું પરિમાણ મેં કર્યું છે તેમાં કોઈ સૂક્ષ્મ પણ અતિચારો લાગ્યા હોય તે દિવસ સંબંધી સર્વે પણ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

શક્ય હોય તો શ્રાવક પરિગ્રહના સર્વભેદોમાંથી દરેક ભેદોનું પૃથક્-પૃથક્ પરિમાણ કરીને તેનું પચ્ચક્ખાણ કરે; જેથી સર્વ પ્રકારના પરિગ્રહમાં પરિમાણ થવાને કારણે સર્વ પરિગ્રહ વિષયક મૂર્ચ્છાની મર્યાદા થવાથી વિશેષ પ્રકારના સંવરભાવની પ્રાપ્તિ થાય છે. આ સર્વ પ્રકારના પરિગ્રહને સ્થૂલથી ધન-ધાન્ય આદિરૂપે નવ વિભાગમાં શાસ્ત્રકારોએ બતાવેલ છે તે પ્રમાણે કોઈ શ્રાવકે પરિગ્રહનું પરિમાણ લીધેલું હોય અને સુવર્ણ આદિ કોઈક વસ્તુ તેના પરિમાણથી વૃદ્ધિ થાય તેમ હોય ત્યારે તેને એક-બીજામાં ફેરવીને પોતાનું વ્રત રક્ષણ કરવા યત્ન કરે તે વખતે વ્રતમાં કંઈક અતિચાર થવાનો સંભવ રહે છે; કેમ કે પોતે જે સુવર્ણની

મર્યાદા કરી છે તેનાથી અધિક સુવર્ણ કોઈક રીતે તેને પ્રાપ્ત થયું તેને સ્વીકારીને અન્યત્ર તેને સ્થાપન કરે છે અને તેની પાસેથી તે સુવર્ણને ગ્રહણ કરવા પૂર્વે પોતાની પાસે રહેલ સુવર્ણ અન્ય વસ્તુરૂપે રૂપાંતર કરે છે ત્યારે જે અન્ય સુવર્ણ પોતે સ્વીકારેલું પરંતુ પોતાની પાસે રાખ્યું નથી, છતાં પોતાનું સુવર્ણ અન્ય ધાતુરૂપે રૂપાંતર કરીને પછી ગ્રહણ કરશે તે પોતાની વ્રતની મર્યાદાથી અધિક હોવાથી વ્રતની મલિનતાને કરે છે. માટે શ્રાવકે નવ પ્રકારના પરિગ્રહમાંથી જે-જે વસ્તુનું જે-જે પરિમાણ કર્યું હોય તેનાથી અધિકની લાલસા ન થાય અને સંતોષની વૃદ્ધિ થાય તે પ્રમાણે યત્ન કરવો જોઈએ, છતાં પ્રમાદને વશ કોઈક અતિચાર થયો હોય તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે તે અતિચારનું પ્રતિક્રમણ કરવું જોઈએ. ॥૧૮॥

**અવતરણિકા :-**

**શ્રાવક સર્વવિરતિના શક્તિના સંચય અર્થે પાંચ મહાવ્રતોના પાલનરૂપ સર્વવિરતિને અનુરૂપ બળ આધાન કરે એવાં પાંચ અણુવ્રતોને સ્વીકારે છે, જે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને જીવમાં સર્વવિરતિને અનુકૂળ સામર્થ્ય પ્રગટ કરે છે. વળી, પાંચ અણુવ્રતોને અતિશય કરવા અર્થે ત્રણ ગુણવ્રતો ગ્રહણ કરે છે, જે ગુણવ્રતો પાંચ અણુવ્રતોને અતિશય કરવાનાં પ્રબલ કારણ છે તે ત્રણ ગુણવ્રતોમાંથી પ્રથમ ગુણવ્રતરૂપ છટ્ઠા વ્રતના અતિચારની આલોચના શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે –**

**સૂત્ર :-**

**ગમણસ્સ ય પરિમાણે, દિસાસુ ઉડ્ઢં અહે અ તિરિઅં ચ;**
**વુડ્ઢિ સઇઅંતરદ્ધા, પઢમંમિ ગુણવ્વએ નિંદે ॥૧૯॥**

**સૂત્રાર્થ :-**

**ઊર્ધ્વદિશા, અધોદિશા અને તિર્યક્ દિશામાં ગમનના પરિમાણમાં (જે અતિક્રમણ થયું હોય) અથવા વૃદ્ધિ કરી હોય=એક દિશામાંથી અન્ય દિશામાં પરિમાણની વૃદ્ધિ કરી હોય, અથવા સ્મૃતિનું અંતર્ધાન થયેલું હોય=પોતાના ગ્રહણ કરાયેલા પરિમાણની વિસ્મૃતિ થયેલી હોય, તે રૂપ પ્રથમ ગુણવ્રતમાં થયેલા અતિચારોની હું નિંદા કરું છું. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુની જેમ સંપૂર્ણ પાપથી વિરામ પામેલ નથી, છતાં સંપૂર્ણ પાપ વગરની સંયમ અવસ્થા પ્રત્યે તેને અત્યંત રાગ છે તેથી જ સંપૂર્ણ પાપરહિત અવસ્થાની પ્રાપ્તિના ઉપાયરૂપે પાંચ અણુવ્રતો સ્વીકારે છે. છતાં તે અણુવ્રતોના સ્વીકારથી કંઈક પાપની નિવૃત્તિ થઈ છે તોપણ હજી પાપનો પરિણામ વિદ્યમાન છે તેથી જ ગૃહસ્થઅવસ્થામાં છે.

વિવેકી એવા પણ શ્રાવકને શાસ્ત્રકારોએ તપાવેલા લોઢાના ગોળા જેવો કહેલ છે. જેમ તપાવેલ લોઢાના ગોળાના સંયોગમાં જે કોઈ જીવ આવે તે મૃત્યુ પામે છે તેમ શ્રાવકના ગમનાગમનના વ્યાપારથી

પણ ઘણા જીવોની હિંસા થાય છે. તેથી પાંચ અણુવ્રતના સ્વીકારથી કંઈક હિંસાની નિવૃત્તિ થઈ હોવા છતાં ૧૪ રાજલોકવર્તી કોઈપણ સ્થાનમાં ગમનાગમન દ્વારા તેનાથી હિંસા થઈ શકે તેવો પરિણામ શ્રાવકમાં વર્તે છે.

આ પરિણામને ક્ષેત્રથી સંકોચ કરવા અર્થે શ્રાવક ચાર દિશા, પાંચમી ઊર્ધ્વ દિશા અને છટ્ઠી નીચેની દિશાને આશ્રયીને જાવજ્જીવ સુધી ગમનની મર્યાદા કરે છે. અને તે મર્યાદા અનુસાર ગમે તેવા પ્રસંગમાં તે દિશાની મર્યાદાનું ઉલ્લંઘન ન કરે તેવો દૃઢ પરિણામ થાય તો જે પહેલાનાં પાંચ અણુવ્રતોથી કંઈક પાપની વિરતિ હોવા છતાં અન્ય અંશમાં કંઈક પાપની અવિરતિ છે તે ક્ષેત્રથી મર્યાદિત થાય છે. તેથી ઘણા પ્રકારનાં પાપોની નિવૃત્તિ થાય છે. એથી છટ્ઠું ગુણવ્રત પાંચ અણુવ્રતોને અતિશય કરવાનું કારણ બને છે; કેમ કે પાંચ અણુવ્રતોથી જે પાપની નિવૃત્તિ થયેલી તેમાં જ ગમન વિષયક ક્ષેત્રની મર્યાદા કરવાથી તે ક્ષેત્રથી અધિક ક્ષેત્રમાં તે પાપોની સંભાવના રહેતી નથી.

વળી, પોતે જે દિશાના પરિમાણરૂપ વ્રત લીધું છે તેના વિષયમાં ક્યારેક અનાભોગથી કે સહસાત્કારથી તિર્છી એવી ચાર દિશામાં, ઊર્ધ્વ દિશામાં કે અધોદિશામાં અધિક ગમન થાય તો અતિચારની પ્રાપ્તિ થાય અને જાણવા છતાં ઉત્કટ ઇચ્છાથી અધિક ક્ષેત્રમાં જાય તો વ્રતનો ભંગ થાય. આથી જ વ્રતના રક્ષણના અર્થી શ્રાવક અનાભોગથી કે સહસાત્કારથી ત્રણેય દિશામાંથી કોઈ દિશામાં અધિક જવાયું હોય તોપણ ત્યાં ગયા પછી સ્મરણ થાય કે ક્ષેત્રમર્યાદાનું ઉલ્લંઘન થયું છે તો ત્યાં જે કાર્ય અર્થે ગયેલ છે, તે કાર્ય કર્યા વગર પાછો ફરે છે, તોપણ તે ક્ષેત્રનું ઉલ્લંઘન પ્રમાદથી થયું છે માટે અતિચારરૂપ છે.

વળી, પોતે ચાર દિશામાં કે ઊર્ધ્વ, અધો દિશામાં જે ક્ષેત્રની મર્યાદા કરી છે તેનાથી કોઈક દિશામાં અધિક જવાનો પ્રસંગ આવે ત્યારે કષાયને વશ થઈને વિચારે કે અન્ય દિશામાં તેટલા ગાઉ પ્રમાણ હું જઈશ નહીં, તેમ વિચારીને પોતાને જે દિશામાં અધિક જઉં છું તેનાથી અન્ય દિશામાં તેનો સંકોચ કરીને પોતાને અભિમત સ્થાને તેટલું ક્ષેત્ર અધિક કરીને તે ક્ષેત્રમાં જીવ જાય ત્યારે પ્રતિજ્ઞાની મર્યાદાથી ક્ષેત્રના પરિમાણની વૃદ્ધિ કરેલ હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય છે

વળી, શ્રાવકે પોતે જે-જે દિશાનું જેટલું-જેટલું પ્રમાણ નક્કી કર્યું છે તેની સદા સ્મૃતિ રાખીને પ્રવૃત્તિ કરવી જોઈએ, છતાં પ્રમાદવશ પોતાના પચ્ચક્ખાણની મર્યાદા કર્યા પ્રમાણે તે મર્યાદાનું સ્મરણ ન રહે ત્યારે ક્ષેત્રની મર્યાદાનું ઉલ્લંઘન થયેલું ન હોય તોપણ વ્રતના વિસ્મરણરૂપ અતિચારની પ્રાપ્તિ થાય છે.

તેથી શ્રાવક પ્રસ્તુત સૂત્ર બોલતી વખતે છઠ્ઠા ગુણવ્રતના પાંચ અતિચારોમાંથી કોઈ પણ અતિચાર થયેલ હોય તો તેને સ્મૃતિમાં લાવીને તેની નિંદા કરે છે અને કોઈ અતિચાર ન થયો હોય તોપણ છઠ્ઠા ગુણવ્રતના તે અતિચારોની નિંદા કરીને અતિચાર રહિત વ્રત પાળવાની શક્તિનો સંચય કરે છે. માટે ઉપયોગપૂર્વક પ્રસ્તુત ગાથા બોલવાથી છઠ્ઠા વ્રતમાં થયેલા અતિચારોની શુદ્ધિ થાય છે અને અતિચારો ન થયા હોય તો અતિચારો પ્રત્યે વિદ્યમાન જુગુપ્સા અતિશયિત થાય છે. તેથી નિરતિચાર વ્રત પાળવાની શક્તિનો સંચય થાય છે. **॥૧૯॥**

**અવતરણિકા :-**

**શ્રાવક પોતાના સ્વીકારેલાં પાંચ અણુવ્રતોથી પાપની નિવૃત્તિ કર્યા પછી તે પાપની નિવૃત્તિને અતિશય કરવા અર્થે જેમ દિશાઓનું પરિમાણ કરે છે તેમ પોતાના ભોગ-ઉપભોગ વિષયમાં પણ મર્યાદા કરે છે, જેથી ભોગ-ઉપભોગને આશ્રયીને થતાં ઘણાં પાપોની નિવૃત્તિ થાય છે અને તે ભોગ-ઉપભોગ પરિમાણવ્રત વિશે અતિચારોની શુદ્ધિ કરવા અર્થે ચાર ગાથાથી કહે છે –**

**સૂત્ર :-**

**મજ્જમ્મિ અ મંસમ્મિ અ, પુપ્ફે અ ફલે અ ગંધમલ્લે અ;**
**ઉવભોગે પરિભોગે, બીયમ્મિ ગુણવ્વએ નિંદે ॥૨૦॥**

**સૂત્રાર્થ :-**

**મદ્યમાં, માંસમાં, પુષ્પમાં, ફળમાં, ગંધમાલ્યમાં=સુગંધી પદાર્થોના વિષયમાં, ઉપભોગ-પરિભોગ વિષયક જે મર્યાદા કરી છે તે બીજા ગુણવ્રત વિષયક મર્યાદાના ઉલ્લંઘનની હું નિંદા કરું છું. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સામાન્યથી મદ્ય, માંસનો અવશ્ય ત્યાગ કરે. કોઈક રીતે ધર્મ પામ્યા પૂર્વે એવું વ્યસન થયેલું હોય જેથી મદ્ય, માંસને છોડવું અશક્ય જણાય તોપણ સર્વવિરતિ પ્રત્યેના રાગપૂર્વક અને સ્વશક્તિ અનુસાર સર્વવિરતિના પરમાર્થને જાણીને તેવા સર્વવિરતિના પરિણામને મારે પ્રાપ્ત કરવું છે તે પ્રકારના તીવ્ર અભિલાષપૂર્વક સ્વશક્તિ અનુસાર મદ્ય, માંસ આદિમાં મર્યાદા કરે, જેથી ક્રમસર તે પાપ અલ્પ-અલ્પતર થાય. તે સિવાય ભોગ-ઉપભોગ અર્થે પુષ્પોનો ઉપયોગ કરે કે ફલાદિનો આહાર કરે કે સુગંધી પદાર્થોનો ઉપભોગ કરે તે સર્વની પોતાની શક્તિ અનુસાર મર્યાદા કરે, જેથી ભોગ-ઉપભોગને આશ્રયીને થતું પાપ અલ્પ થાય. આ પ્રકારની મર્યાદા કર્યા પછી અનાભોગથી કે સહસાત્કારથી પણ તેના વિષયમાં કોઈ મનથી, વચનથી કે કાયાથી સ્ખલના થઈ હોય તેનું સ્મરણ કરીને તેની નિંદા કરે, જેથી વ્રતની શુદ્ધિ થાય. કદાચ સ્વીકારાયેલા વ્રતની મર્યાદામાં કોઈ સ્ખલના ન થઈ હોય તોપણ તે વ્રતમાં સંભવિત સ્ખલના પ્રત્યે જુગુપ્સા થવાથી બીજા ગુણવ્રત વિષયક દૃઢતા પ્રાપ્ત થાય છે.

**અવતરણિકા :-**

**સાતમા ભોગોપભોગ વ્રત વિષયક સંભવિત અતિચારોનું સ્મરણ કરીને તેની શુદ્ધિ કરે છે –**

**સૂત્ર :-**

**સચ્ચિત્તે પડિબદ્ધે, અપોલિદુપ્પોલિઅં ચ આહારે,**
**તુચ્છોસહિભક્ખણયા, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૧॥**

**સૂત્રાર્થ :-**

**સચિત્ત આહાર, સચિત્તપ્રતિબદ્ધ આહાર, અપક્વાહાર, દુષ્પક્વ-આહારના વિષયમાં અને તુચ્છ ઔષધિના ભક્ષણથી દિવસ સંબંધી જે અતિચારો થયા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

ભોગોપભોગ વ્રતના સંકોચના અર્થી શ્રાવક શક્તિ હોય તો સચિત્ત વસ્તુ વાપરે નહીં અને જે શ્રાવકે સચિત્ત વસ્તુનો સર્વથા ત્યાગ કર્યો છે તે શ્રાવકથી ક્યારેક અનાભોગથી કે સહસાત્કારથી સચિત્ત વસ્તુનું ભક્ષણ થાય તો તે અતિચાર છે.

વળી, સચિત્તના ત્યાગી એવા શ્રાવકથી પણ સચિત્ત સાથે રહેલ કોઈક વસ્તુનું ગ્રહણ અનાભોગ આદિથી થાય તો તે વસ્તુ સચિત્ત નહીં હોવા છતાં સચિત્ત સાથે સંસર્ગવાળી હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય. જેમ કોઈ ફલ આદિ અચિત્ત કરવા માટે સમારીને રાખેલ હોય અને તેમાં સચિત્ત એવું કોઈ બીજ રહી ગયેલ હોય તો તે સમારેલું ફળ સચિત્ત એવા બીજ સાથે પ્રતિબદ્ધ છે જેના ભક્ષણમાં શ્રાવકને અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, કોઈ અપક્વ આહાર ગ્રહણ કરે તો તેમાં પણ સચિત્તની પ્રાપ્તિનો સંભવ રહે છે. તેથી તેવા નહીં રંધાયેલા આહારના ભક્ષણમાં પણ શ્રાવકને અતિચારની પ્રાપ્તિ થાય.

વળી દુષ્પક્વ આહાર હોય અર્થાત્ અર્ધ રંધાયેલો આહાર હોય તેમાં પણ સચિત્તની પ્રાપ્તિની સંભાવના રહે છે, માટે તેવો આહાર ગ્રહણ કરવાથી પણ શ્રાવકને અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી જેમા ખાવાનું અલ્પ હોય અને ફેંકી દેવાનું વધુ હોય તેવી તુચ્છઔષધિના ભક્ષણથી સચિત્તના ત્યાગનો ભંગ નથી તોપણ ભોગોપભોગ પરિમાણમાં તેનો ત્યાગ કરવો જોઈએ, છતાં શ્રાવક તેનું ભક્ષણ કરે તો અતિચારની પ્રાપ્તિ થાય.

ભોગોપભોગના વ્રતની મર્યાદા અનુસાર સચિત્તના ત્યાગી શ્રાવકને પ્રાપ્ત થતા અતિચારોનું સ્મરણ કરીને તેનું પ્રતિક્રમણ કરવાથી એ પ્રકારના થયેલા અતિચારોની નિવૃત્તિ થાય છે અને કોઈ શ્રાવકે સચિત્તનો ત્યાગ કર્યો ન હોય તોપણ પ્રસ્તુત ગાથાના સ્મરણથી સચિત્તના ત્યાગ પ્રત્યેનો અને તુચ્છ ફળોના ભક્ષણના ત્યાગ પ્રત્યેનો રાગ સ્થિર થાય છે જેથી ભોગ-ઉપભોગ પરિમાણની વૃદ્ધિમાં બળનો સંચય થાય છે. **॥૨૧॥**

**અવતરણિકા :-**

**ભોગ-ઉપભોગ પરિમાણ વ્રતને આશ્રયીને જ વેપાર આદિ કૃત્યોના વિષયમાં વર્જ્ય એવાં પંદર કર્માદાનો બતાવે છે જેથી તેના પ્રત્યે જુગુપ્સા કરીને તેવાં કર્માદાનોનું સેવન ધનના લોભ અર્થે થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય નહિ.**

**સૂત્ર :-**

**ઇંગાલિ-વણ-સાડી-ભાડી-ફોડી સુવજ્જએ કમ્મં;**
**વાણિજ્જં ચેવ દંત-લક્ખ-રસ-કેસ-વિસવિસયં ॥૨૨॥**
**એવં ખુ જંતપિલણ-કમ્મં નિલ્લંછણં ચ દવદાણં;**
**સરદહતલાયસોસં, અસઇપોસં ચ વજ્જિજ્જા ॥૨૩॥**

**સૂત્રાર્થ :-**

**અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ=ગાડાંઓ વગેરે બનાવવાં, ભાટીકર્મ=વાહનો ભાડે આપવાનાં કર્મ, સ્ફોટકકર્મ-પૃથ્વી વગેરેની ફોડવાની ક્રિયા શ્રાવકે વર્જવી જોઈએ. દંતવાણિજ્ય લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, કેશવાણિજ્ય, વિષવાણિજ્યનો શ્રાવક ત્યાગ કરે. એ રીતે યંત્રપીલણકર્મ, નિર્લાંછનકર્મ=અંગના છેદનનું કર્મ, દવદાનકર્મ, સરોવર-દ્રહ-તળાવોનું શોષણકર્મ અને અસતી સ્ત્રીઓનું પોષણ કર્મ શ્રાવકે વર્જવું જોઈએ. ॥૨૨-૨૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવક ધનઅર્જન અર્થે પ્રયત્ન કરે ત્યારે પણ શ્રાવકનો દયાળુ સ્વભાવ નાશ ન પામે તે અર્થે જે પ્રવૃત્તિમાં અત્યંત પાપ છે તેવાં ૧૫ કર્માદાનનું અવશ્ય વર્જન કરે. કોઈક રીતે આજીવિકાનો પ્રશ્ન હોય અને કર્માદાન સિવાય આજીવિકાનો નિર્વાહ થાય તેમ ન હોય તોપણ શક્ય યતના કરીને કર્માદાનમાં પણ સંકોચ કરવા અર્થે શ્રાવકે યત્ન કરવો જોઈએ, જેથી ઘણાં પાપની નિવૃત્તિ થાય.

તે કર્માદાનમાં પાંચ કર્મો છે. અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ અને સ્ફોટકકર્મ.

**(૧) અંગારકર્મ :-**

જેમાં અગ્નિકાયના જીવોની ઘણી વિરાધના થાય છે અને તે અગ્નિકાયના જીવોની વિરાધના સાથે ત્રસ જીવોની પણ વિરાધના થાય છે. તેથી જેમાં ઘણા પ્રકારના અગ્નિનો ઉપયોગ હોય તેવાં કર્મો શ્રાવક કરે નહિ.

**(૨) વનકર્મ :-**

જેમાં જંગલોનું છેદન કરીને તેનાથી ધનની પ્રાપ્તિ કરવામાં આવે છે જે વનના છેદનમાં વનસ્પતિના જીવોને અને તત્ સહવર્તી ત્રસજીવોની પણ હિંસા થાય છે. તેથી એવાં કાર્ય શ્રાવક કરે નહિ.

**(૩) શકટકર્મ :-**

વાહનો, ગાડીઓ વગેરે બનાવવામાં આવે તેનાથી ઘણા જીવોની હિંસા થાય છે; કેમ કે તે વાહનોના ઉપયોગમાં ઘણા જીવોની હિંસા થવાની સંભાવના છે અને વાહનોના નિર્માણમાં પણ ઘણા પ્રકારની હિંસા થવાની સંભાવના છે. તેથી વાહનોના નિષ્પાદનનું કર્મ શ્રાવક કરે નહિ.

**(૪) ભાટકકર્મ :-**

વાહનો ભાડે આપીને આજીવિકા કરવામાં આવે તો તે વાહનોના ગમનાગમનથી ઘણી હિંસા થવાની સંભાવના છે તેથી તેવાં કૃત્યો શ્રાવક કરે નહિ.

**(૫) સ્ફોટકકર્મ :-**

ભૂમિને ફોડીને જે વ્યાપાર કરવામાં આવે, અર્થાત્ કૂવા ખોદાવવામાં આવે, તળાવ ખોદાવવામાં આવે કે મકાન બાંધવા માટે ભૂમિ ખોદવામાં આવે તેવા કાર્યોમાં ઘણી હિંસા થાય છે તેથી શ્રાવક સ્ફોટક કર્મોથી આજીવિકા કરે નહિ.

આશય એ છે કે અંગારકર્મ આદિ ક્રિયાઓ સ્વયં આરંભ-સમારંભના કરવા સ્વરૂપ છે. તેથી તે કૃત્યો કરવામાં અને માણસો પાસે કરાવવામાં અતિ ક્લિષ્ટ ભાવો થાય છે તેથી શ્રાવકને તે અંગારકર્મ આદિ વર્જ્ય છે.

વળી પાંચ પ્રકારનાં વાણિજ્ય કર્મો છે : (૧) દંતવાણિજ્ય, (૨) લાક્ષાવાણિજ્ય, (૩) રસવાણિજ્ય, (૪) કેશવાણિજ્ય અને (૫) વિષવાણિજ્ય.

જેમાં અતિહિંસાનો સંભવ છે તેવાં કર્મો શ્રાવક કરે નહિ. વાણિજ્યકર્મ સ્વયં કરવા સ્વરૂપ નથી પરંતુ તે વસ્તુના વ્યાપાર કરવા સ્વરૂપ છે.

**(૧) દંતવાણિજ્ય :-**

જેમ હાથીને મારીને હાથીના દાંતનો વેપાર કરનારા જીવો હાથીદાંતનો વેપાર કરે છે અને શ્રાવક તેઓની પાસેથી તે દાંતો ખરીદી કરીને બજારમાં વેચી આપે તો તે હાથીદાંતનો વ્યાપાર કરનારા જીવોને હાથીને મારવાનાં કૃત્યોમાં પ્રોત્સાહન મળે છે. તેથી શ્રાવકે હાથીદાંત કે અન્ય કોઈ પશુના અવયવો મારીને તેનો વેપાર થયો હોય તેવો વ્યાપાર કરવો જોઈએ નહીં. આમ છતાં કોઈ શ્રાવક જે સ્થાનેથી તે હાથીદાંત માટે હાથીને મારતા હોય તે સ્થાનેથી હાથીના દાંતોને ખરીદે નહીં પરંતુ બજારમાંથી જ કોઈકની પાસેથી હાથીદાંત ખરીદીને તેનો વ્યાપાર કરે તો તેને કર્માદાનનો દોષ નથી. આ પ્રકારની સ્પષ્ટતા યોગશાસ્ત્રમાં કરેલ છે. તેથી પશુને મારીને પશુના અવયવોને વેચીને જેઓ વ્યાપાર કરતા હોય તેઓ પાસેથી તેની ખરીદી કરવામાં દંતવાણિજ્ય દોષની પ્રાપ્તિ છે.

**(૨) લાક્ષાવાણિજ્ય :-**

વળી લાખ વગેરે બનાવવા માટે વૃક્ષોનું છેદન આદિ કરે છે તેમાં ઘણા પ્રકારના આરંભો છે, તેથી જેઓ સાક્ષાત્ તે પ્રકારનો આરંભ કરીને લાખ બનાવતા હોય તેઓ પાસેથી તેની ખરીદી કરીને તે આરંભમાં પોતે સીધા સંબંધવાળા થાય છે, તેથી ક્રૂરભાવની પ્રાપ્તિ થાય છે, માટે તેવા આરંભવાળો વ્યાપાર શ્રાવકે કરવો જોઈએ નહિ.

**(૩) રસવાણિજ્ય :-**

જેમ મધ-મદિરા આદિ બનાવવામાં ઘણા પ્રકારના આરંભો થાય છે તેવા આરંભવાળી વસ્તુનો શ્રાવક વ્યાપાર કરે નહિ; કેમ કે તેવા રસવાળા પદાર્થોમાં સાક્ષાત્ સૂક્ષ્મ જીવો હોય છે અને તેના ઉત્પાદનમાં પણ ઘણી હિંસા હોય છે માટે શ્રાવક તેવો વ્યાપાર કરે નહિ.

**(૪) કેશવાણિજ્ય :-**

પશુ આદિના કેશ-રુવાંટાં આદિ કાઢીને તેમાંથી ઘણા પ્રકારની વસ્તુઓ બનાવાય છે તેવા કૃત્યમાં પશુ આદિને જે યાતના આપવામાં આવે છે તેમાં સાક્ષાત્ સંબંધ થાય તે રીતે શ્રાવક વ્યાપાર કરે નહિ.

**(૫) વિષવાણિજ્ય :-**

અનેક પ્રકારના જીવોને મારવા માટેની ઝેરી વસ્તુઓ બનાવવામાં આવે છે તે વિષ સ્વરૂપ છે અને તેવી વસ્તુનો વ્યાપાર શ્રાવક કરે તે તે ઝેરી વસ્તુમાંથી જે જીવોની હિંસાઓ થાય છે તે સર્વમાં સાક્ષાત્ સંબંધ થવાથી જીવમાં કઠોરતા આવે છે માટે શ્રાવકે તેઓ વ્યાપાર કરવો જોઈએ નહિ.

વળી, સામાન્ય કર્મ પાંચ પ્રકારનાં છે : (૧) યંત્રપિલ્લણકર્મ, (૨) નિર્લાંછનકર્મ, (૩) દવદાનકર્મ, (૪) સરદ્રહતલાવશોષણકર્મ અને (૫) અસતીપોષણકર્મ.

**(૧) યંત્રપિલ્લણકર્મ :-**

યંત્રના પીલનનું કર્મ, જેમાં ઘણા જીવોની હિંસા થવાનો સંભવ રહે છે, તેવાં કર્મો સાક્ષાત્ શ્રાવક કરે નહિ.

**(૨) નિર્લાંછનકર્મ :-**

પશુઓને અંગછેદન આદિ કરીને નપુંસક વગેરે કરવાનો અનુકૂળ વ્યાપાર તે નિર્લાંછન કર્મ છે. તેવું કર્મ શ્રાવક કરે નહિ; કેમ કે તે કૃત્યોમાં તે પ્રકારની ક્રૂરતા આવે છે.

**(૩) દવદાનકર્મ :-**

જંગલોમાં આગ લગાડવાનાં કાર્યો દ્વારા આજીવિકા શ્રાવક કરે નહિ.

**(૪) સરદ્રહતલાવશોષણકર્મ :-**

સરોવર-તળાવો વગેરે સૂકવવાનાં કાર્યો કરીને શ્રાવક આજીવિકા કરે નહિ.

**(૫) અસતીપોષણકર્મ :-**

દુરાચારી સ્ત્રીઓને પોષીને તેના દ્વારા વ્યાપાર કરવામાં અતિ ક્લિષ્ટભાવો થાય છે તેથી તેવો વ્યાપાર શ્રાવક કરે નહિ. **॥૨૨-૨૩॥**

**અવતરણિકા :-**

**શ્રાવકે પાંચ અણુવ્રતને અતિશય કરવા માટે ત્રણ ગુણવ્રતોનું સેવન કરવું જોઈએ. તેથી સાતમું ભોગોપભોગવ્રત બતાવ્યા પછી હવે આઠમું અનર્થદંડ વિરમણરૂપ ત્રીજું ગુણવ્રત બતાવીને તેમાં લાગેલા અતિચારોની શુદ્ધિ કરે છે.**

**સૂત્ર :-**

**સત્થગ્ગિમુસલજંતગ-તણકટ્ઠેમંતમૂલભેસજ્જે;**
**દિન્ને દવાવિએ વા, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૪॥**

**સૂત્રાર્થ :-**

**શસ્ત્ર, અગ્નિ, મુશલ, યંત્ર, તૃણ, કાષ્ઠ, મંત્ર, મૂળ, ઔષધિઓના વિષયમાં આપવાની અને અપાવવાની ક્રિયાને આશ્રયીને દિવસ સંબંધી જે કાંઈ અનુચિત પ્રવૃત્તિ કરી હોય તે સર્વનું પ્રતિક્રમણ કરું છું. ॥૨૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પોતાની જીવનવ્યવસ્થા માટે આવશ્યક હોય તેવા આરંભ-સમારંભ કરે છે. કદાચ કોઈક પ્રકારના ભોગાદિને વશ વિશેષ પ્રકારના આરંભ-સમારંભ કરે તોપણ જેનું કોઈ પ્રયોજન નથી તેવા આરંભ-સમારંભ કરે તો તે અનર્થદંડ કહેવાય. અર્થાત્ ભોગના પ્રયોજનથી તે પાપ કરાયું નથી પરંતુ તુચ્છ અવિચારક પ્રવૃત્તિથી તે પાપ કરાયું છે માટે તે અનર્થદંડ છે. ભોગ માટે જે આરંભ-સમારંભ કરાય તે અર્થદંડ કહેવાય. તેમાં અલ્પ કર્મબંધ થાય છે અને ભોગાદિનું કોઈ પ્રયોજન નથી, છતાં નિરર્થક પ્રવૃત્તિ કરીને જે આરંભ-સમારંભ કરાય તે અનર્થદંડ કહેવાય.

તે અનર્થદંડ કઈ રીતે સંભવે ? તે બતાવતાં કહે છે –

આરંભ-સમારંભના કારણભૂત શસ્ત્રો પોતે કોઈને આપે કે અપાવે જેનાથી હિંસા વગેરે કૃત્યો થાય છતાં તુચ્છ સ્વભાવને કારણે કે માનાદિ સ્વભાવને કારણે કે લોકમાં ખ્યાતિ મેળવવાને કારણે તેવાં શસ્ત્રાદિ કોઈને આપે કે અપાવે તો તેનાથી જે હિંસા થાય તે અનર્થદંડ સ્વરૂપ છે. વળી, અગ્નિ અનેક પ્રકારના આરંભ-સમારંભનું કારણ છે તેથી દાક્ષિણ્યના પ્રસંગ વગર કોઈને આપે કે અપાવે તો તેના કારણે તેઓ જે આરંભ-સમારંભ કરે તે આરંભ-સમારંભ કરાવવાની પ્રાપ્તિ પોતાને થાય જે અનર્થદંડ સ્વરૂપ છે. તે રીતે મુશલ, યંત્ર, તૃણ જે વસ્તુ આપવાથી તેઓ જે આરંભ કરે તેમાં ઘણા જીવોની હિંસા થાય તેથી તેવી વસ્તુ આપવાથી નિરર્થક કર્મબંધની પ્રાપ્તિ થાય. સામાન્યથી શ્રાવક પશુધન રાખતો હોય તો ઘાસચારો એની પાસે હોય અને તેમાં ઘણી જીવાત થવાની સંભાવના રહે તેથી તેની શક્ય યતના કરીને પોતાનાં પશુ આદિ અર્થે તેનો ઉપયોગ કરે, પરંતુ કોઈ પ્રયોજન ન હોય તો અન્યને કહે નહીં કે મારે ત્યાં તૃણ આદિ હોય છે, ગમે ત્યારે લઈ જજો; કેમ કે તે લઈ જનાર અન્ય વ્યક્તિ તે પ્રકારની યતના ન કરે તો તે તૃણમાં ઘણા

જીવોની હિંસા પ્રાપ્ત થાય. તેની અનુમોદના શ્રાવકને પ્રાપ્ત થાય. આથી તેવું દાક્ષિણ્યનું કારણ ન હોય અને છતાં જેને-તેને ઘાસ અપાવે કે આપે તો તેનાથી થતી હિંસામાં શ્રાવકને અનર્થદંડની પ્રાપ્તિ થાય. વળી, ચૂલા બાળવા વગેરેમાં કાષ્ઠનો ઉપયોગ થાય છે, તેથી કોઈને કાષ્ઠ આપવામાં આવે તો તેનાથી જે આરંભ-સમારંભ થાય તે અનર્થદંડરૂપ બને. માટે શ્રાવક તેનું વર્જન કરે. વળી, બીજાને વશ કરવા માટે મંત્ર વગેરે પોતે જાણતો હોય અને કોઈને આપે તેનાથી જે અનર્થો થાય તે અનર્થદંડ સ્વરૂપ બને. માટે શ્રાવક તેનું વર્જન કરે. વળી વનસ્પતિનાં મૂળો. ઘણા પ્રકારનાં ન કલ્પી શકાય તેવાં કાર્યો કરવા માટે ઉપયોગી હોય છે. પોતે તે મૂળોને જાણતો હોય કે પોતાની પાસે તે મૂળો હોય અને કોઈને આપે કે અપાવે તો તેનાથી જે આરંભ-સમારંભ થાય તે અનર્થદંડરૂપ છે. માટે શ્રાવક તેવાં મૂળ આદિ કોઈને આપે નહીં અને અપાવે નહીં. વળી, વનની એવી ઘણી ઔષધિઓ છે કે જેનાથી ઘણા સમારંભનાં કાર્યો થઈ શકે, તેવી ઔષધિઓ શ્રાવક કોઈનો આપે તો તેનાથી જે અનર્થો થાય તે સર્વનું અનુમોદન શ્રાવકને પ્રાપ્ત થાય. તેથી તે અનર્થદંડરૂપ છે.

આવું કોઈ કામ અનાભોગ આદિથી થયું હોય તો તેનું સ્મરણ કરીને શ્રાવક પ્રસ્તુત ગાથાથી પ્રતિક્રમણ કરે છે, જેથી તે પાપ પ્રત્યે જુગુપ્સા થાય. કદાચ આવું કોઈ પાપ થયેલું ન હોય તોપણ તેવાં પાપોના સ્મરણપૂર્વક તેની જુગુપ્સા કરવાથી જીવનમાં તેવું પાપ ન થાય તેવા દૃઢ સંસ્કારોનું આધાન ઉપયોગપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવાથી થાય છે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**અનર્થદંડ વિરમણવ્રતના વિષયમાં પ્રમાદ આચરણના વિષયક સ્ખલનાનું પ્રતિક્રમણ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**ન્હાણુવટ્ટણવન્નગ–વિલેવણે સદ્દરૂવરસગંધે;**
**વત્થાસણઆભરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥૨૫॥**

**સૂત્રાર્થ :-**

**સ્નાન, ઉદ્વર્તન, વર્ણક=વિશિષ્ટ શોભા કરવાની પ્રવૃત્તિ, વિલેપન, શબ્દ, રૂપ, રસ, ગંધ, વસ્ત્ર, આસન અને આભરણ વિષયમાં ભોગ-વિલાસના પ્રયોજનથી અતિરિક્ત નિરર્થક પ્રવૃત્તિ કરીને જે પ્રમાદ આચરણ કર્યું હોય તે દિવસ સંબંધી સર્વપ્રમાદનું હું પ્રતિક્રમણ કરું છું. ॥૨૫॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિને લક્ષ્ય કરીને દેશવિરતિનું પાલન કરે છે ત્યારે તેનામાં દેહનું મમત્વ છે, ભોગાદિની ઇચ્છા છે, તેથી જ સર્વવિરતિ ગ્રહણ કરવા માટે સમર્થ નથી, છતાં જે પ્રવૃત્તિમાં ભોગનું પ્રયોજન નથી, કેવલ પ્રમાદ જ કારણ છે તેવી જે કોઈ પ્રવૃત્તિ છે, તેનાથી અનર્થદંડ-પ્રયોજન વગરનો વિશેષ પ્રકારનો

કર્મબંધ થાય છે. તે અનર્થદંડ કયા-કયા વિષયમાં થાય છે તેનું સ્મરણ કરીને તેનું પ્રતિક્રમણ પ્રસ્તુત ગાથાથી કરેલ છે.

જેમ શ્રાવક ભગવાનની પૂજા અર્થે સ્નાન કરે અથવા ક્વચિત્ શરીરની શાતા અર્થે પણ સ્નાન કરે તોપણ અજયણાપૂર્વક ત્રસ આદિ જીવોની હિંસા થાય તે રીતે સ્નાન કરે અથવા સ્નાન માટે જરૂરી હોય તે કરતાં અધિક માત્રામાં જલાદિનો ઉપયોગ કરે તે સર્વમાં અનર્થદંડની પ્રાપ્તિ છે; કેમ કે તે હિંસા ભોગ અર્થે નથી પરંતુ પોતાની પ્રમાદની આચરણાથી છે તેથી ક્વચિત્ કોઈ જીવોની હિંસા ન થાય તોપણ પ્રમાદ આચરણાના પરિણામથી અવશ્ય વિશેષ પ્રકારના કર્મબંધની પ્રાપ્તિ થાય છે. એ જ રીતે શ્રાવક દેહના પાલન અર્થે ઉદ્વર્તના કરે, વિલેપન કરે તે સર્વમાં પણ બિનજરૂરી આરંભો ન થાય તેવી યતના કરે અને પાંચેય ઇન્દ્રિયોના વિષયોમાં પણ અતિગૃદ્ધિથી (લાલસાથી) પ્રવૃત્તિ ન કરે અને જો તે પ્રમાણે કરવામાં આવે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય.

વળી વસ્ત્ર, આસન, આભરણ વગેરેમાં પણ અતિ અયતનાપૂર્વક પ્રવૃત્તિ કરે તો અનર્થદંડની પ્રાપ્તિ થાય. માટે શ્રાવક પ્રસ્તુત ગાથાથી સ્નાનાદિ વિષયક જે પ્રમાદને કારણે અનર્થદંડનું સેવન થયું હોય તેના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારના ઉપયોગથી પ્રતિક્રમણ કરે જેથી થયેલા અતિચારોની શુદ્ધિની પ્રાપ્તિ થાય અને યતનાપરાયણ શ્રાવકને દિવસ દરમ્યાન કોઈ અતિચાર ન થયો હોય તોપણ અતિચારોની નિંદા કરવાથી પ્રગટ થયેલી વિશુદ્ધ પરિણતિને કારણે અનર્થદંડ વિરમણ વ્રતના વિશુદ્ધ પાલનનું બળ આધાન થાય છે. **॥૨૫॥**

**અવતરણિકા :-**

**શ્રાવક દેશવિરતિ ધર્મને અતિશય કરવા અર્થે પોતાના ભોગમાં પ્રયોજન ન હોય તેવી નિરર્થક ચેષ્ટાના પરિહાર અર્થે અનર્થદંડ વિરમણવ્રત સ્વીકારે છે. અને તે વિરમણ વ્રતમાં પાંચ અતિચારોની પ્રાપ્તિ છે તેની નિંદા-ગર્હા કરે છે.**

**સૂત્ર :-**

**કંદપ્પે કુક્કુઇએ, મોહરિ અહિગરણ ભોગઅઇરિત્તે;**
**દંડમ્મિ અણટ્ઠાએ, તઇઅમ્મિ ગુણવ્વએ નિંદે ॥૨૬॥**

**સૂત્રાર્થ :-**

**ત્રીજા અનર્થદંડ વિરમણ વ્રતરૂપ ગુણવ્રતમાં કંદર્પ, કૌત્કુચ્ય, મુખરપણું, અધિકરણ, અતિરિક્તભોગ, એ સર્વના વિષયમાં જે પ્રમાદ થયો હોય તેની હું નિંદા કરું છું. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવકે બિનજરૂરી કામવિકારને ઉદ્દીપન કરે તેવી વાણીની ચેષ્ટા, કાયિક ચેષ્ટા વગેરે કરવી ઉચિત નથી. વળી, જીવનમાં ત્વરા, ઉત્સુકતા, શીઘ્રગમન આદિ પ્રવૃત્તિ કરવી ઉચિત નથી. તે સર્વ કાંદર્પિકી

ક્રીડાઓ છે જેના કારણે ચિત્ત હંમેશાં વિકારોથી વ્યાકુળ રહે છે. માટે શ્રાવકે ચિત્તની સ્વસ્થતા પ્રગટ થાય તે રીતે વિકાર વગરની માનસ પ્રવૃત્તિ થાય તેવો યત્ન કરવો જોઈએ. આમ છતાં, પ્રમાદને વશ તેવી કોઈ પ્રવૃત્તિ થઈ હોય તો તે અનર્થદંડ વિરમણવ્રતમાં અતિચારરૂપ છે.

વળી, શ્રાવકે મુખાદિની વિકૃત ચેષ્ટાઓ કરવી, બીજાને હસાવવાની ક્રિયાઓ કરવી વગેરે પ્રવૃત્તિઓ કરવી ઉચિત નથી, છતાં શ્રાવકના તેવા પ્રકારના અતિ અભ્યાસને કારણે, ક્યારેક કોઈકની સાથે તેવી રીતની ચેષ્ટાઓ કરાઈ હોય તો તે સ્વપરના અહિતની વૃદ્ધિમાં કારણ હોવાથી અનર્થદંડના અતિચારરૂપ છે.

વળી, શ્રાવક અતિવિચારીને પ્રયોજનપૂર્વક જ બોલવાના સ્વભાવવાળો હોય છે, છતાં પૂર્વના અભ્યાસને કારણે વધારે પડતું બોલવાના સ્વભાવને કારણે ઘણા આરંભ-સમારંભનું કારણ બને તેવા વચનપ્રયોગો થાય છે કે બીજાને પીડા ઉત્પન્ન થાય તેવા વચનપ્રયોગો થાય છે તે મુખરપણારૂપ ત્રીજા ગુણવ્રતનો અતિચાર છે.

વળી, શ્રાવક આરંભ-સમારંભનાં અધિકરણો તે રીતે એકઠાં કરીને ન રાખે કે જેથી તેનો સહસા શીઘ્ર ઉપયોગ કરીને કોઈ હિંસા કરે. અને પ્રમાદને વશ ક્યારેક તે રીતે અધિકરણો મુકાઈ ગયાં હોય તો અનર્થદંડ વિરમણ વ્રતમાં તે અતિચારરૂપ છે.

વળી, અતિરિક્ત ભોગ=શ્રાવક દેહ માટે કે શાતા માટે જે ભોગ કરે છે તેને છોડીને લાલસાને વશ અતિરિક્ત ભોગ, કરે જેથી શરીરની પણ હાનિ થાય છે અને ભોગાદિમાં અતિશય ગૃદ્ધિ થાય છે તે સર્વ અનર્થદંડરૂપ છે.

અનાભોગથી આ પાંચ અતિચારોમાંથી કોઈપણ અતિચાર લાગ્યો હોય તેના પ્રત્યે જુગુપ્સા થાય તે પ્રકારે શ્રાવક પ્રસ્તુત ગાથાથી નિંદા કરે છે; જેથી તે પાપની શુદ્ધિ થાય છે. અને કદાચ પ્રમાદને વશ એવો કોઈ અતિચાર ન થયો હોય તોપણ પ્રમાદને વશ ભવિષ્યમાં એવા અતિચાર થવાની સંભાવના ઘટતી જાય છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

**શ્રાવક સર્વવિરતિના શક્તિના સંચય અર્થે પાંચ અણુવ્રતોને ગ્રહણ કરીને તેમાં વિશેષ સંવર કરવા અર્થે ત્રણ ગુણવ્રતોને ગ્રહણ કરે છે તેના અતિચારોનું આલોચન અત્યાર સુધી કર્યું. હવે શ્રાવક સંયમના શક્તિસંચય અર્થે, સંયમને અનુકૂળ અભ્યાસને અર્થે જે ચાર શિક્ષાવ્રત ગ્રહણ કરે છે તેમાંથી પ્રથમ શિક્ષાવ્રતરૂપ સામાયિકમાં લાગેલા અતિચારોનું આલોચન કરે છે –**

**સૂત્ર :-**

**તિવિહે દુપ્પણિહાણે, અણવટ્ઠાણે તહા સઇવિહુણે;**
**સામાઇઅ વિતહકએ, પઢમે સિક્ખાવએ નિંદે ॥૨૭॥**

**સૂત્રાર્થ :-**

**ત્રણ પ્રકારના દુષ્પ્રણિધાન વિષયક અને અનવસ્થાન વિષયક=સમ-ભાવની વૃદ્ધિને અનુકૂળ દૃઢ વ્યાપારના અભાવરૂપ અનવસ્થાન વિષયક, અને સામાયિક સ્મૃતિ વિહીન કરવા વિષયક પ્રથમ શિક્ષાવ્રત વિતથ કરાયે છતે=સામાયિક નામનું શિક્ષાવ્રત નિષ્ફળ કરાયે છતે, તે પ્રમાદની હું નિંદા કરું છું. ॥૨૭॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત દ્વારા કંઈક સર્વવિરતિનું કારણ બને એવા સમભાવને અનુકૂળ બળસંચય કરે છે, આથી જ શ્રાવકનાં અણુવ્રત અને ગુણવ્રત ક્રમસર વૃદ્ધિ પામીને સર્વવિરતિ સામાયિકનાં કારણ બને છે. તોપણ સામાયિક નામના શિક્ષાવ્રતમાં સામાયિકની કાલાવધિ સુધી સાધુના જેમ જ સમભાવનો રાગ વૃદ્ધિ થાય અને અસમભાવમાં દ્વેષ ઉત્પન્ન થાય તે પ્રકારના દૃઢ, પ્રણિધાનપૂર્વક શ્રાવક સામાયિક ગ્રહણ કરે છે; જેથી તે સામાયિકના અભ્યાસ દ્વારા તેટલા કાળ સુધી સાધુધર્મને અનુકૂળ શિક્ષણની પ્રાપ્તિ થાય છે, અને આ રીતે પ્રતિદિન સામાયિક દ્વારા સાધુધર્મને અનુકૂળ શિક્ષામાં યત્ન કરવાથી સર્વવિરતિને આસન્ન-આસન્નતર એવું શ્રાવકનું ચિત્ત નિર્માણ થાય છે. આમ છતાં સામાયિક વ્રતને તે રીતે કરવાનો અર્થી પણ શ્રાવક સામાયિક કાલઅવધિ સુધી સમભાવને અનુકૂળ યત્ન કરે ત્યારે પ્રમાદવશ ક્યારેક ત્રણ પ્રકારના દુઃપ્રણિધાનમાંથી કોઈક દુઃપ્રણિધાનની પ્રાપ્તિ થાય તે સામાયિક વ્રતના અતિચાર સ્વરૂપ છે.

જેમ કોઈ શ્રાવક દૃઢ સંકલ્પપૂર્વક સામાયિકવ્રત ગ્રહણ કરીને સમભાવ પ્રત્યે રાગવાળું ચિત્ત કરીને તેને અનુરૂપ સ્વાધ્યાય આદિમાં યત્ન કરે છે; છતાં વચમાં ક્યારેક કોઈક નિરર્થક વિચાર આવે તો તે મનદુઃપ્રણિધાન છે અને તેના કારણે સામાયિકના કાળ સુધી સતત સમભાવની વૃદ્ધિનો વ્યાપાર સ્ખલના પામે છે, છતાં વિવેકી શ્રાવક સામાયિક દરમ્યાન થયેલ તે મનદુઃપ્રણિધાનનું નિવર્તન કરે છે તોપણ સામાયિક કાળમાં થયેલ મનદુઃપ્રણિધાન સામાયિકમાં અતિચારરૂપ બને છે.

તે રીતે સામાયિક દરમ્યાન સમભાવ માટે ઉપયોગી ન હોય તેવો નિરર્થક વચનપ્રયોગ શ્રાવક અનાભોગથી કે સહસાત્કારથી કરે તો તે વચનપ્રયોગ-કાળમાં સમભાવની વૃદ્ધિને અનુકૂળ શ્રાવકનો યત્ન સ્ખલના પામે છે. છતાં વિવેકી શ્રાવક તરત જ તે સ્ખલનાનું સ્મરણ કરીને તેના પ્રત્યે દ્વેષ કરે અને તે સ્ખલનાના નિવર્તન માટે યત્ન કરે તો ફરી સમભાવને અનુકૂળ યત્ન થાય છે, છતાં ક્ષણભર થયેલ વચનનું દુઃપ્રણિધાન તે સામાયિકમાં અતિચારરૂપ છે.

તે રીતે કોઈ શ્રાવક સામાયિકમાં સમ્યક્ યત્ન કરે છતાં પ્રમાદને વશ ક્યારેક નિઃકારણ કાયાનું કંપન કરે તો તે કાયદુઃપ્રણિધાનરૂપ છે અને સામાયિક દરમ્યાન કાયાને સ્થિર રાખવાથી ધર્મધ્યાનમાં વિઘ્ન થાય તેમ હોય તો યતનાપૂર્વક કાયાને પ્રવર્તાવે, જેથી કાયદુઃપ્રણિધાન પ્રાપ્ત થાય નહિ. પરંતુ કાયાને પ્રવર્તાવવા પૂર્વે ઉચિત યતના ન કરવામાં આવે તો જીવહિંસા થવાની સંભાવના રહે છે, તેથી અયતનાપૂર્વક કરાયેલી

કાયાની ચેષ્ટા કાયદુઃપ્રણિધાન બને છે. આ રીતે સામાયિક દરમ્યાન જે શ્રાવક સમભાવમાં તીવ્ર રાગ ધારણ કરે અને અસમભાવનો તીવ્ર દ્વેષ ધારણ કરે અને જગત પ્રત્યે ઉપેક્ષા ધારણ કરે તો સામાયિક દરમ્યાન ત્રણ પ્રકારનાં દુઃપ્રણિધાનોની પ્રાપ્તિ થવાની સંભાવના રહે નહીં છતાં કોઈક રીતે સામાયિક દરમ્યાન કોઈક પ્રકારનું દુઃપ્રણિધાન થયું હોય તો તેની નિંદા કરીને શ્રાવક તે અતિચારોની શુદ્ધિ પ્રસ્તુત ગાથાથી કરે છે.

વળી સામાયિકમાં અનવસ્થાન નામનો અતિચાર પ્રાપ્ત થાય છે. જેમ કોઈ શ્રાવક સામાયિકકાળ દરમ્યાન મન, વચનને સૂત્ર-અર્થમાં પ્રવર્તાવે, કાયાને સ્થિર રાખે ત્યારે મન, વચન, કાયામાંથી કોઈનું દુઃપ્રણિધાન પ્રાપ્ત થતું નથી, છતાં જે પ્રકારે સામાયિકનો પરિણામ ઉલ્લસિત થાય તે પ્રકારે સામાયિકના પરિણામના તાત્પર્યને જાણીને તેના પ્રત્યે રાગ કરવા માટે અને અસામાયિકના પરિણામને જાણીને તેના પ્રત્યે દ્વેષ કરવા માટે દૃઢ યત્નપૂર્વક સૂત્ર-અર્થમાં મનને શ્રાવક ન પ્રવર્તાવે તો સમભાવના પરિણામરૂપ સામાયિકમાં ચિત્તનું અવસ્થાન થાય નહીં; જેથી સામાયિકની ક્રિયા કરવા છતાં પણ પરમાર્થથી સામાયિકવ્રતનું સેવન થાય નહીં. પરંતુ કોઈક શ્રાવક સામાયિકના પ્રારંભથી માંડીને સામાયિકના પરિણામમાં ચિત્ત અવસ્થાન પામે તે રીતે સ્વાધ્યાય આદિમાં યત્ન કરે છે, આમ છતાં અનાભોગથી કે સહસાત્કારથી સામાયિકની વૃદ્ધિને અનુકૂળ રાગમાં ઉપયોગ ક્યારેક ક્યારેક ન પ્રવર્તે તો તે સ્વાધ્યાય આદિની ક્રિયાથી અનાભોગ આદિ કાળમાં શ્રાવકનું ચિત્ત સામાયિકના પરિણામમાં અવસ્થાન પામે નહીં; છતાં કોઈ શ્રાવક ક્ષણભરનું અનવસ્થાન થયા પછી જાગ્રત થઈને યત્ન કરે તો સામાયિકના અનવસ્થાન દોષનું નિવર્તન થાય ત્યારે સામાયિકમાં ક્ષણભર થયેલ અનવસ્થાન અતિચારરૂપ બને છે. તેની નિંદા કરીને શ્રાવક તે દોષ પ્રત્યે દ્વેષ કરે છે જેથી તે દોષથી બંધાયેલું પાપ નિંદાનો તીવ્ર પરિણામ થાય તો નિવર્તન પામે.

આ રીતે ત્રણ પ્રકારનાં દુઃપ્રણિધાન અને ચોથું અનવસ્થાન અતિચાર બતાવ્યા પછી સામાયિકનો પાંચમો અતિચાર બતાવે છે –

સામાયિક દરમ્યાન જીવ પોતે સ્વાધ્યાય આદિ કરે છે તેમાં સ્મૃતિ રહિત કરે અર્થાત્ પૂર્વનું બોલાયેલું વિસ્મરણ થાય અને પોતાને સામાયિકમાં શું કર્તવ્ય છે ? શું અકર્તવ્ય છે ? કયા પ્રકારનો યત્ન કરવો જોઈએ ? તે વિષયમાં સ્મૃતિ રહિત બને તોપણ તે સામાયિકમાં અતિચાર લાગે. જેમ કોઈ શ્રાવક અત્યંત ઉપયોગપૂર્વક સામાયિકમાં યત્ન કરતો હોય તોપણ વચમાં અનાભોગ કે સહસાત્કારથી લક્ષ્ય એવા સમભાવના પરિણામને અનુરૂપ સ્મૃતિ રહિત થાય અને તેથી સાવધાન થઈને તેનું નિવર્તન કરે તોપણ સામાયિક દરમ્યાન અલ્પકાળ માટે થયેલ સ્મૃતિવિહીનતા અતિચારરૂપ છે. તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે.

સ્મૃતિવિહીન અતિચાર અન્ય રીતે પણ પ્રાપ્ત થાય છે –

કોઈ શ્રાવકે વર્ષ દરમ્યાન કે માસ દરમ્યાન અમુક સામાયિક કરવાનું વ્રત ગ્રહણ કરેલ હોય છતાં તે વ્રત અનુસાર પોતાની સામાયિક પોતે કરી છે કે કરવાની બાકી છે તે પ્રકારની સ્મૃતિ ન રહે તો સ્વીકારાયેલા

વ્રતમાં અતિચાર છે; કેમ કે શ્રાવક જે વ્રત સ્વીકારે તેને નિત્ય સ્મરણમાં રાખીને તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિઓ દૃઢ પ્રણિધાનપૂર્વક કરે તો તે વ્રત સમ્યક્ પ્રકારનું બને, પરંતુ વ્રત ગ્રહણ કર્યા પછી તે પ્રકારના સ્મરણ માટે ઉપેક્ષા કરવી તે પણ સામાયિક વ્રતમાં અતિચારરૂપ છે.

આ પ્રકારે પાંચ પ્રકારના અતિચારમાંથી કોઈપણ અતિચાર સેવીને પ્રથમ સામાયિક નામના શિક્ષાવ્રતનું સામાયિક નિષ્ફળ કરાયું હોય અર્થાત્ અલ્પકાળ માટે પણ તે સામાયિકના પરિણામમાં નિષ્ફળ યત્ન કર્યો હોય તેનું સ્મરણ કરીને તેની નિંદા શ્રાવક કરે છે, જેથી સામાયિક દરમ્યાન થયેલ અતિચારોની શુદ્ધિ થાય. કોઈ શ્રાવકે નિરતિચાર સામાયિક વ્રતનું સેવન કર્યું હોય તોપણ તે અતિચારોની નિંદા કરવાથી તે અતિચારો પ્રત્યે થયેલ જુગુપ્સાને કારણે ભવિષ્યમાં સામાયિકના અતિચારો થવાની સંભાવના અલ્પ-અલ્પતર થાય છે માટે કલ્યાણના અર્થી શ્રાવકે અતિચારોનું આલોચન પણ અત્યંત દૃઢ પ્રણિધાનપૂર્વક કરવું જોઈએ. **॥૨૭॥**

**અવતરણિકા :-**

**શ્રાવક જેમ સામાયિક વ્રત ગ્રહણ કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે તેમ દિશાના પરિમાણના વ્રતને ગ્રહણ કરીને સર્વવિરતિના બળનો સંચય કરે છે, તેથી શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર શક્ય હોય તો પ્રતિદિન કિંચિત્ કાળની મર્યાદાને સામે રાખીને દેશાવગાસિક વ્રત ગ્રહણ કરે છે અને તે બીજા શિક્ષાવ્રતમાં પાંચ અતિચારોનું સ્મરણ કરીને તેની નિંદા કરે છે.**

**સૂત્ર :-**

**આણવણે પેસવણે, સદ્દે રૂવે અ પુગ્ગલક્ખેવે;**
**દેસાવગાસિઅમ્મિ, બીએ સિક્ખાવએ નિંદે ॥૨૮॥**

**સૂત્રાર્થ :-**

**આનયન, પ્રેષણ=બીજાને મોકલવું, શબ્દથી બોલાવવું, રૂપ દેખી બોલાવવું, પુદ્ગલના ક્ષેપથી બોલાવવું તે બીજા દેશાવગાસિકવ્રતમાં અતિચારરૂપ છે તેની હું નિંદા કરું છું. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને સ્પષ્ટ બોધ છે કે સંપૂર્ણ સમભાવના પરિણામવાળા મુનિ સર્વથા કર્મબંધને અનુકૂળ વ્યાપાર વગરના છે અને હું શાતાનો અર્થી છું, ભોગનો અર્થી છું; તેથી કર્મબંધને અનુકૂળ વ્યાપારવાળો છું છતાં, પોતાના કર્મબંધને અનુકૂળ વ્યાપારને સીમિત કરવા અર્થે પાંચ અણુવ્રતો આદિ વ્રતો સ્વીકારે છે, તોપણ શ્રાવક આરંભ-સમારંભની પ્રવૃત્તિવાળો હોવાથી બાહ્યથી કોઈ પ્રવૃત્તિ ન કરે તોપણ અંતરંગ રીતે આરંભના પરિણામવાળો હોવાથી તપાવેલા લોઢાના ગોળા જેવો છે. જેમ તપાવેલું લોઢું જે ક્ષેત્રમાં જાય તે સર્વક્ષેત્રમાં તેના હડફેટમાં આવનારા જીવોનો સંહાર કરે છે તેમ શ્રાવક પણ ક્ષેત્રની મર્યાદા ન કરે તો ચૌદ રાજલોકની અવધિમાં થતી સર્વપ્રકારની હિંસાને અનુકૂળ આરંભની પરિણતિવાળો છે, તેથી બાહ્યથી કોઈ પ્રવૃત્તિ ન

હોય તોપણ અંતરંગ પરિણામને આશ્રયીને સર્વક્ષેત્ર સંબંધી હિંસાનો પરિણામ વર્તે છે. તેના સંકોચ અર્થે શ્રાવક દિશાના પરિમાણરૂપ વ્રત ગ્રહણ કરે છે, જે વ્રત પ્રાયઃ શક્તિ હોય તો આજીવનને આશ્રયીને ગ્રહણ કરે છે. તેથી પોતે જીવે ત્યાં સુધી તેટલા મર્યાદિત ક્ષેત્રથી બહારના ક્ષેત્ર સાથે નહીં જવાનો દૃઢ સંકલ્પ હોવાથી હિંસાના પરિણામમાં તેટલા ક્ષેત્રને આશ્રયીને સંકોચ થાય છે.

દિશા પરિમાણવ્રત ગ્રહણ ન કરવાથી જે ક્ષેત્રને આશ્રયીને કર્મબંધ થવાની સંભાવના હતી તે ક્ષેત્રનો સંકોચ થવાથી તેટલા પ્રમાણમાં અલ્પ કર્મબંધની પ્રાપ્તિ થાય છે તોપણ તે ક્ષેત્રનો વિશેષ રીતે સંકોચ કરીને સર્વવિરતિને અનુકૂળ બળસંચય કરવા અર્થે શ્રાવક પ્રતિદિન દેશાવગાસિક વ્રત ગ્રહણ કરે છે, જેનાથી છટ્ઠાવ્રતની ક્ષેત્ર મર્યાદામાં વિશેષ સંકોચ વ્રતની મર્યાદા અનુસાર થાય છે. તેથી જે મર્યાદા કરી હોય તેટલા કાળ સુધી ક્ષેત્રકૃત વિશેષ સંવરભાવ વર્તે છે, જેથી તે ક્ષેત્રની મર્યાદાથી અધિકક્ષેત્રના આરંભ-સમારંભનો ત્યાગ થાય છે. જેમ ગૃહ આદિમાં શ્રાવક રહેલ હોય અને જણાય કે કલાક-બે કલાક આદિની અવધિ કરીને ગૃહ આદિથી બહારના ક્ષેત્રમાં તેટલો કાળ હું જઈશ નહીં તે પ્રકારની મર્યાદા કરવાથી દિશાનો અત્યંત સંકોચ થાય છે અને તેટલા કાળ સુધી પરિમિત ક્ષેત્રથી અધિક ક્ષેત્રના આરંભના ત્યાગનો પરિણામ થાય છે અને તેટલા કાળ દરમ્યાન તે ક્ષેત્રમાં પોતે ધર્મજાગરિકા આદિ કરી શકે તેમ હોય તો શક્તિ અનુસાર તેમાં યત્ન કરે. કદાચ ગૃહનાં કોઈ કાર્ય કરવાં પડે તેમ હોય તોપણ શ્રાવકની મર્યાદા અનુસાર યતનાપૂર્વક તે કાર્ય કરે, જેથી તેટલી અવધિના કાળ સુધી તે પરિમિત ક્ષેત્રથી અધિક ક્ષેત્ર સાથે સંબંધ કપાવવાના કારણે વિશેષ પ્રકારના સંવર ભાવની પ્રાપ્તિ થાય છે.

આ રીતે જેટલા કાળ માટે ક્ષેત્રનું સંવરણ કરેલ હોય તેટલા કાળ સુધી તો ગૃહાદિથી બહારના ક્ષેત્રમાંથી કોઈ વસ્તુ કોઈની પાસેથી મંગાવે નહીં છતાં અનાભોગથી કે અવિચારકતાને કારણે તેને થાય કે બહાર ક્ષેત્રમાં નહીં જવાનો મેં સંકલ્પ કર્યો છે તેથી હું જતો નથી પણ બીજા પાસેથી મંગાવું છું તો તે પ્રકારની આનયનની ક્રિયાથી અન્ય ક્ષેત્રમાં થતા આરંભ-સમારંભની પ્રાપ્તિ થાય માટે બીજા શિક્ષાવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, દેશાવગાસિક વ્રત દ્વારા અત્યંત પરિમિત ક્ષેત્ર સીમિત કરેલ હોવાથી તે સીમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રોમાં આરંભ નહીં કરવાનો શ્રાવકને પરિણામ ઉત્પન્ન થાય છે, તેથી પાપના સંવર ભાવની પ્રાપ્તિ થાય છે. તેમ છતાં, અનાભોગથી કે મુગ્ધતાથી વિચાર આવે કે મેં આ પરિમિત ક્ષેત્રથી બહારના ક્ષેત્રમાં જવાનો નિષેધ મર્યાદિત કાળ માટે કરેલ છે તેથી તે બહારના ક્ષેત્રમાં કોઈ સંસારનું પ્રયોજન હોય ત્યારે કોઈકને મોકલીને તે કાર્ય કરે ત્યારે પ્રેષણ નામનો બીજો અતિચાર પ્રાપ્ત થાય છે; કેમ કે તે પ્રકારે અન્યને મોકલવાથી તે મર્યાદિત ક્ષેત્રોથી બહારમાં પણ આરંભની પ્રાપ્તિ થાય છે.

વળી, અતિ પરિમિત ક્ષેત્રનું પચ્ચક્ખાણ કરેલ હોય અને તે પરિમિત ક્ષેત્રથી બહાર રહેલ કોઈ વ્યક્તિને બોલાવીને તેની પાસેથી ઘરમાં કાંઈ કાર્ય કરાવવું હોય ત્યારે શ્રાવક ખોંખારો ખાઈને પોતે અંદરમાં છે તેમ અભિવ્યક્ત કરે છે, તેથી તે વ્યક્તિ ઘરમાં આવે જેથી પોતાને ઇષ્ટ કાર્ય કરી શકે. તે વખતે બહારના ક્ષેત્રમાંથી તે વ્યક્તિને બોલાવવાના અભિલાષથી ખોંખારો કરેલ હોવાથી અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, કોઈક વ્યક્તિ બહાર હોય અને તેને બોલાવવાની ઇચ્છા થાય ત્યારે દરવાજા આદિ પાસે રહીને બહાર જુએ, જેથી પોતાના રૂપના દર્શનથી તે વ્યક્તિ અંદર આવે તો પોતાને જે કાર્ય તેની પાસે કરાવવું છે તે કાર્ય કરાવી શકે. આ પ્રકારના સંકલ્પથી પોતાના રૂપનું બીજાને દર્શન કરાવે તો દેશાવગાસિક વ્રતથી કરેલા સંવરમાં સ્ખલના થવાથી અતિચારરૂપ બને છે.

વળી, કોઈક વ્યક્તિ દૂર હોય અને તેને બોલાવવી હોય તો કોઈક વસ્તુને તેના તરફ ફેંકીને બોલાવે તો દેશાવગાસિક વ્રતમાં અતિચારપ્રાપ્તિ થાય છે.

દેશાવગાસિક વ્રતને સ્થિર કરવા અર્થે શ્રાવકે વિચારવું જોઈએ કે હું તપાવેલા લોખંડના ગોળા જેવો છું અને હું વર્તમાનમાં અમુક ક્ષેત્રમાં બેઠો છું, છતાં હું ભાવથી ૧૪ રાજલોકમાં જવાના પરિણામવાળો છું તેથી ૧૪ રાજલોકમાં મારાથી સર્વહિંસાનો સંભવ છે તેને મેં દિક્પરિમાણ વ્રતથી કાંઈક સીમિત કરેલ છે. તેથી તેટલા અંશથી તે પ્રકારના આરંભમાં હું સંકોચના પરિણામવાળો છું, આમ છતાં સર્વથા નિરારંભ એવા સાધુ જીવનની શક્તિના સંચય અર્થે મારે શક્તિ અનુસાર કેટલાક કાળની મર્યાદાપૂર્વક ક્ષેત્રનો વિશેષ સંકોચ કરવો જોઈએ; જેથી બહારનાં ક્ષેત્રો સાથે ભાવથી મારો સંબંધ તેટલા કાળ માટે કપાય તો અન્ય ક્ષેત્રમાં થવાના આરંભની સંભાવનાથી હું સંવર ભાવને પામું. આ રીતે સંવરની વૃદ્ધિ કરીને મારે સર્વવિરતિની શક્તિનો સંચય કરવો છે તેથી સ્વીકારાયેલા દેશાવગાસિક વ્રતમાં જે કોઈ અનાભોગ આદિથી અતિચારો થયા હોય તેનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા કરે અને કાયાથી તો નહીં પરંતુ મનથી પણ બહારનાં ક્ષેત્રો પ્રત્યે જવાનો પરિણામ ઉલ્લસિત ન થાય તે પ્રકારે દઢ માનસ પરિણામને પ્રગટ કરવા યત્ન કરે તો ભાવથી સંવરનો પરિણામ પ્રાપ્ત થાય અને પ્રતિદિન અતિચારો પ્રત્યે જુગુપ્સા કરીને અતિચાર ઉત્પન્ન ન થાય તેવી શક્તિનો સંચય કરે. પરંતુ આ દેશાવગાસિક વ્રતના અતિચારો જ છે, વ્રતભંગ નથી તેમ વિચાર કરીને શ્રાવક અતિચારોની ઉપેક્ષા કરે નહીં તો જ વ્રત ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને આ ભવમાં કે પરભાવમાં સર્વવિરતિને અનુકૂળ શક્તિનું કારણ બનશે. **॥૨૮॥**

**અવતરણિકા –**

**ક્રમ પ્રાપ્ત પૌષધ-ઉપવાસરૂપ ત્રીજા શિક્ષાવ્રતના અતિચારોની નિંદા કરે છે –**

**સૂત્ર :–**

**સંથારુચ્ચારવિહી, પમાય તહ ચેવ ભોયણાભોએ;**
**પોસહવિહિવિવરીએ, તઇએ સિક્ખાવએ નિંદે ॥૨૯॥**

**સૂત્રાર્થ :–**

**સંસ્તારક અને ઉચ્ચારક વિધિના પ્રમાદમાં=સંથારાને પાથરવાના વિષયક અને માત્રુ, સ્થંડિલ આદિ પરઠવાની વિધિવિષયક પ્રમાદમાં, ભોજનના વિષયક આભોગમાં, વિચારણામાં અને પૌષધ વિધિની વિપરીત પ્રવૃત્તિમાં ત્રીજા શિક્ષાવ્રતને આશ્રયીને જે કોઈ સ્ખલના થઈ હોય તેની હું નિંદા કરું છું. ॥૨૯॥**

**ભાવાર્થ :–**

પૌષધ-ઉપવાસ નામનું ત્રીજું શિક્ષાવ્રત છે. પૌષધ શબ્દની વ્યુત્પતિ બતાવે છે –

પોષને આપે=ધર્મના પોષણને આપે, તે પૌષધ અને ઉપવસન એ ઉપવાસ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મના પોષણને આપે એવી ક્રિયાની પાસે બેસવાની ક્રિયા તે પૌષધ-ઉપવાસ છે. ધર્મના પોષણના અર્થે શ્રાવક ચાર પ્રકારના પૌષધને કરે છે.

**શરીરસત્કારપૌષધ :–**

શરીરના સત્કારનો ત્યાગ કરીને દેહ પ્રત્યેના મમત્વને અલ્પ કરીને સર્વવિરતિને અનુકૂળ બળનું આધાન કરવા માટે શરીરસત્કારના ત્યાગરૂપ પૌષધ કરે છે.

**આહારપૌષધ :–**

ભોજન-આહાર આદિનો ત્યાગ કરીને દેહ પ્રત્યેના મમત્વને દૂર કરવા અર્થે અને અણહારી ભાવનાથી આત્માને ભાવિત કરવા અર્થે આહારના ત્યાગરૂપ પૌષધ કરે છે.

**બ્રહ્મચર્યપૌષધ :–**

કામવૃત્તિના શમનપૂર્વક બ્રહ્મચર્યના પ્રત્યે પક્ષપાત ઉત્પન્ન થાય તે રીતે બ્રહ્મચર્યપૌષધ કરે છે.

**અવ્યાપારપૌષધ :–**

સાધુ જેમ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સતત વીતરાગભાવની વૃદ્ધિને અનુકૂળ યત્ન થાય તે રીતે સ્વાધ્યાય આદિમાં યત્ન કરીને સદા અવ્યાપારવાળા રહે છે= કર્મબંધને અનુકૂળ વ્યાપારથી રહિત થઈને આત્મભાવમાં સંવૃત થવા માટે દૃઢ વ્યાપારવાળા રહે છે, તેમ શ્રાવક પણ બાહ્ય પદાર્થોને આશ્રયીને પૌષધકાળમાં મન, વચન, કાયાના વ્યાપારનો ત્યાગ કરે છે અને મોહનું ઉન્મૂલન થાય તે રીતે મન-વચન-કાયાના યોગોને સતત પ્રવર્તાવે છે અને તેના માટે ઉચિત સ્વાધ્યાય આદિથી આત્માને વાસિત કરે છે તે અવ્યાપારરૂપ પૌષધ છે.

આ ચાર પ્રકારના પૌષધને સ્વીકાર્યા પછી કોઈ શ્રાવક સંથારા ઉપર બેસીને સ્વાધ્યાય આદિ કરે તેના પૂર્વે કોઈ જીવને પીડા ન થાય તે રીતે વિધિપૂર્વક સંથારો પાથરે; તેમાં કોઈ પ્રકારના યતનાની સ્ખલના થાય તો તે અતિચારરૂપ છે. વળી, માત્રુ-સ્થંડિલ આદિની ઉચિત વિધિમાં શાસ્ત્રવિધિ અનુસાર પ્રયત્ન કરવામાં કોઈક પ્રકારનો પ્રમાદ થાય તો અતિચારની પ્રાપ્તિ થાય. વળી, ભોજનનો ત્યાગ કરેલ હોવાને કારણે ક્ષુધાની પીડા થવાને કારણે ભોજન વિષયક કોઈક સ્મરણ થાય તો અતિચારની પ્રાપ્તિ થાય. ચાર પ્રકારના પૌષધ ગ્રહણ કર્યા પછી તે પૌષધને અનુસાર ઉચિત ધર્મધ્યાન અને શુક્લધ્યાન માટે શ્રાવક શક્તિ અનુસાર યત્ન કરે છે અને તે વિધિમાં કોઈક વિપરીત પ્રવૃત્તિ થાય તો પૌષધવ્રતમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવક પૌષધ વ્રતની મર્યાદાને સ્મૃતિમાં રાખીને સતત સ્વાધ્યાય આદિ દ્વારા ધર્મધ્યાન આદિની વૃદ્ધિમાં યત્ન

કરે છતાં અનાભોગ આદિથી કોઈક સ્ખલના થઈ હોય તેનું સ્મરણ કરીને પ્રસ્તુત ગાથાથી તેની નિંદા કરે છે, જેથી સર્વવિરતિના શક્તિના સંચયને અનુકૂળ દુષ્કર એવા પણ પૌષધવ્રતમાં અનાભોગ આદિથી કોઈ સ્ખલના થઈ હોય તેના પ્રત્યે જુગુપ્સા થવાથી તે પાપની નિવૃત્તિ થાય છે અને અતિચાર રહિત પૌષધવ્રત સેવવાને અનુકૂળ બળનું આધાન થાય છે, તેથી શ્રાવકે ભાવસાધુને અનુકૂળ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને સ્મરણમાં રાખીને પૌષધવ્રતની સ્ખલનાને દૂર કરવા માટે યત્ન કરવો જોઈએ. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**ક્રમ પ્રાપ્ત ચોથા શિક્ષાવ્રતના અતિચારોનું આલોચન કરે છે –**

**સૂત્ર :-**

**સચ્ચિત્તે નિક્ખિવણે, પિહિણે વવએસ મચ્છરે ચેવ;**
**કાલાઇક્કમદાણે, ચઉત્થે સિક્ખાવએ નિંદે ॥૩૦॥**

**સૂત્રાર્થ :-**

**સચિત્ત ઉપર નિક્ષેપ, સચિત્તથી પિધાન=સચિત્તથી દેય વસ્તુને ઢાંકવું. પરનો વ્યપદેશ, મત્સર અને કાળનો અતિક્રમ ચોથા શિક્ષાવ્રતમાં અતિચારરૂપ છે તેની હું નિંદા કરું છું. ॥૩૦॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સાધુધર્મને અનુકૂળ શક્તિસંચય અર્થે જેમ સામાયિક પૌષધ આદિ કરે છે તેમ સુસાધુના ગુણોનું સ્મરણ કરીને તેમના ગુણો પ્રત્યે ભક્તિનો અતિશય થાય તે પ્રકારે તેઓને નિર્દોષ ભિક્ષા આદિ વસ્તુ આપે છે; જેનાથી સંયમજીવન પ્રત્યેનો વધતો જતો બહુમાનભાવ પ્રગટે અને સંયમનાં પ્રતિબંધક કર્મો નાશ પામે, તેથી અતિથિ સંવિભાગ વ્રતને શિક્ષાવ્રત કહેલ છે.

અતિથિ સંવિભાગ શબ્દનો અર્થ આ પ્રમાણે છે –

જેઓને કોઈ પર્વતિથિ નથી પરંતુ સદા શક્તિના પ્રકર્ષથી ધર્મ સેવી રહ્યા છે તેવા સાધુ અતિથિ કહેવાય છે. પોતાના માટે બનાવાયેલ આહાર આદિમાંથી સમ્યક્ રીતે વિભાગ કરીને તેઓની સંયમની વૃદ્ધિનું કારણ બને તે રીતે શ્રાવક તેઓને વહોરાવે તે અતિથિ સંવિભાગ કહેવાય અને તે અતિથિ સંવિભાગ વ્રતના પાલનથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે અને તેના અનાભોગ આદિથી પાંચ અતિચારની પ્રાપ્તિ છે. સાધુને વહોરાવવાની વસ્તુનો અનાભોગ સહસાત્કારથી સચિત્ત ઉપર નિક્ષેપ કરે તે સચિત્તનિક્ષેપ દોષ છે અથવા વહોરાવવાની વસ્તુ ઉપર સચિત્ત વસ્તુને સ્થાપન કરે તે સચિત્તપિધાન દોષ છે. પોતાની વસ્તુને પણ નહીં આપવાના આશયથી આ પરની છે તે પ્રકારે કહે તે પરવ્યપદેશ દોષ છે. સાધુ પ્રત્યે દ્વેષ કરીને કે અન્ય કોઈએ સાધુને ઉત્તમ વસ્તુ વહોરાવી હોય તેના પ્રત્યે દ્વેષ કરીને હું કંઈક અધિક છું તે બુદ્ધિથી દાન

આપે તે મત્સર દોષ છે અને સાધુના ગોચરીના કાળને ઓળંગીને તેમને આહાર માટે વિનંતી કરે તે કાલ અતિક્રમ છે. આ પ્રકારના પાંચ અતિચારો અનાભોગ આદિથી શ્રાવકને પ્રાપ્ત થાય છે.

સામાન્યથી શ્રાવકને સાધુ પ્રત્યે બહુમાનભાવ હોય છે, તેથી સુસાધુને જોઈને તેમની ભક્તિ કરવાનો આશય થાય છે અને તેમના પ્રત્યે અત્યંત ભક્તિ હોવાથી તેમને નિર્દોષ આહાર આદિ આપીને જ પોતાનું જીવન કૃતકૃત્ય થયું છે તેમ શ્રાવક માને છે, છતાં કોઈક શ્રાવકને વિચાર્યા વગર જેમ-તેમ પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ હોય તો સાધુને વહોરાવતી વખતે પોતાના પાસે રહેલ વહોરાવવાની વસ્તુને અનાભોગથી સચિત્ત વસ્તુ ઉપર મૂકે તે દાન આપવામાં વિઘ્નભૂત થવાથી અતિચારરૂપ છે.

વળી, અનાભોગથી વહોરાવવાની વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ મૂકી દે તો સાધુ આવે ત્યારે તે વસ્તુ વહોરાવી શકાય નહીં તેથી તે પ્રકારની અયતનાનો પરિણામ પણ દાન આપવાની ક્રિયામાં અતિચારરૂપ છે.

વળી, વહોરાવતી વખતે કોઈક અતિ સુંદર વસ્તુ હોય તે વહોરાવવાનો પરિણામ ન થાય તો કહે કે આ પરનું છે તે પણ અતિથિ સંવિભાગ વ્રતમાં અતિચારરૂપ છે. વળી, ક્યારેક સાધુને ઉત્તમ વસ્તુનું કોઈકે દાન કર્યું હોય તેના કરતાં હું કાંઈક અધિક છું તે પ્રકારની બુદ્ધિથી તે આપનાર પ્રત્યે મત્સરભાવ ધારણ કરીને સુંદર વસ્તુ વહોરાવે તોપણ તે વ્રતનો અતિચાર છે.

સાધુના ગોચરીના કાળનો અતિક્રમ કરીને અકાળે જઈને તેમને લાભ આપવા વિનંતી કરે તોપણ તે ચોથા શિક્ષાવ્રતનો અતિચાર છે.

માટે વિવેકસંપન્ન શ્રાવકે સુસાધુના ગુણોનું સ્મરણ કરીને તેઓના ગુણો પ્રત્યે બહુમાન ભાવની વૃદ્ધિ થાય અને તેઓના સંયમને સહાયક બને તેવા જ ઉચિત આહાર આદિ દ્વારા તેઓની ભક્તિ કરવી જોઈએ જેનાથી પોતાને સાધુના ગુણો પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે જેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય અને અનાભોગ આદિથી જે કોઈ અતિચારો થયા હોય તેનું સ્મરણ કરીને તેની નિંદા શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે, જેથી તે અતિચારની શુદ્ધિ થાય. જો કોઈ અતિચાર ન થયો હોય અને ઉચિત વિધિથી સંયોગ અનુસાર અતિથિ સંવિભાગ વ્રતનું સેવન કરેલ હોય તોપણ અતિચારોનું સ્મરણ કરવાથી અને તેની નિંદા કરવાથી તે અતિચારો પ્રત્યે જુગુપ્સા વધે છે; જેથી અતિચાર થવાની સંભાવના અલ્પ-અલ્પતર થાય છે માટે અત્યંત ઉપયોગપૂર્વક શ્રાવકે તેનું આલોચન કરવું જોઈએ અને તેની નિંદા કરવી જોઈએ. **॥૩૦॥**

**અવતરણિકા :-**

**અતિથિ સંવિભાગ વ્રતના પાંચ અતિચારોની શુદ્ધિ કર્યા પછી સુસાધુની ભક્તિ વિષયક અન્ય પ્રકારે પણ કોઈક દોષની પ્રાપ્તિ થઈ હોય તેની શુદ્ધિ અર્થે શ્રાવક આલોચન કરે છે –**

**સૂત્ર :-**

**સુહિએસુ અ દુહિએસુ અ, જા મે અસ્સંજએસુ અણુકંપા;**
**રાગેણ વ દોસેણ વ, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૧॥**

**સૂત્રાર્થ :-**

**અસ્વંયત એવા=સ્વઇચ્છા પ્રમાણે યત્ન ન કરે તેવા, સુખી સાધુમાં કે દુઃખી સાધુમાં જે મેં રાગથી કે દ્વેષથી અનુકંપા કરી હોય તેની હું નિંદા કરું છું, તેની હું ગર્હા કરું છું. ॥૩૧॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને સાધુ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે; કેમ કે પોતાને પણ સર્વવિરતિ લેવાની ઉત્કૃષ્ટ ઇચ્છા છે તેથી તેઓની ભક્તિ કરીને સંયમની શક્તિસંચય કરવા યત્ન કરે છે. વળી ક્યારેક સંયમી પણ સાધુ કોઈક રોગાદિથી દુઃખિત હોય અથવા રોગાદિથી દુઃખી ન હોય છતાં ભિક્ષાની પ્રાપ્તિ દુષ્કર હોય ત્યારે શરીરથી દુઃખી હોય તેવા સાધુઓમાં કે રોગાદિથી દુઃખી સાધુઓમાં તેઓને ભિક્ષાની પ્રાપ્તિ દુર્લભ જણાય છે. તેના કારણે તેઓના ભિક્ષા-અપ્રાપ્તિના દુઃખને દૂર કરવાની ઇચ્છા થાય છે અથવા રોગાદિથી દુઃખી સાધુના રોગાદિ દૂર કરવાની ઇચ્છા થાય છે તે સુસાધુમાં અનુકંપાનો પરિણામ છે; કેમ કે કોઈના દુઃખને જોઈને ચિતમાં દયાળુ સ્વભાવને કારણે તેને દૂર કરવાનો અધ્યવસાય થાય તેને અનુકંપા કહેવાય છે.

દીનદુઃખિયા આદિ જીવોમાં તે શ્રાવકને ગુરુત્વ બુદ્ધિ નથી અને અનુકંપા થાય છે, જ્યારે સુસાધુમાં આ મહાત્માઓ છે, સુસાધુઓ છે તેવી બુદ્ધિ હોવા છતાં તેઓના દુઃખને જોઈને અનુકંપા થાય છે તે દોષરૂપ નથી. આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે આચાર્યની અનુકંપા કરાયે છતે સુસાધુયુક્ત આખા ગચ્છની અનુકંપા થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈક આચાર્ય ગચ્છને સારણા, વારણા આદિ કરીને ઘણો ઉપકાર કરતા હોય અને કોઈક નિમિતે તેઓને રોગ ઉત્પન્ન થયા હોય કે કોઈ અન્ય શારીરિક તકલીફ થઈ હોય ત્યારે તેને જોઈને કોઈ શ્રાવકને તે આચાર્ય પ્રત્યે અનુકંપાનો પરિણામ થાય તે દોષરૂપ નથી પણ ગુણરૂપ છે. તે અનુકંપા પરિણામને કારણે તે શ્રાવક તે આચાર્યનાં રોગાદિ દુઃખોને દૂર કરવા પ્રયત્ન કરે છે, તેનાથી તે આચાર્યના ગચ્છમાં વર્તતા અન્ય સાધુઓની પણ અનુકંપા થાય છે; કેમ કે તે આચાર્ય સ્વસ્થ થાય તો તે આચાર્ય ગચ્છને સારણા, વારણા કરીને સુખપૂર્વક સંસારથી નિસ્તાર કરાવી શકે. આ ગચ્છના સાધુઓ વિશેષ રીતે આરાધના કરી શકે તે હેતુથી આચાર્યના અસ્વાસ્થ્યરૂપ વિઘ્નને હું દૂર કરું તેવા અધ્યવસાયથી શ્રાવક તે વખતે તે ગચ્છનાં વિઘ્નોના દૂર કરવાના ઉપાયરૂપે આચાર્ય પ્રત્યે અનુકંપાનો પરિણામ ધારણ કરે છે તે વિશેષ પ્રકારના પુણ્યાનુબંધીપુણ્યનું અને પરંપરાએ મોક્ષનું કારણ છે.

વળી, સુસાધુ સ્વતંત્ર નથી પરંતુ ગીતાર્થને પરતંત્ર છે તેથી અસ્વંયત છે. તેવા સુસાધુ કોઈ રોગાદિવાળા ન હોય તો સુખી છે અને રોગાદિવાળા હોય તો દુઃખી છે. વળી, ક્યારેક સંયમી સુસાધુ રોગાદિથી દુઃખી ન હોય છતાં ભિક્ષાની પ્રાપ્તિની દુર્લભતારૂપ દુઃખ દૂર કરવા અર્થે કે રોગી એવા સુસાધુના રોગને દૂર કરવા અર્થે કોઈક શ્રાવક અનુકંપાબુદ્ધિથી દાન કરે તો તે ઉચિત પરિણામ છે માટે નિર્જરાનું કારણ છે. આમ છતાં કોઈ શ્રાવક તેવા મહાત્માઓ પર રાગ-દ્વેષથી અનુકંપા કરે તો તે અતિચારરૂપ છે.

જેમ કોઈ સુસાધુને પણ જોઈને આ મારા સંબંધી છે, આ મારા પરિચિત છે તે પ્રકારના રાગથી તેઓની

અનુકંપા કરે તો તેવો શ્રાવકનો તે અનુકંપાનો પરિણામ ઉચિત હોવા છતાં સંબંધની બુદ્ધિથી રાગને વશ તે કૃત્ય કરે છે તે અંશથી દોષરૂપ છે, માટે સુસાધુમાં કરાયેલી તેવી અનુકંપા અતિચારરૂપ છે.

વળી, કોઈ શ્રાવકને સુસાધુનાં મલિન વસ્ત્ર આદિ જોઈને કે અન્ય કોઈક તેવી પ્રવૃત્તિ જોઈને સહજ અરુચિ થતી હોય તેના કારણે તેઓના તે દુઃખને દૂર કરવા માટે પ્રયત્ન કરે ત્યારે જે અનુકંપાનો પરિણામ છે તે અનુકંપાના પરિણામના સહવર્તી જે અલ્પ અંશથી પણ દ્વેષ છે તે અતિચારરૂપ છે અને તેની નિંદા કરીને શ્રાવક પોતાને અતિથિ સંવિભાગ વ્રત અતિચાર રહિત કરવા યત્ન કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જ્યારે શ્રાવક સાધુના ગુણોના સ્મરણપૂર્વક સાધુની ભક્તિ કરે ત્યારે સાધુના ગુણોને કારણે પૂજ્યભાવ વર્તે છે જે મહાનિર્જરાનું કારણ છે અને સુસાધુ પ્રત્યે હીનપણાની બુદ્ધિ ન હોય પરંતુ પૂજ્યભાવ હોવા છતાં તેઓના દુઃખોને જોઈને હૈયામાં અનુકંપાનો પરિણામ થાય છે અને તેના કારણે તે દુઃખ દૂર કરવાને અનુકૂળ શ્રાવક જે દાન કરે છે તે અનુકંપાદાન છે જેનાથી વિશિષ્ટ પ્રકારનું પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે અને આ ભક્તિપૂર્વકનું કે અનુકંપાપૂર્વકનું દાન પરંપરાએ મોક્ષનું કારણ છે તેથી શ્રાવક માટે દોષરૂપ નથી.

આ રીતે સુસાધુમાં કોઈક રીતે થયેલી વિવેકવાળી અનુકંપામાં પણ રાગ-દ્વેષથી કોઈ અતિચારો થયા હોય તેને સ્મૃતિમાં લાવીને શ્રાવક પ્રસ્તુત ગાથાથી તેની નિંદા કરે છે જેથી અનાભોગ આદિથી પણ કોઈ અતિચાર થયેલ હોય તો તેની શુદ્ધિની પ્રાપ્તિ થાય. અને કોઈ અતિચાર ન થયેલ હોય તો તેવા સુસંયત પ્રત્યેના અનુકંપાદાનમાં અતિચાર થવાની સંભાવના દૂર થાય છે. **॥૩૧॥**

**અવતરણિકા :-**

**વળી, અતિથિસંવિભાગ વ્રતના વિષયમાં જ વિશેષ પ્રકારની ઉચિત આચરણા ન કરી હોય તેવા અતિચારની નિંદા ગર્હા કરે છે –**

**સૂત્ર :-**

**સાહૂસુ સંવિભાગો, ન કઓ તવ-ચરણ-કરણ-જુત્તેસુ;**
**સંતે ફાસુઅદાણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૩૨॥**

**સૂત્રાર્થ :-**

**પ્રાસુક દાન આપવા યોગ્ય વસ્તુઓ હોતે છતે તપ, ચરણ, કરણ-યુક્ત એવા સાધુમાં સંવિભાગ કરાયો નહિ-નિર્દોષ આહાર અપાયો નહીં તેની હું નિંદા કરું છું, તેની હું ગર્હા કરું છું. ॥૩૨॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સર્વવિરતિનો અત્યંત અર્થી છે, તેથી સર્વવિરતિધર એવા સાધુ પ્રત્યે અવશ્ય તેને ભક્તિ હોય છે અને તેવા વિવેકી શ્રાવક પોતાના પ્રયોજનથી અન્ન નિષ્પન્ન થયા પછી સુસાધુની ભક્તિના પરિણામવાળા

થાય છે. તેથી વિચારે છે કે કોઈ તપસ્વી સુસાધુ મળે તો તેઓને આ નિર્દોષ આહારનો સંવિભાગ કરીને ત્યાર પછી હું ભોજન કરું. આમ છતાં, પ્રમાદને વશ ક્યારેક નિર્દોષ આહાર વિદ્યમાન હોય અને તપ અને ચારિત્રમાં ઉદ્યમવાળા સુસાધુ છે કે નહીં તેનો વિચાર કર્યા વગર કે તેવા તપ-સંયમવાળા સાધુ ગામમાં વિદ્યમાન છે કે નહીં તેનો વિચાર કર્યા વગર પોતે આહાર વાપરે તો તે અનાભોગ આદિથી ઉપેક્ષા થઈ હોવાથી અતિચારરૂપ છે. કદાચ કોઈ સાધુ આવ્યા હોય અને તેમને ભક્તિપૂર્વક વહોરાવે તોપણ તે નિર્દોષ આહારનો સંયમવૃદ્ધિમાં ઉપયોગ થતો હોવા છતાં તેના વિષયમાં જે અનાભોગ આદિથી ઉપેક્ષા થઈ હોય તે ચોથા શિક્ષાવ્રતમાં અતિચારરૂપ છે તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે અને તેની ગર્હા કરે છે; જેથી તે દોષ પ્રત્યે જુગુપ્સા ભાવ થવાથી ચોથું શિક્ષાવ્રત શુદ્ધ બને છે અને કદાચ તેવા દોષનું સેવન ન થયું હોય તોપણ આ રીતે નિંદા-ગર્હા કરવાથી ક્યારેય દોષની પ્રાપ્તિ ન થાય તેવી સાવધાનતા પ્રગટે છે. જેથી સદા નિર્દોષ ભિક્ષા આદિ દ્વારા સુસાધુની ભક્તિ કરીને સંયમની શક્તિસંચય કરવાને અનુકૂળ દૃઢ પરિણામ સ્થિર થાય છે. ॥૩૨॥

**અવતરણિકા :-**

**શ્રાવક દેશવિરતિ ધર્મનાં બાર વ્રતોમાં લાગેલા અતિચારોની શુદ્ધિ કર્યા પછી જીવનના અંત સમયે સંયમ ગ્રહણ ન કરી શકે તોપણ સંલેખના કરીને વિધિપૂર્વક પોતાને દેહ ત્યાગ કરવો છે તેવા પરિણામવાળા હોય છે અને તે પરિણામને સ્થિર કરવા અર્થે અને ઉચિત કાળે પોતે સંલેખના કરે ત્યારે સંલેખનામાં અતિચારની પ્રાપ્તિ ન થાય તેવા બળસંચય અર્થે પ્રસ્તુત ગાથાથી યત્ન કરે છે -**

**સૂત્ર :-**

**ઇહલોએ પરલોએ, જીવિઅમરણે અ આસંસપઓગે;**
**પંચવિહો અઇયારો, મા મજ્ઝ હુજ્જ મરણંતે ॥૩૩॥**

**સૂત્રાર્થ :-**

**ઈહલોકના વિષયમાં, પરલોકના વિષયમાં, જીવિતના વિષયમાં, મરણના વિષયમાં અને આશંસાના પ્રયોગમાં=કામભોગની આશંસાની વિચારણામાં પાંચ પ્રકારનો અતિચાર મને મરણના અંત સમયમાં પ્રાપ્ત થાઓ નહિ. ॥૩૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને સમાધિપૂર્વક મરણ પ્રાપ્ત કરીને ધર્મસાધક એવા ઉત્તરભવની પ્રાપ્તિની અત્યંત ઇચ્છા હોય છે તેથી શ્રાવકપણાના પાલનકાળમાં પણ હંમેશાં સમાધિમરણના પ્રબલ કારણભૂત દેહની સંલેખના અને કષાયોની સંલેખના અંત સમય માટે અવશ્ય કરવી છે તેવો અભિલાષ વર્તે છે અને તે અભિલાષના કારણે જ્યારે તે પ્રકારનો બળસંચય થાય અને જીવનનો અંતિમ સમય આવે ત્યારે પોતે સંલેખના કરશે તે વખતે જો સંલેખનામાં કોઈ અતિચાર પ્રાપ્ત થશે તો તે સંલેખના દૂષિત થવાથી ઉત્તરના ધર્મપ્રધાન એવા ભવની

પ્રાપ્તિમાં વિઘ્નભૂત બને તેના નિવારણ અર્થે પ્રસ્તુત ગાથામાં ભાવના કરે છે કે સંલેખના પ્રાપ્તિકાળમાં જે સંભવિત પાંચ અતિચારો છે તેમાંથી કોઈ અતિચારની પ્રાપ્તિ મને મરણકાળમાં થાઓ નહિ. આ પ્રકારના પ્રતિદિન ભાવનને કારણે તેના દૃઢ સંસ્કારો પડે છે જેથી મરણકાળમાં તે અતિચારો ઉત્થિત ન થાય તેવું બળનું આધાન થાય છે. તે અતિચારો આ પ્રમાણે છે.

શ્રાવક જ્યારે સંલેખના કરે તે વખતે પ્રાયઃ કરીને કષાયોને પાતળા કરવા અર્થે સતત શ્રુતના ઉપયોગથી આત્માને ભાવિત કરે છે. શ્રુતનું વચન એ ભગવાનનું વચન છે તેથી તે શ્રુતાનુસારી ઉપયોગને કારણે તે શ્રાવકનું ચિત્ત વીતરાગભાવને અભિમુખ સતત પ્રવર્તે છે જેથી કષાયોની સંલેખના થાય છે. વળી, તપ કરીને દેહને પણ તે રીતે કૃષ કરે છે જેથી દેહની ક્ષીણતામાં પણ પોતાનો શ્રુતનો ઉપયોગ વ્યાઘાત ન પામે અને તેના કારણે મરણ સમયના દેહના મોટા પરિવર્તનમાં પણ ચિત્ત તે દેહની પીડાથી આર્ત ન બને પરંતુ શ્રુત અનુસાર ઉપયોગને કરીને ઉત્તમ ભાવોપૂર્વક દેહનો ત્યાગ કરી શકે, તે દેહની અને કષાયોની સંલેખના છે.

આ રીતે કોઈ શ્રાવક મરણકાળમાં યત્ન કરે છતાં તે વખતે તેની દેહની અને કષાયની સંલેખનાને કારણે કોઈ શાતા પૃચ્છા કરવા આવે ત્યારે તેઓથી અપાયેલા આદરસત્કારને કારણે તેમાં ઉપયોગ ભળે તો તે આદર-સત્કાર પ્રત્યે જીવ સ્વભાવે પ્રીતિ ઉત્પન્ન થાય તે વખતે આ લોકની આશંસા અર્થાત્ આ લોકમાં મળતા આદર-સત્કારની આશંસા થાય તો શ્રુત દ્વારા કષાયની સંલેખનામાં પ્રવર્તતો ઉપયોગ સ્ખલના પામે તેથી આ લોકની આશંસા અતિચારરૂપ છે.

વળી, શ્રાવક સંલેખનાકાળમાં હોય અને શાસ્ત્રોના અધ્યયનથી શ્રાવકે સાંભળેલું હોય કે આરાધના કરીને શ્રાવક સંલેખનાપૂર્વક પરભવમાં જશે ત્યારે વિશિષ્ટ ધર્મસામગ્રીને અનુકૂળ તેવો ઉત્તમ દેવભવ મળશે. અને તેવા દેવભવની આશંસાનો સંલેખનામાં નિષેધ નથી, તેથી શ્રાવક અવશ્ય વિચારે છે કે આ સંલેખનાના બળથી હું તેવા ઉત્તમ દેવભવને પ્રાપ્ત કરું. પરંતુ દેવભવમાં વર્તતા ઉત્તમ ભોગોના સ્મરણથી દેવભવની આશંસા થાય તો તે સંલેખનાકાળમાં ચિત્ત ભોગની આશંસાવાળું થવાથી કષાયોની સંલેખનાને અનુરૂપ કરાતો વ્યાપાર સ્ખલના પામે છે, તેથી પરલોકના સુખની આશંસા થાય તો સંલેખનામાં અતિચારની પ્રાપ્તિ થાય. વળી, જેઓ કષાયોની સંલેખના કરીને વિશિષ્ટ ધર્મની આરાધના કરવાના અર્થી છે તેઓ સંલેખનાકાળમાં વિશેષથી ભાવના કરે છે કે મારા સેવાયેલા ધર્મના ફલરૂપે મને પુણ્યની પ્રાપ્તિ થાઓ, સ્વર્ગની પ્રાપ્તિ થાઓ, મોક્ષની પ્રાપ્તિ થાઓ તે વખતે જે સ્વર્ગની ઇચ્છા છે તે ભોગ-સામગ્રીની આશંસાથી નથી પરંતુ વિશેષ પ્રકારના ધર્મસંચયની આશંસાથી છે માટે સંલેખનામાં તે આશંસા અતિચારરૂપ નથી. વળી, શ્રાવક જ્યારે અંતિમ સમયે સંલેખના કરે છે ત્યારે પણ કોઈક નિમિત્તને પામીને જીવવાની આશંસા થાય અર્થાત્ લોકોના આદરસત્કારને જોઈને કે કોઈ અન્ય નિમિત્તને જોઈને એમ થાય કે હું હજી વધુ જીવું તો સારું, આ પ્રકારની ઇચ્છા શ્રુતના બળથી આત્માને કષાયોની સંલેખના કરવામાં વ્યાઘાતક બને છે તેથી અતિચારરૂપ છે. વળી, સંલેખનાને કારણે જે દેહની પીડા વર્તે છે તેથી અનાભોગ આદિથી પણ વિચાર થાય કે જલ્દી આયુષ્ય પૂર્ણ થાય તો સારું. આ પ્રકારનો પરિણામ પણ સંલેખનામાં અતિચારરૂપ છે; કેમ

કે સંલેખનાકાળમાં કષાયોને અલ્પ-અલ્પતર કરવા માટે મહાત્મા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ સર્વ પ્રત્યે સમાન પરિણામ રહે તે પ્રકારનો દૃઢ સંકલ્પ કરીને તેને અનુરૂપ ઉચિત એવાં શ્રુત-વચનોથી આત્માને ભાવિત કરે છે અને જો મરણની ઇચ્છા થાય તો તે ઇચ્છા સમભાવની વ્યાઘાતક બને તેથી સંલેખનામાં અતિચાર સ્વરૂપ છે. વળી, સંલેખના-કાળમાં દેહની પીડાને કારણે ચિત્ત વ્યાકુળ બને તો અથવા પૂર્વના સેવાયેલા કામ-ભોગોનું સ્મરણ થાય અને તેમાંથી આનંદ લેવાનું મન થાય તો, સંલેખનામાં અતિચારની પ્રાપ્તિ થાય છે. માટે, તેવા કોઈ અતિચારોની પ્રાપ્તિ ન થાય તદ્અર્થે શ્રાવકે પ્રસંગે પ્રસંગે સંલેખનાના અતિચારોનું સ્મરણ કરીને તે ભાવો પ્રત્યે જુગુપ્સા થાય અને વિધિશુદ્ધ સંલેખના કરવાનો ઉત્સાહ વધે તેવો યત્ન કરવો જોઈએ. કદાચ સંઘયણબળના અસામર્થ્યને કારણે અંત સમયે સંપૂર્ણ આહારનો ત્યાગ ન કરી શકે તોપણ શક્તિ અનુસાર આહારનો સંકોચ કરીને કષાયોની સંલેખના થાય તે રીતે સતત શ્રુતથી આત્માને ભાવિત કરવા માટે અંત સમયે શ્રાવકે અવશ્ય યત્ન કરવો જોઈએ જેથી ઉત્તરનો ભવ પણ ધર્મપ્રાપ્તિને અનુકૂળ ઉપલબ્ધ થાય.

આ પ્રકારના બળના સંચય અર્થે શ્રાવક ષટ્ આવશ્યક ક્રિયાકાળમાં પ્રતિદિન પ્રસ્તુત ગાથા બોલીને સુવિશુદ્ધ સંલેખનાની શક્તિનો સંચય કરે છે એટલું જ નહીં પણ લોગસ્સ સૂત્રમાં પણ 'સમાહિવરમુત્તમં દિંતુ' ઇત્યાદિ શબ્દો દ્વારા સંલેખનાની જ શક્તિનો સંચય કરે છે તે જ રીતે જય વીયરાય સૂત્રમાં પણ 'સમાહિમરણં ચ' એ શબ્દો દ્વારા સંલેખનાની શક્તિનો સંચય કરે છે. **॥૩૩॥**

**અવતરણિકા :-**

**-શ્રાવક નિર્મળ શ્રાવકપણું પાળીને સર્વવિરતિના બળના સંચયના અત્યંત અર્થી હોય છે અને અનાદિકાળથી પાપનું સેવન થયું છે તેથી તેના સંસ્કારો દેશવિરતિના પાલનમાં પણ સ્ખલના કરે તેવા છે અને તે અતિચારોનું અનેક રીતે આલોચન કરવા છતાં તેના પ્રત્યે જુગુપ્સા થવી અતિ દુષ્કર છે. તેથી શ્રાવક ફરી-ફરી ભિન્ન-ભિન્ન દૃષ્ટિથી તે અતિચારનું સ્મરણ કરીને તેના પ્રત્યે જુગુપ્સા કરવા યત્ન કરે છે તેથી ત્રણ યોગોને આશ્રયીને થયેલા અતિચારોની આલોચના કરવાના અધ્યવસાયથી કહે છે –**

**સૂત્ર :-**

**કાએણ કાઇઅસ્સ, પડિક્કમે વાઇઅસ્સ વાયાએ;**
**મણસા માણસિઅસ્સ, સવ્વસ્સ વયાઇઆરસ્સ ॥૩૪॥**

**સૂત્રાર્થ :-**

**કાયાથી કરાયેલા સર્વ વ્રતઅતિચારોની કાયાથી શુદ્ધિ કરીને હું પ્રતિક્રમણ કરું છું, વાચાથી કરાયેલા સર્વ વ્રતઅતિચારોની વાચાથી શુદ્ધિ કરીને હું પ્રતિક્રમણ કરું છું. મનથી કરાયેલા સર્વ વ્રતઅતિચારોની મનથી શુદ્ધિ કરીને હું પ્રતિક્રમણ કરું છું. ॥૩૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવકજીવનમાં લાગેલા અતિચારની શુદ્ધિ અર્થે પ્રસ્તુત સૂત્રમાં અનેક રીતે તે તે અતિચારોનું સ્મરણ કરીને શ્રાવકે તેની નિંદા ગર્હા કરી. હવે પોતાના મન-વચન-કાયાના ત્રણ યોગોને આશ્રયીને જે-જે યોગોથી અતિચારની પ્રાપ્તિ થઈ છે તે તે યોગથી અતિચારની શુદ્ધિ કરવાની ભાવના કરે છે; જેથી તેના દ્વારા પણ તે અતિચારો પ્રત્યે જુગુપ્સા થાય તો કોઈક રીતે અવશેષ રહેલ અતિચારોના સંસ્કારો પણ નાશ પામે અને અતિચારથી સેવન થયેલાં પાપો પણ નાશ પામે.

અહીં વિશેષ એ છે કે શ્રાવક સર્વવિરતિના શક્તિના સંચય અર્થે સતત ભગવાનના વચનનું સ્મરણ કરીને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે તો પોતાની ભૂમિકા પ્રમાણે સ્વીકારાયેલાં વ્રતોમાં અતિચાર લાગવાની સંભાવના રહે નહીં; પરંતુ સ્વીકારાયેલાં વ્રતોનું વિશુદ્ધ પાલન થાય. અને તેના બળથી અવશ્ય સર્વવિરતિને અનુકૂળ સતત કંઈક-કંઈક શક્તિનો સંચય થાય છે. આથી જ વિવેકસંપન્ન શ્રાવક ધન કમાવાનો યત્ન કરે ત્યારે પણ જિનવચનનું સ્મરણ કરીને ઉચિત યતનાપૂર્વક ધન કમાય અને ધર્મમાં વ્યય પણ જિનવચનના સ્મરણથી નિયંત્રિત રીતે સર્વત્ર કરે; જેથી ધનઅર્જનમાં પણ ધર્મની પ્રાપ્તિ થાય, અતિચારની પ્રાપ્તિ થાય નહીં. ભોગની ઇચ્છા થાય ત્યારે પણ જિનવચનનું સ્મરણ કરીને તેને શાંત કરવા ઉચિત યત્ન કરે અને તે ઇચ્છા શાંત ન થાય તો વિધિપૂર્વક તે રીતે ભોગો કરે કે જેથી ચિત્ત ભોગના વિકારથી શીઘ્ર મુક્ત થાય.

શ્રાવકને દરેક પ્રવૃત્તિકાળમાં જિનવચનનું સ્મરણ અને જિનવચનના સ્મરણથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ કરવી અતિદુષ્કર છે તેથી પ્રમાદને વશ ક્યારેક મનથી પણ વ્રતની મર્યાદાથી વિપરીત કોઈક અતિચાર થાય ત્યારે તે મનથી થયેલા સર્વ અતિચારોનું મન દ્વારા જ વિપરીત ભાવન કરીને શ્રાવક તે અતિચારોની શુદ્ધિ કરે છે. વળી, જિનવચનનું સ્મરણ કરીને ઉચિત પ્રવૃત્તિ કરવા છતાં ક્યારેક જિનવચનના ઉપયોગના નિયંત્રણથી રહિત થઈને કોઈક વચનપ્રયોગ થયો હોય કે જેનાથી શ્રાવકના વ્રતમાં મલિનતા પ્રાપ્ત થાય તેની શુદ્ધિ અર્થે શ્રાવક વચનથી તેની નિંદા-ગર્હા કરે છે જેથી તેની શુદ્ધિ થાય. વળી, જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં પણ યત્નવાળા શ્રાવકને ક્યારેક કોઈક કષાયનો ઉદય થાય ત્યારે કાયાથી વ્રતના વિરુદ્ધ પ્રવૃત્તિ થાય ત્યારે શ્રાવક તેની શુદ્ધિ કરવા અર્થે ગુરુ પાસેથી આલોચના આદિ ગ્રહણ કરીને ઉચિત તપાદિ કાયિક ક્રિયાઓ દ્વારા તેની શુદ્ધિ કરે છે અને તે રીતે શુદ્ધિ કરવાના અધ્યવસાયથી શ્રાવક પ્રસ્તુત ગાથામાં કહે છે કે તે પ્રકારે ત્રણે યોગના અતિચારોનું હું ત્રણેય યોગોથી પ્રતિક્રમણ કરું છું. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**બાર વ્રતોના અતિચારોની આલોચના કર્યા પછી મન-વચન-કાયાના યોગોને આશ્રયીને થયેલા અતિચારોની આલોચના ગાથા ૩૪માં શ્રાવકે કરી. હવે કષાય આદિના ભાવોને વશ થતા અશુભ ભાવોને આશ્રયીને જ શ્રાવકનાં ઉચિત કૃત્યોના વિષયમાં સ્ખલનાઓ થાય છે તેના અતિચારની આલોચના કરવા અર્થે કહે છે –**

સૂત્ર :-

**વંદણવયસિક્ખાગારવેસુ, સણ્ણાકસાયદંડેસુ;**
**ગુત્તીસુ અ સમિઇસુ અ, જો અઇયારો અ તં નિંદે ॥૩૫॥**

સૂત્રાર્થ :-

**વંદન વિષયક, વ્રત વિષયક, શિક્ષા વિષયક અને ગારવ વિષયક, સંજ્ઞા વિષયક, કષાય વિષયક અને મનોદંડ આદિ ત્રણ દંડ વિષયક, ગુપ્તિ વિષયક અને સમિતિ વિષયક જે અતિચાર થયો હોય તેની હું નિંદા કરું છું. ॥૩૫॥**

ભાવાર્થ :-

**(૧) વંદન વિષયક :-**

શ્રાવક બાર વ્રતના પાલન અર્થે અને વ્રતના અતિશય અર્થે સદા દેવ-ગુરુને વંદન કરે છે. તેથી ઉપાસ્ય એવા તીર્થંકરની કર્મકાય અવસ્થાનું અને તત્ત્વકાય અવસ્થાનું સ્મરણ થાય છે. તેમના પ્રત્યે ભક્તિનો અતિશય થાય તે પ્રકારે શ્રાવક હંમેશાં દેવને વંદન કરે છે તેના કારણે તીર્થંકર તુલ્ય સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિને અનુકૂળ બળ-સંચય થાય છે. વળી, ભગવાનના વચનને પરતંત્ર થઈને જેઓ સર્વ શક્તિથી યત્ન કરી રહ્યા છે તેવા ગુરુ ભગવંતો પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે શ્રાવક વંદન કરે છે જેનાથી સર્વવિરતિને અનુકૂળ બળનો સંચય થાય છે. દેવ અને ગુરુને વંદનની ક્રિયા અત્યંત સંવૃત્ત મન, વચન, કાયાના યોગો પૂર્વક અને તેઓના ગુણોના સ્મરણપૂર્વક કરવામાં આવે તો તે વંદનની ક્રિયા ઇષ્ટફળની પ્રાપ્તિનું કારણ બને છે. આમ છતાં પ્રમાદને વશ તે વંદનની ક્રિયા ઉચિત રીતે કરાઈ ન હોય અથવા દેવ-ગુરુની તે વંદનની ક્રિયા સુપ્રણિધાનપૂર્વક કરાઈ ન હોય તો તેમાં અતિચારોની પ્રાપ્તિ થાય છે; કેમ કે વંદનક્રિયાકાળમાં દૃઢ મનોવ્યાપાર દેવ-ગુરુના ગુણોને આશ્રયીને ન પ્રવર્તે તો તે વંદનની ક્રિયાથી જે પ્રકારના ગુણોની પ્રાપ્તિ કરવા માટે પોતે સમર્થ છે તે પ્રકારના ગુણોની પ્રાપ્તિ થાય નહીં તેથી તે વંદનની ક્રિયામાં થયેલા પ્રમાદનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે જેથી તે અતિચારની શુદ્ધિ થાય.

**(૨) વ્રત વિષયક :-**

વળી શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર જે બાર વ્રતો સિવાય પણ વ્રતો ગ્રહણ કર્યાં હોય તે સર્વ વ્રતગ્રહણના વિષયમાં તે વ્રતો કેવી રીતે ગુણવૃદ્ધિનું કારણ બને છે તેનો યથાર્થ બોધ કરવો જોઈએ અને તે બોધ કર્યા પછી તે બોધ અનુસાર તે વ્રતોને સેવવા માટે યત્ન કરવો જોઈએ. આમ છતાં, પ્રમાદને વશ તે વ્રતોની ગુણવૃદ્ધિને અનુકૂળ ઉચિત મર્યાદાને જાણવા યત્ન ન કર્યો હોય અથવા જાણીને પણ સેવનકાળમાં તે વ્રતો ગુણવૃદ્ધિનું કારણ બને તે રીતે સેવવા યત્ન ન કર્યો હોય તો તે વ્રતના સેવનમાં અતિચારો પ્રાપ્ત થાય છે. અને અતિચારથી સેવાયેલું વ્રત શુદ્ધિ કરવામાં ન આવે તો વિશેષ ફલવાળુ થતું નથી. તેથી શ્રાવકે તે સર્વ અતિચારોનું સ્મરણ કરીને તેની નિંદા કરવી જોઈએ. તે નિંદા પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે.

**(૩) શિક્ષા વિષયક :-**

શ્રાવકે સ્વભૂમિકા અનુસાર નવું-નવું શ્રુતઅધ્યયન કરવું જોઈએ અને જે શ્રુતઅધ્યયન કરે છે તેનાથી આત્માને એ રીતે ભાવિત કરવો જોઈએ કે જેથી ગુણવૃદ્ધિ થાય જે શ્રાવક માટે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષારૂપ છે અર્થાત્ નવા શ્રુતને ગ્રહણ કરવું તે ગ્રહણશિક્ષારૂપ છે અને તે શ્રુતથી આત્માને સતત વાસિત કરવું તે આસેવનશિક્ષારૂપ છે. ગ્રહણશિક્ષાથી અને આસેવનશિક્ષાથી શ્રાવક સદા ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. આમ છતાં પ્રમાદને વશ પોતાની શક્તિ અનુસાર નવા-નવા શ્રુતનું ગ્રહણ ન કરવામાં આવે અથવા નવા શ્રુતનું ગ્રહણ પણ વિધિપૂર્વક સમ્યક્ બોધ થાય તે રીતે ગ્રહણ કરવામાં ન આવે અથવા વિધિપૂર્વક નવું શ્રુત ગ્રહણ કર્યા પછી તે શ્રુતથી આત્માને ભાવિત કરવામાં ન આવે અથવા તે શ્રુતથી આત્માને ભાવિત કરવા માટે પણ દૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરવામાં ના આવે તો તે શિક્ષામાં અતિચારરૂપ છે. તેવા કોઈ અતિચારનું પોતાનાથી દિવસ-દરમ્યાન સેવવાનું થયું હોય તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા પ્રસ્તુત ગાથાથી કરે છે જેથી તે અતિચારની શુદ્ધિ થાય અને અપ્રમાદભાવથી શિક્ષામાં યત્ન થઈ શકે.

**(૪) ગારવ વિષયક :-**

ગારવ ત્રણ પ્રકારના છે. રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ. સંપૂર્ણ ગારવથી રહિત મુનિ જ હોય છે. શ્રાવક શાતાનો અર્થી છે, આથી જ શ્રાવક શાતાના અર્થે ધન આદિ અર્જન કરે છે, ભોગાદિ પ્રવૃત્તિ કરે છે તોપણ શક્તિ અનુસાર શાતાગારવનો પણ પરિહાર કરવા યત્ન કરે છે. તેથી શ્રાવક અતિશાતાનો અર્થી થઈને ગમે તેવા આરંભ કરતો નથી. રસની લોલુપતા ન થાય તે પ્રકારે શક્તિ અનુસાર રસગારવનો નિરોધ કરે છે. પોતાની સમૃદ્ધિનું મિથ્યાભિમાન ધારણ કરતો નથી. તેથી ઋદ્ધિગારવને કરતો નથી, પરંતુ સ્વભૂમિકા અનુસાર ત્રણ ગારવનો ત્યાગ કરે છે, છતાં પ્રમાદને વશ ક્યારેક ખાદ્ય પદાર્થોમાં રસની લોલુપતા આવે, ક્યારેક શાતાના અર્થી થઈને વિશેષ આરંભ-સમારંભ કરે કે પોતાની સમૃદ્ધિ આદિમાં ગર્વ ધારણ કરે તો શ્રાવકના જીવનમાં મલિનતા પ્રાપ્ત થાય છે. તેથી રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવને આશ્રયીને જે મલિનતા થઈ હોય તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે, તેથી તે અતિચારોની શુદ્ધિ થાય છે.

**(૫) સંજ્ઞા વિષયક :-**

સંજ્ઞા ચાર છે. આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા. શ્રાવકના જીવનમાં સર્વથા સંજ્ઞાનો અભાવ શક્ય નથી, તોપણ સંજ્ઞા ઉપર નિયંત્રણ રાખીને ઉચિત પ્રવૃત્તિઓ શ્રાવક કરે છે. તેથી આહારસંજ્ઞાને વશ થઈને ધર્મનો નાશ થાય, દેહનો નાશ થાય તેવી પ્રવૃત્તિ શ્રાવક ન કરે છતાં, પ્રમાદને વશ ગૃદ્ધિથી આહારની પ્રવૃત્તિ કરે તો અતિચારની પ્રાપ્તિ થાય.

વળી શ્રાવકને પોતાના ધનાદિ નાશ ન થાય, આજીવિકાનો નાશ ન થાય તેવો ભય વર્તે છે તેથી

ભયસંજ્ઞાથી શ્રાવક સર્વથા મુક્ત નથી, તોપણ શ્રાવકની મર્યાદા અનુસાર ઉચિત કૃત્યો કરે છે તેથી તેને અનુચિત કૃત્યો કરવાને કારણે જે પ્રકારના આ લોકના કે પરલોકના ભયો પ્રાપ્ત થાય છે તે પ્રકારના ભયોની પ્રાપ્તિ થતી નથી, છતાં પ્રમાદ વશ કોઈ ખોટાં કાર્યો કર્યાં હોય તો તેવા પ્રકારની ભયસંજ્ઞા પ્રગટ થાય છે જે અતિચારરૂપ છે.

વળી, કોઈ શ્રાવક તેવાં ખોટાં-સાચાં કાર્યો કરતો ન હોય તોપણ તત્ત્વના ભાવનથી ભયસંજ્ઞાને દૂર કરવા યત્ન ન કરે તો જ્યારે તેવી કોઈ શારીરિક સ્થિતિ નબળી પડે છે ત્યારે નિરર્થક વિચારોથી તે તે પ્રકારના ભયો ઉત્પન્ન થાય છે તેથી શ્રાવકે સદા ભયસંજ્ઞાના પારમાર્થિક સ્વરૂપનું ભાવન કરીને તેને ક્ષીણ કરવા માટે ઉચિત યત્ન કરવો જોઈએ. તે કરવામાં કોઈક પ્રમાદ સેવન થયો હોય તે અતિચારરૂપ છે તેનું સ્મરણ કરીને પ્રસ્તુત ગાથાથી શ્રાવક તેની નિંદા કરે છે.

વળી, જે શ્રાવક સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત પાળી શકતા નથી તેઓ પણ સ્વશક્તિ અનુસાર કામની પ્રવૃત્તિનો નિરોધ કરવા યત્ન કરે છે, છતાં અનાભોગ આદિથી કાંઈક વિપરીત થયું હોય તો મૈથુનસંજ્ઞાના અતિચારની પ્રાપ્તિ થાય તેની નિંદા કરે છે.

વળી, શ્રાવક સર્વથા પરિગ્રહ વગરના નથી તેથી પરિગ્રહસંજ્ઞા છે તોપણ પરિગ્રહસંજ્ઞાના સંકોચ કરવા અર્થે શ્રાવક ઉચિત ભાવનાથી આત્માને સદા ભાવિત કરે છે જેથી પરિગ્રહસંજ્ઞા ક્ષીણ-ક્ષીણતર થાય. તેના બદલે પરિગ્રહસંજ્ઞા પુષ્ટ થાય તેવો કોઈ યત્ન થાય તો તે અતિચારરૂપ છે તેની નિંદા શ્રાવક કરે છે. જેથી તે સંજ્ઞાના સેવનથી થયેલા અતિચારોની શુદ્ધિ થાય.

**(૬) કષાય વિષયક :-**

શ્રાવક સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે. ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિ સિવાય સંસારનો ઉચ્છેદ થઈ શકે તેમ નથી, તેથી સર્વવિરતિની પ્રાપ્તિના શક્તિના સંચય અર્થે સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનું પાલન કરે છે. તેના બળથી શ્રાવક સંયમની પ્રવૃત્તિના બાધક એવા કષાયોના ક્ષયોપશમને પ્રાપ્ત કરવા અર્થે યત્ન કરે છે અને આ પ્રકારના યત્નમાં કોઈ પ્રમાદ ન થાય તો કષાય વિષયક શ્રાવકને કોઈ અતિચારની પ્રાપ્તિ થતી નથી; પરંતુ સદા માટે સ્વશક્તિ અનુસાર કષાયોના ઉચ્છેદને અનુકૂળ દૃઢ વ્યાપાર કરવો દુષ્કર હોવાથી શ્રાવક પણ પ્રમાદને વશ કોઈક કષાયને આધીન બને છે ત્યારે તેનું દેશવિરતિનું પાલન સર્વવિરતિના બળના સંચયમાં સ્ખલના પામે છે, જે શ્રાવક માટે કષાય વિષયક અતિચાર છે.

જેમ શ્રાવક ધનઅર્જન કરે ત્યારે પણ ભગવાનના વચનનું સ્મરણ કરીને ધર્મમાં બાધ ન થાય તે રીતે જ વિવેકપૂર્વક ધનઅર્જનની ક્રિયા કરે છે, છતાં ક્યારેક પ્રમાદવશ લોભાદિ કષાયને વશ થઈને ઉચિત યતનામાં સ્ખલના થાય તો તે શ્રાવક માટે અતિચારરૂપ છે. આવા અતિચારોનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે જેથી ફરી-ફરી તેવા કષાયો થાય નહીં અને તે કષાયથી થયેલા અતિચાર પ્રત્યે જુગુપ્સા થાય તો તે પાપની શુદ્ધિ થાય.

### (૭) મન-વચન અને કાયાના દંડ વિષયક :-

વળી, મનદંડ, વચનદંડ, કાયદંડ એ ત્રણ દંડો છે. જેનાથી આત્મા દંડાય તે દંડ કહેવાય અને મન-વચન-કાયાના બળથી આત્મા કર્મને ગ્રહણ કરીને કદર્થના પામે છે તેથી મન-વચન-કાયાના વ્યાપારો સાધનાને અનુકૂળ ન વર્તતા હોય તો આત્માને માટે દંડરૂપ છે. શ્રાવક સમ્યગ્દૃષ્ટિ હોય છે અને સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિવાદોપદેશિકીસંજ્ઞા હોય છે. ભગવાને દૃષ્ટિવાદનો ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ અનુસાર શ્રાવકને નવું-નવું શ્રુત જાણીને જીવનમાં તે શ્રુત અનુસાર ઉચિત આચારો પાળીને આત્માનો ત્રણ દંડોથી રક્ષણ કરવાનો અભિલાષ હોય છે. તેથી શ્રાવક સદા પોતાના મન-વચન-કાયાના યોગોને ભગવાનના વચનથી વાસિત રાખીને સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનું પાલન કરે છે અને તેમાં કોઈ સ્ખલના થાય નહીં તો ત્રણ દંડોમાં કોઈ અતિચારની પ્રાપ્તિ થતી નથી. પરંતુ જો પ્રમાદને વશ શ્રાવક પોતાનો મનોયોગ, પોતાનો વચનયોગ કે પોતાનો કાયયોગ દેશવિરતિની મર્યાદાનું ઉલ્લંઘન થાય તે રીતે પ્રવર્તાવે અથવા ધર્મ અનુષ્ઠાન કરતી વખતે મન, વચન અને કાયાના યોગો યથા-તથા પ્રવર્તાવે તો તેને આશ્રયીને દંડ વિષયક અતિચારની પ્રાપ્તિ થાય. તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે જેથી પોતાના મન, વચન અને કાયાના યોગો સદા ઉચિત પ્રવૃત્તિ કરાવીને કલ્યાણનું કારણ બને અને અનાભોગ આદિથી ત્રણ દંડ વિષયક કોઈ અતિચાર થયો હોય તેની શુદ્ધિ થાય તે માટે શ્રાવક તેની નિંદા કરે છે.

### (૮) ગુપ્તિ-સમિતિ વિષયક :-

વળી, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ સર્વવિરતિ સંયમ છે અને શ્રાવક પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને સ્મૃતિમાં રાખીને સ્વભૂમિકા અનુસાર દેશવિરતિની ગુપ્તિઓનું પાલન કરે છે અને સ્વભૂમિકા અનુસાર દેશવિરતિની સમિતિઓનું પણ પાલન કરે છે. આથી જ શ્રાવકના સામાયિકને દેશવિરતિ સામાયિક કહેલ છે અને જે શ્રાવક ગુપ્તિ-સમિતિની સ્વભૂમિકા અનુસાર યતના કરે છે તે શ્રાવક પ્રયોજન ન હોય તો વાહન આદિમાં પણ જાય નહીં અને પ્રયોજનથી વાહન આદિમાં જાય તોપણ શક્ય એટલી જીવરક્ષા માટે યતના કરે, વાહનમાં પણ પૂંજી-પ્રમાર્જીને બેસે અને વાહન આદિના ગમન સિવાય અન્ય ગમન આદિના પ્રવૃત્તિકાળમાં કોઈ જીવોનો વધ ન થાય તે રીતે ભૂમિનું અવલોકન કરીને ગમન આદિ કરે; કેમ કે અયતનાપૂર્વક જવાથી ત્રસ જીવોની વિરાધના થવાનો પણ સંભવ રહે. વળી પ્રયોજન ન હોય ત્યારે શ્રાવક સ્થાવર જીવોની પણ પોતાની ગમનાદિ પ્રવૃત્તિથી હિંસા ન થાય તેવી યતના કરે, તે સર્વ સમિતિના પાલનરૂપ છે અને મન, વચન અને કાયાના યોગોને દેશવિરતિની મર્યાદામાં ગુપ્ત રાખીને જે પ્રવૃત્તિ કરે છે તે અંશથી ગુપ્તિ છે. સ્વભૂમિકા અનુસાર સેવાતી સમિતિઓમાં અને ગુપ્તિઓમાં પ્રમાદને વશ જે સ્ખલનાઓ થઈ હોય તેનું સ્મરણ કરીને શ્રાવક તે સ્ખલનારૂપ અતિચારોની નિંદા કરે છે જેથી તે અતિચારોની શુદ્ધિ થાય અને દેશવિરતિને અનુકૂળ સમિતિ-ગુપ્તિમાં દૃઢ યત્ન થાય, જેથી સર્વવિરતિને અનુકૂળ બળનો સંચય થાય. ॥૩૫॥

**અવતરણિકા :–**

**અત્યાર સુધી શ્રાવક જીવનમાં થયેલા અનેક અતિચારોનું પ્રતિક્રમણ કરીને શ્રાવકે આત્મશુદ્ધિ કરી. હવે ભગવાનના વચનની સ્થિર શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પ્રાયઃ પાપ કરતા નથી, છતાં અનાદિના ભવઅભ્યાસને કારણે ક્યારેક પાપ થાય છે તે પણ સમ્યગ્દૃષ્ટિ જીવો કઈ રીતે શુદ્ધિ કરે છે તે બતાવીને તેના ભાવન દ્વારા પોતાના સમ્યક્ત્વની વૃદ્ધિના અભિમુખ ભાવને દૃઢ કરવા અર્થે કહે છે –**

**સૂત્ર :–**

**સમ્મદિટ્ઠી જીવો, જઇવિ હુ પાવં સમાયરઇ કિંચિ;**
**અપ્પો સિ હોઇ બંધો, જેણ ન નિદ્ધંધસં કુણઇ ॥૩૬॥**

**સૂત્રાર્થ :–**

**સમ્યગ્દૃષ્ટિ જીવ જોકે કંઈક પાપ આચરે છે તોપણ અલ્પ બંધ થાય છે જે કારણથી સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્ધ્વંસ હૃદયને કરતો નથી. ॥૩૬॥**

**ભાવાર્થ :–**

સમ્યગ્દૃષ્ટિ જીવને સંસારની ચાર ગતિનું પરિભ્રમણ સદા જિનવચન અનુસાર સ્પષ્ટ દેખાય છે. પ્રતિદિન જિનવચનના બળથી તેના સ્વરૂપનું અવલોકન કરીને સંસારથી નિસ્તાર થવા માટેની પોતાની નિર્મળ રુચિને અતિશયિત કરે છે, સર્વ કર્મ રહિત એવી આત્માની શુદ્ધ અવસ્થા, આત્માને એકાંતે હિતકારી છે તે પ્રકારે જિનવચન અનુસાર સદા ભાવન કરે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય જિનવચનથી થયેલો શ્રુતનો બોધ અને શ્રુતથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ છે તેવો સ્થિર નિર્ણય કરીને સ્વશક્તિ અનુસાર જિનવચનનો બોધ કરવા માટે અને શક્તિ અનુસાર જિનવચનથી આત્માને ભાવિત કરવા માટે શ્રાવક સદા યત્ન કરે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય પાપ આચરતો નથી પરંતુ જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે સર્વ સંસારના ઉચ્છેદ માટે પોતાની શક્તિનું સમાલોચન કરીને કરે છે, છતાં અનાદિથી જીવમાં મોહના સંસ્કારો પડ્યા છે તેથી જેમ સર્વવિરતિધર સાધુ પણ તે તે નિમિત્તોને પામીને પ્રમાદી થાય છે ત્યારે કંઈક અયતના કરીને પાપબંધ કરે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ ક્યારેક ક્યારેક જિનવચનાનુસાર કરાતી પ્રવૃત્તિઓમાં સ્ખલના થાય છે. તેને સામે રાખીને શ્લોકમાં કહ્યું કે જોકે સમ્યગ્દૃષ્ટિ જીવ કંઈક પાપ-આચરણ કરે છે અર્થાત્ પ્રાયઃ કરીને સમ્યગ્દૃષ્ટિ જીવ પાપ-આચરણ કરતો નથી તોપણ એવા પ્રકારના નિમિત્તે પ્રમાદવશ બને ત્યારે કંઈક પાપ આચરણ કરે છે, તોપણ તે મહાત્માના ચિત્તમાં સંસારનો સદા ભય વર્તે છે, મોક્ષની જ ઉત્કટ ઇચ્છા વર્તે છે અને પ્રતિદિન જિનવચનથી આત્માને ભાવિત કરે છે. તેથી પ્રમાદસેવનથી થતાં પાપ બંધકાળમાં પણ અલ્પ બંધ થાય છે; કેમ કે તેનું ચિત્ત નિર્ધ્વંસ પરિણામવાળુ થતું નથી અર્થાત્ જિનવચનના ભાવનને કારણે પાપકાળમાં પણ પાપના નિવર્તનને અનુકૂળ કંઈક ચેતના વિદ્યમાન હોવાને કારણે તે પાપમાં ગાઢ આસક્તિ થતી નથી તેથી અલ્પ બંધ થાય છે. ॥૩૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૩૬માં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવથી ક્યારેક પાપ થાય તોપણ અલ્પ બંધ થાય છે આમ છતાં, તે અલ્પ બંધ પોતાના આત્મા માટે અહિતકારી ન થાય તેના માટે સમ્યગ્દૃષ્ટિ જીવ પાપ થયા પછી શું કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**તં પિ હુ સપડિક્કમણં, સપરિઆવં સઉત્તરગુણં ચ;**
**ખિપ્પં ઉવસામેઇ, વાહિવ્વ સુસિક્ખિઓ વિજ્જો ॥૩૭॥**

**સૂત્રાર્થ :-**

**સપ્રતિક્રમણ, સપરિતાપ, સઉત્તર ગુણવાળો થઈને તેને પણ=સમ્યગ્દૃષ્ટિ જીવથી પ્રમાદને વશ જે પાપ કરાયું હોય તેને પણ, શીઘ્ર ઉપશમાવે છે. જેમ સુશિક્ષિત વૈદ્ય વ્યાધિને ઉપશમાવે છે. ॥૩૭॥**

❖ सउत्तरगुणं च પછી भूत्वा શબ્દ અધ્યાહાર છે.

**ભાવાર્થ :-**

જેમ વૈદકશાસ્ત્રમાં નિપુણ એવો સુશિક્ષિત વૈદ્ય રોગીના રોગને યથાર્થ જાણીને ઉચિત ઔષધ આદિ દ્વારા તે રોગીના રોગને ઉપશમાવે છે તેમ સુશિક્ષિત વૈદ્ય જેવા નિર્મલ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો પણ અનાભોગાદિથી પ્રમાદને વશ જિનવચનના સ્મરણ વગર કોઈ પ્રવૃત્તિ કરે, ત્યારે કંઈક મોહથી આકુળ ચિત્ત હોવાને કારણે જે અલ્પ કર્મબંધ થયો છે તેનું સ્મરણ કરીને, વિચારે છે કે “અનાદિના કર્મરૂપ વ્યાધિના કારણે થયેલા આ ઉપદ્રવ જો વૃદ્ધિને પામશે તો મારો વિનાશ થશે” તેથી શીઘ્ર તે પાપની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણ કરે છે અર્થાત્ થયેલા પાપનું સૂક્ષ્મ બુદ્ધિથી આલોચન કરીને તે પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે રીતે તે પાપના પરિણામથી આત્માને નિવર્તન કરવા યત્ન કરે છે.

વળી, પોતે જે પ્રમાદને વશ સ્ખલના કરી છે તેનો પરિતાપ કરે છે અર્થાત્ વિચારે છે કે સંસારની અંદર જિનવચન જ રક્ષક છે. છતાં તેનાથી ભાવિત ચિત્ત નહીં હોવાને કારણે મારાથી મારી ભૂમિકાની મર્યાદાથી અન્યથા પ્રવૃત્તિ થઈ છે; જેથી મોહના સંસ્કારો આત્મામાં આધાન થયા અને કર્મબંધની પ્રાપ્તિ થઈ, જે ખરેખર મારા અહિતનું જ કારણ છે. જેમ વણિકને પ્રમાદને વશ વ્યાપારમાં કોઈક નુકસાન થાય તો તેના ચિત્તમાં તેનો પરિતાપ થાય છે જેના કારણે ફરી તેવો પ્રમાદ ન થાય તેની જાગૃતિ આવે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવો પણ સ્વભૂમિકા અનુસાર ઉચિત આચરણામાં જે સ્ખલના થઈ હોય તેનો પરિતાપ કરે છે જેથી ફરી તેવી સ્ખલના ન થાય તેવી જાગૃતિ આવે છે.

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રમાદને કારણે પોતાનાથી જે સ્ખલના થયેલી છે તેનું પ્રતિક્રમણ કર્યા પછી તેની વિશેષ શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ દ્વારા ઉત્તરગુણનું સેવન કરે છે જેથી તે બંધાયેલું પાપ અવશ્ય નાશ પામે.

જેમ – ઈર્યા પ્રતિક્રમણની ક્રિયામાં સામાયિક લેતા પૂર્વે શ્રાવક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરીને પોતાનાથી અગુપ્તિને કારણે જે જે આરંભ સેવાયેલ છે તેનાથી બંધાયેલા પાપની આલોચના કરે છે ત્યારપછી 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ્'થી તેનું પ્રતિક્રમણ કરે છે અને ત્યાર પછી 'તસ્સ ઉત્તરી સૂત્ર' બોલીને ઉત્તરીકરણને કરવા અર્થે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે, જે ઈર્યાપથના વિરુદ્ધ સેવનને કારણે થયેલા પાપની શુદ્ધિ અર્થે ઉત્તરગુણરૂપ છે તેમ – સમ્યગ્દૃષ્ટિ જીવ પણ જે પ્રકારનું પાપ પોતાનાથી થયું હોય તેનું પ્રતિક્રમણ કર્યા પછી તેની વિશેષ શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ દ્વારા ઉત્તર ગુણ કરે છે તેનાથી તે પાપની શુદ્ધિ થાય છે. આ રીતે પ્રતિક્રમણ સહિત, પરિતાપ સહિત અને ઉત્તર ગુણથી યુક્ત થઈને શ્રાવક તે પાપને શીઘ્ર ઉપશમાવે છે.

આ રીતે ગાથા ૩૬-૩૭થી શ્રાવક ભાવન કરે તો પોતાના સમ્યક્ત્વને નિર્મલ કરવા અર્થે અને પોતાનાથી પ્રમાદવશ થયેલા પાપના શોધન અર્થે ઉચિત પ્રવૃત્તિ કરવાના વીર્યનો ઉલ્લાસ થાય છે.

અહીં વિશેષ એ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ તત્ત્વને જોનાર છે; દેશવિરતિધર શ્રાવક પણ તત્ત્વને જોનાર છે; કેમ કે દેશવિરતિધર શ્રાવક પણ સમ્યક્ત્વના બળે જીવે છે. તેથી શ્રાવક વિચારે છે કે સમ્યગ્દૃષ્ટિ એવા મારે મારી ભૂમિકા પ્રમાણે જે કોઈ ઉચિત પ્રવૃત્તિમાં સ્ખલના થઈ હોય તેની શુદ્ધિ પ્રતિક્રમણ, પરિતાપ અને ઉત્તર ગુણના સેવનપૂર્વક કરવી જોઈએ. આ પ્રકારની જાગૃતિથી શ્રાવક, પ્રસ્તુત ગાથા બોલીને, પોતાના માર્ગાનુસારીપણાના ભાવને ઉલ્લસિત કરે છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં સુશિક્ષિત વૈદ્યના દૃષ્ટાંતથી સમ્યગ્દૃષ્ટિ જીવ કઈ રીતે બંધાયેલા પાપનો નાશ કરે છે ? તે બતાવ્યું. હવે તેને જ અન્ય દૃષ્ટાંતથી વિશેષરૂપે સ્પષ્ટ કરે છે –**

**સૂત્ર :-**

**જહા વિસં કુટ્ઠગયં, મંતમૂલવિસારયા;**
**વિજ્જા હણંતિ મંતેહિં, તો તં હવઇ નિવ્વિસ્સં ॥૩૮॥**
**એવં અટ્ઠવિહં કમ્મં, રાગદોસસમજ્જિઅં;**
**આલોઅંતો અ નિંદંતો, ખિપ્પં હણઇ સુસાવઓ ॥૩૯॥**

**સૂત્રાર્થ :-**

**જે પ્રમાણે મંત્ર-મૂળના વિશારદ એવા વૈદ્ય કોષ્ઠમાં=ઉદરમાં, ગયેલા વિષને મંત્રથી હણે છે તેથી વિષવાળો જીવ, નિર્વિષ થાય છે. એ રીતે=જે રીતે વૈદ્ય વિષવાળી વ્યક્તિને નિર્વિશ કરે છે એ રીતે, આલોચના કરતો અને નિંદા કરતો સુશ્રાવક રાગદ્વેષથી સમર્જિત=બાંધેલાં, આઠ પ્રકારનાં કર્મને શીઘ્ર હણે છે. ॥૩૮-૩૯॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષથી કોઈક રીતે વિષનું ભક્ષણ થયું હોય અને તે કોઠામાં રહેલા વિષને મંત્ર-મૂળનો વિશારદ

એવો વૈદ્ય મંત્રના બળથી દૂર કરે છે. જેથી તે વિષવાળો પુરુષ વિષ વગરનો થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે દેહમાં રહેલા વિષનો નાશ વિશારદ એવો વૈદ્ય મંત્રના બળથી કરે છે એ રીતે, સુશ્રાવક હંમેશાં જિનવચનથી ભાવિત રહીને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. છતાં, અનાભોગથી કે સહસાત્કારથી પોતાના જીવનમાં શ્રાવકની મર્યાદાની ઉચિત પ્રવૃત્તિમાં જે સ્ખલના થઈ હોય તે સ્ખલનાકાળમાં તે શ્રાવકને જે રાગ-દ્વેષનો પરિણામ વર્તે છે તેનાથી તે શ્રાવક એટલા પ્રમાદ કાળમાં સંસારનું કારણ બને તેવાં આઠ પ્રકારનાં કર્મ બાંધે છે. છતાં વિવેકસંપન્ન શ્રાવક હોવાથી અનાભોગાદિથી થયેલ પ્રમાદનું સ્મરણ કરીને મંત્ર તુલ્ય એવી આલોચના અને નિંદા દ્વારા વિષતુલ્ય આત્મામાં બંધાયેલાં આઠ પ્રકારનાં કર્મોનો શીઘ્ર નાશ કરે છે; કેમ કે જે ભાવથી જે પાપ થયું હોય તે પાપના આલોચન કરવામાં તેના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારના ઉપયોગથી તે શ્રાવક જ્યારે નિંદા કરે ત્યારે અવશ્ય તે પાપથી વિરુદ્ધ તેનો શુભ ભાવ થાય છે; જેનાથી તે પાપ અવશ્ય નાશ પામે છે. આ પ્રકારે શ્રાવક પોતાની મર્યાદાનું સ્મરણ કરીને પ્રસ્તુત ગાથા દ્વારા પોતાના આત્મામાં ઉત્પન્ન થયેલ કર્મબંધને ક્ષય કરવા માટે દૃઢ યત્નવાળો થાય છે. **॥૩૮-૩૯॥**

**અવતરણિકા :-**

**વળી, પોતાના કરાયેલા અતિચારના આલોચનમાં ભાવને અતિશય કરવા અર્થે શ્રાવક પ્રસ્તુત ગાથાથી વિચારે છે –**

**સૂત્ર :-**

> **કયપાવો વિ મણુસ્સો, આલોઇઅ નિંદિઅ ગુરુસગાસે;**
> **હોઇ અઇરેગલહુઓ, ઓહરિઅ ભરુવ્વ ભારવહો ॥૪૦॥**

**સૂત્રાર્થ :-**

**કરાયેલા પાપવાળો મનુષ્ય ગુરુ પાસે આલોચના, નિંદા કરીને માથા ઉપર રહેલા ભારને દૂર કરનારા ભારવાળા પુરુષની જેમ અતિશય લઘુ થાય છે. ॥૪૦॥**

**ભાવાર્થ :-**

કોઈ શ્રાવક કોઈક રીતે પ્રમાદવશ કોઈક પાપ કરે, છતાં તે પાપ થયા પછી ઉચિત ગુણસંપન્ન ગુરુ પાસે પોતાનાં થયેલાં પાપોનું આલોચન કરે અને તેની નિંદા કરે, તો પાપ કરવાના કાળમાં જેમ પાપપ્રવૃત્તિ વખતે પાપનો પરિણામ વર્તતો હતો તેમ આલોચના અને નિંદાના કાળમાં તે પાપ પ્રત્યે જુગુપ્સાનો પરિણામ થાય છે, તેનાથી શ્રાવક પાપના ભારથી હળવો થાય છે.

જેમ કોઈ ભાર વહન કરનાર પુરુષના મસ્તક ઉપર ઘણો ભાર હોય અને તેને નીચે ઉતારીને મૂકે ત્યારે પોતે ભારથી હળવો થયો છે તેવી તેને પ્રતીતિ થાય છે, તેમ વિવેકસંપન્ન શ્રાવકને પણ જિનવચનાનુસાર સૂક્ષ્મ બોધ હોવાથી પ્રતીતિ થાય છે કે જે ભાવો કરીને મેં પાપ કર્યાં હતાં તેનાથી હું જે પાપનો ભાર અનુભવતો હતો તે પાપના ભારથી હવે આલોચના નિંદા કરવા દ્વારા હું હળવો થયો છું. તેથી વિવેકસંપન્ન શ્રાવકને આલોચના નિંદા દ્વારા સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે. **॥૪૦॥**

અવતરણિકા :-

શ્રાવક પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે થયેલા પ્રમાદથી બંધાયેલા પાપનું પ્રતિક્રમણ પ્રસ્તુત વંદિત્તા સૂત્રથી કરે છે તેનાથી તેને શું પ્રાપ્ત થાય છે તેનું પ્રસ્તુત ગાથાથી સ્મરણ કરીને શ્રાવક સમ્યક્ પ્રતિક્રમણ કરવાનો ઉત્સાહ ઉલ્લસિત કરે છે –

સૂત્ર :-

**આવસ્સએણ એએણ, સાવઓ જઇવિ બહુરઓ હોઇ;**
**દુક્ખાણમંતકિરિઅં, કાહિ અચિરેણ કાલેણ ॥૪૧॥**

સૂત્રાર્થ :-

**જો કે શ્રાવક બહુ રજવાળો થાય છે=અવિરતિના કારણે કર્મબંધવાળો થાય છે, તોપણ આ આવશ્યકથી=પ્રસ્તુત ષડ્ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયાથી, અલ્પકાળ વડે દુઃખોની=ચાર ગતિના પરિભ્રમણરૂપ દુઃખોની, અંત ક્રિયાને=યોગનિરોધની ક્રિયાને કરશે. ॥૪૧॥**

ભાવાર્થ :-

ત્રણ ગુપ્તિના પરિણામવાળા સુસાધુ જ સદા પૂર્ણ સંવરવાળા છે. શ્રાવકને તેવો સંવરભાવ જ હિતરૂપ દેખાય છે, છતાં તેવી શક્તિનો સંચય થયો નથી તેથી સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનું પાલન કરે છે, તોપણ અવિરતિરૂપ અંશથી તે સદા કર્મ બાંધે છે તે અપેક્ષાએ શ્રાવક ઘણાં કર્મરૂપી રજવાળો થાય છે. છતાં વિવેકસંપન્ન શ્રાવક ષડ્ આવશ્યકમય પ્રતિક્રમણની ક્રિયા કરીને સદા સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચય કરે છે; તેથી તેના બળથી અલ્પકાળ દ્વારા તેને સર્વવિરતિને અનુકૂળ શક્તિની પ્રાપ્તિ થશે અને સર્વવિરતિની શક્તિ પામ્યા પછી જો કોઈ શ્રાવકે શ્રાવકપણામાં અપ્રમાદ ભાવના સંસ્કારો નાખેલા હોય તો સર્વવિરતિના ગ્રહણમાં પણ તે પ્રકારનો અપ્રમાદભાવ પ્રાપ્ત થાય છે, જેના બળથી અલ્પકાળમાં ચાર ગતિઓના પરિભ્રમણરૂપ દુઃખોના અંતને કરનારી એવી યોગનિરોધની ક્રિયા તે શ્રાવક કરશે.

આ પ્રમાણે પ્રસ્તુત ગાથાથી ભાવન કરીને શ્રાવક ષડ્ આવશ્યક ક્રિયાને સમ્યક્ સેવવાને અનુકૂળ શક્તિનો સંચય કરે છે; કેમ કે તેના જ બળથી સર્વ દુઃખોનો અંત થઈ શકે તેમ છે. **॥૪૧॥**

અવતરણિકા :-

**અત્યાર સુધી શ્રાવક-આચારમાં થયેલી સ્ખલનાઓને અનેક દૃષ્ટિથી વિચારીને તેની નિંદા કરી, જેના બળથી તે અતિચારોની શુદ્ધિ થાય છે. આમ છતાં, જેમ ધનનો અર્થી વાણિયો ધનની પ્રાપ્તિથી સંતોષ માનતો નથી તેમ શ્રાવક પણ પોતાના પ્રમાદથી થયેલી અતિચારની સ્ખલનાઓને દૂર કરવા માટે જે અત્યાર સુધી નિંદા-ગર્હા કરી તેનાથી પણ તેને સંતોષ થતો નથી અને વિચારે છે કે કોઈક સૂક્ષ્મ અતિચાર મારા શ્રાવક-આચારમાં થયેલ હોય અને તેનું સ્મરણ આલોચનાકાળમાં ન થયું હોય તો તેની શુદ્ધિ રહી ન જાય તે અર્થે તેની પણ નિંદા કરે છે –**

**સૂત્ર :-**

**આલોઅણા બહુવિહા, ન ય સંભરિઆ પડિક્કમણકાલે;**
**મૂલગુણઉત્તરગુણે, તં નિંદે તં ચ ગરિહામિ ॥૪૨॥**

**સૂત્રાર્થ :-**

**મૂળગુણ, ઉત્તરગુણ વિષયક ઘણા પ્રકારની આલોચના પ્રતિક્રમણકાળમાં સ્મરણ થઈ ન હોય, તે વિરાધનાની હું નિંદા કરું છું અને તે વિરાધનાની હું ગર્હા કરું છું. ॥૪૨॥**

**ભાવાર્થ :-**

શ્રાવક પાંચ અણુવ્રતો સ્વીકારે છે તે મૂળગુણો છે અને પાંચ અણુવ્રતો સિવાયનાં જે વ્રતો સ્વીકારે છે તે ઉત્તરગુણરૂપ છે. તે મૂલગુણ-ઉત્તરગુણ વિષયક ઘણા પ્રકારની સ્ખલનાઓ થયેલી હોય તેનું સ્મરણ શ્રાવક અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગકાળમાં કરે છે. ત્યાર પછી 'ઇચ્છામિ ઠામિ' સૂત્ર દ્વારા તેની આલોચના કરે છે. ત્યાર પછી વંદિત્તા સૂત્ર દ્વારા અત્યાર સુધી બતાવ્યું તે પ્રમાણે તેનું પ્રતિક્રમણ કરે છે.

તે પ્રતિક્રમણકાળમાં કોઈક આલોચનાઓ સ્મૃતિમાં ન રહેલ હોય તો તે સ્ખલના પ્રત્યે જુગુપ્સા થાય નહિ, અને જો તેના પ્રત્યે જુગુપ્સા થાય નહીં તો તે પાપની શુદ્ધિ થાય નહિ. તેથી શ્રાવક નહીં સ્મરણ થયેલા પણ પાપની શુદ્ધિ અર્થે વિચારે છે કે અનાભોગ આદિથી કોઈ સ્ખલનાનું મને સ્મરણ ન થયું હોય તેવી સ્ખલનાની હું નિંદા-ગર્હા કરું છું. આ પ્રકારનો અધ્યવસાય કરવાથી શ્રાવકનાં બાર વ્રતો છે તેને અનુરૂપ એવા જ્ઞાનાદિ જે પાંચ આચારો છે તેના વિરુદ્ધ સર્વ આચારો પ્રત્યે જુગુપ્સા થાય છે; તેથી સ્મૃતિમાં ન આવેલ હોય તેવી પણ સ્ખલના પ્રત્યે પ્રસ્તુત ગાથાના બળથી જુગુપ્સા થાય છે, જેનાથી તે પાપની પણ શુદ્ધિ થાય છે. ॥૪૨॥

**અવતરણિકા :-**

**ષડ્ આવશ્યક અંતર્ગત પ્રતિક્રમણ આવશ્યક કરવા અર્થે શ્રાવકજીવનમાં થતી સ્ખલનાઓને સામે રાખીને અત્યાર સુધી તે સર્વ સ્ખલનાનું સ્મરણ કરીને શ્રાવકે નિંદા-ગર્હા કરી જેથી શ્રાવકજીવનમાં થયેલાં પાપોની શુદ્ધિ થાય છે. હવે તે શુદ્ધિ કર્યા પછી ભગવાનના વચન અનુસાર વિશિષ્ટ આરાધના કરવા અર્થે અભ્યુત્થિત થયેલ શ્રાવક ઊભો થઈને પ્રસ્તુત ગાથા બોલે છે અને સાધના માટે પોતે વિશેષ પ્રકારનો ઉલ્લસિત વીર્યવાળો થયો છે તે બતાવવા માટે હવે પછીની ગાથા ઊભા ઊભા બોલે છે –**

**સૂત્ર :-**

**તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ;**
**વિરઓમિ વિરાહણાએ, તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૪૩॥**

**સૂત્રાર્થ :-**

**કેવલીપ્રજ્ઞપ્ત એવા તે ધર્મની=દેશવિરતિ ધર્મની આરાધના માટે અભ્યુથિત થયેલ હું છું, વિરાધનાથી વિરામ પામેલો છું. મન, વચન, કાયારૂપ ત્રિવિધથી પ્રતિક્રાંત થયેલો=શ્રાવકના અતિચારોથી પાછો ફરેલો એવો હું ચોવીશ જિનેશ્વરોને વંદન કરું છું. ।।૪૩।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે અનેક પ્રકારની દૃષ્ટિથી પોતાના જીવનમાં સ્વીકારાયેલાં વ્રતોની સ્ખલનાને યાદ કરીને તેની નિંદા-ગર્હા અત્યાર સુધી કરી. હવે પોતાને દેશવિરતિ ધર્મ, સર્વવિરતિને અનુકૂળ શક્તિસંચયનું શીઘ્ર કારણ બને તેના માટે આત્માને સંબોધીને કહે છે કે "કેવલીપ્રજ્ઞપ્ત એવા શ્રાવકધર્મની આરાધના માટે હું અભ્યુથિત થયો છું અર્થાત્ મારી ભૂમિકાના સ્વીકારાયેલા દેશવિરતિ ધર્મને જિનવચનાનુસાર હું તે રીતે આરાધના કરું કે જેથી સર્વવિરતિનું બળ શીઘ્ર જ પ્રાપ્ત થાય અને ચારગતિના ભ્રમણરૂપ સંસારનો શીઘ્ર અંત થાય."

આના માટે અત્યંત ઉપયોગપૂર્વક ભગવાનના વચન અનુસાર આરાધના થાય તો જ તે પ્રકારનું બળસંચય થાય અને તે બળસંચય કરવા અર્થે શ્રાવક આત્માને કહે છે "હું આરાધનાને માટે અભ્યુથિત થયો છું." વ્રતો સ્વીકાર્યા પછી મેં અત્યાર સુધી જે પ્રમાદને વશ વિરાધના કરી હોય તે સર્વ વિરાધનાથી હવે હું વિરત થયો છું. આ પ્રકારની ભાવનાને કારણે ફરી વિરાધના ન થાય અને આરાધનાને અનુકૂળ દૃઢ વીર્ય ઉલ્લસિત થાય તેવો પરિણામ ઉલ્લસિત થાય છે.

વળી, પોતાની આરાધનાના પરિણામને અતિશય કરવા અર્થે ગાથાના ઉતરાર્ધથી શ્રાવક કહે છે કે મન-વચન અને કાયાના યોગોથી પૂર્વમાં મેં જે વિરાધનાઓ કરી છે તેનાથી હું અંતઃકરણનાં પરિણામપૂર્વક પ્રતિક્રાંત થયેલો છું. પાપોથી પાછા ફરેલો છું અને તેવો શુદ્ધ એવો મારો આત્મા ચોવીશ જિનોને વંદન કરે છે. તીર્થંકરના વંદનના અધ્યવસાયના બળથી આરાધનાને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે; કેમ કે ઉત્તમ પુરુષોને વંદન કરવાથી આરાધનામાં વિઘ્નકારી કર્મો દૂર થાય છે, જેનાથી સુખપૂર્વક આરાધના થાય છે. ।।૪૩।।

**અવતરણિકા :-**

**ગાથા-૪૩માં વિશિષ્ટ આરાધના માટે દૃઢ યત્ન કરવા અર્થે શ્રાવક ચોવીશે જિનોને વંદન કરે છે, જે ભાવજિનના વંદન સ્વરૂપ છે અને તે વંદન કર્યા પછી તે ભાવજિનનાં ચૈત્યો પણ જિનો સાથે જ સંબંધિત છે તેથી તે સર્વ ચૈત્યોને અહીં બેઠા-બેઠા હું વંદન કરીને વીતરાગ પ્રત્યેના મારા રાગભાવને અતિશય કરું જેથી આરાધનાનું સદ્વીર્ય દૃઢ બને તે અર્થે ભાવના કરે છે –**

**સૂત્ર :-**

**જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅ લોએ અ;**
**સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં ।।૪૪।।**

**સૂત્રાર્થ :-**

**ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં અને તિર્ચ્છાલોકમાં જેટલાં ચૈત્યો છે ત્યાં રહેલાં તે સર્વ ચૈત્યોને અહીં રહેલો એવો હું વંદન કરું છું. ॥૪૪॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને ચોવીસે તીર્થંકરો પ્રત્યે અત્યંત બહુમાન વર્તે છે; કેમ કે તીર્થંકરોથી જ સન્માર્ગની પ્રાપ્તિ છે અને તેમનાં વચનોથી સંસારસાગરથી તરી શકાય તેમ છે. તેથી સંસારસાગરથી તરવામાં પ્રબળ નિમિત્તરૂપ એવા તીર્થંકરોનો વિરહ તેને સદા સાલે છે. તેથી તીર્થંકરની પ્રતિમાઓને પણ વંદન કરીને શ્રાવક કંઈક આશ્વાસન પ્રાપ્ત કરે છે. ચોવીશ તીર્થંકરોને વંદન કર્યા પછી તેઓની પ્રતિમા ત્રણેય લોકમાં જ્યાં જ્યાં વિદ્યમાન છે તે સર્વ પ્રતિમા પ્રત્યે પોતાની ભક્તિનો અતિશય થાય તે અર્થે કહે છે કે ઊર્ધ્વલોકમાં, અધોલોકમાં કે તિર્ચ્છાલોકમાં જેટલાં ચૈત્યો છે તે સર્વને હું વંદન કરું છું=જેટલી જિનપ્રતિમાઓ છે તે સર્વને હું વંદન કરું છું.

અહીં પ્રશ્ન થાય છે કે તે પ્રતિમાઓને વંદન કરવા અર્થે તે તે સ્થાનોમાં જઈને તેઓને વંદન કરવાને બદલે અહીં રહ્યે જ કેમ વંદન કરે છે ? તેથી કહે છે –

ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્ચ્છાલોકમાં જ્યાં જિનપ્રતિમા છે તે સર્વ સ્થાનોએ જવું શક્ય નહીં હોવાથી અહીં બેઠા બેઠા જ તે સર્વ પ્રતિમાને વંદન કરવા પ્રયત્ન કરું છું; જેનાથી વીતરાગના ગુણોના સ્મરણના બળથી ચિત્ત નિર્મલ અધ્યવસાયવાળું થાય છે. તે નિર્મળ અધ્યવસાયના બળથી વીતરાગતાને અનુકૂળ ભાવોથી વિરોધી ભાવો શિથિલ થાય છે. આ રીતે સર્વ ચૈત્યને વંદન કરીને શ્રાવક પોતાની આરાધનાને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. ॥૪૪॥

**અવતરણિકા :-**

**શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરવા અર્થે દેશવિરતિની વિશિષ્ટ આરાધના કરવા અભ્યુથિત થયેલ છે; તેથી જ ગાથા ૪૩માં કહેલ કે હું આરાધના માટે અભ્યુથિત થયેલ છું. સર્વવિરતિને અનુકૂળ બને તેવી દેશવિરતિની આરાધના વિશેષરૂપે કરવી હોય તો સર્વવિરતિને ધારણ કરનાર સુસાધુ પ્રત્યેની ભક્તિને અતિશયિત કરવી જોઈએ, જેથી પોતાની દેશવિરતિની આરાધના વિશેષ પ્રકારે થઈ શકે. તદ્અર્થે શ્રાવક સર્વ લોકમાં વર્તતા સુસાધુઓને વંદન કરે છે.**

**સૂત્ર :-**

**જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ;**
**સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ॥૪૫॥**

**સૂત્રાર્થ :-**

**ભરત, ઐરવત અને મહાવિદેહમાં ત્રણ દંડથી વિરત-મનોદંડ, વચનદંડ, કાયદંડથી વિરત**

**એવા જે કોઈપણ સાધુઓ છે તે સર્વ સાધુઓને હું ત્રણ યોગથી=મનોયોગ, વચનયોગ અને કાયયોગથી, પ્રણામ કરું છું. ॥૪૫॥**

**ભાવાર્થ :-**

સુસાધુ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં વિચરે છે. મન-વચન અને કાયાના જે ત્રણ યોગોથી જીવ કર્મ બાંધે છે તે મનદંડ, વચનદંડ અને કાયદંડ આત્મક ત્રણ દંડોથી મહાત્માઓ વિરામ પામેલા છે અર્થાત્ જેઓના મન, વચન, કાયાના યોગો કર્મબંધને અનુકૂળ પ્રવર્તતા નથી, પરંતુ મન, વચન કાયાના ત્રણેય યોગો કર્મના ઉન્મૂલનને અનુકૂળ પ્રવર્તે છે તેવા સુસાધુને મનથી, વચનથી અને કાયાથી તેઓ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે હું નમસ્કાર કરું છું.

આ સૂત્ર બોલતી વખતે શ્રાવકે ભાવસાધુનું સ્વરૂપ સ્મૃતિમાં ઉપસ્થિત કરવું જોઈએ. તેણે વિચારવું જોઈએ કે જે મહાત્માઓ મનુષ્યભવની દરેક ક્ષણો જિનવચનનું સ્મરણ કરીને જિનતુલ્ય થવા માટે પ્રવર્તે તે રીતે અપ્રમાદથી યત્ન કરે છે તેઓના મન, વચન અને કાયાના યોગો સંસારના સર્વભાવો પ્રત્યે સંશ્લેષ વગરના છે તેથી તેઓ ત્રણ દંડોથી વિરત છે. તેઓના મન, વચન અને કાયાના યોગો વીતરાગના વચનથી નિયંત્રિત થઈને સંસારના ઉચ્છેદમાં પ્રવર્તે છે, માટે તેઓનો મનુષ્યભવ સફળ છે. તેઓને મન, વચન, કાયાના યોગથી નમસ્કાર કરીને હું પણ તેમની જેમ સંસારના ઉચ્છેદને કરવાને અનુકૂળ શક્તિના સંચયવાળો થાઉં. સૂત્રના અર્થસ્મરણમાત્રથી આ પ્રકારના ભાવનું સ્મરણ થાય તે પ્રમાણે જેમણે પુનઃ પુનઃ ભાવન કરીને સૂત્રને સ્થિર કરેલ છે તેવા શ્રાવકો પ્રસ્તુત ગાથાના સ્મરણમાત્રથી તે પ્રકારની આરાધના માટે અભ્યુથિત થઈ શકે છે. **॥૪૫॥**

**અવતરણિકા :-**

**વળી, શ્રાવક દેશવિરતિની વિશિષ્ટ આરાધના કરવા અર્થે વિચારે છે કે ચોવીશ જિનને વંદન કર્યું, સર્વ જિનપ્રતિમાઓને વંદન કર્યું અને સર્વ સાધુઓને વંદન કર્યું. હવે કોઈક એવો ભાવ પ્રાપ્ત કરું કે જેથી શીઘ્ર મારો સંસાર ઉચ્છેદ થાય. તેથી શ્રાવક શું ભાવના કરે છે ? તે પ્રસ્તુત ગાથાથી બતાવે છે –**

**સૂત્ર :-**

**ચિરસંચિઅપાવપ્પણાસણીઇ, ભવસયસહસ્સમહણીએ;**
**ચઉવીસજિણવિણિગ્ગયકહાઇ, વોલંતુ મે દિઅહા ॥૪૬॥**

**સૂત્રાર્થ :-**

**ચિરકાળથી સંચિત થયેલા પાપને નાશ કરનાર, અને લાખો ભવોનું મથન કરનાર એવી=ભવિષ્યમાં થનારા લાખો ભવનો અંત કરનાર એવી, ચોવીસે જિનોથી વિનિર્ગત કથાથી=ચોવીસે જિનોના મુખમાંથી નીકળેલી કથાની વિચારણાથી, મારો દિવસ પસાર થાઓ. ॥૪૬॥**

**ભાવાર્થ :-**

શ્રાવકને સંસાર પ્રત્યે અત્યંત ભય વર્તે છે અને સંસારના ઉચ્છેદની ઉત્કટ ઇચ્છા હોવા છતાં અનાદિકાળથી સેવાયેલા ભાવો આત્મામાં એવા દૃઢ થયેલા છે; જેથી સંસારના ઉચ્છેદના અર્થી એવા પણ શ્રાવકથી તે ભાવોનું ઉન્મૂલન કરવું દુષ્કર છે. સંસારના ભાવોના ઉચ્છેદ માટેના બળસંચય અર્થે ચોવીશ તીર્થંકરોના મુખમાંથી નીકળેલી ઉત્તમ વાણી શ્રાવકને પ્રબળ ઉપાયરૂપે જણાય છે. તેથી ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાનથી પોતાનું જીવન અત્યંત વાસિત થાય તે અર્થે શ્રાવક ભાવના કરે છે કે મારો આખો દિવસ ભગવાનના મુખમાંથી નીકળેલી કથાથી પસાર થાઓ. આ પ્રકારની ભાવના કરીને શ્રાવક અધિક-અધિક જિનવચનના અધ્યયન, શ્રવણ અને જિનવચનથી આત્માને ભાવન કરી શકે તેવો બળસંચય કરે છે; કેમ કે તેને સ્થિર વિશ્વાસ છે કે ભગવાનના મુખમાંથી નીકળેલી વાણી જ ઘણા ભવોનાં સંચિત કરાયેલાં મારાં પાપોનો નાશ કરશે અને ભાવીના ઘણા ભવોની પરંપરાનો નાશ કરશે; તેથી ભગવાનના વચનથી ભાવિત કરવા માટેના યત્નો દ્વારા હું પ્રાપ્ત થયેલા મનુષ્યભવને સફળ કરું. ॥૪૬॥

**અવતરણિકા :-**

**શ્રાવક ગાથા-૪૩ અનુસાર વિશિષ્ટ આરાધના કરવા અર્થે અભ્યુથિત થયેલ છે તેના ઉપાયરૂપે જ અત્યાર સુધી સર્વ ભાવો કર્યા. હજી પણ વિશિષ્ટ આરાધનાને અનુકૂળ બળસંચય કરવા અર્થે શું ભાવના કરે છે ? તે બતાવે છે –**

**સૂત્ર :-**

**મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ;**
**સમ્મદિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥૪૭॥**

**સૂત્રાર્થ :-**

**મને અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, સાધુ ભગવંતો, શ્રુત અને ધર્મ=ચારિત્રધર્મ, મંગલરૂપ થાઓ=કલ્યાણનું કારણ બનો, અને સમ્યગ્દષ્ટિ દેવો મને સમાધિ અને બોધિ આપો. ॥૪૭॥**

**ભાવાર્થ :-**

આત્માના કલ્યાણની પરંપરાને જે કરે તે મંગલ કહેવાય. સંસારમાં અરિહંતો, સિદ્ધો, સુસાધુઓ અને ભગવાને કહેલો શ્રુતધર્મ તથા ચારિત્રધર્મ એ જ જીવ માટે મંગલરૂપ છે; કેમ કે તે પાંચ વસ્તુમાં ભક્તિ અને બહુમાનપૂર્વક ચિત્ત પ્રવર્તે તો તે ચિત્ત જીવની કલ્યાણની પરંપરાના કારણભૂત એવા પુણ્યાનુબંધી પુણ્ય અને નિર્જરાની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી જે શ્રાવક શક્તિ અનુસાર અરિહંત આદિનું સૂક્ષ્મ સ્વરૂપ જાણવા યત્ન કરે અને તે સ્વરૂપ તે તે પદોથી શીઘ્ર ઉપસ્થિત થાય તે રીતે શેષ કાળમાં ભાવન કરે અને પ્રસ્તુત સૂત્ર બોલતાં જ તે ભાવોના સ્મરણવાળું ચિત્ત બને તે રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક અરિહંત

આદિનું સ્મરણ કરે તો તેઓ પ્રત્યે રાગનો પ્રકર્ષ થાય છે જેનાથી અવશ્ય જીવ માટે તે પાંચે પદો મંગલ બને છે.

આ રીતે, કલ્યાણ અર્થે મંગલની ભાવના કર્યા પછી શ્રાવક ભાવના કરે છે કે "સમ્યગ્દૃષ્ટિ એવા દેવો મને સમાધિ અને બોધિ આપો." અર્થાત્ મોહના નાશને અનુકૂળ એવી ચિતની સ્વસ્થતારૂપ સમાધિ આપો અને ભગવાનના વચનમાં પરમાર્થનો સૂક્ષ્મ બોધ થાય તેવી બોધિને આપો, જેના બળથી હું અપ્રમાદભાવ કરીને સંસારસાગરથી તરું.

આ પ્રકારની પ્રાર્થના કરવાથી ગુણસંપન્ન એવા સમ્યગ્દૃષ્ટિ દેવો કંઈક કરવા માટે ન આવે તોપણ તે ઉત્તમ અધ્યવસાયથી સમાધિ અને બોધિ પ્રત્યેનો પક્ષપાત વધે છે અને જેઓ તેની સમાધિ અને બોધિ આપવા સમર્થ છે તેવા દેવો પાસે તેવી માંગણી કરવાનો ઉચિત અધ્યવસાય થાય છે; જેનાથી વિશેષ પ્રકારનું પુણ્ય જાગ્રત થાય છે જેના બળથી સમાધિ અને બોધિની પ્રાપ્તિ સુલભ બને છે. **॥૪૭॥**

**અવતરણિકા :-**

**અનેક પ્રકારે થયેલી શ્રાવકજીવનની વિપરીત આચરણાની શુદ્ધિ અર્થે પ્રસ્તુત સૂત્ર દ્વારા શ્રાવક નિંદા-ગર્હા કરે છે. હવે કયા કયા પ્રસંગે શ્રાવકે પાપની શુદ્ધિ અર્થે પ્રતિક્રમણ કરવું જોઈએ ? તેનું સ્મરણ કરે છે જેથી તેવા ભાવો જીવનમાં થાય નહીં અને કોઈક રીતે થઈ ગયા હોય તો શુદ્ધિ અર્થે ઉચિત યત્ન થાય. તે બતાવવા અર્થે કહે છે –**

**સૂત્ર :-**

**પડિસિદ્ધાણં કરણે, કિચ્ચાણમકરણે પડિક્કમણં;**
**અસદ્દહણે અ તહા, વિવરીય પરૂવણાએ અ ॥૪૮॥**

**સૂત્રાર્થ :-**

**પ્રતિષિદ્ધના કરણમાં, કૃત્યોના અકરણમાં=શ્રાવકનાં ઉચિત કૃત્યોના અકરણમાં, અને અશ્રદ્ધાનમાં=ભગવાને બતાવેલાં ઉચિત અનુષ્ઠાનો વિષયક રુચિની મલિનતામાં કે રુચિના અભાવમાં, અને વિપરીત પ્રરૂપણામાં પ્રતિક્રમણ કરવું જોઈએ. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

શ્રાવકે પ્રતિષેધનું આચરણ, ઉચિત કૃત્યોનું અકરણ, અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણા - આ ચાર દ્વારા થયેલ પાપની શુદ્ધિ અર્થે અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ.

**(૧) પ્રતિષેધનું આચરણ :-**

મોક્ષના અર્થી જીવ માટે સદા સ્વભૂમિકા અનુસાર જે કૃત્યો કરવાના ભગવાને નિષેધ કર્યા છે તે પ્રતિષિદ્ધ કૃત્યો કલ્યાણના અર્થી એવા પણ શ્રાવક વડે ક્યારેક અનાભોગાદિથી થઈ જાય તો અવશ્ય તે

પ્રતિષિદ્ધ આચરણાની શુદ્ધિ માટે શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ. જેમ કોઈ શ્રાવકે દેશવિરતિ સ્વીકારેલી હોય તો પોતાની ભૂમિકા અનુસાર જે જે દેશવિરતિનાં અનુષ્ઠાનોના ઉચિત આચરણાથી વિપરીત આચરણા અનાભોગથી કે સહસાત્કારથી થઈ હોય તેનું સ્મરણ કરીને તેનાથી બંધાયેલા પાપની શુદ્ધિ અર્થે ઉચિત યત્ન સ્વરૂપ પ્રતિક્રમણ શ્રાવકે કરવું જોઈએ.

**(૨) ઉચિત કૃત્યોનું અકરણ :-**

વળી, શ્રાવકને સ્વભૂમિકા અનુસાર સ્વીકારાયેલાં વ્રતોની વૃદ્ધિ અર્થે જે જે કૃત્યો કરવાનાં શાસ્ત્રમાં કહેલ છે તે કૃત્યો શક્તિ હોવા છતાં પ્રમાદના વશ કરવામાં ન આવે તો તે ઉચિત કૃત્યોના સેવનના બળથી જે ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે તે થાય નહિ. તેથી, તે તે ઉચિત કૃત્યોના અકરણનું સ્મરણ કરીને તેની શુદ્ધિ અર્થે શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ.

**(૩) અશ્રદ્ધા :-**

વળી, શ્રાવક સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનાર છે અને સંસારના નિસ્તારનો ઉપાય ભગવાનનું વચન છે તેવી શ્રદ્ધા ધરાવે છે તેથી સતત શક્તિને ગોપવ્યા વગર જિનવચન અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને આત્મહિત કરવા યત્ન કરે છે. આમ છતાં, કોઈક નિમિત્તથી કે મતિની મલિનતાથી ભગવાનના વચનમાં સંદેહ થાય જેના કારણે જિનવચન અનુસાર આત્મહિત અર્થે થતી ઉચિત પ્રવૃત્તિઓમાં શિથિલતા આવે તો તે ધર્મઅનુષ્ઠાનથી પણ કલ્યાણ થઈ શકે નહીં. તેથી ભગવાનના વચનમાં તે પ્રકારની અશ્રદ્ધા થઈ હોય તેના નિવારણના ઉચિત ઉપાયને કરીને તે થયેલી અશ્રદ્ધાથી બંધાયેલા પાપની શુદ્ધિ અર્થે શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ.

**(૪) વિપરીત પ્રરૂપણા :-**

વળી, કેટલાક શ્રાવકો શાસ્ત્ર ભણેલા હોય છે તેથી શાસ્ત્રમાં તેમને લબ્ધાર્થવાળા, ગરિષ્ઠ અર્થવાળા કહ્યા છે. એવા શ્રાવકો મહાત્માઓની જેમ જ યોગ્ય જીવોને સન્માર્ગ પણ બતાવે છે અને તેવા શ્રાવકથી અનાભોગ આદિથી પણ જિનવચનથી વિપરીત પ્રરૂપણા થયેલી હોય અને પાછળથી ખ્યાલ આવે કે મારી તે પ્રરૂપણા જિનવચનથી વિપરીત છે તો તે થયેલી પ્રરૂપણાને કારણે કોઈનું અહિત ન થાય તેથી જેઓની સામે તે વિપરીત પ્રરૂપણા થયેલી હોય તેઓને તે શુદ્ધ પ્રરૂપણાનું પ્રકાશન કરીને પોતાની વિપરીત પ્રરૂપણાથી થયેલી જે અશુદ્ધિ છે તેની શુદ્ધિ કરવા અર્થે શ્રાવકે પ્રતિક્રમણ કરવું જોઈએ. **॥૪૮॥**

**અવતરણિકા :-**

**આ રીતે શ્રાવક ક્યારે પ્રતિક્રમણ કરવું જોઈએ ? તેનું સ્મરણ કરીને તે તે પ્રતિક્રમણનાં સ્થાનો પ્રાપ્ત ન થાય તેવી જાગૃતિ કરે છે અને થઈ ગયેલાં હોય તેની શુદ્ધિ કરે છે. ત્યાર પછી જગતના**

**જીવો સાથે કોઈક રીતે વેરભાવ થયો હોય તેના નિવર્તન અર્થે વિશિષ્ટભાવના કરે છે, જેથી પોતાનું ચિત્ત વિશેષ પ્રકારની નિર્મલતાને પામે.**

**સૂત્ર :-**

**ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે;**
**મિત્તી મે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ ॥૪૯॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ખમાવો. સર્વ જીવોમાં મને મિત્રભાવની પ્રાપ્તિ થાઓ. મને કોઈની સાથે વેરભાવ નથી. ॥૪૯॥**

**ભાવાર્થ :-**

સંસારઅવસ્થામાં જીવ રાગ-દ્વેષને વશ ગમે તે જીવ સાથે વેરઝેરની પ્રાપ્તિ કરી શકે છે. શ્રાવક વિવેકસંપન્ન હોય તોપણ કોઈક નિમિત્તથી કોઈકની સાથે વેરભાવ થયો હોય તે વેરભાવ નિવર્તન પામે તદ્અર્થે અને જગતના સર્વજીવોમાંથી કોઈ પણ જીવ સાથે કોઈપણ ભવમાં વેરભાવ થયો હોય તે વેરભાવના સંસ્કારો પોતાના આત્મામાં ન રહે તે અર્થે ભાવના કરે છે કે "હું સર્વ જીવોને ખમાવું છું" અર્થાત્ મારાથી કોઈપણ જીવને કોઈપણ જાતની પીડા થાય તેવો વચનપ્રયોગ થયો હોય કે કોઈપણ પ્રવૃત્તિ થઈ હોય તે સર્વભાવથી પાછો ફરીને હું તે જીવોની ક્ષમાયાચના કરું છું. આ પ્રકારના વિશુદ્ધ ભાવના બળથી કોઈપણ જીવ સાથે કોઈપણ ભવના વેરનું પરિણામ સંસ્કારરૂપે આત્મામાં રહેલ હોય તેનો નાશ થાય છે.

વળી, શ્રાવક પોતાના ભાવની શુદ્ધિ અર્થે ભાવના કરે છે કે જગતના સર્વ જીવો મને ખમાવો. વસ્તુતઃ શ્રાવકની ઇચ્છાને આધીન જગતના જીવો તેને ખમાવે તેમ નથી પરંતુ જે જીવોને તે શ્રાવકના જીવ સાથે જ્યારે જ્યારે વેર બંધાયું છે ત્યારે ત્યારે તે જીવોમાં જે વેરના સંસ્કારોનું આધાન થયું છે તે તેમના સ્વપ્રયત્ન વગર દૂર થઈ શકે નહીં, છતાં, શ્રાવક પોતાના શુભભાવની વૃદ્ધિ અર્થે અભિલાષ કરે છે કે જગતના જીવો પણ મારી સાથે વેરભાવના ત્યાગ કરનારા બનો, જેથી તેઓની સાથે વેરભાવની પરંપરા ચાલે નહિ. આ પ્રકારનો પોતાનો વિશુદ્ધ અધ્યવસાય હોવાથી શ્રાવકની તે પ્રકારની ભાવનાથી અન્ય જીવોને તેવો પરિણામ નહીં થવા છતાં પોતાના જ શુભ અધ્યવસાયથી પોતાને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, શ્રાવક પોતાના ભાવની શુદ્ધિ અર્થે ભાવના કરે છે કે સર્વજીવો સાથે મારી મૈત્રી થાઓ, મને કોઈની સાથે વેર ન રહે આ પ્રકારે ભાવના કરવાથી જગતના જીવોનું હિત કરવાની પ્રવૃત્તિવાળું ચિત્ત બને છે અને કોઈની સાથે વેરભાવ ચિત્તમાં ન રહે તેવો દૃઢ પરિણામ થાય છે, જે નિર્મલ અધ્યવસાયથી શ્રાવકને ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે અત્યંત ઉપયોગપૂર્વક તે તે પ્રકારના ભાવો જ નિષ્પન્ન થાય તેવા દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત ગાથા બોલવી જોઈએ. **॥૪૯॥**

**અવતરણિકા :-**

**અત્યાર સુધી જે આલોચનાદિ કરીને જે ઉત્તમ ભાવો કર્યા તેને જ અતિશય કરવા અર્થે શ્રાવક વિશિષ્ટ ભાવના કરે છે અને તે ભાવના કરીને ફરી ચોવીશે તીર્થંકરોને વંદન કરે છે જેના બળથી અત્યંત શુદ્ધિની પ્રાપ્તિ થાય.**

**સૂત્ર :-**

**એવમહં આલોઇઅ, નિંદિઅ ગરહિઅ દુગંછિઅં સમ્મં;**
**તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં ॥૫૦॥**

**સૂત્રાર્થ :-**

**આ રીતે=અત્યાર સુધી પૂર્વની ગાથાઓમાં વર્ણન કર્યું એ રીતે, સમ્યક્ આલોચન કરીને, નિંદા કરીને, ગર્હા કરીને, જુગુપ્સા કરીને ત્રણે યોગથી પ્રતિક્રાંત થયેલો=પાપથી પાછો ફરેલો એવો હું ચોવીશે જિનોને વંદન કરું છું. ॥૫૦॥**

**ભાવાર્થ :-**

શ્રાવક અત્યાર સુધી જે પાપોની શુદ્ધિ અર્થે નિંદા-ગર્હા કરી તે ભાવને જ અત્યંત અતિશય કરવા અર્થે કહે છે કે આ પ્રમાણે મેં અત્યાર સુધી મારાં વ્રતોમાં થયેલા અતિચારોનું સમ્યક્ આલોચન કર્યું છે, દૃઢ પ્રણિધાનપૂર્વક મારી થયેલી સ્ખલનાઓની સ્મૃતિ કરી છે. આલોચન કર્યા પછી તે પાપની મેં નિંદા કરી છે અને જે સ્થાપનાચાર્ય સન્મુખ હું પ્રતિક્રમણ કરું છું તે ભાવાચાર્યની સાક્ષીએ મેં તે પાપોની ગર્હા કરી છે. આ રીતે નિંદા-ગર્હા દ્વારા તે પાપો પ્રત્યે મેં અત્યંત જુગુપ્સા કરી છે જેથી ફરી તેવાં પાપો થાય નહીં તેથી મન-વચન અને કાયાના યોગો દ્વારા પાપોથી પાછો ફરેલ એવો હું ચોવીશે જિનોને વંદન કરું છું. અર્થાત્ મનથી, વચનથી અને કાયાથી તે પાપથી વિરુદ્ધ એવી ગુપ્તિના પરિણામવાળો હું થયેલો છું અને તે ગુપ્તિના પરિણામપૂર્વક ચોવીશે જિનોને વંદન કરું છું જેથી તેમના પ્રત્યેના વધતા જતા ભક્તિભાવને કારણે સુખપૂર્વક સર્વ પાપોની નિવૃત્તિ કરીને હું શીઘ્ર આ સંસારસાગરને તરી શકું. **॥૫૦॥**

**સંકલના :-**

પ્રસ્તુત વંદિત્તુ સૂત્ર ગણધરરચિત છે તે પ્રકારનો ઉલ્લેખ 'પ્રતિમાશતક' ગ્રંથમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કરેલ છે. તેથી ગણધરોએ શ્રાવકના અતિચારોની શુદ્ધિ અર્થે પ્રસ્તુત સૂત્રની રચના કરી છે તેમ નક્કી થાય છે.

વળી, પ્રાજ્ઞ પુરુષ 'મિચ્છા મિ દુક્કડં' એ પ્રકારના પદમાત્રથી સર્વ પાપોની શુદ્ધિ કરી શકે છે; છતાં પ્રાજ્ઞ પુરુષ માટે પણ તે પ્રકારનો ભાવ કરવો અતિ દુષ્કર છે, તેથી માત્ર પ્રાજ્ઞ પુરુષને આશ્રયીને ગણધરોએ આ સૂત્રની રચના કરી નથી, પરંતુ મધ્યમ બુદ્ધિના જીવોને પણ સામે રાખીને આ સૂત્રની રચના કરી છે જેથી

પ્રાજ્ઞ પુરુષો અને મધ્યમ બુદ્ધિવાળા જીવો ફરી ફરી અન્ય અન્ય દૃષ્ટિકોણોથી તે તે અતિચારોનું આલોચન કરીને પાપની શુદ્ધિને પ્રાપ્ત કરી શકે. વળી, બાળજીવો તો ગમે તેટલી વખત આલોચન કરે તોપણ બાળબુદ્ધિ હોવાથી આ સૂત્રથી પાપની શુદ્ધિ કરી શકતા નથી; કેમ કે બાળજીવો અર્થોના આલોચનને કરીને તે તે પ્રકારના ભાવોનું પ્રતિસંધાન જ પ્રાયઃ કરતાં નથી. માટે તેઓના ઉપકાર અર્થે રચના કરવી અશક્ય છે. તેથી ગણધરોએ મધ્યમ-બુદ્ધિવાળા જીવોને અને પ્રાજ્ઞ પુરુષોને સામે રાખીને તે રીતે પ્રસ્તુત સૂત્રની રચના કરી છે જેથી પ્રાજ્ઞ પુરુષો અને મધ્યમબુદ્ધિવાળા જીવો બંને આ સૂત્ર દ્વારા આત્મશુદ્ધિ કરી શકે.

વળી, શાસ્ત્રનાં દરેક વચનોના અર્થની વિચારણા માટે પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાયનો બોધ આવશ્યક છે; જેના બળથી અપ્રસ્તુત અર્થનું નિરાકરણ થાય છે અને પ્રસ્તુત અર્થનું ગ્રહણ થાય છે. જેમ 'કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહિ' એ પ્રકારના શાસ્ત્રવચનથી કોઈ સ્થૂલથી બોધ કરે તો તેને થાય કે જે પ્રવૃત્તિથી કોઈ જીવના પ્રાણનો નાશ થતો હોય તેવી પ્રવૃત્તિ છ કાયના પાલન કરનાર સાધુથી થઈ શકે નહીં અને તેમ બોધ થાય તો સાધુની વિહારની પ્રવૃત્તિ કે નદી ઊતરવાની પ્રવૃત્તિ પણ ઉચિત નથી તેવા જ અર્થનો બોધ તેને થાય. 'કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં' એ વચનથી શાસ્ત્રકારોએ કહ્યું છે કે "આત્મા રાગાદિ રહિત એવા સ્વ-ભાવપ્રાણના રક્ષણ માટે કોઈ મહાત્મા ઉદ્યમ કરે". તે વખતે થતી બાહ્ય જીવોની હિંસા પરમાર્થથી હિંસા નથી પરંતુ સ્વ-ભાવપ્રાણના રક્ષણમાં વ્યાઘાતક એવી જે હિંસા એ હિંસાનો જ શાસ્ત્રકારો નિષેધ કરે છે. તેથી કોઈ જીવની હિંસા ન કરવી જોઈએ એ વચનથી યતનાપૂર્વક નદી ઊતરનાર સાધુથી થતી જીવોની હિંસા હિંસારૂપે અપ્રસ્તુત છે તેનું નિરાકરણ કરીને પોતાના ભાવપ્રાણના રક્ષણમાં વ્યાઘાતક એવી હિંસા જ હિંસા શબ્દથી પ્રસ્તુત છે તેનું ગ્રહણ કરવા અર્થે ચાલના અને પ્રત્યવસ્થાન કરીને ઐદંપર્યાયનું ગ્રહણ કરાય છે અર્થાત્ વિચારાય છે કે જો સર્વજીવોની હિંસા કરવી જોઈએ નહીં એવું શાસ્ત્રવચન હોય તો સાધુને નદી વગેરે ઊતરવું ઉચિત નથી એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય એમ ચાલના કરાય છે અને તેના સમાધાનરૂપે કહેવાય છે કે જિનવચન અનુસાર સંયમવૃદ્ધિ માટે કરાતા યત્નથી થતી હિંસા સ્વ-ભાવપ્રાણના રક્ષણનું કારણ હોવાથી પરમાર્થથી હિંસા નથી, આ પ્રકારનું સમાધાન પ્રત્યવસ્થાનરૂપ છે. તેથી એ પ્રાપ્ત થયું કે કોઈ જીવની હિંસા કરવી જોઈએ નહીં એ વચન પદાર્થરૂપ છે, ચાલના વાક્યાર્થરૂપ છે અને પ્રત્યવસ્થાન મહાવાક્યાર્થરૂપ છે. અને તે સર્વથી એ ફલિત થાય છે કે સાધુએ ષટ્કાયના પાલન અર્થે જિનવચનનું સ્મરણ કરીને જિનવચનની આજ્ઞા અનુસાર સર્વ પ્રવૃત્તિ અપ્રમાદભાવથી કરવી જોઈએ જે ઐદંપર્યાયરૂપ છે.

તેમ પ્રસ્તુત સૂત્રથી જે શ્રાવક અતિચારોનું આલોચન કરે છે ત્યાં પણ અપ્રસ્તુત અર્થના નિરાકરણપૂર્વક પ્રસ્તુત અર્થની પ્રાપ્તિ થાય તે પ્રકારે બોધ કરવામાં આવે તે મહાવાક્યાર્થરૂપ છે. તેના ફલિતાર્થરૂપ નિર્ણય કરવામાં આવે કે જિનવચન અનુસાર શક્તિના પ્રકર્ષથી પોતાના થયેલાં પાપોનું યથાર્થ સ્મરણ કરીને તે પાપકાળમાં જે ભાવ થયો છે તેનાથી વિરુદ્ધભાવ તીવ્ર થાય તે પ્રસ્તુત પ્રતિક્રમણ સૂત્રનો ઐદંપર્યાય છે.

આનાથી એ ફલિત થાય કે જે શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર જે વ્રતોને સ્વીકારે તે વ્રતોનું સેવન કઈ રીતે સર્વવિરતિનું કારણ બને તે પ્રકારના સૂક્ષ્મ બોધપૂર્વક તે વ્રતોની આચરણની મર્યાદાને જાણે અને તે

મર્યાદા અનુસાર પોતાના સ્વીકારાયેલાં તે તે વ્રતોને તે રીતે સેવે જેથી તે વ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અવશ્ય સર્વવિરતિનું કારણ બને. તે રીતે કોઈ શ્રાવક દેશવિરતિનું પાલન કરે છતાં કોઈક નિમિત્તે તે સ્વીકારાયેલ વ્રતોમાં સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ દઢ વ્યાપાર સ્ખલના પામે તે, તે તે વ્રતના અતિચારો છે; કેમ કે તેટલા અંશથી તે વ્રતને અનુકૂળ અંતરંગ વ્યાપાર સમ્યક્ થયો નથી, તેથી તે અતિચાર છે અને તે અતિચારોનું સમ્યક્ સ્મરણ કરીને તે અતિચારોના પરમાર્થને સ્પર્શે તે પ્રકારે દઢ પ્રણિધાનપૂર્વક જો શ્રાવક યત્ન કરે તો પ્રતિક્રમણ કાળમાં તે અતિચારો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે. આ પ્રકારે પ્રતિક્રમણની ક્રિયાનો ઐદંપર્યાય જાણીને તેને પ્રગટ કરવા જે શ્રાવક શક્તિ અનુસાર યત્ન કરે છે તેનું પ્રતિક્રમણ શુદ્ધ થાય છે અને અભ્યાસદશામાં શુદ્ધિને અભિમુખ થાય છે.

વળી, શ્રાવકને પ્રસ્તુત ષડ્ આવશ્યકને સમ્યક્ કરવા અર્થે શ્રાવકનાં બાર વ્રતો કઈ રીતે દેશવિરતિના પાલન દ્વારા સર્વવિરતિના પરિણામનું કારણ બને છે તેનો બોધ અતિઆવશ્યક છે, તેથી તેનો કંઈક નિર્ણય આ પ્રમાણે થઈ શકે.

શ્રાવક સમ્યક્ત્વમૂલક બાર વ્રતો ગ્રહણ કરે છે અને સમ્યક્ત્વ ઉચ્ચરાવતી વખતે તે પ્રતિજ્ઞા કરે છે કે અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે અને સર્વજ્ઞ-પ્રણીત ધર્મ છે તેથી આ ત્રણ તત્ત્વ જ જીવ માટે પારમાર્થિક તત્ત્વ છે, તે સિવાયનું સર્વ મારા માટે કચરા તુલ્ય છે. આ પ્રકારે ભાવન કરીને શ્રાવક વિચારે કે તીર્થંકરો મોહનો નાશ કરીને કેવલજ્ઞાન પામ્યા પછી જે સન્માર્ગ સ્થાપે છે તે સન્માર્ગ સ્થાપનકાળમાં તીર્થંકરની જે અવસ્થા છે તે તીર્થંકરની કર્મકાય અવસ્થા છે અને ભવના અંતે યોગ-નિરોધ કર્યા પછી સર્વ કર્મરહિત થાય છે તે તીર્થંકરની તત્ત્વકાય અવસ્થા છે. અર્થાત્ જીવના શુદ્ધ સ્વરૂપવાળી અવસ્થા છે. તીર્થંકરની આ બે અવસ્થા જ જીવ માટે પ્રાપ્ત કરવા યોગ્ય છે. તેથી કલ્યાણના અર્થી જીવો તે અવસ્થારૂપે તીર્થંકરનું સ્મરણ કરીને સદા તેમની ભક્તિ કરે છે; જેથી તે ભક્તિના પ્રકર્ષથી પોતે પણ તીર્થંકર તુલ્ય થાય. વળી, સમ્યગ્દષ્ટિ વિચારે છે કે તીર્થંકરની આ બે અવસ્થા સ્મૃતિમાં રાખીને હું તેમની દેવરૂપે ઉપાસના કરું છું જેથી તે અવસ્થા પ્રત્યે મને તીવ્ર રાગ થાય.

વળી, તીર્થંકર તુલ્ય થવા માટે સુસાધુ સર્વ ઉદ્યમથી તીર્થંકરના વચનનું અવલંબન લઈને સર્વ પ્રવૃત્તિ કરે છે તેથી તેવા ગુણવાન ગુરુ એ જ મારા માટે ગુરુ છે જેમના બળથી હું પણ તીર્થંકર તુલ્ય થવાની શક્તિનો સંચય કરી શકું. આ પ્રકારના આશયથી સુસાધુને ગુરુરૂપે સ્વીકારેલ છે.

વળી, સુસાધુ જિનવચનાનુસાર સુચારિત્રધર્મનું પાલન કરે છે તે અને તેના ઉપાયરૂપ શ્રાવકધર્મ આદિ ભગવાને બતાવ્યા છે તે જ ધર્મતત્ત્વ છે. માટે હું પણ મારી શક્તિ અનુસાર ભગવાને બતાવેલો ચારિત્રધર્મ સેવું તેવી જેનામાં ઉત્કટ ઇચ્છા છે તે જીવો તે ત્રણ તત્ત્વના મર્મને સ્પર્શી શકે તો નિયમા સમ્યગ્દષ્ટિ બને છે અને ત્રણ તત્ત્વોને સ્વભૂમિકા અનુસાર જાણવા યત્ન કરતા હોય તો સમ્યક્ત્વના સન્મુખ ભાવવાળા છે.

આથી શ્રાવકે પ્રથમ સમ્યક્ત્વને સ્થિર કરવું જોઈએ અને સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી પોતાની શક્તિનું સમાલોચન કરીને સાધુધર્મને અનુકૂળ શક્તિસંચય અર્થે પ્રતિદિન સાધુસામાચારીના રહસ્યને જાણવા યત્ન

કરવો જોઈએ, જેથી મોહની સામે અંતરંગ રીતે સુભટની જેમ લડતા અને અપ્રમાદથી સ્વભૂમિકાને ઉચિત ક્રિયા કરનારા સુસાધુના પારમાર્થિક સ્વરૂપનો બોધ થાય. ત્યારપછી શ્રાવકનાં બાર વ્રતો કઈ રીતે સાધુતુલ્ય થવાનું કારણ બને છે ? તે પ્રકારે બારે વ્રતોના ભાંગાઓનો શાસ્ત્રવચન અનુસાર બોધ કરવો જોઈએ અને જે ભાંગાથી પોતે જે વ્રત સ્વીકારી શકે તેમ હોય તે ભાંગાથી તે વ્રતને સ્વીકારવું જોઈએ. વ્રત સ્વીકાર્યા પછી તે વ્રતની ઉત્તરોત્તર વૃદ્ધિ કઈ રીતે થાય ? તેને લક્ષમાં રાખીને તે વ્રત સેવે તો શ્રાવકને તે વ્રત વિષયક સૂક્ષ્મ બોધ થાય છે અને સ્વીકારાયેલા વ્રતમાં સૂક્ષ્મ પણ સ્ખલના કયા પ્રકારની છે ? તેનો બોધ કરીને તેનો પરિહાર કરવા અર્થે યત્ન કરે તો અતિચાર રહિત તે વ્રતનું પાલન શ્રાવક કરી શકે છે. આમ છતાં અનાભોગ આદિથી કોઈક રીતે વ્રતમાં અતિચાર થયેલ હોય તો સ્વીકારાયેલા વ્રતમાં થયેલા સૂક્ષ્મ પણ અતિચારનું સ્મરણ કરીને આલોચન આદિ કાળમાં શ્રાવક નિંદા-ગર્હા કરે તો અવશ્ય તેની શુદ્ધિ થાય. માટે શ્રાવકે પ્રસ્તુત સૂત્ર બોલતી વખતે તે પ્રકારનું પ્રતિસંધાન કરવું જોઈએ કે મારાં દેશવિરતિનાં વ્રતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામી રહ્યાં છે કે નહીં અને ઉત્તરોત્તર વૃદ્ધિ માટે વ્રતોમાં યત્ન કરવા છતાં કોઈ સ્ખલના થયેલી હોય તો તે સ્ખલના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારનો દૃઢ ઉપયોગ રાખીને પ્રસ્તુત સૂત્ર બોલવું જોઈએ. જેથી જે જે સ્થાનમાં જે જે અતિચારની નિંદા આવે તે તે સ્થાનમાં તે અતિચાર પ્રત્યે તીવ્ર જુગુપ્સાનો ભાવ થાય. આ પ્રકારનો યત્ન જોકે દુષ્કર કાર્ય છે, છતાં શક્ય હોય એટલો યત્ન કરવાથી અભ્યાસરૂપે પણ ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ થોડો થોડો પણ યત્ન થઈ શકે છે.

## : વંદિત્તા સૂત્રની ગાથાનો સંક્ષિપ્ત અર્થ :

(૧) પ્રથમ ગાથામાં સાક્ષાત્ સર્વસિદ્ધોને, ધર્માચાર્યોને અને સર્વ સાધુઓને વંદન કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકને પ્રાપ્ત કરવા યોગ્ય એવી સિદ્ધ અવસ્થા છે. તે સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિનો બોધ કરાવનાર ધર્માચાર્યો છે અને તે સિદ્ધ અવસ્થા માટે દૃઢ યત્ન કરનારા સુસાધુઓ છે, તેથી તેમના પ્રત્યે ભક્તિપૂર્વક વંદન કરીને વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ કરવામાં આવે તો શ્રાવકને અવશ્ય સર્વવિરતિને અનુકૂળ દેશવિરતિની શુદ્ધિની પ્રાપ્તિ થાય.

(૨) શ્રાવકે અતિચારના આલોચનકાળમાં જે રત્નત્રયી વિષયક અતિચારનું સ્મરણ કરેલ છે તેના અતિચારની નિંદા-ગર્હા કરીને શુદ્ધિ કરવા તે યત્ન કરે છે જેથી દેશવિરતિની ભૂમિકાની રત્નત્રયી અતિચાર રહિત બને.

(૩) શ્રાવક જીવનમાં પરિગ્રહ અને આરંભ કરવાના પ્રસંગો ઘણા છે તેને સામે રાખીને તેમાં થયેલા અતિચારોની શુદ્ધિ કરવા યત્ન કરે છે.

(૪) શ્રાવક રત્નત્રયીની શુદ્ધિ સંગ્રહરૂપે ગાથા ૨થી કરેલ તેમાંથી જ્ઞાનાચારની શુદ્ધિ વિશેષરૂપે પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે. વળી, શ્રાવકને ઇન્દ્રિય અને કષાયને વશ જે અપ્રશસ્ત ભાવો થાય છે તેનાથી તેનું જ્ઞાન મલિન થાય છે તેથી જ્ઞાનની શુદ્ધિ અર્થે તેની નિંદા પ્રસ્તુત ગાથાથી કરે છે.

(૫-૬) જ્ઞાનાચારની શુદ્ધિ કર્યા પછી ગાથા ૫-૬થી શ્રાવક દર્શનાચારની શુદ્ધિ કરે છે જેથી સમ્યગ્દર્શનમાં દૃઢતા આવે અને સમ્યક્ દર્શનની દૃઢતા અનુસાર જ શ્રાવકના સર્વ આચારો અતિશયિત થાય છે તેથી તેની શુદ્ધિ કર્યા પછી શ્રાવક વિશેષથી જિનવચનથી આત્માને ભાવિત કરે, નવું નવું શ્રુતઅધ્યયન કરે જેથી દર્શનની વિશેષ નિર્મલતા થાય તેવા બલનું આધાન થાય છે.

(૭) શ્રાવકના જીવનમાં આરંભ-સમારંભનો પ્રસંગ ઘણો હોય છે, તે આરંભ વિષયક અતિચારોનું સ્મરણ કરીને શ્રાવક ચારિત્રની શુદ્ધિ કરે છે.

(૮) બારેય વ્રતોને સંક્ષેપથી સ્મરણ કરીને શ્રાવક તેના અતિચારોની જુગુપ્સા કરવા યત્ન કરે છે, જેથી સ્વીકારાયેલાં દરેક વ્રતો વિષયક સર્વ અતિચારોનું સંક્ષેપથી સ્મરણ થાય અને તેના પ્રત્યે જુગુપ્સા થાય.

(૯) સ્વીકારાયેલા પ્રથમ અણુવ્રતમાં પ્રમાદને વશ જે અયતનાનો અપ્રશસ્તભાવ થયો હોય તેની નિવૃત્તિ અર્થે પ્રસ્તુત ગાથાથી શ્રાવક યત્ન કરે છે.

(૧૦) પ્રથમ અણુવ્રતના અતિચારોને સંક્ષેપથી સ્મરણ કરીને તેમાંથી જે પ્રકારનો અતિચાર પોતાને પ્રાપ્ત થયો હોય તેનું પ્રતિક્રમણ શ્રાવક કરે છે.

(૧૧) બીજા અણુવ્રત વિષયક પ્રમાદને વશ જે અપ્રશસ્ત ભાવ થયો હોય તેની શુદ્ધિ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે.

(૧૨) બીજા વ્રતમાં પોતે સ્વીકારેલા વ્રતની મર્યાદામાં જે કોઈ અતિચારો થયા હોય તેનું સ્મરણ કરીને તેની શુદ્ધિ કરવા શ્રાવક પ્રતિક્રમણ કરે છે.

(૧૩) ત્રીજા અણુવ્રતમાં પ્રમાદને કારણે જે અપ્રશસ્તભાવો થયા છે તેનું સ્મરણ કરીને શુદ્ધિ કરવા અર્થે શ્રાવક યત્ન કરે છે.

(૧૪) ત્રીજા વ્રતમાં જે ભાંગાથી પોતે વ્રત સ્વીકાર્યું છે તે ભાંગાથી વ્રતપાલનમાં થયેલા અતિચારોનું સ્મરણ કરીને શ્રાવક તેનું પ્રતિક્રમણ કરે છે.

(૧૫) ચોથા વ્રત વિષયક પ્રમાદને વશ જે અપ્રશસ્તભાવ થયો હોય તેની શુદ્ધિ કરવા અર્થે શ્રાવક પ્રસ્તુત ગાથાથી યત્ન કરે છે.

(૧૬) ચોથા વ્રતમાં જે મર્યાદાથી કે જે ભાંગાથી પોતે વ્રત સ્વીકાર્યું છે તે મર્યાદાથી અને તે ભાંગાથી વ્રતપાલનમાં જે પ્રકારનો અતિચાર થયો હોય તેનું પ્રતિક્રમણ પ્રસ્તુત ગાથાથી કરે છે.

(૧૭) પાંચમા અણુવ્રતમાં પ્રમાદને કારણે જે અપ્રશસ્તભાવ કર્યો હોય તેની શુદ્ધિ કરવા અર્થે શ્રાવક યત્ન કરે છે.

(૧૮) પાંચમા અણુવ્રતમાં જે ભાંગાથી પોતે વ્રત સ્વીકારેલ છે તે ભાંગાથી તે વ્રતમાં કોઈ પણ અતિચાર લાગ્યો હોય તો તેનું પ્રતિક્રમણ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે.

(૧૯) છઠ્ઠા વ્રત વિષયક જે અતિચારો લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ શ્રાવક કરે છે.

(૨૦) સાતમા વ્રતમાં જે અતિ નિંદનીય છે તેવા મદ્ય આદિ વિષયક જે પ્રવૃત્તિ થઈ હોય તેની શુદ્ધિ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે.

(૨૧) સાતમા વ્રત વિષયક સચિત્ત આદિ ત્યાગી એવા શ્રાવકથી જે સ્ખલના થઈ હોય તેના અતિચારોની શુદ્ધિ પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે.

(૨૨-૨૩) સાતમા વ્રતમાં જેમ ભોગ-ઉપભોગ પરિમાણ આવશ્યક છે તેમ વ્યાપાર વિષયક અતિ સાવદ્ય પ્રવૃત્તિ શ્રાવકને વર્જ્ય છે. તેની વર્જ્ય પંદર પ્રકારની કર્માદાન પ્રવૃત્તિનું સ્મરણ કરીને અનાભોગ આદિથી પણ તેવી પ્રવૃત્તિ ન થાય તેવો બળસંચય કરવા અર્થે ગાથા ૨૨-૨૩થી શ્રાવક યત્ન કરે છે.

(૨૪) આઠમા અનર્થદંડ વિષયક ઉચિત યતનામાં શક્ય યત્ન ન કર્યા હોય તેનું પ્રતિક્રમણ પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે.

(૨૫) વળી, પોતાના દેહ આદિના પાલન વિષયક પ્રવૃત્તિમાં જે અનાવશ્યક હોય તેવી અનર્થકારી પ્રવૃત્તિઓ કરી હોય તેનું સ્મરણ કરીને શ્રાવક તેનું પ્રતિક્રમણ કરે છે.

(૨૬) અનર્થદંડ વિષયક પાંચ ભેદોનું સ્મરણ કરીને તેના સેવનથી જે કોઈ અતિચારની પ્રાપ્તિ થઈ હોય તેની શુદ્ધિ પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે.

(૨૭) સામાયિક વ્રત વિષયક અથવા શિક્ષાવ્રતરૂપે સામાયિક સેવનકાળમાં થયેલા અતિચારોનું સ્મરણ કરીને તેની નિંદા કરે છે અને સમભાવને અનુકૂળ દૃઢ ઉદ્યમ થાય તેવા શક્તિસંચય અર્થે શ્રાવક પ્રસ્તુત ગાથાથી યત્ન કરે છે.

(૨૮) શ્રાવક પાપના અત્યંત સંકોચ અર્થે પ્રતિદિન દિશાનો સંકોચ કરીને આરંભ-સમારંભની નિવૃત્તિ અર્થે જેમ દેશાવગાસિક વ્રત કરે છે તેમાં પોતાના સ્વીકારાયેલા ભાંગાને અનુરૂપ જે કોઈ અતિચાર થયેલ હોય તેનું સ્મરણ કરીને તેના અતિચારોની શુદ્ધિ કરે છે.

(૨૯) શ્રાવકધર્મની પુષ્ટિ અર્થે ચાર પ્રકારના પૌષધમાંથી સ્વભૂમિકા અનુસાર પૌષધવ્રત ગ્રહણ કરે અને તે પૌષધમાં જે અવ્યાપારરૂપ પૌષધ છે તે ત્રણ ગુપ્તિના પરિણામ સ્વરૂપ છે. તેથી ત્રણ ગુપ્તિવાળા શ્રાવકને જે અતિચારો પ્રાપ્ત થાય તેને સામે રાખીને પ્રસ્તુત ગાથામાં અતિચારોનું સ્મરણ કરાયું છે. તેથી પૌષધની મર્યાદા અને તેના અતિચારોને સ્મૃતિમાં રાખીને શ્રાવક પ્રસ્તુત ગાથાથી નિંદા કરે છે જેથી અનાભોગ આદિથી પણ પૌષધવ્રતમાં અતિચાર લાગેલા હોય તેની શુદ્ધિ થાય અને સ્વીકારાયેલો પૌષધ સર્વવિરતિને અનુકૂળ બળસંચયનું કારણ બને.

(૩૦) અતિથિ સંવિભાગ વ્રત દ્વારા ભાવસાધુપણાની પ્રાપ્તિના અર્થી એવા શ્રાવક સાધુને અન્ન-પાનાદિ આપીને સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે. ત્યારે ભક્તિથી સાધુને વહોરાવતી વખતે અનાભોગાદિથી કોઈક સૂક્ષ્મ કષાય પ્રવર્તે ત્યારે તે વ્રતમાં કંઈક અતિચારોની સંભાવના રહે છે, તેનું સ્મરણ કરીને શ્રાવક તેની નિંદા કરે છે, જેથી સાધુના ભક્તિકાળમાં અતિચારથી દૂષિત થયેલા તે શિક્ષાવ્રતની શુદ્ધિ થાય છે અને શુદ્ધ થયેલા એવા વ્રત દ્વારા સર્વવિરતિની શક્તિસંચય થઈ શકે તેવા બલનું આધાન થાય છે.

(૩૧) શ્રાવક જેમ સુસાધુની ભક્તિ કરીને સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે તેમ સુસાધુને પણ કોઈક શારીરિક રોગ આદિથી દુઃખી જુએ અથવા શરીરથી દુઃખી ન હોય છતાં ભિક્ષાની પ્રાપ્તિ દુર્લભ હોવાથી દુઃખિત જુએ ત્યારે તે દુઃખ દૂર કરવાની ઇચ્છારૂપ અનુકંપા સાધુ પ્રત્યે શ્રાવકને થાય છે, જે અનુકંપા સાધુ પ્રત્યેની હીન બુદ્ધિરૂપ નથી પરંતુ તેમને પ્રાપ્ત થયેલા દુઃખની પીડાને દૂર કરવાના અધ્યવસાયરૂપ છે. જેથી પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે. તેવી પણ પ્રવૃત્તિ કરતી વખતે રાગ-દ્વેષથી કોઈક મલિનભાવ થયેલો હોય તો તેની ગર્હા કરીને પ્રસ્તુત ગાથાથી શ્રાવક તેની શુદ્ધિ કરે છે; જેથી અનુકંપાપૂર્વકનું પણ શ્રાવકનું તે દાન સર્વવિરતિ પ્રત્યેના અહોભાવથી યુક્ત હોવાને કારણે સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે.

(૩૨) વળી, શ્રાવક અતિથિ સંવિભાગ વ્રત દ્વારા સર્વવિરતિની શક્તિનો સંચય કરવાનો અર્થી હોવા છતાં પોતાના અર્થે ભોજન આદિ સામગ્રી કર્યા પછી સુસાધુની ભક્તિ કર્યા વગર ભોજન કરે તો અતિથિ સંવિભાગ વ્રતમાં મલિનતા પ્રાપ્ત થાય છે; કેમ કે શ્રાવકને સર્વવિરતિની અતિલાલસા છે. તેથી પોતાના અર્થે કરાયેલું ભોજન સાધુ માટે શુદ્ધ હોવાથી તેના દ્વારા સાધુના સંયમની વૃદ્ધિ કરવાની શ્રાવકને અતિલાલસા હોય છે. તેથી સાધુના સંયમ જીવનની પુષ્ટિ કરીને હું મારા ધનને સફળ કરું એવો અધ્યવસાય સતત હોય છે. છતાં અનાભોગ આદિથી સુસાધુ વિદ્યમાન હોવા છતાં તે પ્રકારનો વિભાગ કર્યા વગર ભોજન કરે તો સુસાધુ પ્રત્યેની ભક્તિમાં એટલી ન્યૂનતાની પ્રાપ્તિ થાય છે તેની શુદ્ધિ પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે.

(૩૩) શ્રાવકને જીવનના અંતે કષાયની અને શરીરની સંલેખના કરીને ઉત્તમ મરણપ્રાપ્તિ કરવાની ઉત્કટ ઇચ્છા હોય છે, તેથી સદા મૃત્યુનું સ્મરણ કરીને મૃત્યુકાળની પ્રાપ્તિ સમયે તે પ્રકારની કષાયની સંલેખના અને શરીરની સંલેખના માટે સદા ઉચિત યત્ન કરે છે. આથી જ પ્રતિદિન નવું નવું અધ્યયન કરીને તેનાથી ભાવિત થઈને પોતાના કષાયોને ક્ષીણ-ક્ષીણતર કરવા શ્રાવક યત્ન કરે છે અને અંતકાળમાં તે યત્ન અતિપ્રકર્ષથી કરવાનો છે તેનું સ્મરણ કરીને શ્રાવક વિચારે છે કે અંત સમયે હું સંલેખના કરીશ તે વખતે જો મારો ઉપયોગ જિનવચનથી નિયંત્રિત થઈને કષાયોની સંલેખનામાં દૃઢ વ્યાપારવાળો થશે નહીં તો મને ઉત્તરનો ઉત્તમ ભવ પ્રાપ્ત થશે નહીં. તેથી પ્રતિદિન ભાવના કરે છે કે મારા સંલેખનાકાળમાં સ્ખલના કરે તેવા અતિચારોની પ્રાપ્તિ ન થાઓ અને તે ભાવનાનું પ્રસ્તુત ગાથામાં શ્રાવકને સ્મરણ કરાવેલ છે. જેથી સંલેખનારૂપ ઉત્તમ અર્થની સાધના તે શ્રાવક સુખપૂર્વક કરી શકે.

(૩૪) અત્યાર સુધી પાપની શુદ્ધિ અર્થે અનેક રીતે યત્ન કર્યા પછી પણ મન-વચન-કાયાના યોગોને આશ્રયીને સર્વવિરતિને અનુકૂળ દેશવિરતિના યત્નમાં જ કોઈપણ સ્ખલના થઈ હોય તેનું સ્મરણ કરીને તે અતિચારોનું પ્રતિક્રમણ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે, જેથી સર્વવિરતિને અનુકૂળ બળસંચયમાં જે યત્ન કોઈક રીતે અતિચારોથી અવરોધ પામેલો હોય તે ફરી ઉલ્લસિત થાય છે.

(૩૫) વળી, દેશવિરતિની ઉચિત એવી વંદન, વ્રત આદિની આચરણામાં, અને દેશવિરતિની આચરણામાં સ્ખલના કરનારા ગારવ આદિ ભાવોના નિરોધમાં જે પ્રમાદ થયો હોય તેનું સ્મરણ કરીને તેના અતિચારોની

નિંદા શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે. જેથી પૂર્વના યત્નથી કદાચ અતિચારોની વિરુદ્ધ દૃઢ યત્ન ઉલ્લસિત થયો ન હોય તો ફરી તે તે પ્રવૃત્તિઓના સ્મરણપૂર્વક તેના અતિચારોની શુદ્ધિ માટે કરાયેલા યત્નથી સર્વવિરતિને અનુકૂળ સદ્વીર્ય ઉલ્લસિત થાય છે.

(૩૬થી ૩૯) સમ્યગ્દૃષ્ટિ જીવો દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાળા હોય છે અર્થાત્ દૃષ્ટિવાદનો ઉપદેશ છે કે સ્વશક્તિ અનુસાર દૃઢ ઉદ્યમ કરીને વીતરાગ તુલ્ય થવા ઉદ્યમ કરવો જોઈએ. તે ઉપદેશ તેઓને સંજ્ઞારૂપે બનેલો છે તેથી જેમ આહારસંજ્ઞાવાળો પુરુષ સતત આહારમાં રસપૂર્વક પ્રવૃત્તિ કરે છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના બળથી સતત જિનતુલ્ય થવા યત્ન સ્વભૂમિકા અનુસાર કરે છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ દૃષ્ટિવાદને કહેનાર ભગવાનના વચન અનુસાર પોતાની ભૂમિકાને અનુરૂપ હિત શું છે અને અહિત શું છે ? તેનો યથાર્થ પરમાર્થ જાણીને જિનવચનાનુસાર હિતમાં પ્રવૃત્તિ કરે છે અને અહિતથી નિવૃત્તિ કરે છે. જો અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તો તેની સર્વપ્રવૃત્તિથી દેશવિરતિની શક્તિનો સંચય થાય છે અને દેશવિરતિધર હોય તો તેની સર્વ પ્રવૃત્તિથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે. આમ છતાં પ્રમાદને વશ પોતાની હિતની પ્રવૃત્તિમાં અને અહિતથી નિવૃત્તિમાં જ્યારે તે સ્ખલના પામે ત્યારે કંઈક પાપ બાંધે છે. તોપણ તેને અલ્પબંધ થાય છે અને તે અલ્પબંધની શુદ્ધિ તે કઈ રીતે કરે છે ? તે ગાથા ૩૭-૩૮-૩૯થી બતાવેલ છે.

અહીં વિશેષ એ છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય, દેશવિરતિધર હોય કે મુનિ હોય તેઓ સ્વભૂમિકા અનુસાર જિનવચનનું અવલંબન લઈને જ્યારે જ્યારે ઉચિત પ્રવૃત્તિ કરે છે ત્યારે ત્યારે તે અવિરત સમ્યગ્દૃષ્ટિના જીવનમાં જે અવિરતિ અંશ છે તેનાથી જે કર્મબંધ થાય છે તે કર્મબંધ મોક્ષની પ્રવૃત્તિમાં બાધક બનતો નથી. દેશવિરતિધર પણ સ્વભૂમિકા અનુસાર અપ્રમાદથી યત્ન કરે છે ત્યારે જે દેશથી અવિરતિ છે તે અવિરતિકૃત કર્મબંધ થાય છે. તે કર્મબંધ મોક્ષની પ્રવૃત્તિમાં બાધક બનતો નથી. તે જ રીતે સુસાધુ પણ સ્વભૂમિકા અનુસાર અપ્રમાદથી સર્વવિરતિ પાળે છે ત્યારે પણ જે અસંગ અનુષ્ઠાનની પરિણતિનો અભાવ છે તેના કૃત કર્મબંધ થાય છે તે મોક્ષની પ્રવત્તિમાં બાધક બનતો નથી. અસંગ અનુષ્ઠાનવાળા મુનિ પણ અપ્રમાદ યત્ન કરે છે ત્યારે સંજ્વલન કષાયનો ઉદય વર્તે છે તેનાથી જે કર્મબંધ થાય છે તે મોક્ષની પ્રવૃત્તિમાં બાધક બનતો નથી. તે સર્વ જીવોના સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રયત્નથી બંધાતાં તે ઘાતીકર્મો ક્ષીણ-ક્ષીણતર શક્તિવાળાં જ બંધાય છે. આમ છતાં તે તે ગુણસ્થાનકકૃત જે જ્ઞાનાવરણીય આદિ કર્મો બંધાય છે તે કર્મો જોકે ઘાતીકર્મો હોવાથી મોક્ષનાં બાધક છે તોપણ અપ્રમાદી એવા તેઓના યત્નથી તે ઉત્તરોત્તર અલ્પ-અલ્પતર બંધાય છે. અને અન્ય જે પુણ્ય બંધાય છે તે મોક્ષને અનુકૂળ બંધાય છે. કેવલ વીતરાગને જ કષાયથી કર્મબંધનો અભાવ છે તોપણ અવિરતિ આદિ ગુણસ્થાનકમાં જે જે જીવો જ્યારે સ્વભૂમિકાના ઉચિત અનુષ્ઠાનમાં પ્રમાદવાળા થાય છે ત્યારે તેઓ રાગ-દ્વેષથી કર્મબંધ કરે છે. તેમ શ્રાવક પણ સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનમાં જ્યારે સ્ખલના પામે છે ત્યારે રાગ-દ્વેષથી આઠ પ્રકારનો કર્મબંધ કરે છે. અને આયુષ્યનો બંધ ન થતો હોય તો સાત પ્રકારનાં કર્મ બાંધે છે. તેથી

પ્રમાદને કારણે બંધાયેલાં તે કર્મો મોક્ષમાર્ગમાં અવશ્ય બાધક છે, તેથી તે કર્મબંધોનું સ્મરણ કરીને શ્રાવક તે પાપની નિંદા ગાથા ૩૯થી કરે છે.

વળી આલોચના કાળમાં શ્રાવકે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવે વંદિત્તા સૂત્રનાં સર્વસ્થાનોમાં વાચ્ય શબ્દોને છોડીને અન્ય કોઈ વિચારણા કે ભાવના કરવી ઉચિત નથી, પરંતુ અત્યંત તીવ્ર ઉપયોગપૂર્વક સૂત્રથી વાચ્ય શબ્દોના તાત્પર્યમાં ઉપયોગ પ્રવર્તે તે રીતે જ નિંદા-ગર્હા કરવી જોઈએ; જેથી સ્વભૂમિકા અનુસાર ઉચિત આચરણમાં થયેલી સ્ખલના પ્રત્યે જુગુપ્સા થાય અને આ પ્રકારના નિંદાના બળથી તે બંધાયેલું પાપ નાશ પામે; એટલું જ નહીં પણ તે નિંદા કરવાના કારણે આધાન થયેલા બળથી ઉત્તરમાં પ્રાયઃ તે પ્રકારની સ્ખલના થતી નથી.

(૪૦) શ્રાવક અપ્રમાદથી સ્વભૂમિકા અનુસાર દેશવિરતિનું પાલન સર્વવિરતિને અનુકૂળ બળસંચય થાય તે પ્રકારે કરે છે, છતાં તે તે પ્રકારનાં નિમિત્તોમાં સારા પણ શ્રાવકને સ્વભૂમિકા અનુસાર ચિત્તને જિનવચન અનુસાર પ્રવર્તાવું દુષ્કર છે. તેથી પોતાની સ્ખલનાનું સ્મરણ થવાથી તેને પોતાના પ્રમાદ પ્રત્યે સંત્રાસ થાય છે. છતાં ઉત્સાહ ભંગ ન થાય તે અર્થે શ્રાવક કઈ રીતે તે સ્ખલનાઓથી પણ પોતાનું રક્ષણ કરી શકે છે ? તે દૃષ્ટાંતથી ગાથા ૪૦માં બતાવેલ છે.

(૪૧) પ્રસ્તુતમાં વર્ણન કરાયેલ આવશ્યક દ્વારા શ્રાવક પ્રમાદને વશ ઘણા રજવાળો હોય તોપણ સુખપૂર્વક આ સંસારનો અંત કરી શકે છે તેમ બતાવીને શ્રાવકના આચાર પાળવામાં વારંવાર સ્ખલના થતી હોય તેવા શ્રાવકને પણ ઉત્સાહિત કરીને અપ્રમાદભાવથી, આવશ્યકના સેવનથી ઇષ્ટફળની પ્રાપ્તિ છે તેમ પ્રસ્તુત ગાથાથી બતાવેલ છે.

(૪૨) વળી, શ્રાવક ઉત્સાહિત થઈને પોતાની સૂક્ષ્મ પણ સ્ખલનાની શુદ્ધિ થાય તેના માટે કેવા પ્રકારનો યત્ન કરે છે ? તે પ્રસ્તુત ગાથાથી બતાવેલ છે, જે બોલવાથી શ્રાવક આચારના અપ્રમાદભાવથી કરાતા યત્નમાં સૂક્ષ્મ પણ સ્ખલના પોતાનાથી થઈ હોય કે ન થઈ હોય તોપણ તેવી સ્ખલના પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે જેના કારણે સ્ખલના વગરના દેશવિરતિના આચારો પ્રત્યે અને દેશવિરતિના પરિણામો પ્રત્યે પક્ષપાતનો અતિશય થાય છે.

(૪૩) વળી, શ્રાવક પોતાના દેશવિરતિના પાલનમાં ઉત્કટ બળસંચય અર્થે વિશેષ ભાવ કરવા અર્થે ચોવીસે જિનોને વંદન કરે છે જેથી આરાધનાના પરિણામમાં પ્રકર્ષ થાય.

(૪૪) વળી, શ્રાવક પોતાના આરાધનાના પરિણામમાં પ્રકર્ષ અર્થે ચોવીસ જિનોને વંદન કર્યા પછી જગતવર્તી સર્વ ચૈત્યોને વંદન કરે છે, જેથી તીર્થંકર પ્રત્યેના વધતા જતા બહુમાનભાવને કારણે તીર્થંકરના વચન અનુસાર દૃઢ યત્ન કરવાનું બળસંચય થાય.

(૪૫) વળી, શ્રાવક સર્વવિરતિને લક્ષ્ય કરીને જ દેશવિરતિને પાળે છે તેથી સર્વવિરતિને પામેલા મહાત્મા પ્રત્યે પૂજ્ય ભાવની વૃદ્ધિ અર્થે પ્રસ્તુત ગાથાથી સર્વ મુનિઓને વંદન કરે છે, જેનાથી મુનિભાવ

પ્રત્યેના વધતા જતા બહુમાનને કારણે અને પ્રસ્તુત ગાથાના સ્મરણ દરમ્યાન ત્રણ દંડથી વિરત મુનિની સ્મૃતિ થવાથી મુનિભાવને અનુકૂળ સદ્દ્વીર્ય ઉલ્લસિત થાય છે; જેથી પોતાનાથી સેવાતા શ્રાવકના આચારો શીઘ્ર સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ બને છે.

(૪૬) વળી, શ્રાવક વિચારે છે કે વીતરાગના વચનથી જ સંસારનો ઉચ્છેદ સંભવે છે. તેથી વીતરાગના વચન અનુસાર મારો આખો દિવસ પસાર થાય તો જ હું સુખપૂર્વક સંસારનો ઉચ્છેદ કરી શકું. તેથી ચોવીસે જિનોની વાણી કઈ રીતે સંસારના ઉચ્છેદનું કારણ છે તેનું સ્મરણ થાય તે પ્રકારે પ્રસ્તુત ગાથા બોલે છે.

(૪૭) વળી, યોગમાર્ગને અનુકૂળ ઉત્તમભાવો કરવા અતિદુષ્કર છે. તેથી યોગમાર્ગની પ્રાપ્તિમાં પ્રબલ કારણભૂત એવા અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું સ્મરણ કરીને તેઓ પોતાના કલ્યાણનું કારણ બને તેવી ભાવના કરીને તેઓના બળથી પોતાનું અંતરંગ વીર્ય કલ્યાણને અનુકૂળ સંચિત કરવા શ્રાવક યત્ન કરે છે. વળી, સમાધિ અને બોધિ એ સાધના માટે પ્રધાન અંગ છે, તેથી તેમાં પ્રબળ નિમિત્તરૂપ બને તેવા સમ્યગ્દૃષ્ટિ દેવો પાસે પ્રાર્થના પ્રસ્તુત ગાથાથી શ્રાવક કરે છે; જેથી સમાધિ અને તે બોધિ પ્રત્યે દૃઢ પક્ષપાત વધે છે જે સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે.

(૪૮) શ્રાવકે કયાં કયાં નિમિત્તોથી પ્રતિક્રમણ કરવું જોઈએ ? તેનું સ્મરણ કરીને પ્રતિક્રમણની પ્રાપ્તિના કારણભૂત તેવાં નિમિત્તો પોતાને પ્રાપ્ત થાય નહીં તેવો અભિલાષ શ્રાવક પ્રસ્તુત ગાથાથી કરે છે અને કોઈક રીતે તેવાં નિમિત્તોનું સેવન થયું હોય તો તેની શુદ્ધિ માટે શ્રાવક પ્રસ્તુત ગાથાથી યત્ન કરે છે.

(૪૯) સર્વજીવો પ્રત્યે વેરવૃત્તિનો નાશ થાય તે પ્રકારે વિશિષ્ટ ચિત્તની શુદ્ધિ અર્થે શ્રાવક પ્રસ્તુત ગાથાથી ભાવના કરે છે.

(૫૦) અંતે પોતાની આલોચના નિંદા-ગર્હા અત્યંત સમ્યક્ નિષ્પન્ન થાય તે અર્થે ચોવીસે તીર્થંકરોને વંદન કરે છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે અત્યાર સુધી જે કાંઈ વર્ણન કર્યું તે સર્વ દ્વારા તે તે ગાથાથી કેવા પ્રકારનો પરિણામ નિષ્પન્ન થવો જોઈએ તેનો બોધ થાય છે અને તે બોધ કરવા અર્થે જ આ સર્વ વિવેચન છે. ક્રિયાકાળમાં સૂત્ર બોલનાર શ્રાવકે સૂત્ર, સૂત્રથી વાચ્ય અર્થ અને તે વાચ્ય અર્થથી નિષ્પાદ્ય એવા આત્માના ભાવો પ્રગટ કરવા અર્થે સમ્યક્ યત્ન કરવો જોઈએ. પરંતુ પ્રસ્તુત સૂત્રના શબ્દ-અર્થને છોડીને અન્ય કોઈ પ્રકારની વિચારણા સૂત્ર બોલતી વખતે કરવી ઉચિત નથી. સૂત્ર બોલતી વખતે ક્રિયાકાળમાં (૧) ઇન્દ્રિયોનો સંવરભાવ, (૨) મંદગતિથી સૂત્રને બોલવાની ક્રિયા અને (૩) સૂત્રથી નિષ્પાદ્ય ભાવોને પ્રગટ કરવા અર્થે દૃઢ પ્રણિધાન અતિ આવશ્યક છે. તેથી કલ્યાણના અર્થી એવા શ્રાવકે (૪) દુષ્કર એવા પણ સૂત્રથી નિષ્પાદ્ય ભાવોમાં સ્વશક્તિ અનુસાર સંવેગ નિષ્પન્ન થાય તે રીતે યત્ન કરવો જોઈએ. પરંતુ આ પ્રકારના ભાવો ક્રિયાકાળમાં થતા નથી તેમ જાણીને નિરુત્સાહી થવું જોઈએ નહિ; કેમ કે અભ્યાસથી થતા ભાવો ઘણાકાળના અભ્યાસથી જ શુદ્ધ થઈ શકે છે. (૫) આ ભવમાં સમ્યક્ યત્ન કરાયો હશે તો તે વખતે સમ્યક્ યત્ન માટે

જે રાગભાવ વર્તે છે તેનાથી પુણ્ય બંધાય છે અને તે સમ્યક્ યત્નથી થયેલા સંસ્કારને કારણે ફરી તે પ્રકારનો અભ્યાસ જન્માન્તરમાં શરૂ થાય છે. અને ફરી તે પ્રકારનાં અભ્યાસથી જ પ્રાયઃ જીવો શુદ્ધ અનુષ્ઠાન સેવવાના બળને પ્રાપ્ત કરે છે, માટે પ્રતિક્રમણકાળ સિવાયના કાળમાં વર્ણન કરાયેલા તે તે ગાથાના અર્થોને સૂત્ર સાથે પ્રતિસંધાન કરીને તે પ્રકારનો બોધ કરવા યત્ન કરવો જોઈએ, જેથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય. ॥૩૯॥

❖

# ૩૭. શ્રી આયરિય ઉવજ્ઝાએ સૂત્ર

**અવતરણિકા :-**

**ક્રોધ કષાયને વશ કોઈક સાથે ક્લેશ થયો હોય તેની શુદ્ધિ અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે; કેમ કે કષાયથી કલુષિતતાવાળું ચિત્ત યોગમાર્ગની બાહ્ય પ્રવૃત્તિ કરે તોપણ યોગનો પરિણામ ઉલ્લસિત થતો નથી.**

**સૂત્ર :-**

**આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ;**
**જે મે કેઇ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ ॥૧॥**
**સવ્વસ્સ સમણસંઘસ્સ, ભગવઓ અંજલિં કરિઅ સીસે;**
**સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૨॥**
**સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મનિહિઅ નિયચિત્તો;**
**સવ્વં ખમાવઇત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ ॥૩॥**

**સૂત્રાર્થ :-**

સૌ પ્રથમ ગુણસંપન્ન એવા આચાર્ય વગેરે સાથે કષાયને વશ કોઈ પરિણામ થયો હોય તેની શુદ્ધિ અર્થે બોલાય છે –

**આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ અને ગણના વિષયમાં જે મેં કોઈ કષાય કર્યો હોય તે સર્વ આચાર્યાદિને ત્રિવિધે હું ખમાવું છું. ॥૧॥**

ત્યાર પછી સર્વ સંઘને ખમાવવા અર્થે કહે છે –

**ભગવાન શ્રમણપ્રધાન એવા સર્વસંઘને મસ્તક ઊપર અંજલિ કરીને સર્વને ખમાવીને સર્વને હું પણ ખમાવું છું=તેઓના અપરાધની ક્ષમા આપીને મારા અપરાધની ક્ષમાયાચના કરું છું. ॥૨॥**

ત્યારપછી સર્વ જીવોને ખમાવવા અર્થે કહે છે –

**ભાવથી ધર્મમાં નિહિત કર્યું છે પોતાનું ચિત્ત જેણે એવો હું સર્વ જીવરાશિના સર્વને ખમાવીને=ક્ષમા આપીને, હું પણ સર્વને ખમાવું છું. ॥૩॥**

**ભાવાર્થ :-**

શ્રાવક અને સાધુ ક્રોધ કષાયના અત્યંત પરિહાર અર્થે અને સર્વ જીવો સાથે ઉચિત પરિણામની નિષ્પત્તિ અર્થે પ્રસ્તુત સૂત્ર દ્વારા પ્રથમ ગુણસંપન્ન એવા આચાર્ય, ઉપાધ્યાય કે શિષ્ય, સાધર્મિક, કુલ કે ગણમાં જે ઉત્તમપુરુષો છે તેમના પ્રત્યે પોતે પ્રમાદને વશ કોઈક કષાય કર્યો હોય તે કષાય પ્રત્યે અત્યંત જુગુપ્સા કરીને મન, વચન અને કાયાથી સર્વને ખમાવે છે, જેના બળથી ગુણસંપન્ન જીવો પ્રત્યે અકષાયના પરિણતિવાળા બને છે. જો ઉપયોગપૂર્વક તે પ્રકારે ખમાવવામાં ન આવે તો ગુણસંપન્ન એવા આચાર્યાદિનું કોઈક ઉચિત વર્તન હોવા છતાં પોતાની મતિ અનુસાર તે વર્તન રુચિકર લાગ્યું ન હોય તો ઈષદ્ પણ દ્વેષનો પરિણામ થાય છે, જે મહાઅનર્થનું કારણ છે. આથી જ અર્હદ્દત્તના જીવને ગુરુ પ્રત્યે થોડો દ્વેષ થયેલ તેના કારણે સુંદર સાધુપણું પાળીને દેવલોકમાં ગયા પછી ઉત્તરના ભવમાં તે કર્મ વિપાકમાં આવે છે ત્યારે તે જીવને દુર્લભબોધિપણાની પ્રાપ્તિ થાય છે. તેથી ગુણવાન જીવો પ્રત્યે લેશ પણ દ્વેષ ન થાય તેના નિવર્તન અર્થે દૃઢ પ્રણિધાનપૂર્વક જે મહાત્મા પ્રસ્તુત ગાથા બોલે છે તેઓના ચિત્તમાં કોઈક નિમિત્તે આચાર્યાદિ પ્રત્યે અલ્પ પણ દ્વેષ થયો હોય તો તેની શુદ્ધિ થાય છે.

વળી, જેમ તેને આચાર્યાદિ સાથે ક્લેશ ઇષ્ટ નથી તેમ ચતુર્વિધ સંઘ સાથે ક્યારેય ક્લેશ થવો જોઈએ નહીં, છતાં જીવ સ્વભાવે કોઈકના અનેક પ્રકારના વર્તનથી પોતાને ક્લેશ થયો હોય તો તે ક્લેશની નિવૃત્તિ અર્થે ભગવાન એવા શ્રમણપ્રધાન સર્વ સંઘનું સ્મરણ કરીને મસ્તકે અંજલિ જોડીને કહે છે કે હું તે સર્વને ક્ષમા આપું છું અને તેઓને પણ હું ખમાવું છું. અર્થાત્ તેઓએ મને કોઈક કટુ શબ્દો કહ્યા હોય તે શબ્દોને સ્મરણમાં રાખીને તેઓની પ્રત્યે હું દ્વેષ ધારણ કરતો નથી પણ તે સર્વને હું ક્ષમા આપુ છું અને મેં કંઈક કટુ શબ્દો કોઈકને કહ્યા હોય તે સર્વની હું સંઘ પાસે ક્ષમાયાચના કરું છું. આ પ્રકારનો સુવિશુદ્ધ અધ્યવસાય થવાથી થયેલા કષાયો પ્રત્યેનો જુગુપ્સાભાવ થવાથી બંધાયેલાં પાપો નાશ પામે છે. જેમ જેમ તે ભાવોનો પ્રકર્ષ થાય છે તેમ તેમ તેવા ભાવોથી બંધાયેલાં ઘણા ભવોનાં પાપો નાશ પામે છે. માટે વિવેકી શ્રાવકે દૃઢ પ્રણિધાનપૂર્વક અર્થને સ્પર્શે તે રીતે અને તે પ્રકારના ભાવો થાય તે રીતે યત્નપૂર્વક સર્વ સંઘની ક્ષમાપના કરવી જોઈએ.

વળી, સર્વ જીવોને ખમાવવા અર્થે મહાત્મા કહે છે કે ભાવથી ધર્મમાં નિહિત ચિત્તવાળો એવો હું સર્વ જીવરાશિને ક્ષમા આપું છું. આ પ્રકારે પ્રણિધાનપૂર્વક બોલવાથી ક્ષમા આદિ ભાવોમાં પોતાનું ચિત્ત દૃઢ પ્રણિધાનવાળું થાય છે અને જગતવર્તી સર્વ જીવોમાંથી કોઈપણ જીવ સાથે કોઈપણ ભવમાં દ્વેષને કારણે સંક્લેશ થયો હોય તે સર્વ જીવોને ક્ષમા આપવાનો સુવિશુદ્ધ પરિણામ થાય છે અર્થાત્ તે જીવોથી પોતાને જે ક્લેશ થયો હતો તેનું નિવર્તન કરીને પોતે તેઓને ક્ષમા આપે છે તેવો અધ્યવસાય થાય છે.

વળી, પોતે પણ કોઈ જીવને કોઈ ભવમાં ક્રોધાદિવશ કંઈક અનુચિત કર્યું હોય તે સર્વની પોતે ક્ષમાયાચના કરે છે.

આ પ્રકારે દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્ર બોલનારને ભાવસાધુના ક્ષમા આદિ ગુણો અત્યંત સુલભ બને છે. જે મહાત્માને ભાવસાધુના ક્ષમા આદિ ગુણો પ્રાપ્ત થાય છે તે મહાત્મા ક્ષમા આદિ ગુણને કારણે વર્તમાન ભવમાં ઉત્તમ સ્વસ્થતાના સુખને અનુભવે છે અને ઉત્તરોત્તર સદ્ગતિની પરંપરા દ્વારા સુખપૂર્વક મોક્ષની પ્રાપ્તિ કરે છે. આથી જ ભગવાને બતાવેલાં દરેક સૂત્રો ઉપયોગપૂર્વક બોલવાથી વીર્યના પ્રકર્ષ દ્વારા સર્વ કર્મના નાશનું કારણ બને છે તેમ પ્રસ્તુત સૂત્ર પણ સર્વ કર્મના નાશનું પ્રબલ કારણ છે. **॥૩૭॥**

❖

# ૩૮. શ્રી નમોઽસ્તુ વર્ધમાનાય (સાયં વીરસ્તુતિ) સૂત્ર

**અવતરણિકા :-**

**ષડ્ આવશ્યકમય પ્રતિક્રમણ કર્યા પછી પોતે ઉત્તમકાર્ય કર્યું છે તેનાથી થયેલા ઉત્તમ ભાવોને કારણે થયેલ હર્ષની અભિવ્યક્તિરૂપે વીર ભગવાનની સ્તુતિરૂપે પ્રસ્તુત સૂત્ર બોલાય છે. જેમાં પ્રથમ શ્લોક કરતાં બીજી ગાથા ઉચ્ચ સ્વરે બોલાય છે અને તેના કરતાં ત્રીજી ગાથા અધિક ઉચ્ચ સ્વરે બોલાય છે જે હર્ષની અભિવ્યક્તિ બતાવવા અર્થે છે –**

**સૂત્ર :-**

**નમોઽસ્તુ વર્ધમાનાય, સ્પર્ધમાનાય કર્મણા;**
**તજ્જયાઽવાપ્તમોક્ષાય, પરોક્ષાય કુતીર્થિનામ્ ॥૧॥**
**યેષાં વિકચારવિંદરાજ્યા, જ્યાયઃક્રમકમલાવલીં દધત્યા;**
**સદૃશૈરિતિ સંગતં પ્રશસ્યં, કથિતં સન્તુ સિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥**
**કષાયતાપાર્દિતજન્તુનિર્વૃતિં, કરોતિ યો જૈનમુખામ્બુદોદ્ગતઃ;**
**સ શુક્રમાસોદ્ભવવૃષ્ટિસન્નિભો, દધાતુ તુષ્ટિં મયિ વિસ્તરો ગિરામ્ ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**કર્મોની સાથે સ્પર્ધા કરતા, કર્મોનો જય કરીને પ્રાપ્ત કર્યો છે મોક્ષ જેમણે અને કુતીર્થિકોને પરોક્ષ એવા વર્ધમાન સ્વામીને નમસ્કાર હો. ॥૧॥**

વર્ધમાન સ્વામીની સ્તુતિ કર્યા પછી ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરતાં કહે છે –

**વિકસેલી અરવિંદની રાજી સાથે જેઓની શ્રેષ્ઠ ચરણકમલરૂપ હારમાળાને ધારણ કરવાથી સદૃશની સાથે છે 'इति'=એથી=સદૃશ એવાં સુવર્ણકમળોની સાથે ભગવાનના ચરણનો સંબંધ છે**

**એથી, પ્રશસ્ય સંગત=સંગમ, કહેવાયો છે તે જિનેન્દ્રો=ચોવીસે તીર્થંકરો, મોક્ષ માટે થાઓ. ॥૨॥**

ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી શ્રુતજ્ઞાનની સ્તુતિ કરે છે –

**જિનેશ્વરના મુખરૂપી મેઘમાંથી ઉદ્ગમ પામેલ એવો જે વરસાદ કષાયરૂપી પીડાથી આર્દિત થયેલા જીવોની નિવૃત્તિને કરે છે. જેઠમાસમાં ઉદ્ભવ પામેલ વૃષ્ટિ જેવો તે વાણીનો વિસ્તાર મારામાં તુષ્ટિને આપો. ॥૩॥**

**ભાવાર્થ :-**

વર્તમાનમાં વીર ભગવાનનું શાસન વર્તે છે. વળી, જે ગુણોથી અને જે ભાવોથી ભગવાને છ આવશ્યકો કરવાનાં કહ્યાં છે તે ગુણો અને તે ભાવો પોતાને પ્રાપ્ત થાય તે રીતે સ્વશક્તિ અનુસાર વીર ભગવાનના શાસનમાં રહેલા સાધુ અને શ્રાવકો છ આવશ્યક કરે છે. તે છ આવશ્યક પોતે પૂર્ણ કર્યા છે, તેનાથી પોતાનો આત્મા અત્યંત ભાવિત થયો છે તે ભાવોથી પોતાને જે હર્ષ થયો છે તેની અભિવ્યક્તિરૂપે આસન્નઉપકારી એવા વીર પ્રભુની સ્તુતિ સાધુ અને શ્રાવકો કરે છે.

જે વીર ભગવાને કર્મોની સાથે સ્પર્ધા કરીને તેનો જય પ્રાપ્ત કર્યો અને તેના કારણે મોક્ષને પામ્યા તેવા વર્ધમાન સ્વામીને હું નમસ્કાર કરું છું કે જેઓનું પારમાર્થિક સ્વરૂપ કુતીર્થિકોને પરોક્ષ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે વીર પ્રભુએ સંયમ ગ્રહણ કરીને આત્માના અસંગભાવની વૃદ્ધિ કરવા અર્થે અંતરંગ શ્રુતજ્ઞાનના ઉપયોગથી આત્માને તે રીતે ભાવિત કર્યો કે જેથી મોહનીય આદિ ઘાતીકર્મોને વીર ભગવાન સાથે સ્પર્ધા થવા લાગી. વીરપ્રભુના આત્મારૂપી મલ્લ અને કર્મરૂપી મલ્લ, આ બે મલ્લો યુદ્ધ કરે છે તેમાંથી કોણ જય પામશે ? તેવી સ્પર્ધામાં વીર ભગવાને કર્મરૂપી મલ્લનો જય કરીને મોક્ષને પ્રાપ્ત કર્યો. આવા વર્ધમાનસ્વામીને સ્મૃતિમાં લાવીને પ્રસ્તુત સૂત્રથી નમસ્કાર કરાય છે.

વળી, આવા વીર ભગવાનને જિનશાસનના પરમાર્થને જાણનારા મહાપુરુષો જ સમજી શકે છે કે વીર ભગવાને કઈ રીતે કર્મોની સ્પર્ધા કરી. જ્યારે એકાંતદૃષ્ટિથી દૂષિત દૃષ્ટિવાળા કુતીર્થિકો ભગવાનના પારમાર્થિક સ્વરૂપને જાણી શકે તેમ નથી તેથી તેઓને માટે વીર ભગવાન પરોક્ષ છે; કેમ કે પદાર્થના વાસ્તવિક સ્વરૂપને સર્વ દૃષ્ટિકોણથી જોનારા વીર ભગવાન હતા. તે સર્વ દૃષ્ટિના બોધના બળથી વીર ભગવાન મોહરૂપી મલ્લને હંફાવવા સમર્થ થયા. જેઓને પદાર્થને જોનારી સર્વદૃષ્ટિનો બોધ નથી તેઓ ક્યારેય મોહરૂપી મલ્લને જીતી શકે નહીં. એકાંત દૃષ્ટિથી દૂષિત મતિવાળા તાર્કિક એવા કુતીર્થિકો ભગવાનના સ્વરૂપને જાણવા પણ અસમર્થ છે. આવા વીર ભગવાનને નમસ્કાર કરીને સાધુ અને શ્રાવક પોતાનાં છ આવશ્યકના સેવનથી પ્રાપ્ત થયેલા ગુણનું સ્મરણ કરીને હર્ષની અભિવ્યક્તિ કરે છે અને તેના દ્વારા પણ તે મહાત્માઓ વીર ભગવાનના તુલ્ય થવા માટેનો બળસંચય કરે છે.

વળી, વીર ભગવાનની સ્તુતિ કર્યા પછી આ ભરતક્ષેત્રના જીવોને ઉપકારી એવા ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરતા કહે છે –

જ્યારે તીર્થંકરો કેવલજ્ઞાનને પામે છે ત્યારે તેઓ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ અર્થે દેવતાઓ સુવર્ણનાં કમળો મૂકે છે જે કમળો પર પગ મૂકીને તીર્થંકરો વિહાર કરે છે. જેને જોઈને મહાત્માને વિચાર આવે છે કે સુંદર વિકાસ પામેલાં કમળોની રાજીથી જેમ કમળોની હારમાળા શોભે છે તેમ અતિ પુણ્યના પ્રકર્ષવાળા તીર્થંકરો પોતાની રૂપસંપત્તિ આદિથી શોભાયમાન છે. તેથી સદૃશ એવાં કમળોની રાજી અને તીર્થંકરોના ચરણકમળનો તે કમળ સાથે સંબંધ એ સરખાની સાથે સરખાનો સંયોગ થયેલો હોવાથી પ્રશંસનીય છે. આવા ઉત્તમપુરુષો ચોવીશ તીર્થંકરો અમારા કલ્યાણ માટે થાઓ.

છ આવશ્યકથી થયેલા હર્ષની અભિવ્યક્તિ અર્થે ઉપકારી એવા ચોવીશે તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી તીર્થંકરોથી ઉપદેશાયેલું શ્રુતજ્ઞાન પણ મહાકલ્યાણનું કારણ છે. તેથી સાધુ અને શ્રાવકો ગુણસ્થાનકવૃદ્ધિની શક્તિસંચય કરવા તે શ્રુતજ્ઞાનની સ્તુતિ કરતાં કહે છે –

ભગવાનના મુખરૂપી મેઘમાંથી ઉદ્ભવ પામેલ ભગવાનની વાણીરૂપ વરસાદ છે. જે વરસાદ કષાયના તાપથી પીડિત જન્તુઓને પીડાની નિવૃત્તિ કરે છે. જેમ જેઠમહિનામાં ગરમીથી લોકો આકુળ થયેલા હોય અને મેઘધારા વરસે તો લોકોને તે ગરમીની પીડામાં શીતલતાની પ્રાપ્તિ થાય છે, તેમ જે જીવો જેટલા અંશથી ભગવાનના વાણીના પરમાર્થને જાણીને તેના ભાવોથી આત્માને વાસિત કરે છે તેઓને કષાયના તાપની પીડા તેટલા અંશમાં શાંત થાય છે. જેઓ ભગવાનનાં વચનોથી અત્યંત ભાવિત થાય છે તેઓના ચિત્તમાં કષાયોના તાપનો સર્વથા ઉચ્છેદ થાય છે. જેથી તેઓ સદા માટે પરમશીતલતાને પ્રાપ્ત કરે છે. આવી ભગવાનની વાણી મારા આત્મામાં તુષ્ટિને આપે. આ પ્રકારે ભાવ કરીને સાધુ અને શ્રાવકો ભગવાનના વચનથી આત્માને ભાવિત કરીને કષાયોના તાપથી પોતાની વિહ્વળતાને શાંત કરવા યત્ન કરે છે. ॥૩૮॥

❖

## ૩૯. શ્રી વિશાલલોચનદલં (પ્રાભાતિક વીરસ્તુતિ) સૂત્ર

**સૂત્ર :-**

**વિશાલલોચનદલં, પ્રોદ્યદ્દંતાંશુકેસરમ્;**
**પ્રાતર્વીરજિનેન્દ્રસ્ય, મુખપદ્મં પુનાતુ વઃ ॥૧॥**
**યેષામભિષેકકર્મ કૃત્વા, મત્તા હર્ષભરાત્ સુખં સુરેન્દ્રાઃ;**
**તૃણમપિ ગણયન્તિ નૈવ નાકં, પ્રાતઃ સન્તુ શિવાય તે જિનેન્દ્રાઃ ॥૨॥**
**કલંકનિર્મુક્તમમુક્તપૂર્ણતં, કુતર્કરાહુગ્રસનં સદોદયમ્;**
**અપૂર્વચન્દ્રં જિનચન્દ્રભાષિતં, દિનાગમે નૌમિ બુધૈર્નમસ્કૃતમ્ ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**વિશાલ લોચનદલવાળું પ્રોદ્યત્ દંતાંશુ કેસરવાળું વીર જિનેન્દ્રનું મુખરૂપી કમળ સવારમાં તમને પવિત્ર કરો. ॥૧॥**

**જેઓના અભિષેકકર્મને કરીને હર્ષના ભરાવાથી સુખમાં મત્ત થયેલા સુરેન્દ્રો સ્વર્ગના સુખને તૃણ પણ ગણતા નથી જ તે જિનેન્દ્રો પ્રાતઃકાળમાં મોક્ષ માટે થાઓ. ॥૨॥**

**કલંકથી નિર્મુક્ત, પૂર્ણતાને જેણે છોડ્યું નથી એવા, કુતર્કરૂપી રાહુને ગ્રસન કરનાર, સદા ઉદયવાળા, બુધપુરુષો વડે નમાયેલ, જિનચંદ્રો વડે ભાષિત એવા અપૂર્વ ચંદ્રને=શ્રુતને, હું દિનના આગમનમાં=સૂર્યોદય વખતે, નમસ્કાર કરું છું. ॥૩॥**

**ભાવાર્થ :-**

સવારના પ્રતિક્રમણ કરાયેલ પછી છ આવશ્યકની પૂર્ણતા થવાથી જે હર્ષ થયો છે તેની અભિવ્યક્તિરૂપે વીર ભગવાનની પ્રસ્તુત સ્તુતિ કરાય છે. જેનાથી છ આવશ્યકરૂપ ઉત્તમ કૃત્ય પ્રત્યે ભક્તિની અત્યંત અભિવ્યક્તિ થાય છે. જેથી તે છ આવશ્યકનો ભાવ પુષ્ટ પુષ્ટતર થાય છે. તેમાં પ્રથમ ગાથાથી વીર ભગવાનની સ્તુતિ કરાય છે –

જેમ સુંદર કમળની વિશાળ પાંખડીઓ હોય અને મધ્યમાં કેસરા હોય તેમ વીર ભગવાનનું મુખરૂપી કમળ વિશાળ ચક્ષુના દલવાળું છે અને મધ્યમાં સુંદર દાંતોરૂપી અંશુ શોભી રહ્યા છે. આવું વીરપ્રભુનું મુખકમળ પ્રાતઃકાળમાં અમને પવિત્ર કરો. આ પ્રકારે ભગવાનની સુંદર મુદ્રાની સ્મૃતિ કરીને વીર ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય કરાય છે; કેમ કે જેમ ઉત્તમપુરુષોના ગુણો સ્તુતિપાત્ર છે તેમ પુણ્યાનુબંધીપુણ્યના પ્રકર્ષથી પ્રાપ્ત થયેલ તેમની મુખમુદ્રા પણ સ્તુતિપાત્ર છે. તેની સ્તુતિ કરીને પરમાર્થથી ભગવાનના વીતરાગતા આદિ ગુણોની સ્તુતિ થાય છે.

આ રીતે પ્રથમ ગાથામાં વીર પરમાત્માની સ્તુતિ કર્યા પછી બીજી ગાથાથી સર્વ તીર્થંકરોની સ્તુતિ કરાય છે –

જે તીર્થંકરોના જન્માભિષેક આદિ કૃત્યો કરીને ઇન્દ્રો અત્યંત હર્ષના ભરાવાથી મત્ત બને છે અને તેનાથી અત્યંત સુખ ઉત્પન્ન થાય છે; કેમ કે તીર્થંકરોની ભક્તિના બળથી કષાયોનો શાંતભાવ પ્રગટે છે. તે શાંતભાવના સુખથી હર્ષિત થયેલા ઇન્દ્રોને શ્રેષ્ઠ કોટિનાં દેવલોકનાં સુખો પણ તૃણ જેવાં ભાસે છે.

તેથી એ ફલિત થાય કે ગુણસંપન્ન એવા તીર્થંકરોની ભક્તિથી જે શાંતરસનું સુખ ઇન્દ્રોને થાય છે તેવું ઉત્તમ સુખ શ્રેષ્ઠકોટિના ભોગોથી પણ તેઓને અનુભવમાં આવતું નથી, આવા ઉત્તમ તીર્થંકરો પ્રાતઃકાળમાં તમારા કલ્યાણ માટે થાઓ. આ પ્રકારે ભાવન કરીને શ્રાવક કે સાધુ તીર્થંકરોના ગુણોથી આત્માને રંજિત કરીને ઇન્દ્રોની જેમ શાંતરસના અનુભવને અનુકૂળ શક્તિનો સંચય કરે છે અને વિચારે છે કે બુદ્ધિના નિધાન એવા ઇન્દ્રો પણ ભગવાનના અભિષેકને કરીને ઉત્તમ સુખનો અનુભવ કરી શકતા હોય તો આપણે

પણ તે તીર્થંકરોનું પ્રાતઃકાળમાં સ્મરણ કરીને તેવો જ શાંતરસનો અનુભવ કરીએ. જેથી દિવસ દરમ્યાન તેવા ઉત્તમપુરુષોનું સદા સ્મરણ રહે.

આ રીતે સર્વ તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી સર્વજ્ઞના વચનની સ્તુતિ કરતાં કહે છે –

જેમ ચંદ્ર ઘણો સુંદર હોવા છતાં કંઈક કલંકથી યુક્ત છે જ્યારે ભગવાનનો વચનરૂપ ચંદ્ર સંપૂર્ણ કલંકથી રહિત છે; કેમ કે ભગવાન સર્વજ્ઞ, સર્વદર્શી થયા પછી જે સન્માર્ગ બતાવે છે તે સન્માર્ગને કહેનારા ભગવાનનાં વચનો પરિપૂર્ણ યથાર્થ કથનને કહેનારાં હોવાથી એકાંતે આત્માના હિતનું કારણ હોવાથી અને દુર્ગતિમાં પડતા આત્માનું રક્ષણ કરનાર હોવાથી સર્વ કલંક રહિત છે.

વળી, ચંદ્ર તો પૂર્ણિમાના દિવસે પૂર્ણ ખીલે છે અને પાછો પૂર્ણતાનો ત્યાગ કરે છે. જ્યારે ભગવાનનો વચનરૂપ ચંદ્ર તો ક્યારેય પૂર્ણતાને છોડતો નથી; કેમ કે ભગવાનનું દરેક વચન સર્વનયદૃષ્ટિથી યથાર્થ પદાર્થને કહેનારું હોવાથી સદા પૂર્ણતાવાળું જ છે, પરંતુ ક્યારેય પણ કોઈપણ સ્થાનમાં પૂર્ણતાને છોડતું નથી; કેમ કે છદ્મસ્થથી જ કોઈક સ્થાનમાં અજ્ઞાનતાને કારણે પૂર્ણતાને સ્પર્શ્યા વગરનું જ્ઞાન થવાનો સંભવ છે, જ્યારે ભગવાન તો સર્વજ્ઞ સર્વદર્શી છે તેથી તેઓનું દરેક જ્ઞાન પૂર્ણતાને સ્પર્શીને જ થયેલ હોય છે. ભગવાનનું કોઈપણ વચન ક્યારેય પૂર્ણતાને મૂકતું નથી. આથી કલંકિત અને પૂર્ણતાને છોડનાર એવા ચંદ્ર કરતાં ભગવાનનો વચનરૂપ ચંદ્ર અતિશયતાવાળો છે.

વળી, ભગવાનનું વચન કુતર્કરૂપી રાહુનું ગ્રસન કરનાર છે. આથી જ સર્વ કુતર્કો અને સર્વ એકાંતવાદો કઈ રીતે અસંગત છે ? તેનો યથાર્થ બોધ જિનવચનથી થાય છે, જેથી અજ્ઞાનને વશ પણ કોઈ જીવમાં કોઈક કુતર્ક પ્રવર્તતો હોય તે કુતર્કરૂપી રાહુનું ભગવાનનું વચન ગ્રસન કરે છે તેથી તે જીવમાં વર્તતો કુતર્ક નિવર્તન પામે છે. સામાન્યથી ચંદ્રને રાહુ ગ્રસન કરે છે જ્યારે ભગવાનનો વચનરૂપી ચંદ્ર તો કુતર્કરૂપી રાહુનું ગ્રસન કરનાર હોવાથી ચંદ્ર કરતાં અતિશયવાળો છે માટે અપૂર્વ ચંદ્ર છે.

વળી, ચંદ્ર સદા ઉદયવાળો નથી પરંતુ કૃષ્ણપક્ષમાં હીન-હીનતર થઈને અમાવાસ્યાના દિવસે ઉદય વગરનો હોય છે, જ્યારે ભગવાનનો વચનરૂપી ચંદ્ર સદા ઉદયવાળો છે; કેમ કે ભગવાનના વચનનો કોઈ કાળે વિચ્છેદ થતો નથી. ભરત આદિ ક્ષેત્રમાં વિચ્છેદ થાય તોપણ મહાવિદેહમાં અને દેવલોકમાં સર્વત્ર ભગવાનનું વચન શ્રુતજ્ઞાનના ક્ષયોપશમરૂપે સદા વિદ્યમાન છે. તેથી સદા ઉદયવાળો ભગવાનના વચનરૂપી ચંદ્ર યોગ્ય જીવોને સદા શીતળતાનું આપાદન કરીને સુખની પરંપરાને કરનાર છે. આથી દેખાતા ચંદ્ર કરતાં ભગવાનનો વચનરૂપી ચંદ્ર અપૂર્વ ચંદ્ર છે.

વળી, તે અપૂર્વ ચંદ્ર બુધપુરુષો વડે હંમેશાં નમસ્કાર કરાયેલ છે; કેમ કે બુદ્ધિમાન પુરુષો હંમેશાં ભગવાનના વચનનાં ગુણગાન કરીને ભગવાનના વચનથી આત્માને ભાવિત કરે છે અને સદા તે વચન પ્રત્યે ભક્તિનો અતિશય કરવા અર્થે તેને નમસ્કાર કરે છે. આવા ભગવાનના વચનરૂપી ચંદ્રને દિવસના આગમનમાં=પ્રાતઃસમયમાં હું નમસ્કાર કરું છું.

આ પ્રકારે ભગવાનના વચનની સ્તુતિ કરીને વિવેકસંપન્ન શ્રાવકો અને વિવેકસંપન્ન સાધુઓ સદા

જગતમાં શીતળતાને આપનાર અને પ્રકાશને આપનાર એવા ચંદ્ર કરતાં પણ અપૂર્વ ચંદ્ર આત્મક ભગવાનના વચનરૂપી ચંદ્રથી આત્માને ભાવિત કરીને તેની શીતળતા અને તેના પ્રકાશના બળથી સદા તે રીતે ભાવિત રહે છે જેથી પોતાનામાં કષાયોના ઉપશમરૂપ શીતળતા વર્તે અને યથાર્થ બોધને કારણે તત્ત્વનો પ્રકાશ સદા વિદ્યમાન રહે. જેમ તાપથી આકુળ થયેલા જીવો શીતળતાના અર્થે શરદઋતુના ચંદ્રમાના પ્રકાશમાં જઈને આનંદિત થાય છે તેમ વિવેકસંપન્ન સાધુઓ કષાયથી સંતપ્ત એવા પોતાના આત્માને અપૂર્વ ચંદ્ર એવા ભગવાનના વચનનું ભાવન કરીને સદા શીતળતાનો અનુભવ કરવા યત્ન કરે છે અને ગાઢ અંધકારમય આ ભવરૂપી વનમાં પ્રકાશમાન એવા ભગવાનના વચનથી સુખપૂર્વક પોતાની સુરક્ષા કરે છે, જેથી ભવભ્રમણની વિડંબનાથી અલ્પકાળમાં અવશ્ય મુક્તિને પામે છે. જ્યાં સુધી મુક્તિની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી પણ ભગવાનના વચનના પ્રકાશને કારણે કદર્થના પામતા નથી પરંતુ સુરક્ષિત સ્થાનમાં જન્મીને એકાંતે હિત સાધે છે. માટે કલ્યાણના અર્થી જીવે ક્ષણભર પણ પ્રમાદ કર્યા વગર ભગવાનનું વચન યથાર્થ સ્વરૂપને બતાવનાર છે, તેવું જ્ઞાન પ્રસ્તુત સ્તુતિના બળથી કરીને જિનવચન પ્રત્યે અત્યંત આદર કરવો જોઈએ. **॥૩॥**

❖

## ૪૦. શ્રી શ્રુતદેવતાની સ્તુતિ સૂત્ર

**સૂત્ર :-**

**સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**સુઅદેવયા ભગવઈ, નાણાવરણી ય કમ્મસંઘાયં;**
**તેસિં ખવેઉ સયયં, જેસિં સુઅસાયરે ભત્તિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**શ્રુતદેવતા માટે હું કાઉસ્સગ્ગ કરું છું.**

આ પ્રકારે બોલીને અન્નત્થ સૂત્ર બોલ્યા પછી કાયોત્સર્ગ પારીને પ્રતિક્રમણમાં શ્રુતદેવતાની સ્તુતિ કરાય છે.

**જેઓને શ્રુતસાગરમાં ભક્તિ છે તેઓના જ્ઞાનાવરણીયકર્મના સંઘાતને ભગવતી એવી શ્રુતદેવતા સતત ક્ષય કરો. ॥૧॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું વચન શ્રુતજ્ઞાન સ્વરૂપ છે અને ભગવાનના વચન પ્રત્યે ભક્તિવાળી પ્રવચનની અધિષ્ઠાત્રી વ્યંતરજાતિની દેવી છે. તે દેવીને ભગવાનના શ્રુતજ્ઞાન પ્રત્યે અત્યંત ભક્તિ છે, તેથી જેઓ ભગવાનના

વચનના પરમાર્થને સ્પર્શે તે રીતે શ્રુતનું અધ્યયન કરે છે તેવા મહાત્મા પ્રત્યે પણ તે દેવીને ભક્તિ થાય છે અને પોતાની દૈવી શક્તિ અનુસાર તે દેવી તે મહાત્માઓને શ્રુતનો બોધ કરવામાં બલવાન નિમિત્ત બને છે, જેનાથી તે યોગ્ય જીવો શ્રુતજ્ઞાનના બોધમાં આવારક જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરે છે. તે ક્ષય કરવામાં સહાયક એવા નિમિત્તકારણ શ્રુતદેવતા બને છે. તેથી સાધુઓ અને શ્રાવકો પ્રતિક્રમણમાં શ્રુત પ્રત્યે ભક્તિવાળી તે દેવીનું સ્મરણ કરી પ્રાર્થના કરે છે કે જે મહાત્માઓની શ્રુતસાગરમાં ભક્તિ છે તેઓના જ્ઞાનાવરણીય કર્મોનો સમૂહ ભગવતી એવી શ્રુતદેવી સતત ક્ષય કરો. આ પ્રકારની ઉચિત પ્રાર્થના ઉચિત શક્તિવાળી એવી દેવી પાસે કરવાથી ક્વચિત્ સાક્ષાત્ દેવી તેમાં નિમિત્ત બને અને ક્વચિત્ ન બને તોપણ તેવો ઉચિત અધ્યયવસાય હોવાથી યોગ્ય જીવોના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે; કેમ કે આ પ્રકારની સ્તુતિને કારણે યોગ્ય જીવને શ્રુતસાગરમાં અત્યંત ભક્તિ થાય છે અને યથાર્થ બોધ પ્રગટ કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે. આ ઇચ્છાના કારણે જ શ્રુતદેવીને તે પ્રકારે વિનંતી કરે છે જેથી તે પ્રકારના ઉત્તમ અધ્યવસાયને કારણે યોગ્ય જીવો માર્ગાનુસારીબુદ્ધિપૂર્વક શ્રુત ભણવા પ્રયત્ન કરે, જેના બળથી અવશ્ય શ્રુતના પરમાર્થને જાણવામાં બાધક એવા જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય. તેથી વિશિષ્ટ પ્રકારના શ્રુતના બોધના અર્થી એવા સાધુ અને શ્રાવકો પ્રસ્તુત સ્તુતિ બોલીને શ્રુત વિષયક જ રાગની વૃદ્ધિ કરે છે અને શ્રુતને જ સમ્યક્ જાણવા માટે શક્તિના પ્રકર્ષથી પ્રયત્ન કરે છે અને સમ્યગ્ બોધની પ્રાપ્તિના અંગરૂપે શ્રુતદેવીને પ્રસ્તુત સ્તુતિથી પ્રાર્થના કરે છે.

પ્રસ્તુત સ્તુતિ શ્રાવક-સાધુઓ જ બોલે છે, સાધ્વીજી-શ્રાવિકાઓને આ સ્તુતિ બોલવાની હોતી નથી. ॥૪૦॥

# ૪૧. શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ સૂત્ર

**અવતરણિકા :-**

**સાધુ અને શ્રાવક રત્નત્રયીની વૃદ્ધિ કરીને સંસારનો અંત કરવાના અત્યંત અર્થી છે અને તે રત્નત્રયીની વૃદ્ધિમાં વિઘ્નો આવે તો શક્તિના પ્રકર્ષથી યત્ન થઈ શકે નહીં તેથી એવાં વિઘ્નો પોતાને ન આવે તે માટે તેવાં વિઘ્નોનું હરણ કરવા માટે સમર્થ તે તે ક્ષેત્રના દેવતાઓને ઉદ્દેશીને પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ કરવામાં આવે છે.**

**સૂત્ર :-**

**ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**જિસે ખિત્તે સાહૂ, દંસણનાણેહિં ચરણસહિએહિં;**
**સાહંતિ મુક્ખમગ્ગં, સા દેવિ હરઉ દુરિઆઇં ॥૧॥**

**સૂત્રાર્થ :–**

**હું ક્ષેત્રદેવતાનો કાઉસ્સગ્ગ કરું છું.**

આમ બોલીને અન્નત્થ સૂત્ર દ્વારા કાઉસ્સગ્ગના આગારોને સ્વીકારીને ક્ષેત્રદેવતા પોતાનાં રત્નત્રયીનાં વિઘ્નોને નાશ કરવામાં નિમિત્ત બને તે અર્થે કાઉસ્સગ્ગ કરાય છે અને ત્યારપછી પ્રસ્તુત સ્તુતિ કરાય છે.

**જેના ક્ષેત્રમાં સાધુઓ ચારિત્રથી સહિત એવા દર્શન-જ્ઞાનથી મોક્ષમાર્ગને સાધે છે તે દેવી=તે ક્ષેત્રની દેવી, દુરિત આદિને હરણ કરો=રત્નત્રયીની સાધનામાં વિઘ્નોનું હરણ કરો. ॥૧॥**

**ભાવાર્થ :–**

સાધુઓ જિનવચન અનુસાર સંયમની ઉચિત ક્રિયાઓ કરે છે તે રૂપ ચારિત્રથી સહિત સતત નવું નવું શાસ્ત્ર ભણે છે જેનાથી ભગવાનના વચનનો સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ થાય છે. તેના બળથી સૂક્ષ્મ-સૂક્ષ્મતર તત્ત્વનું દર્શન થાય છે અર્થાત્ તત્ત્વ વિષયક પૂર્વ-પૂર્વ કરતાં સૂક્ષ્મ તત્ત્વની રુચિરૂપ દર્શનની વૃદ્ધિ થાય છે. તેથી સાધુઓ ચારિત્રથી સહિત દર્શન-જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગને સાધનારા છે. અર્થાત્ ક્ષપકશ્રેણી અભિમુખ આગળ વધી રહ્યા છે. આવા મહાત્માઓ જે દેવીના ક્ષેત્રમાં મોક્ષમાર્ગને સાધતા હોય તે દેવી જો જાગ્રત થાય તો મોક્ષમાર્ગની સુસાધુઓની પ્રવૃત્તિઓમાં આવતાં વિઘ્નોને તે દેવી દૂર કરી શકે. તેથી પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મહાત્મા અને શ્રાવકો તેવી દેવીને સ્મૃતિમાં લાવીને વિનંતીરૂપે કહે છે –

હે દેવી ! તમે રત્નત્રયીની વૃદ્ધિમાં આવતાં વિઘ્નોને દૂર કરો જેથી અમે સુખપૂર્વક યોગમાર્ગને સેવીને સંસારનો અંત કરી શકીએ. આ પ્રકારની પ્રાર્થના ઉચિત શક્તિવાળી એવી તે ક્ષેત્રની દેવીને કરવાથી તે પ્રકારનાં વિઘ્નો દૂર થવામાં તે દેવી કારણ બની શકે. કદાચ સાક્ષાત્ દેવી વિઘ્નો દૂર કરવા માટે જાગ્રત ન થાય તોપણ ઉચિત સ્થાને કરાયેલી પ્રાર્થના શુભ અધ્યવસાયરૂપ હોવાથી રત્નત્રયીના યત્નમાં આવતાં વિઘ્નોને દૂર કરવામાં તે શુભ અધ્યવસાય અવશ્ય કારણ બને છે. માટે જે સાધુ અને શ્રાવક તે પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક પ્રસ્તુત સ્તુતિ બોલે છે અને શેષકાળમાં શક્તિને ગોપવ્યા વગર રત્નત્રયીમાં યત્ન કરતા હોય તેઓના રત્નત્રયી વિષયક યત્નમાં આવતાં વિઘ્નો પ્રસ્તુત સ્તુતિકાળમાં કરાયેલા શુભ અધ્યવસાયથી પણ દૂર થાય છે, અને ક્ષેત્રદેવતા જાગ્રત થાય તેનાથી પણ દૂર થાય છે. રત્નત્રયીના અત્યંત અર્થી હોવાને કારણે સ્વશક્તિ અનુસાર રત્નત્રયીમાં અપ્રમાદથી યત્ન કરનારા હોવાથી પણ તે સાધુ અને શ્રાવકને રત્નત્રયીમાં આવતાં વિઘ્નો દૂર થાય છે. તેથી પ્રસ્તુત સ્તુતિ દ્વારા સાધુ કે શ્રાવક શુભ અધ્યવસાય કરે છે અને શેષકાળમાં રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને સાધવા માટે અપ્રમાદભાવ ઉલ્લસિત થાય તેવા બળનો સંચય કરે છે.

પ્રસ્તુત સ્તુતિ શ્રાવક-સાધુઓ જ બોલે છે, સાધ્વીજી-શ્રાવિકાઓને આ સ્તુતિ બોલવાની હોતી નથી. **॥૪૧॥**

❖

# ૪૨. શ્રી કમલદલ સ્તુતિ સૂત્ર

**અવતરણિકા :-**

**પ્રતિક્રમણમાં સાધ્વીજી-શ્રાવિકાઓ પ્રસ્તુત સ્તુતિથી શ્રુતદેવતાની સ્તુતિ કરે છે અને તેના દ્વારા જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય તેવો અભિલાષ કરે છે –**

**સૂત્ર :-**

**કમલદલવિપુલનયના, કમલમુખી કમલગર્ભસમગૌરી;**
**કમલે સ્થિતા ભગવતી, દદાતુ શ્રુતદેવતા સિદ્ધિમ્ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**કમલના પત્ર જેવા વિપુલ નયનવાળી, કમલ જેવા મુખવાળી, કમલના ગર્ભ સમા ગૌરવર્ણવાળી, કમલમાં રહેલી એવી ભગવતી શ્રુતદેવતા સિદ્ધિને આપો. અર્થાત્ ભગવાનના શ્રુતજ્ઞાનના મર્મની પ્રાપ્તિ થાય તેવા શ્રેષ્ઠ ફળને આપો. ॥૧॥**

**ભાવાર્થ :-**

શ્રુતદેવતાનું કેવું સ્વરૂપ છે ? તે બતાવીને શ્રુતદેવતા પાસે સિદ્ધિની પ્રાર્થના પ્રસ્તુત સૂત્રથી કરાય છે જેથી શ્રુત પ્રત્યે ભક્તિવાળી એવી તે દેવી શાસ્ત્ર-અધ્યવસાયમાં યત્ન કરનારી સાધ્વીઓ અને શ્રાવિકાઓને સૂક્ષ્મ બોધ થવામાં સહાયક બને. આવી પ્રાર્થના કરાય છે તે શુભ અધ્યવસાયરૂપ છે. આવી પ્રાર્થના કરનારના હૃદયમાં સદા સ્થિર બુદ્ધિ થાય કે ભગવાનનું શ્રુતજ્ઞાનરૂપ શાસ્ત્ર સર્વ કલ્યાણનું કારણ છે માટે મારે સર્વ શક્તિથી તેનાં રહસ્યોને જાણવા યત્ન કરવો જોઈએ. તેમાં આવતાં અંતરાયભૂત જ્ઞાનાવરણીય કર્મોના નાશ અર્થે ઉચિત સ્થાને શક્તિવાળી એવી શ્રુતદેવતા પાસે પ્રાર્થના કરવાનો અધ્યવસાય થાય છે તેથી તે પ્રાર્થનારૂપ શુભ અધ્યવસાયથી શ્રુતદેવતા નિમિત્ત બને તો તેના બળથી અને શ્રુત પ્રત્યેના અત્યંત રાગના કારણે શ્રુતને જાણવા માટે કરાતા સમ્યગ્ યત્નના બળથી સાધ્વીઓ અને શ્રાવિકાઓ પણ તત્ત્વને સ્પર્શે તેવી શ્રુતની પ્રાપ્તિ થાય છે. માટે પ્રણિધાનપૂર્વક જેઓ પ્રસ્તુત સ્તુતિ બોલે છે તેઓને સ્તુતિકાળમાં શુભ અધ્યવસાય થાય છે અને શેષકાળમાં શ્રુત ભણવા માટેનો અભિલાષ દૃઢ-દૃઢતર થાય છે, જેથી શ્રુત અધ્યયનમાં સમ્યક્ યત્ન કરીને સાધ્વીઓ અને શ્રાવિકાઓ પણ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. **॥૪૨॥**

❖

# ૪૩. શ્રી ક્ષેત્રદેવતાની સ્તુતિ સૂત્ર

**અવતરણિકા :-**

**ક્ષેત્રદેવતા માટે હું કાઉસ્સગ્ગ કરું છું તે પ્રમાણે પ્રણિધાન કરીને અન્નત્થસૂત્ર દ્વારા આગારપૂર્વક ક્ષેત્રદેવતાનું યોગમાર્ગમાં સહાયકતા અર્થે બહેનો પ્રતિદિન દેવસી પ્રતિક્રમણમાં અને પુરુષો પાક્ષિક આદિ પ્રતિક્રમણમાં પ્રસ્તુત સૂત્ર બોલે છે –**

**સૂત્ર :-**

**યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયાઃ;**
**સા ક્ષેત્રદેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**જે ક્ષેત્રને આશ્રયીને સાધુઓ દ્વારા ક્રિયા=મોક્ષમાર્ગની આરાધના, સિદ્ધ કરાય છે તે ક્ષેત્રદેવતા અમને હંમેશાં સુખને દેનારી થાઓ અર્થાત્ રત્નત્રયીની વૃદ્ધિમાં વિઘ્નોને દૂરને કરનારી થાઓ. ॥૧॥**

**ભાવાર્થ :-**

-સાધુઓ સ્વશક્તિ અનુસાર રત્નત્રયીની આરાધના કરે છે છતાં ક્ષેત્રકૃત વિઘ્નો આવે તો તેઓની આરાધના સ્ખલના પામે છે. તે સ્ખલનાના નિવારણ અર્થે સમર્થ એવા ક્ષેત્રદેવતા પાસે પ્રસ્તુત સ્તુતિ દ્વારા પ્રાર્થના કરે છે કે તે ક્ષેત્રના દેવતા અમને હંમેશાં સુખદાયી થઈને મોક્ષમાર્ગની આરાધનામાં સહાયક થાઓ જેથી અમે આત્મકલ્યાણરૂપ હિત સાધી શકીએ. આ પ્રકારનો શુભ અધ્યવસાય દૃઢ પ્રણિધાનપૂર્વક સ્તુતિ બોલનારા જીવોને થાય છે, જે શુભ અધ્યવસાય સ્વશક્તિ અનુસાર કરાતી મોક્ષમાર્ગની આરાધનામાં આવતાં વિઘ્નોને દૂર કરવાનું કામ કરે છે અને દેવીને કરાયેલ સ્તુતિથી જાગ્રત થયેલી દેવી પણ તે વિઘ્નોને દૂર કરવામાં નિમિત બને છે. આ પ્રકારના પ્રણિધાનના બળથી મોક્ષમાર્ગમાં મારે શક્તિ અનુસાર દૃઢ યત્ન કરવો જોઈએ તેવા પણ અધ્યવસાય ઉલ્લસિત થાય છે જેના બળથી યોગ્ય સાધુ-સાધ્વી સુખપૂર્વક યોગમાર્ગને સેવીને કલ્યાણને પ્રાપ્ત કરી શકે છે. **॥૪૩॥**

❖

## ૪૪. શ્રી ભવનદેવતાની સ્તુતિ સૂત્ર

**સૂત્ર :-**

**ભવણદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગં. અન્નત્થ૦**
**જ્ઞાનાદિગુણયુતાનાં, નિત્યં સ્વાધ્યાયસંયમરતાનાં;**
**વિદધાતુ ભવનદેવી, શિવં સદા સર્વસાધૂનામ્ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**જ્ઞાન આદિ ગુણોથી યુક્ત નિત્ય સ્વાધ્યાય અને સંયમમાં રત એવા સર્વ સાધુઓને ભવનદેવી સદા શિવને=ઉપદ્રવ રહિત અવસ્થાને, કરો. ॥૧॥**

**ભાવાર્થ :-**

જે ક્ષેત્રમાં સાધુઓ વસે છે તે ક્ષેત્રમાં જો કોઈ ઉપદ્રવો થાય તો તેઓ સંયમની વૃદ્ધિ કરી શકે નહીં. તેથી સુસાધુ ભવનની દેવીને પ્રાર્થના કરે છે. જે સુસાધુઓ છે તેઓ સદા જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોય છે અને સ્વાધ્યાય તથા સંયમમાં યત્ન કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરનારા છે; છતાં ક્ષેત્રકૃત વિઘ્નને કારણે તેઓની યોગમાર્ગની પ્રવૃત્તિ સ્ખલના ન પામે તે હેતુથી વિઘ્ન હરવામાં સમર્થ એવી ભવનદેવીને પ્રાર્થના કરે છે, જેથી ઉચિત પ્રાર્થનાને કારણે તેઓની સંયમની આરાધના દૃઢ થઈ શકે. **॥૪૪॥**

❖

## ૪૫. શ્રી અડ્ઢાઈજ્જેસુ (સાધુવંદન) સૂત્ર

**અવતરણિકા :-**

**શ્રાવકો ભાવસાધુપણાના અત્યંત અર્થી છે અને સાધુઓ પણ અઢાર હજાર શીલાંગરૂપ શુદ્ધ સાધુપણું પ્રાપ્ત કરવાના અત્યંત અર્થી છે. તેથી પ્રસ્તુત સૂત્ર બોલીને જગતવર્તી જે કોઈ વર્તમાનમાં અઢાર હજાર શીલાંગના ધરનારા સાધુ છે તેઓનું સ્મરણ કરી પ્રસ્તુત સૂત્રથી તેઓને વંદન કરે છે, જેથી તેઓના વંદનથી થતા શુભ અધ્યવસાયના બળથી તેઓને પૂર્ણસાધુપણું પ્રાપ્ત થવામાં વિઘ્નભૂત કર્મો શિથિલ થાય છે, માટે વિવેકસંપન્ન સાધુએ કે શ્રાવકે મોહની સામે સુભટની જેમ યુદ્ધ કરતા સુસાધુઓનું પારમાર્થિક સ્વરૂપ ઉપસ્થિત કરીને તેના પ્રત્યેનો ભક્તિનો પરિણામ પ્રકર્ષવાળો થાય તે પ્રકારે પ્રસ્તુત સૂત્ર બોલવું જોઈએ.**

**સૂત્ર :-**

**અડ્ઢાઇજ્જેસુ દીવસમુદ્દેસુ પન્નરસસુ કમ્મભૂમિસુ જાવંત કેવિ સાહૂ રયહરણગુચ્છ-**

**પડિગ્ગહધારા પંચમહવ્વયધારા અટ્ઠારસસહસ્સસીલંગધારા અક્ખુયાયારચરિત્તા તે સવ્વે સિરસા મણસા મત્થએણ વંદામિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**અઢીદ્વીપ-સમુદ્ર અંતર્ગત પંદર કર્મભૂમિમાં જે કોઈપણ સાધુઓ રજોહરણ, ગુચ્છ, પાત્રાને ધારણ કરે છે, પાંચ મહાવ્રતોને ધારણ કરનારા છે, અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા છે, અક્ષત આચારના પાલનને કારણે ચારિત્રવાળા છે તે સર્વને શિરથી, મનથી અને મસ્તકથી હું નમું છું. (મસ્તકથી હું નમું છું તે પ્રકારના શબ્દથી વચનથી વંદન કરું છું તે દર્શાવ્યું છે.) ॥૧॥**

**ભાવાર્થ :-**

પાંચ મહાવ્રતોને ધારણ કરનારા, અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા, અક્ષત આચાર દ્વારા ચારિત્રને પાળનારા, આ પ્રમાણે કહેવાથી ભાવસાધુની ઉપસ્થિતિ થાય છે. રજોહરણ, ગુચ્છ અને પાત્રાને ધારણ કરનારા કહેવાથી સાધુવેશની ઉપસ્થિતિ થાય છે. સાધુ શબ્દથી નિર્વાણ સાધનારા એવા યોગને સતત સાધનારા મહાત્મા છે તેવી ઉપસ્થિતિ થાય છે.

સાધુનું સ્વરૂપ સંક્ષેપથી વિચારીએ તો એ પ્રાપ્ત થાય કે રાધાવેધ સાધક પુરુષની જેમ અપ્રમાદ ભાવથી મોહની સામે સુભટની જેમ લડનારા હોવાથી જેઓનો ઉપયોગ સમભાવમાં રાગવાળો છે, અસમભાવમાં દ્વેષવાળો છે અને પાંચેય ઇન્દ્રિયોના વિષયો અને દેહ પ્રત્યે ઉપેક્ષાવાળો છે તેથી તેઓનો રાગનો ઉપયોગ હોય ત્યારે સમભાવના રાગનો ઉપયોગ વર્તે છે, સમભાવમાં કોઈ સ્ખલના થાય ત્યારે સમભાવની સ્ખલના કરનાર અસમભાવના પરિણામ પ્રત્યે દ્વેષ થાય છે અને કોઈક નિમિત્તથી ઇન્દ્રિયના વિષયોમાં ઉપયોગ જાય તો ત્યાં ઉપેક્ષાનો પરિણામ વર્તે છે. આ રીતે રાગ-દ્વેષ અને ઉપેક્ષાના પરિણામને નિયંત્રિત કરીને જેઓ સતત ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ થાય તે રીતે સંયમની સર્વક્રિયાઓ અપ્રમાદથી કરે છે તેઓ મોક્ષને સાધનારા સાધુ છે.

આવા સાધુઓ અઢીદ્વીપ સમુદ્રમાં અને પંદર કર્મભૂમિમાં જે કોઈ હોય તેઓનું સામાન્યથી સ્મરણ કરીને તેવા સુસાધુઓના ગુણોના સ્મરણપૂર્વક તે સર્વ મહાત્માઓને મનથી-વચનથી અને કાયાથી સાધુ અને શ્રાવકો વંદન કરે છે અર્થાત્ તેવા મહાત્માઓના ગુણોના સ્મરણપૂર્વક તેઓ પ્રત્યેનો ભક્તિભાવ ઉલ્લસિત થાય તેવો દૃઢ વ્યાપાર કરે છે. આ વંદનની ક્રિયાથી સુસાધુ પ્રત્યેનો જેટલો રાગ અતિશય થાય તેટલા અંશમાં તે સુસાધુ તુલ્ય થવામાં બાધક એવાં પોતાનાં કર્મો નાશ પામે છે જેથી પોતાને પણ સુખપૂર્વક તેવા ભાવસાધુપણાની પ્રાપ્તિ થાય છે. માટે કલ્યાણના અર્થી મહાત્માએ વારંવાર અત્યંત સુસાધુના ગુણોના સ્મરણના ઉપયોગપૂર્વક પ્રસ્તુત સૂત્રથી આત્માને ભાવિત કરવો જોઈએ જેથી સર્વકલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

અહીં પ્રસ્તુત સૂત્રમાં શિરથી એમ કહેવાથી કાયાથી વંદન થાય છે, મનથી એમ કહેવાથી માનસથી વંદન થાય છે અને 'મસ્તકથી હું વંદન કરું છું' તે પ્રકારના ઉચ્ચારણ દ્વારા વચનથી 'વંદન' થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે કાયા તેઓના વંદનને અનુકૂળ ચેષ્ટાવાળી છે, મનોયોગ તેવા મહાત્માના ગુણોથી આત્માને વાસિત કરવામાં યત્નવાળો છે, વચનયોગ પણ હું વંદન કરું છું તે પ્રકારના ઉચ્ચારણ દ્વારા વંદનની પરિણતિને અતિશય કરવામાં વ્યાપારવાળો છે. વળી અઢીદ્વીપ-સમુદ્ર એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈક મહાત્માઓ દેવ આદિ દ્વારા અપહરણ થયા બાદ સમુદ્રમાં પડ્યા હોય છતાં અંતરંગ રીતે ભગવાનના વચનમાં ઉપયુક્ત હોય તો ભાવસાધુ છે. તેથી અઢીદ્વીપમાં અને સમુદ્રોમાં રહેલા સર્વ સુસાધુઓને હું વંદન કરું છું તે પ્રકારનો પરિણામ થાય છે. **॥૪૫॥**

❖

## ૪૬. શ્રી વરકનકસ્તુતિ (૧૭૦ જિનસ્તુતિ) સૂત્ર

**અવતરણિકા :-**

**સાધુ અને શ્રાવકો સાંજના પ્રતિક્રમણમાં સ્તવન બોલ્યા પછી પ્રસ્તુત સૂત્ર બોલીને અજિતનાથ ભગવાનના કાળમાં થયેલા ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકરોને વંદન કરે છે, જેથી તીર્થંકરો પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે.**

**સૂત્ર :-**

**વરકનકશંખવિદ્રુમમરકતઘનસંનિભં વિગતમોહમ્;**
**સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વંદે ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**વર કનક=શ્રેષ્ઠ સોનું, શંખ, વિદ્રુમ=પરવાળાં, મરકત અને મેઘ જેવા (દેહના વર્ણવાળા), વિગત મોહવાળા, સર્વ અમરથી=દેવતાઓથી પૂજિત એવા ૧૭૦ જિનોને હું નમસ્કાર કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સૂત્રમાં ભગવાનનો દેહ કેવા ઉત્તમ સ્વરૂપવાળો છે ? તે બતાવવા માટે કહે છે કે શ્રેષ્ઠ કનક, શ્રેષ્ઠ શંખ, શ્રેષ્ઠ એવાં વિદ્રુમ નામનાં રત્નો, શ્રેષ્ઠ એવાં મરકત નામનાં રત્નો અને શ્રેષ્ઠ એવા મેઘના જેવા વર્ણવાળા ભગવાન છે. તેથી ઉત્તમ દેહની આકૃતિરૂપે તીર્થંકરોની ઉપસ્થિતિ થાય છે.

વળી તે તીર્થંકરો સંપૂર્ણ મોહ રહિત છે તેમ કહેવાથી સ્થિર સમુદ્ર જેવા અર્થાત્ આત્માના વીતરાગભાવમાં સ્થિરતાને પામેલા છે તેની ઉપસ્થિતિ થાય છે.

વળી સર્વ દેવોથી તીર્થંકરો પૂજિત છે તેમ કહેવાથી ભગવાન અષ્ટ મહાપ્રાતિહાર્યની શોભાવાળા હોવાથી પૂજાતિશયવાળા જણાય છે.

આવા સ્વરૂપે ૧૭૦ તીર્થંકરોનું સ્મરણ કરવાથી ભક્તિનો અતિશય થાય છે. સુખના અર્થી જીવોને સુખની વૃદ્ધિમાં ક્યારેય તૃપ્તિ થતી નથી તેમ ભગવાનના ગુણોના સ્મરણથી થતા શાંતરસના સુખની વૃદ્ધિના અર્થી સાધુને કે શ્રાવકને વારંવાર તીર્થંકર આદિના ગુણોના સ્મરણમાં ક્યારેય સંતોષ થતો નથી; કેમ કે ઉપયોગપૂર્વક બોલનારા મહાત્માઓને ગુણના સ્મરણથી મોહની અનાકુળતારૂપ સ્વસ્થતાની વૃદ્ધિ સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય છે. તેથી પ્રતિક્રમણ કરતી વખતે પૂર્વમાં અનેક રીતે તીર્થંકરોને વંદન કરેલ હોવા છતાં સ્તવન પછી સ્તવન દ્વારા તીર્થંકરોનાં ગુણગાનોથી જે શાંતરસની વૃદ્ધિ થઈ છે તેને જ અતિશય કરવા અર્થે ૧૭૦ તીર્થંકરોને વંદન કરાય છે. તેથી જે મહાત્માઓ આ રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્રો બોલે છે તેઓને સતત ઉપશમનું સુખ વધતું જ દેખાય છે, જેના બળથી પોતે સુખપૂર્વક સદ્ગતિઓની પરંપરાને પ્રાપ્ત કરશે અને દુસ્તર એવા સંસારસમુદ્રને સુખપૂર્વક તરી શકશે તેવો દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. **॥૪૬॥**

❖

## ૪૭. શ્રી લઘુશાંતિ (શાંતિસ્તવ) સૂત્ર

**સૂત્ર :-**

**શાન્તિં શાન્તિનિશાન્તં, શાન્તં શાન્તાશિવં નમસ્કૃત્ય;**
**સ્તોતુઃ શાન્તિનિમિત્તં, મન્ત્રપદૈઃ શાન્તયે સ્તૌમિ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**શાંતિદેવીના નિશાંત=આશ્રયસ્થાન, શાંતરસવાળા, શાંત થયેલા અશિવવાળા=શાંત થયેલા ઉપદ્રવવાળા, શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરીને સ્તુતિ કરનારની શાંતિના નિમિત્તે મંત્રપદો વડે શાંતિનાથની હું સ્તુતિ કરું છું. ॥૧॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગાથાથી સ્તવનકારશ્રી મંત્રપદો વડે શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે. કેમ શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે ? તેથી કહે છે કે સ્તુતિ કરનારની શાંતિના નિમિત્તે સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે તેથી એ પ્રાપ્ત થાય કે શાંતિનાથ ભગવાનની મંગલપદો વડે સ્તુતિ કરવા દ્વારા પોતાનું ચિત્ત શાંતરસને પ્રાપ્ત કરે તે નિમિત્તે સ્તવનકારશ્રી ભગવાનની સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે.

વળી સ્તુતિકારશ્રી મંગલાર્થે શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરીને સ્તુતિ કરવાની પ્રતિજ્ઞા કરે છે. ત્યાં શાંતિનાથ ભગવાનનું સ્વરૂપ ઉપસ્થિત કરતાં કહે છે –

શાંતિની દેવી માટે ભગવાન આશ્રયસ્થાનરૂપ છે. વળી, શાંતિનાથ ભગવાન અત્યંત શાંતરસવાળા છે

અને ભગવાનના ચિત્તમાં સર્વ મોહના ઉપદ્રવો કે બાહ્ય ઉપદ્રવો શાંત થઈ ચૂકેલા છે તેવા શાંતિનાથ ભગવાનને સ્તવનકારશ્રી નમસ્કાર કરે છે જેથી પોતાનું ચિત્ત પણ તેવા ગુણસંપન્ન પુરુષના સ્મરણથી શાંતરસની પ્રાપ્તિ કરે. ॥૧॥

**સૂત્ર :-**

**ઓમિતિ નિશ્ચિતવચસે, નમો નમો ભગવતેऽર્હતે પૂજામ્;**
**શાન્તિજિનાય જયવતે, યશસ્વિને સ્વામિને દમિનામ્ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**ૐ એ પ્રકારના નિશ્ચિત વચનવાળા, પૂજાને યોગ્ય, જય પામનારા, યશસ્વી, દમી એવા સાધુઓના સ્વામી ભગવાન શાંતિનાથને હું અત્યંત નમસ્કાર કરું છું. ॥૨॥**

**ભાવાર્થ :-**

ૐ એ પરમાત્માના સ્વરૂપનો વાચક શબ્દ છે તેવા નિશ્ચિત વચનવાળા શાંતિનાથ ભગવાન છે. વળી, ગુણોના પ્રકર્ષવાળા હોવાથી પૂજાને યોગ્ય છે, ગુણોના પ્રકર્ષને કારણે જગતમાં જયવંતા છે. વળી, જગતના કલ્યાણને કરનારા હોવાથી યશસ્વી છે. વળી, ઇન્દ્રિયોનું દમન કરનારા એવા સુસાધુઓના સ્વામી છે; કેમ કે ઉત્તમપુરુષ એવા તીર્થંકરોના બળથી મુનિઓ સુખપૂર્વક ઇન્દ્રિયોનું દમન કરી મોહને જીતવા સમર્થ બને છે. તેવા ભગવાન શાંતિનાથને તે સ્વરૂપે ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી અત્યંત ભક્તિથી નમસ્કાર કરવા અર્થે કહે છે કે નમો નમો ! અર્થાત્ હું વારંવાર નમસ્કાર કરું છું. ॥૨॥

**સૂત્ર :-**

**સકલાતિશેષકમહાસંપત્તિસમન્વિતાય શસ્યાય;**
**ત્રૈલોક્યપૂજિતાય ચ, નમોનમઃ શાન્તિદેવાય ॥૩॥**

**સૂત્રાર્થ :-**

**સકલ અતિશયવાળી મહાસંપત્તિથી સમન્વિત પ્રશંસાયોગ્ય અને ત્રૈલોક્યથી પૂજિત એવા શાંતિનાથ ભગવાનને હું અત્યંત નમસ્કાર કરું છું. ॥૩॥**

**ભાવાર્થ :-**

શાંતિનાથ ભગવાન સર્વ પ્રકારના અતિશયવાળી મહાસંપત્તિથી સમન્વિત હતા આથી જ અષ્ટપ્રાતિહાર્યાદિ શોભાથી શોભતા હતા. વળી, ઋષિઓ, મહર્ષિઓ આદિથી પણ પ્રશંસા પાત્ર હતા. વળી, ત્રણેય લોકના દેવતાઓ, અને મનુષ્યોથી પૂજાતા હતા; કેમ કે બધાના કલ્યાણનું કારણ, સાક્ષાત્ કલ્યાણની મૂર્તિ, એવા ભગવાન શાંતિનાથ હતા, તેથી કલ્યાણના અર્થી એવા સર્વ દેવો અને મનુષ્યો તેમની પૂજા કરતા હતા. તેવા ઉત્તમપુરુષ અને નામને અનુરૂપ શાંત પ્રકૃતિવાળા શાંતિનાથ ભગવાનને સ્તવનકારશ્રી અત્યંત ભક્તિથી નમસ્કાર કરે છે. ॥૩॥

**સૂત્ર :-**

**સર્વામરસુસમૂહસ્વામિકસંપૂજિતાય ન જિતાય;**
**ભુવનજનપાલનોદ્યતતમાય સતતં નમસ્તસ્મૈ ॥૪॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ અમરોના સુસમૂહ, તેના સ્વામી તેવા ઈન્દ્રો તેનાથી પૂજાયેલા, નહીં જિતાયેલા=કર્મરૂપી શત્રુથી નહીં જિતાયેલા, અને ભુવનના લોકોને પાલનમાં ઉદ્યતતમ એવા તે શાંતિનાથ ભગવાનને હું સતત નમસ્કાર કરું છું. ॥૪॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીને શાંતિનાથ ભગવાનની સ્તુતિમાં સંતોષ નથી તેથી ફરી ફરી અન્ય અન્ય ગુણોના સ્મરણપૂર્વક તેમને નમસ્કાર કરીને પોતાના ચિત્તને શાંતરસમાં લઈ જવા માટે યત્ન કરતાં કહે છે કે ભગવાન શાંતિનાથ સર્વ દેવોના સુંદર સમૂહના સ્વામીથી પૂજાયેલા છે તેથી એ પ્રાપ્ત થાય કે મહાબુદ્ધિના નિધાન એવા દેવો હોય છે તેમાં પણ જે ગુણસંપન્ન ઉત્તમ દેવો છે કે જેઓએ ઉત્તમ ધર્મને સેવીને સુંદર દેવભવને પ્રાપ્ત કર્યો છે તેવા દેવોના સમૂહના સ્વામી એવા ઇન્દ્રો પણ શાંતિનાથ ભગવાનના ગુણોથી આવર્જિત થઈને ભગવાનની સતત પૂજા કરે છે એવા મહાગુણના સમુદ્ર ભગવાન શાંતિનાથ છે.

વળી, આત્માનો અનાદિનો શત્રુ કર્મ છે, તેમાં પણ મહાશત્રુ ઘાતીકર્મ છે અને તે સર્વમાં શિરોમણિ શત્રુ મોહ છે જેનાથી જગત આખું જિતાય છે. જ્યારે ભગવાન શાંતિનાથ તો તેવા શાંતરસમાં વર્તતા હતા કે જેથી કર્મોરૂપી શત્રુથી લેશ પણ જિતાયા નથી પરંતુ મહાપરાક્રમ કરીને કર્મોનો નાશ કર્યો છે, તેવા ઉત્તમપુરુષ શાંતિનાથ ભગવાન છે.

વળી, જગતના જીવો કર્મને અત્યંત પરવશ છે. તેઓનું પાલન કરનારા અને કર્મરૂપી શત્રુથી રક્ષણ કરીને હિતમાં પ્રવર્તનારા સુસાધુઓ છે તે સર્વમાં ઉદ્યતતમ એવા શાંતિનાથ ભગવાન છે, તેથી ત્રણ ભુવનના લોકોનું શાંતિનાથ ભગવાન તે રીતે પાલન કરવામાં ઉદ્યતતમ હતા કે જેઓ તેમના શરણાગત થયેલ તેઓ કર્મોની વિડંબનાથી સદા સુરક્ષિત બનતા હતા. તેવા શાંતિનાથ ભગવાનને તે સ્વરૂપે સ્મરણ કરીને સ્તવનકારશ્રી સતત નમસ્કાર કરે છે જેથી ભગવાનની ભક્તિના બળથી પોતે શાંતરસને પ્રાપ્ત કરે. **॥૪॥**

**સૂત્ર :-**

**સર્વદુરિતૌઘનાશનકરાય સર્વાશિવપ્રશમનાય;**
**દુષ્ટગ્રહભૂતપિશાચશાકિનીનાં પ્રમથનાય ॥૫॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ દુરિતના સમૂહને નાશ કરનાર, સર્વ અશિવોનું પ્રશમન કરનાર દુષ્ટ ગ્રહ, દુષ્ટ ભૂત,**

**દુષ્ટ પિશાચ અને દુષ્ટ શાકિનીઓને પ્રમથન કરનાર એવા તે શાંતિનાથને હું નમસ્કાર કરું છું એમ ગાથા-૪ સાથે સંબંધ છે. ॥૫॥**

**ભાવાર્થ :-**

ભગવાન શાંતિનાથનું જેવું નામ છે તેવા જ તેમના ગુણ છે તેથી તેઓ જગતને માટે શાંતિને કરનારા થાય છે. આથી જ જેઓ તેમના શાંત ગુણનું સ્મરણ કરીને નમસ્કાર કરે છે તેઓમાં વર્તતા સર્વપ્રકારના પાપના સમૂહને શાંતિનાથ ભગવાન નાશ કરનારા છે; કેમ કે જે મહાત્મા ભગવાનના શાંતરસના ગુણના સ્મરણપૂર્વક ભક્તિના અતિશયથી તેઓને નમસ્કાર કરે છે, ત્યારે ભગવાનના શાંત ગુણને અવલંબીને નમસ્કાર કરનારનું ચિત્ત પણ શાંતરસવાળું બને છે. તેથી અશાંત ચિત્તના કારણે જે પાપોનો સમૂહ તે મહાત્માએ પૂર્વમાં બાંધેલો તે ભગવાનને અવલંબીને થયેલા શાંતરસથી નાશ પામે છે.

વળી, ભગવાનને નમસ્કાર કરવાથી સર્વ ઉપદ્રવોનું શમન થાય છે તેથી ભગવાન સર્વ ઉપદ્રવોના શમનને કરનારા છે; કેમ કે ભગવાનના ગુણોને અવલંબીને શાંતભાવમાં વર્તતું નમસ્કાર કરનારનું ચિત્ત ઉપદ્રવને કરનારા પાપકર્મનું શમન કરીને ઉપદ્રવને શાંત કરે છે.

વળી, કોઈકને પૂર્વકર્મના દોષથી દુષ્ટ ગ્રહની પીડા વર્તતી હોય, દુષ્ટ એવા ભૂતનો વળગાડ થયેલો હોય, દુષ્ટ એવો પિશાચ સતત હેરાન કરતો હોય કે દુષ્ટ શાકિનીઓ તેને ઉપદ્રવ કરતી હોય તે સર્વ ઉપદ્રવોને પ્રમથન કરનાર=નાશ કરનાર શાંતિનાથ ભગવાન છે; કેમ કે શાંતિનાથ ભગવાનના નામના સ્મરણના બળથી હણાયેલા ગ્રહ, ભૂત, પિશાચ કે શાકિની ઉપદ્રવ કરવા માટે અસમર્થ બને છે. તેથી આવા ઉત્તમ ગુણવાળા શાંતિનાથ ભગવાનને હું સતત નમસ્કાર કરું છું જેથી સર્વપ્રકારના ઉપદ્રવરહિત યોગમાર્ગનું સેવન કરીને હું આત્મહિત સાધી શકું. એ પ્રકારનો સ્તવનકારશ્રીનો આશય છે. **॥૫॥**

**સૂત્ર :-**

**યસ્યેતિ નામમંત્રપ્રધાનવાક્યોપયોગકૃતતોષા;**
**વિજયા કુરુતે જનહિતમિતિ ચ નુતા નમત તં શાન્તિમ્ ॥૬॥**

**સૂત્રાર્થ :-**

**જેમના=જે શાંતિનાથ ભગવાનના, નામરૂપી મંત્ર પ્રધાન છે જેમાં એવા વાક્યના ઉપયોગમાં કૃતતોષવાળી અને નમાયેલી વિજયાદેવી જનહિતને કરે છે. એથી તે શાંતિનાથ ભગવાનને તમે નમસ્કાર કરો.**

**યસ્યેતિમાં રહેલ ઇતિ શબ્દ પાદપૂર્તિ માટે છે. ॥૬॥**

**ભાવાર્થ :-**

ભગવાન શાંતિનાથનું નામ શાંતિ છે જે નામ જ મંત્રાક્ષર જેવું છે; કેમ કે તે નામના સ્મરણ માત્રથી પણ ચિત્ત શાંતરસમાં જાય છે. અને તેવા નામરૂપી મંત્ર છે પ્રધાન જેમાં તેવા વાક્યમાં ઉપયોગવાળા

મહાત્માને જોઈને વિજયાદેવી તોષ પામે છે; કેમ કે વિજયાદેવીને શાંતિનાથ ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ છે અને ભગવાનનો શાંતરસ તેને અત્યંત પ્રિય છે, તેથી જે મહાત્માઓ શાંતિનાથ ભગવાનને અવલંબીને શાંતરસના ઉપયોગમાં જાય છે તેને શાંતરસવાળા જોઈને વિજયાદેવીને પણ અત્યંત હર્ષ થાય છે.

વળી, ભગવાનના પ્રત્યે ભક્તિવાળી આ દેવી છે તેવી બુદ્ધિથી તે વિજયાદેવીની સ્તુતિ કરાય છે. તેવી વિજયાદેવી જનના હિતને કરે છે. તેથી શાંતિનાથ ભગવાનની અને શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળી વિજયાદેવીની સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારનું સતત હિત થાય છે તેવા શાંતિનાથ ભગવાનને તમે નમસ્કાર કરો જેથી તમને હિતની પરંપરાની પ્રાપ્તિ થાય તે પ્રકારે સ્તવનકારશ્રીનો શુભાશય છે. **॥૬॥**

**અવતરણિકા :-**

**અત્યારસુધી સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનના તે તે ગુણોનું સ્મરણ કરીને તેમની સ્મૃતિ કરી. હવે શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળી જે દેવીઓ છે તેઓની સ્તુતિ કરતાં કહે છે –**

**સૂત્ર :-**

**ભવતુ નમસ્તે ભગવતિ, વિજયે સુજયે પરાપરૈરજિતે;**
**અપરાજિતે જગત્યાં, જયતીતિ જયાવહે ભવતિ ॥૭॥**

**સૂત્રાર્થ :-**

**હે ભગવતીદેવી, વિજયાદેવી, સુજયાદેવી, પર અને અપર વડે અજિતા એવી અપરાજિતાદેવી, જગતમાં જય પામે છે એથી જયાવહદેવી અને ભવતિ દેવી તમને નમસ્કાર થાઓ. ॥૭॥**

**ભાવાર્થ :-**

શાંતિનાથ ભગવાનના શાસન પ્રત્યે ભક્તિવાળી કોઈક દેવીઓને સંબોધીને સ્તવનકારશ્રી કહે છે કે હે વિજયા, હે સુજયા, ઇત્યાદિ ગુણવાળી દેવી હું તને નમસ્કાર કરું છું. આ પ્રકારે શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળી દેવીઓને નમસ્કાર કરીને તે દેવી જનહિતનું કારણ બને તેવી આકાંક્ષા સ્તવનકારશ્રી કરે છે. **॥૭॥**

**સૂત્ર :-**

**સર્વસ્યાપિ ચ સંઘસ્ય, ભદ્રકલ્યાણમંગલપ્રદદે;**
**સાધૂનાં ચ સદાશિવસુતુષ્ટિઃ પુષ્ટિઃ પ્રદે જિયાઃ ॥૮॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ પણ સંઘના ભદ્ર, કલ્યાણ, મંગલને દેનારી અને સાધુઓને સદા શિવ, સુતુષ્ટિ, પુષ્ટિને દેનાર એવી હે દેવી તું જય પામ. ॥૮॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી ભગવાનના શાસન પ્રત્યેની ભક્તિભાવવાળી વિજયાદિ દેવીને સંબોધીને કહે છે કે સર્વ સંઘને ભદ્રને આપનારી છો, કલ્યાણને આપનારી છો, મંગલને આપનારી છો, વળી હે દેવી ! તું સાધુઓને હંમેશાં સુખને, સુતુષ્ટિને, પુષ્ટિને દેનારી છો. માટે તું જય પામ અર્થાત્ તે ઉત્તમ કૃત્ય સુંદર રીતે કરી શકે તેવી સમર્થ થા. આનાથી એ પ્રાપ્ત થાય કે વિજયાદિ દેવીઓ ભગવાનના શાસન પ્રત્યે ભક્તિવાળી હોવાથી સંઘવર્તી જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા છે તેઓ પોતાની શક્તિ અનુસાર ભગવાનના શાસનને સેવીને કલ્યાણને કરનારા છે, તેઓને તેઓના કલ્યાણમાર્ગમાં જે પ્રકારે વિજયાદિ દેવી સહાયક થઈ શકે તેમ છે તે પ્રકારે કરીને સદા યત્નવાળી છે. વળી, સુસાધુ પ્રત્યે તેને વિશેષ ભક્તિ છે; કેમ કે તેઓ સર્વ ઉદ્યમથી મોહનો નાશ કરવા સમર્થ બને તે પ્રકારના સુખને, તુષ્ટિને અને પુષ્ટિને કરનારી વિજયાદિ દેવીઓ છે અને તેઓ પોતાના કૃત્યમાં વિશેષ પ્રકારે યત્ન કરી શકે તેવી શુભ કામના સ્તવનકારશ્રીએ પ્રસ્તુત સ્તુતિથી કરી છે. ॥૮॥

**સૂત્ર :-**

**ભવ્યાનાં કૃતસિદ્ધે ! નિર્વૃત્તિનિર્વાણજનની સત્ત્વાનામ્;**
**અભયપ્રદાનનિરતે, નમોऽસ્તુ સ્વસ્તિ પ્રદે તુભ્યમ્ ॥૯॥**

**સૂત્રાર્થ :-**

**ભવ્ય જીવોનાં કૃત્યોની કરી છે સિદ્ધિ જેણે એવી હે દેવી ! નિર્વૃત્તિ અને નિર્વાણને કરનારી, સત્ત્વોના અભયપ્રદાનમાં નિરત=જીવોના અભયદાનને આપવામાં તત્પર, એવી સ્વસ્તિને દેનાર=કલ્યાણને દેનાર, એવી હે દેવી તને નમસ્કાર હો ! ॥૯॥**

**ભાવાર્થ :-**

વ્યંતરજાતિમાં રહેલી પણ ભગવાનના શાસન પ્રત્યેની ભક્તિવાળી દેવીઓ કેવી ઉત્તમ પ્રકૃતિવાળી છે તેની ઉપસ્થિતિ થાય તે રીતે સંબોધન કરીને તેઓના તે ઉત્તમગુણોને સામે રાખીને સ્તવનકારશ્રી તે દેવીને નમસ્કાર કરે છે. ત્યાં સંબોધન કરતાં કહે છે કે ભવ્ય જીવો આત્મકલ્યાણ માટે જે ઉદ્યમ કરનારા છે. તેઓનાં કૃત્યોને સાધી આપનાર એવી તું છો તેથી કૃતસિદ્ધ છો. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મ પ્રત્યેના પક્ષપાતને કારણે વિજયાદિ દેવીઓ ભવ્ય જીવોનાં કૃત્યોને સાધવામાં સદા તત્પર રહેનારી છે. જેથી તેઓ સુખપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરી શકે. વળી, જે મહાત્માઓ પાપની નિર્વૃત્તિ સાધી રહ્યા છે અને ચિત્તને નિર્વાણમાં યોજન કરી રહ્યા છે તેઓના તે કૃત્યમાં પોતાને દેવભવથી પ્રાપ્ત થયેલી શક્તિના બળથી સહાય કરવા માટે તું યત્ન કરનારી છો, તેથી નિર્વૃત્તિ અને નિર્વાણની જનની છો. વળી, જીવોના ઉપદ્રવોને ટાળીને અભયને પ્રદાન કરનારી તું છો તેથી દયાળુ સ્વભાવવાળી છો અને જે જીવો કલ્યાણને સાધી રહ્યા છે તેમને કલ્યાણને દેનારી છો અર્થાત્ કલ્યાણને સાધવામાં ઉચિત સહાય કરવામાં તત્પર છો, એવી

ગુણસમૃદ્ધિવાળી તને નમસ્કાર થાઓ. આ પ્રકારે કહીને તે દેવીનાં ઉત્તમકૃત્યોની સ્તવનકારશ્રી અનુમોદના કરે છે. **॥૯॥**

**સૂત્ર :-**

**ભક્તાનાં જન્તૂનાં, શુભાવહે નિત્યમુદ્યતે દેવી !;**
**સમ્યગ્દષ્ટીનાં ધૃતિરતિમતિબુદ્ધિપ્રદાનાય ॥૧૦॥**

**સૂત્રાર્થ :-**

**ભક્તજીવોના=ભગવાન પ્રત્યેના ભક્તિવાળા જીવોના, સુખને કરનારી, અને સમ્યગ્દષ્ટિ જીવોને ધૃતિ, રતિ, મતિ, બુદ્ધિને પ્રદાન કરવા માટે નિત્ય ઉદ્યતા એવી હે દેવી તને નમસ્કાર થાઓ એમ ગાથા ૯ સાથે સંબંધ છે. ॥૧૦॥**

**ભાવાર્થ :-**

ભગવાન પ્રત્યેની ભક્તિવાળી એવી તે દેવીઓ ભગવાન પ્રત્યે ભક્તિવાળા જીવોના શુભને કરનારી છે તેથી સદા પોતાની દૈવીશક્તિથી જે પ્રકારે તે શુભ કરી શકે તે પ્રકારે કરવામાં તત્પર છે. વળી, સમ્યગ્દષ્ટિ જીવોને પોતાની ઉચિત પ્રવૃત્તિઓ કરવામાં ધૃતિને આપનારી છે, રતિને આપનારી છે, મતિને આપનારી છે અને બુદ્ધિને આપનારી છે અને તેવા કાર્યમાં હંમેશાં ઉદ્યત એવી હે દેવી તને નમસ્કાર થાઓ. આ પ્રકારે સ્તુતિ કરીને તે દેવીઓનાં ઉચિત કૃત્યોની સ્તવનકારશ્રી અનુમોદના કરે છે. **॥૧૦॥**

**સૂત્ર :-**

**જિનશાસનનિરતાનાં, શાન્તિનતાનાં ચ જગતિ જનતાનાં;**
**શ્રીસંપત્કીર્તિયશોવર્ધનિ જય દેવી ! વિજયસ્વ ॥૧૧॥**

**સૂત્રાર્થ :-**

**ભગવાનના શાસનમાં નિરત અને જગતવર્તી શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરનારા જીવોને શ્રી, સંપત્, કીર્તિ, અને યશને વધારનારી હે દેવી ! તું જય પામ, તું વિજય પામ. ॥૧૧॥**

**ભાવાર્થ :-**

ગુણવાન પુરુષોના ગુણની સ્તુતિમાં ગુણના રાગી જીવને સંતોષ થતો નથી. વ્યંતર જાતિમાં પણ રહેલી જે દેવીઓ ગુણ પ્રત્યેના પક્ષપાતવાળી છે અને જેઓને ભગવાન પ્રત્યેની ભક્તિ છે તેથી સતત ભગવાનના શાસનમાં રત એવા સાધુ-સાધ્વી આદિને અને શાંતિનાથ ભગવાનને નમસ્કાર કરનારા જીવોને હિતની પ્રાપ્તિ થાય એ પ્રકારે યત્ન કરનારી છે. તેવી દેવીઓને તે સ્વરૂપે ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી કહે છે કે હે દેવી ! તું જય પામ, તું વિજય પામ અર્થાત્ તું તારાં તેવાં ઉત્તમ કૃત્યોને કરીને વિશેષ વિશેષ પ્રકારની સફળતાને પ્રાપ્ત કર જેથી ભગવાનના શાસનમાં રત એવા જીવોના હિતને કરીને તારો દેવભવ સફળ થાય. **॥૧૧॥**

**સૂત્ર :-**

**સલિલાનલવિષવિષધરદુષ્ટગ્રહરાજરોગરણભયતઃ;**
**રાક્ષસરિપુગણમારીચૌરેતિશ્વાપદાદિભ્યઃ ॥૧૨॥**
**અથ રક્ષ રક્ષ સુશિવં, કુરુ કુરુ શાન્તિં ચ કુરુ કુરુ સદેતિ;**
**તુષ્ટિં કુરુ કુરુ પુષ્ટિં, કુરુ કુરુ સ્વસ્તિં ચ કુરુ કુરુ ત્વમ્ ॥૧૩॥ (યુગ્મમ્)**

**સૂત્રાર્થ :-**

**સલિલ=પાણી, અનલ=અગ્નિ, વિષ, વિષધર, દુષ્ટ ગ્રહ, દુષ્ટ રાજા, દુષ્ટ રોગ, દુષ્ટ રણ=યુદ્ધ, તેના ભયથી, અને રાક્ષસ, રિપુગણ= શત્રુનો સમૂહ, મારી, ચોર, ઈતિ=ઉપદ્રવો, અને શ્વાપદાદિથી હે દેવી ! તું રક્ષણ કર રક્ષણ કર, સુશિવને કર કર, અને સદા શાંતિને કર કર, તુષ્ટિને કર કર, પુષ્ટિને કર કર અને સ્વસ્તિને=કલ્યાણને તું કર કર. ॥૧૨-૧૩॥**

**ભાવાર્થ :-**

જગતમાં ઉપદ્રવોને દૂર કરે અને જીવો સુખશાંતિથી રહે તેવી ઇચ્છાથી સ્તવનકારશ્રી ભગવાન પ્રત્યેની ભક્તિવાળી દેવીને વિનંતી કરતાં કહે છે કે હે દેવી ! જગતમાં પાણીના, અગ્નિના, વિષના, વિષધરના જે ભયો વર્તે છે અને દુષ્ટ ગ્રહ, દુષ્ટ રાજા, દુષ્ટ રોગો અને દુષ્ટ સંગ્રામના ભયો વર્તે છે તેનાથી તું રક્ષણ કર જેથી જગત નિરુપદ્રવવાળું બને. વળી રાક્ષસ, શત્રુગણ, મારી, મરકી, ચોરો કે હિંસક પશુઓથી જગતમાં જે ઉપદ્રવો થઈ રહ્યા છે તેનાથી તું જગતનું રક્ષણ કર, સુશિવને કર, જગતના જીવોને સુખશાંતિ થાય તેવું તું કર, સદા જીવોના ચિત્તમાં શાંતિ વર્તે તેવું તું કર. વળી, જગતના જીવોને તોષ થાય, પોતાના પરલોકના હિતની તુષ્ટિ થાય, બધાનું કલ્યાણ થાય તેવું તું કૃત્ય કર. આ પ્રકારની સુંદર ભાવના સ્તવનકારશ્રીએ સ્તુતિરૂપે કરેલ છે. જેમ મૈત્રીભાવના અર્થે મહાત્માઓ ભાવન કરે છે કે –

सर्वेऽपि सन्तु सुखीनः सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कोऽपि पापं समाचरेत् ।।

આ પ્રકારના ભાવનાથી સર્વ જીવો સુખી થાઓ, રોગ વગરના થાઓ, સર્વે જીવો કલ્યાણને જોનારા થાઓ અને કોઈ જીવો પાપ ન કરે તેવી ભાવના કરે છે. વસ્તુતઃ સર્વ જીવો તેવા થવાના નથી તોપણ ઉત્તમ આશય પોતાને ઉત્તમ ફળ આપનાર છે તેમ દેવી જગતમાં કંઈક કરવા સમર્થ છે તેને વિનંતીરૂપે સ્તવનકારશ્રી કહે છે કે તું જગતને ઉપદ્રવ વગરનું કર. **॥૧૨-૧૩॥**

**સૂત્ર :-**

**ભગવતિ ગુણવતિ શિવશાન્તિતુષ્ટિપુષ્ટિસ્વસ્તીહ કુરુ કુરુ જનાનામ્;**
**ઓમિતિ નમો નમો હ્રાઁ હ્રીઁ હ્રુઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા ॥૧૪॥**

**સૂત્રાર્થ :-**

**ૐ નમો નમો હ્રૂઁ હ્રીઁ હૂઁ હ્રઃ યઃ ક્ષઃ હ્રીઁ ફટ્ ફટ્ સ્વાહા. ઈતિ=એ પ્રકારના, (મંત્ર સ્વરૂપવાળી) ! ભગવતી ! ગુણવતી ! એવી હે દેવી ! તું અહીં લોકોનાં શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિને કર કર. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના શાસન પ્રત્યેની ભક્તિવાળી દેવી ૐ નમો નમો...ફટ ફટ સ્વાહા એ પ્રકારના મંત્રસ્વરૂપવાળી છે તેથી તે મંત્રોથી તેને સ્મરણ કરનાર પુરુષને સહાય કરવા શીઘ્ર ઉપસ્થિત થાય છે. વળી, તે દેવી ગુણવાળી છે. તે દેવીને તે સ્વરૂપે ઉપસ્થિત કરીને સ્તવનકારશ્રી કહે છે કે આ ભરતક્ષેત્રમાં વર્તતા લોકોને તું સુખ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને કલ્યાણને કરનારી થા. આ પ્રકારે ઉચિત ભાવના કરવાથી પોતાના શુભભાવો થાય છે અને યોગ્ય શક્તિવાળી દેવીને તે પ્રકારની વિજ્ઞપ્તિ કરવાથી તેને પણ તે વિજ્ઞપ્તિની ઉપસ્થિતિ થાય તો સ્વશક્તિ અનુસાર લોકોના હિતને કરવાનો ઉલ્લાસ થાય છે. **॥૧૪॥**

**સૂત્ર :-**

**એવં યન્નામાક્ષરપુરસ્સરં સંસ્તુતા જયાદેવી;**
**કુરુતે શાંતિં નમતાં, નમોનમઃ શાન્તયે તસ્મૈ ॥૧૫॥**

**સૂત્રાર્થ :-**

**આ રીતે પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે જેમના નામના અક્ષરપૂર્વક=જે શાંતિનાથ ભગવાનના શાંતિ એ પ્રકારના નામના અક્ષરપૂર્વક, જયાદેવીની સ્તુતિ કરાઈ. નમતા એવા જીવોને શાંતિ કરે છે, તે શાંતિનાથ ભગવાનને અત્યંત નમસ્કાર થાઓ. ॥૧૫॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રીએ શાંતિનાથ ભગવાનના નામપૂર્વક શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળી દેવીની સ્તુતિ કરી. જે દેવીની સ્તુતિ પણ પરમાર્થથી તો શાંતિનાથ ભગવાનની ભક્તિમાં જ વિશ્રાન્ત થાય છે; કેમ કે ભગવાન શાંતિનાથનું નામ ચિત્તમાં શાંતરસ ઉત્પન્ન કરીને ઉપદ્રવોના શમનનું પ્રબળ કારણ છે. વળી, શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળી જયાદેવી પણ જે જીવો શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળા છે તેઓના ઉપદ્રવોને શાંત કરવામાં યત્નવાળી છે, તેવી જયાદેવીની સ્તવનકારશ્રીએ સ્તુતિ કરી. જે જયાદેવી નમન કરતા એવા યોગ્ય જીવોના ઉપદ્રવોનું શમન કરીને શાંત રસને ઉત્પન્ન કરવાનું કારણ બને છે.

આ રીતે જયાદેવીની સ્તુતિનું પ્રયોજન બતાવીને શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય કરવા અર્થે સ્તવનકારશ્રી કહે છે –

તે શાંતિનાથ ભગવાનને હું અત્યંત નમસ્કાર કરું છું, જેથી મોહનો ઉપદ્રવ અત્યંત શાંત થાય જેના કારણે સર્વકલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૧૫॥**

**સૂત્ર :-**

**ઇતિ પૂર્વસૂરિદર્શિતમન્ત્રપદવિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ;**
**સલિલાદિભયવિનાશીશાન્ત્યાદિકરશ્ચ ભક્તિમતામ્ ॥૧૬॥**

**સૂત્રાર્થ :-**

**આ પ્રકારે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, પૂર્વ સૂરિઓ વડે બતાવાયેલ મંત્રો-પદોથી વિદર્ભિત= ગૂંથાયેલ, શાંતિનાથ ભગવાનનું સ્તવન ભક્તિમાન જીવોના સલિલાદિ ભયના વિનાશને કરનાર છે=જલાદિના ઉપદ્રવોથી થનારા ભયાદિનો નાશ કરનાર છે. અને શાંત્યાદિને કરનાર છે=ચિત્તની શાંતિ તુષ્ટિ, પુષ્ટિને કરનાર છે. ॥૧૬॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી પ્રસ્તુત શાંતિનાથ ભગવાનના સ્તવનનું માહાત્મ્ય બતાવતાં કહે છે. સ્તવનકારશ્રીએ જે શાંતિનાથ ભગવાનનું સ્તવન કર્યું છે તે સ્વમતિથી કર્યું નથી. પરંતુ પૂર્વસૂરિઓએ બતાવેલ મંત્રો-પદોથી ગૂંથીને કરેલ છે. તેથી પ્રસ્તુત સ્તવનમાં રહેલા મંત્રાક્ષરો પૂર્વસૂરિઓની પરંપરાથી પ્રાપ્ત થયેલા છે. વળી આ મંત્રાક્ષરવાળું સ્તવન સંસારી જીવોને જે પ્રકારના ભયો કોઈક રીતે પ્રાપ્ત થયા હોય તે ભયોને તત્કાલ શમન કરવા સમર્થ છે. વળી, શાંતિનાથ ભગવાન પ્રત્યે ભક્તિવાળા જીવો આ સ્તવનના બળથી પોતાને પ્રાપ્ત થતા ભયોનું નિવારણ કરીને ચિત્તની શાંતિ, ચિત્તને યોગમાર્ગને અનુકૂળ પુષ્ટિ, તુષ્ટિ વગેરે પ્રાપ્ત કરે છે. તેથી કલ્યાણના અર્થી માટે સર્વ પ્રકારના કલ્યાણનું પ્રબળ કારણ પ્રસ્તુત સ્તવ છે. **॥૧૬॥**

**સૂત્ર :-**

**યશ્ચૈનં પઠતિ સદા, શૃણોતિ ભાવયતિ વા યથાયોગમ્;**
**સ હિ શાન્તિપદં યાયાત્, સૂરિઃ શ્રીમાનદેવશ્ચ ॥૧૭॥**

**સૂત્રાર્થ :-**

**જે=જે પુરુષ, આને=પ્રસ્તુત એવા શાંતિનાથ ભગવાનના સ્તવને, સદા પોતાના સંયોગ અનુસાર ભણે છે, સાંભળે છે અથવા સંયોગ અનુસાર ભાવન કરે છે તે પુરુષ અને માનદેવસૂરિ શાંતિપદને પામે. ॥૧૭॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સ્તવનનું માહાત્મ્ય બતાવ્યા પછી તેને સમ્યગ્ રીતે બોલવાથી પોતાને શું પ્રાપ્ત થશે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જે મહાત્મા પોતાના સંયોગ અનુસાર શાંતિનાથ ભગવાનનું સ્તવન બોલે છે અને તે રીતે બોલે છે કે જેથી તે સ્તવનના ભાવોથી પોતાનો આત્મા ભાવિત થાય, જેથી સ્તવનના બળથી શાંતિનાથ ભગવાનના ગુણોમાં લીનતાની પ્રાપ્તિ કરે. જે મહાત્માની તેવી બોલવાની શક્તિ ન હોય તો સમ્યગ્ રીતે કોઈ બોલતુ

હોય તેને તે રીતે સાંભળે છે જેથી શાંતિનાથ ભગવાનના ગુણોમાં લીનતાની પ્રાપ્તિ થાય. તે મહાત્મા અને પ્રસ્તુત સ્તવનકારશ્રી માનદેવસૂરિ પ્રસ્તુત સ્તુતિના બળથી શાંતિપદને પ્રાપ્ત કરે. અર્થાત્ મોહના સર્વ ઉપદ્રવોથી ચિત્ત અત્યંત શાંત અવસ્થાને પામે તેવા શાંતિપદને પામે. એ પ્રકારે સ્તવનકારશ્રી અભિલાષ કરે છે; કેમ કે જે ગુણોમાં જે પુરુષ લીન થાય છે તે ગુણો તેનામાં આવિર્ભાવ પામે છે. **॥૧૭॥**

**સૂત્ર :-**

**ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિધન્તે વિઘ્નવલ્લયઃ;**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૧૮॥**

**સૂત્રાર્થ :-**

**ઉપસર્ગો ક્ષયને પામે છે. વિઘ્નોની વેલડીઓ છેદાય છે. મન પ્રસન્નતાને પામે છે.**

શેનાથી આ સર્વ થાય છે ? તેથી કહે છે –

**પૂજ્યમાન જિનેશ્વર હોતે છતે આ સર્વ થાય છે. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

સ્તવનકારશ્રી પ્રસ્તુત સ્તવમાં ભગવાનની સ્તુતિ કરીને ભગવાનની પૂજા કરે છે. જ્યારે ભગવાન યોગ્ય જીવથી પૂજાતા હોય ત્યારે એ યોગ્ય જીવમાં ભગવાનના ગુણોમાં જે પ્રકારના સૂક્ષ્મ બોધપૂર્વકની લીનતા વર્તે છે તેને અનુરૂપ તે જીવોમાં ઉપસર્ગને પ્રાપ્ત કરાવનાર કર્મક્ષય પામે છે. તેથી, કોઈક રીતે પ્રાપ્ત થયેલા રોગાદિ ઉપસર્ગો હોય તોપણ ભગવાનની ભક્તિથી નાશ પામે છે. વળી, જે પ્રકારની ભગવાનની ભક્તિમાં લીનતા વર્તે છે તેને અનુરૂપ વિઘ્નની વેલડીઓ છેદાય છે; કેમ કે પૂર્વમાં બંધાયેલા વિઘ્ન આપાદક કર્મને કારણે જીવને વિઘ્નોની પરંપરાની પ્રાપ્તિ થાય છે. વિઘ્નો આપાદક કર્મોના નિષ્પાદક ભાવોથી વિરુદ્ધ એવા વીતરાગના ગુણોમાં લીનતાનો પરિણામ હોવાથી તે વિઘ્ન આપાદક કર્મોનો નાશ થાય છે. તેથી વિઘ્નોની વેલડીઓ છેદાય છે. વળી જેમ જેમ ભગવાનની ભક્તિમાં ચિત્ત લીનતાને પામે છે તેમ તેમ મન પ્રસન્નતાને પામે છે. તે સ્વસંદેન પ્રત્યક્ષ છે તેથી ઉપસર્ગોથી આત્માનું રક્ષણ કરવાના અર્થીએ, વિઘ્નોથી આત્માને દૂર કરવાના અર્થીએ અને મનની સ્વસ્થતાના સુખના અર્થીએ સર્વ ઉદ્યમથી જિનેશ્વરના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેની સ્તુતિ દ્વારા તેમાં લીન થવા યત્ન કરવો જોઈએ. **॥૧૮॥**

**સૂત્ર :-**

**સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણમ્;**
**પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૧૯॥**

**સૂત્રાર્થ :-**

**સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વકલ્યાણોનું કારણ અને સર્વધર્મોમાં પ્રધાન એવું જિન સંબંધી શાસન જય પામે છે. ॥૧૯॥**

**ભાવાર્થ :-**

જિનનું શાસન એટલે સર્વ જીવોને જિનતુલ્ય થવાને ઉચિત દિશા બતાવનાર સર્વજ્ઞનું વચન છે. સર્વજ્ઞનું દરેક વચન જીવને વીતરાગ તુલ્ય થવાની સૂક્ષ્મ સૂક્ષ્મતર દિશા બતાવનાર છે. તેથી જે જીવમાં જેટલું ભગવાનનું શાસન સમ્યક્ પરિણામનું પામે તેટલા અંશમાં તે જીવના સર્વ પ્રકારના મંગલને કરનારું ભગવાનનું શાસન બને છે. તેથી અન્ય સર્વ મંગલ કરતાં શ્રેષ્ઠ કોટિનું મંગલ ભગવાનનું શાસન છે; કેમ કે અન્ય દ્રવ્ય મંગલો બાહ્યકાર્યની સિદ્ધિને કરનારાં બને છે. જ્યારે હૈયામાં પરિણમન પામેલું ભગવાનનું વચન સર્વપ્રકારના કલ્યાણને કરનારું બને છે. માટે સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ છે. વળી, ભગવાનનું શાસન જેના હૈયામાં પરિણમન પામે છે. તે જીવો સદ્ગતિઓની પરંપરા દ્વારા ભગવાન તુલ્ય સિદ્ધ અવસ્થાને પામે છે. તેથી ભગવાનનું શાસન સર્વકલ્યાણનું કારણ છે. વળી, જગતવર્તી જે કોઈ ધર્મ વર્તે છે. તે સર્વધર્મમાં ભગવાનનો બતાવેલો ધર્મ પ્રધાન છે; કેમ કે સર્વદૃષ્ટિકોણથી યથાર્થ માર્ગ બતાવનાર હોવાથી આત્મામાં શ્રેષ્ઠકોટિના ધર્મની નિષ્પત્તિનું કારણ છે અને તેવું ભગવાનનું શાસન જય પામે છે. અર્થાત્ જગતમાં વિસ્તાર પામે છે. **॥૧૯॥ ॥૪૭॥**

# ૪૮. શ્રી ચઉક્કસાય સૂત્ર

**સૂત્ર :-**

**ચઉક્કસાયપડિમલ્લૂલૂરણુ, દુજ્જયમયણબાણમુસુમૂરણુ;**
**સરસપિયંગુવણ્ણુ ગયગામિઉ, જયઉ પાસુ ભુવણત્તયસામિઉ ॥૧॥**
**જસુ તણુકંતિકડપ્પસિણિદ્ધઉ, સોહઇ ફણિમણિકિરણાલિદ્ધઉ;**
**નંનવજલહરતડિલ્લયલંછિઉ, સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ ॥૨॥**

**સૂત્રાર્થ :-**

**ચાર કષાયરૂપ પ્રતિમલ્લનું ત્રોટન કરનારા=આત્માને સાધના કરવામાં વિઘ્ન કરનારા એવા ચાર કષાયરૂપ પ્રતિમલ્લનો નાશ કરનારા, દુર્જય એવા મદનના બાણને ભંજન કરનાર=સંસારી જીવોને જીતવા દુષ્કર એવા કામની પરિણતિરૂપ મદનના બાણને નાશ કરનારા, સરસ એવા પ્રિયંગુ જેવા વર્ણવાળા, ગજગામી=હાથી જેવી સુંદર ચાલવાળા ત્રણ ભુવનના સ્વામી પાર્શ્વનાથ ભગવાન જય પામો. ॥૧॥**

**જેમની શરીરની કાંતિનો સમુદાય સ્નિગ્ધ છે ફણીના મણિનાં કિરણોથી આશ્લિષ્ટ=ઉપસર્ગકાળમાં ધરણેન્દ્રએ નાગની ફણા ધારણ કરીને પાર્શ્વનાથ ભગવાનનું રક્ષણ કરેલ ત્યારે તે ધરણેન્દ્રના**

**ફણીના મણિનાં કિરણોથી આશ્લિષ્ટ, શોભે છે. ખરોખર નવા જલધરની=નવા મેઘની, તડીલ્લતાથી લાંછિત=વીજળીઓથી શોભતા, તે જિન પાર્શ્વનાથ વાંછિતને આપો. ।।૨।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત સૂત્ર પ્રતિક્રમણ પારતી વળતે શ્રાવકો પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપે બોલે છે. પાર્શ્વનાથ ભગવાન ઉપર જ્યારે કમઠ મહાઉપસર્ગ કરી રહ્યો છે અને વરસાદથી ભગવાનને ઉપદ્રવ કરીને જાણે તેમના વિનાશ માટે પ્રયત્ન ન કરતો હોય તે રીતે યત્ન કરે છે તે વખતે ભગવાન કેવા અંતરંગ પરિણામવાળા છે, કેવા દેહવાળા છે ? ઇત્યાદિ બતાવીને ગાથા બે દ્વારા ઉપદ્રવકાળની ભગવાનની અવસ્થા અને ધરણેન્દ્ર દ્વારા રક્ષણ કરાયેલી અવસ્થાની ઉપસ્થિતિ થાય તે રીતે સ્તુતિ કરે છે.

ભગવાનના ઉપદ્રવકાળમાં અંતરંગ ક્રોધ, માન માયા, લોભરૂપ જે ચાર કષાય આત્માના પ્રતિમલ્લ છે અર્થાત્ આત્માની સામે યુદ્ધ કરી આત્માનો વિનાશ કરી રહ્યા છે તેવા પ્રતિમલ્લને નાશ કરનારા ભગવાન હતા; કેમ કે અત્યારસુધી પ્રતિમલ્લ એવા ચાર કષાય તેમના આત્માને કનડગત કરીને સંસારના પરિભ્રમણનું કારણ થયા હતા. પરંતુ ચરમભવમાં ભગવાને તે શત્રુને સારી રીતે ઓળખી લીધા છે અને તેમનો નાશ કરવામાં સમર્થ વીર્યવાળા થયા છે, તેથી ધ્યાન દ્વારા અંતરંગ ચાર કષાયોનો સતત નાશ કરી રહ્યા છે.

વળી, કામનાં બાણો સંસારી જીવોને માટે દુર્જય છે અને ભગવાનને પણ અત્યારસુધી પૂર્વના ભવોમાં તે કામનાં બાણો પીડા કરતાં હતાં. હજુ ભગવાન વીતરાગ થયા નથી તેથી અંતરંગ રીતે વેદનો ઉદય વર્તે છે જે કામનાં બાણોનું જ કાર્ય કરે છે. છતાં ભગવાન ધ્યાન દ્વારા મહાપરાક્રમ કરીને તે કામનાં બાણોનો વિનાશ કરી રહ્યા છે. આથી જ ધ્યાનના બળથી ભગવાનનો વેદનો ઉદય ક્ષીણ, ક્ષીણતર થઈ રહ્યો છે.

આ રીતે ભગવાનનું અંતરંગ સ્વરૂપ બતાવ્યું કે ચાર કષાયોનો નાશ કરી રહ્યા છે અને વેદના ઉદયનો નાશ કરી રહ્યા છે. હવે ભગવાનનો દેહ તે વખતે સુંદર પ્રિયંગુ વર્ણવાળો છે તેની ઉપસ્થિતિ કરે છે –

ભગવાનની ચાલ ગજના જેવી સુંદર છે જેથી ભગવાન ચાલતા હોય તો સુંદર વર્ણવાળા અને સુંદર ચાલવાળા દેખાય છે. ભગવાન ત્રણ ભુવનના સ્વામી છે તેવા દેખાય છે; કેમ કે ત્રણેય ભુવનના દેવો વિગેરે તેઓની ભક્તિ કરી રહ્યા છે. આવા પાર્શ્વનાથ ભગવાન જય પામો તેમ કહીને તેવા ઉત્તમ પુરુષ એવા પાર્શ્વનાથ પ્રભુ પ્રત્યે ભક્તિની વૃદ્ધિ શ્રાવક કરે છે.

વળી, ભગવાન ઉપર જ્યારે ઉપસર્ગ ચાલતો હતો તે વખતે ભગવાનની દેહની કાંતિનો સમૂહ અતિસ્નિગ્ધ હતો અને ધરણેન્દ્રે ભગવાનના મસ્તકે ફણા ધારણ કરી ત્યારે ધરણેન્દ્રની ફણામાં રહેલા મણિનાં કિરણોથી આશ્લેષવાળો ભગવાનનો દેહ શોભાયમાન હતો. વળી, તે વખતે કમઠનો જીવ મેઘમાળી દેવ જે ઉપસર્ગ કરતો હતો તેના કારણે વીજળીના ચમકારાઓ અને ધોધમાર વરસાદ ભગવાન ઉપર વરસતો હતો, તેથી નવા વાદળાના અને વીજળીના ચમકારાથી શોભાયમાન ભગવાનનો દેહ દેખાતો હતો તેવી ઉપસ્થિતિ કરીને તેવા પાર્શ્વનાથ ભગવાન પોતાને વાંછિત આપો તે પ્રકારે પ્રસ્તુત સૂત્રથી શ્રાવક પ્રાર્થના કરે છે અર્થાત્

ભગવાન જેમ મહાપરાક્રમ ફોરવીને મોહનો નાશ કરી રહ્યા છે તેમ તમારામાં પણ તેવી ઉત્તમ શક્તિનું આધાન થાય તેવું વાંછિત ફળ ભગવાન તમે આપો એ પ્રમાણે પ્રસ્તુત સ્તુતિ દ્વારા શ્રાવક પ્રાર્થના કરે છે. ॥૪૮॥

❖

## ૪૯. શ્રી ભરહેસરની સજ્ઝાય સૂત્ર

**સૂત્ર :-**

**ભરહેસરબાહુબલી, અભયકુમારો અ ઢંઢણકુમારો;**
**સિરિઓ અણિઆઉત્તો, અઇમુત્તો નાગદત્તો અ ॥૧॥**
**મેઅજ્જ થૂલભદ્દો, વયરરિસિ નંદિસેણ સીહગિરિ;**
**કયવન્નો અ સુકોસલ, પુંડરિઓ કેસિ કરકંડુ ॥૨॥**
**હલ્લ-વિહલ્લ સુદંસણ, સાલ-મહાસાલ-સાલિભદ્દો અ;**
**ભદ્દો દસન્નભદ્દો, પસન્નચંદો અ જસભદ્દો ॥૩॥**
**જંબુપહુ વંકચૂલો, ગયસુકુમાલો અવંતિસુકુમાલો;**
**ધન્નો ઇલાઇપુત્તો, ચિલાઇપુત્તો અ બાહુમુણી ॥૪॥**
**અજ્જગિરિ અજ્જરક્ખિઅ, અજ્જસુહત્થિ ઉદાયગો મણગો;**
**કાલયસૂરિ સંબો, પજ્જુન્નો મૂલદેવો અ ॥૫॥**
**પભવો વિન્હુકુમારો, અદ્દકુમારો દઢપ્પહારી અ;**
**સિજ્જંસ કૂરગડુ અ, સિજ્જંભવ મેહકુમારો અ ॥૬॥**
**એમાઇ મહાસત્તા, દિંતુ સુહં ગુણગણેહિં સંજુત્તા;**
**જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયં જંતિ ॥૭॥**
**સુલસા ચંદણબાલા, મણોરમા મયણરેહા દમયંતી;**
**નમયાસુંદરી સીયા, નંદા ભદ્દા સુભદ્દા ય ॥૮॥**
**રાઇમઇ રિસિદત્તા, પઉમાવઈ અંજણા સિરિદેવી;**
**જિટ્ઠ સુજિટ્ઠ મિગાવઇ, પભાવઇ ચિલ્લણાદેવી ॥૯॥**
**બંભી સુંદરી રુપ્પિણી, રેવઈ કુંતી સિવા જયંતી ય;**
**દેવઈ દોવઈ ધારિણી, કલાવઈ પુપ્ફચૂલા ય ॥૧૦॥**

**પઉમાવઈ ય ગોરી, ગંધારી લક્ખમણા સુસીમા ય;**
**જંબૂવઈ સચ્ચભામા, રુપ્પિણી કણ્હટ્ઠ મહિસીઓ ॥૧૧॥**
**જક્ખા ય જક્ખદિન્ના, ભૂઆ તહ ચેવ ભૂઅદિન્ના ય;**
**સેણા વેણા રેણા, ભઇણીઓ થૂલભદ્દસ્સ ॥૧૨॥**
**ઇચ્ચાઇ મહાસઇઓ, જયંતિ અકલંકસિલકલિઆઓ;**
**અજ્જવિ વજ્જઇ જાસિં, જસ પડહો તિહુઅણે સયલે ॥૧૩॥**

**સૂત્રાર્થ :-**

**ભરત મહારાજા આદિ ઉત્તમપુરુષોનાં ગાથા-૬ સુધી નામો પ્રસ્તુત સજ્ઝાયમાં આપેલ છે. ગાથા-૭થી કહે છે કે આ વગેરે મહાસત્ત્વશાળી જીવો જેઓ ગુણના સમુદાયથી સંયુક્ત છે અને જેઓના નામગ્રહણમાં પાપના પ્રબંધનો નાશ થાય છે તેઓ સુખને આપો. ત્યારપછી ગાથા-૮થી ૧૨ સુધી ઉત્તમ શીલસંપન્ન સ્ત્રીઓનાં નામો આપેલ છે અને ગાથા-૧૩માં કહે છે કે આ વગેરે મહાસતીઓ જેઓ કલંક વગરના શીલથી કલિત છે, જેઓનો યશનો પડલ ત્રણ લોકમાં આજે પણ વિદ્યમાન છે તેઓ જય પામે છે. ॥૧ થી ૧૩॥**

**ભાવાર્થ :-**

ઉત્તમપુરુષોનાં ચરિત્રોનો સંક્ષિપ્ત બોધ કરીને તે મહાત્માઓએ કઈ રીતે સંસારના ઉચ્છેદ માટે મહાપરાક્રમ ફોરવેલ છે ? તેનું સ્મરણ તે તે મહાત્માના નામ દ્વારા અતિ સંક્ષેપથી ઉપસ્થિત થાય તે રીતે ગાથા છ સુધી કહેલા તે તે ઉત્તમપુરુષોનાં નામોને યાદ કર્યા પછી જ્યારે ગાથા ૭માં પ્રતિસંધાન કરાય છે કે આ બધા ઉત્તમપુરુષો મોહની સામે લડવા માટે મહાસાત્ત્વિક હતા. આથી જ અપ્રમાદભાવથી ભગવાનના શાસનને સેવીને ગુણોના સમુદાયથી સંયુક્ત થયેલા હતા. આવા ઉત્તમપુરુષોનું તે પ્રકારનું મહાસાત્ત્વિક સ્વરૂપ ઉપસ્થિત કરવાથી તે તે પ્રકારના સત્ત્વને અનુકૂળ પોતાના વીર્યનો સંચય થાય છે તથા શક્તિના પ્રકર્ષથી પોતે પણ જિનવચનને સેવી શકે તેમાં બાધક જે પાપો પોતાનામાં વિદ્યમાન છે તે વિલય પામે છે.

મહાસાત્ત્વિક આદિ ગુણોવાળા તે તે પુરુષોને તે તે સ્વરૂપે ઉપસ્થિત કરીને સજ્ઝાય બોલનાર મહાત્માઓ 'તેઓ અમને સુખ આપો' તે પ્રકારની પ્રાર્થના કરવા દ્વારા પોતે પણ સુખપૂર્વક સ્વભૂમિકા અનુસાર મોહનો નાશ કરવા સમર્થ બને તે પ્રકારનો યત્ન કરે છે. તેથી જે મહાત્મા દૃઢ પ્રણિધાનપૂર્વક ઉત્તમપુરુષોનાં નામો ગ્રહણ કરે છે તેવા મહાત્માઓમાં પણ સ્વભૂમિકાનુસાર સંસારના ઉચ્છેદને અનુકૂળ મહાસત્ત્વ પ્રગટ થાય છે.

આ રીતે ઉત્તમપુરુષોના નામસ્મરણ દ્વારા આત્મબળસંચય કર્યા પછી કર્મોને પરવશ સ્ત્રીભાવ પામેલ છતાં મહાસત્ત્વશાળી નિષ્કલંક શીલવાળી મહાસતીઓ પ્રત્યે ભક્તિનો અતિશય કરીને તેઓના નામસ્મરણ દ્વારા દુર્જય એવા કામને જીતવાની શક્તિના સંચય અર્થે ઉત્તમ સતી સ્ત્રીઓનાં નામોનું ગ્રહણ કરીને પ્રસ્તુત

સજ્ઝાય દ્વારા મહાત્મા ભાવન કરે છે કે તે ઉત્તમ સ્ત્રીઓ નિષ્કલંક શીલ પાળીને જગતમાં જય પામે છે અર્થાત્ ખ્યાતિને પામે છે માટે તેઓનું નામસ્મરણ કરીને હું પણ શીલબળની શક્તિનો સંચય કરું. ॥૪૯॥

❖

## ૫૦. શ્રી મન્હજિણાણંની સજ્ઝાય (શ્રાવકકૃત્ય) સૂત્ર

**અવતરણિકા :–**

શ્રાવક પોતાનાં નિત્યકૃત્યોનું સ્મરણ કરવાર્થે પ્રસ્તુત સજ્ઝાય બોલે છે –

**સૂત્ર :–**

**મન્હ જિણાણમાણં, મિચ્છં પરિહરહ ધરહ સમ્મત્તં;**
**છવ્વિહ આવસ્સયમ્મિ, ઉજ્જુત્તો હોઇ પઇદિવસં ॥૧॥**
**પવ્વેસુ પોસહવયં, દાણં સીલં તવો અ ભાવો અ;**
**સજ્ઝાય નમુક્કારો, પરોવયારો અ જયણા અ ॥૨॥**
**જિણપૂઆ જિણથુણણં, ગુરુથુઅ સાહમ્મિઆણ વચ્છલ્લં;**
**વવહારસ્સ ય સુદ્ધી, રહજત્તા તિત્થજત્તા ય ॥૩॥**
**ઉવસમવિવેગસંવર, ભાસાસમિઇ છજ્જીવ કરુણા ય;**
**ધમ્મિઅજણસંસગ્ગો, કરણદમો ચરણપરિણામો ॥૪॥**
**સંઘોવરિ બહુમાણો, પુત્થયલિહણં પભાવણા તિત્થે;**
**સડ્ઢાણકિચ્ચમેઅં, નિચ્ચં સુગુરુવએસેણં ॥૫॥**

**સૂત્રાર્થ :–**

**ભગવાનની આજ્ઞાને તું માન ! મિથ્યાત્વનો પરિહાર કર ! સમ્યક્ત્વને ધારણ કર ! છ આવશ્યકોમાં પ્રતિદિવસ તું ઉદ્યમવાળો થા ! ॥૧॥**

**વળી, પર્વદિવસોમાં પૌષધવ્રત, દાન-શીલ-તપ-ભાવ, સ્વાધ્યાય અને નમસ્કાર, પરોપકાર અને યતનાયુક્ત થા. ॥૨॥**

**જિનપૂજા, જિનસ્તવન, ગુરુસ્તવન, સાધર્મિકોનું વાત્સલ્ય, વ્યવહારની શુદ્ધિ, રથયાત્રા, તીર્થયાત્રા કર. ॥૩॥**

**ઉપશમ, વિવેક, સંવર, ભાષાસમિતિ, છ જીવની કરુણા, સાધર્મિક જનનો સંસર્ગ, કરણનું દમન=પાંચ ઇન્દ્રિયોનું દમન, કર અને ચરણનો= ચારિત્રનો, પરિણામ કર. ॥૪॥**

**સંઘ ઉપર બહુમાન, પુસ્તકનું લેખન, તીર્થમાં પ્રભાવના, એ=અત્યાર સુધી વર્ણન કર્યું એ, સુગુરુના ઉપદેશથી શ્રાવકોનું નિત્ય કૃત્ય છે. ।।૫।।**

**ભાવાર્થ :-**

શ્રાવક પ્રસ્તુત સ્વાધ્યાય દ્વારા પોતાના જીવનમાં શું શું ઉચિત કૃત્ય કરવાં જોઈએ ? તેનું સ્મરણ કરે છે અને તે પ્રકારે તે કૃત્યોને સેવીને સ્વભૂમિકાનુસાર સર્વવિરતિની શક્તિનો સંચય કરવા યત્ન કરે છે, જેથી દુષ્કર એવો આ સંસારસમુદ્ર સુખપૂર્વક તરી શકાય. ત્યાં પ્રથમભાવના કરે છે –

"હે આત્મા ! તું ભગવાનની આજ્ઞાને માન."

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાને દરેક જીવને પોતાની ભૂમિકાનુસાર અપ્રમાદ કરીને ઉત્તર ઉત્તરની ભૂમિકામાં જવાનો ઉપદેશ આપ્યો છે, તેથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે મને પણ ભગવાનની આજ્ઞા છે કે ક્ષણભર પ્રમાદ કર્યા વગર મારી શક્તિ અનુસાર મારે તે રીતે સર્વ પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી અંતરંગ કષાયો ક્ષીણ-ક્ષીણતર થાય, કષાય આપાદક કર્મો ક્ષીણ-ક્ષીણતર થાય અને અનાદિના સ્થિર થયેલા મોહના સંસ્કારો ક્ષીણ-ક્ષીણતર થાય. માટે તેના ઉપાયરૂપે મારે ભગવાનના શાસનના રહસ્યને શક્તિ અનુસાર જાણવા યત્ન કરવો જોઈએ જેથી તત્ત્વના વિષયમાં પ્રવર્તતું અજ્ઞાન ક્ષીણ ક્ષીણતર થાય. આ પ્રકારે સ્મૃતિ કરવાથી પોતાનામાં ભગવાનના વચન અનુસાર અપ્રમાદભાવ કરવાનો બળસંચય થાય છે.

વળી, શ્રાવક પોતાના આત્માને ઉદ્દેશીને કહે છે કે તું મિથ્યાત્વનો પરિહાર કર અને સમ્યક્ત્વને ધારણ કર.

આનાથી એ પ્રાપ્ત થાય કે મૂઢદૃષ્ટિને કારણે અત્યારસુધી મૂઢતાના બળથી જ અનંતકાળ પસાર થયો, હવે મૂઢતાનો ત્યાગ કરીને સંસારની વ્યવસ્થા કયા સ્વરૂપવાળી છે ? તેના નિસ્તારનો ઉપાય શું છે ? ઇત્યાદિ જિનવચન અનુસાર જાણીને તેના પ્રત્યેનો દૃઢ પક્ષપાત ઉત્તરોત્તર વૃદ્ધિ પામે અને અનાદિથી સેવાયેલ મૂઢતાનો અત્યંત પરિહાર થાય તેમ તું યત્ન કર; કેમ કે મૂઢતારૂપ મિથ્યાત્વને કારણે જ સંસારની સર્વ કદર્થના છે અને તત્ત્વના વાસ્તવિક સૂક્ષ્મ અવલોકનના કારણે યથાર્થ બોધરૂપ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તો જીવ માટે તે સર્વ કલ્યાણની પરંપરાનું કારણ બને છે માટે તેમાં તું યત્ન કર ! આ પ્રકારે ભાવન કરીને તત્ત્વને જોનારી સૂક્ષ્મદૃષ્ટિ સતત વૃદ્ધિ પામે તેવું સદ્વીર્ય શ્રાવક ઉલ્લસિત કરે છે.

વળી, શ્રાવક ભાવના કરે છે કે છ પ્રકારના આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યત થાઉં.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે જે ગુણોથી અને જે ભાવોથી છ આવશ્યકો ભગવાનને બતાવ્યાં છે તે ગુણોથી અને તે ભાવોથી છ આવશ્યકના સ્વરૂપને ઉપસ્થિત કરીને તે છ આવશ્યક તે રીતે સેવવાં જોઈએ કે જેનાથી અિશુદ્ધ છ આવશ્યક પ્રગટ કરવાને અનુકૂળ કંઈક કંઈક શક્તિ પ્રતિદિન વૃદ્ધિ પામે; કેમ કે અતિ સત્ત્વશાળી જીવો જ રાધાવેધ સાધક ઉપયોગથી યથાર્થ છ આવશ્યક કરીને આત્માને છ આવશ્યકમય પરિણતિવાળું નિષ્પન્ન કરી શકે છે. આવું સત્ત્વ પોતાનામાં ન હોય તોપણ વારંવાર તે છ આવશ્યકના

સ્વરૂપનો યથાર્થ બોધ કરવા યત્ન કરવો જોઈએ તથા અણિશુદ્ધ છ આવશ્યક કરવાના રાગને સ્થિર કરવો જોઈએ. તે લક્ષ્ય પ્રગટ ન થાય ત્યાં સુધી સતત તેને અનુકૂળ બળસંચય થાય તે રીતે મારે છ આવશ્યકો સેવવાં જોઈએ તેવો દૃઢ પ્રણિધાન શ્રાવકને થાય છે; કેમ કે આ છ આવશ્યકો જ પ્રકર્ષને પામીને વીતરાગનું કારણ હોવાથી સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ છે.

આ રીતે પ્રથમ ગાથા દ્વારા ભગવાનની આજ્ઞાને માનવાનો સંકલ્પ મિથ્યાત્વના પરિહારના સંકલ્પ અને સમ્યક્ત્વના ધારણનો સંકલ્પ અને છ આવશ્યકમાં અપ્રમાદનો સંકલ્પ કર્યા પછી અન્ય શું નિત્ય કૃત્ય શ્રાવકને છે ? તેનું સ્મરણ કરતાં કહે છે –

"શ્રાવકે પર્વદિવસોમાં પૌષધવ્રત કરવો જોઈએ." આ પ્રકારે વિચારવાથી શ્રાવકને ઉલ્લાસ થાય છે કે સર્વવિરતિને અનુકૂળ મહાવીર્યના સંચયને અનુકૂળ યત્ન કરીને મારે સાધુની જેમ સંપૂર્ણ નિર્વ્યાપારવાળા થઈને અસ્ખલિત કષાયોનો ઉચ્છેદ થાય તે રીતે દૃઢ પ્રણિધાનપૂર્વક મન-વચન-કાયાની ગુપ્તિ રાખીને જિનવચનથી આત્માને તે રીતે વાસિત કરવો જોઈએ કે જેથી પૌષધ દરમ્યાન ત્રણ ગુપ્તિનો પરિણામ સ્થિર-સ્થિરતર થાય; કેમ કે અગુપ્તિના પરિણામથી જ સંસારના પદાર્થો સાથે સંશ્લેષ થાય છે અને તેનાથી જ સર્વ વિડંબના થાય છે. મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિના પરિણામથી જ સંસારના સંશ્લેષનો ઉચ્છેદ થાય છે અને સંપૂર્ણ અસંગભાવને અભિમુખ શક્તિનો સંચય થાય તેવા ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે. માટે પર્વ દિવસોમાં પૌષધવ્રત ગ્રહણ કરીને મારે મારા આત્માનું હિત સાધવું જોઈએ, આ પ્રકારે શ્રાવકને ઉપસ્થિતિ થાય છે.

વળી, શ્રાવકે દાન-શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ પ્રતિદિન સ્વશક્તિ અનુસાર સેવવો જોઈએ; કેમ કે શ્રાવક ભોગાદિનો અર્થી છે. તેથી ધનસંચય કરે છે અને તે ધનસંચયનું સાફલ્ય તીર્થંકરોની ભક્તિ, સુસાધુઓની ભક્તિ કે ઉત્તમપુરુષોની ભક્તિ કરવાથી થાય છે. તેથી શ્રાવકે પોતાને પ્રાપ્ત થયેલા ધનને તે રીતે ઉચિત ભગવદ્ભક્તિમાં વ્યય કરવો જોઈએ, જેથી ઉત્તમપુરુષોના ભક્તિના પ્રકર્ષથી પોતાનામાં પણ તેવી ઉત્તમતાને અનુકૂળ બળસંચય થાય. આથી જ વિવેકપૂર્વક કરાયેલું શ્રાવકનું દાન પોતાને પણ જન્માંતરમાં કે આ ભવમાં સર્વવિરતિનું કારણ બને છે અને અનેક યોગ્ય જીવોને બીજાધાન આદિ દ્વારા સંસારના ઉચ્છેદનું કારણ બને છે. તેથી વિવેકપૂર્વકનો દાનધર્મ શ્રાવકનું નિત્ય કૃત્ય છે.

વળી, શ્રાવક સર્વવિરતિનો અત્યંત અર્થી છે છતાં સર્વવિરતિની શક્તિ નથી તેથી સ્વશક્તિ અનુસાર દેશવિરતિને ગ્રહણ કરીને તે દેશવિરતિરૂપ શીલને એ રીતે પાળવું જોઈએ કે જેથી તે શીલ ઉત્તમ સંસ્કારોના આધાન દ્વારા અવશ્ય સર્વવિરતિનું કારણ બને. આથી જ વિવેકી શ્રાવકો નિત્ય સાધુસામાચારીને જાણવા યત્ન કરે છે અને તે મહાત્માઓ કઈ રીતે સાધ્વાચારના પાલન દ્વારા અસંગભાવના સુખની સતત વૃદ્ધિ કરે છે ? તેના પરમાર્થનું સદા ભાવન કરે છે.

વળી, શ્રાવકે પોતાની શક્તિને અનુસાર સ્વાધ્યાય આદિ અંતરંગ તપ અને ઉપવાસ આદિ બહિરંગ તપ સેવવો જોઈએ. જેથી ભોગાદિની લાલસા અલ્પ-અલ્પતર થાય. વળી, ભગવાનના વચનથી ભાવિત થવાને કારણે નિર્લેપતાનો ભાવ વૃદ્ધિ થાય તે રીતે તપ સેવવો જોઈએ.

વળી, શ્રાવકે ઉચિત કાળે અનિત્ય આદિ બાર ભાવનાઓ અને મૈત્રી આદિ ચાર ભાવનાઓને તે રીતે ભાવન કરવી જોઈએ કે જેથી સંસારનું વાસ્તવિક સ્વરૂપ સદા ઉપસ્થિત રહે, પોતાની અશરણતાનું સતત ભાન રહે અને તે અશરણ અવસ્થામાં ભગવાનનો ધર્મ જ શરણ છે તેવી બુદ્ધિ સ્થિર થાય. મૈત્રી આદિ ભાવો દ્વારા ચિત્તને એ રીતે વાસિત કરવું જોઈએ કે જેથી જીવ માત્ર સાથે ઉચિત પ્રવૃત્તિ કરે તેવા ઉત્તમ ચિત્તની પોતાને પ્રાપ્તિ થાય.

આ રીતે, દાન-શીલ-તપ અને ભાવમાં શ્રાવકે સ્વભૂમિકા અનુસાર સતત ઉદ્યમ કરવો જોઈએ. વળી સ્વાધ્યાયમાં, નમસ્કારસ્મરણમાં, પરોપકારમાં યત્ન કરવો જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે શક્તિ અનુસાર નવું નવું અધ્યયન કરવું જોઈએ. પંચપરમેષ્ઠિરૂપ નમસ્કારના ગુણોનું સ્મરણ કરીને તેનાથી આત્માને વાસિત કરવા સતત દૃઢ પ્રણિધાનપૂર્વક અર્થમાં ઉપયુક્ત થઈને નવકાર આદિનો જાપ કરવો જોઈએ, જેથી સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય થાય.

વળી શ્રાવકે શક્તિ અનુસાર યોગ્ય જીવોને ધર્મની પ્રાપ્તિ થાય તે રીતે પરોપકાર કરવો જોઈએ અને સ્વભૂમિકા અનુસાર જીવોની દયાનું પાલન થાય તે રીતે યતનાપૂર્વક સર્વપ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી જયણાના પરિણામને કારણે ગૃહસ્થજીવનના આરંભના કાળમાં પણ પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય.

વળી શક્તિ અનુસાર લોકોત્તમ એવા તીર્થંકરની પૂજા કરવી જોઈએ, લોકોત્તમ એવા તીર્થંકરોના ગુણગાનનું સ્તવન કરવું જોઈએ અને મોહની સામે સુભટની જેમ લડનારા સુસાધુઓના ગુણોની સ્તુતિ કરવી જોઈએ અને સદા ભાવન કરવું જોઈએ કે આ મહાત્માઓનો જ મનુષ્યભવ સફળ છે કે જેથી સર્વ શક્તિથી સંસારના ઉચ્છેદ માટે યત્ન કરી રહ્યા છે.

વળી, સાધર્મિકો પ્રત્યે વાત્સલ્યભાવ ધારણ કરવો જોઈએ અર્થાત્ સુસાધુપણાની પ્રાપ્તિના અર્થી એવા શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રત્યે ભક્તિભાવ ધારણ કરવો જોઈએ અને સદા શક્તિ અનુસાર તેઓની પણ ભક્તિ કરવી જોઈએ. જેથી તેઓમાં વર્તતા ગુણો પ્રત્યે રાગ વધે, જેના બળથી પોતાનામાં પણ ગુણની વૃદ્ધિ થાય.

વળી, શ્રાવકે વ્યવહારની શુદ્ધિ કરવી જોઈએ અર્થાત્ ન્યાય-નીતિ-સદાચારપૂર્વક જીવન જીવવું જોઈએ. જેથી અશુદ્ધ વ્યવહારના કારણે ચિત્તમાં મલિનતા ન થાય, લોકમાં ભગવાનના શાસનની હિલના ન થાય અને સર્વત્ર ઉચિત વ્યવહારના પાલનના કારણે ઘણા યોગ્ય જીવોને માર્ગની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પોતાની શક્તિ અનુસાર રથયાત્રા કરવી જોઈએ જેનાથી ભગવાન પ્રત્યેના પૂજ્યભાવની વૃદ્ધિ થાય છે. વળી, વિશેષ પ્રકારના વિવેકપૂર્વકની રથયાત્રાને જોઈને યોગ્ય જીવોને ભગવાનના શાસન પ્રત્યે બહુમાન થાય છે, જેનાથી તેઓમાં પણ બીજાધાન થાય છે, જે સ્વ-પરના કલ્યાણનું પ્રબળ કારણ છે.

વળી, શ્રાવકે સ્વશક્તિ અનુસાર તીર્થયાત્રા કરવી જોઈએ કે જે સ્થાનોમાં તીર્થંકર આદિનાં કલ્યાણકો હોય. તે તીર્થસ્થાનના દર્શનથી તે ભગવાનના કલ્યાણકનું સ્મરણ થવાથી ભગવાન પ્રત્યેના પૂજ્યભાવની

વૃદ્ધિ થાય છે અને આ પવિત્ર ભૂમિને ભગવાનના ચરણનો સ્પર્શ થયો છે, તેવું સ્મરણ થવાથી તે ભૂમિના દર્શનથી પણ તીર્થંકર પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે, જે સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે.

વળી, શ્રાવકે સ્વભૂમિકાનુસાર ઉપશમ, વિવેક અને સંવરમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ પોતાનામાં જે કષાયો વિદ્યમાન છે તેની અનર્થકારિતા ભાવન કરીને તે કષાયોનો ઉચ્છેદ થાય તે પ્રકારે ક્ષમાદિ ગુણોમાં યત્ન કરવો જોઈએ, કે જેથી પોતાનામાં વર્તતો ઉપશમભાવ અધિક અધિક થાય. આથી જ જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ક્ષમા, માર્દવ, આર્જવ, નિરીહિતારૂપ ભાવોના સ્વરૂપનું ચિંતવન કરીને, તે ભાવો પ્રત્યેની રાગની વૃદ્ધિ થાય તેવો યત્ન કરવો જોઈએ, જેથી ક્રોધાદિ કષાયોનો ઉપશમ થાય.

વળી, વેદનો ઉદય અને હાસ્યાદિરૂપ નોકષાયનું પણ સ્વરૂપ ચિંતવન કરીને નોકષાયની શક્તિ ક્ષીણ થાય તે પ્રકારે સદા નોકષાયની અનર્થકારિતાનું ભાવન કરવું જોઈએ, જેથી ઉત્તમભાવની વૃદ્ધિ થાય. વળી, શરીર, દેહ ધન-ધાન્યાદિથી મારો આત્મા પૃથક્ છે, વળી સર્વ જીવો કરતાં મારો આત્મા પૃથક્ છે, ફક્ત વીતરાગ પરિણતિવાળા જ્ઞાનસ્વભાવરૂપ મારો આત્મા છે તે પ્રકારે સૂક્ષ્મ-સૂક્ષ્મતર ચિંતવન કરીને ભેદજ્ઞાનરૂપ વિવેકમાં યત્ન કરવો જોઈએ.

વળી, સંવરમાં અર્થાત્ મન-વચન-કાયાને બાહ્ય ભાવોથી પરાઙ્મુખ કરીને આત્મભાવોમાં સ્થિર કરવાના યત્ન સ્વરૂપ સંવરભાવમાં, યત્ન કરવો જોઈએ.

વળી, શ્રાવકે કોઈક પ્રસંગે બોલવાનું પ્રયોજન હોય તો ભાષાસમિતિમાં યત્ન કરવો જોઈએ અર્થાત્ કોઈ પ્રકારના નિરર્થક પ્રલાપ કરીને વચનયોગ દ્વારા કર્મબંધ ન થાય તે પ્રકારે આત્મામાં સ્થિર પરિણામો થાય તે રીતે ભાષાસમિતિનું સ્વરૂપ ચિંતવન કરીને આત્માને ભાવિત કરવો જોઈએ, જેથી શ્રાવકની મર્યાદા અનુસાર ભાષાસમિતિનું પાલન થાય.

વળી, શ્રાવકે છ કાયના જીવોની કરુણા કરવી જોઈએ અર્થાત્ સદા વિચારવું જોઈએ કે સંસારી જીવો કર્મને વશ અનેક જાતની પીડાઓ પામી રહ્યા છે. હું શું કરું કે જેથી મારા પ્રયત્નથી તે જીવોને પીડા ન થાય ? અર્થાત્ અન્યોના પ્રાણોનો નાશ ન થાય અને અન્યને ક્રોધ આદિ કષાયનો ઉદ્રેક ન થાય. આ પ્રકારે ભાવનાથી આત્માને ભાવિત કરીને જે શ્રાવક ગૃહસ્થ-આચાર પાળે છે તે શ્રાવક શક્તિ અનુસાર પૃથ્વીકાય આદિના પણ રક્ષણ માટે અવશ્ય યત્ન કરે છે, જેથી શ્રાવકનું ચિત્ત સદા દયાળુ સ્વભાવવાળું રહે છે.

વળી, શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર ધાર્મિક જીવોનો સંસર્ગ કરવો જોઈએ. જેથી તેઓની સાથે ધર્મની ચર્ચા દ્વારા સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ થાય અને ઉત્તરોત્તરની ભૂમિકામાં જવાને અનુકૂળ ઉચિત પ્રેરણાની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પોતાની પાંચ ઇન્દ્રિયરૂપ કરણનું દમન કરવું જોઈએ અર્થાત્ પોતાની ઇન્દ્રિયોને નિરર્થક વિષયોમાં પ્રવર્તાવીને વિકારોની વૃદ્ધિ થાય તો અહિતની પ્રાપ્તિ થશે તે પ્રકારે ભાવન કરીને સદા ચિત્તમાં ઉઠતા ઇન્દ્રિયોના કોલાહલને શાંત કરવો જોઈએ, જેથી શાંતરસની પ્રાપ્તિ થાય.

વળી, શ્રાવકે પોતાની ભૂમિકા અનુસાર ઉત્તરોત્તરની ભૂમિકા દ્વારા ચારિત્રના પરિણામની પ્રાપ્તિ કરે તેવા શક્તિસંચય અર્થે સુભટની જેમ મોહની સામે લડતા, પાંચ ઇન્દ્રિયો અને મનનો સંવર કરીને અને છ કાયના પાલન અર્થે કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ સર્વ કાયિક ક્રિયા કરતા ભાવસાધુનું સ્વરૂપ સ્મૃતિમાં લાવીને તેવા ચારિત્ર પ્રત્યે રાગ ઉલ્લસિત થાય તેવો સદા યત્ન કરવો જોઈએ, જેથી સુખપૂર્વક સર્વ સાવદ્યની વિરતિરૂપ ભાવચારિત્રની પ્રાપ્તિ સુલભ બને.

વળી, શ્રાવકે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ જિનવચન અનુસાર ચાલનારા સંઘ ઉપર બહુમાન ધારણ કરવું જોઈએ. શ્રાવકે વિચારવું જોઈએ કે ભગવાનના શાસનને પામીને સંઘવર્તી આ જીવો સતત સ્વભૂમિકા અનુસાર સંસારનો ઉચ્છેદ કરવા યત્ન કરી રહ્યા છે માટે તેઓનું જીવન સફળ છે. આ રીતે સંઘ ઉપર બહુમાન કરવાથી સંઘ અંતર્ગત સર્વ જીવોની ઉત્તમ ભક્તિનું ફળ મળે છે.

વળી શ્રાવકે જિનવચન અનુસાર યોગમાર્ગને સ્પર્શનારા ઉત્તમ ગ્રંથોનું લેખન કરવું જોઈએ અને શક્તિ અનુસાર બીજા પાસે લેખન કરાવવું જોઈએ જેથી યોગમાર્ગ પ્રત્યે અને યોગમાર્ગને કહેનારા જિનવચન પ્રત્યે ભક્તિનો અતિશય થાય.

વળી, શ્રાવકે તીર્થક્ષેત્રમાં પ્રભાવના કરવી જોઈએ અર્થાત્ ઘણા જીવોને ધર્મની પ્રાપ્તિ થાય તે પ્રકારે ઉચિત કૃત્ય કરવું જોઈએ જેથી તીર્થસ્થાન પ્રત્યેના બહુમાનભાવ અને લોકોને ધર્મની પ્રાપ્તિ થાય તેવા ઉત્તમ આશયની વૃદ્ધિ થાય.

આ સર્વ કૃત્યો સુગુરુના ઉપદેશ અનુસાર શ્રાવકોએ હંમેશાં કરવાં જોઈએ જેથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય અને પ્રાપ્ત થયેલ મનુષ્યભવ સફળ બને. ॥૫૦॥

❖

## ૫૧. શ્રી સકલતીર્થ (તીર્થવંદના) સૂત્ર

**અવતરણિકા :-**

**સવારના પ્રતિક્રમણમાં ત્રણ લોકવર્તી સર્વ તીર્થો પ્રત્યે ભક્તિનો પરિણામ અતિશય થાય તે અર્થે પ્રસ્તુત સૂત્ર બોલાય છે –**

**સૂત્ર :-**

**સકલ તીર્થ વંદું કર જોડ, જિનવર નામે મંગલ કોડ;**
**પહેલે સ્વર્ગે લાખ બત્રીશ, જિનવર ચૈત્ય નમું નિશદિશ ॥૧॥**

**સૂત્રાર્થ :-**

**બે હાથ જોડીને હું બધાં તીર્થોને વંદન કરું છું.**

કેમ વંદન કરું છે ? તેથી કહે છે –

ભગવાનના નામસ્મરણમાં ક્રોડો મંગલ પ્રાપ્ત થાય છે. ત્યાં પ્રથમ દેવલોકમાં ૩૨ લાખ વિમાનો છે તેમાં રહેલા ભગવાનના ચૈત્યને હું નિત્ય નમસ્કાર કરું છું. ॥૧॥

સૂત્ર :–

બીજે લાખ અટ્ઠ્યાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદ્દહ્યાં;
ચોથે સ્વર્ગે અડ લખ ધાર, પાંચમે વંદું લાખ જ ચાર ॥૨॥

સૂત્રાર્થ :–

બીજા દેવલોકમાં અઠ્ઠાવીસ લાખ વિમાનો કહ્યાં છે તેમાં રહેલાં જિનચૈત્યોને હું નમસ્કાર કરું છું, ત્રીજા દેવલોકમાં બાર લાખ વિમાનો કહ્યાં છે જેમાં રહેલાં ભગવાનનાં ચૈત્યોને હું હંમેશાં નમું છું, ચોથા સ્વર્ગમાં આઠ લાખ વિમાનો કહ્યાં છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમું છું, પાંચમા દેવલોકમાં ચાર લાખ વિમાનો કહ્યાં છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમું છું. ॥૨॥

સૂત્ર :–

છઠ્ઠે સ્વર્ગે સહસ પચાસ, સાતમે ચાલીસ સહસ પ્રાસાદ;
આઠમે સ્વર્ગે છ હજાર, નવ-દસમે વંદું શત ચાર ॥૩॥

સૂત્રાર્થ :–

છઠ્ઠા દેવલોકમાં પચાસ હજાર વિમાનો છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું, સાતમા દેવલોકમાં ચાલીસ હજાર વિમાનો છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું. આઠમા સ્વર્ગમાં છ હજાર વિમાનો છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું. નવમા અને દસમા દેવલોકમાં ચારસો વિમાનો છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું. ॥૩॥

સૂત્ર :–

અગિયાર બારમેં ત્રણસેં સાર, નવ ગ્રૈવેયકે ત્રણસે અઢાર;
પાંચ અનુત્તર સર્વે મળી, લાખ ચોરાશી અધિકાં વળી ॥૪॥
સહસ સત્તાણું ત્રેવીશ સાર, જિનવર ભવન તણો અધિકાર;
લાંબાં સો જોજન વિસ્તાર, પચાસ ઊંચાં બહોંતેર ધાર ॥૫॥

સૂત્રાર્થ :–

અગિયારમા અને બારમા દેવલોકમાં ત્રણસો વિમાનો છે અને તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું. નવ ગ્રૈવેયકમાં ત્રણસો ને અઢાર વિમાનો છે અને તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું પાંચ અનુત્તરમાં પાંચ જિનાલયો છે તેમાં રહેલાં ચૈત્યોને હું નમસ્કાર કરું છું.

સર્વ મળીને ચોરાસી લાખથી અધિક, વળી સત્તાણું હજાર ત્રેવીસ એવાં ભગવાનનાં ચૈત્ય તણો અધિકાર છે. અને તે ચૈત્યો લાંબાં સો યોજન, ઊંચાં પચાસ યોજન અને બોંતેર યોજન પહોળાં છે. ॥૪-૫॥

સૂત્ર :-

એકસો એંસી બિંબ પ્રમાણ, સભા સહિત એક ચૈત્યે જાણ;
સો ક્રોડ બાવન ક્રોડ સંભાલ, લાખ ચોરાણું સહસ ચૌંઆલ ॥૬॥
સાતસેં ઉપર સાઠ વિસાલ, સવિ બિંબ પ્રણમું ત્રણ કાલ;
સાત ક્રોડ ને બહોંતેર લાખ, ભવનપતિમાં દેવલ ભાખ ॥૭॥

સૂત્રાર્થ :-

વળી, ઉપરમાં વર્ણન કરાયેલાં સર્વ ચૈત્યોમાં એકસો એંસી બિંબ પ્રમાણ સભા સહિત એક એક ચૈત્ય છે તેમ જાણવું. એક એક ચૈત્યમાં ૧૮૦ જિનપ્રતિમાઓ છે અને એક એક જિનપ્રતિમામાં આજુબાજુ પરિકરરૂપે ચામર વીંજનાર આદિ અનેકભૂત પ્રતિમાઓ છે જેના કારણે શોભાયમાન રાજાની સભા જેવા એક એક ભગવાન દેખાય છે. આવા પરિકરવાળી એકસો આઠ પ્રતિમાઓ એક એક ચૈત્યાલયમાં છે. વળી, તે સર્વ ચૈત્યોમાં વર્તતી કુલ જિનપ્રતિમાની સંખ્યા એકસો ને બાવન ક્રોડ ચોરાણુ લાખ ચોર્યાશી હજાર સાતસો સાઇઠ એવાં વિશાળ ચૈત્યો છે=વિશાળ જિનપ્રતિમા છે, તે સર્વ બિંબને હું ત્રણ કાળ પ્રણામ કરું છું. વળી, ભવનપતિમાં ૭ ક્રોડ ને બંહોતેર લાખ ચૈત્યો છે તેમાં રહેલી પ્રતિમાને હું નમસ્કાર કરું છું. ॥૬-૭॥

સૂત્ર :-

એકસો એંસી બિંબ પ્રમાણ, એક એક ચૈત્યે સંખ્યા જાણ;
તેરસે ક્રોડ નેવ્યાસી ક્રોડ, સાઠ લાખ વંદું કર જોડ ॥૮॥

સૂત્રાર્થ :-

એક એક ચૈત્યમાં એકસો એંશી બિંબપ્રતિમાઓ છે. તેરસો ને નેવ્યાશી ક્રોડ સાઇઠ લાખ એવાં ચૈત્યોને હું હાથ જોડી વંદન કરું છું. ॥૮॥

સૂત્ર :-

બત્રીસેં ને ઓગણસાઠ, તિર્ચ્છાલોકમાં ચૈત્યનો પાઠ;
ત્રણ લાખ એકાણું હજાર, ત્રણસે વીશ તે બિંબ જુહાર ॥૯॥

સૂત્રાર્થ :-

વળી, તિર્ચ્છાલોકમાં બત્રીસસો અને ઓગણસાઠ શાશ્વત જિનાલયો છે અને તેમાં ત્રણ લાખ, એકાણું હજાર ત્રણસો ને વીશ બિંબો છે, તેઓને હું નમસ્કાર કરું છું. ॥૯॥

સૂત્ર :-

વ્યંતર જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ;
ઋષભ ચંદ્રાનન વારિષેણ, વર્ધમાન નામે ગુણસેણ ॥૧૦॥

સૂત્રાર્થ :-

વળી, વ્યંતર અને જ્યોતિષીમાં જે શાશ્વત જિનપ્રતિમાઓ છે તેઓને હું નમસ્કાર કરું છું. આ સર્વ પ્રતિમાઓ ઋષભ ચંદ્રાનન વારિષેણ અને વર્ધમાન એ નામથી શોભી રહી છે. ॥૧૦॥

સૂત્ર :-

સમેતશિખર વંદું જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ;
વિમલાચલ ને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર ॥૧૧॥

સૂત્રાર્થ :-

સમ્મેતશિખરમાં રહેલા વીસ જિનને હું વંદન કરું છું. અષ્ટાપદમાં રહેલા ચોવીશ જિનોને હું વંદન કરું છું. વિમલાચલ અને ગઢ ગિરનાર અને આબુ પર્વત ઉપર જે જિનવર છે=જે જિનપ્રતિમાઓ છે, તેમને હું જુહારું છું=નમસ્કાર કરું છું. ॥૧૧॥

સૂત્ર :-

સંખેસર કેસરિયો સાર, તારંગે શ્રી અજિત જુહાર;
અંતરિક્ખ વરકાણો પાસ, જીરાવલો ને થંભણ પાસ ॥૧૨॥

સૂત્રાર્થ :-

વળી, શંખેશ્વર, કેસરિયાજી, તારંગાના અજિતનાથને હું જુહારું છું= હું નમસ્કાર કરું છું. વળી, અંતરીક્ષ પાર્શ્વનાથ, વરકાણા પાર્શ્વનાથ, જીરાવલા પાર્શ્વનાથ અને સ્થંભન પાર્શ્વનાથ તેઓને હું નમસ્કાર કરું છું. ॥૧૨॥

સૂત્ર :-

ગામનગરપુરપાટણ જેહ, જિનવર ચૈત્ય નમું ગુણગેહ;
વિહરમાન વંદું જિન વીશ, સિદ્ધ અનંત નમું નિશદિશ ॥૧૩॥

સૂત્રાર્થ :-

ગામ, નગર, પુર, પાટણમાં જે જિનવર ચૈત્યો છે તેઓને હું વંદન કરું છું. વિહરમાન વીસ તીર્થંકરોને હું વંદન કરું છું. અનંત સિદ્ધોને પ્રતિદિન હું નમસ્કાર કરું છું. ॥૧૩॥

**સૂત્ર :-**

**અઢીદ્વીપમાં જે અણગાર, અઢાર સહસ સીલાંગના ધાર,**
**પંચ મહાવ્રત સમિતિ સાર, પાળે પળાવે પંચાચાર ||૧૪||**
**બાહ્ય અભ્યંતર તપઉજમાળ, તે મુનિ વંદું ગુણ મણિમાળ;**
**નિત નિત ઊઠી કીર્તિ કરું, જીવ કહે ભવસાયર તરું ||૧૫||**

**સૂત્રાર્થ :-**

**અઢીદ્વીપમાં જે અણગાર છે=ઘર-પરિગ્રહ વિનાના સુસાધુ છે, જેઓ અઢાર હજાર શીલાંગને ધારણ કરનારા છે. પાંચ મહાવ્રત અને સમિતિ પ્રધાન છે, વળી, જ્ઞાનચાર આદિ પાંચ આચારોને પાળે છે અને પળાવે છે, બાહ્ય અને અભ્યંતર તપમાં ઉજમાળ છે તે ગુણમણિના માળા જેવા મુનિઓને હું વંદું છું અને હંમેશાં ઊઠીને કીર્તિ કરું છું. શ્રી જીવવિજયજી મહારાજ કહે છે કે (આ સર્વ કરીને) હું ભવસાગરને તરું. ||૧૪-૧૫||**

**ભાવાર્થ :-**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને તીર્થંકરો પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે. તીર્થંકરો ચાર નિક્ષેપાથી પૂજ્ય છે, તેથી તીર્થંકરોની પ્રતિમા તીર્થંકરોનો સ્થાપનાનિક્ષેપો હોવાથી ભાવતીર્થંકરોની જેમ જ પૂજ્ય છે. જેઓના ચિત્તમાં સદા તીર્થંકરોના ગુણનું સ્મરણ હોય છે તેવા મહાત્માઓને ત્રણ લોકમાં વર્તતી સર્વ જિનપ્રતિમાઓ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે. તે ભક્તિનો અતિશય કરવા અર્થે બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં જે જિનપ્રતિમા છે અને જિન ચૈત્યાલયો છે તે કેવાં વિશાળ છે ? તે જિનપ્રતિમા કેવા પરિકરથી યુક્ત છે ? કેટલી સંખ્યામાં છે ? ઇત્યાદિનું સ્મરણ કરીને તેમને વંદન કરાય છે, જેથી તીર્થંકરોના ગુણો પ્રત્યેના બહુમાનને કારણે સતત કર્મની નિર્જરા થાય.

વળી, તિર્ચ્છાલોકમાં જે શાશ્વત જિનાલયો છે તેઓને અને વ્યંતરદેવલોક અને જ્યોતિષ્કદેવલોકમાં અસંખ્યાતાં શાશ્વત જિનાલયો છે તે સર્વને સ્મરણ કરીને મહાત્માઓ વંદન કરે છે જેથી ભાવનો પ્રકર્ષ સતત થયા કરે; કેમ કે ઉત્તમ ભાવની વૃદ્ધિના અર્થી જીવોને ઉત્તમપુરુષોની ભક્તિમાં તૃપ્તિ થતી નથી. આ રીતે, ત્રણ લોકનાં શાશ્વત ચૈત્યોને વંદન કર્યા પછી વર્તમાનના ભરતક્ષેત્રમાં જે અશાશ્વત તીર્થો છે તેમને પણ નામથી સ્મરણ કરીને તેમનામાં રહેલી જિનપ્રતિમાને મહાત્માઓ વંદન કરે છે.

આ રીતે સ્થાપનાનિક્ષેપાની સર્વ પ્રતિમાઓને વંદન કર્યા પછી ભગવાનની ભક્તિમાં અસંતોષવાળા મહાત્માઓ વિહરમાન એવા વીસ તીર્થંકરોને નમસ્કાર કરે છે, સિદ્ધ ભગવંતને નમસ્કાર કરે છે. આટલાથી પણ સંતોષ નહીં થવાથી સિદ્ધ અવસ્થાને સાધનારા મુનિઓને ભક્તિથી નમસ્કાર કરે છે જેનાથી ત્રણ લોકવર્તી સર્વ ચૈત્યાલયો, સર્વ પ્રતિમાઓ, સર્વ તીર્થંકરો, સિદ્ધ ભગવંતો અને સુસાધુ પ્રત્યે બહુમાનનો ભાવ થાય છે.

જે મહાત્મા અરિહંતના, સિદ્ધ ભગવંતોના અને સુસાધુઓના જેટલા ગુણોને સ્પષ્ટ ઉપસ્થિત કરીને જેટલા ભાવના પ્રકર્ષથી નમસ્કાર કરે છે તેટલા ભાવને અનુરૂપ તે મહાત્મા ઘણાં કર્મોની નિર્જરા કરીને પોતાનો સંસાર પરિમિત કરે છે. તેથી દૃઢ પ્રણિધાનપૂર્વક તીર્થંકર આદિના ગુણોનું સ્મરણ કરીને પ્રસ્તુત સૂત્ર બોલવાથી પોતાનામાં યોગમાર્ગની ભૂમિકાઓ સતત વૃદ્ધિ પામે છે. માટે અત્યંત અપ્રમાદપૂર્વક સૂત્ર બોલીને હિત સાધવા યત્ન કરવો જોઈએ જેથી સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય અને સુખપૂર્વક સંસારસાગરથી નિસ્તાર થાય. **॥૫૧॥**

મમ મંગલમરિહંતા, સિદ્ધા સાહૂ સુઅં ચ ધમ્મો અ;
સમ્મદ્દિટ્ઠી દેવા, દિંતુ સમાહિં ચ બોહિં ચ ॥

અરિહંત ભગવંતો, સિદ્ધ ભગવંતો, સાધુ ભગવંતો,
શ્રુત અને ધર્મ=ચારિત્રધર્મ, મને મંગલરૂપ થાઓ=કલ્યાણનું કારણ બનો,
અને સમ્યગ્દૃષ્ટિ દેવો મને સમાધિ અને બોધિ આપો.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in